Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવેધ છત્રીશી.

પ્રસિદ્ધ કર્ત્તા—
વિઠ્ઠલભાઇ જીવાભાઇ પટેલ,
ઝવેરીવાડ—નાગોરીસરાહ,
અમદાવાદ.

મૂળ યોજક—
પ્રસિદ્ધવક્તા પંન્યાસજી
અજીતસાગરજી ગણિ.

Monarch Printery, Ahmedabad

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

शास्त्रविशारद जैनाचार्य योगनिष्ठ पूज्यपाद सद्गुरु
श्रीमद् बुद्धिसागरसूरिभ्यो नमः

સંબોધ છત્રીશી.

મૂળ યોજક—

પ્રસિદ્ધવક્તા પંન્યાસજી અજીતસાગરજી ગણિ.

વિસ્તારથી વિવેચન કરનાર—

પંડિત ચંદુલાલ નાનચંદ,
સીનોર.

મહેસાણા નિવાસી
શેઠ પાનાચંદ કસ્તુરચંદ મણીયાર તથા અન્ય
સદ્ગૃહસ્થોની ઉદાર આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા—

વિઠ્ઠલભાઈ જીવાભાઈ પટેલ.
ઝવેરીવાડ, નાગોરીસરાહ—અમદાવાદ.

સંવત્ ૧૯૭૭. પ્રત ૧૦૦૦. સન ૧૯૨૧.

'વસંત' પ્રીન્ટિંગ પ્રેસમાં ચીમનલાલ ઈશ્વરલાલે છાપી
રાયપુર, શામળાની પોળ પાસે, અમદાવાદ.

મૂલ્ય—પઠન પાઠન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આભાર.

આ પુસ્તક પ્રગટ કરવા માટે નીચે જણાવેલા સદ્દગૃહસ્થો તરફથી જે ઉદાર આર્થિક સહાય મળી છે, તે માટે પોતાના સુકૃત કમાઈના દ્રવ્યનો આવા સત્કાર્યમાં સદુપયોગ કરવા માટે તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે અને બીજા સદ્દગૃહસ્થો પણ તેઓનું અનુકરણ કરશે એવી આશા રાખવામાં આવે છે.

રૂ. ૫૦૦ શેઠ. પાનાચંદ કસ્તુરચંદ મણીયાર—મહેસાણા.
રૂ. ૧૨૫ બાઇ ન્યાલી હા. દોસી મગનલાલ કકલભાઇ—પાલણપુર.
રૂ. ૫૦ એક શ્રાવિકા તરફથી. ,, ,, ,,
રૂ. ૫૦ કોઠારી ધરમચંદ ચેલજી—પાલણપુર.
રૂ. ૧૦૦ શેઠ અમૃતલાલ નથુભાઇ. ,,
રૂ. ૧૦૦ પારેખ રવચંદ હા. દોસી મગનલાલ કકલભાઈ—પાલણપુર.
રૂ. ૧૦૦ એક સદ્દગૃહસ્થ તરફથી હા. હરગોવિંદદાસ મગનલાલ મહેસાણા.
રૂ. ૧૦૦ બાઇ રૂખી હા. મેનાબાઇ
રૂ. ૧૦૦ બ્હેન હરકોર. પાટણ હા. મંગુબાઇ.
} સાગર સંપ્રદાયનાં મર્હુમ સાધ્વીજીશ્રી હર્ષશ્રીની શિષ્યા સાધ્વીજીશ્રી લાભશ્રીજીના સદુપદેશથી.
રૂ. ૩૦ હેડમીસ્ટ્રેસ મણીબ્હેન છગનલાલ. જૈનકન્યાશાળા—પાટણ.
રૂ. ૨૦ મેતી ડાહીબ્હેન મથુરાદાસ—પાટણ.
રૂ. ૧૦૧ શેઠ હીરાલાલ વસ્તારામભાઈ—ઉંઝા.
રૂ. ૭૫ શેઠ બલાખીદાસ વીરચંદભાઇ. ,,
રૂ. ૭૫ શેઠ વીરચંદ શામજીભાઇ. ,,
રૂ. ૫૧ શેઠ વસ્તારામ પરસોત્તમભાઇ. ,,
રૂ. ૫૧ શેઠ ભાઈચંદ પાનાચંદભાઇ. ,,
રૂ. ૫૧ શેઠ છગનચંદ મગનચંદભાઈ ,,
રૂ. ૫૧ શેઠ લલ્લુચંદ મગનચંદભાઇ ,,
રૂ. ૨૫ શેઠ ડોસાભાઇ ફતેચંદ પારેખ. ,,
રૂ. ૨૫ શેઠ નીહાલચંદ ફુલચંદભાઇ. ,,
રૂ. ૨૫ શેઠ અમથાલાલ મયાચંદભાઇ. ,,
રૂ. ૨૫ શેઠ મયાચંદ હરખચંદભાઇ ,,
રૂ. ૨૫ શેઠ અંબાલાલ ડોશાભાઇ ,,
રૂ. ૨૫ શેઠ મોતીચંદ ગુલાબચંદભાઇ. ,,
રૂ. ૨૫ શેઠ વીઠ્ઠલદાસ નાગરદાસ. ,,

ઝવેરીવાડ—નાગોરીસરાહ, **અમદાવાદ.** **"પ્રસિદ્ધ કર્ત્તા"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવેદન

પ્રસિદ્ધ વક્તા પંન્યાસજી અજીતસાગરજી ગણિનું સં. ૧૯૭૫ ની સાલનું ચાતુર્માસ પાલણપુરમાં હતું. તે વખતે પ્રકરણ સુખસિન્ધુ ગ્રન્થનું મેટર તૈયાર થતું હતું. જેથી તે કાર્યસર મારે ઘણીવાર પાલણપુર જવાનું થતું. એકાદ વખત મહારાજશ્રી પાસેના કેટલાક લેખો તથા નોંધબુકો જોવાનો પ્રસંગ મને મળ્યો. તેમાં સંવેધછત્રીશીના દરેક મૂળદ્વારપર ટુંકા વર્ણન સાથેનો એક લેખ મને ખાસ ઉપયોગી જણાયો. પરંતુ તે સઘળાં દ્વારનો પરસ્પર સંબંધ આપી તથા તે ઉપર વધુ વિસ્તારથી વિવેચન કરાવી ગ્રંથરૂપે જનસમાજ સમક્ષ મૂકવામાં આવે તો તે ઘણે અંશે ઉપયોગી થઇ પડે એમ મને લાગવાથી આ વિચાર મેં મહારાજશ્રીને જણાવતાં તેઓશ્રીએ મારા આ વિચારને સંપૂર્ણ રીતે અનુમોદન આપ્યું અને દરેક રીતે મદદ આપવા ખુશી જણાવી. થોડા દિવસ પછી સીનોરનિવાસી પંડિત ચંદુલાલ નાનચંદ કંઇક કાર્યસર પાલણપુર ગયેલા, જે વખતે આ લેખ તેઓના પણ જોવામાં આવ્યો. આ વિષયના તે સારા અભ્યાસી હોવાથી આ વિષયની ઉપયોગતામાં વધારો થાય તેવી સરળ રીતે વિવેચન કરી આપવા ઇચ્છા જણાવી, જેથી તે મૂળ લેખ તેમને સોંપવામાં આવ્યો. તેમણે આ કાર્ય પુરતા ખંતથી અને ઉત્સાહથી કર્યું છે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

હાલની ચાલતી મોંઘવારીને લઇને આશરે સાઠ ફારમનો આવો મોટો ગ્રન્થ બહાર પાડતાં અવશ્ય વધુ દ્રવ્યની જરૂર પડે એ સ્વાભાવિક વાત છે. તેથી પંન્યાસજી મહારાજશ્રીના સદુપદે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શથી મ્હેસાણા નિવાસી શેઠ. પાનાચંદ કસ્તુરચંદ મણીયારે રૂ. ૫૦૦) મદદ તરીકે આપ્યા છે માટે તેઓનો આભાર માનવામાં આવે છે. તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ આ કાર્ય માટે જે જે સહાય આપી છે તેઓનાં નામ આભારની નોંધમાં જણાવવામાં આવ્યાં છે.

ચાલુ મોંઘવારીના પ્રસંગને લઈને કાગળ તથા છપાઈ તથા બંધાઈના ભાવો બેહદ વધી ગયા છે. જેથી આ ગ્રંથ છપાવતાં આશરે બે હજાર રૂપિયા ખરચાયા છે, પરંતુ કેટલાક સદ્‌ગૃહસ્થો તરફથી આશરે તેટલી રકમ સહાય તરીકે મળવાથી, અને તેઓ સર્વની ખાસ ઈચ્છાથીજ આ ગ્રંથની કિંમત રાખવામાં આવી નથી.

આ ગ્રન્થના વિવેચન સાથેના તૈયાર થયેલા મેટરની ભાષા તથા લખાણ પદ્ધતિ પ્રચલિત નહોવાને લઇને મહારાજશ્રીએ તેમાં બનતી મહેનત લઈ ઘણો સુધારો કરી એકંદરે પુસ્તકની રમણીયતામાં વધારો કર્યો છે. આ મેટર સુધારતી વખતે મહારાજશ્રીની સાથે વૈયાકરણાચાર્ય શાસ્ત્રીજી શ્રીયુત્ ભાઈશંકરભાઇએ બેસી પોતાના વખતનો જે ભોગ આપ્યો છે તે માટે તેઓનો આ સ્થળે આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકમાં રહેલી અશુદ્ધિઓ માટે છેવટે શુદ્ધિપત્રક આપવામાં આવ્યું છે છતાં દૃષ્ટિદોષથી યા છાપાકામને લઈને જે કંઇ અશુદ્ધિ રહી ગઈ હોય તે વાંચકવૃંદ સુધારી લઇ દરગુજર કરશે એમ ઇચ્છું છું. આ કાર્ય માટે આર્થિક મદદ આપનાર સદ્‌ગૃહસ્થોનો તથા પરમ પૂજ્ય ગુરૂમહારાજશ્રી પંન્યાસજી અજીતસાગરજી ગણિનો આ કાર્ય માટે ફરીથી અંતઃકરણ પૂર્વક આભાર માની અત્રે વિરમું છું.

ઝ રીવાડ–નાગોરીસરાહ,
અમદાવાદ.
વિક્રમાર્ક–૧૯૭૭
શ્રાવણ, શુક્લપક્ષ પૂર્ણિમા.

વિઠ્ઠલભાઇ જીવાભાઈ પટેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તાવના.

સંવત્ ૧૯૭૫ના ચાતુર્માસમાં મારે કંઇક કાર્યપ્રસંગે પાલણપુર જવાનું થયું. જે વખતે ત્યાં ચેલા મહેતાની ધર્મશાળામાં ગચ્છાધિપતિ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરના શિષ્ય પ્રસિદ્ધ વક્તા પંન્યાસજી અજીતસાગરજી ગણિ થાણાં ચાર ચાતુર્માસ હતાં. તેઓશ્રીના દર્શનાર્થે જતાં ત્યાં આગળ જૈનતત્ત્વજ્ઞાનના સંબંધમાં કેટલીક વાતચિત કરવાનો પ્રસંગ મને મળ્યો. જૈનતત્ત્વજ્ઞાન એટલું બધું ઝીણું અને રહસ્યમય છે કે જે ઘણા લોકો જોઇએ તેટલી સરળતાથી સમજી શક્તા નથી. આ અગવડતા દૂર કરવા માટે તે વિષય ઉપર પ્રકાશ નાંખે એવા સારા ગ્રંથોની ખાસ કરીને આવશક્યતા છે. આ પ્રસંગે સંવેધછત્રીશીના મૂળદ્વારના ટુંક વિવેચન સાથેના મહારાજશ્રીએ લખેલા એક લેખે મારૂં લક્ષ્ય ખેંચ્યું. વિષય તત્વજ્ઞાન સંબંધી હોઈ ઘણો ઉપયોગી જણાયો, પણ વિવેચન ઘણા ટુંકાણુમાં હોવાથી એકંદરે સમજવામાં વધુ પ્રમાણુમાં તે ઉપયોગી થઈ ન પડે એમ મને લાગ્યું. મહારાજશ્રીની પણ સંપૂર્ણ એવી ઇચ્છા હતી કે આ લેખ ઉપર વધુ વિસ્તાર પૂર્વક વિવેચન કરવામાં આવે તો આખો વિષય સમજવામાં ઘણોજ સરળ થઇ પડે. મને પણ તેઓશ્રીનો આ વિચાર યોગ્ય લાગ્યો જેથી આ કાર્ય પૂર્ણ કરી આપવા મને જણાવવામાં આવ્યું. મૂળ વસ્તુસંકલના મહારાજશ્રીએ કરેલી હતી તેથી આ ગ્રંથના મૂળ યોજક તરીકે તેઓશ્રી છે. હવે આ ગ્રંથના વિષય સંબંધમાં કંઇક લખીશું તો અસ્થાને નહિજ ગણાય.

જૈનદૃષ્ટિએ આ જગત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય એ ૫ પદાર્થોના સમુદાયરૂપ અનાદિકાળથી છે, અને અનન્તકાળ સુધી રહેવાનુ છે. તેમાં પદાર્થોનાં રૂપાન્તર પલટાઇ હીનાધિક થયા કરે છે, પરન્તુ આ જગત્નો સર્વથા પ્રલય અન્યદર્શનમાં મનાયલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનાશ માફક થતો નથી. એ ૫ પદાર્થોમાં વધુ સંખ્યા જીવ અને પુદ્ગલની છે, કારણકે ધર્માસ્તિકાયાદિ ત્રણ પદાર્થો એકેક સંખ્યાવાળા છે, અને જીવ તથા પુદ્ગલ તો અનન્ત છે. અર્થાત્ એ બે પદાર્થોને કરોડ અબજ કે પરાર્ધ વિગેરે કોઇપણ ગણીતાનુગત સંખ્યાથી ગણી શકાય નહિ. જૈનશાસ્ત્રમાં એ ૫ પદાર્થોનું વર્ણન કરેલું છે, તેમાં જીવ તથા પુદ્ગલનું વર્ણન ઘણું છે. સમગ્ર જૈનશાસ્ત્ર લગભગ જીવ અને પુદ્ગલના વર્ણનથીજ ભરેલું છે, એમ કહીએ તોપણ ચાલે. જોકે પાંચે પદાર્થોની વર્ત્તનારૂપ કાળને પણ છઠ્ઠા દ્રવ્ય-પદાર્થ તરીકે જૈનશાસ્ત્રમાં ઉપચારથી સ્વીકારેલ છે, પરન્તુ જીવાદિવત્ મૂળ પદાર્થરૂપ નહિ હોવાથી અહિં પદાર્થ પાંચજ કહ્યા છે. જીવના સંબંધમાં જૈનશાસ્ત્રમાં જીવના મૂળ શુદ્ધ સ્વરૂપનું વર્ણન, અને પુદ્ગલના સંયોગથી થયેલું વિકારજન્ય સ્વરૂપનું વર્ણન છે. તેમજ પુદ્ગલના શુદ્ધ સ્વરૂપનું અને જીવસંયોગે થયેલા વિકારજન્ય સ્વરૂપનું વર્ણન છે. અને વિકારજન્ય સ્વરૂપના વર્ણનને અંગે પુદ્ગલનો અને જીવનો સંબંધ કેવી રીતે થાય? અને તે સંબંધનો વિનાશ કેવી રીતે થાય? પુદ્ગલના સંયોગે જીવ કેવા કેવા વિચિત્ર ભાવ પામે ઈત્યાદિ જીવ-પુદ્ગલનું અનેક પ્રકારે વર્ણન છે. એવું વિસ્તૃત વર્ણન જૈનશાસ્ત્ર સિવાય અન્ય કોઈપણ શાસ્ત્રમાં જોવામાં આવતું નથી. વિશેષ વર્ણન તો દૂર રહો, પણ કયો જીવ કેટલી ઈન્દ્રિયવાળો, કયા જીવને કર્મનો સંબંધ કેવી રીતે? કર્મ શું પદાર્થ છે? ઈત્યાદિ સામાન્ય વિગત પણ અન્ય શાસ્ત્રમાંથી મળી આવવી મુશ્કેલ છે. જો કે આત્મવાદના અનેક ગ્રંથો અન્ય દર્શનમાં વિદ્યમાન છે, પરન્તુ તેને મુકાબલે જૈનદર્શનમાં આત્મવાદનું સ્વરૂપ કોઇ જૂદાજ પ્રકારનું અનહદ વર્ણવેલું છે. આ ચાલુ ગ્રંથમાં પણ આત્મવાદને અંગે આત્મા પુદ્ગલના સંયોગે દેવ ગત્યાદિ જે વિચિત્ર ભાવો પ્રાપ્ત કરેછે તે ભાવો જો કે અનેકછે તોપણ સામાન્યથી ૩૬ ભાવો નિશ્ચિત કર્યા છે, એ ભાવોને જૈનસિદ્ધાન્તની પરિભાષાએ દ્વારો કહેવાયછે. એ ૩૬ દ્વારમાં પણ દરેક દ્વારમાં દરેક દ્વારનો દરેક દ્વાર સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધ દર્શાવ્યોછે. જેમકે ગતિદ્વારમાં દેવગતિદ્વારમાં ગતિ-ઇન્દ્રિય-કાય ઇત્યાદિ ૩૬ દ્વારોના જે જે ઉત્તરભેદ પ્રાપ્ત થતા હોય તે તે ઉત્તરભેદ કયા કારણે કેવી રીતે પ્રાપ્ત થાય ? તે યથાયોગ્ય દર્શાવેલુંછે. એ પ્રમાણે નરકગતિ વિગેરે શેષ ૩ ગતિમાં દરેકમાં ૩૬ દ્વારોના ઉત્તરભેદનો સંબંધ કારણપૂર્વક દર્શાવેલ છે. એ રીતે ૩૬ દ્વારો (ના ઉત્તરભેદ) માં છત્રીશે દ્વારો (ના ઉત્તરભેદ) નો યથાયોગ્ય સંબંધ યથામતિ શાસ્ત્રની અપેક્ષા રાખીને દર્શાવેલ છે. એ ૩૬ દ્વારોમાં ૩૬ દ્વારોની પ્રાપ્તિને **संवेध** એવું નામ આપેલ છે, કારણકે સંવેધ એ શબ્દનો અર્થ **सं**-સમ્યક્ પ્રકારે એટલે યથાયોગ્ય રીતે, વેધ એટલે માર્ગ કરવો અથવા વ્યાપ્ત થવું એવો અર્થ થાય છે, અને અહિં પણ એક દ્વારમાં બીજું દ્વાર યથાયોગ્ય માર્ગ કરીને વ્યાપ્ત થયેલું છે તેથી **संवेध** શબ્દ યથાર્થછે. જેમ છઠ્ઠા કર્મગ્રંથમાં બંધ ઉદય અને સત્તા એ ત્રણની પરસ્પર યથાયોગ્ય પ્રાપ્તિને બંધોદય સત્તાનો સંવેધ કહ્યો છે તેમ આ ગ્રંથમાં પણ ૩૬ દ્વારોમાં ૩૬ દ્વારની યથાયોગ્ય પ્રાપ્તિને સંવેધ કહેવામાં આવ્યો છે, અને દ્વારસંખ્યા છત્રીશ હોવાથી આ ગ્રંથનું નામ **संवेध छत्रीशी** રાખેલું છે. આ સંવેધ છત્રીશી ગ્રંથમાં **द्वारवर्णन** નામનો પ્રથમ વિભાગ છે કે જેમાં છત્રીશ દ્વારોનું પ્રત્યેકનું ઉત્તરભેદ સહિત ભિન્ન ભિન્ન વર્ણન સવિસ્તર દર્શાવ્યું છે. અને બીજા વિભાગમાં દ્વારોમાં પરસ્પર પ્રાપ્તિ (રૂપ સંવેધ) દર્શાવેલ હોવાથી બીજા વિભાગનું નામ **द्वारसंवेध** છે. પુનઃ ત્રીજા વિભાગ તરીકે દ્વારસંવેધના યંત્રો તૈયાર હતાં પણ તે વધુ ઉપયોગી નહિ જણાવાથી આ પુસ્તકમાં તેનો સમાવેશ કર્યો નથી માટે આ ગ્રંથ દ્વારવર્ણન અને દ્વારસંવેધ નામના બે વિભાગમાં વ્હેંચાયેલ છે.

કેવળ મૂળ દ્વારપ્રાપ્તિ વાંચક વર્ગને અધિક અનુકૂળ નહિ થાય એમ ધારી એ ૩૬ દ્વારો ઉપર નોટસહિત વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. દ્વારસંવેધ વિભાગના પ્રારંભનાં કેટલાંએક દ્વારોમાં કંઇક વિશેષ અર્થ લખ્યો છે, પરન્તુ એ પદ્ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિએ લખવાથી ગ્રંથ લગભગ ૨૦૦ ફારમ જેવડો મોટો થઇ જશે એમ ધારી આગળ વિવેચન સંક્ષેપમાં કર્યું છે. અને ઘણાંખરાં દ્વારો કે જે દ્વારો પ્રથમનું વર્ણન ધ્યાનપૂર્વક વાંચવાથી સ્હેજે સમજાય તેવાં છે, તેવાંની દ્વારપ્રાપ્તિઓ પ્રસંગે "સુગમ છે" અથવા "અમુક દ્વારવત્" એમ લખેલું છે. એ પ્રમાણે સંકોચ કરતાં પણ આ ગ્રંથને શરૂઆતમાં જે ૩૦-૪૦ ફારમ જેટલો ધાર્યો હતો તે સંપૂર્ણ થતાં લગભગ ૬૦ ફારમ જેટલો થયો છે.

આ ગ્રંથનું વિવેચન લખતી વખતે ઘણે સ્થળે શ્રી પ્રજ્ઞાપના સૂત્ર, શ્રી જીવાભિગમસૂત્ર, શ્રી પંચસંગ્રહ, શ્રીમદ્દેવચન્દ્રજીકૃત વિચારસાર, યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર, ઇત્યાદિ ગ્રંથોની સહાય લીધી છે, અને જે દ્વારને અંગે જે દ્વારપ્રાપ્તિ ગ્રંથોમાંથી મેળવી શકાયી નથી તે દ્વારપ્રાપ્તિ યથામતિ ગણત્રી કરીને લખી છે, કારણકે પૂર્વોક્ત ગ્રંથોમાં ઘણુંખરૂં ૬૨ માર્ગણાદ્વારે ૧૪ જીવભેદ અને ૧૪ ગુણસ્થાન પ્રત્યે કેટલીએક દ્વારપ્રાપ્તિઓ મળી શકે છે, પરન્તુ આ ગ્રંથમાં તો ૩૬ દ્વારોના ઉત્તર ભેદ ગણતાં લગભગ ૭૦૦ થી પણ ઉપરની સંખ્યા થાય છે, માટે ઘણી ખરી દ્વારપ્રાપ્તિઓ તો નવી ગણત્રીથી ઉપજાવેલી છે. વળી ગ્રંથોમાંથી મળી આવતી દ્વારપ્રાપ્તિઓ પણ તેમાંથી દરેક જોઇ જોઇને ઉતારી નથી પરન્તુ જે દ્વારપ્રાપ્તિમાં વિશેષ નિર્ણય કરવા જેવું લાગે તે દ્વારપ્રાપ્તિમાટે પૂર્વોક્ત ગ્રંથોનો આશ્રય લીધો છે. વિશેષ નિર્ણય કરવા જેવી શંકાસ્પદ દ્વારપ્રાપ્તિઓ તો ગ્રંથના આશ્રયથી જ લખી છે. છતાં આ ગ્રંથના વિવેચનમાં મતિદોષથી તેમજ પ્રેસદોષથી થયેલી ભૂલો માટે હું વાંચકવર્ગ પાસે સવિનય ક્ષમા ચાહું છું અને સુધારી વાંચવાની ભલામણ કરૂં છું. તેમજ તેવી ભૂલો માટે હું મિથ્યાદુષ્કૃત દઉં છું. લખનારઃ—

શ્રી ભૃગુકચ્છ (ભરૂચ) નિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રીયુત્ અનુપચન્દ્રસ્ય

વિદ્યાર્થી ચંદુલાલ નાનચંદ.

મુકામ સીનોર, હાલ-અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂચના.

૧૭૯ પાને એકેન્દ્રિયને ૧૪૫ ની સત્તા જીનનામ અને આહારકદ્વિક વિના લખેલી છે, તે સ્થાને જીનનામ, દેવાયુ, અને નરકાયુ વિના ૧૪૫ ની સત્તા વાંચવી.

આ ગ્રંથમાં દરેક પ્રસંગે અચ્યુતદેવનું ગમન ત્રીજી વા ચોથી નરકસુધી લખ્યું છે તે સીતેન્દ્ર રાવણ લક્ષ્મણનું યુદ્ધ નિવારવા ચોથી નરકમાં ગયા એમ શ્રીહેમકૃત રામાયણાદિક ગ્રંથોમાં લખેલું જાણવાથી લખ્યું છે. અને પંચસંગ્રહમાંનો આનતાદિ ૪ દેવોને નરકમાં જવાનોજ નિષેધ વાંચ્યો છે.

લોકપ્રકાશમાં કેવળીપર્યાય પૂર્વકોડવર્ષમાંથી ૯ વર્ષન્યૂન કહ્યો છે અને આ ગ્રંથમાં ૮ વર્ષ ૭ માસ ન્યૂન લખ્યો છે તે કર્મ-પ્રકૃત્યાદિ ગ્રંથને અનુસરી લખ્યો છે.

સર્વજ્ઞને સંજ્ઞારૂપે આહારસંજ્ઞા નથી. પરન્તુ આ ગ્રંથમાં જે આહાર સંજ્ઞા વારંવાર ગણાવી છે, તે કેવળ ક્ષુધાવેદનીયના ઉદયને અંગેજ જાણવી, પણ ક્ષાયોપશમિક ઈચ્છા રૂપ નહિ.

શ્રી પંચસંગ્રહ અને શ્રી ભગવતિજીમાં મનુષ્ય-તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાનનો નિષેધ કર્યો છે, પરન્તુ આ ગ્રંથમાં ચોથા ષડશિતિક કર્મગ્રંથની ૨૯ મી ગાથાને અનુસરી વિભંગજ્ઞાન ગણાવ્યું છે. કારણકે એ ગાથામાં વિભંગમાર્ગણામાં ઔદારિક મિશ્રયોગ કહ્યોછે. પુનઃ નરાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વી પણ વિભંગમાર્ગણામાં ચાલુ ગ્રંથની અંદર એજ કારણસર ગણાવી છે.

એ પ્રમાણે બીજી પણ જે જે વાતનો તફાવત માલુમ પડે તે સુજ્ઞોએ યથાયોગ્ય વિચારવો, અને સર્વથા અશુદ્ધ લાગે તો સુધારી વાંચવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अनुक्रमणिका.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	द्वारवर्णन.	१–१६२
૧	ગતિ ૪	૨
૨	ઈન્દ્રિય ૫	૪
૩	કાય ૬	૭
૪	યોગ ૧૫	૯
૫	વેદ ૩	૧૧
૬	કષાય ૪–૧૬–૨૫	૧૪
૭–૮	જ્ઞાન ૮	૧૭
૯	સંયમ ૭	૧૯
૧૦	દર્શન ૪	૨૫
૧૧	લેશ્યા ૬	૨૬
૧૨	ભવ્ય ૨	૨૯
૧૩	સમ્યક્ત્વ ૬	૩૦
૧૪	સંજ્ઞિ ૨	૪૧
૧૫	આહારી ૨	૪૨
૧૬	ગુણસ્થાન ૧૪	૪૭
૧૭	જીવભેદ ૧૪–૫૬૩	૬૮
૧૮	પર્યાપ્તિ ૬	૭૪
૧૯	પ્રાણ ૧૦	૮૨
૨૦	સંજ્ઞા ૪–૧૦–૩	૮૬
૨૧	ઉપયોગ ૧૨	૯૧
૨૨	દૃષ્ટિ ૩	૯૦
૨૩	બંધ ૮–૧૨૦	૯૩
૨૪	ઉદય ૮–૧૨૨	૧૦૫
૨૫	ઉદીરણા	૧૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર.	વિષય.	પૃષ્ઠ.
૨૬	સત્તા ૮–૧૪૮	૧૧૦
૨૭	શરીર ૫	૧૧૧
૨૮	બંધહેતુ ૪–૫૭	૧૧૫
૨૯	ધ્યાન ૪–૧૬	૧૧૭
૩૦	સંઘયણ ૬	૧૩૦
૩૧	સંસ્થાન ૬	૧૩૨
૩૨	સમુદ્દઘાત ૭	૧૩૪
૩૩	ભાવ ૫	૧૩૭
૩૪	અવગાહના ૩	૧૪૦
૩૫	સ્થિતિ ૨...	૧૪૨
૩૬	યોનિ ૮૪ લાખ	૧૪૩
	૩૬ દ્વારના ઉત્તરભેદ સંક્ષેપમાં ...	૧૪૫
	द्वारसंवेध.	૧૯૩–૪૬૧
	(१) ४ गतिमां ३६ द्वारनी प्राप्ति.	१५५–१७२
	દેવગતિમાં	૧૫૫
	મનુષ્યગતિમાં	૧૬૧
	તિર્યંચગતિમાં	૧૬૫
	નરકગતિમાં	૧૬૯
	(२) ५ इन्द्रियमां ३६ द्वारनी प्राप्ति.	१७२–१९१
	એકેન્દ્રિયમાં	૧૭૨
	દ્વીન્દ્રિયમાં...	૧૮૦
	ત્રીન્દ્રિયમાં...	૧૮૪
	ચતુરિન્દ્રિયમાં	૧૮૫
	પંચેન્દ્રિયમાં	૧૮૬
	(३) ६ कायमार्गमां ३६ द्वारोनी प्राप्ति.	१९२–२०८
	પૃથ્વીકાયમાં	૧૯૨
	અપકાયમાં	૧૯૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	અગ્નિ તથા વાયુકાયમાં	૧૯૮
	વનસ્પતિકાયમાં	૨૦૧
	ત્રસકાયમાં...	૨૦૩
(૪)	**યોગમાર્ગણામાં ૩૬ દ્વારની પ્રાપ્તિ**	**૨૦૯–૨૬૬**
	મનોયોગમાં	૨૦૯
	વચનયોગમાં	૨૧૪
	કાયયોગમાં	૨૧૬
	સત્ય અને વ્યવહાર મનોયોગમાં ...	૨૧૭
	અસત્ય અને મિશ્ર મનોયોગમાં ...	૨૧૮
	સત્ય વચનયોગમાં	૨૧૯
	અસત્ય અને મિશ્ર વચનયોગમાં ...	,,
	વ્યવહાર વચનયોગમાં	,,
	ઔદારિકમિશ્રકાયયોગમાં	૨૨૧
	ઔદારિકકાયયોગમાં...	૨૩૨
	વૈક્રિયમિશ્રકાયયોગમાં	૨૩૭
	વૈક્રિયકાયયોગમાં	૨૪૯
	આહારકમિશ્રયોગમાં	૨૫૪
	આહારકયોગમાં	૨૫૮
	તૈજસકાર્મણકાયયોગમાં	૨૫૯
(૫)	**૩ વેદમાં ૩૬ દ્વારની પ્રાપ્તિ**	**૨૬૬–૭૬**
	સ્રીવેદમાં....	૨૬૬
	પુરૂષવેદમાં	૨૭૨
	નપુંસકવેદમાં	૨૭૪
(૬)	**મૂળ ૪ કષાયમાં ૩૬ દ્વારની પ્રાપ્તિ**	**૨૭૬–૭૯**
	ક્રોધમાં	૨૭૬
	માન અને માયામાં—લોભમાં... ...	૨૭૯
(૭)	**૬ જ્ઞાનમાં ૩૬ દ્વારની પ્રાપ્તિ**	**૨૮૦–૨૯૩**
	મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં	૨૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	અવધિજ્ઞાનમાં	૨૮૩
	મનઃપર્યવજ્ઞાનમાં	૨૮૬
	કેવળજ્ઞાનમાં	૨૮૯
(૮)	૩ अज्ञानमां ३६ द्वारनी प्राप्ति	२९४–२९८
	મતિ અને શ્રુતઅજ્ઞાનમાં	૨૯૪
	વિભંગજ્ઞાનમાં	૨૯૬
(૯)	૭ संयममां ३६ द्वारनी प्राप्ति	२९८–३११
	સામાયિક ચારિત્રમાં...	૨૯૮
	છેદોપસ્થાપનિય ચારિત્રમાં	૩૦૧
	પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાં	૩૦૧
	સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં	૩૦૩
	યથાખ્યાત ચારિત્રમાં	૩૦૫
	દેશવિરતિ ચારિત્રમાં	૩૦૮
	અવિરતિ ચારિત્રમાં	૩૦૯
(૧૦)	૪ दर्शनमां ३६ द्वारनी प्राप्ति	३११–१४
	અચક્ષુદર્શનમાં	૩૧૧
	ચક્ષુદર્શનમાં	૩૧૨
	અવધિદર્શનમાં—કેવળદર્શનમાં. ...	૩૧૪
(૧૧)	૬ लेश्यामां ३६ द्वारनी प्राप्ति	३१५–३२२
	કૃષ્ણલેશ્યામાં	૩૧૫
	નીલલેશ્યામાં	૩૧૬
	કાપોતલેશ્યામાં—તેજોલેશ્યામાં ...	૩૧૭
	પદ્મલેશ્યામાં	૩૧૯
	શુકલલેશ્યામાં	૩૨૧
(૧૨)	૨ भव्यमां ३६ द्वारनी प्राप्ति	३२२–२४
	ભવ્યમાં	૩૨૨
	અભવ્યમાં	૩૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર	વિષય.	પૃષ્ઠ.
(१३)	६ **सम्यक्त्वमां ३६ द्वारनी प्राप्ति**	३२४–३८
	ઉપશમ સમ્યક્ત્વમાં	૩૨૪
	ક્ષયોપશમ સમ્યક્ત્વમાં	૩૨૮
	ક્ષાયિક સમ્યક્ત્વમાં...	૩૩૦
	મિશ્રસમ્યક્ત્વમાં	૩૩૩
	સાસ્વાદનમાં	૩૩૫
	મિથ્યાત્વમાં	૩૩૭
(१४)	२ **संज्ञिमां ३६ द्वारनी प्राप्ति**	३३८–४२
	સંજ્ઞિમાં	૩૩૮
	અસંજ્ઞિમાં	૩૩૯
(१५)	२ **आहारकद्वारमां ३६ द्वारनी प्राप्ति**	३४२–३४७
	આહારકમાં	૩૪૨
	અનાહારકમાં	૩૪૩
(१६)	१४ **गुणस्थानमां ३६ द्वारनी प्राप्ति**	३४७–३६०.
	મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં ...	૩૪૭
	સાસ્વાદન—મિશ્ર—સમ્યક્ત્વમાં ,, ...	,,
	દેશવિરતિ—પ્રમત્ત ,, ...	૩૪૯
	અપ્રમત્ત ,, ...	૩૫૦
	અપૂર્વકરણ ,, ...	૩૫૧
	અનિવૃત્તિકરણ ,, ...	૩૫૩
	સૂક્ષ્મસંપરાય—ઉપશાન્તમોહ ,, ...	૩૫૪
	ક્ષીણમોહ ,, ...	૩૫૫
	સયોગીકેવળી ,, ...	૩૫૬
	અયોગીકેવળી ,, ...	૩૫૮
(१७)	**चौद अने पांचसोत्रेसठ जीवभेदमां ३६ द्वारनी प्राप्ति**	३६०–४१९.
૧	સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિયમાં	૩૬૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિયમાં ...	૩૬૩
	બાદર અપર્યાપ્ત—બાદરપર્યાપ્ત ,, ...	૩૬૪
	અપર્યાપ્ત દ્વીન્દ્રિયમાં	૩૬૫
	પર્યાપ્ત ,, ...	૩૬૬
	અપર્યાપ્ત—પર્યાપ્ત ત્રીન્દ્રિયમાં... ...	૩૬૭
	અપર્યાપ્ત ચતુરિન્દ્રિયમાં	૩૬૮
	પર્યાપ્ત ,, ...	૩૬૯
	અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયમાં... ...	૩૭૦
	પર્યાપ્ત ,, ,, ...	૩૭૨
	અપર્યાપ્તસંજ્ઞિ ,, ...	૩૭૪
	પર્યાપ્ત ,, ,, ...	૩૭૭
	૫૬૩ જીવભેદમાં	૩૭૮
(१८)	६ पर्याप्तिमां ३६ द्वारनी प्राप्ति	४१९
(१९)	१० प्राणमां ३६ द्वारनी प्राप्ति	४२२
(२०)	४-३ संज्ञाद्वारमां ३६ द्वारनी प्राप्ति	४२७
	આહારાદિ ૪ સંજ્ઞામાં	૪૨૭
	હેતૂપદેશિકી વિગેરે ૩ સંજ્ઞામાં ...	૪૨૯
(२१)	१२ उपयोगमां ३६ द्वारनी प्राप्ति	४३६
(२२)	२ दृष्टिमां ३६ द्वारनीप्राप्ति	४३६
(२३-२६)	बंधादि ४ द्वारमां ३६ द्वारनी प्राप्ति	४३७
(२७)	५ शरीरमां ३६ द्वारनी प्राप्ति	४३७-३९
	ઔદારિકશરીરમાં	૪૩૭
	વૈક્રિયશરીરમાં—આહારકશરીરમાં ...	૪૩૮
(२८)	५७ बन्धहेतुमां ३६ द्वारनी प्राप्ति	४३९
(२९)	४ ध्यानमां ३६ द्वारनी प्राप्ति	४४०-४४
	૩ આર્ત્તધ્યાનમાં	૪૪૧
	અગ્રશોચ આર્ત્તધ્યાનમાં	૪૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	૪ ધર્મધ્યાનમાં	૪૪૨
	૧ લા-૨ જા-૩ જા શુક્લધ્યાનમાં ...	૪૪૩
	૪ થા " ...	૪૪૪
(૩૦)	૬ संघयणमां ३६ द्वारनी प्राप्ति	४४४-४९
	વજ્રર્ષભનારાચ સંઘયણમાં ...	"
	ઋષભનારાચ અને નારાચ " ...	૪૪૬
	અર્ધનારાચ અને કિલિકા " ...	૪૪૮
	સેવાર્ત્તસંઘયણમાં " ...	૪૪૯
(३१)	६ संस्थानमां ३६ द्वारनी प्राप्ति	४५०-५२
	સમચતુરસ્ર સંસ્થાનમાં	૪૫૦
	મધ્ય ૪ સંસ્થાનમાં	૪૫૧
	હુંડકસંસ્થાનમાં	૪૫૨
(३२)	७ समुद्घातां ३६ द्वारनी प्राप्ति	४५३-५९
	વેદનાસમુદ્ઘાતમાં	"
	કષાયસમુદ્ઘાતમાં	૪૫૪
	મરણસમુદ્ઘાતમાં	"
	વૈક્રિયઅને આહારકમાં—તૈજસસમુદ્ઘાતમાં	૪૫૭
	કેવળીસમુદ્ઘાતમાં	૪૫૯
(३३)	५ भावमां ३६ द्वारनी प्राप्ति	४६०-६१
	ઉપશમભાવમાં—ક્ષયોપશમભાવમાં ...	"
	ક્ષાયિકભાવમાં	૪૬૧
	ઔદાયિકભાવમાં—પારિણામિકભાવમાં	"
(३४)	अवगाहना (३५) स्थिति (३६) योनिद्वारमां ३६ द्वारोनी प्राप्ति	४६१
	शुद्धिपत्रकम्	४६२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सच्चारित्रचूडामणि शुद्धक्रियायोगि गच्छाऽधिपति-
श्रीमत्सुखसागरगुरुचरणकमलेभ्योनमः ॥

श्री संवेध छत्रीशी.

मंगळाचरण.

(शार्दूलविक्रीडितवृत्तम्)

श्रीमत्पार्श्वजिनेश्वरं हृदिपरं ध्यात्वाऽमलज्ञानदं,
स्मारंस्मारमहं परार्थविबुध श्रीबुद्धिवारांनिधेः ।
भव्यां वाचमनेकबोधविशदां सूरीशितुःसद्गुरा-
भव्यानां हितदांतनोमिसुगमां संवेधषट्त्रिंशिकाम् ॥१॥

३६ द्वारोनुं स्वरूप.

આ સંવેધ છત્રીશી નામના ગ્રન્થને વિષે પ્રથમ ૧૪ માર્ગ[1]ણાનાં ૧૫ દ્વાર છે, અને બીજાં ૨૧ દ્વાર છે. એ પ્રમાણે કુલ ૩૬ દ્વારોનું સ્વરૂપ, તેમજ એ છત્રીશ દ્વારોની પરસ્પર એકએકમાં એકએકની પ્રાપ્તિરૂપ સંવેધ, એ બે વિષય કહેવાના છે. તેમાં પ્રથમ ૩૬ દ્વારોનાં નામ નીચે પ્રમાણે છે.

૧ ગતિ, ૨ ઇન્દ્રિય, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય, ૭ જ્ઞાન, ૮ અજ્ઞાન, ૯ સંયમ, ૧૦ દર્શન, ૧૧ લેશ્યા, ૧૨ ભવ્ય, ૧૩ સમ્યક્ત્વ, ૧૪ સંજ્ઞિત્વ, ૧૫ આહારક, ૧૬ ગુણસ્થાન, ૧૭ જીવભેદ, ૧૮ પર્યાપ્તિ, ૧૯ પ્રાણ, ૨૦ સંજ્ઞા, ૨૧ ઉપયોગ, ૨૨ દૃષ્ટિ, ૨૩ બંધ, ૨૪ ઉદય, ૨૫ ઉદીરણા, ૨૬ સત્તા, ૨૭ શરીર

---

૧ ચૌદ માર્ગણામાં જ્ઞાનમાર્ગણાના સંબંધમાં જ્ઞાન અને અજ્ઞાન એ બે દ્વાર ભિન્ન ગણવાથી ૧૫ દ્વાર થાય પણ માર્ગણા તો ૧૪ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૮ બંધહેતુ, ૨૯ ધ્યાન, ૩૦ સંઘયણ, ૩૧ સંસ્થાન, ૩૨ સમુદ્ઘાત, ૩૩ ભાવ, ૩૪ અવગાહના, ૩૫ સ્થિતિ, અને ૩૬ યોનિ.

(૧) ગતિ ૪—દેવત્વ, મનુષ્યત્વ વિગેરે પર્યાયોની (રૂપાન્તરોની) પ્રાપ્તિ તે ગતિ કહેવાય, તેના **देवगति-मनुष्यगति-तिर्यंच गति** અને **नरकगति** એમ ૪ પ્રકારછે. જ્યાં પૌદ્ગલિક સુખનો અનહદ આનંદ ભોગવાય છે, સુંદર નવયુવાન દિવ્ય સ્રીયોનો સંગમ હોયછે, ઝળહળતા રત્નોના આવાસ, ભુવન તથા વિમાનરૂપ મકાનો રહેવાને માટે હોય છે, ઇચ્છા પ્રમાણે વિચિત્ર પ્રકારનાં રૂપ રચવાની તથા અન્ય પદાર્થોમાં યથાયોગ્ય રૂપાન્તર કરવાની દિવ્યશક્તિઓ જન્મસિદ્ધ હોય છે, વિગેરે અનેક પ્રકારના વૈભવનાં અમુક અમુક સ્થાન હોય છે, તે દેવલોક વા સ્વર્ગના નામથી ઓળખાય છે, અને તેવા દેવલોકની પ્રાપ્તિ થવી તે **देवगति** કહેવાય છે.

જ્યાં સુખ અને દુઃખ પ્રાયઃ સરખા પ્રમાણમાં છે, વ્રત તપશ્ચર્યાદિ મોક્ષમાર્ગની (દર્શનજ્ઞાન ચારિત્રરૂપ) પ્રવૃત્તિયો સાનુકૂળ હોઇ જ્યાં મોક્ષ પ્રાપ્ત થઇ શકેછે, સંપૂર્ણ ચારિત્ર-સંપૂર્ણ જ્ઞાન-ને સર્વ લબ્ધિયો જ્યાં સાધ્ય છે, તેમજ વાસુદેવ, ચક્રવર્તિ અને તીર્થંકર વિગેરે અનેક મહાપદવીઓ તથા ત્રણ લોકનું આધિપત્ય જ્યાં પ્રાપ્ત થઇ શકે છે તે મનુષ્યલોક કહેવાય, અને તેવા મનુષ્યપણાની જે પ્રાપ્તિ થવી તે **मनुष्यगति** કહેવાય છે.

જ્યાં સુખ અલ્પ છે, ને દુઃખ તેથી વિશેષ પ્રમાણમાં છે, મતિ વિગેરે જ્ઞાનની પ્રાયઃ પરિસ્ફુરણા અતિ અલ્પ હોય, માતા, પિતા, પુત્ર અને પુત્રી વિગેરેના વિવેકવ્યવહારનો અભાવ હોય, શૃંગ અને પૂચ્છનાં લક્ષણોવડે લક્ષિત હોય, વ્રતાદિ ધર્મમાર્ગનો પ્રાયઃ અભાવ હોય, એવા વિવેકવ્યવહાર શૂન્ય તિર્યંચ જીવો હોય છે; તેવા તિર્યંચપણાની પ્રાપ્તિ થવી તે **तिर्यंचगति** કહેવાય છે.

---

૧ વ્યન્તર જાતિના દેવો માટે આવાસ, ભુવનપતિ દેવો માટે ભુવન, અને જ્યોતિષ્ તથા વૈમાનિક દેવોને રહેવા માટે વિમાન હોય છે. એ ત્રણેની આકૃતિયો ભિન્ન હોવાથી ત્રણ નામ જુદાં પડયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં એકાન્તે દુઃખ જ અધિક હોય, માત્ર જીનેશ્વરના જન્માદિ કલ્યાણકો વખતે અન્તર્મુહૂર્ત પર્યંત કંઈક સુખશાન્તિ અનુભવાય, તેમજ કર્મપ્રકૃતિ તથા પંચસંગ્રહમાં તો કહ્યું છે કે કેટલાએક નારકીના જીવો એવા હોય છે કે જેઓને ભવના પ્રથમ સમયથી ભવના અન્ત સમય સુધી અશાન્તિ જ હોય છે, એ પ્રમાણે અત્યંત દુઃખનું સ્થાન છે; જ્યાં ઉત્પન્ન થતાં દુઃખ, ઉત્પન્ન થયા બાદ પરમાધામિ આદિકનું દુઃખ, ક્ષેત્ર પણ દુઃખદાયી, આહાર પણ દુઃખદાયી વિગેરે દરેક વાતનું નરકના જીવોને દુઃખ દુઃખ ને દુઃખ જ હોય છે, એ દુઃખ નારકીઓ ભોગવી શકે છે; તેના અનંતમા ભાગનું દુઃખ મનુષ્યને પ્રાપ્ત થાય તો જીવી શકે પણ નહિ એવો નરકલોક છે, તે નરકલોકમાં જે જીવનું ગમન થાય તે **नरकगति**[1] કહેવાય.

---

૧ વર્તમાન કાળની કેળવણીવાળા કેટલાએક મનુષ્યો માત્ર પ્રત્યક્ષ પ્રમાણ માનનારા હોવાથી તેઓ કહે છે કે સ્વર્ગ અને નરક એ બન્ને વસ્તુતઃ નથી, પણ લોકને નીતિ માર્ગમાં પ્રવર્ત્તાવવા અને અનીતિ માર્ગથી અલગ રાખવા માટે સ્વર્ગ અને નરકના નામથી લાલચ તથા ભય બતાવ્યો છે. આ કથન તેઓનું પ્રમાણ શૂન્ય છે, કારણ કે જે પ્રત્યક્ષ દેખાય તેજ માનવું, અને પરોક્ષ પદાર્થ નજ માનવા એ જગતનો સત્ય વહેવાર ન કહેવાય, જેઓએ સ્વતઃ અમેરિકા ખંડ શોધી કાઢયો અને જેઓ અમેરિકા જઈ આવ્યા છે તેઓ બીજાને અમેરિકા ખંડની ઋદ્ધિ કહેવા બેસે તો તેમનું વર્ણન બીજાઓએ શું અસત્ય જાણવું ? કારણ કે વર્ણનની સત્યતા અથવા અસત્યતા આપ્ત પુરૂષને આધીન છે, પદાર્થ કહેનાર જો પ્રમાણિક હોય તો તે પદાર્થ સત્ય અને અપ્રમાણિક હોય તો તે કદાચ સત્ય યા અસત્ય પણ હોય. દેવ અને નરક ગતિનું વર્ણન જૈન દર્શનમાં તથા અન્ય દર્શનમાં મનાતા આપ્ત પુરૂષોએ કરેલું છે, માટે આગમપ્રમાણથી સ્વર્ગ નરકનું અસ્તિત્વસિદ્ધ થાયછે, પુનઃ વર્તમાન વિજ્ઞાનીઓએ એવી પણ શોધ અનુમાન પ્રમાણથી કરી છે કે આકાશમાં દેખાતું જ્યોતિષ્ચક્ર એ જુદીજુદી પૃથ્વીયો છે, અને તે પૃથ્વીયોમાં આ પૃથ્વીની માફક વસ્તી પણ છે, બસ એ મનોહર વસ્તીને જ શાસ્ત્રકારો સ્વર્ગ કહે છે, તેમાં વાંધો શો છે ? તેવીજ રીતે નરકનું અસ્તિત્વ પણ હોય તો તેપણ વાસ્તવિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨) ઇન્દ્રિય ૫—**इन्द्र** એટલે આત્મા, તેનું ચિહ્ન તે **इन्द्रिय** કહેવાય. તે ઇન્દ્રિયો સ્પર્શ, રસના, નાસિકા, ચક્ષુ, અને શ્રોત્ર એમ પાંચ પ્રકારની છે. એ દરેક ઇન્દ્રિય અભ્યન્તર નિર્વૃત્તિ અને બાહ્યનિર્વૃત્તિ એમ બે પ્રકારની છે, તેમાં સ્પર્શાદિ વિષયને ગ્રહણ કરવાવાળાં અભ્યન્તર પુદ્ગલો જે અમુક અમુક આકારે રચાયલાં છે, તે પુદ્ગલો **अभ्यन्तर निर्वृत्ति** (અંતરંગ રચના) **इन्द्रिय** કહેવાય છે, આ અભ્યન્તર નિર્વૃત્તિ ઇન્દ્રિય દરેક પ્રાણીની નિયમિત આકારવાળી છે, જેમ સ્પર્શ ઇન્દ્રિય સ્વસ્વ દેહાકારવાળી, રસના ઇન્દ્રિય ખુરપા સરખી, નાસિકા ઇન્દ્રિય કાહલ નામના વાજીંત્ર સરખી, ચક્ષુ ઇન્દ્રિય મસુરની દાળ સરખી અને કર્ણેન્દ્રિય કદંબવૃક્ષના ફુલ સરખી છે. વિષયોને જાણનાર પૂર્વોક્ત આકૃતિવાળી અંતરંગ ઇન્દ્રિયો છે.

તથા સ્પર્શ ઇન્દ્રિય સિવાયની ચાર ઇન્દ્રિયોને સ્થાને જે ચક્ષુગોચર થતા જીભ, નાસિકા, ચક્ષુ, અને કાનરૂપ દેહના અવયવો તે **बाह्य निर्वृत्ति** (બાહ્ય આકારરૂપ) ઇન્દ્રિયો લોકમાં પ્રસિદ્ધ છે. એ આકારો દરેક જાતના પ્રાણીયોને જુદા જુદા હોય છે, જેમ અશ્વ, મનુષ્ય, અને હસ્તિ આદિકના કાન (પર્પટિકા આકારવાળા) જુદી જુદી જાતના પ્રત્યક્ષ દેખાય છે, તે પ્રમાણે શેષ બાહ્ય ઇન્દ્રિયોના આકારોનો તફાવત પણ વિચારવો. આ બાહ્ય આકારો વસ્તુતઃ ઇન્દ્રિયપુદ્ગલો નથી, તેથી વિષયો સ્વતઃગ્રહણ કરી શકે નહિ, પણ એ બાહ્ય આકારરૂપ દેહાવયવોને સ્થાને વિષય ગ્રહણ કરનાર ઇન્દ્રિયપુદ્ગલો ગોઠવાયલાં છે, તે ઇન્દ્રિયપુદ્ગલોજ (અભ્યન્તર નિર્વૃતીન્દ્રિયો) વિષય ગ્રહણ કરી શકે છે. ત્યારે એ પરથી સાર એ આવ્યો કે લોક જેને ઇન્દ્રિયો કહે છે તે ઇન્દ્રિયો નથી પણ ઇન્દ્રિયોના સ્થાને ગોઠવાયલા દેહાવયવો છે, અને ઇન્દ્રિયોતો સ્વચ્છતર પુદ્ગલના સમુહરૂપ જુદાજ પદાર્થો છે, તેમજ શરીર અને સ્પર્શેન્દ્રિય એ બે ભિન્ન પદાર્થ છે, શરીર દેખાય છે પણ શરીરના ઉપલા પડમાં અને તદ્દન નીચેના પડમાં (મધ્યગત માંસ રૂધિરને હાડના ભાગમાં નહિ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાપ્ત થયેલી માખીની પાંખથી પણ વિશેષ પાતળી (અંગુલીના અસંખ્યાતમા ભાગ જેટલી જાડી) અને શરીરમાં રહ્યાથી શરીર પ્રમાણ લાંબી પ્હોળી સંલગ્ન બેપડવાળી પણ શરીરમાંથી બહાર કાઢીયે તો બમણી લાંબી પ્હોળી અને અતિ બારીક રેશમના કપડા સમાન એકજ પડવાળી સ્પર્શ ઇન્દ્રિય છે, અથવા શેલડીના સાંઠાનું કાળું છોડું ઉખેડતાં જેમ ધોળા ગરનું અતિ પાતળું પડ ઉખડે છે, અને તે ધોળા ગરનું પડ જેમ શેલડીની કાળી છાલમાં વ્યાપી રહ્યું છે, તેમ સ્પર્શ ઇન્દ્રિયના અણુઓ પણ સંપૂર્ણ દેહના ઉપર અંદરના ભાગમાં વ્યાપી[1] રહ્યા છે.

એ પ્રમાણે રસના ઇન્દ્રિયના અણુઓ દેખાતી જીવ્હામાં એક પડરૂપે અંગુલીની અસંખ્યાતમા ભાગની જાડાઈ અને વધુમાં વધુ ૯ અંગુલ જેટલી લંબાઈ અને જીભની પ્હોળાઈ પ્રમાણે પ્હોળાઈના માપથી જીભમાં વ્યાપ્ત થયા છે, તેજ સૂક્ષ્મ સ્વચ્છ પુદ્ગલો તીખાશમીઠાશનો અનુભવ જીવને આપી શકે છે, પણ દેખાતી જીભ તેનો અનુભવ આપી શકતી નથી.

નાસિકા સ્થાનમાં નાસિકા ઇન્દ્રિયના અણુઓ વ્યાપ્ત થયેલા છે, તે પડરૂપે વ્યાપ્ત નથી પણ સમુદિત પિંડરૂપે કાહલાકારે રહેલા છે અને તે બે ચક્ષુના મધ્યભાગમાં હશે એમ સમજાય છે, પછી શ્રી બહુશ્રુત કહે તે સત્ય.

ચક્ષુસ્થાને કાળી કીકીના મધ્યભાગમાં જે ઝળકતો તારો દેખાય છે, અને જેની અંદર સન્મુખ રહેલા પદાર્થનું પ્રતિબિંબ પણ પડી શકે છે, એ તારો અભ્યન્તર નિર્વૃત્તિ ઇન્દ્રિય પુદ્ગલરૂપ હોવાથી વિષય ગ્રહણ કરી શકે છે. પણ બાકીનો કીકીનો ભાગ તથા ડોળો પાંપણ વિગેરે બાહ્યનિર્વૃત્તિ ઇન્દ્રિય કહેવાય તેથી તેઓ વિષય ગ્રહણ કરી શકતા નથી.

---

૧ અથવા પોકળ ચાંદીના પુતળાને સુવર્ણ ગીલીટના રસમાં બોળતાં જેમ ઉપર અંદરના સર્વ ભાગમાં ગીલીટ લાગે તેમ સ્પર્શેન્દ્રિય ઉપર અંદરના ભાગમાં વ્યાપ્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રમાણે કર્ણને સ્થાને પણ અંદરના ભાગમાં સૂક્ષ્મ સ્વચ્છ પુદ્ગલો કર્ણેન્દ્રિયનાં છે તે કદંબપુષ્પાકારે રહેલાં છે, તેજ વિષય ગ્રહણ કરી શકે છે.

જે પ્રાણીઓ ઇન્દ્રિયો છતાં પણ બ્હેરા, આંધળા વિગેરે હીન ઇન્દ્રિય થાય છે, તેનું કારણ સમજવા માટે ઇન્દ્રિયોના ઉપકરણ ભેદ નીચે પ્રમાણે શાસ્ત્રકાર કહે છે.

અભ્યન્તર ઉપકરણ ઇન્દ્રિય અને બાહ્ય ઉપકરણ ઇન્દ્રિય એમ ઉપકરણેન્દ્રિયના બે ભેદ છે. તેમાં અભ્યન્તર નિર્વૃત્તિરૂપ અંતરંગ ઇન્દ્રિય પુદ્ગલોમાં વિષય ગ્રહણ કરવાની જે શક્તિ છે તે શક્તિનું નામ **अभ्यन्तर उपकरणेन्द्रिय** છે, અને કર્ણપર્પટિકા ઝાંપણ ઇત્યાદિ બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિયરૂપ દેહાવયવોમાં અભ્યન્તર નિર્વૃતીન્દ્રિયરૂપ અન્તર્ગત સ્વચ્છ પુદ્ગલોને રક્ષણાદિ ઉપગ્રહ અનુગ્રહ કરવાની જે શક્તિ તે **बाह्य उपकरणेन्द्रिय** છે. એ બેમાંથી અભ્યન્તર ઉપકરણેન્દ્રિયને ઉપઘાત પહોંચવાથી વિષયગ્રાહકતા ઓછી થાય છે, તેમ બંધ પણ થઈ જાય છે. માટે અંધ મનુષ્યની અભ્યન્તર નિર્વૃત્તિ છે તોપણ શક્તિ (ઉપકરણ) માત્રને ઉપઘાત પહોંચવાથી અંધતા પ્રાપ્ત થઇ જાણવી; એ પ્રમાણે શેષ ઇન્દ્રિયોના સંબંધમાં પણ તે પ્રમાણે વિચારવું.

ઉપરની સર્વવાત **द्रव्य इन्द्रिय** સંબંધિ જાણવી, **भाव इन्द्रिय** તો લબ્ધિ અને ઉપયોગરૂપ બે પ્રકારની છે, તેમાં પ્રાણીને દ્રવ્યેન્દ્રિયો દ્વારા વિષય અનુભવવાની જે શક્તિ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમવડે (હીનાધિકતાવડે) જેટલે અંશે પ્રાપ્ત થઈ હોય તેટલા અંશવાળી તે આત્મશક્તિ **लब्धीन्द्रिय** કહેવાય. દરેક પ્રાણીને લબ્ધીન્દ્રિયો પાંચે હોય છે, જે આત્મા એકેન્દ્રિય દ્વીન્દ્રિય કહેવાય છે, તે આત્મા પ્રાપ્ત થયેલી દ્રવ્યેન્દ્રિયોના કારણથી જ એકેન્દ્રિયાદિ કહેવાય છે, અન્યથા લબ્ધીન્દ્રિયની અપેક્ષાએતો સર્વ પ્રાણીમાત્ર પંચેન્દ્રિય છે. પુનઃ આત્મા જે ઇન્દ્રિયના ઉપયોગમાં પ્રવર્ત્તતો હોય તે ઇન્દ્રિય उपयोग इन्द्रिय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવાય. દરેક પ્રાણી પાંચમાંની કોઇપણ એકજ ઇન્દ્રિયના ઉપયોગમાં પ્રવર્ત્તી શકે પણ સમકાળે બે ઇન્દ્રિયોનો ઉપયોગ હોય નહિ. માટે સર્વ પ્રાણીઓ ઉપયોગ ઈન્દ્રિયની અપેક્ષાએ એકેન્દ્રિય કહી શકાય એ પ્રમાણે લબ્ધીન્દ્રિયની અપેક્ષાએ સર્વ પ્રાણીયો પંચેન્દ્રિય છે. ઉપયોગેન્દ્રિયની અપેક્ષાએ સર્વ પ્રાણીયો એકેન્દ્રિય છે. દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ પ્રાણીયો એકેન્દ્રિય અને દ્વીન્દ્રિયાદિ છે. તે ઈન્દ્રિયના ભેદોની સ્થાપના નીચે પ્રમાણે છે.

- इन्द्रिय
  - द्रव्येन्द्रिय
    - निर्वृत्ति
      - अभ्यन्तर
      - बाह्य
    - उपकरण
      - अभ्यन्तर
      - बाह्य
  - भावेन्द्रिय
    - लब्धीन्द्रिय
    - उपयोगेन्द्रिय

(૩) કાય ૬—काय એટલે शरीर અર્થાત્ જે જીવ જેવા શરીરમાં ઉપજે તે જીવનું તેવું નામ પડે, અથવા જે જીવ જેવા પ્રકારનું શરીર રચે તે જીવ તે કાયવાળો કહેવાય. તેમાં જે જીવો પૃથ્વીરૂપ શરીરમાં ઉત્પન્ન થાય અથવા પૃથ્વીરૂપ દેહની રચના કરે તે યથા માટી, પાષાણ, ધાતુ, અને ઝવેરાત[1] વિગેરે જીવો

---

૧ ઝવેરાતમાં મોતીને કેટલાએક પૃથ્વીકાય નહિ માનતાં દ્વીન્દ્રિય જીવનું દળ (પુદ્ગલ) માને છે, પણ તે માનવું યથાર્થ નથી, કારણ કે છીપ એ દ્વીન્દ્રિય પ્રાણી હોવાથી જો મોતીને દ્વીન્દ્રિયનું પુદ્ગલ માનવામાં આવે તો હસ્તિના મસ્તકમાંથી નિકળતાં મોતીને પંચેન્દ્રિયનું પુદ્ગલ માનવું પડે, ખાણમાંથી અને વાંસમાંથી નિકળતાં મોતીને એકેન્દ્રિયનું પુદ્ગલ માનવું પડે, સર્પના મણિને પંચેન્દ્રિય પુદ્ગલ માનવું પડે ઈત્યાદિ અનેક વિરોધ આવે છે માટે ગમે તે સ્થળે ઉત્પન્ન થતાં મોતીને એકેન્દ્રિય તરીકે માનવામાં કાંઇ હરકત નથી. વળી કહો કે પંચેન્દ્રિયાદિ જીવોમાં એકેન્દ્રિય જીવો કેમ ઉપજે ? તો તેનું સમાધાન પ્રત્યક્ષ સિદ્ધ છે કે સજીવન પંચેન્દ્રિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पृथ्वीकाय[2]રૂપ કહેવાય.

જે જીવો જળરૂપ શરીરમાં ઉત્પન્ન થાય અથવા જળરૂપ શરીરની રચના કરે તેઓ તથા પાણી, કરા, ધૂંવર, વર્ષાદ, ઝાકળ, હિમ ઇત્યાદિ અપ્કાયના જીવો अप्कायરૂપ કહેવાય.

જે જીવો અગ્નિરૂપ દેહમાં ઉત્પન્ન થાય અથવા અગ્નિરૂપ શરીરની રચના કરે તે, અગ્નિ, વીજળી, ઉલ્કા, ખરતા તારા ઇત્યાદિ અગ્નિકાયના જીવો अग्निकायરૂપ કહેવાય. એ પ્રમાણે ઉદ્‌ભ્રામક–ઉત્કલિકા–વંટોળીયો વિગેરે જીવો वायुकाय, અને ઝાડપાલાદિકના જીવો वनस्पतिकाय કહેવાય. એ પાંચે કાયો ત્રાસ પામી તડકેથી છાયાએ અને છાયાથી તડકે ગમનાગમનાદિ-રૂપ ઇષ્ટાર્થમાં પ્રવૃત્તિ અને અનિષ્ટાર્થથી નિવૃત્તિ કરનાર નહિ હોવાથી સ્થાવર નિકાય કહેવાય છે.

જે જીવો ત્રાસ પામી સ્થાનાન્તરે જઈ શકે અને ઈષ્ટમાં પ્રવૃત્તિ તથા અનિષ્ટની નિવૃત્તિ કરી શકે તેવા દ્વીન્દ્રિયાદિથી પંચેન્દ્રિય પર્યંત સર્વ જીવો त्रसकाय કહેવાય.

પ્રશ્નઃ—અગ્નિ અને વાયુ સ્થાનાન્તર ગમન કરી શકે છે તો તેઓ ત્રસકાયમાં કેમ ન ગણાય ?

ઉત્તરઃ—સ્થાનાન્તર ગમન માત્રથી જીવ ત્રસ કહી શકાતો નથી પણ ઇષ્ટ અર્થમાં પ્રવૃત્તિ કરવા માટે અથવા અનિષ્ટ અર્થથી

કલેવરોમાં જેમ દ્વીન્દ્રિયાદિ સૂક્ષ્મત્રસ જંતુઓ અને પથરી આદિ પૃથ્વી-કાય ઉત્પન્ન થાય છે, તેમ પંચેન્દ્રિયના કલેવરમાં એકેન્દ્રિયોની ઉત્પત્તિ આશ્ચર્યજનક નથી. પુનઃ શ્રી સૂયગડાંગ સૂત્રમાં સર્પના મણી અને છીપના મોતીને આહારપરિજ્ઞા નામના અધ્યયનમાં પૃથ્વીકાયજ કહ્યા છે.

૨ વર્તમાન વિજ્ઞાનીઓ ખાણના કોલસાને વનસ્પતિ કહે છે, પણ વસ્તુતઃ તે પૃથ્વીકાય છે. જેમ સુરમાની જાતના કાળા પથરા પૃથ્વીકાય છે તેમ આ કોલસા વસ્તુતઃ વનસ્પતિકાય નથી પણ બળી શકે એવા કાળા પથરા અથવા માટીના પીંડ છે, પણ વનસ્પતિના કોલસાની માફક બળે છે, તેથી એ પૃથ્વી કોલસા તરીકે પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિવૃત્ત થવા જો સ્થાનાન્તરે ગમન કરે તો ત્રસકાય કહી શકાય. એ હેતુથી અગ્નિ અથવા વાયુ સ્થાનાન્તર કરે છે ? “ આ મ્હને અનિષ્ટ છે માટે હું તેનાથી દૂર જાઉં અથવા અમુક મ્હને ઇષ્ટ છે માટે હું ત્હેની પાસે જાઉં ” એવા વિચારથી સ્થાનાન્તર થતા નથી, અને સ્વાભાવિક ગતિસ્વભાવથી ચાહે ઇષ્ટ હોય કે ચાહે અનિષ્ટ હોય પણ ગમે તે સ્થળે ગમન કરે છે માટે હેતુ-શૂન્ય ગમનક્રિયાવાળા અગ્નિ અને વાયુકાયના જીવો ગતિથી ત્રસ કહી શકાય પણ વાસ્તવિક રીતે લબ્ધિત્રસ ન ગણાય. શાસ્ત્રોમાં જે ત્રસપણું પ્રસિદ્ધ છે તે લબ્ધિત્રસપણાની અપેક્ષાએ છે, માટે અગ્નિ અને વાયુ ત્રસ નહિ પણ સ્થાવર છે. શ્રી તત્વાર્થ સૂત્રમાં “ तेजोवायुद्वीन्द्रियादयश्चत्रसाः ” એ સૂત્ર કહ્યું છે તે ગતિત્રસ-પણાની અપેક્ષાએ જાણવું.

(૪) **યોગ ૧૫**—યોગ એટલે મન, વચન અને કાયાનો વ્યાપાર, તે મનયોગ, વચનયોગ અને કાયયોગ એમ ૩ પ્રકારનો છે, તેમાં કાયયોગવડે ગ્રહણ કરેલા મનોવર્ગણાની જાતિના પુદ્ગલોને મનરૂપે પરિણમાવી (ચિંતવનના ઉપયોગમાં લઈ) અવલંબી (વિસર્જનથી પ્હેલાં પ્રયત્ન વિશેષે કરી) વિસર્જન કરવારૂપ જે આત્મવ્યાપાર તે **मनोयोग** કહેવાય છે. અહિં મનપુદ્ગલના પર-માણુઓને[૧] ગ્રહણ કરવાની ક્રિયા કાયયોગ ગણાય છે, અને ચિંત-વન–અવલંબન મનોયોગ ગણાય છે, તથા વિસર્જનક્રિયા એ પણ યોગરૂપે ગણી શકાય છે.

કાયયોગવડે ગ્રહણ કરેલાં ભાષાદ્રવ્યોને (વચનપણે પરિણામ પામવા યોગ્ય પુદ્ગલપરમાણુઓને) ગ્રહણ કરી ભાષાપણે પરિણ-

---

૧ આ અર્થપરથી જાણવું જોઇએ કે જૈનદર્શન, મન અને ભાષા એ બન્નેને પુદ્ગલપરમાણુરૂપે રૂપી માને છે, જ્યારે અન્યદર્શનો મનને અરૂપી કહે છે, અને શબ્દને આકાશનો ગુણ કહે છે. પુનઃ વર્તમાન વિજ્ઞાનીઓની શોધખોળ પ્રમાણે શબ્દ એ પરમાણુ છે એમ અનુમાનથી ફોનોગ્રાફ ટેલીફોન વિગેરે યંત્રો દ્વારા સિદ્ધ થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માવી–અવલંબીને વિસર્જન કરવારૂપ આત્મવ્યાપાર તે **વચનયોગ** કહેવાય.

ઔદારિક વિગેરે શરીરદ્વારા દોડવું, ઉઠવું–બેસવું ઇત્યાદિ કાયચેષ્ટારૂપ જે આત્મવ્યાપાર તે **કાયયોગ.**

એ ૩ મૂળયોગના ઉત્તરભેદ ૧૫ થાય છે, તે નીચે પ્રમાણે– સત્ય, અસત્ય, મિશ્ર, વ્યવહાર એ ૪ મનયોગ અને એજ પ્રમાણે ૪ વચનયોગ મળી ૮ યોગ, અને ઔદારિક કાયયોગ ૧, ઔદારિક મિશ્ર કાયયોગ ૨, વૈક્રિય કાયયોગ ૩, વૈક્રિય મિશ્ર કાયયોગ ૪, આહારક કાયયોગ ૫, આહારક મિશ્ર કાયયોગ ૬, અને તૈજસ કાર્મણ કાયયોગ ૭, એ સાત કાયયોગ મળી એકંદર યોગ ૧૫ થયા; દરેકનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧ **सत्य मनोयोग**—સત્ અર્થને સત્રૂપે અને અસત્ અર્થને અસત્રૂપે ચિંતવવો, અર્થાત્ જે વસ્તુનું જેવું સ્વરૂપ હોય તે વસ્તુનું તેવું જ યથાર્થ સ્વરૂપ ચિંતવવું પણ વિપરીત ન ચિંતવવું. જેમકે આત્મા, ધર્મ, કર્મ, પુન્ય, પાપ, સ્વર્ગ, નરક અને મોક્ષ વિગેરે પદાર્થો સત્ છે, અને નોજીવ નથી, રત્નત્રયીના આરાધન વિના મુક્તિ નથી વિગેરે ચિંતવવું, તે સત્ય મનોયોગ કહેવાય.

૨ **असत्य मनोयोग**—સત્ અર્થને અસત્રૂપ અને અસત્ અર્થને સત્રૂપ ચિંતવવો, અર્થાત્ જે વસ્તુનું જે સ્વરૂપ છે, તે સ્વરૂપથી વિપરીત સ્વરૂપે તે વસ્તુ વિચારવી, જેમકે આત્મા, ધર્મ, કર્મ, પુન્ય, પાપ, સ્વર્ગ, નરક અને મોક્ષ વિગેરે નથી તથા આત્મા પંચભૂતમય છે, ઇચ્છાનુકૂળ વર્તવાથી મોક્ષ થાય છે, શબ્દ એ આકાશનો ગુણ છે, મન અરૂપી છે ઇત્યાદિ ચિંતવવું તે અસત્ય મનોયોગ કહેવાય.

૩ **मिश्रमनोगोग**—કંઇક સત્ય અને કંઇક અસત્ય એમ મિશ્રભાવે વસ્તુ વિચારવી. જેમ કોઇ ગામમાં કેટલા બાળક જન્મ્યા તેની ચોક્કસ ખબર નહિ છતાં આટલા બાળક જન્મ્યા યા મરણ પામ્યા એમ ચિંતવવું વિગેરે મિશ્રમનોયોગ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ **व्यवहार मनोयोग**—જે ચિંતવનમાં વસ્તુનો સત્રૂપ વા અસત્રૂપ નિર્ણય ભાવ ન રહ્યો હોય એવી સંજ્ઞા, સંકેત, પ્રશ્ન, આજ્ઞા, વિધિ અને અલંકાર વિગેરે ૧૨ પ્રકારનાં વાક્યો વિચારવાં તે. જેમકે હે દેવદત્ત ? ઘટ લાવ, अइउऋऌ એ પાંચ સ્વરોની સમાન સંજ્ઞા, તમો ક્યાંથી આવ્યા ? હવેથી આમ ન કરવું, વગેરે જે ચિંતવવું તે વ્યવહારમનોયોગ.

૫ **सत्य वचनयोग**—સત્ય મનયોગથી ચિંતવન કર્યા પ્રમાણે સત્ય જ બોલવું તે સત્ય વચનયોગ.

૬ **असत्य वचनयोग**—અસત્ય મનયોગથી ચિંતવન કર્યા પ્રમાણે અસત્યજ બોલવું તે અસત્ય વચનયોગ.

૭ **मिश्र वचनयोग**—મિશ્ર મનયોગથી ચિંતવ્યા પ્રમાણે જે બોલવું તે મિશ્ર વચનયોગ.

૮ **व्यवहार वचनयोग**—વ્યવહારમનયોગથી ચિંતવ્યા પ્રમાણે જે વ્યવહારથી બોલવું તેમાં વિશેષ એ છે કે દ્વીન્દ્રિયાદિકના અસ્પષ્ટ ઉચ્ચાર તથા અર્થ વિનાની ભાષા રે–લોલ–હાંરે ઇત્યાદિ વ્યવહાર વચનયોગ છે.

એ મનયોગ તથા વચનયોગ બન્નેમાં સત્યના ૧૦, અસત્યના ૧૦, મિશ્રના ૧૦ અને વ્યવહારના ૧૨ ભેદ મળી ૪૨ મનયોગ અને ૪૨ વચનયોગ થાય છે. પુનઃ મિશ્રયોગનું બીજું નામ સત્યાસત્ય અને વ્યવહારયોગનું બીજું નામ અસત્યામૃષા છે. જેઓના ઉત્તર ભેદોનું વિશેષ સ્વરૂપ લોકપ્રકાશાદિ ગ્રંથોમાંથી જાણવું.

(૫) **વેદ ૩—वेद** એટલે મૈથુન સંબંધિ અભિલાષ. તે સ્ત્રીવેદ, પુરૂષવેદ, અને નપુંસકવેદ એમ ૩ પ્રકારનો છે; ત્હેમાં સ્ત્રીનો પુરૂષ પ્રત્યે જે વિષયાભિલાષ તે **स्त्रीवेद**, પુરૂષનો સ્ત્રી પ્રત્યે જે વિષયાભિલાષ તે**पुरुषवेद**, અને જેનો સ્ત્રી પુરૂષ બન્ને ઉપર અભિલાષ હોય તે **नपुंसकवेद** કહેવાય. સ્ત્રી, પુરૂષ અને નપુંસકનાં દ્રવ્યલક્ષણો નીચે પ્રમાણે—યોનિ, સ્તન, કેશ વિગેરે સ્ત્રીનાં લક્ષણો છે, પુરૂષચિહ્ન. દાઢી, મૂછ વિગેરે પુરૂષનાં લક્ષણો છે, અને સ્તનાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાંક સ્ત્રીનાં લક્ષણ પણ હોય તેમજ કેટલાંક પુરૂષનાં લક્ષણ પણ હોય, તે નપુંસકનાં લક્ષણ છે. પુનઃ નપુંસકના ૧૬ ભેદ કહ્યા છે, તે ધર્મબિંદુ[1] આદિ ગ્રંથોથી જાણવા. તથા સ્ત્રી, પુરૂષ અને નપુંસક એ દરેક, વેદ, આકાર અને વેષ એમ ત્રણ

---

૧ શ્રી ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે—

पंडए वाइए कीबे, कुंभी ईसालुयत्तिय
सउणी तक्कम्मसेवी, परिकया परिकए इय ॥१॥
सोगंधिए य आसत्ते, ए ए दस नपुंसगा
संकिलिठ्ठत्ति साहूणं, पव्वावेउं अकप्पिया ॥२॥
विद्धिए चिप्पिए चेव, मंतओसहिओ हए ।
इसिसत्ते देवसत्तेय, पव्वावेज्ज नपुंसए ॥ ३ ॥

અર્થ:—પંડક, વાતિક, કલીબ, કુંભી, ઇર્ષ્યાળુ, શકુનિ, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગંધિક અને આસક્ત-એ ૧૦ પ્રકારના નપુંસકો સંકિલષ્ટ પરિણામી હોવાથી સાધુઓએ દીક્ષા ન આપવી એવો કલ્પ છે, અને વર્દ્ધિત, ચિપ્પત, મંત્રાહત, ઔષધિહત, ઋષિશપ્ત અને દેવશપ્ત એ ૬ નપુંસકોને દીક્ષા આપવી કલ્પે.

૧ ત્હેમાં પ્રથમ **पंडक**નાં લક્ષણ કહે છે—

महिलासहावो सरवन्नभेओ, मेंढंमहंत महुराय वाणी ।
ससद्दयं मुत्तमफेगयं च, एआणी छ प्पंडग लक्खाणाणि ॥१॥

અર્થ:—સ્ત્રીના જેવાં સ્વભાવ હોય એટલે મંદગતિએ પછવાડે જોતો જોતો ચાલે, શરીર શીતળ અને કોમળ હોય. સ્ત્રીવત્ હાથના લ્હેંકા કરતો બોલે, કેડે હાથ દઇ ચાલે, છાતી ઢાંકી રાખે, બોલતાં બોલતાં વારંવાર ભ્રકુટી ઉંચી કરે, સ્ત્રીની પેઠે કેશના સેંથાપાડે, અંબોડો બાંધે, સ્ત્રીની માફક વસ્ત્ર પહેરે, આભૂષણો બહુ ગમે, ગુપ્ત સ્નાન કરે, પુરૂષ સભામાં બેસતાં ભય શંકા ઉપજે, સ્ત્રી સભામાં નિઃશંક બેસે, ૧ સ્વર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વિલક્ષણ હોય ૨, પુરૂષ ચિન્હ મોટું હોય ૩, વાણી કોમળ હોય ૪, મૂત્ર કરતાં અવાજ વધારે થાય ૫, અને ફીણ ન થાય એ ૬ લક્ષણો **पंडक** નપુંસકનાં જાણવાં.

૨- **वातिक**—પુરૂષચિહ્ન સ્તબ્ધ થતાં સ્ત્રી સંગમ કર્યા વિના ન રહી શકે તેવો તીવ્ર કામી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણ પ્રકારનાં છે; ત્હેમાં પુરૂષ ઉપર અભિલાષ તે **वेदस्त्री**, યોનિ સ્તનાદિયુક્ત દેહાકૃતિ તે **आकारस्त्री** અને પુરૂષ હોઈ સ્ત્રીનો વેશ પહેર્યો હોય અથવા સ્ત્રીએ સ્ત્રી વેષ પહેર્યો હોય તે વેષની અપેક્ષાએ **नेपथ्य स्त्री** કહેવાય. એ પ્રમાણે સ્ત્રી ઉપર અભિલાષ તે

---

૩ **क्लीब**—સ્ત્રીને નગ્ન દેખી ક્ષોભ પામે તે દ્રષ્ટિ કલીબ ૧, સ્ત્રીનો શબ્દ સાંભળી ક્ષોભ પામે તે શબ્દકલીબ ૨, સ્ત્રીના આલિંગનથી ક્ષોભ પામે તે આલિંગનકલીબ ૩, અને સ્ત્રીના નિમંત્રણથી ક્ષોભ પામે તે નિમંત્રણકલીબ, એમ ૪ પ્રકારના કલીબ નપુંસક છે.

૪ **कुंभी**—પુરૂષચિહ્ન સ્તબ્ધ રહ્યા કરે, અને વૃષણ પણ સ્તબ્ધ રહે તે કુંભી નપુંસક જાણવો અથવા કુંભ સરખા મોટા સ્તન હોય એવો પણ અર્થ છે.

૫ **इर्ष्यालु**—બીજા પુરૂષે સેવન કરેલી સ્ત્રીને જોઈ અદેખાઇ ઉપજે એવો સ્ત્રી સંગ કરવાને અશક્ત પુરૂષ હોય તે ઈર્ષ્યાળુ નપુંસક જાણવો.

૬ **शकुनि**—ચકલાદિ પક્ષીઓની માફક એક દિવસમાં અનેકવાર સ્ત્રીસંગમ કરે તે શકુનિ નપુંસક જાણવો.

૭ **तत्कर्मसेवी**—વિષય સેવીને જીહ્વાવડે ચાટવાદિ નિંદ્ય કાર્ય કરી સુખ માને તે તત્કર્મસેવી નપુંસક જાણવો.

૮ **पाक्षिकापाक्षिक**—શુકલપક્ષમાં અધિકકામી ને કૃષ્ણપક્ષમાં અલ્પકામી હોય તે પાક્ષિકાપાક્ષિક જાણવો.

૯ **सौगंधिक**—પોતાના લિંગને સુગંધિદાર જાણીને સુંઘ્યા કરે તે.

૧૦ **आसक्त**—સ્ત્રીસંગમ સમયે શુક્રપાત થયા બાદ પણ સ્ત્રીને આલિંગન કરી પડી રહે તે આસક્ત નપુંસક જાણવો.

૧૧ **वर्द्धितक**—ઇન્દ્રિય છેદ કરેલો પુરૂષ.

૧૨ **चिप्पित**—જન્મતાંજ આંગળીઓના મર્દનથી જેના વૃષણ ચોળી નાખ્યા હોય તે.

૧૩ **मंत्रोपहत**—મંત્રથી પુરૂષવેદ નાશ પામ્યો હોય તેવો પુરૂષ.

૧૪ **औषधिहत**—જડીબુટ્ટીના પ્રભાવે વેદ નાશ પામ્યો હોય તે.

૧૫ **ऋषिशप्त**—મુનિના શાપથી પુરૂષવેદ નાશ પામ્યો હોય તે.

૧૬ **देवशप्त**—દેવના શાપથી પુરૂષવેદ નાશ પામ્યો હોય તે.

આ નપુંસક સંબંધિ સવિસ્તર વિગત નિશીથ સૂત્રમાં છે. માટે જીજ્ઞાસુએ ગુરૂમુખથી જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वेदपुरुष, પુરૂષચિહ્ન, દાઢી, મૂછ ઈત્યાદિ યુક્ત દેહાકાર તે **आकार पुरुष**, અને પુરૂષવેષ પ્હેરનાર સ્ત્રી વિગેરે **नेपथ्य पुरुष**, સ્ત્રી પુરૂષ બન્ને ઉપર અભિલાષયુક્ત જીવ **वेदनपुंसक**, દાઢી મૂછ વિગેરે પુરૂષ લક્ષણના અભાવવાળો પુરૂષ, અથવા સ્ત્રી યોગ્ય લક્ષણના અભાવવાળી સ્ત્રી તથા નપુંસકનાં લક્ષણયુક્ત નપુંસક એ ત્રણે **आकारनपुंसक**, અને નપુંસકવેષ ધારણ કરનાર પુરૂષાદિ **नेपथ्य नपुंसक** કહેવાય, કારણ કે નપુંસક સ્ત્રી, પુરૂષ અને નપુંસક[1] એમ ત્રણે પ્રકારના હોય છે.

(૬) કષાય ૪–૧૬–૨૫:—**कष** એટલે **संसार** તેનો **आय** એટલે **लाभ** જેનાથી પ્રાપ્ત થાય તે **कषाय**, અને તે ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારનો છે; તેમાં ઈર્ષ્યા–દ્વેષ–ખેદ–ગુસ્સો ઇત્યાદિ ક્રોધ કહેવાય, અહંપણું–ગર્વ તે માન કહેવાય, છળ પ્રપંચ તે માયા અને અધિકાધિક લાભની ઈચ્છારૂપ તૃષ્ણા તે લોભ કહેવાય. સર્વ જીવોને કર્મ બાંધવામાં ને સંસારપરિભ્રમણ કરવામાં એ કષાયોજ બીજભૂત છે. પુનઃ એ ક્રોધાદિ દરેક કષાયો અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર પ્રકારના છે. ત્હેમાં અનંતસંસારનો અનુબંધ–સંબંધ કરાવનાર ક્રોધાદિક તે **अनंतानुबंधि** કષાય કહેવાય, તેઓ જીવના શ્રદ્ધાન ગુણને રોકે છે, એની સ્થિતિ જઘન્યપણે અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ યાવજ્જીવ સુધી, તેમજ પરભવમાં પણ એ કષાય સાથે આવે છે. એ કષાયના ઉદયવાળો જીવ અવશ્ય નરકગતિમાં જાય છે.

---

૧ શ્રી વિશેષાવશ્યકમાં સ્ત્રી, પુરૂષ અને નપુંસકને દરેક અન્તર્મુહૂર્ત ને અંતરે ત્રણે ભાવવેદની પરાવૃત્તિ થયા કરે છે, અર્થાત્ પુરૂષને પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણે વેદ દર અન્તર્મુહૂર્તે અનુક્રમે પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. પુનઃ પ્રશ્નોત્તર ગ્રંથમાં શ્રી મહાનિશિથની સાક્ષીપૂર્વક એક પુરૂષને એકજ ભવમાં ત્રણે દ્રવ્ય અને ભાવવેદ પ્રાપ્ત થાય એમ કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપ્રત્યાખ્યાન એટલે વ્રતનો સર્વથા અટકાવ કરનાર જે કષાય તે **अप्रत्याख्यानी** કષાય, આ કષાય જે જીવને ઉદયમાં હોય ને જીવને આદરવા યોગ્ય વસ્તુનો આદરભાવ અને ત્યાજ્ય વસ્તુનો ત્યાગભાવ જાણવા છતાં પણ હોઇ શકતો નથી, કારણકે સમ્યગ્દૃષ્ટિ જીવ આ વસ્તુ આદરવા યોગ્ય છે અને આ વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે એમ જાણે છે છતાં જ્યાંસુધી આ અપ્રત્યાખ્યાની કષાયરૂપ રાગદ્વેષનું અસ્તિત્વ છે, ત્યાંસુધી તે વસ્તુનો આદર અથવા ત્યાગ કરી શકતો નથી. એવા ઘણા જીવ જોવામાં આવે છે કે જે વિવેકની વાત કરે પણ પોતે તે વિવેકમાં હોય નહિ, એવો આ કષાયનો પ્રભાવ છે. આ કષાય વ્યવહારથી એક વર્ષની સ્થિતિવાળો અને નિશ્ચયથી અનિયમિત સ્થિતિવાળો છે. આ કષાયના ઉદયવાળો જીવ તિર્યંચગતિમાં જાય છે.

જે કષાયના ઉદયથી ત્યાગ કરવા યોગ્ય સર્વ વસ્તુઓનો સર્વથા ત્યાગ ન કરી શકાય પરંતુ કેટલીક ત્યાજ્ય વસ્તુઓનો કેટલેક અંશે ત્યાગ કરી શકાય તે કષાય **प्रत्याख्यानी** કહેવાય. આ કષાયના ઉદયથી દેશવિરતિ ગુણ પ્રગટ થાય પણ સર્વ વિરતિ ગુણ પ્રગટ થતો નથી, એની સ્થિતિ વ્યવહારથી ચાર માસ કહી છે, અને એના ઉદયથી જીવ મનુષ્ય ગતિમાં જાય છે.

જે કષાયનો ઉદય સહજવારમાં ટળી જાય, અને જે મોટા વૈરાગ્યવંત મુનિમહાત્માઓને પણ હીનાધિક પ્રમાણમાં હોઇ શકે તે **संज्वलन** કષાય કહેવાય અને તે યથાખ્યાત (સર્વાંશે કષાયોદયાભાવરૂપ) ચારિત્રને રોકે છે, એની સ્થિતિ વ્યવહારથી ૧૫ દિવસની કહી છે, અને એ કષાયના ઉદયવાળો જીવ દેવગતિમાં જાય છે. એ પ્રમાણે ૪ કષાયના ૧૬ ભેદ છે. પુનઃ એ પ્રત્યેકના ચાર ચાર ભેદ હોવાથી કષાયના ૬૪ ભેદ પણ થાય છે, જેમ અનંતાનુબંધિ, અનંતાનુબંધિક્રોધ, અપ્રત્યાખ્યાની અનંતાનુબંધિ ક્રોધ, પ્રત્યાખ્યાની અનંતાનુબંધિ ક્રોધ, સંજ્વલન અનંતાનુબંધિ ક્રોધ એ પ્રમાણે જેમ ૪ પ્રકારનો અનંતાનુબંધિ ક્રોધ છે, તેમ ચાર પ્રકારનો અપ્રત્યાખ્યાની ક્રોધ, ચાર પ્રકારનો પ્રત્યાખ્યાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રોધ, અને ચાર પ્રકારનો સંજ્વલન ક્રોધ સર્વ મળી ૧૬ પ્રકારનો ક્રોધ થાય, તેમ ૧૬ પ્રકારનું માન, ૧૬ પ્રકારની માયા ને ૧૬ પ્રકારનો લોભ એ પ્રમાણે ૬૪ પ્રકાર કષાયના છે. એ ૬૪ પ્રકારની સાર્થકતા ગ્રંથાન્તરથી જાણવી. પુનઃ શ્રી ઠાણાંગ સૂત્રમાં સ્વપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત, સ્વપરપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત એમ ચાર પ્રકારના કષાય કહ્યા છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે—

પોતાની ભૂલ થવાથી પોતે પોતાના ઉપર ક્રોધ કરે તે **स्वप्रतिष्ठित** કહેવાય, પત્થર વિગેરેની ઠોકર વાગતાં ક્રોધ કરે તે **परप्रतिष्ठित**, પોતાની અને સામા માણસની ભૂલ થવાથી કોઈ કાર્ય બગડયું હોય ને ક્રોધ થાય તો **स्वपरप्रतिष्ठित**, અને કંઇપણ કારણવિના મોહનીય કર્મના ઉદય માત્રથી ક્રોધ થાય તે **अप्रतिष्ठित** કષાય કહેવાય. અહિં આગળના સંવેધ પ્રસંગે મૂળ ચાર કષાયો દરેક દ્વારમાં કહેવાશે, પણ અનન્તાનુબન્ધ્યાદિકના ઉત્તરભેદો મુખ્યત્વે નહિ કહેવામાં આવે. આ પ્રમાણે કષાયોનું સંક્ષિપ્ત સ્વરૂપ કહ્યું.

પુનઃ કષાયના કારણભૂત અથવા કષાયના સહચારી એવા રતિ, અરતિ, હર્ષ–હાસ્ય, શોક, ભય, જુગુપ્સા અને ૩ વેદ એ ૯ **नोकषाय** છે, કારણ કે રતિ વિગેરેથી કષાયોની ઉત્પત્તિ થાય છે, અથવા જ્યાં સુધી કષાયો હોય ત્યાં સુધીજ રતિ વિગેરે નોકષાયો હોય છે પરંતુ રતિ વિગેરે ૯ હોય ત્યાં સુધી કષાયો હોય એ નિયમ નથી, માટે કારણ અને સહચારી અર્થવાળા **नो** શબ્દના સંયોગથી એ નવે નોકષાય કહેવાય છે. તેમાં સુખના સાધનોથી સુખ માનવું તે **रति**, દુઃખના સાધનોથી દુઃખ માનવું તે **अरति**, સુખ માનવાથી હરખાઇ જવું તે **हर्ष** (અથવા **हास्य**), દુઃખ માનીને દીલગીરી રાખવી તે **शोक**, ચમકી ઉઠવું યા ત્રાસ પામવો તે **भय**, અનિષ્ટ પદાર્થપર તિરસ્કાર છુટવો તે **जुगुप्सा** અને ત્રણે **वेद**નો અર્થ પ્રથમ જણાવ્યો છે તે પ્રમાણે જાણવો. એ નવ નોકષાય કંઈક બાહ્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે, અને કોઈક વખત બાહ્યનિમિત્ત વિના માત્ર મોહનીય કર્મના ઉદયથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ઉત્પન્ન થાય છે. આ નવ નોકષાય પ્રથમના સોળ કષાયમાં મેળવતાં પચ્ચીશ કષાય ગણાય છે, એ પચ્ચીશ કષાયની ગણત્રીનો ઉપયોગ ચાલુ પ્રકરણદ્વારના સંવેધ પ્રસંગે કથન કરવામાં આવશે.

(૭-૮) **જ્ઞાન આઠ**-જેનાવડે વસ્તુનું સ્વરૂપ જણાય તે **જ્ઞાન.** તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ આઠ પ્રકારનું છે. એ આઠમાં પાંચ યથાર્થ જ્ઞાન હોવાથી જ્ઞાન કહેવાય છે, અને છેલ્લાં ત્રણ અયથાર્થ જ્ઞાન હોવાથી અજ્ઞાન કહેવાય છે, પણ અહિં અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ એવો અર્થ નથી. એ આઠે જ્ઞાનનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે.

મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી થતો યથાર્થ અવબોધ તે **मतिज्ञान.**

મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી થતો શ્રુતાનુસારિ યથાર્થ અર્થાવબોધ તે **श्रुतज्ञान.**

મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્મસાક્ષાત્ થતો રૂપી પદાર્થનો યથાર્થ બોધ તે **अवधिज्ञान.**

મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્મસાક્ષાત્ થતો મનપણે પરિણમેલા પુદ્ગલ માત્રનો બોધ તે **मनःपर्यवज्ञान;** આ જ્ઞાન યથાર્થજ હોય છે માટે "યથાર્થ" વિશેષણ આપ્યું નથી.

મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્મસાક્ષાત્ સર્વ પદાર્થોનો સર્વાંશે સંપૂર્ણ બોધ તે **केवळज्ञान.**

મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી થતો અયથાર્થ અવબોધ તે **मतिअज्ञान.**

મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી શ્રુતનો થતો અયથાર્થ અર્થાવબોધ તે **श्रुतअज्ञान.**

મન અને ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્મસાક્ષાત્ રૂપી પદાર્થનો અયથાર્થ અવબોધ તે **विभंगज्ञान.** (વસ્તુતઃ અવધિઅજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન કહેતાં સર્વ શાસ્ત્રકર્તાઓએ આ અજ્ઞાનનું નામ વિભંગજ્ઞાન કહેલ છે, માટે તેમજ કહેવું યુક્ત છે.)

પ્રશ્ન:—મતિ આદિ જ્ઞાનવાળો પુરૂષ પણ ઘટને ઘટ દેખે છે, કહે છે, અને જાણે છે; પટને પટ કહે છે, દેખે છે, અને જાણે છે, તેવીજ રીતે મતિઆદિ અજ્ઞાનવાળો પણ ઘટને ઘટ જાણે છે, દેખે છે, અને કહે છે? તથા પટને પટ જાણે છે, દેખે છે, અને કહે છે, તો મતિજ્ઞાની અને મતિઅજ્ઞાનીમાં તફાવત શો? અથવા મતિઅજ્ઞાની શું ઘટને પટ કહે છે, અથવા પટને ઘટ કહે છે? કે જેથી એકને જ્ઞાની અને બીજાને અજ્ઞાની કહો છો?

ઉત્તર:—મતિજ્ઞાની જેમ ઘટને ઘટ દેખે છે, તેમ મતિ અજ્ઞાની પણ ઘટને ઘટ દેખે છે, પરન્તુ એના દેખવામાં તફાવત એ છે કે મતિજ્ઞાની ઘટમાં રહેલા ઘટનું અસ્તિપણું અને પટનું નાસ્તિપણું એ બન્ને ભાવને અસ્તિપણે જાણે છે, અને મતિઅજ્ઞાની ઘટમાં રહેલા કેટલાક ઘટત્વાદિ અસ્તિપર્યાયોનુંજ અસ્તિત્વ માત્ર જાણે છે, પણ પટાદિ નાસ્તિપયાયોનું અસ્તિત્વ સ્વીકારતો નથી, માટે એક મતિજ્ઞાની અને બીજો મતિઅજ્ઞાની કહેવાય છે. અથવા ઘટાદિ જે પદાર્થોમાં જેટલા (અનંત) ધર્મ રહ્યા છે તેટલા સર્વ ધર્મના સ્વીકારપૂર્વક ઘટાદિ પદાર્થોને ઘટાદિ કહે, જાણે અને દેખે તે જ્ઞાની, અને તેમાંથી કેટલાક ધર્મ સ્વીકારે ને કેટલાક ધર્મ ન સ્વીકારે તે અજ્ઞાની. અથવા મિથ્યાદ્રષ્ટિનું જે જ્ઞાન તે અજ્ઞાન, કારણકે મિથ્યાદ્રષ્ટિના જ્ઞાનનું મોક્ષફળ હોય નહિ માટે, અને સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય કારણ કે તે જ્ઞાન મોક્ષફળને આપનાર છે.

એ આઠ જ્ઞાનમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ ચાર જ્ઞાન પરોક્ષ છે, અને અવધિ વિગેરે આત્મ-સાક્ષાત્ હોવાથી નિશ્ચય પ્રત્યક્ષ છે, અને મતિજ્ઞાનાદિ જે પરોક્ષ છે તેમાં પણ ઇન્દ્રિયોને સાક્ષાત્ પદાર્થોનો અનુભવ તે લોકમાં પ્રત્યક્ષ મનાય છે, માટે વ્યવહાર પ્રત્યક્ષ છે પણ વાસ્તવિક રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચક્ષુગોચરાદિ ઇન્દ્રિયસાક્ષાત્ પદાર્થોનો અનુભવ પણ પરોક્ષ ગણાય એ જૈનદર્શનની ઉત્તમ નીતિ છે. કારણ કે જૈનદર્શનમાં આપ્તપુરૂષો આત્મસાક્ષાત્ અનુભવને પ્રત્યક્ષજ્ઞાન કહે છે, અને ઇન્દ્રિયાદિ અન્ય પદાર્થની સહાયથી થતા આત્માના જ્ઞાનને પરોક્ષ-જ્ઞાન કહે છે, તે યુક્તજ છે.

એ આઠ જ્ઞાનોના દ્રવ્ય-ક્ષેત્રાદિ વિષયો ગ્રંથાન્તરથી જાણવા.

(૯) સંયમ સાત—सं એટલે સમ્યક્પ્રકારે, **यम** એટલે નિયમ કરવો, અર્થાત્ અમુક પ્રકારના સમ્યક્ નિયમોથી આત્માને અંકુશમાં આણવો તે **संयम** અથવા **चारित्र** કહેવાય. તે ચારિત્ર સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ એ નામથી સાત પ્રકારનું છે, તેનો સંક્ષિપ્ત ભાવાર્થ નીચે પ્રમાણે છે.

१ सामायिक चारित्र—સર્વથા સંસારનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરવી તે સામાયિક ચારિત્ર. અહિં **सम** એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણનો **आय** એટલે લાભ જેમાં હોય તે **सामायिक**[1] કહેવાય, એ સામાયિક ચારિત્ર પ્હેલા અને છેલ્લા તીર્થંકર વખતે ભરત અને ઐરવત ક્ષેત્રમાં **इत्वरिक** એટલે થોડા કાળનું હોય છે, તે લઘુદીક્ષા કહેવાયછે. અને મધ્યના બાવિશ તીર્થંકર વખતે ભરત, ઐરવત અને મહાવિદેહમાં **यावत्कथित** એટલે જીવનપર્યંત હોય છે, કારણકે તે વખતમાં વડી દીક્ષા હોતી નથી.

२ छेदोपस्थापनीय चारित्र—**छेद** એટલે પૂર્વ પર્યાયનો છેદ કરી પુન: **उपस्थापन** એટલે નવા દીક્ષા પર્યાયનું આરોપણ કરવું તે **छेदोपस्थापनीय चारित्र** કહેવાય, એને રૂઢ શબ્દમાં "વડી દીક્ષા" કહે છે. અને વાસ્તવિક રીતે વિચારીએ તો છેદોપસ્થા-પનીય ચારિત્ર પુનર્દીક્ષાના રૂપમાં ઉતરે છે. એ પુનર્દીક્ષા ત્રણ

---

૧. ગૃહસ્થો જે બે ઘડી માત્રનું સામાયિક ઉચ્ચરે છે તે સામાયિક સામાયિક ચારિત્ર ન કહેવાય, પણ દેશવિરતિ ચારિત્ર કહેવાય, માટે તે સામાયિકનો સંબંધ અત્ર જાણવો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વખત અપાય છે, તેમાં પ્રથમતો કોઈ મુનિને ચારિત્રના મૂળ ગુણુમાં એટલે પંચ મહાવ્રત પૈકી કોઈપણુ એક યા અનેક મહાવ્રતનો ઘાત થતાં પ્રથમ જેટલી મુદ્દત સુધી દીક્ષા પાળી હોય તે સર્વે નકામું ગયું એમ ગણી પુનઃ દીક્ષા આપવી તે, અથવા અમુક મુદત જેટલીજ દીક્ષા નકામી ગઇ એમ ગણી પુનઃ દીક્ષારોપ કરવો તે, બન્ને પ્રકાર પ્રથમ **सातिचार** છેદોપસ્થાપનીય ચારિત્ર ગણાય. તથા પ્રથમ લઘુદીક્ષા અંગીકાર કરી યોગ વહનાદિ કર્યા બાદ પુનઃ વડીદીક્ષા આપવી તે બીજું **निरतिचार** છેદોપસ્થાપનીય ચારિત્ર ગણાય, અને ત્રેવિશમા તીર્થંકરના શાસનમાં વર્તતા ચાર મહાવ્રતધારી મુનિ મહાત્માઓ ચોવિશમા તીર્થંકરના શાસનનો પ્રારંભ થતાં તે શાસનમાં પાંચ મહાવ્રત અંગીકાર કરે છે, તે પાંચ મહાવ્રત દીક્ષાપર્યાયનો પ્રારંભ થયો અને પ્રથમનો દીક્ષાપર્યાય ગણત્રીમાં ન આવ્યો, એ પ્રકારે જે પુનર્દીક્ષારોપ કરવો તે ત્રીજું **तीर्थान्तरसंक्रान्ति** છેદોપસ્થાપનીય ચારિત્ર ગણાય. આ છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત અને ઐરવતક્ષેત્રમાં પ્હેલા ને છેલ્લા તીર્થંકર વખતેજ હોય.

૩ **परिहारविशुद्धि चारित्र**—અમુક પ્રકારનું તપ તે **परिहार** કહેવાય, અને તે તપવડે **विशुद्ध** એવું જે ચારિત્ર તે **परिहारविशुद्धि** ચારિત્ર કહેવાય. એ પરિહારતપનો વિધિ નીચે પ્રમાણે–

જે મુનિઓ ઓછામાં ઓછા ઓગણત્રિશ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા હોય અને વિશ વર્ષ દીક્ષા લીધે થયાં હોય તેવા પ્રથમ વજ્રર્ષભનારાચ સંહનનવાળા નવ મુનિરાજ ગુરૂઆજ્ઞાએ સમુદાયથી ભિન્ન પડી તપ કરવા નિકળે, તેમાં એક મુનિરાજ ગુરૂ તરીકે થાય, ચાર મુનિરાજ તપ કરનાર હોય, અને ચાર મુનિરાજ તપસ્વીઓની સારસંભાળ કરનાર હોય. તે તપ કરનાર ચાર મુનિ ઉન્હાળાની ઋતુમાં એકથી ત્રણ ઉપવાસ કરે, શિયાળે બે, ત્રણ અથવા ચાર ઉપવાસ કરે, અને ચોમાસામાં ત્રણ, ચાર કે પાંચ ઉપવાસ કરે. આ તપશ્ચર્યા કરનાર મુનિઓ **निर्विशमान** ચારિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રીયા ગણાય. પારણે અભિગ્રહપૂર્વક આંબિલ કરે, અને વૈયાવચ્ચ કરનાર ચાર મુનિ દરરોજ આંબિલ કરે, એ પ્રમાણે છ માસ સુધી તપ ચાલે. ત્યારબાદ વૈયાવચ્ચ કરનાર **निर्विष्टकायिक** ચાર મુનિઓ પૂર્વવત્ તપસ્યા કરે અને તપશ્ચર્યા કરી લીધેલ ચાર મુનિઓ વૈયાવચ્ચ કરવાવાળા થાય, એ તપ પણ છ માસ સુધી ચાલે, ત્યારબાદ એજ અનુક્રમે વાચનાચાર્ય છ માસ સુધી તપશ્ચર્યા કરે અને સાત મુનિમહાત્માઓ વૈયાવચ્ચ કરે, અને આઠમાંથી એક ગુરૂપણે સ્થપાય, એ રીતે અઢાર માસમાં એ તપ પૂર્ણ થાય. તત્પશ્ચાત્ પુનઃ પરિહારતપ આદરે, અથવા જીનકલ્પ અંગીકાર કરે, અથવા તો પુનઃ ગચ્છમાં પ્રવેશ કરે. એ મુનિઓ શ્રી તીર્થંકરના શિષ્ય હોય અથવા શિષ્યના શિષ્ય હોય પણ ત્યારપછીના ન હોય, આ ચારિત્ર પણ ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્હેલા અને છેલ્લા જીનેશ્વરના શાસનમાં હોય, પણ અન્યના શાસનમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં ન હોય.

૪ **सूक्ष्मसंपराय चारित्र**—સૂક્ષ્મ એટલે કિટ્ટિરૂપ[૧] કરેલ, સંપરાય એટલે કષાયનો ઉદય જે ચારિત્રમાં હોય તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહેવાય; અહિં સંપરાયનો અર્થ કષાય છે તોપણ ક્રોધાદિ કષાય નહિ ગ્રહણ કરતાં માત્ર સૂક્ષ્મ લોભનોજ ઉદય જાણવો. આ ચારિત્ર દશમા ગુણસ્થાન રૂપ છે માટે ચારિત્ર મોહનીય સંબંધિ શ્રેણિયે ચઢતાં **विशुद्ध** સૂક્ષ્મસંપરાય હોય અને અગિયારમા ગુણસ્થાનથી પડતાં દશમે ગુણસ્થાને આવે તેને **संक्लिष्ट** સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોય. પુનઃ વિશુદ્ધ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર પણ બે પ્રકારનું છે, ત્યાં ઉપશમશ્રેણિએ ચઢતાં **उपशमक सूक्ष्मसंपराय चारित्र**, અને ક્ષપકશ્રેણિવંતનું જે સૂક્ષ્મ

---

૧. લોભની તીવ્રમંદતાના જે અંશો પ્રથમ અનુક્રમે એકેક અધિક રૂપ સ્પર્ધકને અનુસારે હતા તે એકાધિક અનુક્રમ તોડી વિષમ અનુક્રમ રૂપે કરવો તે કિટ્ટિરૂપ કહેવાય અને તેવા વિષમ ક્રમવાળા લોભાંશોનો અનુભવ કરવો તે દશમા ગુણસ્થાન રૂપ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપરાય ચારિત્ર તે **क्षपक सूक्ष्म संपराय** ચારિત્ર ગણાય. અને સંકિલષ્ટ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર તો માત્ર ઉપશમશ્રેણિવંતનેજ હોય તેથી તેના ભેદ પડે નહિ.

૯ **यथाख्यात चारित्र**— **यथा** એટલે સિદ્ધાન્તમાં જેવી રીતે **ख्यात** એટલે કહેલું છે તેવી રીતનું કષાયના અભાવરૂપ ચારિત્ર તે **यथाख्यात चारित्र** કહેવાય. આ ચારિત્રમાં કષાયનો ઉદય સર્વથા ન હોય અને સત્તામાં હોય વા ન હોય, કારણકે આ ચારિત્ર ઉપશાન્તમોહ, ક્ષીણમોહ, સયોગિકેવલિ અને અયોગિકેવલિ એ ચારેને હોય છે, ત્હેમાં ઉપશાન્તમોહરૂપ અગિયારમા ગુણસ્થાનવાળાને સર્વ કષાયોની સત્તા છે પણ ઉદય નથી, અને ક્ષીણમોહાદિ ત્રણ ગુણસ્થાનવંત જીવોને કષાયની સત્તા અને ઉદય બન્ને નથી. માટે એ ચારિત્રના **उपशम यथाख्यात** અને **क्षायिक यथाख्यात** એવા બે ભેદ છે, તેમાં ઉપશમ યથાખ્યાત ચારિત્રી પુનઃ ક્ષપકશ્રેણિ કરી મોક્ષે પણ જાય અને તેમ ન કરે તો એ ચારિત્રથી પતિત થઇ મિથ્યાત્વે આવી વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત જેટલા અનંત સંસાર સુધી નરક નિગોદમાં પણ રખડે; માટે કષાયો અતિ કષ્ટદાયક અને દુર્જય જાણવા. પણ ક્ષાયિક યથાખ્યાત ચારિત્રી તો તેજ ભવમાં મોક્ષ પામે છે.

૬ **देशविरति चारित्र**—દેશથી એટલે લેશમાત્ર, વિરતિ એટલે ત્યાગવાળું ચારિત્ર તે દેશવિરતિ ચારિત્ર. આ ચારિત્ર મુનિમહારાજના ચારિત્રની અપેક્ષાએ દયાના સંબંધમાં સોળમા ભાગ જેટલું છે, કારણકે મુનિમહારાજને વિશ વસાની દયા છે, ત્યારે ગૃહસ્થોને માત્ર સવા વસાની દયા હોય છે, અને આ ચારિત્ર ગૃહસ્થોનેજ હોય છે. તે સવા વસાની દયા નીચે પ્રમાણે છે.

મુનિમહારાજને સ્થાવર અને ત્રસ એ બન્ને જીવની દયા હોય તે સંપૂર્ણ દયાને વિશ વસા જેટલી ગણીએ, અને ગૃહસ્થને માત્ર ત્રસ જીવનીજ દયા હોય, પણ સ્થાવર જીવની જયણા એટલે બની શકે ત્યાં સુધી પાળવી એવી અનિયમિત દયા હોય છે, માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાવરની દયા સંબંધિ દશ વસા બાદ જતાં માત્ર ત્રસની દયાના દશ વસા કાયમ રહ્યા. પુનઃ ત્રસજીવની દયા સંકલ્પ[1] હિંસા-ત્યાગથી અને પ્રારંભ[2] હિંસાત્યાગથી એમ બે પ્રકારે છે તેમાં ગૃહસ્થો સંકલ્પ હિંસાત્યાગથી ત્રસજીવોની દયા રાખી શકે પણ પ્રારંભ હિંસાના ત્યાગથી ત્રસજીવોની દયા પાળી શકે નહિ, માટે પૂર્વે બાકી રહેલી દશ વસા દયામાંથી પ્રારંભત્રસહિંસાના પાંચ વસા જતાં બાકી સંકલ્પ હિંસાના ત્યાગરૂપ ૫ વસાની ત્રસદયા રહી. પુનઃ સંકલ્પ પણ સાપરાધિ અને નિરપરાધિ એમ બે પ્રકારનો છે, તેમાં સાપરાધિ ત્રસજીવની સંકલ્પ હિંસાનો ત્યાગ ગૃહસ્થ પાળી શકે નહિ,[3] અને નિરપરાધિ ત્રસજીવની સંકલ્પહિંસાનો ત્યાગ કરી શકે માટે સંકલ્પના પાંચ વસામાંથી સાપરાધિના અઢી વસા જતાં નિરપરાધી ત્રસની દયાના અઢી વસા રહ્યા. પુનઃ નિરપરાધિ ત્રસની દયાના સાપેક્ષ[4] અને નિરપેક્ષ[5] એ બે ભેદમાંથી સાપેક્ષ નિરપરાધી ત્રસની દયા ગૃહસ્થોથી બની શકે નહિ, માટે તે સંબંધિ સવા વસો જતાં **"નિરપેક્ષ નિરપરાધિ ત્રસજીવને સંકલ્પથી હણવો નહિ"** એ

---

૧ "અમુક જીવને હું મારી નાખું" એવી બુદ્ધિપૂર્વક ત્રસજીવની હિંસા કરવી તે સંકલ્પ હિંસા, તેનો ત્યાગ ગૃહસ્થ કરી શકે.

૨ "મકાન વિગેરે બાંધતાં ત્રસજીવો અવશ્ય હણાય છે પણ તેમાં ઉદ્દેશ ત્રસજીવોને હણવાનો નથી તો તે ત્રસની હિંસા પ્રારંભ હિંસા કહેવાય, એ હિંસાનો ત્યાગ ગૃહસ્થથી નથી થઇ શકતો.

૩ કારણકે અપરાધી અને દુષ્ટજનોને યોગ્ય શિક્ષા કરવી એ ગૃહસ્થધર્મનો વ્યવહાર છે, અને અપરાધીના ઉપર પણ મુનિવત્ દયા રાખે તો ગૃહસ્થનો વ્યવહાર નભે નહિ માટે.

૪ જીવો નિરપરાધી હોય છતાં પણ ગૃહસ્થવ્યવહારના નિભાવને અંગે તેમને બંધનાદિ કરવાં પડે, જેમ—વનમાં ફરતાં હસ્તિ, અશ્વ, ઉંટ વિગેરે પશુઓએ અપરાધ નથી કર્યો છતાં આરોહણાદિ ઉપયોગ માટે ઘેર લાવી બંધનાદિ કરવાં તે સાપેક્ષ નિરપરાધી ત્રસની હિંસા.

૫ વિના પ્રયોજને નિરપરાધી ત્રસજીવોનાં વધ–બંધનાદિ કરવાં તે નિરપેક્ષ નિરપરાધી ત્રસહિંસાનો ત્યાગ ગૃહસ્થથી બની શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિયમથી સવા વસા જેટલીજ દયા બાકી રહી. આ નિયમ તે ગૃહસ્થધર્મનું પ્હેલું અણુવ્રત[1] છે, અને સ્થૂલમૃષાવાદવિરમણ,[2] સ્થૂલ અદત્તાદાનવિરમણ, સ્વદારાસંતોષ, સ્થૂલપરિગ્રહવિરમણ એ પાંચ અણુવ્રત, તથા દિગ્પ્રમાણ, ભોગોપભોગવિરમણ અને અનર્થદંડવિરમણ એ ત્રણ ગુણવ્રત, તથા સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત મળી ગૃહસ્થધર્મનાં બાર વ્રત છે. એ બાર વ્રતના કોટિગમે ભેદાનુભેદ છે, તેમાંનો એક ભેદ પણ જો સમ્યક્ત્વયુક્ત હોય તો તે ગૃહસ્થ દેશવિરતિ ચારિત્રવાળો કહેવાય છે. પુનઃ ત્યાજ્ય વસ્તુઓનો ત્યાગ ગૃહસ્થને મન, વચન અને કાયાથી કરવો અને કરાવવો એમ છ ભાંગે હોય છે, પણ મન, વચન અને કાયાની અનુમતિનો ત્યાગ ગૃહસ્થને પ્રાયઃ હોઈ શકે નહિ. અને જે એ ત્રણે અનુમતિનો પણ ત્યાગ કરે તે મુનિ જ કહેવાય. એ પ્રમાણે દેશવિરતિ ચારિત્ર જાણવું.

૭ **अविरति**—આદરવાયોગ્ય વસ્તુનો આદર અને ત્યાજ્ય વસ્તુનો ત્યાગ દેવ, ગુરૂ કે આત્મસાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક ન હોય તે અવિરતિ કહેવાય. અહિં અવ્રત એ ચારિત્ર નહિ છતાં ચારિત્ર માર્ગણામાં ગણવાનું કારણ એ છે કે માર્ગણામાં સર્વ જીવભેદનો સંગ્રહ કરવાનો હોવાથી અવિરતિ માર્ગણા ગ્રહણ ન કરે તો ચારિત્રમાર્ગણામાં સર્વ જીવોનો સમવતાર થાય નહિ, માટે અવિરતિપણાને ચારિત્રમાર્ગણામાં ગણેલ છે. અથવા ચારિત્ર એટલે આચાર—વ્યવહાર તે જેનો કુત્સિત હોય એટલે આદરવાયોગ્ય વસ્તુનો ત્યાગ કરે, અને ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો આદર કરે તે વ્રત નહિ પણ અવ્રત કહેવાય અને એવા અવ્રતરૂપ આચારવાળા જીવો તે અવિરતિચારિત્રીયા કહેવાય. એ અપેક્ષાએ અવિરતિપણાને ચારિત્ર શબ્દનો સંયોગ કરતાં અવિરતિચારિત્ર શબ્દની પ્રરૂપણા અયોગ્ય ન કહેવાય અર્થાત્ યોગ્યજ કહેવાય.

---

૧. મુનિમહારાજના મહાવ્રતની અપેક્ષાએ અતિસૂક્ષ્મવ્રત માટે અણુવ્રત.
૨. વિરમણ એટલે ત્યાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦) દર્શન ૪—દર્શન એટલે સામાન્ય ઉપયોગ, અર્થાત દરેક પદાર્થમાં સામાન્યધર્મ અને વિશેષધર્મ એ બન્ને ધર્મ રહ્યા છે, તેમાં આત્મા જ્યારે સામાન્યધર્મના ઉપયોગવાળો હોય ત્યારે દર્શનોપયોગી કહેવાય, અને વસ્તુના વિશેષધર્મના ઉપયોગવાળો હોય ત્યારે આત્મા જ્ઞાનોપયોગી ગણાય છે. જેમ ઘટ પદાર્થને "આ ઘટ છે" એટલુંજ માત્ર જાણે પણ કયાં બનેલો, કેવા વર્ણવાળો, વિગેરે વિગેરે વિશેષપણે ન જાણે તે દર્શનોપયોગ, અને " આ ઘટ છે, મથુરા નગરીમાં બનેલો છે, રક્તવર્ણનો છે " વિગેરે વિશેષપણે જાણવું તે જ્ઞાનોપયોગ કહેવાય. પુનઃ મતિજ્ઞાનના વ્યંજનાવગ્રહાદિ ભેદોમાંથી વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ અને ઈહા એ ત્રણ ભેદ દર્શનોપયોગરૂપ છે, અને અપાય તથા ધારણા એ બે ભેદ જ્ઞાનોપયોગરૂપ છે, એમ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું[1] છે. એ દર્શનોપયોગનું બીજું નામ સામાન્ય ઉપયોગ અને નિરાકારોપયોગ[2] છે; તેમ જ્ઞાનોપયોગનું બીજું નામ વિશેષ ઉપયોગ અને સાકાર ઉપયોગ છે. તથા છદ્મસ્થ જીવોને પ્રથમ અન્તર્મુહૂર્ત સુધી દર્શનોપયોગ વર્ત્યા બાદ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જ્ઞાનોપયોગ અને જ્ઞાનોપયોગની પ્રત્યેક અન્તર્મુહૂર્ત્તે પરાવૃત્તિ થયા કરે, અને સર્વજ્ઞ જીવને પ્રથમ સમયે જ્ઞાનોપયોગ અને બીજે સમયે દર્શનોપયોગ એ પ્રમાણે સમયે સમયે બે ઉપયોગની પરા-

---

૧ અહિં શંકાસ્થાન એ છે કે જો વ્યંજનાવગ્રહથી ઇહા સુધી દર્શનોપયોગ ગણાય તો " આ ઘટ છે " એ મતિજ્ઞાનનો અપાય ભેદ હોવાથી જ્ઞાનોપયોગ ગણાવો જોઇએ છતાં દર્શનોપયોગ કેમ કહ્યો ? તેના સમાધાનમાં જાણવાનું કે " આ ઘટ છે " એ અપાય ભેદવાળો ઉપયોગ હોવાથી નિશ્ચય નયે જ્ઞાનોપયોગ છે, પણ જે અપાય તે વ્યવહારિક અર્થાવગ્રહ આગળ આગળના અર્થાવગ્રહાદિની અપેક્ષાએ છે, તે કારણથી " આ ઘટ છે " એવા ઉપયોગને સ્થૂલનયે દર્શન કહી શકાય.

૨ આકાર એટલે અમુક વર્ણ, અમુક સ્પર્શ વિગેરે વિશેષધર્મ રહિત જે ઉપયોગ તે નિરાકારોપયોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃત્તિ થયા કરે પણ એક ઉપયોગ ઘણા કાળ સુધી ટકે નહિ, એ જીવનો સ્વભાવ છે.

(૧૧) **લેશ્યા** ૬–જેના વડે આત્મા કર્મોની સાથે જોડાય તે લેશ્યા. તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ એમ છ પ્રકારની છે; પુનઃ એ લેશ્યા શું પદાર્થ છે? તે સંબંધિ સમજવાનું કે દ્રવ્ય લેશ્યા તે પુદ્ગલ પરમાણુઓનો સમુદાય છે, અને ભાવલેશ્યા તે દ્રવ્ય લેશ્યાના સંયોગવાળો આત્માનો અધ્યવસાય છે, અને સામાન્ય પ્રકારે તો **योगपरिणामो लेश्या** એ વચનથી મન, વચન અને કાયાના યોગે થયેલો પરિણામ-પરિણુતિ વિશેષ તે લેશ્યા છે, પુનઃ **योगान्तर्गतं द्रव्यं** એ વચનથી લેશ્યાદ્રવ્યને યોગાન્તર્ગત કહેલ છે, પણ યોગાન્તર્ગતપણાનો જોઈએ તેવો સ્પષ્ટ અર્થ ઉપલબ્ધ થતો નથી. લેશ્યા પુદ્ગલો જીવને ગ્રહણપ્રાયોગ્ય આઠ વર્ગણાઓમાંથી કઈ વર્ગણાનાં છે, તેની સ્પષ્ટતા દ્રષ્ટિગોચર થતી નથી. લેશ્યાની ઉત્પત્તિમાં યોગ એ કારણભૂત છે, અને જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી લેશ્યા છે, તેમજ યોગ નહિ તો લેશ્યા પણ નહિ એ રીતે અન્વયવ્યતિરેકપણે યોગને લેશ્યાનું કારણ માનેલ છે; લેશ્યા શું કાર્ય કરે છે? તે સંબંધમાં સામાન્યતઃ કહ્યું છે કે લેશ્યા એ કર્મના રસબંધમાં કારણભૂત છે, તેથી આત્માના અધ્યવસાયોની પરાવૃત્તિમાં કારણભૂત છે, એમ કર્મપ્રકૃત્યાદિ ગ્રંથથી સમજી શકાય છે. એ છ લેશ્યાનાં કૃષ્ણાદિ જે નામો તે પુદ્ગલના કૃષ્ણાદિ વર્ણને અનુસારે છે, છ લેશ્યામાં પ્રથમની ત્રણ લેશ્યા અશુભ અને છેલ્લી ત્રણ લેશ્યા શુભ છે. ત્રણ અશુભ લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચારે અતિ અશુભ, અને શુભ લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચારે શુભ હોય છે.

પુનઃ છએ લેશ્યા વસ્ત્ર સરખી અને સ્ફટિકમણી સરખી એમ બે પ્રકારની છે, ત્હેમાં વસ્ત્ર જેમ રંગમાં બોળવાથી તદ્રંગમય બની જાય છે, અને પોતાનો મૂળ રંગ છોડી દે છે, તેમ વસ્ત્રસ્વભાવી લેશ્યાઓ પરસ્પર સંયોગે પોતાનો મૂળ સ્વભાવ બદલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તલ્લેશ્યામય એટલે તદ્વર્ણ, તદ્ગંધ, તદ્રસ અને તત્સ્પર્શમય બની જાય છે. સર્વ તિર્યંચ અને સર્વ મનુષ્યોને વસ્ત્રસ્વભાવી લેશ્યાજ હોય છે, તે કારણથી મનુષ્ય[1] અને તિર્યંચની લેશ્યાઓ દરેક અન્તર્મુહૂર્તે બદલાયા કરે છે. તે પણ એવી રીતે કે પ્રથમ કૃષ્ણલેશ્યાના પરમાણુ નીલ લેશ્યાના સંયોગે નીલલેશ્યારૂપ થઈ જાય, કાપોત લેશ્યાના સંયોગે કાપોતરૂપ થઇ જાય; એ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચની દરેક લેશ્યા પરસ્પર એક બીજારૂપે પરિણમી જાય છે. તથા જે લેશ્યા અન્ય લેશ્યાના સંયોગે સર્વાશે તદ્રૂપ ન બની જાય પણ આકાર માત્ર બદલાય તે સ્ફટિકમણિ સરખી લેશ્યા છે, એ લેશ્યા સર્વ દેવને અને સર્વ નારક જીવોને હોય છે, તે કારણથી દેવની અને નારકની દ્રવ્યલેશ્યા અવસ્થિત એટલે જીંદગી પર્યન્ત અને બે[2] અન્તર્મુહૂર્ત (પૂર્વભવ પરભવ સંબંધિ) અધિક કાળ સુધી ટકી રહે છે, પણ અન્ય લેશ્યાના સંયોગે સર્વથા બદલાઈ જતી નથી. સ્ફટિકમણિના વેહમાં પરોવેલા લાલ દોરાથી સ્ફટિકમણિનું શ્વેતરૂપ મૂળથી બદલાતું નથી પણ તેજ શ્વેતરૂપ આકાર—આભાસ માત્રથી લાલ દેખાય છે, તેમ દેવ અને નારકની મૂળ લેશ્યા અન્ય લેશ્યાના સંયોગે કિંચિત્ તફાવતવાળી (હીનાધિક નિર્મળતા અથવા મલિનતાવાળી) થાય છે, પણ સર્વથા તે અન્ય લેશ્યારૂપ બની જતી નથી.

---

૧ અહિં મનુષ્ય શબ્દથી શ્રેણિગત સિવાયના સર્વ મનુષ્ય જાણવા. કારણ કે આઠમા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધી મનુષ્યને માત્ર શુકલ લેશ્યા છે, અને તે વધુમાં વધુ દેશોનપૂર્વ ક્રોડ વર્ષ પ્રમાણ કાયમ રહે છે.

૨ દેવ જે ભવમાંથી આવ્યો હોય તે ભવમાં મરણના છેલ્લા અન્તર્મુહૂર્તમાં દેવ સંબંધિ લેશ્યા આવે. તે લેશ્યા સહિત દેવભવમાં ઉત્પન્ન થઈ પુનઃ મરણ પામી બીજા ભવમાં ઉત્પન્ન થાય, ત્યાં પણ દેવ સંબંધિ લેશ્યા અન્તર્મુહૂર્ત્ત સુધી સાથે જાય અને ત્યારબાદ તે ભવસંબંધિ લેશ્યા ઉત્પન્ન થાય માટે દેવ યા નારકની લેશ્યા ઉત્કૃષ્ટ તેત્રિશ સાગરોપમ અને બે અન્તર્મુહૂર્ત્ત સુધી ટકી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ છ લેશ્યાઓ કેવા કેવા અધ્યવસાયરૂપ છે તેનાં જે બે દ્રષ્ટાન્ત શાસ્ત્રપ્રસિદ્ધ છે તે નીચે આપવામાં આવે છે.

છ મનુષ્યો અટવીમાં ગયા ત્યાં ફળથી ઝુકી રહેલું જંબુવૃક્ષ જોઈ ક્ષુધાના વશથી તે જંબુવૃક્ષ પાસે આવ્યા. તેમાંના એક જણે કહ્યું કે આ વૃક્ષ મૂળ સહિત ઉખેડી નાખી ભૂમિપર પાડીએ જેથી સુખપૂર્વક જાંબુ ખવાય, ત્યારે બીજાએ કહ્યું મૂળથી ઉખેડવાનું કંઇ પ્રયોજન નથી પણ એને થડમાંથી કાપી નીચે પાડો, ત્યારે ત્રીજાએ કહ્યું કે વૃક્ષ કાપવાનું પ્રયોજન નથી પણ વૃક્ષની શાખાઓ કાપી નીચે પાડો, ચોથાએ કહ્યું જાંબુના ગુચ્છાવાળી નાની પ્રતિશાખાઓ તોડી નીચે પાડો, પાંચમાએ કહ્યું ગુચ્છામાંથી જાંબુ ચુંટી ચુંટીને ભક્ષણ કરો, ત્યારે છઠ્ઠાએ કહ્યું માત્ર ક્ષુધા શમાવવાનું જો કાર્ય છે તો નીચે પડેલાં જાંબુથીજ ચલાવી લ્યો. એ પ્રમાણે છએ પુરૂષોના ઉત્તરોત્તર નિર્મળ નિર્મળતર પરિણામ કહ્યા તેમ છ લેશ્યાઓ અનુક્રમે અધિક અધિકતર નિર્મળ પરિણામરૂપ જાણવી.

છ ચોર એક ગામ લુંટવા ચાલ્યા તેઓએ રસ્તામાં વિચાર કરવા માંડયો, ત્યારે એકે કહ્યું કે જે કોઈ મળે તેને મારી નાખવો, બીજાએ કહ્યું સર્વ મનુષ્યોને મારી નાખવા પણ પશુને ન મારવાં, ત્યારે ત્રીજાએ કહ્યું મનુષ્ય સ્ત્રી પુરૂષો બન્ને હોય છે તેમાં પુરૂષોને મારી નાખવા પણ અબળા એવી સ્ત્રીયોને માર્યાથી શું? ત્યારે ચોથાએ કહ્યું દરેક પુરૂષોને મારવાની શી જરૂર છે? જેટલા શસ્ત્રધારી પુરૂષો હોય તેટલાનેજ મારી નાખવા, કારણ કે શસ્ત્રરહિત પુરૂષો આપણને શું કરી શકે તેમ છે? ત્યારે પાંચમાએ કહ્યું સર્વ શસ્ત્રધારી પુરૂષોને મારી નાખવાનું શું પ્રયોજન છે? માત્ર જેટલા શસ્ત્રધારી પુરૂષો સામા થાય તેટલાનેજ મારી નાખવા. છઠ્ઠાએ કહ્યું કોઇને પણ મારવાની શી જરૂર છે? આપણે ધન માલનું પ્રયોજન હોવાથી તેજ લુંટીને ચાલ્યા જવું. એ પ્રમાણે છ એ લેશ્યાઓના ભિન્ન ભિન્ન અધ્યવસાય જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ અને શ્રેણિ વગેરેનો આરંભ ત્રણ શુભલેશ્યામાંની કોઈપણ શુભલેશ્યાએ વર્તતા જીવને હોય. દરેક લેશ્યા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારની છે; તે ત્રણે પ્રકારની લેશ્યાઓમાં અસંખ્ય અધ્યવસાય સ્થાનો (પરિણામ ભેદ) રહેલા છે, તે અસંખ્યાતની સંખ્યા પણ અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. પુનઃ વિશુદ્ધિના અંશોની અપેક્ષાએ વિચારતાં દરેક અશુભ લેશ્યામાં અનંત અનંત સંકિલષ્ટતા છે, અને દરેક શુભ લેશ્યા અનંત અનંત વિશુદ્ધિયુક્ત છે. સામાન્યતઃ વિચારતાં કૃષ્ણલેશ્યાથી નીલલેશ્યા અનંત ગુણ વિશુદ્ધ, નીલથી કાપોત અનંતગુણ વિશુદ્ધ, એ પ્રમાણે યાવત્ શુકલ લેશ્યા સુધી અનંતગુણ વિશુદ્ધિ જાણવી.

(૧૨) ભવ્ય ૨—જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા છે તે ભવ્ય, અને મોક્ષ પામવાની અયોગ્યતાવાળો જીવ અભવ્ય કહેવાય. નિગોદાદિ સર્વ જાતિવાળા જીવો બન્ને પ્રકારના હોય છે. તેમાં કેટલાએક જીવો એવા છે કે જેઓ મોક્ષ પામવાની યોગ્યતાવાળા છે, પણ સૂક્ષ્મ નિગોદમાંથી બહારજ નિકળવાના નથી તો મોક્ષ કેવી રીતે પામે? એવા માત્ર યોગ્યતાવાળા જીવો ભવ્યાભવ્ય એમ ત્રીજા પ્રકારના પણ કહી શકાય પણ એ ભેદ ભવ્યમાં અંતર્ગત હોવાથી જુદો ન ગણે તોપણ ચાલી શકે. એ ત્રણ પ્રકારના જીવોનું દ્રષ્ટાંત આ પ્રમાણે—

મોક્ષે જશે એવા ભવ્ય જીવો ગર્ભ ધારણ કરી શકે એવી સધવા સ્ત્રી સરખા છે; જેમ પરણેલી સ્ત્રી પતિના સંયોગે કોઈપણ વખતે ગર્ભ ધારણ કરી પુત્ર ઉત્પન્ન કરી શકશે તેમ ભવ્ય જીવો કોઇપણ કાળે મનુષ્યત્વાદિ સામગ્રી પ્રાપ્ત થતાં અવશ્ય મોક્ષે જશે તે **ભવ્ય**.

મોક્ષે જવાની માત્ર યોગ્યતાવાળા ભવ્યાભવ્ય જીવો ગર્ભ ધારણ કરી શકે એવી પતિરહિત સ્ત્રી સરખા છે; જેમ કોઈ સ્ત્રી પતિના સંયોગે ગર્ભધારણ કરી શકે એવી છે પણ ભાગ્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગે તે સ્રીની આખી જીંદગી વ્યતીત થઈ તોપણુ પતિનો સમાગમ ન થયો અને તે કારણુથી પુત્ર પણુ ન થયો પરન્તુ એ સ્ત્રી વંધ્યા નથી, તેવી રીતે સૂક્ષ્મ સાધારણુ વનસ્પતિરૂપ અનાદિ નિગોદમાં એવા પણુ અનંત નિગોદીયા જીવો છે કે જેઓ કોઈપણુ કાળે અનાદિ નિગોદમાંથી નિકળી બાદરપણું કે દ્વીન્દ્રિયાદિ ત્રસપણું પામવાનાજ નથી, કહ્યું છે કે—

अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइ परिणामो
उप्पज्जंति चयंति य, पुणोवि तत्थेव तत्थेव ॥ १ ॥

અર્થઃ—એવા અનંત જીવો છે કે જેઓએ કોઇપણુ કાળે ત્રસાદિ પરિણામ પ્રાપ્ત કર્યો નથી, અને વારંવાર ત્યાંને ત્યાંજ ઉત્પન્ન થાય છે અને મરણુ પામે છે.

એમાંના અનંત જીવો ત્યાંના ત્યાંજ ઉત્પન્ન થઈ મરણુ પામે છે માટે મોક્ષ જવાની યોગ્યતાવાળા છતાં પતિરહિત સ્રી વત્ સામગ્રીના અભાવે મોક્ષે જઇ શકતા નથી.

તથા અભવ્ય જીવો વંધ્યા સ્રી સરખા છે; જેમ વંધ્યા સ્રીને પતિનો સમાગમ છતાં પણ પુત્ર ઉત્પન્ન થઇ શકે નહિ તેમ અભવ્યજીવો મનુષ્યત્વ, જ્ઞાન અને ચારિત્ર વિગેરેની સામગ્રી પ્રાપ્ત કરી શકે છે છતાં પણુ સમ્યગ્ દર્શનના અભાવે મોક્ષમાં જઇ શકતા નથી.

પુનઃ જેઓએ મોક્ષે જવાની યોગ્યતા સાર્થક કરી છે એવા સિદ્ધ જીવો પ્રથમ સંસારી અવસ્થામાં ભવ્ય હતા, પણુ સિદ્ધ અવસ્થામાં ન તો ભવ્ય કહેવાય કે ન તો અભવ્ય કહેવાય. કહ્યું છે કે **सिध्धा नो भव्वा नो अभव्वा** ઇતિ.

(૧૩) સમ્યક્ત્વ ૬—સમ્યક્પણું એટલે સત્માં સત્બુદ્ધિ અને અસત્માં અસત્ બુદ્ધિરૂપ વિવેકપણું તે **सम्यकृत्व** કહેવાય, અર્થાત્ જે વસ્તુ જેવા સ્વરૂપે છે તે વસ્તુ તેવા પ્રકારે યથાર્થ જાણુવી તે સમ્યક્ત્વ, અથવા સુદેવમાં દેવબુદ્ધિ, સુગુરૂમાં ગુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધિ અને સદ્ધર્મમાં ધર્મબુદ્ધિ તે **सम्यक्त्व.** શ્રીયોગશાસ્ત્રમાં તેજ પ્રમાણે કહ્યું છે કે—

> या देवे देवताबुद्धि-र्गुरौ च गुरुतामतिः ।
> धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥१॥

તથા **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** એટલે તત્વરૂપ પદાર્થો પર જે શ્રદ્ધા-પ્રતીતિ તે સમ્યક્ત્વ કહેવાય. એમ શ્રી તત્વાર્થ સૂત્રનું વચન છે. અથવા શ્રી સર્વજ્ઞોએ જે પદાર્થો જે રીતે કહ્યા છે તે પદાર્થો તે રીતેજ છે, સર્વજ્ઞનું કથન અસત્ય હોયજ નહિ એવી દ્રઢ પ્રતીતિ તે **सम्यक्त्व** કહેવાય, પણ જીવોને પોતાની બુદ્ધિમાં ઉતરે તેવું સર્વજ્ઞ કથિત સ્વરૂપ સત્ય અને બીજું અસત્ માને તો તે સમ્યક્ત્વ ન કહેવાય.

પ્રશ્ન:—સર્વ ધર્મવાળા પોતપોતાના દેવને સર્વજ્ઞમાની પોતાનાં શાસ્ત્રો સર્વજ્ઞપ્રણીત માને છે તો તેમાંથી વર્તમાન કાળે સર્વજ્ઞપ્રણીતશાસ્ત્રોનો નિર્ણય કેમ થઈ શકે ?

ઉત્તર:—જે શાસ્ત્રપ્રણેતાઓ દુનિયાદારી છોડી ઇન્દ્રિયોના સર્વ વિષયોનો અને સર્વ સંસારીચેષ્ટાઓનો ત્યાગ કરી, મોક્ષાભિમુખી, વ્રત, તપશ્ચર્યા, યમ અને નિયમને સખ્ત રીતે અંગીકાર કરી, જીતેન્દ્રિય બન્યા છે અને કામ, ક્રોધ, માન, માયા અને લોભ વિગેરે અસત્ય ઉચ્ચારનાં કારણોથી વિરક્ત થઇ સર્વજ્ઞ થયા છે તેવા શાસ્ત્રપ્રણેતાઓનું વચન સર્વથા સત્ય હોઈ શકે; તેથી પ્રથમ શાસ્ત્રમાં કહેલા દેવોના ચરિત્ર ઉપર ખ્યાલ કરવો જોઈએ કે અમુક દેવ સંસારી વિલાસ ચેષ્ટાઓથી રહિત છે કે નહિ ? તેની યોગ્ય તપાસ કર્યાબાદ એમના વચનોમાં પૂર્વાપર વિરોધ આવે છે કે કેમ ? એમ યોગ્ય તપાસ કરતાં જો તે દેવો તેવા સદાચરણી અને સર્વજ્ઞ માલુમ પડે તો તેઓનાં ઉપદેશેલાં શાસ્ત્રો પર દ્રઢ પ્રતીતિ રાખવાની ફરજ છે. જૈનદર્શનમાં કહેલાં દેવનાં ચરિત્રોથી માલુમ પડે છે કે જૈનદર્શનમાં મનાતા સર્વજ્ઞો કામ, ક્રોધ માન અને માયા વિગેરે અઢાર દૂષણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહિત છે; માટે તેઓનાં વચનો સત્યજ હોઈ શકે, કારણ કે અસત્ય ઉચ્ચારમાં મૂળ કારણ કષાય અને અજ્ઞાન છે; તે બન્નેથી રહિત એવા સર્વજ્ઞોને અસત્ય ઉચ્ચાર કરવાનું કારણ શું હોય?

પ્રશ્નઃ—જૈનદર્શનમાં સર્વજ્ઞનું વચન સત્ય માનવાથી સમ્યક્ત્વ મનાય છે કે કોઇ અસર્વજ્ઞનું વચન પણ સત્ય માનવાથી સમ્યક્ત્વ મનાય છે?

ઉત્તરઃ—સર્વજ્ઞ સિવાય સર્વાંશે સર્વજ્ઞ વચનને અનુસારેજ ઉચ્ચાર કરનારા એવા શ્રી ગણધરાદિકનું વચન પણ સત્ય માનવું જોઈએ. કહ્યું છે કે—

सुत्तं गणहररइयं, तहेव पत्तेयबुद्धरइयं च ।
सुयकेवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥१॥

અર્થઃ—શ્રીગણધરનું રચેલું, પ્રત્યેક બુદ્ધનું રચેલું, શ્રુતકેવલિનું રચેલું અને સંપૂર્ણ દશપૂર્વીનું રચેલું એટલે ઉચ્ચારેલું વચન તે સર્વજ્ઞવત્ સત્ય માનવું જોઈએ. કારણકે એ મહાત્માઓનું પણ જ્ઞાન યથાર્થ હોય છે.

શંકા—સર્વજ્ઞ સિવાય ગણધરાદિનું વચન માનતાં કોઈ વખતે અસત્ પદાર્થનું માનવું પણ ન બની શકે? કારણકે છદ્મસ્થ મનુષ્ય ભૂલને પાત્ર છે એવો કુદરતી નિયમ છે.

ઉત્તર—એ વાત સત્ય છે કે છદ્મસ્થ મનુષ્ય ભૂલને પાત્ર છે, માટે ધારો કે ગણધરાદિકનાં વચનોમાં કદાચ કોઇ અસત્યતા આવી જાય; જેમ શ્રીગૌતમ ગણધરે આણંદ શ્રાવકને થયેલા અવધિજ્ઞાન સંબંધમાં "શ્રાવકને એટલું બધું અવધિજ્ઞાન ન હોય" એમ કહેવામાં અસત્ય ઉચ્ચાર થયો માનીએ તોપણ એ મહાત્માઓને એવા અનુપયોગપણાનો પ્રસંગ પણ એવા પ્રસંગવાળો છે કે જેને માટે સર્વજ્ઞોએ પણ તેવી વિવક્ષા ન કરતાં દશપૂર્વી વિગેરેનાં વચનો સર્વજ્ઞ તુલ્ય સત્ય કહ્યાં છે. હવે ધારો કે કદાચ એમનું વચન પણ કોઈ પ્રસંગે સર્વજ્ઞદ્રષ્ટિએ અસત્ હોય તોપણ આપણે અલ્પજ્ઞ જીવો કયા પ્રમાણથી તે અસત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે એમ નિર્ણય કરી શકીએ ? ને જ્યાં સુધી અસત્યપણાનો નિર્ણય કરી શકીએ નહિ અથવા શંકાવાળા થઈએ નહિ, ત્યાં સુધી તે વચન ન માનવું કેમ બની શકે ? માટે આપણે અલ્પજ્ઞ હોવાથી આપણી ફરજ છે કે જ્યાં સુધી આપણે તેવા મહાજ્ઞાની અથવા સર્વજ્ઞ થઈએ નહિ ત્યાં સુધી તે મહાજ્ઞાનીઓનાં વચનો પ્રમાણભૂત માનવાંજ જોઈએ. પુનઃ સર્વજ્ઞનાં અને સર્વજ્ઞોએ માન્ય કરેલા દશપૂર્વાદિ મહા જ્ઞાનીઓના વચનોમાંનું એક પણ વચન ન માને તો તે મિથ્યા દ્રષ્ટિ ગણાય છે. કહ્યું છે કે–**पयमवि असद्दहंतो सुत्तत्थं मिच्छदिठ्ठीओ** એટલે આપ્ત પુરૂષોના વચનોમાં સૂત્રાર્થના એક પણ પદની અશ્રદ્ધા કરે તો મિથ્યાદ્રષ્ટિ ગણાય. વળી એ વાત ઈન્સાફનીજ છે, કારણકે જેનાપર આપણે પ્રતીતિ રાખી તેનાં કેટલાંક વચન સત્ય માનીએ અને કેટલાંક વચન અસત્ય માનીએ તો એ આપ્તપુરૂષ ઉપર પ્રતીતિનું લક્ષણજ નથી, પ્રતીતિનુ લક્ષણ તો એજ કે તે જે કહે અથવા જે કરે તે સત્ય માનવું જોઈએ.

શંકા—એવી પરતંત્રતા નહિ રાખતાં પોતાની બુદ્ધિમાં ઉતરી શકે તેટલું સત્ય માનીએ, અને બુદ્ધિમાં ન ઉતરી શકે તેવા પદાર્થની ઉપેક્ષા કરીએ એટલે સત્ય ન માનીએ, તેમજ અસત્ય પણ ન માનીએ તો સમ્યક્ત્વ કહેવાય કે કેમ ?

ઉત્તર—ઉપરોક્ત પ્રમાણે સમ્યક્ શ્રદ્ધાન ન કહેવાય. કારણકે જે પદાર્થ બુદ્ધિમાં ન ઉતરી શકે તેવા પદાર્થો ઉપર શ્રદ્ધા રાખવાની આવશ્યકતા છે, અને જે પદાર્થ બુદ્ધિગમ્ય છે તેતો સત્ય મનાયલા છે, તેમાં શ્રદ્ધાની જરૂર શું છે ? શ્રદ્ધા રાખવાનું સ્થાન તો અતીન્દ્રિય અને બુદ્ધિને અગમ્ય પદાર્થો છે અને તેવા પદાર્થ ઉપર શ્રદ્ધા ન રાખે તો શ્રદ્ધાના અભાવે સમ્યક્ત્વ કેવી રીતે કહેવાય ?

શંકા—જૈનદર્શનમાં દ્રવ્યાનુયોગનો એવો સૂક્ષ્મ અને શ્રેષ્ટ વિષય છે કે તેનો વિચાર કરતાં તે સર્વજ્ઞપ્રણીત હોય એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુમાન થઈ શકે છે, તેમજ આચાર વિચારોની સૂક્ષ્મ સંકલના વાળો ચરણાનુયોગ પણ અતિ શ્રેષ્ટ જણાય છે, એ બેના ઉપરતો શ્રદ્ધા બેસે છે, પણ ગણિતાનુયોગમાં ક્ષેત્રાદિકની[1] મોટી મોટી વાતો એવી છે કે જે વિચારમાં ઉતરી શકતી નથી, અને કથાનુયોગમાં કેટલીક કથાઓ[2] પણ અમને બનાવટી લાગે છે તેથી એ બે અનુયોગ જો કે સર્વજ્ઞપ્રણીત હશે! પણ પાછળથી થયેલા આચાર્યોએ તેવી મોટી મોટી અને કલ્પિત વાતો દાખલ કરી હશે, એવી માન્યતાપૂર્વક તે બે અનુયોગપર શ્રદ્ધા ન બેસે તો યોગ્ય છે કે કેમ ?

---

૧ જેમકે—અસંખ્યાત દ્વીપસમુદ્રપ્રમાણવાળી આ પૃથ્વી છે, ગંગા અને સિંધુ નદી ૨૫૦ ગાઉ પ્હોળી, દેવલોકનાં વિમાન બત્રીસ હજાર જોજન ઉંચાં અને અસંખ્યાત યોજન લાંબાં પ્હોળાં, અયોધ્યા અને દ્વારકાનગરી પ્રમાણાંગુલે બાર જોજન લાંબી, એકેક દ્વીપનું અને એકેક સમુદ્રનું અસંખ્યાત જોજન પ્રમાણ, મોટા મોટા હજારો યોજનના પ્રમાણવાળા પર્વતો અને તે વળી સોના, ચાંદી અને રત્નના, હજારો યોજનના પ્રમાણવાળા મોટા મચ્છ, ત્રણ ગાઉની ઉંચાઈવાળા માણસ, લાખ જોજનનો મેરૂ પર્વત, અસંખ્યાતા સૂર્ય તથા ચન્દ્ર, દેવવિમાન અને દેવભૂમિ વિગેરેનું ઘણુ લાંબું વર્ણન, નારકી જીવોને અતિ ઘણું દુઃખ, સાગરોપમ પ્રમાણવાળાં આયુષ્ય. આ પ્રમાણે સેંકડો વાતો એવી અતિશયોક્તિના રૂપમાં છે કે, અન્ય દર્શનીઓના પુરાણોની માફક જૈનદર્શનનાં પણ આ પુરાણ હોય તેમ લાગે છે, તેમજ કેટલીએક કથાઓ પણ અતિશયોક્તિવાળી છે. એમ કેટલાએક ગુરૂકુલવાસથી વિમુખ બનેલા સ્વચ્છંદચારીઓ સ્વમતિ કલ્પનાએ પ્રાપ્ત કરેલા શાસ્ત્રવાક્યોવડે કહે છે, અને દયાનંદ સરસ્વતી સરખા તો કહેછે કે જૈનો જૂ વગેરે ત્રીન્દ્રિય જીવનું શરીર ત્રણ ગાઉનું કહે છે, ત્યારે એવડી મોટી ત્રણ ગાઉની જૂ તો જૈનોના માથામાં પડતી હશે! વિગેરે વચનો કહી પોતે હાસ્યપાત્ર બને છે, કારણકે કૂવાનો દેડકો સમુદ્રના તરંગોની વાત શું જાણે? જેઓ વર્તમાન શોધખોળ ઉપરથી થયેલ નિર્ણય પ્રમાણેજ પદાર્થનું સ્વરૂપ માનનાર હોય તેઓને આવી સૂક્ષ્મ વાતો સંભવિત હશે કે અસંભવિત હશે! એમ વિચારવાનો અવકાશ પણ ક્યાંથી હોય? માત્ર સાંભળીને કે વાંચીને તુર્તજ નિર્ણય ઉપર આવી જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તર—અમુક વાત અમુક અપ્રમાણિક આચાર્યે નવી દાખલ કરી છે, એમ ચોક્કસ નિર્ણય ન થાય ત્યાંસુધી તે મોટી મોટી વાતો અને કથાઓ કલ્પિત કેમ કહી શકાય? અને જો કલ્પિત ન કહી શકાય તો તેવી વાતો અશ્રધ્ધેય પણ કેમ કહી શકાય? માટે પરોક્ષ પદાર્થોમાં તો આપણે નિર્ણય કરેલા આપ્તપુરૂષોનું વચન એજ પ્રમાણ છે.

પ્રશ્ન—જૈન સિદ્ધાન્તોને તમો સર્વજ્ઞપ્રણીત માનો છો, અને ચોક્કસ પ્રમાણુવિના નવી વાતો દાખલ થઈ છે એમ માની શકતા નથી તો સિદ્ધાન્તમાં અને ગ્રંથોમાં અમુક આચાર્ય આ પ્રમાણે કહે છે, અને અમુક આચાર્ય આ પ્રમાણે કહે છે એવા મતભેદ છે તે કેવી રીતે હોઇ શકે?

ઉત્તર—ઉતરતા કાળના પ્રભાવે સ્મરણશક્તિમાં ફેરફાર થવાથી કોઇક આચાર્યની સ્મૃતિમાં અમુક વાત આવી અને કોઇક આચાર્યની સ્મૃતિમાં અમુક બીજી વાત આવી; હવે જો કે સર્વજ્ઞની તો બે વાત નહોય પણ બે આચાર્યમાંથી કયા આચાર્યની વાત સર્વજ્ઞોક્ત છે? તેનો નિર્ણય પૂર્વોક્ત મહાજ્ઞાનીઓ અને સર્વજ્ઞ વિના કોઈ કહી શકે નહિ, માટે ભવભીરૂ પ્રમાણિક નેતાઓએ બન્નેનો

છે કે ધર્મનું મહાત્મ્ય વધારવા માટે તથા લોકોને રંજન કરવા માટેની આતો મોટી મોટી કવિની કલ્પનાઓ છે, આવી શંકાઓ કેવળ પ્રત્યક્ષ વાદિઓજ કરે છે. પૃથ્વીના માપનો પ્રત્યક્ષ નિર્ણય દર્શાવનાર નવીન શોધખોળના સિદ્ધાન્તો ઉપર દ્રષ્ટિ રાખી પરોક્ષ સિદ્ધાન્ત સંભવિત છે કે અસંભવિત એવો વિચાર કોઇક વિરલાનેજ પ્રગટ થાય છે.

પુનઃ ઉપર દર્શાવેલી વાતો જેવી બીજી અનેક વાતો પરોક્ષ પદાર્થ સંબંધ શાસ્ત્રોમાં વર્ણવેલી છે, પણ તે વિના વિચારે ખોટી કહેવાનું સાહસ તો અજ્ઞાનિઓજ કરી શકે, કારણ કે કઈ વાત કેવી રીતે સત્ય છે તે નય, નિક્ષેપ, ઉત્સર્ગ અને અપવાદ વિગેરે જાણ્યા વિના વિચારવાનું બની શકેજ નહિ, માટે વિચારશીલ પુરૂષોને એ વાતો અસત્ય માનવા યોગ્ય નથી પણ એ સર્વ સંભવિત છે, એમ આ લેખકનું માનવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિપ્રાય કહી બન્ને વાતો દાખલ કરવી જોઈએ, એવી શ્રેષ્ઠ પ્રમાણિક પુરૂષોની નીતિ છે, અને જૈન સિદ્ધાન્તના સંબંધમાં તેમજ બનેલું હોવાથી સિદ્ધાન્તમાં આવતી બન્ને વાતો પ્રમાણ કરવી જોઇએ, એ બે વાતોમાંથી અમુક વાત સત્ય છે અને અમુક વાત અસત્ય છે, એવો નિર્ણય આપનારા તેઓ અલ્પજ્ઞ અને માના ભણાવેલા કહેવાય પણ બાપના ભણાવેલા કહેવાય નહિ. તેજ પ્રમાણે શ્રી લોકપ્રકાશમાં કહ્યું છે કે **ते ज्ञेया मातृशासिताः**

શંકા—આપણને સમ્યક્ત્વ છે કે નહિ તે આપણે પોતાની મેળે જાણી શકીએ કે નહિ? કેમકે સમ્યક્ત્વ શ્રદ્ધાજન્ય છે, અને શ્રદ્ધા એ મનનો વિષય છે, તેમજ દરેક પ્રાણી પોતાનું મન પોતેજ પારખી શકે છે તો સમ્યક્ત્વની પરીક્ષા સ્વતઃ થઇ શકે?

ઉત્તર—પ્રાણી પોતાનું મન પોતે પારખી શકે છે, એ નિયમને અનુસારે મને ધર્મ ઉપર રાગ છે એટલું જાણી શકે પણ સામાન્ય રાગ માત્રથી સમ્યક્ત્વ કહી શકાય નહિ, અમુક હદવાળો અને પૌદ્ગલિક સુખની આકાંક્ષા વિગેરે કારણો વિના માત્ર આત્મોન્નતિના પ્રયોજનવાળો રાગ હોય તો તે રાગ સમ્યક્ત્વરૂપ હોઇ શકે, અથવા સર્વજ્ઞના વચનો ઉપર સામાન્ય વિશ્વાસેથી સમ્યક્ત્વ ન હોય, પણ અમુક હદનો દ્રઢ વિશ્વાસ બેસે તો સમ્યક્ત્વ કહેવાય, હવે વિચાર કરો કે ધર્મ ઉપર રહેલા રાગની અથવા સર્વજ્ઞના વચન ઉપર પ્રાપ્ત થયેલા વિશ્વાસની હદ બાંધી શકાય ખરી? અર્થાત્ નજ બાંધી શકાય, તો પછી પોતાની મેળે પોતાના સમ્યક્ત્વનો નિર્ણય કરવો તે વ્યર્થજ છે. તેનું દ્રષ્ટાંત, જ્વરપીડિત દરેક માણસ મને તાવ આવ્યો છે એમ જાણી શકે પણ અમુક ડીગ્રીનો કે અસાધ્ય તાવ છે એમ ન જાણી શકે, એ નિર્ણય કહેવાનો હક્ક તો ડૅાકટરનો છે. તેમ સમ્યક્ત્વનો નિર્ણય કહેવાનો હક્ક તો સર્વજ્ઞોને છે.

એ પ્રમાણે પ્રથમ શુદ્ધ દેવની પરીક્ષા કરવી અને તેજ સુદેવ તરણ તારણહાર છે એમ માનવું જોઈએ, તેમજ એ દેવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપદેશદ્વારા મુનિના જે શ્રેષ્ઠ આચારો દર્શાવ્યા છે તેવા આચારમાં વર્તનાર મુનિઓની પરીક્ષા કરવી અને તેજ મુનિ મહારાજો સુગુરૂ તરણુ તારણહાર છે એમ માનવું, તથા સુદેવ પ્રણીતસિદ્ધાન્તોરૂપ ધર્મ, તેજ શુદ્ધ ધર્મ માનવો, તે સમ્યક્ત્વ કહેવાય.

આ સમ્યક્ત્વનાં સડસઠ વ્યાવહારિક લક્ષણો ગ્રથાન્તરથી જાણવાં.

પ્રશ્નઃ—સમ્યક્ત્વ, જ્ઞાનીને હોય કે અજ્ઞાનીને ?

ઉત્તર—સમ્યક્ત્વ જ્ઞાનીને અને અજ્ઞાનીને બન્નેને હોય. નવતત્વ પ્રકરણમાં કહ્યું છે કે—

इय नवतत्तसरूवं, जो जाणइ तस्स होइ सम्मत्तं
भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्तं ॥ १ ॥

અર્થઃ—એ પ્રમાણે જીવાજીવાદિ નવતત્વનું સ્વરૂપ જાણે તેને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, અને એ નવતત્વનું સ્વરૂપ ન જાણતો હોય પણ ભાવથી શ્રદ્ધા માત્ર રાખતો હોય તો તેવા અજ્ઞાતને પણ સમ્યક્ત્વ હોય. તે શ્રદ્ધા કેવા પ્રકારની હોય તે જણાવે છે—

सव्वाइं जिणेसरभासिआइं, वयणाइ नन्नहा हुंति
इइ बुध्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥ २ ॥

અર્થઃ—જીનેશ્વરનાં કહેલાં સર્વે વચનો સત્ય છે, પણ એકે વચન અસત્ય ન હોય એવી બુદ્ધિ જેના મનમાં છે, તેને નિશ્ચય દ્રઢ સમ્યક્ત્વ હોય છે. એ પરથી જાણવું જોઈએ કે અમુક શાસ્ત્ર ભણેલાનેજ સમ્યક્ત્વ હોય એમ નહિ. વળી એવો તો નિયમ છે કે સંપૂર્ણ દશ પૂર્વના જ્ઞાનથી પ્રારંભીને આગળના જ્ઞાનવાળા સમગ્રજનોને સમ્યક્ત્વ અવશ્ય હોય.

આ પ્રમાણે સમ્યક્ત્વનું શ્રદ્ધાસ્વરૂપ જણાવીને હવે સમ્યક્ત્વના ઔપશમિકાદિ છ ભેદનું સ્વરૂપ કહેવાય છે, તે નીચે પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ **उपशम**[1] **सम्यक्त्व**—આત્માના શ્રદ્ધાન ગુણને આવરનાર ત્રણ દર્શનમોહનીય અને ચાર અનંતાનુબંધિ કષાય એ સાત કર્મપ્રકૃતિઓ રાખવડે ઢાંકેલા અગ્નિની માફક ઉપશાન્ત થતાં આત્માને જે શ્રદ્ધાગુણ પ્રગટે તે શ્રદ્ધાગુણનું નામ ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય. આ સમ્યક્ત્વ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને અને અપ્રમત્ત મુનિને ઉપશમ શ્રેણિ ચઢતી વખતે પ્રાપ્ત થાય, અને આખા સંસારચક્રમાં પાંચ વારજ પ્રાપ્ત થાય.

૨ **क्षयोपशम सम्यक्त्व**—આત્માના શ્રદ્ધાન ગુણને આવરનાર મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને ચાર અનંતાનુબંધિ એ છ કર્મનો પ્રદેશોદય અને સમ્યક્ત્વ મોહનીયનો વિપાકોદયયુક્ત પ્રદેશોદય વર્તતાં અથવા એ સાતે કર્મપ્રકૃતિઓનો ક્ષયોપશમ[2] વર્તતાં આત્માને જે શ્રદ્ધા ગુણ પ્રગટ થાય તે ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય. આ સમ્યક્ત્વ અવિરત, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત એ ચાર ગુણસ્થાનવર્તી જીવોને હોય છે, એનો પ્રારંભ સિદ્ધાન્તમતે અનાદિ–સાદિ મિથ્યાદૃષ્ટિને અને કર્મગ્રંથના મત પ્રમાણે સાદિ મિથ્યાદૃષ્ટિને હોય છે; અને અસંખ્યવાર પ્રાપ્ત થાય છે.

---

૧ યથાપ્રવૃત્તાદિ કરણકૃત અને અકરણકૃત અથવા અનુદયરૂપ એમ ઉપશમ બે પ્રકારનો છે.

૨ ઉદયાનુવિદ્ધ અને શુદ્ધ એમ ક્ષયોપશમ બે પ્રકારે છે. તેમાં સર્વઘાતિ પ્રકૃતિઓનો ક્ષયોપશમ શુદ્ધ ક્ષયોપશમ હોય અને દેશઘાતિ પ્રકૃતિઓનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ હોય એટલે ઉદય અને ક્ષયોપશમ એ બન્ને સાથે ચાલે. અહિં જે દેશઘાતિ પ્રકૃતિઓ હોય તેનો રસ સર્વઘાતિ અને દેશઘાતિ એ બે પ્રકારનો હોય અને સર્વઘાતિ પ્રકૃતિઓનો રસ સર્વઘાતિ હોય; તેમાં જે વખતે દેશઘાતિ પ્રકૃતિનો સર્વઘાતિ રસ દેશઘાતિ રૂપ થઈ ઉદયાવલિકામાં આવી ક્ષય પામતો જાય તે **क्षय** અને જે રસ ઉદયાવલિકામાં નથી વર્તતો તે રસસ્પર્ધકોનો અનુદયરૂપ **उपशम** કહેવાય, એ પ્રમાણે બન્ને ભાવ જેમાં વર્તતા હોય તે ભાવનું નામ **क्षयोपशम** કહેવાય. મતિ શ્રુત જ્ઞાનાવરણ અને ચક્ષુ, અચક્ષુ દર્શનાવરણના દેશઘાતિપણે પરિણમેલા સર્વઘાતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ क्षायिक सम्यक्त्व—ઉપરોક્ત સાતે મોહનીય કર્મપ્રકૃતિઓનો ક્ષય કરવાથી જીવને જે શ્રદ્ધાગુણ પ્રગટ થાય તે ક્ષાયિક સમ્યક્ત્વ. આ સમ્યક્ત્વના પ્રારંભક મનુષ્યો અને નિષ્ઠાપક (ક્રિયા સમાપ્ત કરી પ્રાપ્ત કરનાર) ચારે ગતિના સંજ્ઞિપર્યાપ્ત જીવો છે. આ સમ્યક્ત્વ આખા ભવચક્રમાં એકજવાર પ્રાપ્ત થઈ પુનઃ ચાલ્યું જતું નથી પણ અનંતકાળ સુધી કાયમ રહે છે માટે એ અપ્રતિપાતિ સમ્યક્ત્વ છે.

૪ मिश्रसम्यक्त्व—મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય મિશ્ર-મોહનીયના વિપાકોદય રૂપે પ્રવર્તતાં જીવને સત્‌ધર્મ ઉપર રાગ

રસસ્પર્ધકના વિપાકોદયદ્વારા ક્ષયે, દેશઘાતિપણે નહિ પરિણમેલા સર્વઘાતિ રસસ્પર્ધકના અનુદયરૂપ ઉપશમે, અને દેશઘાતિપણે પરિણમેલા રસસ્પર્ધકના વિપાકોદયે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય. તથા મનઃપર્યવ અને અવધિ એ એના આવરણનો સર્વઘાતિ રસ ઉદયે વર્તે ત્યાંસુધી મનઃપર્યવ જ્ઞાનાદિ ગુણ પ્રગટ ન થાય પણ એ ત્રણનો સર્વઘાતિ રસ દેશઘાતિપણે પરિણમી ઉદય આવી ક્ષય પામે ત્યારે પૂર્વોક્તરીતે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય તથા પ્રથમના બાર કષાય અને મિથ્યાત્વ એ તેર મોહનીય સર્વઘાતિ છે, પણ એ તેરનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ન હોય પણ શુદ્ધ ક્ષયોપશમ હોય અર્થાત્ એ તેરનો વિપાકોદય વર્તતો હોય ત્યારે ક્ષયોપશમ ન હોય પણ પ્રદેશોદય વર્તે ત્યારે ક્ષયોપશમ હોય અને વિપાકોદય તથા પ્રદેશોદય બન્ને ન વર્તે ત્યારે ઉપશમભાવ હોય. તથા એ તેર સિવાયની શેષ મોહ પ્રકૃતિઓ દેશઘાતિ હોવાથી રસોદયે અને પ્રદેશોદયે પણ ક્ષયોપશમ ભાવવાળી હોય.

હવે અહિં વિશેષ એ છે કે સમ્યક્ત્વમોહનીયનો જે વિપાકોદય તે મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય છે. માટે સમ્યક્ત્વ મોહનીયના વિપાકોદયેજ ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય. અથવા સમ્યક્ત્વ મોહનો વિપાકોદય અને ક્ષયોપશમ સમ્યક્ત્વ એ એનો અન્વયવ્યતિરેક સંબંધ જાણવો. મિથ્યાત્વમોહનો પ્રદેશોદય બે રૂપે થાય છે, ત્યાં એકતો મિશ્ર સમ્યક્ત્વ મોહનીયના વિપાકરૂપે, અને બીજો સમ્યક્ત્વ મોહનીયના વિપાકોદયરૂપે થાય છે. માટે મિથ્યાત્વ મોહનો પ્રદેશોદય જ્યારે મિશ્ર મોહનીય વિપાકરૂપે પરિણમે ત્યારે જીવને મિશ્ર સમ્યક્ત્વ હોય અને સમ્યક્ત્વ મોહ વિપાકરૂપે પરિણમે ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ તેમજ દ્વેષ પણ નહિ એવા પ્રકારનો જે પરિણામ અન્તર્મુહૂર્ત માત્ર ઉત્પન્ન થાય તે મિશ્ર સમ્યક્ત્વ. કહ્યું છે કે—

मीसा न रागदोसा, जिणधम्मे अंतमुहु जहा अन्ने
नालियरद्दीवमणुणो, मिच्छं जिणधम्मविवरीयं ॥१॥

અર્થઃ—જેમ નાલિકેર દ્વીપના મનુષ્યોને (નાળીયેર માત્રનોજ આહાર હોવાથી) અનાજ ઉપર રાગ કે દ્વેષ હોતો નથી તેમ મિશ્ર મોહનીય કર્મના ઉદયથી જીનેશ્વરના ધર્મ ઉપર રાગ દ્વેષ ન હોય. તથા જીનધર્મથી વિપરીત શ્રદ્ધા તે મિથ્યાત્વ કહેવાય.

અથવા મિથ્યાત્વ મોહનીય કર્મના પરમાણુઓમાંના કેટલાક પરમાણુઓમાંથી શુભપરિણામવડે સર્વાંશે મિથ્યાત્વ ભાવ ટળી જાય તે સર્વાંશે શુદ્ધ પરમાણુઓનું નામ સમ્યક્ત્વ મોહનીય, અને જે મિથ્યાત્વ પરમાણુઓમાંથી સર્વાંશે મિથ્યાત્વભાવ વિનાશ પામ્યો નથી પણ કેટલેક અંશે વિનાશ પામ્યો હોય તેવા પરમાણુઓ કેટલેક અંશે મિથ્યાત્વભાવવાળા અને કેટલેક અંશે સમ્યક્ત્વ ભાવવાળા હોવાથી બન્નેના યોગે તે પરમાણુઓ મિશ્રમોહનીય કહેવાય છે, એવા પરમાણુઓ જ્યારે ઉદયભાવમાં વર્તે, ત્યારે જીવને મિશ્ર સમ્યક્ત્વ હોય છે, અને પ્રથમ કહેલા સર્વાંશે શુદ્ધ પરમાણુઓ ઉદય આવે ત્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય, એ વાત પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વ સંબંધિ સ્ફુટનોટમાં જણાવી છે, અને મિથ્યાત્વભાવ જેમાંથી વિનાશ નથી પામ્યો તેવા મિથ્યાત્વ પરમાણુઓના ઉદયથી જીવને મિથ્યાત્વ એટલે વિપરીત શ્રદ્ધાન હોય છે.

૯ **सास्वादन सम्यक्त्व**—ઉપશમ સમ્યક્ત્વથી પડતો પ્રાણી જ્યાં સુધી મિથ્યાત્વભાવ નથી પામ્યો ત્યાં સુધીના અન્તરકાળમાં જીવને જે ગુણ પ્રગટે તે સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય. જેમકે ખીરનું ભોજન કરનાર મનુષ્યને જેમ ઓડકાર આવતાં અથવા ઉલટી થતાં જેવો ગળપણનો સ્વાદ આવે છે, તેમ આ ઉપશમ સમ્યક્ત્વનું વમન કરતાં જે કંઇ આસ્વાદન રૂપ સમ્યક્ત્વ ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહે છે તે સાસ્વાદન સમ્યક્ત્વ છે. મિશ્ર અને સાસ્વાદન એ બન્ને સમ્યક્ત્વ ચારે ગતિના જીવને પ્રાપ્ત થાય છે, મિશ્ર સમ્યક્ત્વ અનેકવાર પ્રાપ્ત થાય છે, અને સાસ્વાદન સમ્યક્ત્વ પાંચ વાર પ્રાપ્ત થાય છે. પુનઃ ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવને કમીમાં કમી એક સમય અને વધુમાં વધુ છ આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યારે તથાવિધ પરિણામવડે જો અનંતાનુબંધિ કષાયનો ઉદય થઈ જાય તો જીવ ઉપશમ સમ્યક્ત્વથી પડયો એમ કહેવાય છે, અને એ પ્રમાણે ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવને ત્રણે દર્શનમોહનીયકર્મ ઉપશાન્ત હોય છે, પણ ચાર અનંતાનુબંધિનો ઉદય હોય છે. એ સાસ્વાદન સમ્યક્ત્વ તે (અર્થાન્તરે) અનંતાનુબંધિ કષાયના ઉદયવાળું ઉપશમ સમ્યક્ત્વજ છે, માટે પડતી અવસ્થામાં સાસ્વાદનને સમ્યક્ત્વ કહેવામાં હરકત નથી. અથવા તો એ પડતી અવસ્થામાં બાકી રહેલા ઉપશમ સમ્યક્ત્વનો આસ્વાદ–અનુભવ છે, તેથી પણ તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય.

૬ **मिथ्यात्व सम्यक्त्व**—સમ્યક્ત્વ એટલે સામાન્યપણાથી શ્રદ્ધા, અને તે શ્રદ્ધા વિપરીતપણે હોય તો મિથ્યાત્વ કહેવાય. અહિં મિથ્યાત્વને સમ્યક્ત્વમાં ગણત્રી કરવાનો હેતુ અવિરતિ ચારિત્રવત્ સમ્યક્ત્વ માર્ગણામાં સર્વ સંસારી જીવોને અવતારવા માટે છે.

અહિં વેદક સમ્યક્ત્વ પણ છે, પરન્તુ ક્ષયોપશમ સમ્યક્ત્વથી ક્ષાયિક સમ્યક્ત્વે જતાં અન્ત સમયનું જે ક્ષયોપશમ સમ્યક્ત્વ તેજ **वेदक सम्यक्त्व** હોવાથી તેનો ક્ષયોપશમ સમ્યક્ત્વમાં અન્તર્ભાવ કરતાં જૂદું ગણ્યું નથી. તથા સમ્યક્ત્વનો એક ભેદ, બે ભેદ, ત્રણ ભેદ વિગેરે અનેક ભેદ છે, પણ ચાલુ ગ્રંથમાં દ્વારસંવેધપ્રસંગે છ ભેદનો સંવેધ દર્શાવેલ હોવાથી અહિં પણ છ ભેદનું સ્વરૂપ કહ્યું છે, બાકીના અનેક ભેદનું સ્વરૂપ અત્ર ઉપયોગી નહિ હોવાથી દર્શાવ્યું નથી.

(૧૪) સંજ્ઞિ ૨—હેતુવાદ, દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણ સંજ્ઞાઓમાંથી જે જીવોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય તે જીવો **संज्ञि** અને શેષ સર્વ સંસારી જીવો **असंज्ञि** કહેવાય, અને સિદ્ધના જીવો સંજ્ઞિ કે અસંજ્ઞિ કહેવાતા નથી. એ ત્રણ સંજ્ઞાઓનું સ્વરૂપ આગળ સંજ્ઞા નામના દ્વારસ્વરૂપને પ્રસંગે આવશે.

અથવા જે જીવોને મન હોય તે સંજ્ઞિ અને શેષ સર્વ અસંજ્ઞિ.

(૧૫) આહારી ૨—ઔદારિક અથવા વૈક્રિય અથવા આહારક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરતા જીવો **आहारी**, અને શેષ સર્વ જીવો **अनाहारी** કહેવાય. વળી જીવ જે આહાર ગ્રહણ કરે છે તે આહારના પુદ્ગલ સ્કંધો અભવ્યથી અનંતગુણ પરમાણુના બનેલા, પાંચ વર્ણમય, બે ગંધમય, પાંચ રસમય, અને અષ્ટ સ્પર્શમય છે, એમાં વર્ણાદિ ચારે એક ગુણથી યાવત્ અનંત ગુણ એટલે એક અંશથી અનંત અંશ પર્યંત યુક્ત હોય છે. એ આહારના સ્કંધો પ્રથમ જેટલા ગ્રહણ કરે છે તેટલામાંથી અમુક ભાગ ગ્રહણ થાય છે, અને કેટલોક ભાગ તે જ સમયે વિનાશ પામે છે; ગ્રહણ થયેલા આહારમાંથી કેટલોક આહાર જીવના આસ્વાદનમાં (અનુભવમાં) આવે છે, અને કેટલોક આસ્વાદનમાં નથી આવતો. આહારપણે પરિણમેલા આહારમાંથી કેટલોક ભાગ શરીર અને ઇન્દ્રિયપણે પરિણમે છે, અને કેટલોક વિનાશ પામી જાય છે. એ પ્રમાણે આહારગ્રહણનું સ્વરૂપ વિસ્તારથી શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે. દેવ અને નારકના આહારનો દરેક સ્કંધ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો મોટો હોય છે. મનુષ્ય અને તિર્યંચના આહારનો સ્કંધ પ્રત્યક્ષ સિદ્ધ છે.

दिशिनियम—ત્રસનાડીમાં રહેલા સર્વ જીવો, તથા જે સ્થાને કોઇપણ દિશાએ અલોક નિકટવર્તી નથી તેવા ત્રસનાડીથી બહારના સ્થળમાં રહેલા એકેન્દ્રિય[1] જીવો ચાર તીર્છી દિશાથી અને ઉર્ધ્વ તથા અધોદિશાથી એ પ્રમાણે છ દિશાથી આવીને

૧ પાંચ સૂક્ષ્મ એકેન્દ્રિયો, બાદર વાયુ અને બાદર પૃથ્વી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વદેહાવગાહનામાં પ્રાપ્ત થયેલા આહારને ગ્રહણ કરે છે, પણ પોતાના આત્મપ્રદેશોથી એક પણ પ્રદેશને આંતરે રહેલા આહારને ગ્રહણ કરે નહિ. અને લોકને કિનારે કિનારે રહેલા જે એકેન્દ્રિય જીવો તેઓમાંથી કેટલાએક ત્રણ દિશાનો, કેટલાએક ચાર દિશાનો અને કેટલાએક પાંચ દિશાનો આવેલો આહાર ગ્રહણ કરે છે, તે નીચે પ્રમાણે બતાવવામાં આવે છે.

આહાર બે પ્રકારનો છે, તેમાં અલોકાકાશની સ્ખલના વિના પ્રાપ્ત થતો આહાર તે **निर्व्याघाति** આહાર છ એ દિશાઓમાંથી પ્રાપ્ત થાય છે, અને અલોકાકાશના કારણથી ન્યૂન દિશાઓમાંથી આવતો આહાર તે **व्याघाती** આહાર ત્રણ ચાર ને પાંચ દિશાથી પ્રાપ્ત થાય છે. આહારનાં પુદ્ગલો માત્ર લોકાકાશમાંજ છે, અને અલોકાકાશમાં નથી, તેમજ લોકમાંથી અલોકમાં જવાની શક્તિવાળાં પણ નથી, તે કારણથી જે દિશાએ અલોક આવે તે દિશાથી આહાર પુદ્ગલો પણ પ્રાપ્ત થાય નહિ. તેમાં ઉદાહરણ તરીકે–સર્વથી નીચે અધોલોકના નિષ્કુટના (ગવાક્ષાકાર[1] લોકાન્તના) અગ્નિ ખૂણામાં રહેલા એકેન્દ્રિય[2] જીવને પૂર્વ, દક્ષિણ અને અધો એ ત્રણ દિશાએ અલોક હોવાથી એ ત્રણ દિશાઓનો આહાર પ્રાપ્ત થાય નહિ, અને શેષ ત્રણ દિશાઓનો આહાર પ્રાપ્ત થાય. તથા સર્વથી નીચે અધોલોકમાં જે એકેન્દ્રિય પશ્ચિમ દિશાને અનુસરીને[3] રહ્યો હોય તો તેને પૂર્વ-દિશાના આહારનો વ્યાઘાત થતો નથી, માત્ર અધોદિશા અને દક્ષિણ દિશાએ અલોકનો વ્યાઘાત છે માટે ચાર દિશાઓથી આહાર પ્રાપ્ત થાય. તથા જ્યારે અધોલોકના સર્વથી નીચેના

---

૧ લોકનો અન્ત–છેડા સર્વત્ર સપાટીવાળો નથી પણ દંતૂર સરખો છે, તે દંતૂરાકાર ભાગને **निष्कुट** કહેવામાં આવે છે.

૨ પાંચ સૂક્ષ્મ અને બાદરવાયુ એ છ એકેન્દ્રિયોને.

૩ લોકના સર્વાન્તિમ ભાગથી અંદરના ભાગમાં પશ્ચિમ દિશાતરફ ખસીને રહેલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતર ઉપરના બીજા, ત્રીજા આદિ ઉર્ધ્વ પ્રતરમાં પશ્ચિમ દિશાને અનુસરીને જે એકેન્દ્રિયો રહ્યા છે તેઓને અધોદિશાના આહારનો વ્યાઘાત નહિ થવાથી ચાર દિશાઓનો આહાર પ્રાપ્ત થાય છે.

सचित्तादि—આહારના સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદ છે, તેમાં જીવપ્રદેશયુક્ત પુદ્ગલોનો આહાર તે **सचित्त आहार**, જેમકે ફળ ફળાદિ ખાવાં, માંસભક્ષણ અને કાચું પાણી પીવું વિગેરે. તેમજ નિર્જીવ પદાર્થોનું ભક્ષણ કરવું તે **अचित्त आहार**, જેમકે શુષ્ક ઘાસ, ચોખા, ત્રણ ઉકાળાનું પાણી વિગેરે. અને સર્વથા નિર્જીવ નહિ થયેલા એવા પદાર્થોનું ભક્ષણ કરવું તે **मिश्र आहार**, જેમકે ત્રસાદિ જીવયુક્ત અથાણાં, એક બે ઉકાળાનું પાણી વિગેરે. તેમાં નારક અને દેવને અચિત્ત આહાર, અને મનુષ્ય અને તિર્યંચને ત્રણે આહાર હોય છે.

ओजसादि—પુનઃ આહાર ઓજસ્ લોમ અને કવલ એમ ત્રણ પ્રકારનો છે; તેમાં પૂર્વભવમાંથી આવી ઉત્પન્ન થયા બાદ શરીર અપર્યાપ્તાવસ્થા સુધી જે તૈજસાદિ શરીર વડે આહાર ગ્રહણ કરાય છે તે **ओजस्**[1] **आहार** કહેવાય. ઉત્પન્ન થતાં પ્રથમ સમયે માત્ર તૈજસ અને કાર્મણ દેહવડે આહારગ્રહણ થાય, અને બીજા સમયથી શરીર અપર્યાપ્તાવસ્થા સુધી ઔદારિકાદિ ભવધારણીય દેહ સહિત તૈજસકાર્મણ દેહવડે આહાર ગ્રહણ થાય છે, માટે મિશ્રયોગે ગ્રહણ તેપણ ઓજસ્ આહાર કહેવાય. તથા શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ જે ઔદારિકાદિ ભવદેહના પ્રયત્ન વડે ગ્રહણ કરાતો આહાર **लोम**[2] **आहार** કહેવાય, તેમજ દેહે તૈલાદિકનું મર્દન કરવાથી અથવા બીજી રીતે શરીર દ્વારે જે આહારનું ગ્રહણ થાય તે પણ લોમ આહાર કહેવાય. તેમજ કોળીયા પૂર્વક ગળા દ્વારે અથવા નાક દ્વારા યા ગુદાદિ દ્વારા આહારનું ગ્રહણ તે **कवलाहार**. દેવ, નારક અને એકેન્દ્રિયોને કવલા-

૧ ઓજસ્ એટલે દેહયોગ્ય પુદ્ગલો અથવા તૈજસ શરીર.
૨ લોમ=ત્વચા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાર સિવાયના બે આહાર અને મનુષ્ય અને તિર્યંચને ત્રણે આહાર હોય.

आभोगादि—પુન: આહાર, આભોગ અને અનાભોગ એમ બે પ્રકારનો છે, તેમાં "આહાર ગ્રહણ કરૂં" એવી બુદ્ધિ પૂર્વક-ઉપયોગથી આહાર ગ્રહણ કરવો તે **आभोगिक आहार** મનુષ્ય, તિર્યંચ અને નારકને અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ કહ્યો છે, કારણકે મનુષ્યાદિકને આહારગ્રહણનો કાળ ઘણો છે તોપણ આહારગ્રહણ સંબંધિ ઉપયોગ અન્તર્મુહૂર્ત્ત કાળ સુધીજ ટકે છે, ત્યારબાદ ભિન્ન ઉપયોગ થાય છે. તથા દેવને શ્રી પ્રજ્ઞાપનાજીમાં અનેક દિવસને અન્તરે આભોગિક આહાર કહ્યો છે. તેમજ ઉપયોગ રહિતપણે આહારગ્રહણ થાય તે **अनाभोगिक आहार** કહેવાય. તેમાં એકેન્દ્રિયોનો ઓજસ્ અને લોમાહાર બન્ને અનાભોગિક છે, બીજા જીવોને ઓજસ્ આહાર અનાભોગિકજ હોય, તેમજ લોમાહાર અને કવલાહાર આભોગિક હોય અને અનાભોગિક પણ હોય.

પુન: દેવો જે સમયે આહારની ઈચ્છા કરે તેજ સમયે શુભ પુદ્ગલો દેવોના શરીરમાં સંચરી આહારપણે પરિણમી તુષ્ટિ-પુષ્ટિ-પ્રમોદકારી થાય છે, તેથી દેવોનો આહાર **मनोभक्षी** કહેવાય છે; અને નારક જીવોને સદાકાળ આહારઇચ્છા કાયમ રહે છે અને પ્રતિસમયે અશુભ પુદ્ગલો નારકદેહમાં સંચરી આહારપણે પરિણમી અતિ સંતાપદાયક થાય છે, એ કારણથી નારકનો આહાર મનોભક્ષી તરીકે કહ્યો નથી.

अनाहारकता—પૂર્વભવમાંથી જીવો જ્યારે વક્રગતિએ[1] માર્ગમાં આવતા હોય તે વખતે જીવને અનાહારિપણું હોય છે. કારણકે માર્ગમાં ઔદારિકાદિ ભવધારણીય પુદ્ગલોનું ગ્રહણપણું નથી, અને કાર્મણ પુદ્ગલોનું ગ્રહણ થાય છે પણ તે કાર્મણ પુદ્ગલોના ગ્રહણને આહાર તરીકે અહિં કહેવાનો નથી, માટે માર્ગમાં

---

૧ ઋજુગતિએ પરભવમાં જતા જીવો આહારી હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનાહારકતા હોય છે. તેમાં વક્રગતિ ચાર પ્રકારની છે, અને અનાહારકતા ત્રણ પ્રકારની છે તે નીચે પ્રમાણે છે.

ઉદાહરણ તરીકે ત્રસનાડીમાં ઉર્ધ્વલોકની પૂર્વ દિશાથી અધો લોકની પશ્ચિમ દિશામાં જીવ ઉત્પન્ન થાય ત્યારે બે સમય કાળ લાગે, કારણકે પ્હેલે સમયે સમશ્રેણિએ નીચે જાય, અને બીજે સમયે પશ્ચિમ દિશાએ વળી ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થાય, એ **एकवक्रा** ગતિમાં પણ જીવ અનાહારી ન હોય. તથા ઉર્ધ્વલોકના ખૂણામાંથી અધોલોકના ખૂણામાં ઉત્પન્ન થવું હોય તો પ્હેલે સમયે સમશ્રેણિએ નીચે ખૂણામાં જાય, બીજે સમયે નીચે ખૂણામાંથી નિકળી દિશાઓમાં પ્રવેશ કરે અને ત્રીજે સમયે દિશામાંથી નિકળી ખૂણામાં ઉત્પન્ન થાય, એ ત્રણ સમયની **द्विवक्रा** ગતિમાં મધ્યમ (બીજે) સમયે જીવ અનાહારી હોય; એ બન્ને વક્રગતિ ત્રસનાડીમાં વર્તતા જીવોને હોય. ત્રિવક્રા અને ચતુર્વક્રા એ બે ગતિ ત્રસનાડી બહાર રહેનારા એકેન્દ્રિયોને હોય, ત્યાં ઉર્ધ્વલોકના ખૂણામાંથી અધોલોકની દિશામાં ઉત્પન્ન થવું હોય તો પ્રથમ સમયે ઉર્ધ્વલોકના ખૂણામાંથી ઉર્ધ્વલોકની દિશામાં જાય પણ વચ્ચે અલોક આવી જવાથી પ્હેલે સમયે જીવ નીચે ન ઉતરી શકે, ત્યારબાદ બીજે સમયે દિશામાંને દિશામાં ત્રસનાડીની અંદર દાખલ થાય, ત્રીજે સમયે નીચે દિશામાં ઉતરે, અને ચોથે સમયે ત્રસનાડીથી બહાર દિશામાં રહેલા ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થાય. એ ચાર સમયની **त्रिवक्रा** ગતિમાં મધ્યમ બે સમયે (બીજે ને ત્રીજે સમયે) અનાહારીપણું હોય. તથા ઉર્ધ્વલોકે ત્રસનાડી બહારના ખૂણામાંથી અધોલોકે ત્રસનાડી બહારના ખૂણામાં ઉત્પન્ન થવું હોય તો પ્હેલે સમયે ઉર્ધ્વલોકે ખૂણામાંથી દિશામાં આવે, બીજે સમયે દિશામાંને દિશામાં ત્રસનાડીની અંદર દાખલ થાય, ત્રીજે સમયે દિશામાં નીચે ઉતરે, ચોથે સમયે ત્રસનાડી બહાર દિશામાં આવે અને પાંચમે સમયે ત્રસનાડી બહારની દિશામાંથી નિકળી ત્રસનાડી બહારના ખૂણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્પત્તિસ્થાને દાખલ થાય. એ પાંચ સમયની चतुर्वक्रा ગતિમાં મધ્યમના ત્રણ સમયે અનાહારીપણું હોય. એ પ્રમાણે ત્રસ જીવોને એક સમય અનાહારીપણું અને સ્થાવરોને એક, બે અને ત્રણ સમય અનાહારીપણું વક્ર ગતિમાં[1] હોય છે.

તથા કેવળી ભગવાન સમુદ્ઘાત કરે તેમાં આઠ સમય કાળ લાગે છે, તેમાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કેવળિને પણ અનાહારીપણું હોય છે. તથા ચૌદમા ગુણસ્થાને રહેલા કેવળિ ભગવાનને યોગનો અભાવ હોવાથી આહારનો પણ અભાવ છે. અને શ્રી સિદ્ધ ભગવંતો સર્વદા અનાહારીજ છે.

(૧૬) ગુણસ્થાન ૧૪—આત્માના સર્વજઘન્ય ગુણથી સર્વોત્કૃષ્ટ ગુણ સુધીમાં જે ચૌદ વિભાગ પડે છે તે દરેક ગુણવિભાગનું નામ **गुणस्थान** છે. તેમાં મિથ્યાત્વાદિ ચૌદ નામ સંક્ષિપ્ત સ્વરૂપ સહિત કહેવાય છે—

१ मिथ्यात्व—મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધિ ક્રોધ, માન, માયા અને લોભ એ પાંચ કર્મના ઉદયથી આત્માને વસ્તુતત્વનું જે વિપરીત સ્વરૂપ સમજાય છે, પણ યથાર્થ વસ્તુસ્વરૂપ સમજી શકાતું નથી તે મિથ્યાત્વ.

२ सास्वादन-ઉપશમ સમ્યક્ત્વથી પડતાં જીવને જે મિથ્યાત્વાભિમુખગમનરૂપ પરિણામ થાય છે તે પરિણામ સાસ્વાદન કહેવાય. અથવા અનંતાનુબંધિ કષાયના ઉદયથી દૂષિત થયેલું બાકીનું એટલે એક સમયથી યાવત્ છ આવલિકા સુધીનું જે ઉપશમ સમ્યક્ત્વ તે સાસ્વાદન. વિશેષ વિવેચન સાસ્વાદન સમ્યક્ત્વના અર્થ પ્રસંગે કહ્યું છે ત્યાં જોવું.

३ मिश्र—સતધર્મ ઉપર રૂચિ નહિ તેમ અરૂચિ પણ નહિ એવો મધ્યમ પરિણામ તે મિશ્ર ગુણસ્થાન. આ ગુણસ્થાન

---

૧ ઉપરોક્ત વક્રગતિની રીત સિવાય બીજી અનેક રીતે વક્રગતિઓ થાય છે તે બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિથ્યાત્વથી ચઢતા અને ક્ષયોપશમ સમ્યક્ત્વથી પડતા જીવને મિશ્ર મોહનીય કર્મના ઉદયથી હોય છે. એ સંબંધિ કંઈક વિશેષ વિગત મિશ્ર સમ્યક્ત્વના અર્થપ્રસંગે કહી છે.

૪ **अविरत (सम्यकृत्व)**—મિથ્યાત્વાદિક મોહનીય અને ચાર અનંતાનુબંધિ એ સાત કર્મના ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષયથી[૧] આત્માને યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવારૂપ જે શ્રદ્ધા ગુણ પ્રગટ થાય છે તે સમ્યક્ત્વ ગુણસ્થાન. એ સંબંધિ કંઇક વિશેષ વિગત સમ્યક્ત્વદ્વારના અર્થપ્રસંગે કહી છે. આ શ્રદ્ધા ગુણવાળો આત્મા વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજી શકે છે ખરો, પણ ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરવો અને આદરવા યોગ્ય વસ્તુનો આદર કરવો, એવી સમ્યક્પ્રવૃત્તિ કરી શકતો નથી, કારણકે પૈદ્ગલિક વસ્તુઓ ઉપરથી તેવી હદમાં મુર્ચ્છાભાવ ઉતર્યો નથી. માટે સમ્યક્દ્રષ્ટિ છે, પણ વ્રત નિયમ રહિત હોવાથી અવિરત કહેવાય છે, માટે એ ગુણસ્થાનનાં સમ્યક્ત્વ અને અવિરત એવાં બન્ને નામ છે.

૫ **देशविरत**—પૈદ્ગલિક વસ્તુનો સર્વાંશે ત્યાગ કરે એવો મોહ ન ઉતર્યો હોય, પણ અમુક અમુક અંશે પૈદ્ગલિક પદાર્થનો ત્યાગ કરવા જેટલો મોહ અલ્પાંશે ઉતર્યો હોય તેવા પ્રકારના મોહને પ્રત્યાખ્યાની કષાય કહેવામાં આવે છે. એ પ્રત્યાખ્યાની કષાયના ઉદયથી જીવને જે વ્રત નિયમનો પરિણામ અલ્પાંશે થાય છે તે દેશવિરતિ કહેવાય. એનું કંઈક વિશેષ સ્વરૂપ દેશવિરતિ ચારિત્રના અર્થપ્રસંગે કહ્યું છે ત્યાંથી જાણવું.

૬ **सर्वविरत-प्रमत्त**—પૂર્વોક્ત પ્રત્યાખ્યાની કષાયનો ઉદય ટળી જાય, ત્યારે આત્માને સર્વાંશે વ્રત નિયમ અંગીકાર કરવાનો જે પરિણામ થાય તે સર્વવિરત ગુણસ્થાન. પુનઃ આ ગુણસ્થાને

---

૧ પરન્તુ ક્ષયોપશમસમ્યક્ત્વ સમ્યક્ત્વમોહનીયના ઉદયથી થાય છે એ વિશેષ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવ સર્વાંશે આદરવા યોગ્ય વસ્તુનો આદર અને ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરે છે, પણ દર્શનાવરણી કર્મ તથા સંજવલન કષાયનો ઉદય હોવાથી નિદ્રા વિગેરે પ્રમાદભાવ હોય છે. પ્રમાદ પાંચ પ્રકારનો છે; મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. તેમાં સર્વ સંસારથી વિરક્ત થયેલ મુનિમહાત્માને સંજવલન કષાયનો ઉદય હોવાથી કંઈક ગર્વ, પાંચ ઇન્દ્રિયોને અનુકૂળ પદાર્થ મળવાથી પ્રમોદ, તથા પ્રતિકૂળ પદાર્થ મળવાથી વિષાદભાવ, કંઈક ક્રોધ, માન, પ્રપંચ, તૃષ્ણારૂપ કષાય તેમજ રાજકથા, દેશકથા, ભક્તકથા, અને સ્રીકથારૂપ નકામી વિકથાઓ કરવામાં પ્રમોદભાવ, વળી દર્શનાવરણી કર્મના ઉદયથી નિદ્રા પણ હોય છે. એ પ્રમાણે પાંચે પ્રમાદયુક્ત હોવાથી આ ગુણસ્થાન **प्रमत्त** પણ કહેવાય છે.

પ્રશ્નઃ—સંસારથી વિરક્ત થયેલા અને સર્વાંશે વ્રત નિયમને અંગીકાર કરી મોક્ષ માર્ગને સાધવામાંજ તત્પર એવા મુનિમહાત્માઓને એ વિષયકષાયાદિ હોય ? અને જો હોય તો સર્વ સંસારનો ત્યાગ શું ગણાય ?

ઉત્તર—એ વાત સત્ય છે. પણ કર્મનો ઉદય કોઈને કાબુમાં નહિ હોવાથી મુનિમહાત્માઓને પણ જ્યાંસુધી કષાયોદય છે ત્યાં સુધી તેવા અલ્પ વિષયો તથા કષાયો સંભવે છે, વળી જીવપરિણામ ચપળ હોવાથી પરિણામમાં ન્યૂનાધિકતા થવાથી કષાયની પણ ન્યૂનાધિકતા થાય છે, એ પ્રમાણે હોવાથી એકન્દર રીતે તપાસીએ તો તે દીક્ષા અંગીકાર કરેલ આત્માનું લક્ષ્યબિંદુ મોક્ષમાર્ગની અવિરાધના તરફ હોય તો વાસ્તવિક રીતે મુનિ કહી શકાય, પરન્તુ જેનું લક્ષ્ય મોક્ષમાર્ગ તરફ ગુણવૃદ્ધિવાળું ન હોય, તેવા આત્માઓને તો બાહ્યથી સર્વવિરતિપણું કહેવાય પણ વાસ્તવિક રીતે કહેવાય નહિ. વળી કષાયાદિનો જેટલે અંશે અભાવ હોય તેટલે અંશે તેવા મુનિઓને આગળનાં ઉપશમ મોહાદિ ગુણસ્થાનોની પ્રાપ્તિ હોય છે, અને તેથી પ્હેલાંના સર્વ ગુણસ્થાનવાળા મુનિમહાત્માઓને થોડે ઘણે અંશે વિષય કષાયાદિ જરૂર રહ્યા છે, અને તે કારણથી જ મુનિના બકુશ, કુશીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિગેરે ભેદ સંભવે, અને આર્ત્તધ્યાન પણ એ છઠ્ઠા ગુણસ્થાને હોય છે, તેમજ છઠ્ઠે ગુણસ્થાને મુનિને કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યાઓ પણ હોય છે, માટે વિચારવંત પુરૂષે મુનિને કંઈક રાગી, દ્વેષી દેખી ક્ષોભ[1] ન પામવો.

૭ अप्रमत्त—પૂર્વોક્ત વિષય-કષાયાદિ પાંચ પ્રકારના પ્રમાદ રહિત શુદ્ધ આત્મપરિણામ તે અપ્રમત્ત ગુણસ્થાન કહેવાય. આ ગુણસ્થાનમાં આત્મા શુભધ્યાન (ધર્મધ્યાન)વાળો હોય છે, પરંતુ તેનો કાળ અન્તર્મુહૂર્ત્ત માત્ર હોવાથી આત્મા તુર્ત પુનઃ પ્રમાદ-ભાવવાળો થઈ જાય છે, પણ છઠ્ઠા ગુણસ્થાન કરતાં આ સાતમા ગુણસ્થાનવાળો આત્મા વિશેષ વિશુદ્ધ પરિણામવાળો હોય છે.

૮ अपूर्वकरण—પૂર્વે નહિ પ્રાપ્ત થયેલ અતિ વિશુદ્ધ પરિણામ જે ગુણસ્થાને જીવને પ્રાપ્ત થાય તે ગુણસ્થાન અપૂર્વકરણ કહેવાય. આ ગુણસ્થાન એક ભવમાં બીજીવાર પણ પ્રાપ્ત થાય છે, અને આખા ભવચક્રમાં પાંચવાર[2] પ્રાપ્ત થાય છે તોપણ

---

૧ કેટલાએક ગૃહસ્થો મુનિમહારાજને વસ્ત્ર, પાત્ર, પુસ્તક અને શિષ્ય વિગેરે ઉપર મમત્વભાવવાળા દેખી પોતે તિરસ્કાર કરે છે, અને આ તે સાધુ કહેવાય! સાધુ થયા તોએ રાગ દ્વેષ તો ગયા નહિ! ત્યારે આ કરતાં ગૃહસ્થપણું શું ખોટું? વિગેરે અનેક દુર્વચનોથી પોતાના આત્માને કલુષિત કરે છે પણ તેવા કરૂણાપાત્ર જીવોએ જાણવું જોઇએ કે મુનિમહારાજ થતા વારમાં જ રાગદ્વેષ ટળી જાય તેમ બને નહિ, મુનિપણામાં તો હજી પ્રશસ્ત રાગદ્વેષ રહ્યા છે અને તે ટાળવાનો અભ્યાસ ચાલે છે, માટે એ પ્રમાણે વિચારી પોતાના આત્માને કલુષિત-મલિન કરવો નહિ. સંસારની અનેક ઉપાધિઓ ત્યાગી મુનિપણું અંગીકાર કરવું બહુ મુશ્કેલ છે, વસ્ત્ર, પાત્ર, શિષ્યાદિપર મમત્વભાવ, જો કે વાસ્તવિક રીતે મોક્ષમાર્ગમાં વિઘ્નકર્તા છે, પણ સ્ત્રી, ધન, પુત્રપરિવારના સંસારી રાગ કરતાં એમાં ઘણો જ તફાવત છે, અને તેથી મુનિપણું ચાલ્યું જાય, અને એ કરતાં ગૃહસ્થપણું સારૂં માનવું એ તદ્દન ગેરવ્યાજબી છે.

૨ ઉપશમશ્રેણિ ચાર વાર અને ક્ષપકશ્રેણિ એક વાર પ્રાપ્ત કરતાં એ ગુણસ્થાનરૂપ અપૂર્વકરણ પાંચવાર પ્રાપ્ત થાય, અને સામાન્ય અપૂર્વકરણ અનેકવાર પ્રાપ્ત થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની દુર્લભતાને લીધે અપૂર્વ કહેવાય છે. અથવા જે ગુણસ્થાનમાં અપૂર્વ એટલે પૂર્વે નહિ પ્રાપ્ત થયેલી અને દુર્લભ એવી સ્થિતિ-ઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અપૂર્વ સ્થિતિબંધ એ પાંચ ક્રિયાઓ પ્રવર્તે તે અપૂર્વકરણ ગુણસ્થાન કહેવાય. અહિં પ્હેલા અર્થમાં **करण** એટલે "આત્માનો પરિણામ" અને બીજા અર્થમાં **करण** એટલે "ક્રિયા" અર્થ થાય છે. ત્હેમાં કર્મની દીર્ઘ સ્થિતિને અપવર્તનાકરણરૂપ ક્રિયાવિધિવડે અગ્રભાગથી થોડો થોડો ભાગ (ઉત્કૃષ્ટથી ઘણા સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ જેટલો ભાગ) એકેક અન્તર્મુહૂર્તકાળે વિનાશ પમાડતો પમાડતો કર્મની સ્થિતિ ટુંકી-નાની કરે તે **स्थितिघात** કહેવાય. આ સ્થિતિઘાત પૂર્વે બાંધેલા સત્તાગત કર્મની સ્થિતિનો થાય, પણ તે સમયે નવી બંધાતી સ્થિતિનો ન થાય. આ અપૂર્વકરણ પ્હેલાં પણ આત્મા કોઇ વખતે ટુંકી તો કોઇ વખતે દીર્ઘ એમ અનિયમિત સ્થિતિ કરે છે પણ અહિં અપૂર્વકરણના પ્રારંભથી તો એવો નિયમજ છે કે દરેક નાના અન્તર્મુહૂર્ત્ત કાળમાં એકેક સ્થિતિખંડ વિનાશ પમાડી અપૂર્વકરણના અન્તર્મુહૂર્ત્તમાં અનેક હજારો સ્થિતિખંડ વિનાશજં પમાડે, એ આત્માના શુભ અધ્યવસાયનું કાર્ય છે. પુનઃ અગ્રભાગનો સ્થિતિખંડ જે ઉપાડે તે પણ ઉપાડેલા સ્થિતિખંડમાંના દરેક સમયમાંથી થોડા થોડા પરમાણુઓ ઉપાડે પણ એકે સમયે સર્વ પરમાણુ ઉપાડે નહિ. પુનઃ તે દરેક સમયમાંથી થોડા થોડા પરમાણુઓને ઉપાડી તેની શું વ્યવસ્થા કરે? એમ જો પ્રશ્ન થાય તો સમાધાન એ છે કે નીચેનો જે સ્થિતિવિભાગ ખંડિત નથી થવાનો તે સ્થિતિવિભાગમાં ઉદય સમયથી અન્તર્મુહૂર્ત્ત-પર્યન્ત ગત દરેક સમયના પરમાણુઓ સાથે મેળવી દે કે જેથી કરીને તે ઘણે કાળે ભોગવવા યોગ્ય પરમાણુઓ હવે અલ્પકાળમાં ભોગવાઇ જશે. પુનઃ શંકા થાય કે સ્થિતિ એટલે કર્મનો કાળ, અને કાળ તે અરૂપી છે, તો અરૂપી એવા કાળનો ઘાત શી રીતે થાય? એ સંબંધમાં સમાધાન એજ છે કે વાસ્તવિક રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળનો ઘાત નથી પરન્તુ અમુક કાળનિયમવાળા પરમાણુઓનો ઘાત તેજ કાળનો ઘાત ગણી સ્થિતિઘાત કહી શકાય છે.

પૂર્વે બંધાયલા સત્તાગત કર્મના રસનો અનંતમો ભાગ બાકી રાખી શેષ અનંત ભાગોને અપવર્ત્તનાકરણરૂપ ક્રિયા વિધિવડે લઘુ અન્તર્મુહૂર્ત્ત જેટલા કાળમાં વિનાશ પમાડી પુનઃ વારંવાર એ પ્રમાણે કરી રસ ઘણો અલ્પ કરે તે **રસઘાત** કહેવાય. સ્થિતિઘાતમાં એક સ્થિતિખંડનો ઘાત કરતાં જેટલો કાળ લાગે તેટલા કાળમાં અનેક હજારવાર રસઘાત થઈ જાય છે, કારણકે અપૂર્વકરણના અન્તર્મુહૂર્ત્ત કરતાં સ્થિતિઘાતનું અન્તર્મુહૂર્ત્ત નાનું, અને સ્થિતિઘાતના અન્તર્મુહૂર્ત્ત કરતાં રસઘાતનું અન્તર્મુહૂર્ત્ત નાનું છે, માટે એક સ્થિતિખંડનો ઘાત કરતાં હજારો રસઘાત થઇ શકે છે. પુનઃ રસના એ હણાતા સ્પર્ધકો હણાતા સ્થિતિખંડમાંના સંભવે છે પણ આખી કર્મલતાના[1] નહિ, પુનઃ પરમાણુઓનો ઉત્પાટ[2]–પ્રક્ષેપાદિ વિધિ સ્થિતિઘાતને અનુસારે છે.

ગુણ એટલે અસંખ્ય ગુણ અસંખ્યગુણ કર્મપરમાણુઓનો **શ્રેણિ** એટલે અનુક્રમે પ્રતિસમય ઉદયમાં આણી ક્ષય કરવો તે ગુણશ્રેણિ કહેવાય. અર્થાત્ અપૂર્વકરણરૂપ પરિણામવડે દરેક સમયે પૂર્વ સમયથી પરસમયમાં અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ વૃદ્ધિએ (સ્થિતિઘાતવડે હણાતા સ્થિતિખંડમાંના) કર્મપરમાણુઓને ઉદયવિભાગવાળી નીચેની સ્થિતિમાં સ્થાપી ચાલતા ઉદયના અનુક્રમ પ્રમાણે ઉદયમાં આણી ક્ષય કરવા તે **ગુણશ્રેણિ** કહેવાય.

પ્રશ્ન:—ગુણશ્રેણિ વૈષાયિક કર્મપરમાણુઓ કયા ?

ઉત્તર:—હણાતા સ્થિતિખંડમાંના.

---

૧ એક સમયમાં બંધાયલી કર્મસ્થિતિને બુદ્ધિવડે અનુક્રમે સ્થાપતાં જે સમયોની પંક્તિ બને તે સમયપંક્તિનું નામ **લતા** કહેવાય.

૨ તે તે રસસ્પર્ધકવાળા પરમાણુઓને ઉપાડવા અને સ્થાપવા ઈત્યાદિ વિધિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશ્નઃ—હણાતા સ્થિતિખંડમાંના પરમાણુઓને કઇ વિધિથી ઉપાડે ?

ઉત્તરઃ—પ્રથમ સમયે દરેક સમયમાંથી થોડા થોડા પણ અનંત અનંત કર્મપરમાણુઓ ઉપાડે; બીજે સમયે પ્રથમ સમય કરતાં અસંખ્યગુણ પરમાણુઓ ઉપાડે, ત્રીજે સમયે તેથી પણ અસંખ્યગુણ પરમાણુઓ ઉપાડે; એ પ્રમાણે ચઢતી સંખ્યાએ અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મપરમાણુઓ ગુણશ્રેણિ ચાલુ રહે ત્યાંસુધી ઉપાડયા કરે.

પ્રશ્નઃ—એ વિધિએ પરમાણુઓને ઉપાડી ક્યાં લઇ જાય ?

ઉત્તરઃ—જે કર્મના પરમાણુઓ ઉપાડે છે તેજ કર્મના ઉદય આવવા યોગ્ય નીચેના સ્થિતિવિભાગમાં સ્થાપે.

પ્રશ્નઃ—તે સ્થિતિવિભાગનું પ્રમાણ કેટલું ?

ઉત્તરઃ—ઉદય સમયથી એક આવલિકા અને તેથી પણ આગળ એક અન્તર્મુહૂર્ત્ત જેટલું, અર્થાત્ ઉદયાવલિકા યુક્ત અન્તર્મુહૂર્ત્ત જેટલું.

પ્રશ્નઃ—તે ઉપાડેલા કર્મપરમાણુઓને ઉદય આવવા યોગ્ય નીચેના સ્થિતિભાગમાં કઇ વિધિએ પ્રક્ષેપે ?

ઉત્તરઃ—ઉદય સમયમાં અલ્પ પણ અનંત કર્મપરમાણુઓ પ્રક્ષેપે, તેથી આગળના બીજા સમયમાં તેથી અસંખ્યગુણ, તેથી આગળના ત્રીજા સમયમાં અસંખ્યગુણ; એ પ્રમાણે યાવત્ અન્તર્મુહૂર્ત્તના અન્ત સમય સુધી ચઢતી સંખ્યાએ અસંખ્ય ગુણ પરમાણુઓ પ્રક્ષેપે. એ પ્રથમ સમયે ઉપાડેલા પરમાણુઓનો પ્રક્ષેપવિધિ કહ્યો, અને એજ પ્રમાણે બીજા સમયે ઉપાડેલા પરમાણુઓનો પ્રક્ષેપવિધિ જાણવો, યાવત્ ગુણશ્રેણિ ચાલુ રહે ત્યાં સુધી દરેક સમયે ઉપાડેલા કર્મપરમાણુઓને એજ વિધિએ પ્રક્ષેપે. અહિં પાછળના સમય અનુક્રમથી જેમ જેમ ક્ષય પામતા જાય તેમ તેમ પરમાણુઓ જેમાં પ્રક્ષેપાય છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદયસ્થિતિવિભાગ ક્રમીં ક્રમી થતો જાય પણ આગળ વધતો જાય નહિ.

પ્રશ્ન:—એ પ્રમાણે અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ પરમાણુઓ પ્રક્ષેપવાથી શું ફળ?

ઉત્તર:—અપૂર્વકરણના પ્રથમ સમયે જેટલા પરમાણુઓ ઉદયમાં આવી નિર્જર્યાં હતા તેથી બીજે સમયે અસંખ્યગુણ પરમાણુઓ ઉદયમાં આવી નિર્જરે, તેથી પણ અસંખ્યગુણ પરમાણુઓ ત્રીજે સમયે નિર્જરે, એ પ્રમાણે અપૂર્વકરણાદિરૂપ વિશુદ્ધ પરિણામ જ્યાં સુધી વધતો ને વધતો રહે ત્યાં સુધી કર્મપરમાણુઓ પણ વધતા ને વધતા ઉદયમાં આવી ક્ષય પામતા જાય. અહિં આત્મવિશુદ્ધિ દરેક સમયે અનંતગુણ અનંતગુણ વધતી જાય તેમ તેમ કર્મપરમાણુઓ પણ અસંખ્યગુણ અસંખ્ય ગુણ ઉદયમાં આવી ક્ષય પામતા જાય. એ ગુણશ્રેણિનું ફળ છે.

પ્રશ્ન:—ગુણશ્રેણિ ક્યારે ક્યારે થાય?

ઉત્તર:—સમ્યક્ત્વપ્રાપ્તિ વિગેરે અગીયાર વખતે ગુણશ્રેણિ થાય છે, તે અપેક્ષાએ અગીયાર ગુણશ્રેણિ કહેવાય છે. તે અગીયાર ગુણશ્રેણિનું વિશેષ વર્ણન કર્મપ્રકૃત્યાદિ ગ્રંથથી જાણવું. પુન: શ્રી આચારાંગ સૂત્રમાં સમ્યક્ત્વની સાત ગુણશ્રેણિ અને દેશ વિરત્યાદિની ત્રણ ત્રણ વિગેરે વિગેરે રીતે છવીસ લગભગ ગુણશ્રેણિયો દર્શાવી છે. તે શ્રી આચારાંગ સૂત્રથી જાણવી.

પ્રશ્ન:—ચાલુ અપૂર્વકરણ ગુણસ્થાન સંબંધિ ગુણશ્રેણિ અગીયાર ગુણશ્રેણિમાંથી કઇ ગુણશ્રેણિ કહેવાય?

ઉત્તર:—ઉપશમક વા ક્ષપક એ બેમાંની કોઇપણ એક ગુણશ્રેણિ કહેવાય. કારણ કે ઉપશમશ્રેણિગત જીવને એ ગુણસ્થાને ઉપશમક ગુણશ્રેણિ, અને ક્ષપકશ્રેણિગત જીવને એ ગુણસ્થાને ક્ષપકગુણશ્રેણિ કહેવાય.

ગુણસંક્રમ—બંધાતી શુભ પ્રકૃતિમાં નહિ બંધાતી અશુભ પ્રકૃતિનાં પરમાણુઓ પ્રતિ સમય અસંખ્યગુણ અસંખ્યગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધિએ સંક્રમાવી પરપ્રકૃતિરૂપ કરી દેવાં તે **गुणसंक्रम** કહેવાય. ગુણશ્રેણિ અને ગુણસંક્રમ એ બેમાં *गुण* શબ્દનો અર્થ "અસંખ્ય ગુણ" જાણવો.

પ્રશ્ન:—ગુણસંક્રમથી સંક્રમાવેલાં કર્મપરમાણુઓ અન્ય કર્મરૂપે પરિણમીને પણ કર્મરૂપે તો રહ્યાં તો ગુણસંક્રમથી આત્માને કર્મક્ષય કરવા સંબંધિ શો લાભ થયો?

ઉત્તર:—ગુણસંક્રમ વડે સંક્રમતા પરમાણુઓ શુભ પ્રકૃતિરૂપે પરિણામે છે, અને બંધાતી શુભ પ્રકૃતિઓ આત્માના વિશુદ્ધ પરિણામની વૃદ્ધિમાં ઉપઘાતક નથી. એ પ્રમાણે વિશુદ્ધ પરિણામમાં ઉપઘાતક અશુભ કર્મના પરમાણુઓ ઓછા થવાથી આત્માને ગુણવૃદ્ધિમાં વધારવારૂપ લાભની પ્રાપ્તિ છે.

એ ગુણસંક્રમ કઈ કઇ પ્રકૃતિઓનો કઇ પ્રકૃતિઓમાં થાય છે, તે સંબંધિ વિશેષતા કર્મપ્રકૃત્યાદિ ગ્રંથથી જાણવી.

તથા અપૂર્વકરણથી પ્હેલાના વખતમાં આત્મા કર્મની સ્થિતિ કદાચ અધિક તો કદાચ હીન એમ અનિયમિતપણે બાંધતો હતો પણ હવે અપૂર્વકરણના પ્રથમ સમયથી તો દર અન્તર્મુહૂર્તે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન બાંધ્યા કરે, અર્થાત્ અપૂર્વકરણના કાળમાં પ્હેલા નાના અન્તર્મુહૂર્તમાં પ્રથમ કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિ બાંધ્યા કરે, ત્યારબાદ બીજા અન્તર્મુહૂર્તમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂનસ્થિતિ બાંધ્યા કરે; એ પ્રમાણે અપૂર્વકરણના કાળમાં હજારો નવા નવા સ્થિતિબંધ પ્રાપ્ત થાય. એ પ્રમાણે નિયમિત રીતે દર અન્તર્મુહૂર્તે ન્યૂન ન્યૂન સ્થિતિબંધ પ્રાપ્ત થવાથી એનું નામ **अपूर्व स्थितिबंध** અથવા **अभिनव स्थितिबंध** અથવા **अन्य स्थितिबंध** કહેવાય છે.

પ્રશ્ન:—એ પ્રમાણે ન્યૂન ન્યૂન સ્થિતિ બાંધવાનું કારણ શું?

ઉત્તર:—શુભાયુષ્ય સિવાય સર્વ કર્મની સ્થિતિઓ બંધાવામાં કષાયની મુખ્યતા છે, એટલે કષાય અધિક હોય તો અધિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિતિ બંધાય અને કષાય ન્યૂન હોય તો ન્યૂન સ્થિતિ બંધાય, માટે આ અપૂર્વકરણમાં આત્મપરિણામની વિશુદ્ધિ હોવાથી કષાય મંદ મંદ થતો જાય છે, તેથી સ્થિતિ પણ કમી કમી બંધાતી જાય છે. અને શુભાયુષ્યની સ્થિતિમાં કષાયની મુખ્યતા નહિ પણ વિશુદ્ધિની મુખ્યતા હોવાથી અધિક વિશુદ્ધિએ અધિક શુભાયુષ્યસ્થિતિ બંધાય છે. અને અલ્પ વિશુદ્ધિએ શુભાયુષ્યની અલ્પસ્થિતિ બંધાય છે.

એ પ્રમાણે પાંચે કરણો અહિં અપૂર્વ કરવાથી આ ગુણસ્થાનનું નામ **अपूर्वकरण** યથાર્થ છે. પુનઃ આ ગુણસ્થાનનું બીજું નામ **निवृत्ति बादर संपराय** છે; નિવૃત્તિ એટલે અધ્યવસાયોની તારતમ્યતા–ફેરફારી આ ગુણસ્થાને છે, એટલે આ ગુણસ્થાનના પ્રથમાદિ સમયમાં અનેક જીવો વર્તતા હોય તો તે દરેક જીવના અધ્યવસાય જુદા જુદા હોય પણ સરખા ન હોય[1]. માટે **निवृत्ति**, અને અહિં **संपराय** એટલે કષાય પણ **बादर** એટલે સ્થૂળ છે તેથી આ ગુણસ્થાનનું "નિવૃત્તિ બાદર સંપરાય" નામ પણ યથાર્થ છે.

---

૧ ભાવાર્થ એ છે કે અપૂર્વકરણના પ્રથમ સમય કરતાં બીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ, તેથી ત્રીજા સમયની વિશુદ્ધિ અનંતગુણ, તેથી ચોથા સમયની વિશુદ્ધિ અનંતગુણ, એ પ્રમાણે અપૂર્વકરણના અન્ત સમય સુધી પૂર્વ સમય કરતાં પર સમયમાં અનંતગુણ વિશુદ્ધિ જાણવી. એ ઉર્ધ્વાધઃ વિશુદ્ધિ કહી; હવે તિર્યગ્વિશુદ્ધિ આ પ્રમાણે–અપૂર્વકરણના પ્રથમ સમયે પ્રાપ્તથયેલા અનેક જીવો સર્વે સરખા અધ્યવસાયવાળા ન હોય પણ હીનાધિક અધ્યવસાયવાળા હોય, અર્થાત્ ધારો કે અપૂર્વકરણના પ્રથમ સમયમાં અસંખ્ય જીવો ત્રણે કાળની અપેક્ષાએ પ્રાપ્ત થાય તો દરેકના અધ્યવસાયો ભિન્ન ભિન્ન પણ હોઇ શકે, એ પ્રમાણે દ્વિતીય સમયમાં વર્તતા અનેક જીવોના અધ્યવસાયો પણ ભિન્ન ભિન્ન હોઇ શકે. યાવત્ એવી તિર્યગ્વિષમતા અપૂર્વકરણના અન્ત સમય સુધી જાણવી, એ તિર્યગ્ વિષમતાને અંગેજ એ ગુણસ્થાનનું નામ **निवृत्तिकरण** કહી શકાય, પણ ઉર્ધ્વાધઃ વિશુદ્ધિને અંગે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯ **अनिवृत्ति करण—निवृत्ति** એટલે અધ્યવસાયોની વ્યાવૃત્તિ અર્થાત્ ફેરફારી તે જેમાં નથી એવા **करण** એટલે આત્મપરિણામવાળું જે ગુણસ્થાન તે **अनिवृत्तिकरण** ગુણસ્થાન કહેવાય. કારણકે આ ગુણસ્થાનના પ્રથમ સમયમાં અનેક જીવો વર્ત્તતા હોય તો તે દરેકના અધ્યવસાય એક સરખા હોય છે, બીજા સમયમાં વર્ત્તતા અનેક જીવોના અધ્યાવસાય પણ સર્વના એક સરખા હોય છે; આ પ્રમાણે અનિવૃત્તિ ગુણસ્થાનના જેટલા સમય તેટલા સમય સુધી તિર્યગ્[2] અધ્યવસાયો સર્વ જીવોના

---

૨. અપૂર્વ અથવા અનિવૃત્તિ કરણના અન્તર્મુહૂર્ત્ત કાળના અસંખ્ય સમયોને અનુક્રમે નંબરવાર ઉર્ધ્વાધઃ સ્થાપીએ, અને તે દરેક નંબરની સામે જીવોની સંખ્યા તીર્ચ્છીપંક્તિએ સ્થાપીએ, ત્યારબાદ ઉર્ધ્વાધઃ સ્થાપેલા દરેક સમયોની પરસ્પર વિશુદ્ધિ તપાસીએ તો અનંતગુણ હીનાધિક માલુમ પડે, અને દરેક સમયવર્ત્તિ તીર્ચ્છીપંક્તિએ સ્થાપેલા જીવોની વિશુદ્ધિ તપાસીએ તો અપૂર્વકરણમાં ગમે તે એક સમયવર્ત્તિ જીવોમાં પરસ્પર ભિન્ન ભિન્ન વિશુદ્ધિ હોય, અને અનિવૃત્તિમાં ગમે તે એક સમય વર્ત્તિ જીવોમાં પરસ્પર એક સરખી વિશુદ્ધિ હોય. સ્થાપના નીચે પ્રમાણે—

અપૂર્વકરણમાં.

સમયો	જીવો.
૧	ooooooooooo
૨	ooooooooooo
૩	ooooooooooo
૪	ooooooooooo
૫	ooooooooooo

અનિવૃત્તિકરણમાં.

સમયો	જીવો.
૧	oooooooooo
૨	oooooooooo
૩	oooooooooo
૪	oooooooooo
૫	oooooooooo

પુનઃ જીવોના અધ્યવસાયોની સ્થાપના વિચારીએ તો અપૂર્વકરણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુલ્ય હોય, અને ઉર્ધ્વાધઃ અધ્યવસાયો અનંતગુણ હીનાધિક હોય, એ પ્રમાણે તિર્યગ્ અધ્યવસાયોની તુલ્યતાને અંગે આ ગુણસ્થાનનું નામ **अनिवृत्तिकरण** યથાર્થ છે. અથવા આ ગુણ-સ્થાનનું બીજું નામ **बादर संपराय** છે, કારણકે સ્થૂળ કષાય આ ગુણસ્થાન સુધીજ છે, પણ આગળ સ્થૂળ કષાય નથી, માટે

અધ્યવસાયોની વિષમતા દરેક સમયમાં અનુક્રમે અધિક અધિક છે, ત્યાં અપૂર્વકરણના પ્રથમ સમયમાં અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્ય વસાયો છે, બીજા સમયમાં તેથી વિશેષાધિક છે, ત્રીજા સમયમાં તેથી વિશેષાધિક છે. એ પ્રમાણે વિશેષાધિકતા અપૂર્વકરણના અન્ત સમય સુધી જાણવી. અહિં અધ્યવસાયો કહો ચાહે અધ્યવસાયોની વિષમતા કહો તો પણ વાસ્તવિક રીતે બન્ને સરખા વક્તવ્યરૂપે છે. એ પ્રમાણે અપૂર્વ કરણમાં આગળ આગળના દરેક સમયમાં અધ્યવસાયની વિષમતા અધિક અધિક હોવાથી અપૂર્વકરણના અધ્યવસાયોની સ્થાપના વિષમ ચોરસ થાય, અને અનિવૃત્તિકરણમાં દરેક સમયમાં સર્વ જીવોનો એકેક અધ્ય-વસાય છે, તેથી અનિવૃત્તિના જેટલા સમય તેટલા અધ્યવસાય છે, પરન્તુ પહેલા સમયના અધ્યવસાય કરતાં બીજા સમયનો અધ્યવસાય અનંત ગુણ વિશુદ્ધ હોય છે. માટે એ અનિવૃત્તિના અધ્યવસાયોની સ્થાપના અનુક્રમે મોટા મોટા મોતીના એકાવલી હાર સરખી છે. તે નીચે પ્રમાણે—

અપૂર્વકરણ.



અનિવૃત્તિકરણ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થળ કષાયની અન્તિમ હદની મુખ્યતાએ **बादर संपराय** નામ પણ યથાર્થ છે.

૧૦ **सूक्ष्म संपराय**—પૂર્વે બાદર કષાય હતો ને હવે આ સ્થાને સૂક્ષ્મ કષાય છે, માટે આ ગુણસ્થાનનું નામ **सूक्ष्म संपराय** છે. વળી સૂક્ષ્મ કષાય છે તે શું બંધરૂપે છે ? કે ઉદયરૂપે છે? કે ઉદીરણા-રૂપે છે ? કે સત્તારૂપે છે ? કે ચારે રૂપે છે ? એમ જો પૂછતા હો તો કહ્યું છે કે અહિં કષાયનો બંધ છેજ નહિ, કારણકે કષાયનો બંધ બાદર કષાયના ઉદયથી હોય છે, અને અહિં બાદર કષાયનો ઉદય નથી માટે કષાયનો બંધ છે નહિ, તેમ સૂક્ષ્મ સંપરાયનો ઉદય, ઉદીરણા અને સત્તા એ ત્રણ છે, તેમાં પણ સૂક્ષ્મ કષાયના ઉદય માત્રની મુખ્યતાએજ આ ગુણસ્થાન સૂક્ષ્મ સંપરાય કહેવાય છે.

પ્રશ્ન:—આ ગુણસ્થાને સ્થૂળ કષાયની ઉદીરણા તથા સત્તા છે કે નહિ ?

ઉત્તર:—સ્થૂળ કષાયનો ઉદય નહિ હોવાથી ઉદીરણા પણ ન હોય, કારણકે દરેક કર્મની ઉદીરણા ઉદયને આધીન છે, એટલે જ્યારે કર્મનો ઉદય પ્રવર્ત્તે ત્યારેજ ઉદીરણા પ્રવર્ત્તે પણ ઉદય વિના એકલી ઉદીરણા પ્રવર્ત્તે નહિ, અને ઉદય તો ઉદીરણા વિના પણ હોય. પુનઃ સ્થૂળ કષાયની સત્તા ક્ષપક જીવના સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને ન હોય, અને ઉપશમક જીવના સૂક્ષ્મ સંપરાય ગુણ સ્થાને હોય.

પ્રશ્ન:—કષાયના પચ્ચીસ ભેદમાંથી આ ગુણસ્થાને કયા કયા સૂક્ષ્મ કષાયોનો ઉદય હોઇ શકે ?

ઉત્તર:—ફક્ત સૂક્ષ્મ લોભ કષાયનોજ ઉદય હોય, બીજાનો નહિ.

પ્રશ્ન:—જ્યારે આ ગુણસ્થાનમાં સૂક્ષ્મ કષાયનો ઉદય છે તો એ કષાયની સૂક્ષ્મતા જીવે કયે વખતે કરી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તરઃ—અનિવૃત્તિ ગુણસ્થાનમાં વર્ત્તતી વખતે લોભ કષાયને સૂક્ષ્મ કર્યો છે, તે સૂક્ષ્મ કરેલા લોભ કષાયનું આ ગુણસ્થાનમાં વેદન હોય છે.

પ્રશ્નઃ—ફક્ત લોભનેજ સૂક્ષ્મ કરે, અને બીજા કષાયોને સૂક્ષ્મ ન કરે તેનું કારણ શું ?

ઉત્તરઃ—કષાયનો ઉદય વિચ્છેદ કરતાં કરતાં જે કષાયનો જેટલો ભાગ છેલ્લી વખતે રહી જાય તે કષાયનો તેટલોજ ભાગ કિટ્ટિકરણરૂપ આત્મપરિણામવડે સૂક્ષ્મ થઈ જાય, અને ત્યાર બાદ ઉદયમાં આવે, માટે અનિવૃત્તિના છેલ્લા ભાગમાં માત્ર લોભ કષાયજ બાકી રહ્યો હોય છે, જેથી તેનીજ કિટ્ટિ થઇ સૂક્ષ્મ થાય છે.

પ્રશ્નઃ—કષાયની કિટ્ટિ થવી અથવા સૂક્ષ્મ થવું તે શું ?

ઉત્તરઃ—લોભના રસસ્પર્ધકો અને વર્ગણાઓ જે પ્રથમ અનુક્રમે એકાધિક વૃદ્ધિએ હતી તે વર્ગણાઓનો અનુક્રમ તુટી જાય તેવા પ્રકારે લોભનો રસ ઘટાડવો તેનું નામ લોભની કિટ્ટિ કરી અથવા લોભ સૂક્ષ્મ કર્યો એમ કહી શકાય.

પ્રશ્નઃ—એ પ્રમાણે લોભને કિટ્ટિરૂપ કરી ઉદયમાં આણવાથી આત્માને શો લાભ પ્રાપ્ત થાય છે ?

જ્યાં સુધી સ્થૂળ કષાય ઉદયમાં હોય ત્યાં સુધી બીજો નવો કષાય બંધાયા કરે છે, અને સૂક્ષ્મ કષાયના ઉદયથી નવો કષાય આત્માની સાથે બંધાય નહિ એ લાભ છે.

૧૧ **उपशान्त मोह**—જે ગુણસ્થાને કોઇ પણ મોહનીયનો રસોદય તથા પ્રદેશોદય બન્ને ન હોય પણ સત્તા અવશ્ય હોય તેવા પરિણામવાળા ગુણસ્થાનનું નામ **उपशान्त मोह** છે. મોહનીય અઠ્ઠાવીશ છે, તેમાંથી અનંતાનુબંધી ચારની ઉપશાન્તિ ચોથે, પાંચમે, છઠ્ઠે કે સાતમે ગુણસ્થાને થાય; કેટલાક આચાર્યોનો અભિપ્રાય એવો છે કે એ સ્થાને અનન્તાનુબંધિ ઉપશાન્ત કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ નહિ પણ વિસંયોજના કરી આગળ ચઢે, તેમાં विसंयोजना એટલે અનંતાનુબંધીનો એવો ક્ષય કરવો કે પુનઃ કોઇવાર અનંતાનુબંધિ બાંધવાનો અવસર આવે, કારણકે અનંતાનુબંધિનું બીજ મિથ્યાત્વ છે, માટે મિથ્યાત્વનો ક્ષય ન થાય ત્યાં સુધી અનંતાનુબંધીનો પ્રથમ કરેલો ક્ષય તે વિસંયોજનારૂપ છે, અને અનંતાનુબંધિનો ક્ષય કરીને જો તેના બીજભૂત મિથ્યાત્વનો ક્ષય પણ કરે તો પુનઃ કોઈપણ કાળે અનંતાનુબંધિ બંધાયજ નહિ, એવા ક્ષયનું નામજ વાસ્તવિક ક્ષય છે. એ પ્રમાણે અનંતાનુબંધિની વિસંયોજના અથવા ઉપશાન્તિ ચતુર્થાદિથી સાતમા ગુણસ્થાનમાંના કોઈપણ એક ગુણસ્થાનમાં થયેલી હોય છે. તથા ત્રણ દર્શન મોહનીયની ઉપશાન્તિ વા ક્ષય સાતમે ગુણસ્થાને થયેલ હોય છે, તથા નપુંસકવેદ, સ્ત્રીવેદ પુરૂષવેદ, હાસ્યાદિ છ સંજવલન લોભ સિવાયના યથાસંભવ પ્રદેશોદયી અને રસોદયી અગીયાર કષાય, એ વીશ પ્રકૃતિઓ નવમે ગુણસ્થાને ઉપશાન્ત કરી દશમાને અન્તે સંજવલન લોભ ઉપશાન્ત થાય, એ પ્રમાણે અઠ્ઠાવીશ મોહનીય ઉપશાન્ત થવાથી આ અગીઆરમા ગુણસ્થાને કોઈપણ કષાયનો વિપાકોદય વા પ્રદેશોદય હોય નહિ.

પુનઃ આ ગુણસ્થાને આવેલા સર્વ જીવો અવશ્ય પતિત થાય છે, તેઓ આયુષ્યની સમાપ્તિના કારણથી પડે તો અવશ્ય અનુત્તર દેવ થાય, જેથી એકદમ ચોથે ગુણસ્થાને આવે, અને ઉપશાન્ત મોહનો અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ ક્ષય થવાના કારણથી જો મરણ પામે તો જેવી રીતે ચઢયો હતો તેવી રીતે પતિત થઈ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને આવી પુનઃ ઉપશમશ્રેણિપ્રારંભે અથવા ક્ષપકશ્રેણિપ્રારંભે, અને કોઈ જીવ પડતો પડતો મિથ્યાત્વે પણ આવે, અને ત્યાંથી મરણ પામી નરકનિગોદમાં અનંત સંસાર પણ રઝળે, કારણકે ઉપશાન્ત યથાખ્યાત ચારીત્રી, મનઃપર્યવ જ્ઞાની, આહારકશરીરી, અને ચૌદ પૂર્વધર જેવા મહાત્માઓ પણ પ્રમાદ વશે વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત જેટલો અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર રખડે છે. અને ત્યારબાદ અવશ્ય મોક્ષ પામે છે. આ ઉપશમશ્રેણિ પ્રારંભનાર (કર્મગ્રન્થમતે) પ્રથમ ત્રણ સંઘયણવાળો સંજ્ઞિપર્યાપ્ત મનુષ્ય હોય છે.

१२ क्षीण मोह—મોહનીય કર્મનો વિપાકોદય, પ્રદેશોદય અને સત્તા પણ ન હોય અર્થાત્ સર્વ મોહનીય કર્મનો ક્ષય થયે ક્ષીણમોહ ગુણસ્થાન હોય છે, ત્યાં અનંતાનુબંધિ ચાર તથા ત્રણ દર્શન મોહનીયનો ક્ષય સમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનમાંના કોઈપણ ગુણસ્થાને થાય છે, અને વીશ મોહનીયનો ક્ષય નવમે ગુણસ્થાને તથા સંજ્વલન લોભનો ક્ષય દશમા ગુણસ્થાનને અન્તે થતાં તુર્તજ ક્ષીણમોહ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે, આ ગુણસ્થાન ચરમ શરીરી એવા ક્ષપક જીવને પ્રાપ્ત થાય છે, આ ગુણસ્થાને આવેલો જીવ મોહ સમુદ્રને તરી ગયેલો જાણવો.

१३ सयोगी केवली—પ્રથમ મોહનો ક્ષય થયા બાદ અન્તર્મુહૂર્તકાળે એટલે ક્ષીણ મોહને અન્તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાય એ ત્રણનો સર્વથા ક્ષય થાય છે, તેથી આત્માને કેવળજ્ઞાન-સંપૂર્ણજ્ઞાનરૂપ ગુણ સર્વાંશે પ્રગટ થાય છે, તેથી આ ગુણસ્થાન કેવળજ્ઞાન યુક્ત છે; તેમજ આત્માની પૌદ્ગલિક યોગપ્રવૃત્તિ આ ગુણસ્થાન સુધીજ હોય છે, અને આગળ યોગ હોતો નથી તેથી અન્તિમ હદની મુખ્યતાએ આ ગુણસ્થાનનું નામ **सयोगी केवली** છે. અહિં કેવળી ભગવાનને મૂળ આઠ કર્મોમાંથી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતિ એટલે આત્મગુણોને ઉપઘાત નહિ કરનાર કર્મો બાકી રહે છે. અને ઘાતિ કર્મોનો ક્ષય તો પ્રથમ થઈ જાય છે. કેવળજ્ઞાન જીવને કમીમાં કમી લગભગ આઠ વર્ષની વયે પ્રાપ્ત થઇ શકે; અને યાવત્ પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્ય પર્યન્ત આ સંસારમાં રહી સિદ્ધિપદ પામે, ત્યાં પણ કેવળજ્ઞાન સાથે જવાથી આ ગુણસ્થાને પ્રાપ્ત થતું કેવળજ્ઞાન **सादि अनंत** એટલે પ્રારંભ ખરો પણ અન્ત નહિ એવા કાળવાળું હોય છે. આ ગુણસ્થાનમાં જીવને મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વચન અને કાયા એ ત્રણે યોગ હોય છે; આ ગુણસ્થાને આઠ સમય પ્રમાણ કેવલીસમુદ્દઘાત થયા બાદ અન્તર્મુહૂર્તકાળે પૂર્વોક્ત ત્રણ યોગને નિરોધ–અટકાવ કરવાનો પ્રયત્ન કરે છે, તે આત્મિક પ્રયત્નથી ત્રણ યોગની રોધનક્રિયા ચાલતી હોય તે દરમ્યાનમાં આત્મિક પ્રયત્નવડે આત્મપ્રદેશો પિંડિભૂત થવા માંડે છે, તે આત્મપ્રદેશો પ્રથમ કેટલેક ઠેકાણે એટલે કંઠ, ઉદર અને હાડ વિગેરેના પોલાણ સ્થાનોમાં નહોતા, તેથી આત્મા ઘનરૂપ નહોતો તે હવે આ પ્રયત્નવડે ઘનરૂપ થવા માંડે છે, એટલે ઉદરાદિ પોલાણ ભાગોપૂરાવા માંડે છે, તેથી આત્માની પ્રથમ ઉંચાઈ વિગેરે જે શરીર પ્રમાણ હતી તે હવે ધીરે ધીરે સંકોચાતાં ⅔ પ્રમાણ એટલે નવ હાથની હોય તો છ હાથની અને બે હાથની હોય તો એક હાથ આઠ અંગુલની થાય છે, અને વધુમાં વધુ પાંચસે ધનુષ્યની હોય તો ત્રણસે તેત્રીશ ધનુષ્ય એક હાથ આઠ આંગળ જેટલી રહે અને એથી વધુ ઉંચાઇવાળા મોક્ષે જઇ શકે નહિ, કારણકે મોક્ષે જનાર જીવો કમીમાં કમી બે હાથની અને વધુમાં વધુ પાંચસે ધનુષ્ય ઉંચાઇવાળા હોય એવો કુદરતી નિયમ છે. એ પ્રમાણે આત્મા ⅔ જેટલો થયા બાદ યોગ નિરોધ થતાં આત્મા યોગપ્રવૃત્તિરહિત થવાથી કર્મનો સર્વથા અબંધક થાય છે, અર્થાત્ કર્મ બાંધી શકતો નથી, અને તે યોગ રહિત થવાથી આગળ કહેવાતું અયોગીકેવલી ગુણસ્થાન પ્રાપ્ત થયું એમ કહેવાય.

१४ अयोगी केवली—ઉપર કહ્યા પ્રમાણે યોગરહિત થયેલા કેવળી ભગવાન અહિં અયોગી કેવળી કહેવાય છે. આ ગુણસ્થાને મન, વચન અને કાયાનો યોગ–વ્યાપાર છે નહિ અને કેવળજ્ઞાન છે તેથી આ ગુણસ્થાનનું નામ અયોગી કેવળી છે.

પ્રશ્ન:—સર્વથા યોગરહિત આત્મા પોતાના ઉપયોગાદિ આત્મગુણમાં રમણતા કરે તો તે ઉપયોગરમણતા રૂપ આત્મયોગની અપેક્ષાએ અહિં સયોગીપણું કેમ નહિ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તર:—યોગ બે પ્રકારના છે, પ્રથમ સકરણયોગ, અને બીજો અકરણયોગ. તેમાં આત્મા પોતાના જ્ઞાન દર્શનાદિ ઉપયોગરૂપ ક્રિયામાં મન વચન અને કાયાના બાહ્ય પુદ્ગલોના નિમિત્ત વિના સ્વાભાવિક આત્મક્રિયામાં પ્રવૃત્ત થાય તે **अकरण योग**, અને કરણ એટલે મન વચન અને કાયાના પુદ્ગલોને અવલંબીને થતો આત્મવ્યાપાર તે **सकरणयोग** છે, તેમાં સયોગી કેવળીને જ્ઞાન દર્શનાદિ ઉપયોગપ્રવૃત્તિમાં અકરણ યોગ, અને અનુત્તર દેવને જવાબ આપવો–દેશના આપવી તથા ગમનાગમનાદિ ક્રિયા કરવામાં સકરણ યોગ છે, એ પ્રમાણે અયોગી કેવળી ભગવાનને કરણયોગની અપેક્ષાએજ યોગનો અભાવ ગણેલો છે, ને તેથી અયોગી ગણાય. પરંતુ અકરણયોગ છતાં પણ તે સ્વભાવિક હોવાથી તે યોગનો અહિં મુખ્ય અધિકાર નથી માટે સયોગી ન કહેવાય. બીજા સર્વ છદ્મસ્થોને સર્વ રીતે એક સકરણયોગ ગણાય કારણકે છદ્મસ્થની જ્ઞાનાદિ પ્રવૃત્તિ પણ ક્ષાયોપશમિક હોવાથી કર્મપુદ્ગલના અવલંબનવાળી અને મનપુદ્ગલોના અવલંબનવાળી છે. આ ગુણસ્થાને સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ નામે શુકલધ્યાનનો ચોથો ભેદ ધ્યાનરૂપે હોય છે, અને આત્મા યોગ રહિત હોવાથી (મેરૂવત્ નિષ્પ્રકંપ–અચલ અવસ્થાવાળો હોવાથી) આ ગુણસ્થાનમાં વર્ત્તતો આત્મા, **शैल** એટલે પર્વત, તેનો **ईश** એટલે નાયક જે મેરૂ પર્વત તે સરખો **करण** એટલે પરિણામવાળો હોવાથી **शैलेशीकरण** યુક્ત ગણાય છે. આવું અચળ ધ્યાન પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર કાળપ્રમાણ (અન્તર્મુહૂર્ત્ત) હોય છે, ત્યારબાદ બાકી રહેલાં ચારે અઘાતિ કર્મનો સર્વથા ક્ષય કરી આત્મા એક સમયની અસ્પૃશત્[1] ઉર્ધ્વ ગતિએ ઉર્ધ્વ લોકમાં

---

૧. બીજા કોઇપણ પદાર્થને સ્પર્શ કર્યા વિના શીઘ્ર ગતિ કરવી તે **अस्पृशद्गति** કહેવાય. અહિં સિદ્ધાત્મા જે સમયે ઉર્ધ્વ લોક તરફ ગતિ કરે છે, તે સમયે વચ્ચે રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને અનંત પુદ્ગલના પ્રદેશો તથા સ્કંધ સ્પર્શ્યા વિના જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇષત્પ્રાગ્ભારા નામની સિદ્ધશિલાથી ઉપર એક યોજન દૂર લોકાન્તે અહિંના આકાર[2] પ્રમાણે અનંતકાળ સુધી સ્થિર થાય છે.

गुणस्थान काळ–મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ સાદિસાન્ત, અનાદિસાન્ત અને અનાદિઅનંત એમ ત્રણ રીતે છે, ત્હેમાં અભવ્ય જીવોને અનાદિ કાળથી મિથ્યાત્વ છે, અને અનંતકાળ સુધી રહેવાનું છે, કારણકે અભવ્ય જીવ મોક્ષપ્રાપ્તિને અયોગ્ય હોવાથી કોઇપણ કાળે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતો નથી, તેથી એક અથવા અનેક અભવ્ય જીવોને આશ્રિને મિથ્યાત્વ કાળ અનાદિ અનંત ગણાય, તથા જે ભવ્ય જીવ ભવિષ્યકાળમાં કોઇપણ કાળે સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે પણ પ્હેલાં કોઈ વખત પ્રાપ્ત કર્યું નથી તેવા ભવ્ય જીવોની અપેક્ષાએ મિથ્યાત્વકાળ અનાદિ સાન્ત ગણાય, અને જે ભવ્ય જીવો પ્રથમ સમ્યક્ત્વ પામી ચૂક્યા છે પણ પતિત થઇ પુનઃ મિથ્યાત્વે આવ્યા છે, તે જીવો પુનઃ જઘન્યથી અન્તર્મુહૂર્ત-

---

છે એમ કહેવું તે ગતિની અતિ શીઘ્રતાસૂચક છે, કારણકે વચ્ચે રહેલા આકાશાદિ પ્રદેશોને સ્પર્શતો સ્પર્શતો આત્મા ગતિ કરે તો દરેક ઠેકાણે એકેક સમય ગણતાં પણ અસંખ્યાત સમય વીતી જાય. અને સ્પર્શને એક સમયથી ઓછા કાળવાળો તો માની શકાય નહિ. વળી આ સ્પર્શ શબ્દ તે સ્પર્શના લક્ષણવાળો જાણવો પણ લક્ષણવિનાનો નહિ, જેમ બળતા અગ્નિના ભડકામાંથી એકદમ હાથ પસાર કરીએ તો હાથમાંનું એક રોમ સરખું બળે નહિ તો તે અગ્નિને સ્પર્શી ખરી પણ સ્પર્શનું જે લક્ષણ દાહ તે નહિ હોવાથી, એ અલાક્ષણિક સ્પર્શને સ્પર્શરૂપે ગણવો નહિ, અને એક રોમ માત્ર પણ જો દાઝે તો તે લાક્ષણિક સ્પર્શને સ્પર્શ કહી શકાય, તેવો લાક્ષણિક સ્પર્શ સિદ્ધની અસ્પૃશદ્ગતિમાં ગણવો યોગ્ય છે. એ વિષે જે મતાન્તરો છે તે શાસ્ત્રથી જાણવા યોગ્ય છે.

૨. સૂતો, ઉભો, બેઠો, પદ્માસનાદિ કોઇપણ આકારે રહેલો જીવ જેવા આકારમાં અહિંથી સિદ્ધ થાય તેવોજ તેનો આકાર સિદ્ધિસ્થાનમાં પડે એમાં જરા માત્ર ફેરફાર થાય નહિ. કારણકે પૂર્વભવદેહના આકારવાળા આત્માના આકારને ફેરવવામાં કોઇપણ નિમિત્ત પ્રાપ્ત થતું નથી. એ પ્રમાણે દરેક સિદ્ધના અનિયમિત આકાર હોઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળે અને ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્ત્ત જેટલા અનંતકાળે પણ સમ્યક્ત્વ પામી મિથ્યાત્વનો અન્ત કરશે, માટે તેવા પ્રાપ્ત સમ્યક્ત્વ ભવ્ય જીવોની અપેક્ષાએ મિથ્યાત્વકાળ સાદિ સાન્ત છે. કારણકે એવા જીવોને મિથ્યાત્વપ્રાપ્તિનો પ્રારંભ છે, તે કારણથી સાદિ અને કોઈક કાળે તેનો અન્ત થવાનો છે તેથી સાન્ત કહેવાય. વળી અનાદિનિગોદમાં વસનારા ભવ્ય જીવો કેટલાએક એવા છે કે કોઇપણ કાળે નિગોદમાંથી નિકળવાના નથી તેવા ભવ્યોની અપેક્ષાએ પણ મિથ્યાત્વકાળ અભવ્ય સરખો અનાદિ અનંત જાણવો.

સાસ્વાદન ગુણસ્થાનનો કાળ કમીમાં કમી એક સમયનો અને વધુમાં વધુ છ આવલિકા જેટલો છે, મિશ્ર ગુણસ્થાનનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્તનો છે, સમ્યક્ત્વ ગુણસ્થાનનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી સાધિક તેત્રીશ સાગરોપમ છે તે નીચે પ્રમાણે છે. મનુષ્ય ભવમાં ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરેલ મુનિ તેજ શ્રેણિમાં મરણ પામે તો અવશ્ય અનુત્તરદેવ થાય, તો શ્રેણિવખતે આઠમું, નવમું, દશમું કે અગીયારમું એ ચારમાંનું કોઈ એક ગુણસ્થાન હતું, તે ગુણસ્થાનને મરણ વખતે ત્યાગ કરી ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કર્યું, તે અનુત્તર દેવના તેત્રીશ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્ય સુધી ટકે. ત્યારબાદ પુનઃ ચોથા ગુણસ્થાન સહિત મનુષ્ય ભવમાંજ ઉત્પન્ન થઇ જ્યારે દેશવિરત્યાદિ સર્વ ગુણસ્થાનોમાંનું કોઈ ગુણસ્થાન પ્રાપ્ત કરે તે પ્રસંગે ચોથું ગુણસ્થાન પલટાઇ ને પાંચમું વિગેરે પ્રાપ્ત થાય માટે તેત્રીશ સાગરોપમ અને મનુષ્ય ભવ સંબંધિ અધિક કાળ સુધી ચોથું ગુણસ્થાન[1] ટકી શકે.

---

૧. સમ્યકત્વનો કાળ જો કે છાસઠ સાગરોપમથી અધિક છે છતાં સમ્યક્ત્વમાં અનેક ગુણસ્થાનો અન્તર્ગત થાય છે, માટે સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ છાસઠ સાગરોપમ અધિક છે, પરંતુ સમ્યક્ત્વ ગુણસ્થાનનો કાળ સાધિક તેત્રીશ સાગરોપમનો હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચમા દેશવિરતિ ગુણસ્થાનનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો છે, તે નીચે પ્રમાણે—દેશવિરતિ ગુણસ્થાન પૂર્વક્રોડ વર્ષાયુષ્યવાળો સંજ્ઞિ મનુષ્ય અથવા સંજ્ઞિતિર્યંચ પ્રાપ્ત કરી શકે, એથી અધિક આયુષ્યવાળાને દેશવિરત્યાદિ કોઈપણ ગુણસ્થાન સંભવે નહિ, તે પણ સાત માસ ગર્ભમાં રહી જન્મ્યાબાદ આઠ વર્ષની વયે દેશવિરતિ પામી શકે, પરંતુ તેથી કમી વયવાળો મનુષ્ય કે તિર્યંચ દેશવિરતિ ન પામે, માટે એ આઠ વર્ષ ને સાત માસ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ દેશવિરતિ ગુણસ્થાનનો કાળ ઉત્કૃષ્ટ જાણવો.

સર્વવિરતિ (પ્રમત્ત) ગુણસ્થાનનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો છે, ત્હેમાં ન્યૂનતા પૂર્વોક્તરીતે આઠ વર્ષ સાત માસ પ્રમાણ જાણવી. પુનઃ શ્રી ભગવતીસૂત્રની વૃત્તિમાં આ ગુણસ્થાનનો કાળ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્ત કહ્યો છે. અત્ર જન્મ્યાબાદ આઠ વર્ષની વયે ચારિત્ર પ્રાપ્ત કરનાર મનુષ્ય અન્તર્મુહૂર્ત્ત પ્રમત્ત હોય અને અન્તર્મુહૂર્ત્ત અપ્રમત્ત હોય. એ પ્રમાણે પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાન દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી વારંવાર પલટાયા કરે, તેમાં અપ્રમત્તનું અન્તર્મુહૂર્ત્ત નાનું અને પ્રમત્તનું અન્તર્મુહૂર્ત્ત ઘણું મોટું હોય છે, તેથી પ્રમત્તપણાનાં સર્વ અન્તર્મુહૂર્ત્તો એકત્ર કરતાં દેશોન પૂર્વક્રોડ વર્ષ જેટલો કાળ થાય, અને અપ્રમત્તતાનાં સર્વ અન્તર્મુહૂર્ત્ત એકત્ર કરતાં અતિ અલ્પકાળ[3] થાય. વળી એક

---

૨ ચોરાસી લાખનો વર્ગ કરી ક્રોડથી ગુણતાં પૂર્વક્રોડ વર્ષની સંખ્યા (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ) આવે.

૩ સાધારણ સમજ પ્રમાણે એમ છે કે અપ્રમત્તનાં સર્વ અન્તર્મુહૂર્ત્ત એકત્ર કરતાં પણ અન્તર્મુહૂર્ત્ત કાળ થાય. પછી શ્રી બહુશ્રુત કહે તે સત્ય.

પુનઃ કેટલાકનું કહેવું એમ છે કે અન્તર્મુહૂર્ત્તથી અધિક કાળ થતાં પ્રમત્તથી અપ્રમત્તે જો ન જાય તો પ્રમત્તથી નીચેનુ ગુણસ્થાન પામે. નિદ્રાદિક અવસ્થામાં પ્રમત્તાપ્રમત્તતા સંબંધિ વિચાર કરતાં દેશોન પૂર્વક્રોડ વર્ષનો પ્રમત્તકાળ સમજવો વધારે સુગમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમયમાત્ર સર્વવિરતિ ગુણસ્થાન સ્પર્શ્યાબાદ તુર્ત મરણ પામે તો સર્વવિરતિ ગુણસ્થાનનો કાળ એક સમય હોય છે.

અપ્રમત્ત ગુણસ્થાનનો કાળ જઘન્યથી (મરણ પામે તો) એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્તનો છે,અન્તર્મુહૂર્ત્તબાદ પતિત થઇ પ્રમત્તે જાય અથવા તો અતિવિશુદ્ધતાથી શ્રેણિ પ્રારંભી આઠમે ગુણસ્થાને જાય. તથા આઠ નવ દશ અગીયાર એ ચારે ગુણસ્થાનનો કાળ જઘન્ય એક સમય તે મરણની અપેક્ષાએ, અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્તનો કાળ જાણવો. બારમા ક્ષીણમોહ ગુણસ્થાનનો કાળ જઘન્યથી વા ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્તનો છે. તેરમા સયોગીકેવળી ગુણસ્થાનનો કાળ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષનો છે. તે આઠ વર્ષની વયે કેવળજ્ઞાન પામનાર જીવની અપેક્ષાએ, તથા ચૌદમા ગુણસ્થાનનો જઘન્ય વા ઉત્કૃષ્ટકાળ પાંચ હ્રસ્વસ્વરના ઉચ્ચાર કાળ પ્રમાણ અન્તર્મુહૂર્ત્ત જેટલો છે.

गुणस्थाननी परभवगति—મિથ્યાત્વ, સાસ્વાદન, અને સમ્યક્ત્વ એ ત્રણ ગુણસ્થાન જીવની સાથે પરભવમાં જઇ શકે છે, અને શેષ ગુણસ્થાનો તે ભવમાંજ વિલય પામે છે.

गुणस्थानमां मरण—મિશ્ર, ક્ષીણમોહ અને સયોગી કેવળી એ ત્રણ ગુણસ્થાનમાં જીવ મરણ ન પામે, બાકીનાં અગીયાર ગુણસ્થાનમાં જીવનું મરણ થાય છે. એ પ્રમાણે ગુણસ્થાન સંબંધિ સંક્ષિપ્ત વિવેચન કર્યું, અને વિશેષ જીજ્ઞાસુએ શાસ્ત્રાન્તરથી વિશેષ સ્વરૂપ જાણવું.

(૧૭) જીવ ભેદ ૧૪-૫૬૩—સંસારી જીવોના ચૌદ અથવા પાંચસોત્રેસઠ ભેદ થાય છે, જોકે સંસારી જીવના ભેદ શાસ્ત્રમાં બે, ત્રણ, ચાર, પાંચ, એમ અનેક રીતે ગણાવ્યા છે, પણ ચાલુ ગ્રંથમાં જઘન્યથી ચૌદ અને ઉત્કૃષ્ટથી પાંચસે ત્રેસઠ ભેદ ગણ્યા છે, કારણકે નવતત્વમાં જીવના ચૌદ ભેદ કહ્યા છે, અને ચોથા કર્મગ્રંથમાં પણ ગુણસ્થાનાદિકની પ્રાપ્તિ ચૌદ જીવભેદને આશ્રિને કરી છે, તથા ૫૬૩ ભેદ વધુમાં વધુ જીવવિચારાદિ પ્રકરણોમાં ગ્રહણ કર્યા છે. ત્હેમાં પ્રથમ ચૌદ ભેદ નીચે પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય,
૨ પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય,
૩ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય,
૪ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય,
૫ અપર્યાપ્ત દ્વીન્દ્રિય,
૬ પર્યાપ્ત દ્વીન્દ્રિય,
૭ અપર્યાપ્ત ત્રીન્દ્રિય,
૮ પર્યાપ્ત ત્રીન્દ્રિય,
૯ અપર્યાપ્ત ચતુરિન્દ્રિય,
૧૦ પર્યાપ્ત ચતુરિન્દ્રિય,
૧૧ અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય,
૧૨ પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય,
૧૩ અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય,
૧૪ પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય,

ઉપરોક્ત ભેદોમાંથી જે જીવો વક્ષ્યમાણ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરણ પામે તો તે જીવો **અપર્યાપ્ત** કહેવાય અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાબાદ મરણ પામે તો તે જીવો **પર્યાપ્ત** કહેવાય. તેમજ જે જીવો ઘણા પ્રમાણમાં એકત્ર થયા છતાં પણ ચક્ષુ આદિ ઇન્દ્રિયોને ગ્રાહ્ય ન થાય તેવા જીવો **સૂક્ષ્મ** કહેવાય, અને ચક્ષુઆદિ ઇન્દ્રિયોના વિષયમાં ગ્રહણ થાય એવા જીવો **બાદર** કહેવાય. અને જે જીવો મનવાળા હોય તે **સંજ્ઞિ** તથા મનવિનાના હોય તે **અસંજ્ઞિ** કહેવાય. હવે જીવોના પાંચસોત્રેસઠ ભેદ નીચે પ્રમાણે છે—

એકેન્દ્રિયના ૨૨ ભેદ.

૧ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય,
૨ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય,
૩ અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય,
૪ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય,
૫ અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાય,
૬ પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાય,
૭ અપર્યાપ્ત બાદર અપ્કાય,
૮ પર્યાપ્ત બાદર અપ્કાય,
૯ અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાય,
૧૦ પર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાય,
૧૧ અપર્યાપ્ત બાદર અગ્નિકાય,
૧૨ પર્યાપ્ત બાદર અગ્નિકાય,
૧૩ અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય,
૧૪ પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાય,
૧૫ અપર્યાપ્ત બાદર વાયુકાય,
૧૬ પર્યાપ્ત બાદર વાયુકાય,
૧૭ અપર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (નિગોદ),
૧૮ પર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (નિગોદ),
૧૯ અપર્યાપ્ત બાદર સાધારણ વનસ્પતિકાય (નિગોદ),

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૦ પર્યાપ્ત બાદર સાધારણ વનસ્પતિકાય (નિગોદ),
૨૧ અપર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાય,
૨૨ પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાય,

વિકલેન્દ્રિયના ૬ ભેદ.

૧ અપર્યાપ્ત દ્વીન્દ્રિય,
૨ પર્યાપ્ત દ્વીન્દ્રિય,
૩ અપર્યાપ્ત ત્રીન્દ્રિય,
૪ પર્યાપ્ત ત્રીન્દ્રિય,
૫ અપર્યાપ્ત ચતુરિન્દ્રિય,
૬ પર્યાપ્ત ચતુરિન્દ્રિય,

તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ.

૧ અપર્યાપ્ત અસંજ્ઞિ જલચર,
૨ પર્યાપ્ત અસંજ્ઞિ જલચર,
૩ અપર્યાપ્ત સંજ્ઞિ જલચર,
૪ પર્યાપ્ત સંજ્ઞિ જલચર,
૫ અપર્યાપ્ત અસંજ્ઞિ સ્થલચર,
૬ પર્યાપ્ત અસંજ્ઞિ સ્થલચર,
૭ અપર્યાપ્ત સંજ્ઞિ સ્થલચર
૮ પર્યાપ્ત સંજ્ઞિ સ્થલચર,
૯ અપર્યાપ્ત અસંજ્ઞિ ખેચર-પક્ષી,
૧૦ પર્યાપ્ત સંજ્ઞિ ખેચર,
૧૧ અપર્યાપ્ત સંજ્ઞિ ખેચર.
૧૨ પર્યાપ્ત સંજ્ઞિ ખેચર,
૧૩ અપર્યાપ્ત અસંજ્ઞિ ઉરપરિસર્પ,
૧૪ પર્યાપ્ત અસંજ્ઞિ ઉરપરિસર્પ,
૧૫ અપર્યાપ્ત સંજ્ઞિ ઉરપરિસર્પ,
૧૬ પર્યાપ્ત સંજ્ઞિ ઉરપરિસર્પ,
૧૭ અપર્યાપ્ત અસંજ્ઞિ ભુજપરિસર્પ,
૧૮ પર્યાપ્ત અસંજ્ઞિ ભુજપરિસર્પ,
૧૯ અપર્યાપ્ત સંજ્ઞિ ભુજપરિસર્પ,
૨૦ પર્યાપ્ત સંજ્ઞિ ભુજપરિસર્પ.

આ પ્રમાણે તિર્યંચ જીવોના સર્વ ભેદ અડતાળીશ થયા. અને હવે નારક જીવના પૃથ્વીના નામે ચૌદ ભેદ કહેવાય છે તે નીચે પ્રમાણે—

૧ અપર્યાપ્ત રત્નપ્રભાના નારક,
૨ પર્યાપ્ત રત્નપ્રભાના નારક,
૩ અપર્યાપ્ત શર્કરાપ્રભાના નારક,
૪ પર્યાપ્ત શર્કરા પ્રભાના નારક,
૫ અપર્યાપ્ત વાલુકાપ્રભાના નારક,
૬ પર્યાપ્ત વાલુકાપ્રભાના નારક,
૭ અપર્યાપ્ત પંકપ્રભાના નારક,
૮ પર્યાપ્ત પંકપ્રભાના નારક,
૯ અપર્યાપ્ત ધૂમપ્રભાના નારક,
૧૦ પર્યાપ્ત ધૂમપ્રભાના નારક,
૧૧ અપર્યાપ્ત તમપ્રભાના નારક,
૧૨ પર્યાપ્ત તમપ્રભાના નારક,
૧૩ અપર્યાપ્ત તમતમાપ્રભાના નારક,
૧૪ પર્યાપ્ત તમતમાપ્રભાના નારક,

For Private And Personal Use Only

મનુષ્યના ૩૦૩ ભેદ.

ક્ષે ૧૫ કર્મભૂમિનાં

૫ ભરત ક્ષેત્રના,
૫ ઐરવત ક્ષેત્રના,
૫ મહાવિદેહ ક્ષેત્રના,

૧૫

ક્ષે ૩૦ અકર્મભૂમિ–યુગલિક ક્ષેત્રનાં

૫ હિમવંત ક્ષેત્રના,
૫ હિરણ્યવત ક્ષેત્રના,
૫ હરિવર્ષ ક્ષેત્રના,
૫ રમ્યક્ ક્ષેત્રના,
૫ દેવકુરૂ ક્ષેત્રના,
૫ ઉત્તરકુરૂ ક્ષેત્રના,

૩૦

૧ એકોરૂક ૨,	૧૦ મેંઢમુખ ૨,	૧૯ અકર્ણ ૨,
૨ આભાસિક ૨,	૧૧ અજામુખ ૨,	૨૦ કર્ણપ્રાવરણ ૨,
૩ વૈષાણિક ૨,	૧૨ ગોમુખ ૨,	૨૧ ઉલ્કામુખ ૨,
૪ નાંગોલી ૨,	૧૩ અશ્વમુખ ૨,	૨૨ મેઘમુખ ૨,
૫ હયકર્ણ ૨,	૧૪ હસ્તિમુખ ૨,	૨૩ વિદ્યુત્મુખ ૨,
૬ ગજકર્ણ ૨,	૧૫ સિંહમુખ ૨,	૨૪ વિદ્યુત્દંત ૨,
૭ ગોકર્ણ ૨,	૧૬ વ્યાઘ્રમુખ ૨,	૨૫ ઘનદંત ૨,
૮ શષ્કુલિકર્ણ ૨,	૧૭ અશ્વકર્ણ ૨,	૨૬ લષ્ટદંત ૨,
૯ આદર્શમુખ ૨,	૧૮ હરિકર્ણ ૨,	૨૭ ગૂઢદંત ૨,
		૨૮ શુદ્ધદંત ૨,
		૫૬

ઉપરોક્ત અઠ્ઠાવીશ દ્વીપ લવણ સમુદ્રમાં લઘુહિમવંતની ચાર શાખાઓ ઉપર અને એજ નામના અઠ્ઠાવીશ દ્વીપ લવણ સમુદ્રમાં શિખરી પર્વતની ચાર શાખાઓ ઉપર આવેલા છે, તેથી સર્વ મળી છપ્પન અન્તર્દ્વીપ કહેવાય છે. તેમાં પણ યુગલિક મનુષ્યોની વસ્તી છે. સર્વ મળી મનુષ્યની વસ્તીનાં ૧૦૧ ક્ષેત્રો છે, તેમાં ગર્ભજ મનુષ્યો અને સમુચ્છિંમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તેમાં ગર્ભજ મનુષ્યો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બન્ને પ્રકારના હોય છે, અને સમુચ્છિંમ મનુષ્યો માત્ર અપર્યાપ્તજ હોયછે તેથી–

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૧ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય,
૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય,
૧૦૧ અપર્યાપ્ત સમુચ્છિમ મનુષ્ય,

કુલ ૩૦૩ (મનુષ્ય)

આ પ્રમાણે ક્ષેત્ર ભેદે મનુષ્યના ૩૦૩ ભેદ કહ્યા અને હવે દેવના ૧૯૮ ભેદ કહેવાય છે તે નીચે પ્રમાણે—

દેવના ૧૯૮ ભેદ.

૧૦ ભુવનપતિ.	૮ વ્યન્તર.	૮ વાણવ્યન્તર.
૧ અસુરકુમાર નિકાય,	૧ પિશાચ,	૧ અણપન્ની,
૨ નાગકુમાર નિકાય,	૨ ભૂત,	૨ પણપન્ની,
૩ સુવર્ણકુમાર નિકાય,	૩ યક્ષ,	૩ ઋષીવંદી,
૪ વિદ્યુતકુમાર નિકાય,	૪ રાક્ષસ,	૪ ભૂતવાદી,
૫ અગ્નિકુમાર નિકાય,	૫ કિન્નર,	૫ કંદિત,
૬ દ્વીપકુમાર નિકાય,	૬ કિંપુરૂષ,	૬ મહાકંદિત,
૭ અબ્ધિકુમાર નિકાય,	૭ મહોરગ,	૭ કોહંડ,
૮ દિગ્કુમાર નિકાય,	૮ ગંધર્વ,	૮ પતંગ,
૯ વાયુકુમાર નિકાય,		
૧૦ સ્તનિતકુમાર નિકાય,		

આ બન્ને મળીને વ્યન્તરની એક નિકાય ગણાય છે. એના સર્વ ઉત્તર ભેદ ગણતાં એકસો પાંચ પ્રકારના વ્યન્તર છે. પણ અહિં પાંચસો ત્રેસઠ ભેદને અંગે સોળ વ્યન્તર ગણવા.

અસુરકુમારાન્તર્ગત—		વ્યન્તરાન્તર્ગત—
૧૫ પરમાધામી.	૧૦ જ્યોતિષિ.	તિર્યગ્જંભક.
૧ અંબ,	૧ ચર ચંદ્ર,	૧ અન્નજંભક,
૨ અંબરીષ,	૨ ચર સૂર્ય,	૨ પાનજંભક,
૩ શબલ	૩ ચર ગ્રહ,	૩ વસ્ત્રજંભક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ શ્યામ,	૪ ચર નક્ષત્ર,	૪ ગૃહજાંભક,
૫ રૂદ્ર,	૫ ચર તારા,	૫ શય્યાજાંભક,
૬ ઉપરૂદ્ર,	૬ સ્થિર ચંદ્ર,	૬ પુષ્પજાંભક,
૭ અસિપત્ર,	૭ સ્થિર સૂર્ય,	૭ ફળજાંભક,
૮ ધનુષ્,	૮ સ્થિર ગ્રહ,	૮ પુષ્પફળજાંભક,
૯ કુંભ,	૯ સ્થિર નક્ષત્ર,	૯ વિદ્યાજાંભક,
૧૦ મહાકાળ,	૧૦ સ્થિર તારા,	૧૦ અવ્યક્તજાંભક,
૧૧ કાળ,		
૧૨ વૈતરણી,		
૧૩ વાલુક,		
૧૪ મહાઘોષ,		
૧૫ ખરસ્વર,		

૩ કિલ્બિષિક દેવ.

૧ સૌધર્મ-ઈશાન કલ્પ નીચે વસનારા,
૨ સનત્કુમાર-માહેન્દ્ર કલ્પ નીચે વસનારા,
૩ લાન્તક કલ્પ નીચે વસનારા,

૯ લોકાન્તિક દેવ.

૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વન્હિ, ૪ વરૂણ, ૫ ર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ આગ્નેય, ૯ અરિષ્ટ.

૧૨ કલ્પ.	૧૪ કલ્પાતીત.	એ પ્રમાણે દેવના ભેદમાં-
૧ સૌધર્મ,	૧ સુદર્શન,	૧૦ ભુવનપતિ
૨ ઈશાન,	૨ સુપ્રતિબંધ,	૧૫ પરમાધામી
૩ સનત્ કુમાર,	૩ મનોરમ,	૧૬ વ્યન્તર
૪ માહેન્દ્ર,	૪ સર્વભદ્ર,	૧૦ તિર્યગજાંભક
૫ બ્રહ્મ,	૫ વિશાળ,	૧૦ જ્યોતિષિ
૬ લાન્તક,	૬ સુમનસ,	૩ કિલ્બિષિક
૭ મહાશુક્ર,	૭ સુમણસ,	૯ લોકાન્તિક
૮ સહસ્રાર,	૮ પ્રીયંકર,	૧૨ કલ્પ
૯ આનત,	૯ આદિત્ય, (ગ્રૈવેયક દેવ ૯ છે)	૯ ગ્રૈવેયક
૧૦ પ્રાણુત,		૫ અનુત્તર
૧૧ આરણ,	૧ વિજય,	૯૯ ભેદ અપર્યાપ્ત
૧૨ અચ્યુત,	૨ વિજયંત,	૯૯ ભેદ પર્યાપ્ત
	૩ જયંત,	
	૪ અપરાજીત,	૧૯૮ દેવના ભેદ.
	૫ સર્વાર્થસિદ્ધ, (અનુત્તર ૫ છે)	

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે જીવવિચારાદિ પ્રકરણોમાં અતિ પ્રસિદ્ધ ૫૬૩ ભેદ કહ્યા છે, વળી શ્રી લોકપ્રકાશ ગ્રંથમાં દેવના ૩૫૬ ભેદ કહ્યા છે, ત્હેમાં ૧૦ ભુવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ પિશાચ, ૯ ભૂત, ૧૩ યક્ષ, ૭ રાક્ષસ, ૧૦ કિન્નર, ૧૦ કિંપુરૂષ, ૧૦ મહોરગ, ૧૨ ગંધર્વ, ૮ વાણુવ્યન્તર, ૧૦ તિર્યગ્જૃંભક, ૧૦ જ્યોતિષી, ૩ કિલ્બિષિક, ૯ લોકાન્તિક, ૧૨ કલ્પ, ૯ ગ્રૈવેયક, અને ૫ અનુત્તર એ સર્વ મળી ૧૭૮ અપર્યાપ્ત અને ૧૭૮ પર્યાપ્ત ગણતાં ૩૫૬ ભેદ દેવના થાય છે. પણ ચાલુ ગ્રંથમાં ૧૯૮ ગણાશે.

ઉપર પ્રમાણે તિર્યંચના ૪૮, નારકના ૧૪, મનુષ્યના ૩૦૩, અને દેવના ૧૯૮ એ સર્વ મળી જીવના ૫૬૩ ભેદ થયા.

(૧૮) પર્યાપ્ત ૬—**પર્યાપ્તિ** એટલે તે તે વ્યાપારમાં પ્રવૃત્તિ કરવાની આત્માની[1] **શક્તિ**. પરભવમાં ઉત્પન્ન થતા આત્માને જીવનના નિર્વાહ માટે આહારગ્રહણાદિ કાર્યો અવશ્ય કરવાં પડે છે, તો તેને આહારગ્રહણાદિ કાર્યો કરવાની શક્તિ પણ પ્રાપ્ત કરવી જોઇએ, તે શક્તિ આત્મા પરભવમાં ઉત્પન્ન થયા બાદ તુરતજ અનુક્રમે પ્રાપ્ત કરે છે તેને **પર્યાપ્તિ** કહેવામા આવે છે.

શંકા—આત્મા શું શક્તિ રહિત છે કે જેથી આહારગ્રહણાદિ કાર્યો કરવામાં નવી શક્તિ પ્રાપ્ત કરવી પડે ? અને આત્મા જો શક્તિ રહિત હોય તો તે કાર્યો કરવામાં નવી શક્તિવાળો કેવી રીતે થઈ શકે ? કારણકે જે વસ્તુમાં જે સ્વભાવ નથી તે વસ્તુમાં તે સ્વભાવ કોઇપણ કાળે નવો પ્રાપ્ત ન થાય.

ઉત્તરઃ—અકર્મ આત્મા જો કે અનંત શક્તિવાળો છે અને તે આત્મિક વ્યાપાર એટલે જ્ઞાનાદિના ઉપયોગમાં સ્વતન્ત્ર શક્તિવાળો છે, પરન્તુ આહારગ્રહણ, શરીરરચના વિગેરે પૌદ્ગલિક કાર્યોમાં સકર્મ આત્માની શક્તિ પુદ્ગલના અવલંબનવાળી હોય છે, અને જો પુદ્ગલનું અવલંબન ન હોય તો સંસારી આત્મા તે તે પ્રકારનાં પૌદ્ગલિક કાર્ય

---

૧ પર્યાપ્તિ એટલે સમાપ્તિ એવો પણ અર્થ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન કરી શકે, માટે આહારગ્રહણાદિ કાર્યમાં પુદ્ગલોનું અવલંબન અવશ્ય ઉપયોગી છે, અને તે શક્તિમાં ઉપયોગી પુદ્ગલોનું ગ્રહણ જેમ જેમ આત્મા અધિક અધિક પ્રમાણમાં કરતો જાય છે, તેમ તેમ આત્મામાં તે તે કાર્યો કરવાની શક્તિ પ્રગટ થતી જાય છે, તે પ્રગટ થતી શક્તિનું નામ પર્યાપ્તિ છે. તે પર્યાપ્તિ છ પ્રકારે છે તે નીચે પ્રમાણે—

आहारपर्याप्ति—આહારને ગ્રહણ કરી ખલ અને રસપણે પરિણમાવવાની જે શક્તિ તે આહારપર્યાપ્તિ. આ આહારપર્યાપ્તિવડે આત્મા પ્રથમ ઔદારિક અથવા આહારક શરીરપણે પરિણમી શકે એવી યોગ્યતાવાળાં પુદ્ગલો ગ્રહણ કરે છે, ત્યારબાદ ગ્રહણ કરેલાં પુદ્ગલોમાંથી શરીરપણે એટલે સાત ધાતુમાંથી કોઈપણ ધાતુપણે પરિણમવા યોગ્ય પુદ્ગલોને રસરૂપ કરે છે અને કોઇપણ ધાતુપણે નહિ પરિણમવા યોગ્ય પુદ્ગલોને ખલરૂપ એટલે મળમૂત્રરૂપ કરી જૂદા પાડે છે, વળી એકેન્દ્રિય, દેવ, નારક, અને આહારકશરીરી જીવોને મળમૂત્ર હોતું નથી, કારણકે તેઓને કવલાહાર હોતે નથી, જેઓ કવલાહાર કરે છે તેવાઓનેજ મળમૂત્રરૂપ ખલનો સંભવ હોય છે, તે જીવો દેહ અને ઇન્દ્રિયપણે પરિણમી શકે તેવાં આહારપુદ્ગલોને આત્મપ્રતિબદ્ધ કરી બીજાં નિરૂપયોગી પુદ્ગલોને તુર્ત ખેરવી નાખે છે, એ પ્રમાણે લોમાહારવાળા નારક જીવોની આહારવિધિ પ્રસંગે શ્રી પ્રજ્ઞાપનાજીના આહારપદમાં કહ્યું છે. માટે જેઓ કવલાહારી જીવો છે, તેઓ તો આહાર પર્યાપ્તિવડે આહાર ગ્રહણ કરે અને ગ્રહણ કરેલ આહારમાંથી દેહ-પણે નહિ પરિણમનાર પુદ્ગલ સમૂહને મળમૂત્રનારૂપમાં ખલકરી જૂદો પાડે છે, તેમજ લોમાહારી અને ઓજાહારી જીવો આહાર પર્યાપ્તિવડે આહાર ગ્રહણ કરીને તેમાંથી ઉપયોગી પુદ્ગલોને આત્મ-પ્રતિબદ્ધ કરી નિરૂપયોગી પુદ્ગલ સમૂહને જૂદો પાડે છે, એ જૂદા પાડેલા નિરૂપયોગી પુદ્ગલસમૂહને કદાચ લોમાહારી અને ઓજાહારી જીવોનો ખલ કહીએ તો કંઇ વિરોધ જણાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

शरीरपर्याप्ति—રસીભૂત થયેલ ઔદારિકાદિ યોગ્ય પુદ્ગલોને ઔદારિકાદિ શરીરપણે પરિણમાવે એટલે રસ, રૂધિર, માંસ, મેદ, હાડ, મજ્જા અને વીર્ય એ સાત ધાતુમાંથી જે શરીરને જેટલી ધાતુ હોય તેટલી ધાતુપણે પરિણમાવી શરીર બનાવવાની જે શક્તિ તે શરીરપર્યાપ્તિ. આ શરીરપર્યાપ્તિવડે જીવ, પ્રતિસમયે શરીર રચના કરે છે, અને એ શરીરપર્યાપ્તિ પૂર્ણ થવાથી જીવ કાયયોગમાં પ્રવર્તે છે, એમ કેટલાક આચાર્યોનો અભિપ્રાય છે.

इन्द्रियपर्याप्ति—જે શક્તિવડે ધાતુપણે પરિણમેલા આહારને ઇન્દ્રિયપણે પરિણમાવે તે ઇન્દ્રિયપર્યાપ્તિ કહેવાય એવો પ્રજ્ઞાપના, જીવાભિગમ તથા પ્રવચનસારોદ્ધારનો અભિપ્રાય છે. શ્રી સંગ્રહણી વૃત્તિમાં તો "ધાતુપણે પરિણમેલા ઇન્દ્રિયયોગ્ય આહારમાંથી ઇન્દ્રિયયોગ્ય પુદ્ગલો લઈ તે પુદ્ગલોને યથાસ્થાને ગોઠવ્યાબાદ તેનાવડે વિષય જાણવામાં સમર્થ થાય એવી શક્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ" એવો અર્થ કર્યો છે.

श्वासोच्छवासपर्याप्ति—જે શક્તિવડે આત્મા શ્વાસોચ્છવાસ વર્ગણાનાં પુદ્ગલ ગ્રહણ કરી શ્વાસોચ્છવાસપણે પરિણમાવી, અવલંબી[1] વિસર્જન કરે તે શક્તિને શ્વાસોચ્છવાસપર્યાપ્તિ કહે છે.

भाषापर्याप्ति—જે શક્તિવડે આત્મા ભાષાવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી (બોલવાના ઉપયોગમાં લઈ) અવલંબીને વિસર્જન કરે તે શક્તિ ભાષાપર્યાપ્તિ.

मनपर्याप्ति—જે શક્તિવડે આત્મા મનોવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી મનપણે પરિણમાવી (ચિંતવન કરી) અવલંબીને વિસર્જન કરે તે શક્તિ મનપર્યાપ્તિ કહેવાય.

---

૧. બાણને ફેંકતા પહેલાં પ્રથમ બાણને પાછું ખેંચવારૂપ, તથા બિલાડીને શિકા તરફ પોતાનું અંગ ફેંકવા પહેલાં પ્રથમ અંગસંકોચરૂપ જેમ પ્રથમપ્રયત્ન કરવો પડે છે તેમ શ્વાસાદિકનાં પુદ્ગલ વિસર્જન કરવા પહેલાં વિસર્જનક્રિયાના કારણરૂપ જે પ્રથમપ્રયત્ન તે **अवलंबन.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિં શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એ ત્રણ પુદ્ગલોને આત્મા આહાર વિનાના પુદ્ગલોમાંથી ગ્રહણ કરે છે પણ પ્રથમાદિ સમયગૃહિત આહાર પુદ્ગલોમાંથી પરિણમતાં નથી. અને શરીર તથા ઇન્દ્રિય એ બે પ્રથમાદી સમયગૃહિત આહાર પુદ્ગલોમાંથી બને છે.

શંકા—શરીર અને ઇન્દ્રિય એ બે પદાર્થ જુદા છે, અને શરીર તો ઔદારિકાદિ વર્ગણાનું બને છે, તો પછી ઇન્દ્રિયપુદ્ગલનો પરિણામ કઇ વર્ગણામાંથી બને છે ?

ઉત્તરઃ—આહારરૂપે ગ્રહણ કરેલ ઔદારિકાદિ શરીર વર્ગણાનાં પુદ્ગલોમાંથીજ અભ્યન્તર નિર્વૃત્તિ આદિ ઇન્દ્રિયો બને છે માટે ઇન્દ્રિયનાં પુદ્ગલો તે શરીરવર્ગણાનાં ગણાય.

એ છ પર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે થાય છે, એટલે પ્રથમ સમયેજ ગ્રહણ કરેલ આહારપુદ્ગલોના આલંબનવડે આત્મામાં છએ પ્રકારની શક્તિનો દેશાંશે આવિર્ભાવ થતો જાય, અને અનુક્રમે તે શક્તિઓ સર્વાંશે પ્રગટ થાય ત્યારે અનુક્રમે છએ પર્યાપ્તિઓ સમાપ્ત થઇ કહેવાય. તેમાં ઔદારિક દેહ સંબંધિ પર્યાપ્તિનો અનુક્રમ નીચે પ્રમાણે—આહારપર્યાપ્તિ પ્રથમ સમયેજ સમાપ્ત થાય, ત્યારબાદ અન્તર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ, ત્યારબાદ અન્તર્મુહૂર્તે ઇન્દ્રિયપર્યાપ્તિ, ત્યારબાદ અન્તર્મુહૂર્તે શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ, ત્યારબાદ અન્તર્મુહૂર્તે વચનપર્યાપ્તિ, અને ત્યારબાદ અન્તર્મુહૂર્તે મનઃપર્યાપ્તિ સમાપ્ત થાય. એનો ભાવાર્થ નીચે પ્રમાણેઃ—

પ્રથમ સમયે ગ્રહણ કરેલ ઔદારિક વર્ગણાના અલ્પ પુદ્ગલો માત્રથી આત્મામાં આહારગ્રહણ કરી ખલરસ બનાવવાની શક્તિ પ્રાપ્ત થઇ ગઈ, અને એ પ્રથમ સમયગૃહિત પુદ્ગલોમાંથી કેટલાંક શરીરપણે પરિણમ્યાં છે, અને કેટલાંએક અભ્યન્તર નિર્વૃત્તિ ઇન્દ્રિયપણે પરિણમી પોતપોતાને સ્થાને ગોઠવાયાં છે, પણ તેટલાં અલ્પ શરીરપુદ્ગલોથી કાયયોગવડે શરીર રચવા જેવી શક્તિ તથા તેટલાં અલ્પ ઇન્દ્રિયપુદ્ગલોથી વિષય જાણવા જેવી શક્તિ આત્મામાં સંપૂર્ણ પ્રાપ્ત થઇ નથી, તો ઉચ્છવાસાદિ ગ્રહણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા જેવી શક્તિ તો હોયજ ક્યાંથી? ત્યારબાદ દ્વીતિયાદિ સમયથી અન્તર્મુહૂર્ત્ત સુધીમાં ગ્રહણ કરાતાં ઔદારિક વર્ગણાનાં પુદ્ગલોમાંથી એટલા બધાં પુદ્ગલો શરીરરૂપે પરિણમ્યાં કે જે પુદ્ગલસમૂહના આલંબનથી આત્મામાં ઔદારિક કાયયોગે સ્વતંત્ર રીતે શરીર રચવાની અને શરીરદ્વારા અન્યપણ ક્રિયાઓ કરવાની શકિત પ્રાપ્ત થઈ, જેથી શરીરપર્યાપ્તિ પૂર્ણ થઈ, પરંતુ એ અન્તર્મુહૂર્તમાં ઇન્દ્રિયપણે પરિણમેલાં પુદ્ગલોનો સમૂહ હજી અલ્પ છે, તેથી આત્મામાં વિષય જાણવાની શક્તિરૂપ ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થઇ નથી, ત્યારબાદ અન્તર્મુહૂર્ત્ત સુધી ગ્રહણ કરાતાં ઔદારિક પુદ્ગલોમાંથી થોડો ભાગ ઔદારિક દેહરૂપે અને થોડો ભાગ ઇન્દ્રિયરૂપે પરિણમતાં ઇન્દ્રિયનાં ઘણાં પુદ્ગલો થતાં આત્મામાં વિષય જાણવારૂપ શક્તિ પ્રાપ્ત થવાથી ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થઇ, ત્યારબાદ અન્તર્મુહૂર્ત સુધી આહૃત પુદ્ગલોને શરીર અને ઇન્દ્રિયપણે પરિણમાવતાં જેમ જેમ શરીર પુદ્ગલોની વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ તે ઔદારિક દેહપુદ્ગલોના અવષ્ટંભથી–આલંબનથી આત્માની શક્તિ પણ વધતી ગઇ જેથી ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અન્તર્મુહૂર્ત્તે આત્મામાં શ્વાસોચ્છવાસ વર્ગણાનાં પુદ્ગલ ગ્રહણ કરી શ્વાસોચ્છવાસપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરી શકે એવી શક્તિ પ્રાપ્ત થઇ એટલે શ્વાસોચ્છવાસપર્યાપ્તિ સમાપ્ત થઈ, એવા અનુક્રમથી અન્તર્મુહૂર્ત્ત બાદ ભાષાપર્યાપ્તિ અને અન્તર્મુહૂર્ત્ત બાદ મનઃપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

તેમજ વૈક્રિય અને આહારક શરીરસંબંધિ પર્યાપ્તિઓમાં પ્રથમ સમયે આહારપર્યાપ્તિ, ત્યારબાદ અન્તર્મુહૂર્ત્તકાળે શરીર પર્યાપ્તિ, ત્યારબાદ એક સમયે ઇન્દ્રિયપર્યાપ્તિ, ત્યારબાદ એક સમયે શ્વાસોચ્છવાસપર્યાપ્તિ, ત્યારબાદ એક સમયે વચનપર્યાપ્તિ, અને ત્યારબાદ એક સમયે મનઃપર્યાપ્તિ સમાપ્ત થાય છે. અહિં વિશેષ એ છે કે દેવોને વચન અને મનઃ પર્યાપ્તિ એ બન્ને સમકાળે સમાપ્ત થાય છે, માટે દેવોને શ્રી ભગવતીસૂત્રમાં પાંચ પર્યાપ્તિઓવડે પર્યાપ્તા કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ છ પર્યાપ્તિઓમાં સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરનાર અને નહિ પૂર્ણ કરનાર જીવો લબ્ધિપર્યાપ્ત અને લબ્ધિઅપર્યાપ્ત વિગેરે ચાર ભેદવાળા કહેવાય છે તે નીચે પ્રમાણે—

લબ્ધિપર્યાપ્ત—જે જીવોએ પૂર્વભવમાં પર્યાપ્તનામ-કર્મ બાંધ્યું હોય તે જીવો આ ભવમાં ઉત્પન્ન થઈ સ્વયોગ્ય પર્યાપ્તિઓ સંપૂર્ણ કરી મરણ પામે છે, માટે તેવા પર્યાપ્તિઓ સમાપ્ત કરી મરણ પામનારા પર્યાપ્તનામકર્મના ઉદયવાળા જીવો લબ્ધિપર્યાપ્તા કહેવાય. અહિં સ્વયોગ્ય પર્યાપ્તિ એટલે એકેન્દ્રિયને ચાર, દ્વીન્દ્રિયાદિને પાંચ અને ગર્ભજ પંચેન્દ્રિયને છ, એમ જે જીવોને જેટલી પર્યાપ્તિઓ શાસ્ત્રમાં કહી છે, તે જીવોને તેટલી પર્યાપ્તિઓ "સ્વયોગ્ય" કહેવાય. તથા અહિં લબ્ધિ એટલે પૂર્વબદ્ધ પર્યાપ્ત નામકર્મનો ઉદય જાણવો.

લબ્ધિઅપર્યાપ્ત—પૂર્વભવમાં જે જીવોએ અપર્યાપ્ત નામ-કર્મ બાંધીને પરભવમાં ઉત્પન્ન થઈ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાવિના મરણ પામે તેઓ લબ્ધિ અપર્યાપ્ત કહેવાય. અહિં પર્યાપ્ત નામકર્મ નહિ બાંધેલા જીવો પણ પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ તો અવશ્ય પૂર્ણ કરેજ. જગતમાં એવો કોઇપણ અપર્યાપ્ત જીવ નથી કે જે આહાર, શરીર અને ઇન્દ્રિય એ પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરણ પામે. કારણકે આયુષ્યનો બંધ પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના હોય નહિ, તો પછી આયુષ્ય બાંધ્યા વિના તે જીવ ક્યાં જઈ ઉપજે? માટે અપર્યાપ્ત જીવ પણ ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કરી અન્તર્મુહૂર્ત્તસુધી આયુષ્ય બાંધીને ત્યારબાદ પણ અન્તર્મુહૂર્ત્ત સુધી જીવી મરણ પામે. માટે દરેક અપર્યાપ્ત જીવો પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ અવશ્ય પૂર્ણ કરે છે.

કરણપર્યાપ્ત—જે જીવે સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરી લીધી છે તે કરણપર્યાપ્ત જીવ કહેવાય, અહિં જે લબ્ધિપર્યાપ્ત જીવો હોય તેજ કરણપર્યાપ્ત થઈ શકે.

પ્રશ્નઃ—લબ્ધિપર્યાપ્ત જીવ પણ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે અને કરણપર્યાપ્ત જીવ પણ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરેછે તો એ બેમાં તફાવત શું ?

ઉત્તર:—લબ્ધિપર્યાપ્ત જીવ તો પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની યોગ્યતાવાળો પણ કહેવાય તેથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ હજી પૂર્ણ કરી નથી તે દરમ્યાનમાં પણ પર્યાપ્ત નામકર્મવાળો હોવાથી જીવ લબ્ધિપર્યાપ્ત તો કહેવાય, પણ કરણપર્યાપ્ત ન કહેવાય, અને કરણપર્યાપ્ત તો સ્વયોગ્ય સર્વપર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ કહેવાય, ત્યારપ્હેલાં નહિ. એ પ્રમાણે પૂર્વ ભવમાંથી છૂટયા બાદ માર્ગમાં વ્હેતો જીવ તથા ઉત્પત્તિસ્થાને પ્રથમ સમયથી ભવના અન્ત સમય સુધી લબ્ધિપર્યાપ્તપણાનો કાળ ગણાય, અને પર્યાપ્ત અવસ્થા થયા બાદ ભવના અન્ત સમય સુધી કરણપર્યાપ્ત કહેવાય, તેમ લબ્ધિપર્યાપ્ત પણ કહેવાય એ રીતે લબ્ધિપર્યાપ્ત અને કરણપર્યાપ્ત-પણામાં તફાવત છે.

करणअपर्याप्त—લબ્ધિપર્યાપ્ત અથવા લબ્ધિઅપર્યાપ્ત જીવે જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ નથી કરી ત્યાં સુધી તે જીવ અપર્યાપ્ત કહેવાય.

શંકા—લબ્ધિઅપર્યાપ્ત જીવ પણ પર્યાપ્તિઓ પૂર્ણ કરતો નથી, અને કરણઅપર્યાપ્ત જીવે પણ પર્યાપ્તિઓ પૂર્ણ કરેલી હોતી નથી તો બેમાં શું તફાવત ?

ઉત્તર:—લબ્ધિઅપર્યાપ્ત જીવ માટે તો એવો નિયમ છે કે એ જીવ પર્યાપ્તિઓ પૂર્ણ નહિજ કરે તેથી મરણ પર્યન્ત લબ્ધિઅપર્યાપ્તજ રહેવાનો, અને કરણઅપર્યાપ્ત તો પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ કરણપર્યાપ્ત પણ થઇ શકે માટે એ બેમાં તફાવત છે. પુન: જે લબ્ધિપર્યાપ્ત જીવ પણ પ્રથમ કરણઅપર્યાપ્ત હોય અને પર્યાપ્ત થયા બાદ કરણપર્યાપ્ત કહેવાય. અને લબ્ધિ-અપર્યાપ્ત જીવ તો કરણઅપર્યાપ્તજ હોય પણ કરણપર્યાપ્ત થઇ શકે નહિ.

પુન: ૬ પર્યાપ્તિવાળા જીવે આહાર પર્યાપ્તિ પૂર્ણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય તો શેષ પાંચ પર્યાપ્તિએ કરણપર્યાપ્ત, શરીરપર્યાપ્તિ પૂર્ણ કરી હોય તો ચાર પર્યાપ્તિએ, ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરી હોય તો શેષ ત્રણ પર્યાપ્તિએ, ઉચ્છવાસપર્યાપ્તિ પૂર્ણ કરી હોય તો શેષ બે પર્યાપ્તિએ અને વચનપર્યાપ્તિ પૂર્ણ કરી હોય અને મનઃપર્યાપ્તિ પૂર્ણ કરવાને એક સમય બાકી હોય ત્યાંસુધી એકપર્યાપ્તિએ કરણ-અપર્યાપ્ત જીવ કહેવાય. એ પ્રમાણે કયો પર્યાપ્ત જીવ કયા કયા ભેદમાં અવતરે તે કહેવાય છે.

પર્યાપ્ત સંક્રાન્તિ.

લબ્ધિપર્યાપ્તમાં—લબ્ધિપર્યાપ્ત, કરણઅપર્યાપ્ત અને કરણપર્યાપ્ત એ ત્રણ ભેદ પ્રાપ્ત થાય.

લબ્ધિઅપર્યાપ્તમાં—લબ્ધિઅપર્યાપ્ત અને કરણઅપર્યાપ્ત એ બે.

કરણપર્યાપ્તમાં–લબ્ધિપર્યાપ્ત અને કરણપર્યાપ્ત એ બે.

કરણઅપર્યાપ્તમાં—લબ્ધિપર્યાપ્ત, લબ્ધિઅપર્યાપ્ત અને કરણ-અપર્યાપ્ત એ ત્રણ ભેદ પ્રાપ્ત થાય.

પર્યાપ્તકાળ.

લબ્ધિપર્યાપ્ત—ભવના પ્રથમ સમયથી અન્ત સમય સુધી.

લબ્ધિઅપર્યાપ્ત—ભવના પ્રથમ સમયથી અન્ત સમય સુધી.

કરણપર્યાપ્ત—અન્તર્મુહૂર્ત્ત ન્યૂન આયુષ્ પર્યન્ત.

કરણઅપર્યાપ્ત—ભવના પ્રથમ સમયથી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી.

પર્યાપ્તિઓથી પ્રાણની ઉત્પત્તિ થાય છે, ત્હેમાં આહારપર્યાપ્તિ સર્વ પ્રાણોની ઉત્પત્તિમાં સાધારણ કારણરૂપ છે, શરીરપર્યાપ્તિથી કાયયોગ પ્રાણ ઉત્પન્ન થાય છે, ઇન્દ્રિયપર્યાપ્તિથી પાંચે ઇન્દ્રિય પ્રાણ ઉત્પન્ન થાય છે, શ્વાસોચ્છવાસપર્યાપ્તિથી શ્વાસોચ્છવાસ પ્રાણ, ભાષાપર્યાપ્તિથી વચનયોગ પ્રાણ, અને મનઃપર્યાપ્તિથી મનયોગ પ્રાણ ઉત્પન્ન થાય છે. તેમજ આયુષ્ પ્રાણની ઉત્પત્તિ સ્વતંત્ર છે, પણ કોઇ પર્યાપ્તિથી નથી.

વળી આ પર્યાપ્તિના સંબંધમાં કેટલાએક એમ કહે છે કે આ છ પર્યાપ્તિઓ છ પ્રકારનાં ભિન્ન ભિન્ન પુદ્ગલો છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓની સહાયવડે આત્મા તે તે પ્રકારનાં છ કર્મ કરી શકે છે, પરંતુ એ વાત સંભવી શકતી નથી.

પ્રશ્ન:—જે પર્યાપ્તિ સમાપ્ત થાય તે પર્યાપ્તિ સંબંધિ કાર્ય, આત્મા ત્યારથીજ શરૂ કરે કે નહિ ?

ઉત્તર:—વચનપર્યાપ્તિ સિવાય શેષ પાંચ પર્યાપ્તિઓ સમાપ્ત થતાં તે પર્યાપ્તિઓ સંબંધિ કાર્ય આત્મા કરી શકે છે, એટલે આહારપર્યાપ્તિવડે આહારગ્રહણાદિ, શરીરપર્યાપ્તિવડે કાયયોગ પ્રવૃત્તિ પૂર્વક દેહરચના, ઇન્દ્રિયપર્યાપ્તિ સમાપ્ત થતાં ઇન્દ્રિયોપયોગ, ઉચ્છવાસપર્યાપ્તિ સમાપ્ત થતાં ઉચ્છવાસગ્રહણંદિ, અને મન: પર્યાપ્તિ સમાપ્ત થતાં ચિંતનવાદિ કાર્ય કરી શકે, પરંતુ વચન પર્યાપ્તિ સમાપ્ત થતાં તુર્ત ભાષાઉચ્ચાર કરી શકે નહિ, કારણકે ભાષાઉચ્ચાર કરવામાં મુખ, જીભ, કંઠ વિગેરે અવયવોરૂપ સાધનોની જરૂર હોય છે, અને તે અવયવો તે વખતે હોતા નથી માટે વચનોચ્ચાર થઈ શકતો નથી. વળી ઇન્દ્રિયપર્યાપ્તિ સમાપ્ત થતાં પણ ચક્ષુ ઇન્દ્રિયોપયોગ ન પ્રવર્તાવી શકે એ અભિપ્રાય ચોથા કર્મગ્રંથમાં છે, **तिय छ व पज्जयर चक्खुम्मि** ઇતિવચનાત્.

(૧૯) **પ્રાણ ૧૦—प्राण** એટલે આત્માનું જીવનલક્ષણ, અર્થાત્ જેનાવડે “આ આત્મા છે” અથવા “આ જીવતો છે” એમ ઓળખાય તે **प्राण** કહેવાય. તે પ્રાણ અભ્યન્તર અને બાહ્ય એમ. બે પ્રકારના છે, તેમાં જ્ઞાન, દર્શન. ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ ૭ **अभ्यन्तर प्राण** અથવા **भाव प्राण** છે, કારણકે જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષણોવડે “આ આત્મા છે” એમ ઓળખી શકાય છે. શ્રી નવતત્વ પ્રકરણમાં કહ્યું છે કે—

नाणं च दंसणं चैव, चरित्तं च तवो तहा
वीरियं उवओगो य, एयं जीअस्स लक्खणं ॥ १ ॥

અર્થ:—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

તથા “આ જીવે છે” એમ ઓળખવા માટે જે બાહ્યલક્ષણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચ ઇન્દ્રિયો, ત્રણ યોગ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ **બાહ્યપ્રાણ** અથવા **દ્રવ્ય પ્રાણ** કહેવાય છે તે નીચે પ્રમાણે—

૧ **સ્પર્શેન્દ્રિય પ્રાણ**—શરીરમાં જીવ હોય ત્યાં સુધીજ આ શીત છે, આ ઉષ્ણ છે, વિગેરે સ્પર્શપરીક્ષા હોઈ શકે છે, માટે જ્યાં સુધી જીવ શીત ઉષ્ણાદિ સ્પર્શેન્દ્રિયોપયોગવાળો હોય ત્યાં સુધી "આ જીવે છે" એમ ઓળખાય છે માટે સ્પર્શેન્દ્રિ-યોપયોગ એ પ્રાણ છે. આત્મા જ્યારે શરીર છોડી પરભવમાં જાય છે ત્યારે અભ્યન્તર નિર્વૃત્તિરૂપ સ્પર્શ ઇન્દ્રિય તો શરીર સાથેજ રહી છે છતાં પણ જીવ નહિ હોવાથી તેનો કંઈ પણ ઉપયોગ પ્રવર્ત્તિ શકતો નથી.

૨ **રસનેન્દ્રિય પ્રાણ**—શરીરમાં જીવ હોય ત્યાં સુધીજ આ મધુર છે, આ ખાટું છે એવી રસપરીક્ષા હોઇ શકે છે, માટે જીવ જ્યાં સુધી રસનેન્દ્રિયના ઉપયોગવાળો હોય ત્યાં સુધી શરી-રમાં જીવ છે એમ ઓળખાય છે તે કારણથી રસનેન્દ્રિયોપયોગ એ પ્રાણ છે. આત્મા પરભવમાં ગયા બાદ અહિં પડી રહેલા શરીરમાં બાહ્યનિર્વૃત્તિ ઇન્દ્રિયરૂપ જીવ્હા, અને અભ્યન્તરનિર્વૃત્તી ન્દ્રિયરૂપ જીવ્હેન્દ્રિય બન્ને વિદ્યમાન છે તોપણ તે જીભ ઉપર મરચું વિગેરે લગાડતાં તીખાશાદિનો કંઈ પણ અનુભવ હોય નહિ.

૩ **ઘ્રાણેન્દ્રિય પ્રાણ**—જ્યાં સુધી શરીરમાં આત્મા હોય ત્યાં સુધીજ નાકદ્વારે સુગંધ–દુર્ગંધનો અનુભવ થાય છે, માટે ઉપર કહેલી પદ્ધતિએ ઘ્રાણેન્દ્રિય એ પ્રાણ છે.

૪ **ચક્ષુ ઇન્દ્રિય પ્રાણ**—જ્યાં સુધી શરીરમાં જીવ છે ત્યાં સુધી ચક્ષુદ્વારા પદાર્થનું રૂપ, વર્ણ, આકાર વિગેરે દેખી શકાય છે અને શરીરમાંથી જીવ ગયા બાદ બાહ્યનિર્વૃત્તિ રૂપ ચક્ષુ ઉઘાડી છે તથા અભ્યન્તર નિર્વૃત્તિરૂપ ચક્ષુઇન્દ્રિયના તારા-કીકીઓ વિદ્યમાન છે તોપણ પદાર્થનું રૂપ વિગેરે દેખી શકાતું નથી માટે ચક્ષુઇન્દ્રિય તે પ્રાણ છે.

૫ **શ્રોત્રેન્દ્રિય પ્રાણ**—જ્યાં સુધી શરીરમાં જીવ છે ત્યાં સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાન વડે શબ્દ સાંભળી શકાય છે અને જીવ ગયા બાદ બન્ને પ્રકારની કર્ણેન્દ્રિય વિદ્યમાન છે તોપણ શબ્દ સાંભળી શકાતો નથી માટે શ્રોત્રેન્દ્રિય એ પ્રાણ છે.

૬ **मनयोग प्राण**—શરીરમાં જીવ હોય ત્યાંસુધી મનવડે ચિંતવન કરી શકાય માટે મનયોગ એ પ્રાણ છે.

૭ **वचनयोग प्राण**—શરીરમાં જીવ છે ત્યાંસુધી શબ્દોચ્ચાર કરી શકાય છે માટે વચનયોગ એ પ્રાણ છે.

૮ **काययोग प्राण**—શરીરમાં જીવ છે ત્યાંસુધી આ શરીર હાલે છે, ચાલેછે, ઉઠેછે, બેસેછે એમ અનેક પ્રકારની ક્રિયાઓ કરી શકેછે, અને જીવ ગયાબાદ તેમાંનું કંઇપણ હોતું નથી માટે હાલતું ચાલતું શરીર દેખી "આ શરીરમાં જીવ છે" એમ ઓળખી શકાય છે માટે કાયયોગ એ પ્રાણ છે.

શંકા—વાયુ, અગ્નિ અને સર્વ ત્રસજીવોને તો કાયયોગ સ્પષ્ટ દેખાય છે, પરંતુ પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં એ ત્રણે સર્વથા સ્થાવર હોવાથી કાયંયોગ હોઇ શકે નહિ તેમજ કાયયોગાભાવે એ ત્રણમાં જીવ છે તેવી પ્રતીતિ શી રીતે થાય ?

ઉત્તર:—એ ત્રણ સ્થાવરોમાં સ્થૂળ દ્રષ્ટિવાળા જીવોને સ્પષ્ટ ન દેખાય તેવા અસ્પષ્ટ કાયયોગ બાદર અને સૂક્ષ્મ એમ બન્ને પ્રકારનો છે. અયોગી ગુણસ્થાને શૈલેશીકરણમાં વર્તતા કેવળી સિવાયના દરેક સંસારી જીવોમાંનો કોઇપણ જીવ અમુક સમયે જે આકાશપ્રદેશોમાં અવગાહ્યો છે તે જ આકાશપ્રદેશમાં બીજે સમયે સ્થિર રહી શકવાને સમર્થ નથી તેનું કારણ ચલાચલ યોગજ છે. કાયોત્સર્ગમાં રહેલા કેવળી ભગવાનનું શરીર પણ અસ્થિર છે, કોઇક કેવળી ભગવાને વિવક્ષિત સમયે જે આકાશ પ્રદેશોમાં પોતાનું શરીર વા અંગુલી આદિ અવયવ રાખ્યો હોય તેજ આકાશમાં બીજે સમયે જાણી જોઇને રાખવા ઇચ્છે તો પણ રાખી શકવા સમર્થ નથી તે ચલાચલ યોગનોજ મહિમા છે, માટે પૃથ્વ્યાદિ સર્વથા સ્થિર છે એમ ન જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંકા—ત્યારે પૃથ્વ્યાદિને સ્થાવર એટલે સ્થિર કહેવાનું પ્રયોજન શું ?

ઉત્તર:—પૃથ્વ્યાદિ જીવો પોતાની ઇચ્છાએ એક સ્થાનથી બીજે સ્થાને જઇ શકે નહિ, તેમ પોતાની ઇચ્છાથી હાલી શકે નહિ માટે પૃથ્વી વિગેરે જીવો સ્થાવર કહેવાય પણ સર્વથા અપ્રકંપ અવસ્થાને અંગે પૃથ્વ્યાદિ જીવોનું સ્થાવરપણું ન ગણાય.

શંકા—જો એક સ્થાનથી બીજે સ્થાને જતાં અને હાલવા ચાલવાદિથી કાયયોગ માનીએ તો એક સમયમાં લોકના એક છેડા સુધી શીઘ્ર જવાની શક્તિવાળા પરમાણુ આદિ પુદ્ગલોને કાયયોગ કહેવાય કે નહિ ?

ઉત્તર:—પરમાણુ આદિ પુદ્ગલો એ જીવનું જીવયુક્ત શરીર નથી, માટે કાયયોગ કહેવાય નહિ, પણ પુદ્ગલોના દશ પ્રકારના પરિણામમાંનો ગતિપરિણામ કહી શકાય.

९ श्वासोच्छ्वास प्राण—જ્યાં સુધી શ્વાસોચ્છવાસ ચાલતો હોય ત્યાં સુધી "આ શરીરમાં જીવ છે" એમ ઓળખી શકાય છે, માટે શ્વાસોચ્છવાસ એ પ્રાણ છે.

१० आयुष् प्राण—જ્યાં સુધી આયુષ્કર્મના પરમાણુઓ જીવની સાથે સંબંધવાળા હોય છે, ત્યાં સુધી જીવ તે શરીરમાં ટકી શકે છે, અને આયુષ્ પરમાણુઓ ક્ષય થયા બાદ એક સમય માત્ર પણ જીવ તે શરીરમાં નહિ રહેતાં તુર્ત પરભવમાં અથવા મોક્ષમાં ચાલ્યો જાય છે, માટે આયુષ્ એ પ્રાણ છે. જોકે ઇન્દ્રિયાદિવત્ એ આયુષ્ના પરમાણુઓ સ્થૂળદૃષ્ટિ જીવને સાક્ષાત્ અનુભવાતા નથી પણ આયુષ્ પરમાણુઓના અવલંબનથી આત્માનું જીવનરૂપ કાર્ય અનુમિત કરી શકાય છે તેમજ સર્વજ્ઞને સાક્ષાત્ માલુમ પડવાથી એ આયુષ્ પુદ્ગલો તે પ્રાણ છે. એ પ્રમાણે દશ બાહ્ય પ્રાણો છે, કારણકે આત્માનું અસ્તિત્વ ઓળખાવનારા એ દશે પ્રાણો (નિમિત્ત) પુદ્ગલપરિણામી છે. ચાલુ ગ્રંથમાં વિશેષત: સર્વત્ર એ દશ બાહ્યપ્રાણોનુંજ કાર્ય છે. કારણકે દરેક દ્વાર પ્રત્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાણો ગણાવતાં એ દશ બાહ્યપ્રાણોજ ગણવાના છે.

પ્રશ્ન:—એ દશ પ્રાણોમાંથી જે જીવને જેટલા પ્રાણ હોઇ શકે છે તેટલા પ્રાણ તે જીવને ભવના પ્રથમ સમયથી કે ઉત્પત્તિના પ્રથમ સમયથી અથવા પર્યાપ્ત થયા બાદ ગણવા ?

ઉત્તર:—પાંચ ઈન્દ્રિયપ્રાણ ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ, મનપ્રાણ મનપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ, વચનપ્રાણ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ, કાયયોગપ્રાણ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ, અથવા અન્ય આચાર્યોના મત પ્રમાણે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ, તેમજ શ્વાસોચ્છવાસપ્રાણ ઉચ્છવાસપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અને આયુષ્પ્રાણ ભવના પ્રથમ સમયથી ગણવો.

પ્રશ્ન:—ઇન્દ્રિયોપયોગમા જીવો વર્ત્તતા હોય તોજ ઇન્દ્રિયાદિ પ્રાણ ગણવા કે ન વર્ત્તતા હોય તોપણ ગણવા ?

ઉત્તર:—જે પ્રાણ જે કાર્યવાળો છે તે કાર્યરૂપે વર્ત્તતો હોય કે ન વર્ત્તતો હોય પરંતુ જીવની પ્રાણમાં વર્ત્તવાની યોગ્યતા હોય તો તે પ્રાણ તરીકે ગણાય. જેમ અનુત્તર દેવો ભવપર્યન્ત શબ્દોચ્ચાર કરતા નથી છતાં તેઓનો વચન પ્રાણ ગણી શકાય. અન્ધ પુરૂષ દેખી શકતો નથી કારણકે તેની અભ્યન્તર ઉપકરણેન્દ્રિય નાશ પામી છે પરંતુ અભ્યન્તર નિર્વૃત્તિ ઇન્દ્રિય સંપૂર્ણ રચાયલી છે તેથી ચક્ષુઈન્દ્રિયપ્રાણ ગણી શકાય.

(૨૦) સંજ્ઞા ૪–૧૦-૩—સંજ્ઞા એટલે અભિલાષ અથવા જ્ઞાન, તે સંજ્ઞા જ્ઞાનરૂપ અને અનુભવરૂપ એમ બે પ્રકારની છે; તેમાં જ્ઞાનરૂપ સંજ્ઞા, મતિજ્ઞાન,. શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારની છે તેનું અહિં પ્રયોજન નથી, પણ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર પ્રકારની અથવા ક્રોધ, માન, માયા, લોભ, લોક, અને ઓઘ સહિત દશ પ્રકારની અનુભવસંજ્ઞા ચાલુ ગ્રંથમાં દ્વારસંવેધ પ્રસંગે ઉપયોગી છે. દ્વારોમાં ચાર સંજ્ઞાજ જણાવી છે તો પણ જેને ચાર હોય તેને દશે સંજ્ઞા હોય એમ જાણવું. તે ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહિત દશ સંજ્ઞાઓનું સ્વરૂપ નીચે પ્રમાણે—

૧ **आहारसंज्ञा**—ક્ષુધારૂપ અશાતાવેદનીય કર્મના ઉદયથી જીવને ઉત્પન્ન થતો આહારનો અભિલાષ તે આહારસંજ્ઞા.

૨ **भयसंज्ञा**—ભય મોહનીય કર્મના ઉદયથી જીવને જે ત્રાસનો અનુભવ થાય છે તે ભયસંજ્ઞા.

૩ **मैथुनसंज्ञा**—વેદ મોહનીયના ઉદયથી જીવને ત્રણે પ્રકારનો જે વિષયાભિલાષ થાય તે મૈથુનસંજ્ઞા.

૪ **परिग्रह संज्ञा**—લોભ મોહનીય કર્મના ઉદયથી જીવને પર પદાર્થ ઉપર જે મમત્વભાવ તે પરિગ્રહ સંજ્ઞા.

૫ **क्रोधसंज्ञा**--ક્રોધ મોહનીયના ઉદયથી જે કોપ થાય તે ક્રોધસંજ્ઞા.

૬ **मानसंज्ञा**—માન મોહનીયના ઉદયથી જીવને જે અહંવૃત્તિ અથવા ઉત્કર્ષવૃત્તિરૂપ ગર્વનો અનુભવ થાય તે માનસંજ્ઞા.

૭ **मायासंज्ञा**—માયા મોહનીયના ઉદયથી જીવને છળપ્રપંચની વૃત્તિ રહે તે માયા સંજ્ઞા.

૮ **लोभसंज्ञा**—લોભ મોહનીયના ઉદયથી જીવને પરપદાર્થ સંબંધિ અધિકાધિક પ્રાપ્તિની ઈચ્છા વર્તે તે લોભસંજ્ઞા. અહિં પરિગ્રહસંજ્ઞા અને લોભસંજ્ઞા બન્ને એકજ કર્મના ઉદયવાળી છે તોપણ બાહ્ય પરિગ્રહની મુખ્યતાએ પરિગ્રહસંજ્ઞા, અને પરિગ્રહ ઉપર મમત્વવૃત્તિરૂપ લોભસંજ્ઞા ગણી બે સંજ્ઞાઓમાં તફાવત ગણવો.

૯ **लोकसंज्ञा**—રાત્રિએ કમળનો સંકોચ થવો અથવા સ્વમતિ કલ્પનાથી ઉઠાવેલી વાતો લોકપ્રવાહ પ્રમાણે સાચી માનવી, જેમકે કાગ એ પૂર્વજ છે—શ્વાન તે યક્ષ છે—મયૂરીને મોરની પાંખના વાયુથી ગર્ભ રહે છે વિગેરે લોકસંજ્ઞા કહેવાય. એ લોકસંજ્ઞા કયા કર્મના ઉદયમાં વર્ત્તે છે? તે સંબંધમાં જાણવાનું કે સ્વચ્છંદ-મતિ વિકલ્પનારૂપ લોકસંજ્ઞા મતિજ્ઞાનાવરણના અયથાર્થ ક્ષયોપ-શમથી પ્રવર્તે છે, પરંતુ કર્મના ઉદયમાં વર્ત્તતી નથી; પુનઃ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રજ્ઞાપના સૂત્રમાં વિશેષાવબોધરૂપ જ્ઞાનને લોકસંજ્ઞા કહી છે તે પણ મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જાણવી. પુનઃ અન્ય આચાર્યો કહે છે કે લોકની હેય એટલે ત્યાગ કરવા યોગ્ય પ્રવૃત્તિ તે લોકસંજ્ઞા, એ હેયપ્રવૃત્તિ તે "શ્વાન યક્ષ છે" વિગેરે પ્રથમ દર્શાવી તે જાણવી.

૧૦ ओघसंज्ञा—અવ્યક્ત ઉપયોગરૂપ સામાન્ય જે પ્રવૃત્તિ તે ઓઘસંજ્ઞા કહેવાય, જેમકે વેલડીઓ આગળ પાછળનો માર્ગ છોડીને જ્યાં વૃક્ષ વિગેરે હોય ત્યાંજ જઈ તેમના ઉપર વૃદ્ધિ પામે છે વિગેરે સામાન્ય પ્રવૃત્તિઓ ઓઘસંજ્ઞા કહેવાય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં તો શબ્દાદિ અર્થના વિષયવાળી સામાન્યાવબોધક્રિયા એટલે દર્શનોપયોગને ઓઘસંજ્ઞા કહી છે.

એ પ્રમાણે ચાર અથવા દશ સંજ્ઞાઓ જાણવી. તેમાં ચાર સંજ્ઞાઓમાંથી નારક જીવોને ભયસંજ્ઞા અધિક હોય છે, કારણકે તેઓને પ્રતિસમય પરમાધામીનો તથા બીજા શત્રુ નારકનો અને ક્ષેત્ર વિગેરે દશ પ્રકારની વેદનાઓનો ત્રાસ વર્ત્યા કરે છે. તેમાં પણ કોઈ એક સમયઆશ્રયિ મૈથુનસંજ્ઞાવાળા નારકો અલ્પ, તેથી આહારસંજ્ઞાવાળા સંખ્યાતગુણા, તેથી પરિગ્રહસંજ્ઞાવાળા સંખ્યાતગુણા, અને તેથી ભયસંજ્ઞાવાળા સંખ્યાતગુણા નારકજીવો છે. જો કે સામાન્યતઃ સર્વ નારકોને સર્વ સંજ્ઞાઓ હોય છે, પણ દરેક નારકને દરેક સમયે ચારે સંજ્ઞાઓ સ્પષ્ટ અનુભવપણે ન હોય પરન્તુ એક નારકને એક સમયમાં એક સંજ્ઞા અનુભવપણે હોય છે, માટે એ કહેલી અલ્પાધિકતા સંભવી શકે છે.

તિર્યંચ પંચેન્દ્રિયોને વિશેષે કરી આહારસંજ્ઞા અધિક હોય છે. તેઓમાં પણ પરિગ્રહસંજ્ઞાવાળા સર્વથી અલ્પ, તેઓથી મૈથુન-સંજ્ઞાવાળા સંખ્યાતગુણા, તેઓથી ભયસંજ્ઞાવાળા સંખ્યાતગુણા, અને તેઓથી આહારસંજ્ઞાવાળા સંખ્યાતગુણા છે.

મનુષ્યોમાં વિશેષે કરી મૈથુનસંજ્ઞા અધિક છે, તેમાં પણ ભય-સંજ્ઞાવાળા મનુષ્યો અલ્પ, તેઓથી આહારસંજ્ઞાવાળા સંખ્યાતગુણા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓથી સંખ્યાતગુણા પરિગ્રહસંજ્ઞાવાળા, અને તેઓથી સંખ્યાતગુણા મૈથુનસંજ્ઞાવાળા છે.

દેવોમાં વિશેષે કરી પરિગ્રહસંજ્ઞા અધિક છે, તેમાં પણ આહારસંજ્ઞાવાળા અલ્પ, તેઓથી ભયસંજ્ઞાવાળા સંખ્યાતગુણા, તેઓથી મૈથુનસંજ્ઞાવાળા સંખ્યાતગુણા, અને તેઓથી પરિગ્રહસંજ્ઞાવાળા સંખ્યાતગુણ દેવો છે.

અહિં જે જે જીવોને જે જે સંજ્ઞા અધિક કહી તે તેવા પ્રકારનાં બાહ્ય કારણોના નિમિત્તથી જાણવી, જેમ નારક જીવોને ભયનાં બાહ્યનિમિત્ત ઘણાં હોવાથી ભયસંજ્ઞા વિશેષ છે, અને દેવને મણિ, રત્ન વિગેરે પરિગ્રહનાં બાહ્યનિમિત્તો ઘણાં હોવાથી પરિગ્રહસંજ્ઞા અધિક છે, અને અંતરંગ ભાવથી તો ચારેસંજ્ઞાવાળા છે. તેમજ એકેન્દ્રિય અને દ્વીન્દ્રિયાદિકની સંજ્ઞાસંબંધિ અલ્પાધિકતા દર્શાવી નથી, માટે સમજાય છે કે તેઓની અલ્પાધિકતા અનિયમિત હશે.

પુનઃ મોહ, ધર્મ, સુખ, દુઃખ, જુગુપ્સા અને શોક એ છ મેળવવાથી સંજ્ઞાઓ સોળ પણ થાય છે, તથા જે સંજ્ઞાઓવડે જીવોમાં સંજ્ઞિઅસંજ્ઞિપણાનો વિભાગ પડેછે, તે સંજ્ઞાઓ હેતૂવાદોપદેશિકી, દીર્ઘકાલિકી અને દ્રષ્ટિવાદોપદેશિકી એમ ત્રણ પ્રકારની છે, તેનું કિંચિત્ સ્વરૂપ નીચે પ્રમાણે—

હેતુવાદોપદેશિકીસંજ્ઞા—વર્તમાન કાળમાં પ્રાપ્ત થયેલા અનિષ્ટ અર્થથી નિવૃત્તિ અને ઇષ્ટ અર્થમાં પ્રવૃત્તિ કરવા જેટલું અલ્પવિજ્ઞાન, તે હેતુવાદોપદેશિકીસંજ્ઞા દ્વીન્દ્રિયાદિ સર્વ સમ્મુર્ચ્છિમ જીવોને ક્રમાનુસાર અધિકાધિક છે, એટલે દ્વીન્દ્રિયથી ત્રીન્દ્રિયને, ત્રીન્દ્રિયથી ચતુરિન્દ્રિયને અને ચતુરિન્દ્રિયથી સમ્મુર્ચ્છિમ પંચેન્દ્રિયને અનુક્રમે અધિકાધિક સંજ્ઞા–વિજ્ઞાન માત્ર વર્તમાનકાળ સંબંધિ છે. તે નીચે પ્રમાણે—

દ્વીન્દ્રિય જીવ જે સ્થાને પડેલો છે તે સ્થાને જો સૂર્યનો તડકો આવે તો તાપ અનિષ્ટ લાગવાથી તુર્ત ખસીને જ્યાં છાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે ત્યાં જઈ સ્થિર થવા જેટલું વિજ્ઞાન છે, પરંતુ એ સ્થાને પુનઃ હમણાંજ સૂર્યનો તડકો આવશે તો ફરીથી બીજી છાયા શોધવી પડશે માટે એવી છાયામાં બેસું કે જ્યાં ઘણીવાર સુધી સૂર્યનો તાપ આવે નહિ અને વારંવાર ઉઠી ઉઠીને ખસવું પડે નહિ, એવા પ્રકારનું વિશેષ જ્ઞાન દ્વીન્દ્રિયાદિ સમુચ્છિર્મ જીવોને નહિ હોવાથી વર્તમાનકાળ સંબંધિ સંજ્ઞાવાળા કહ્યા છે.

दीर्घकालिकोसंज्ञा—દીર્ઘકાળ એટલે ભૂત અને ભવિષ્યકાળમાં શું પરિણામ હતું અને શું પરિણામ આવશે તે વિચારવા જેટલી દીર્ઘવિજ્ઞાનવાળી જે સંજ્ઞા તે દીર્ઘકાલિકીસંજ્ઞા. પ્રથમ હેતુવાદોપદેશિકીસંજ્ઞા, માત્ર વર્તમાનકાળના વિચારવિજ્ઞાનવાળી હતી અને આ સંજ્ઞા ત્રણેકાળના વિચારવિજ્ઞાનવાળી છે. માટે આ સંજ્ઞા પૂર્વસંજ્ઞાની અપેક્ષાએ વિશેષ છે, ભૂત અને ભવિષ્યકાળના વિચારવાળી આ સંજ્ઞા દરેક મનવાળા, દેવ, નારક અને ગર્ભજ જીવોને હોય છે, અને મનોવર્ગણાના આલંબન વિના એવું વિશિષ્ટ વિજ્ઞાન જીવને હોઇ શકતું નથી, તેથી આ સંજ્ઞા મનવાળા જીવોનેજ હોય. પણ મન સિવાયના દ્વીન્દ્રિયાદિ સમુચ્છિર્મ જીવોને નહોય. પુનઃ આ દીર્ઘકાલિકીસંજ્ઞાવાળો જીવ સંજ્ઞિ કહેવાય છે, અને દીર્ઘકાલિકીસંજ્ઞાવિનાના સર્વ સંસારીજીવો અસંજ્ઞિ કહેવાય છે.

પ્રશ્નઃ—હેતુવાદોપદેશિકીસંજ્ઞાવાળા જીવો પણ હેતુવાદોપદેશિકી સંજ્ઞાવડે સંજ્ઞિ કેમ ન કહેવાય ?

ઉત્તરઃ—અલ્પધનવાળો ધનવાન ન કહેવાય, અને અલ્પરૂપવાળો જેમ રૂપવાન ન કહેવાય, તેમ અલ્પ મનોવિજ્ઞાનરૂપ સંજ્ઞાવાળો સંજ્ઞિ ન કહેવાય.

द्रष्टिवादोपदेशिकीसंज्ञा—દ્રષ્ટિ એટલે સમ્યગ્દ્રષ્ટિ જીવોની યથાર્થ શ્રુતજ્ઞાનરૂપ જે સંજ્ઞા તે દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા સમ્યગ્દ્રષ્ટિ [1] જીવોને હોય છે, એમ અનેક શાસ્ત્રોના અભિપ્રાયો છે, અને શ્રી દંડક પ્રકરણમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" **मणुआण दीहकालिय—दिट्ठीवाओवएसिया केवि** એટલે મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે, અને કેટલાએક મનુષ્યોને દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ છે. " એ પ્રમાણે મનુષ્ય દંડકમાં કહ્યું છે પરંતુ દેવ, નારક અને તિર્યંચના દંડકમાં કેટલાએકને દ્રષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા બિલકુલ કહીજ નથી, તેનો આશય શ્રી દંડક પ્રકરણના કર્તા જાણે.[૨]

(૨૧) ઉપયોગ ૧૨—उपयुज्यते आत्मा वस्तुपरिच्छेदं प्रत्यनेनेत्युपयोगः—આત્મા જેના વડે પદાર્થજ્ઞાન પ્રત્યે જોડાય તે ઉપયોગ. આત્માના જ્ઞાનગુણ અને દર્શનગુણમાં ઉપયોગ એજ મૂળ કારણ છે, કારણ કે વિશેષ ઉપયોગ તે જ્ઞાન, અને સામાન્ય ઉપયોગ તે દર્શન, એ બન્નેમાં ઉપયોગ સાધારણ કારણ છે. દરેક પદાર્થ સામાન્ય અને વિશેષ ધર્મયુક્ત છે, તેમાં આત્મા જ્યારે

૧–૨ અનેક ગ્રંથોમાં સામાન્યતઃ સમ્યગ્દ્રષ્ટિ જીવોને દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહી છે, તે કારણથી સર્વ સમ્યગ્દ્રષ્ટિ જીવોનું સહજે ગ્રહણ થઈ શકે છે. શ્રી દ્રવ્યલોકપ્રકાશમાં પણ કહ્યું છે કે—

छद्मस्थसम्यग्द्रष्टीनां, श्रुतज्ञानात्मिकान्तिमा
मतिव्यापारनिर्मुक्ता, संज्ञातीता जिनाः समे ॥ १ ॥

અર્થઃ—છદ્મસ્થ સમ્યગ્દ્રષ્ટિ જીવોને શ્રુતજ્ઞાનરૂપ છેલ્લી (દ્રષ્ટિવાદોપદેશિકી) સંજ્ઞા હોય છે. અને મતિજ્ઞાનના વ્યાપારથી રહિત થયેલા સર્વ કેવળીઓ સંજ્ઞા રહિત છે.

આ પાઠ ઉપરથી સ્પષ્ટ સંભવે છે કે સર્વજ્ઞ સિવાય સર્વ છદ્મસ્થ સમ્યગ્દ્રષ્ટિયોને દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોય છે, તો શ્રી દંડક પ્રકરણના કર્તાએ મનુષ્ય દંડક માટે **दिट्ठीवाओ वएसिया केवि** કહ્યું, અને દેવ, નારક અને તિર્યંચના દંડકમાં સંજ્ઞાદ્વાર લગાડતાં—

चउविह सुरतिरिएसु, निरएसु दीहकालिगी सन्ना
विगले हेउवएसा, सन्ना रहिया थिरा सव्वे ॥ १ ॥

અર્થઃ—ચારે પ્રકારના દેવોમાં, ગર્ભજતિર્યંચોમાં અને નારક જીવોમાં દીર્ઘકાલિકી સંજ્ઞા છે, વિકલેન્દ્રિયોને હેતુવાદોપદેશિકી સંજ્ઞા છે, અને સર્વે સ્થાવરો સંજ્ઞા રહિત છે—આ ગાથામાં કેટલાક દેવાદિને પણ દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહી નથી તે આશય શ્રી બહુશ્રુત જાણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પદાર્થના સામાન્યધર્મપ્રત્યે ઉપયોગી હોય ત્યારે **દર્શનોપયોગ** અને આત્મા જ્યારે પદાર્થના વિશેષધર્મપ્રત્યે ઉપયોગવાળો હોય ત્યારે **જ્ઞાનોપયોગ** કહેવાય. તેમાં જ્ઞાનોપયોગ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તેમજ મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ આઠ પ્રકારનો છે, અને દર્શનોપયોગ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળ દર્શન એમ ચાર પ્રકારનો છે, એમ સર્વ મળી ઉપયોગ બાર પ્રકારનો છે. એ ઉપયોગનું સ્વરૂપ જ્ઞાનદ્વાર, અજ્ઞાનદ્વાર અને દર્શનદ્વારના અર્થ પ્રસંગે કહેવાયું છે, માટે અહિં પુનઃ વર્ણવ્યું નથી. જ્ઞાનોપયોગનું બીજું નામ વિશેષોપયોગ અને સાકારોપયોગ, તથા દર્શનોપયોગનું બીજું નામ સામાન્યોપયોગ અને નિરાકારોપયોગ પણ છે.

(૨૨) **દૃષ્ટિ ૩**—મિથ્યાદ્રષ્ટિ, મિશ્રદ્રષ્ટિ, અને સમ્યગ્ દ્રષ્ટિ એ પ્રમાણે દ્રષ્ટિ ત્રણ પ્રકારની છે. તેમાં મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધિકષાયના ઉદયથી પદાર્થ તત્વનો જે વિપરીત મતિભાસ થાય, જેમ કમળાના રોગથી અથવા ધંતૂરો પીધાથી જીવ ઉજ્વળ વસ્તુને પણ પીળા વર્ણવાળી દેખે તેમ મિથ્યાત્વ મોહ અને અનંતાનુબંધિ કષાયના ઉદયથી પદાર્થનું સ્વરૂપ વિપરીતપણે સમજાય તેવી વિપરીત શ્રદ્ધા થાય તે **મિથ્યાદ્રષ્ટિ** કહેવાય. પદાર્થના અનંત ધર્મોમાંથી મિથ્યાદ્રષ્ટિ જીવ કેટલાક ધર્મ સદ્દહે અને કેટલાક ધર્મ ન સદ્દહે. વળી કોઈક વખત આખો પદાર્થ પણ ન જાણી શકે તેમજ કોઇ વખત સર્વ પદાર્થો સદ્દહે, અથવા સર્વ પદાર્થના સર્વ ધર્મ સદ્દહે અને એક ધર્મ ન સદ્દહે તોપણ વિપરીતશ્રદ્ધા કહેવાય.

સર્વજ્ઞે કહેલા તત્વ ઉપર રૂચી નહિ, તેમ અરૂચી પણ નહિ એવા પ્રકારનો મધ્યમ પરિણામ તે **મિશ્રદ્રષ્ટિ** કહેવાય. પણ અર્ધી શ્રદ્ધા હોય તે મિશ્રદ્રષ્ટિ નહિ પણ મિથ્યાદ્રષ્ટિજ ગણાય. કારણકે એવો જીવ સાર અસારમાં વિવેકવાળો ન ગણાય. દુનિયામાં સર્વ ધર્મ સાચા હોય એમ તો કોઈ કાળે બની શકેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ, સત્યધર્મ તો કોઇ એકજ હોઇ શકે છતાં સર્વે ધર્મો સાચા છે, સર્વ ધર્મના માર્ગથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે, સર્વ ધર્મોમાં અહિંસાદિ સિદ્ધાન્તો દર્શાવ્યા છે, એમ માનનાર જીવો ગોળ અને ખોળ, સુવર્ણ અને પિત્તળ, કસ્તૂરી અને કાદવ વિગેરે વિષમ પદાર્થોને પણ સરખા માનનારા જાણવા.

સર્વજ્ઞે કહેલા પદાર્થો ઉપર શ્રદ્ધા રાખવી, અથવા જે પદાર્થો જેવા સ્વરૂપમાં છે તે પદાર્થો તેવા સ્વરૂપે માનવા એવી જે સમ્યક્શ્રદ્ધા તે **सम्यगृद्रष्टि** કહેવાય. સર્વજ્ઞે જે સ્વરૂપ કહ્યું છે તે સત્યજ છે, કારણકે રાગદ્વેષનો સર્વથા ક્ષય થવાથી સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે, અને અસત્ય બોલવામાં રાગદ્વેષજ હેતુભૂત હોઇ શકે છે, તે રાગદ્વેષનો એક અંશમાત્ર પણ સર્વજ્ઞને નહિ હોવાથી શ્રી સર્વજ્ઞ કયો સ્વાર્થ સાધવા માટે અસત્ય ઉચ્ચાર કરે? અર્થાત્ સર્વજ્ઞને અસત્ય ઉચ્ચાર કરવાનું કંઈપણ કારણ નથી. માટે સર્વજ્ઞના વચન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર જીવ સમ્યગ્દ્રષ્ટિ કહેવાય. વળી જ્યારે સર્વજ્ઞના વચન ઉપર શ્રદ્ધા રાખવી યુક્ત છે તો સર્વજ્ઞે જે શ્રુતકેવળી વિગેરે મહાત્માઓને સત્યવક્તાપણાની છાપ આપી છે, તેવા શ્રુતકેવળી, પ્રત્યેકબુદ્ધ વિગેરે મહાન્ આચાર્યોનાં વચનો પણ સર્વજ્ઞવત્ સત્ય માનવાં યુક્ત છે. એમ ત્રણ દ્રષ્ટિઓ સંબંધિ ઘણી હકીકત સમ્યક્ત્વદ્વારના અર્થપ્રસંગે સવિસ્તર કહીછે, ત્યાંથી જાણવી.

(૨૩) બંધ ૮-૧૨૦—આત્મપ્રદેશોની સાથે કર્મપ્રદેશોનો પરસ્પર પ્રવેશરૂપ સંબંધ થવો તેને **बंध** કહેવાય. તે મૂળ કર્મભેદે આઠ પ્રકારનો અને ઉત્તરભેદવડે એકસો છપ્પન પ્રકારનો છે, જો કે કર્મના ઉત્તરભેદ એકસો અઠાવન છે તોપણ સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય એ બે કર્મ બંધાતાં નથી પણ મિથ્યાત્વમોહનીય કર્મનાં રૂપાન્તર થાય છે, માટે મિથ્યાત્વમોહનીયનો બંધ હોય છે, અને સમ્યક્ત્વમોહનીય તથા મિશ્રમોહનીયનો બંધ હોતો નથી માટે એકસો છપ્પન કર્મબંધ પ્રાપ્ત છે. અહિં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રકારોએ એકસો છપ્પનને બદલે એકસો વીસ કર્મનો બંધ માન્યો છે, તે પંદર બંધન અને પાંચ સંઘાતનને શરીરાન્તર્ગત ગણી વર્ણાદિકના વીસ ભેદને બદલે વર્ણાદિકના ચાર મૂળ ભેદનો બંધ માનતાં પંદર બંધન, પાંચ સંઘાતન અને સોળ વર્ણાદિ મળી છત્રીસ ભેદ કમી થતાં એકસો વીસનો બંધ અંગીકાર કર્યોછે, માટે ચાલુ ગ્રંથમાં એકસો વીસનો બંધ ગણાશે, પણ વાસ્તવિક રીતે એકસો છપ્પન કર્મનો બંધ હોયછે. હવે એ મૂળકર્મ આઠ અને ઉત્તરકર્મ એકસો અઠ્ઠાવન ક્યાં ક્યાં તે દર્શાવાય છે.

મૂળકર્મ ૮—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અન્તરાય. તેમાં જે જ્ઞાનગુણનું આવરણ કરે તે જ્ઞાનાવરણ, જે કર્મ આત્માના દર્શનગુણનું આવરણ કરે તે દર્શનાવરણ, જે કર્મ સુખદુઃખરૂપે અનુભવાય તે વેદનીય, જે કર્મ આત્માને મુંઝાવે એટલે વિવેકવિકલ કરે તે મોહનીય, જે કર્મ આત્માને અમુક ભવમાં લઇ જઈ અમુક કાળ સુધી રોકી રાખે તે આયુષ્કર્મ, જે કર્મ આત્માને વિવિધ પ્રકારના રૂપવાળો બનાવે તે નામકર્મ, જે કર્મ આત્માને ઉચ્ચપણું અને નીચપણું પ્રાપ્ત કરાવે તે ગોત્રકર્મ, અને જે કર્મ આત્માના દાનાદિ ગુણમાં વિઘ્નરૂપ થાય તે અન્તરાયકર્મ.

મળકર્મના ભેદ—જ્ઞાનાવરણકર્મના પાંચ ભેદ, દર્શનાવરણ કર્મના નવ ભેદ, વેદનીય કર્મના બે ભેદ, મોહનીયકર્મના અઠ્ઠાવીસ ભેદ, નામકર્મના એકસોને ત્રણ ભેદ, ગોત્રકર્મના બે ભેદ અને અન્તરાયકર્મના પાંચ ભેદ છે. એ પ્રમાણે આઠ મળકર્મના એકસો અઠ્ઠાવન ઉત્તર ભેદ છે. તે નીચે પ્રમાણે—

૫ જ્ઞાનાવરણ.

૧ મતિજ્ઞાનાવરણ—મતિજ્ઞાનને આવરનાર એટલે રોકનાર કર્મ.
૨ શ્રુતજ્ઞાનાવરણ—શ્રુતજ્ઞાનને રોકનાર કર્મ.
૩ અવધિજ્ઞાનાવરણ—અવધિ જ્ઞાનને રોકનાર કર્મ.
૪ મનઃપર્યવજ્ઞાનાવરણ—મનઃપર્યવ જ્ઞાનને રોકનારકર્મ.
૫ કેવળજ્ઞાનાવરણ—કેવળજ્ઞાનને રોકનાર કર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯ દર્શનાવરણ.

૧ ચક્ષુદર્શનાવરણુ—ચક્ષુથી થતા સામાન્ય બોધને રોકનાર કર્મ. એ કર્મના ઉદયથી ચક્ષુઇન્દ્રિયની પટુતા હોતી નથી, અને આંખમાં ફુલ, છારી અને મોતીઆ વિગેરેથી અંધપણું પ્રાપ્ત થાય છે. વળી ચક્ષુમાં અંધપણું નથી હોતું તેવા જીવને પણ એ કર્મના ઉદયથી ચક્ષુઇન્દ્રિયનો વિષય સર્વાંશે શુદ્ધ પ્રગટ થતો નથી. અને એ કર્મ દૂર થવાથી શીઘ્ર મોતીઆ–છારી વિગેરે ઉપઘાતક દ્રવ્યો દૂર થઇ એકદમ સર્વાંશે શુદ્ધ અને સંપૂર્ણ વિષયવાળાં ચક્ષુઓ (મરૂદેવા માતાવત્) થઇ જાયછે, તેમજ અંધ પુરૂષને કેવળજ્ઞાન થવાથી અંધપણું દૂર થઇ જાયછે.

૨ અચક્ષુદર્શનાવરણુ—ચક્ષુ સિવાય બીજી ચાર ઇન્દ્રિય અને મનસંબંધિ થતા સામાન્ય બોધને રોકનાર કર્મ. આ કર્મના ઉદયથી સ્પર્શેન્દ્રિય બ્હેર મારીજાય છે, જેથી શીત અને ઉષ્ણુપણાની બરાબર ખબર પડતી નથી. તેમજ જીભ, નાક અને કાન એ ઇન્દ્રિયો પણ એવી બ્હેરી થાય છે કે રસની, ગંધની અને શબ્દની બીલકુલ ખબર પડતી નથી, વળી કદાચ તે ઇન્દ્રિયો બ્હેર વિનાની હોય તોપણ તે કર્મના ઉદયથી તે ઇન્દ્રિયોદ્વારા સર્વાંશે શુદ્ધ અને સંપૂર્ણ વિષયગ્રહણુનું જ્ઞાન થઈ શકતું નથી. તેમજ મનના સ્મૃત્યાદિ વિષય પણ સતેજ હોતો નથી.

૩ અવધિદર્શનાવરણુ—આત્મસાક્ષાત્ થતાં રૂપીપદાર્થના સામાન્ય બોધને રોકનાર કર્મ, આ કર્મથી અવધિદર્શન સર્વથા પ્રાપ્ત થતું નથી, અને જો પ્રાપ્ત થાય તો આ કર્મનો ઉદય હોતો નથી પણ ક્ષયોપશમ હોય છે.

૪ કેવળદર્શનાવરણુ—કેવળદર્શનને રોકનાર કર્મ, આ કર્મ જ્યારે ઉદયમાં વર્તે છે ત્યારે કેવળદર્શન હોતું નથી પણ જ્યારે આ ક્ષય પામે ત્યારે કેવળદર્શન પ્રાપ્ત થાય, તેમજ આ કર્મનો ક્ષયોપશમ હોઈ શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ નિદ્રા—સુખે જાગી શકે તેવી શ્વાનાદિકના સરખી અલ્પ નિદ્રા.

૬ નિદ્રાનિદ્રા—દુઃખે જાગી શકે તેવી અધિક નિદ્રા.

૭ પ્રચલા—બેઠાં બેઠાં અથવા ઉભાં ઉભાં ઉંઘ એવી નિદ્રા.

૮ પ્રચલાપ્રચલા—ચાલતાં ચાલતાં અશ્વાદિકની પેઠે ઉંઘ આવે તે.

૯ સ્ત્યાનર્દ્ધિ—દિવસે ચિંતવેલું કાર્ય પણ ઉંઘમાંને ઉંઘમાં કરે, જેમકે પરગામ જાય, દ્રવ્ય કાઢી ગણે, યાવત્ વનમાંથી હાથીના દંતૂશળ પણ કાઢી લાવે. એ નિદ્રાવાળો જીવ નરકગામી હોય છે, એ નિદ્રાવાળા પ્રથમ સંઘયણી જીવને પ્રતિવાસુદેવ યા બળદેવ જેટલું બળ હોય અને બીજાને સાત આઠ ગણું હોય. એ પાંચે નિદ્રાઓ આત્માના દર્શનગુણને મૂળથી હણુતી નથી પણ આત્માને દર્શનાવરણીકર્મના ક્ષયોપશમથી જે દર્શનલબ્ધિ પ્રાપ્ત થઈ છે તે લબ્ધિને મૂળથી નહિ હણુતાં લબ્ધિના અનુભવ માત્રનું રોકાણુ કરે છે. તે રોકાણુ સર્વાશે કરે છે જેથી છતી લબ્ધિએ પણ આત્મા તે લબ્ધિનો બીલકુલ અનુભવ કરી શકતો નથી.

૨ વેદનીય.

શાતાવેદનીય—જેથી જીવને સુખનો અનુભવ થાય એવું કર્મ.

અશાતાવેદનીય—જેથી જીવને દુઃખનો અનુભવ થાય એવું કર્મ.

૨૮ મોહનીય.

મિથ્યાત્વમોહનીય—પદાર્થના સ્વરૂપનો વિપરીત પ્રતિભાસ કરાવનાર કર્મ. આ કર્મ દર્શનમોહનીય ગણાય છે અને અશુદ્ધ છે.

મિશ્રમોહનીય—સર્વજ્ઞે જે પ્રમાણે પદાર્થસ્વરૂપ કહ્યું છે તે પ્રમાણે માનવારૂપ રૂચી નહિ તેમ અરૂચી પણ નહિ એવો મધ્યમ પરિણામ ઉપજાવનાર કર્મ. આ કર્મ દર્શનમોહનીય ગણાય છે, અને મિથ્યાત્વમોહનીયના અર્ધ વિશુદ્ધ થયેલ પરમાણુઓ છે માટે મિથ્યાત્વમોહનીયનું રૂપાન્તર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યક્ત્વમોહનીય—સર્વજ્ઞોક્ત તત્વ ઉપર શ્રદ્ધા હોય માટે સમ્યક્ત્વ અને સૂક્ષ્મ શંકા ઉપજે માટે મોહનીય એવું આ કર્મ મિથ્યાત્વનાં શુદ્ધ થયેલ પુદ્ગલો હોવાથી મિથ્યાત્વનું રૂપાન્તર છે. આ કર્મના ઉદયથી જીવનો સમ્યક્ત્વગુણ ક્ષયોપશમભાવે (ક્ષયોપશમસમ્યક્ત્વરૂપે) પ્રગટ થાય છે. પણ એ સમ્યક્ત્વ સર્વથા નિરાવરણ ક્ષાયિક સમ્યક્ત્વ જેવું સર્વથા શુદ્ધ નથી. પરંતુ ચક્ષુવિકલને ચસ્માના કાચથી જેમ સમ્યક્ દેખાય છે તેમ ચસ્માના કાચ સરખાં સમ્યક્ત્વનાં આ નિર્મળ પુદ્ગલોથી પણ આત્મા પદાર્થસ્વરૂપને યથાર્થ જાણી શકે છે. આ પણ દર્શન મોહનીય ગણાય છે. હવે સોળ કષાય મોહનીય અને નવ નોકષાય મોહનીય કહેવાય છે, તેમાં જેના વડે **कष** એટલે સંસારનો, **आय** એટલે લાભ હોય તે **कषाय**・કહેવાય, અને કષાયના સહચારી અથવા કષાયના કારણરૂપ તે **नोकषाय** કહેવાય તે નીચે પ્રમાણે—

૪ અનંતાનુબંધિ કષાય—અનંત સંસારનો સંબંધ કરાવનાર ઉગ્ર કષાયો જેના વડે ઉત્પન્ન થાય એવું કર્મ. તે ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારનું છે.

૪ અપ્રત્યાખ્યાની કષાય—વ્રત નિયમને પ્રગટ નહિ થવા દેનાર, અર્થાત્ જેઓના વડે આત્મા ત્યાજ્ય વસ્તુનો ત્યાગ અને આદરવા યોગ્ય વસ્તુનો આદર ન કરી શકે એવું કર્મ, તે પણ ક્રોધ, માન, માયા અને લોભના ભેદથી ચાર પ્રકારનું છે.

૪ પ્રત્યાખ્યાની કષાય—વ્રત નિયમ દેશાંશે પ્રગટી શકે પણ સર્વાંશે પ્રાપ્ત ન થઇ શકે એવું કર્મ. આ કર્મ પણ ક્રોધ, માન, માયા અને લોભના ભેદથી ચાર પ્રકારનું છે.

૪ સંજ્વલન કષાય—મુનિમહાત્માઓને પણ જે અલ્પ માત્ર ઉદ્દીપન થાય એવો અલ્પ કષાય તે સંજ્વલન કષાય, તેના કારણરૂપ કર્મ. આ કષાયના પણ ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકાર છે. એ પ્રમાણે સોળ ઉત્તર કષાય કહ્યા, અને મૂળ કષાય તો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. હવે એ કષાયના સહચારી નવ નોકષાય કહેવાય છે.

હાસ્ય—જીવને હર્ષ ઉપજે અથવા હાસ્ય આવે એવું કર્મ.

રતિ—જેનાથી જીવ સુખના સાધનોમાં પ્રમોદભાવ માને તેવું કર્મ.

શોક—જેનાથી જીવને દીલગીરી ઉપજે એવું કર્મ.

અરતિ—જેનાથી જીવ દુઃખનાં સાધનોમાં દુઃખ માને તેવું કર્મ.

ભય—જેનાથી જીવ બ્હીકણ–ભયભીત થાય એવું કર્મ.

જુગુપ્સા—જેનાથી જીવને બિભત્સ વસ્તુ દેખી તિરસ્કાર ઉપજે એવું કર્મ.

સ્ત્રીવેદ—જેનાથી જીવને પુરૂષ પ્રતિ વિષયાભિલાષ થાય એવું કર્મ.

પુરૂષવેદ—જેનાથી જીવને સ્ત્રી પ્રત્યે વિષયાભિલાષ થાય એવું કર્મ.

નપુંસકવેદ—જેનાથી જીવને બન્ને પ્રત્યે વિષયાભિલાષ થાય એવું કર્મ.

૪ આયુષ્.

નરકાયુ—જેનાથી જીવને નરકગતિ અવશ્ય પ્રાપ્ત થાય અને તેમાં અમુક કાળ સુધી રહેવું પડે એવું કાળની મર્યાદાવાળું કર્મ.

તિર્યંચાયુ—જેનાથી જીવને તિર્યંચગતિ અવશ્ય પ્રાપ્ત થાય, અને અમુક વખત સુધી રહેવું પડે એવું કાળમર્યાદાની મુખ્યતાવાળું કર્મ.

મનુષ્યાયુ—જેનાથી જીવને મનુષ્યગતિ અવશ્ય પ્રાપ્ત થાય, અને તે મનુષ્યગતિમાં કેટલા કાળ સુધી રહેવું તેની મર્યાદા કરનાર કર્મ.

દેવાયુષ્—જેનાથી જીવને દેવગતિ અવશ્ય પ્રાપ્ત થાય, અને તે દેવગતિમાં કેટલા કાળ સુધી ટકવું તેની મર્યાદા કરનાર કર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામકર્મના ૧૦૩ ભેદ.

જેનાથી દેવપણું પ્રાપ્ત થાય તે **देवगति**, જેનાથી મનુષ્યપણું પ્રાપ્ત થાય તે **मनुष्यगति**, જેનાથી તિર્યંચપણું પ્રાપ્ત થાય તે **तिर्यंचगति**, અને જેનાથી નારકપણું પ્રાપ્ત થાય તે **नरकगति** નામકર્મ; એ ૪ ગતિનામકર્મ.

જેનાથી એક ઇન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે **एकेन्द्रिय जाति** નામકર્મ. એપ્રમાણે **द्वीन्द्रिय**, **त्रीन्द्रिय**, **चतुरिन्द्रिय** અને **पंचेन्द्रिय** જાતિનામકર્મ જાણવું. એ પાંચ જાતિનામકર્મ.

જેનાથી ઔદારિક વગેરે શરીરની પ્રાપ્તિ થાય તે શરીર–નામકર્મ, **औदारिक**, **वैक्रिय**, **आहारक**, **तैजस** અને **कार्मण** એ ભેદે પાંચ પ્રકારનું છે. વળી જેનાથી ઔદારિકાદિ ત્રણ શરીરને ઉપાંગ અવયવોની પ્રાપ્તિ થાય તે ઉપાંગનામકર્મ **औदारिकोपांग**, **वैक्रियोपांग** અને **आहारकोपांग** એ નામે ત્રણ પ્રકારનાં છે. તૈજસ તથા કાર્મણ એ બે શરીર ઔદારિકાદિ ત્રણ શરીરની અનુવૃત્તિ વાળાં હોવાથી એ બે શરીરનાં જૂદાં ઉપાંગ હોઇ શકતાં નથી.

તથા પ્રથમ ગ્રહણ કરેલાં ઔદારિક પુદ્ગલો સાથે નવાં ગ્રહણ કરાતાં ઔદારિક પુદ્ગલોનો સંબંધ કરનાર કર્મ **औदारिक-औदारिकबंधन** નામકર્મ કહેવાય, એ અર્થને અનુસારે બીજાં ચાદ બંધન સહિત પંદર બંધનનામકર્મનાં નામ નીચે પ્રમાણે—

૧ ઔદારિક ઔદારિક બંધન.
૨ ઔદારિક તૈજસ બંધન.
૩ ઔદારિક કાર્મણ બંધન.
૪ વૈક્રિય વૈક્રિય બંધન.
૫ વૈક્રિય તૈજસ બંધન.
૬ વૈક્રિય કાર્મણ બંધન.
૭ આહારક આહારક બંધન.
૮ આહારક તૈજસ બંધન.
૯ આહારક કાર્મણ બંધન.
૧૦ ઔદારિક તૈજસ કાર્મણ બંધન.
૧૧ વૈક્રિય તૈજસ કાર્મણ બંધન.
૧૨ આહારક તૈજસ કાર્મણ બંધન.
૧૩ તૈજસ તૈજસ બંધન.
૧૪ કાર્મણ કાર્મણ બંધન.
૧૫ તૈજસ કાર્મણ બંધન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દંતાલી જેમ ઘાસનો સમૂહ એકઠો કરે છે, તેમ ઔદારિક સ્કંધોને એક સ્થાને શિર્ષાદિ અવયવરૂપે પિંડિત કરનાર કર્મ **औदारिकसंघातन** નામકર્મ. એ અર્થને અનુસારે **वैक्रियसंघातन**. **आहारकसंघातन**, **तैजससंघातन** અને **कार्मणसंघातन** જાણવાં. એ પ્રમાણે પાંચ શરીરને નામે પાંચ સંઘાતનનામકર્મ છે.

તથા જેનાથી હાડની સંધીઓનું બંધારણ પ્રાપ્ત થાય તે **संघयणनामकर्म** વજ્રઋષભ વિગેરે છ પ્રકારનું છે. તેમાં હાડના બે છેડા જ્યાં મળે છે તે સ્થાને એ બે છેડાનો પરસ્પર છ પ્રકારનો સંબંધ જે કર્મથી થાય છે તે છ સંઘયણનામકર્મ કહેવાય છે તે નીચે પ્રમાણે—

૧ વજ્રઋષભનારાચ, ૨ ઋષભનારાચ, ૩ નારાચ, ૪ અર્ધ-નારાચ, ૫ કિલિકા અને ૬ છેવ્ડુ (સેવાર્ત્ત અથવા છેદસ્પૃષ્ઠ). એ છ સંઘયણનું સ્વરૂપ આગળ સંઘયણદ્વારના અર્થપ્રસંગે કહેવાશે.

જીવને જે ઔદારિકાદિ ત્રણ શરીર પ્રાપ્ત થવાનાં હોય તે શરીરનો આકાર લક્ષણપૂર્વક રચનાર કર્મ તે **संस्थाननामकर्म** સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક એ પ્રમાણે છ પ્રકારનું છે, એ સંસ્થાનોનું સ્વરૂપ આગળ સંસ્થાનદ્વારના અર્થપ્રસંગે કહેવાશે.

શરીરમાં મુખ્ય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ઉત્પન્ન કર-નાર કર્મ **वर्णनामकर्म**, **गंधनामकम** અને **स्पर्शनामकर्म** કહેવાય છે. તેમાં શ્વેત, રક્ત, પીત, નીલ, અને શ્યામ એ પાંચ પ્રકારે વર્ણનામકર્મ; દુર્ગંધ અને સુગંધ એ બે પ્રકારનું ગંધનામ-કર્મ; મધુર, તિક્ત, કટુ, કષાય, અને આમ્લ એ પાંચ પ્રકારનું રસનામકર્મ; તથા શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, મૃદુ, લઘુ, ગુરૂ અને કર્કશ એ આઠ પ્રકારે સ્પર્શનામકર્મ છે. તેમાં જીવના શરીરમાં મુખ્યત્વે શ્વેત રંગ ઉત્પન્ન કરનારકર્મ તે શ્વેતનામ-કર્મ, એ રીતે સર્વ અર્થ વિચારવો. જો કે દરેક શરીરમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ણાદિ હોય છે તોપણ એક વર્ણાદિ જે મુખ્ય હોય છે તે મુખ્ય વર્ણને અંગે તે વર્ણનામકર્મ ગણાય છે.

જીવ જ્યારે વક્રગતિએ પરભવમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે માર્ગમાં જે સ્થાને વળવાનું આવે તે સ્થાને વાળનારકર્મ **आनुपूर्वी नामकर्म** કહેવાય છે, તેમાં દેવગતિમાં વક્રગતિએ જતાં રસ્તામાં વાળનાર કર્મ તે **देवानुपूर्वी**, એ અર્થને અનુસારે **मनुष्यानुपूर्वी, तिर्यंचानुपूर्वी** અને **नरकानुपूर्वी** નામકર્મ જાણવું.

જેનાથી જીવ ઔદારિકાદિ શરીરવડે બળદ,હસ્તિ અને હંસનીપેઠે મલપતી મંદ ગતિએ ચાલે તે **शुभविहायोगति** નામકર્મ, અને ગર્દભ તથા ઉંટની પેઠે ઉભડક ચાલ ચાલે તે **अशुभविहायोगति** નામકર્મ.

જેનાથી જીવ ત્રસપણું પામે તે **त्रस**નામકર્મ, જેનાથી જીવનું શરીર ઇન્દ્રિય ગોચર થઇ શકે એવું સ્થૂળ થાય તે **बादर** નામકર્મ, જેનાથી જીવ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ સમાપ્ત કરી મરણ પામે તે **पर्याप्त**નામકર્મ, જેનાથી એક જીવ એક આખા શરીરનો અધિષ્ટાતા હોય પણ તે શરીરમાં બીજા જીવનું સ્વામીપણું ન હોય તે **प्रत्येक**નામકર્મ, જેનાથી દાંત વિગેરે અવયવો દ્રઢ-સ્થિર હોય તે **स्थिरनामकर्म**, જેનાથી જીવના શરીરના અવયવો ઇષ્ટ એટલે બીજાને સ્પર્શ થતાં પ્રિય લાગે એવા હોય તે **शुभ**નામકર્મ, જેનાથી જીવ લોકને અનુપકારી છતાં પ્રિય લાગે તે **सौभाग्य**નામકર્મ, જેનાથી સ્વર કોયલ વિગેરેના સરખો મધુર હોય તે **सुस्वर**નામકર્મ, જેનાથી જીવનું યુક્તિવિકલ અને અનુચિત વચન પણ લોકને પ્રિય અને આદરવા યોગ્ય લાગે તે **आदेय**નામકર્મ. અને જેનાથી જીવ ઉલટું કાર્ય કરે તોપણ જશ કીર્તિ પામે તે **यश**નામકર્મ. એ દશ કર્મનો સમુદાય "**त्रसदशक**" કહેવાય.

જેનાથી જીવ સ્થાવરપણું પામે તે **स्थावर**નામકર્મ, જેનાથી જીવનું શરીર ઇન્દ્રિયને અગોચર એવું સૂક્ષ્મ થાય તે **सूक्ष्म**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નામકર્મ, જેનાથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ સમાપ્ત કર્યા વિના મરણ પામે તે **अपर्याप्त**નામકર્મ, જેનાથી અનંતજીવો વચ્ચે એક શરીરનીજ પ્રાપ્તિ થાય પણ પોતાનું ઈલાયદું શરીર ન હોય તે **साधारण**નામકર્મ, જેનાથી જીવના અંગુલી, જીભ આદિ અવયવો અસ્થિર હોય તે **अस्थिर**નામકર્મ, જેનાથી શરીરના અવયવો અનિષ્ટ એટલે બીજાને સ્પર્શ થતાં અપ્રિય લાગે એવા (પગાદિ) અવયવો થાય તે **अशुभ**નામકર્મ, જેનાથી ઉપકારી છતાં પણ લોકને અપ્રિય લાગે તે **दौर्भाग्य**નામકર્મ, જેનાથી ગર્દભાદિ સરખો અનિષ્ટ સ્વર થાય તે **स्वर**નામકર્મ, જેનાથી યુક્તિવાળું અને ઉચિત વચન બોલે છતાં લોક તે વચનનો અનાદર કરે તે **अनादेय**નામકર્મ, અને જેનાથી સારૂં કાર્ય કરવા છતાં પણ જીવને અપયશ મળે તે **अयश**નામકર્મ, એ દશ પ્રકૃતિઓનો સમુદાય **स्थावरदशक** કહેવાય.

જેનાથી ત્રણ જગતમાં પૂજ્યપણું પ્રાપ્ત થાય તેવી તીર્થંકર પદવી મળે તે **जिननाम**કર્મ, જેનાથી શરીર સુખે નિર્વહન થઈ શકે તે **अगुरुलघु**નામકર્મ એટલે શરીર ઘણું ભારી તેમજ ઘણું હલકું પણ ન હોય. તથા જે અવયવો જે સ્થાને જોઇએ તે અવયવો તે સ્થાનેજ ગોઠવનાર કર્મ તે **निर्माण**નામકર્મ, પોતાના અવયવોથી જીવ પોતેજ હણાય એવા ઉપઘાતક અવયવો ઉત્પન્ન કરનાર કર્મ **उपघात**નામકર્મ, શરીર શીતળ છતાં ઉષ્ણ પ્રકાશ ઉત્પન્ન કરનારકર્મ **आतप** નામકર્મ, શરીરમાં શીતળ પ્રકાશ ઉત્પન્ન કરનાર **उद्योत**નામકર્મ, જે જીવને દેખી બીજો બળવાન જીવ પણ સ્હામો થવા સમર્થ ન થાય એવી છાયા જે કર્મથી પડે તે **पराघात**નામકર્મ, અને જેનાથી જીવ સુખપૂર્વક શ્વાસોચ્છવાસ લઈ શકે એવી લબ્ધિ પ્રાપ્ત થાય તે **श्वासोच्छवास**નામકર્મ. એ આઠ પ્રકૃતિઓનો સમુદાય **प्रत्येकाष्टक** કહેવાય. એ પ્રમાણે નામકર્મની એકસો ત્રણ પ્રકૃતિઓ થઇ તેમાં ગતિ, જાતિ, શરીર, ઉપાંગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્પર્શ, આનુપૂર્વી અને વિહાયોગતિ એ ચૌદ પોત પોતાના ઉત્તર ભેદવાળી હોવાથી "**पिंडप्रकृति**" એવા નામથી ઓળખાય છે.

એ નામકર્મની સર્વ પ્રકૃતિઓ એકસો ત્રણ છે તો પણ સંક્ષેપથી ૪૨, ૬૭, ૯૩ અને ૧૦૩ એમ ચાર સંખ્યાએ જૂદે જૂદે પ્રસંગે ગણવામાં આવે છે તે નીચે પ્રમાણે—

મૂળભેદનાં નામ	ભેદ	બંધમાં ને ઉદયમાં	સત્તામાં	સત્તામાં
ગતિનામકર્મ	૧	૪	૪	૪
જાતિનામકર્મ	૧	૫	૫	૫
શરીરનામકર્મ	૧	૫	૫	૫
ઉપાંગનામકર્મ	૧	૩	૩	૩
બંધનનામકર્મ	૧	૦	૫	૧૫
સંઘાતનનામકર્મ	૧	૦	૫	૫
સંઘયણનામકર્મ	૧	૬	૬	૬
સંસ્થાનનામકર્મ	૧	૬	૬	૬
વર્ણનામકર્મ	૧	૧	૫	૫
ગંધનામકર્મ	૧	૧	૨	૨
રસનામકર્મ	૧	૧	૫	૫
સ્પર્શનામકર્મ	૧	૧	૮	૮
આનુપૂર્વીનામકર્મ	૧	૪	૪	૪
વિહાયોગતિનામકર્મ	૧	૨	૨	૨
ત્રસદશક	૧૦	૧૦	૧૦	૧૦
સ્થાવરદશક	૧૦	૧૦	૧૦	૧૦
પ્રત્યેકાષ્ટક	૮	૮	૮	૮
	૪૨	૬૭	૯૩	૧૦૩

એ પ્રમાણે બંધ તથા ઉદયપ્રસંગે નામકર્મની સડસઠ પ્રકૃતિઓ અને સત્તાપ્રસંગે કોઈ શાસ્ત્રકાર ત્રાણુ ગણે છે, અને કોઈ શાસ્ત્રકર્તા એકસો ત્રણ સંપૂર્ણ ગણે છે, પણ પરસ્પર કોઈ રીતે વિરોધ આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોત્રકર્મના ૨ ભેદ.

જેનાથી જીવ લોકમાં ઉત્તમ ગણાય, અને ઉત્તમવંશ-જાતિમાં ઉત્પન્ન થાય તે **उच्चगोत्र.** અહિં હીન જાતિવંશમાં ઉત્પન્ન થયેલો જીવ પણ સમ્યક્ત્વ સહિત વ્રત નિયમવાળો હોય તો લોકવ્યવહારથી નીચગોત્રનો કહેવાય પણ વાસ્તવિક રીતે ઉચ્ચગોત્રી[૧] ગણાય. તથા જેનાથી જીવ લોકમાં નીચ ગણાય, અને હીન જાતિવંશમાં ઉત્પન્ન થાય તે **नीचगोत्र.**[૨]

અન્તરાયકર્મના ૫ ભેદ.

જેનાથી દાન દેવાની સામગ્રી છતાં પણ દાન ન આપી શકાય તે **दानान्तरायकर्म**, જેનાથી વસ્તુ પ્રાપ્તિ માટે પરિશ્રમ કર્યા છતાં પણ વસ્તુ પ્રાપ્ત ન થાય તે **लाभान्तरायकर्म**, જેનાથી એકવાર ભોગવવા યોગ્ય ભોજનાદિ પદાર્થ પાસે છતાં પણ ભોગવી ન શકાય તે **भोगान्तरायकर्म**, જેનાથી વારંવાર ભોગવવા યોગ્ય સ્ત્રી આદિ પદાર્થ પ્રાપ્ત થયા છતાં પણ ભોગવી ન શકાય તે **उपभोगान्तराय**, અને છતી શક્તિએ પણ શક્તિનો ઉપયોગ ન થઇ શકે એટલે વીર્ય ફોરવી ન શકાય તે **वीर्यान्तरायकर्म.** એ પ્રમાણે સર્વ કર્મના ભેદ ૧૫૮ થયા તેમાં બંધ માટે ૧૨૦ ગ્રહણ કરવા તે નીચે પ્રમાણે—

---

૧. અહિં કારણ એ છે કે પાંચમા ગુણસ્થાન સુધી જીવને ઉચ્ચ અને નીચ ગોત્રનો ઉદય, અને પાંચમા ગુણસ્થાનથી આગળ ફક્ત ઉચ્ચ ગોત્રનોજ ઉદય કર્મગ્રંથમાં ગણ્યો છે, તેના અનુસારે એ પ્રમાણે લખ્યું છે.

૨. આ ગોત્રકર્મ ઉપરથી ધર્મતત્વજ્ઞાનના નહિ જાણનાર જીવો એમ કહે છે કે, બધા જીવો એક સરખા છે, કોઇને ઉંચો માનવો અને કોઇને નીચો માનવો એ મનુષ્યકર્તવ્ય નથી, એમ જેઓ કહે છે, તેઓ ધર્મતત્વજ્ઞાનના અજાણપણાથી બોલે છે. કારણકે સર્વજ્ઞોએ જે ઉચ્ચ નીચ-પણાની મર્યાદા કર્મકૃત નિયમથી દેખી છે તે મિથ્યા કેમ થાય વા કેમ મનાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનાવરણકર્મ	૫	૫	૫	૫
દર્શનાવરણકર્મ	૯	૯	૯	૯
વેદનીયકર્મ	૨	૨	૨	૨
મોહનીયકર્મ	૨૬	૨૮	૨૮	૨૮
આયુષ્કર્મ	૪	૪	૪	૪
નામકર્મ	૬૭	૬૭	૯૩	૧૦૩
ગોત્રકર્મ	૨	૨	૨	૨
અન્તરાયકર્મ	૫	૫	૫	૫
	૧૨૦	૧૨૨	૧૪૮	૧૫૮
	બંધમાં.	ઉદયમાં.	સત્તામાં.	સત્તામાં.

(૨૪) ઉદય ૮-૧૨૨—કર્મ બંધાતી વખતે કર્મની જે સ્થિતિ બંધાઇ છે તે સ્થિતિમાંથી અબાધાકાળ સમાપ્ત થતાં અથવા સમાપ્ત થયા પહેલાં ઉદીરણાવડે તે કર્મનું જે ફળ જીવને મળે તે **ઉદય** કહેવાય. અહિં કર્મ જે સમયે આત્મપ્રદેશો સાથે પ્રતિબદ્ધ થયું તે સમયે તે કર્મ પોતાનું ફળ જીવને દેખાડી શકે નહિ, અને બીજે સમયે પણ ફળ દેખાડી શકે નહિ પરંતુ કમીમાં કમી એક અન્તર્મુહૂર્ત્ત જેટલોકાળ વ્યતીત થાય ત્યારે તે કર્મ પોતાનું ફળ જીવને દર્શાવી શકે અને વધુમાં વધુ કર્મ બંધાયા બાદ સાત હજાર વર્ષે પોતાનું ફળ દેખાડી શકે. કર્મનો ઉદયમાં આવવાનો સંબંધ સ્વાભાવિક રીતે સ્વતઃ છે. પણ જ્યારે બીજી સામગ્રીઓથી અનેક જાતના ઉપઘાત નડે છે, ત્યારે ઉદયનો એ સ્વાભાવિક નિયમ તૂટી જઇ બંધાયા બાદ અનિયમિતકાળે પણ ઉદય આવે છે, એ અનિયમિત ઉદયમાં એટલો નિયમ તો જરૂર છે કે બંધાયા બાદ કર્મ એક આવલિકા બાદ ઉદયમાં આવે છે, તે દરમ્યાનમાં કોઇપણ રીતે તે કર્મ ઉદયમાં આવી શકતું નથી. હવે ઉદયમાં આવે છે એટલે કર્મપરમાણુઓની તે વખતે શું વ્યવસ્થા થાય છે તે સંક્ષેપમાં કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે સમયે કર્મ ઉદયમાં આવવાનું છે તે સમય પ્હેલાં કર્મપરમાણુઓ એવી સ્થિતિમાં આવેલા હોયછે કે ઉદયના પ્રથમ સમયમાં ઘણા નિર્જરે, બીજા સમયમાં ઓછા નિર્જરે, અને ત્રીજા સમયમાં તેથી પણ ઓછા ઓછા નિર્જરે. એ પ્રમાણે એ કર્મ જેટલી સ્થિતિવાળું બાંધેલું છે તેટલી સ્થિતિના સમયોમાંથી અબાધાકાળના સમયો બાદ કરીએ તેટલા સમયો સુધી એ પ્રમાણે કમી કમી નિર્જરે. એ પ્રમાણે જેમ જેમ કર્મપરમાણુઓ આત્માના સંબંધથી અલગ થવાની તૈયારીમાં હોય છે તે સમયેજ તે કર્મપરમાણુઓ પોતાનો પ્રભાવ જીવને સ્પષ્ટપણે અથવા અસ્પષ્ટપણે દર્શાવે છે. અથવા બીજી રીતે કહીએ તો તે કર્મપરમાણુઓ આત્માના સંબંધથી અલગ થવાના સમયેજ પોતાનો પ્રભાવ દર્શાવી તુર્ત અલગ થવા માંડે છે. અલગ થતા પરમાણુઓ પોતાનો પ્રભાવ કેવી રીતે દર્શાવે ? તે સંબંધમાં એક વ્યવહારપ્રસિદ્ધ ઉદાહરણ એ છે કે જે વખતે હડકાયું કુતરૂં કરડે છે તે વખતે તે કુતરાના ઝેરના પરમાણુઓ માણસના શરીરમાં દાખલ થાય છે, અને દાખલ થયા બાદ તે ઝેરના પમાણુઓ કેટલાક કાળ સુધી કંઇપણ અસર કર્યાવિના શરીરમાં પડી રહેલા હોય છે, એ કાળને **अबाधाकाळ** તરીકે ઓળખવો જોઈએ. ત્યારપછી તે ઝેરના પરમાણુઓ પોતાની અસર દેખાડી તે મનુષ્યને પીડા ઉત્પન્ન કરે છે, તેમજ મરણશરણ પણ કરેછે. એ પ્રમાણે કર્મના પરમાણુઓ અબાધાકાળ વીત્યા બાદ જીવને પોતાનો અનુભવ દર્શાવી તે વિષના પરમાણુઓની માફક પ્રતિસમયે આત્માના સંબંધથી અલગ થતા જાય છે, એ સામાન્ય જીવોને આશ્રયિ કહ્યું. હવે વિશુદ્ધ પરિણામી જીવોના ગુણશ્રેણિના કાળમાં કર્મના પરમાણુઓ પ્રથમ સમયે જેટલા ઉદયમાં આવી નિર્જરે છે, તેથી બીજે સમયે અસંખ્યગુણ પરમાણુઓ ઉદય આવી નિર્જરે છે, એ પ્રમાણે ગુણશ્રેણિ ચાલુ રહે ત્યાં સુધી બને છે.

હવે ઉદય **उदीरणोदय** અને **शुद्धउदय** એમ બે પ્રકારનો છે, તેમાં ઉદીરણા જે આગળ કહેવાશે તે ઉદીરણા રૂપ પ્રયો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગવડે કાળપરિપકવતાને નહિ પહોંચેલા કર્મપરમાણુઓને અકાળે ઉદયમાં આણવા તે **उदीरणोदय** અથવા **प्रयोगउदय** કહેવાય, અને જે કર્મની જેટલી સ્થિતિ બંધાઇ છે તેટલી સ્થિતિ પ્રમાણે જે અબાધા એટલે અનુદયકાળ નિર્મિત થયો છે તે અબાધાકાળ પૂર્ણ થયા બાદ જે કર્મપરમાણુઓ ઉદય આવે તે **शुद्ध उदय** કહેવાય. એ બન્ને જાતનો ઉદય દરેક જીવને દરેક સમયે ચાલુ હોય છે.

વળી ઉદય **प्रदेशोदय** અને **विपाकोदय** એમ બે પ્રકારનો છે, તેમાં જે કર્મ પોતાના સ્વભાવે ઉદયમાં ન આવે પણ અન્ય કર્મરૂપે ઉદયમાં આવે તે **प्रदेशोदय.** જેમ મનુષ્યને ચારે ગતિનામકર્મના પરમાણુઓ સત્તામાં છે, તેમાંથી મનુષ્યને મનુષ્યગતિનામકર્મના પરમાણુઓ સ્વરૂપે ઉદયમાં આવે છે, અને શેષ નરકાદિ ત્રણ ગતિકર્મના પરમાણુઓ કે જેઓની અબાધા સ્થિતિ સમાપ્ત થયેલી હોય છે તેજ પરમાણુઓનો સમુદાય ઉદય આવવાને યોગ્ય થઈ ચૂકયો છે તેમ છતાં પોતાના સ્વરૂપે તો ઉદય આવી શકે નહિ, ત્યારે અન્તે તે પરમાણુઓ ઉદય આવતા મનુષ્યગતિકર્મના પરમાણુઓના સંગે પોતાનો નરક ગત્યાદિ ફળ આપવારૂપ સ્વભાવ પલટાવી મનુષ્યગતિરૂપ ફળ આપવાના સ્વભાવવાળા થઇ મનુષ્યગતિરૂપે ઉદયમાં આવી નિર્જરી જાય છે. એ પ્રમાણે જે કર્મ સ્વવિપાકે ઉદયમાં ન આવતાં પરવિપાકે ઉદયમાં આવે તે કર્મ **प्रदेशोदय**વર્તિ ગણાય. અથવા એ બીજા રૂપમાં કહીયે તો " અનુદયવતી પ્રકૃતિ ઉદયવતી પ્રકૃતિમાં સંક્રમ પામી ઉદયવતી સાથે ભોગવાય તે **प्रदेशोदय.** અથવા શાસ્ત્રમાં એને **स्तिबुक संक्रम** નામ પણ આપ્યું છે. કોઈ પણ કર્મ ઉદય આવ્યા સિવાય નિર્જરે નહિ એ ચોક્કસ નિયમ છે, તેમજ સાથે "કાળ પરિપકવતાને પામેલું એટલે અબાધાકાળ સમાપ્ત થયેલું કર્મ અવશ્ય ઉદયમાં આવી નિર્જરે " એ પણ ચોક્કસ નિયમ છે, માટે એ બન્ને નિયમ પૂર્વોકત બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના ઉદય હોવાથી સચવાય છે, અન્યથા નિયમમાં મોટો વાંધો આવે. તથા જે કર્મ પોતાના સ્વરૂપે ઉદય આવે તે **विपाकोदय** કહેવાય, એનું બીજું નામ **रसोदय** છે. વળી ચાલુ ગ્રંથમાં વિશેષતઃ દરેક દ્વાર પ્રત્યે જે ઉદય કહેવાશે તે વિપાકોદયની અપેક્ષાએ કહેવાશે. કારણકે પ્રદેશોદયમાં તો પ્રાયઃ સર્વ કર્મો વર્તતાં હોય છે, અને કર્મનો ઉદય આત્મવીર્યપૂર્વક નહિ પણ સ્વતઃ કાળપકવતાના કારણથી હોય છે.

એ વિપાકોદયમાં મૂળકર્મ આઠ અને ઉત્તરકર્મ એકસો બાવીસ બંધપ્રસંગે ગણાવેલ છે.

(૨૫) ઉદીરણા—આત્માના યોગ નામના વીર્યવડે ઉદયાવલિથી બહાર રહેલા કર્મપરમાણુઓને ઉદયાવલિમાં આણી વેદવા તે **उदीरणा** કહેવાય. અર્થાત્ આ ઉદીરણા તે યોગથી થાય છે, કારણકે જ્યાં સુધી આત્મા સયોગી છે ત્યાં સુધી કર્મની ઉદીરણા પ્રવર્તે છે, અને યોગને અભાવે ઉદીરણાનો પણ અભાવ થાય છે; માટે ઉદીરણામાં મુખ્ય હેતુ યોગ છે. વળી આ ઉદીરણાનો એવો નિયમ છે કે જે કર્મનો વિપાક ઉદયમાં વર્તે તે કર્મનીજ ઉદીરણા હોય, અને ઉદય તથા ઉદીરણા બન્ને સમકાળેજ પ્રારંભાય, તેમજ અન્તમાં તો ઉદીરણા એક આવલિઆદિક કાળ બાકી રહે ત્યારથી બંધ પડી જાય. કારણકે જ્યારે અન્ત્ય આવલિકા માત્રજ બાકી રહે ત્યારે તે અન્ત્ય આવલિકા તો ઉદયાવલિકા રૂપે વર્તતી હોય છે, અને ઉદયાવલિકાથી બહાર કર્મપરમાણુઓજ હોય નહિ તો ઉદીરણા કોની કરે ?

પ્રશ્નઃ—ઉદયાવલિકા એટલે શું ? અને ઉદયાવલિકાથી બહાર એટલે શું ?

ઉત્તરઃ—કર્મનો અબાધાકાળ વીત્યા બાદ બાકી રહેલા કાળના સમયોની બુદ્ધિવડે એક દીર્ઘ પંક્તિ કલ્પીએ તો અનુક્રમે પ્રથમ સમયમાં ઘણા કર્મપરમાણુઓ, બીજા સમયમાં તેથી કમી, ત્રીજા સમયમાં તેથીપણ કમી; એ પ્રમાણે છેલ્લા સમય સુધીના સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમયોમાં કર્મપરમાણુઓ અનુક્રમે કમી કમી સ્થાપવા. તેમાં પ્હેલા સમયથી પ્રારંભીને એક આવલિકાના જેટલા સમય તેટલા સમયો સુધીમાં પ્રાપ્ત થયેલા કર્મપરમાણુઓમાં કુદરતી નિયમથી એવો સંસ્કાર ઉત્પન્ન થાય છે કે તે પરમાણુઓ સંક્રમ, ઉપશમ, ઉદીરણા, નિધત્ત અને નિકાચનાદિ કોઇપણ કરણસાધ્યસ્વરૂપમાં ફેરવાઇ શકાતા નથી, પરંતુ અવશ્ય ઉદય આવવાના સ્વભાવવાળા હોય છે, માટે તે આવલિકાગત અણુઓને અથવા આવલિકા જેટલા કાળને **उदयावलिका** કહેવામાં આવે છે. અને પૂર્વોક્ત ઉદયાવલિકાથી આગળના કર્મપરમાણુઓ તે ઉદયાવલિકાથી બહારના કર્મપરમાણુઓ કહેવાય. અથવા બીજી રીતે કહેતાં " ઉદયસમયથી એક આવલિકા સુધી ઉદય આવવાવાળા કર્મપરમાણુઓનો સમુદાય તે **उदयावलिका**, અને તેથી આગળના કાળે ઉદય આવવાવાળા કર્મપરમાણુઓ તે ઉદયાવલિકા બહારના કહેવાય." એ પ્રમાણે અવશ્ય ઉદય આવવા યોગ્ય પરમાણુઓને અંગીકરીને આખી પંક્તિમાંથી માત્ર આવલિકા જેટલો વિભાગ ઉદયાવલિકાના નામથી ભિન્ન પડી શકે છે. તે ઉદયાવલિકાથી બહારના પરમાણુઓ ઉદયાવલિકામાં ન આવે અને જ્યાં છે ત્યાંના ત્યાંજ રહે તો ઉદયસમયના અનુક્રમ પ્રમાણે ઘણે કાળે ઉદયમાં આવી શકે, વળી જે સમયમાં પરમાણુઓ રહ્યા છે તે પરમાણુઓનો તેજ કાળ છે, પણ ઉદીરણાપ્રયોગવડે ઉદયાવલિમાં આકર્ષાઇ આવવાથી તે પરમાણુઓ જે દીર્ઘકાળે ઉદયમાં આવવાના હતા તે હવે એક આવલિકા જેટલા કાળમાં ઉદયમાં આવી જશે, માટે ઉદીરણાથી આકર્ષાયલા પરમાણુઓ અકાળે ઉદયમાં આવ્યા એમ કહેવાય. એ પ્રમાણે ઉદયપ્રાપ્ત થયેલા એક કર્મમાંના કેટલાક પરમાણુઓ કાળક્રમે વેદાય છે, અને કેટલાક પરમાણુઓ અકાળે વેદાય છે, તેમાં જે પરમાણુઓ કાળક્રમે વેદાય છે તે પરમાણુઓનો **शुद्ध उदय** કહેવાય, અને અકાળે વેદાતા પરમાણુઓનો ઉદીરણોદય અથવા **प्रयोगोदय** કહેવાય. વળી ઉદીરણાપ્રયોગવડેજ પરમાણુઓ અકાળે ઉદયમાં આવે એમ નહિ, કિન્તુ બીજા અપવર્ત્તનાદિ પ્રયોગોવડે પણ કર્મપરમાણુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અકાળે ઉદયમાં આવે છે. એ ઉદીરણામાં પણ મૂળકર્મ આઠ અને ઉત્તરકર્મ એકસો બાવીસ ગણાય છે.

તેમજ ઉદય અને ઉદીરણામાં તફાવત માત્ર એ છે કે, ઉદયમાં વર્તતા કર્મની એક અન્તિમ આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા બંધ પડે, અને ફક્ત ઉદયજ ચાલુ રહે, વળી અયોગિ મહાત્માઓને ચૌદમે ગુણસ્થાને કર્મનો ઉદય હોય પણ ઉદીરણા ન હોય. તેમજ બે વેદનીયકર્મ અને આયુષ્કર્મ, એમ ત્રણે કર્મોની ઉદીરણા પ્રથમનાં છ ગુણસ્થાન સુધી હોય ત્યારબાદ નહિ.

(૨૬) **સત્તા ૮–૧૪૮**—આત્મપ્રદેશો સાથે કર્મનું જે અવસ્થાન તે **સત્તા** કહેવાય, અર્થાત્ અમુક કર્મ જે સમયે આત્મ-પ્રદેશો સાથે સંબંધવાળું થયું તે સમયથી માંડીને તે કર્મ નિર્જરે નહિ અથવા અન્ય કર્મરૂપે બદલાય નહિ, ત્યાંસુધી તે કર્મની **સત્તા** ગણાય. દ્રષ્ટાન્ત તરીકે પ્રથમ સમયે બંધાયલું અશાતા-વેદનીયકર્મ ત્રીસ કોડાકોડિ સાગરોપમની સ્થિતિના નિયમથી આત્મ-પ્રદેશો સાથે બંધાયું, તે કર્મ ત્રણ હજાર વર્ષના અબાધાકાળ બાદ ત્રણ હજાર વર્ષ ન્યૂન ત્રીસ કોડાકોડિ સાગરોપમ સુધી ઉદય પ્રવાહે ચાલુ રહ્યું, ત્યારબાદ તે સમયે બંધાયલા અશાતાવેદનીય કર્મના સર્વ પરમાણુઓ નિર્જરાઈ ગયા, ત્યારે તે કર્મની અસત્તા થઈ કહેવાય. અથવા એજ કર્મ એક આવલિકા વીત્યા બાદ એક આવલિકાકાળે અશાતાનાસ્વરૂપથી પલટાઇને શાતાવેદનીયરૂપ થઈ ગયું હોય તો તે વિવક્ષિત સમયે બંધાયલા અશાતાવેદનીય કર્મની સત્તા બે આવલિકા સુધીનીજ ગણાય. એ દ્રષ્ટાંત કોઈપણ એક સમયબદ્ધ કર્મપરમાણુઓની અપેક્ષાએ કહ્યું. અન્યથા અશાતા વેદનીયની પ્રવાહસત્તા તો અનાદિ અનંત, અથવા અનાદિસાન્ત, અથવા સાદિસાન્ત છે. કહેવાનું તાત્પર્ય એજ છે કે બંધાયલું કર્મ જ્યાંસુધી આત્મપ્રદેશથી અલગ ન થાય અથવા તો સ્વરૂપથી બદલાય નહિ ત્યાંસુધી તે કર્મ સત્તારૂપ ગણાય.

શંકા:—બંધાયલું કર્મ જીવને ફળ આપ્યાવિના આત્મપ્રદેશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાથે પડી રહે તે સત્તા, અને ફળ આપે એટલે ઉદયમાં આવ્યું ગણાય છે, તે વખતે સત્તા કહેવાય નહિ એમ માનવું યોગ્ય છે કે અયોગ્ય ?

ઉત્તરઃ—હે જીજ્ઞાસુ ! એ મન્તવ્ય અયોગ્ય છે કારણકે જે સમયે કર્મ બંધાયું તે બધ્યમાન સમય, તથા બંધાયા બાદ ઉદયરહિત અવસ્થામાં પડી રહ્યું તે અબાધાકાળ, અને અબાધાકાળ વીત્યા બાદ જેટલો કાળ ઉદયમાં વર્ત્યું તે ઉદયકાળ, એ ત્રણે કાળમાં કર્મની સત્તા ગણાય છે.

સત્તામાં મૂળકર્મ આઠ અને ઉત્તરકર્મ ઘણે સ્થાને એકસોઅડતાળીસ ગણેલ હોવાથી ચાલુ ગ્રંથમાં પણ એકસોઅડતાળીસ ગણાશે.

(૨૭) શરીર ૫—શૄ એટલે વિખરવું એ ધાતુ ઉપરથી शीर्यते-એટલે જે વિશીર્ણ થાય-વિખરાઇ જાય તે शरीर કહેવાય. તે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ પ્રકારનું છે.

औदारिकशरीर—શ્રી તીર્થંકર, ગણધર, ચક્રવર્તિ, વાસુદેવ, પ્રતિવાસુદેવ અને મુનિ વિગેરેની અપેક્ષાએ ઉદાર એટલે શ્રેષ્ઠ જે શરીર તે ઔદારિકશરીર, અથવા આ શરીરવડે મોક્ષ, તપ, જપ, વ્રત, નિયમ અને સર્વ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે માટે ઉદાર એટલે પ્રધાન શરીર ગણાય છે, અથવા ઔદારિકવર્ગણાઓનું બનેલું છે માટે **औदारिक** નામ છે.

वैक्रियशरीर—વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવાની શક્તિવાળું શરીર તે વૈક્રિયશરીર. આ શરીર એક મટી અનેક થાય છે, અને અનેક મટી એક થાય છે, નાનાનું મોટું થાય ને મોટાનું નાનું થાય, હલકાનું ભારી થાય અને ભારીથી હલકું થાય, એમ અનેક પ્રકારનું પરાવર્ત્તન વૈક્રિય શરીરથી થઇ શકે છે, અને એ શરીર વૈક્રિય વર્ગણાઓનું બને છે.

आहारकशरीर—કોઇક લબ્ધિવાળા ચૌદપૂર્વધરમુનિ, શ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીનેશ્વરની ઋદ્ધિ દેખવાને અથવા સૂક્ષ્મ અર્થનો સંદેહ પૂછવાને આહારક વર્ગણાઓનું એક હાથ જેટલું શરીર બનાવીને વિચરતા શ્રીતીર્થંકર ભગવાનની પાસે મોકલે તે આહારકશરીર.

तैजसशरीर—આહારને પાચન કરનાર તૈજસ પુદ્ગલોનું બનેલું સૂક્ષ્મ શરીર તે તૈજસશરીર. પુનઃ આ શરીર સંબંધિ લબ્ધિવાળો એટલે તેજોલબ્ધિવાળો આત્મા આ શરીરની સહાયથી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા પણ મૂકી શકે છે, અને અનુગ્રહ ઉપગ્રહ કરી શકે છે.

कार्मणशरीर—કર્મપરમાણુઓના પિંડરૂપ કાર્મણ શરીર છે. કાર્મણશરીરનામકર્મ તે આ કાર્મણ શરીરનો એક અવયવ છે. કારણકે આ શરીર એકસોઅઠ્ઠાવન કર્મપ્રકૃતિઓના પિંડરૂપ છે.

એ પાંચ શરીરોમાં પરસ્પર કારણાદિથી ઉત્પન્ન થયેલા અનેક તફાવત છે તે અનુક્રમે નીચે પ્રમાણે છે.

कारणभेद—ઔદારિકશરીર અતિ સ્થૂલ સ્કંધોનું (પુદ્ગલ પિંડોનું) બનેલું છે અને વૈક્રિયાદિ ચારે શરીર અનુક્રમે સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્કંધનાં બનેલાં છે.

प्रदेशसंख्याभेद—ઔદારિક શરીર ઓછા પ્રદેશોનું બનેલું હોય છે, તેથી અસંખ્યગુણ પ્રદેશોનું વૈક્રિય, તેથી અસંખ્યગુણ પ્રદેશોનું આહારક, તેથી અનંતગુણ પ્રદેશોનું તૈજસ, અને તેથી અનંતગુણ પ્રદેશોનું કાર્મણ શરીર બનેલું છે.

स्वामिभेद—ઔદારીક શરીર સર્વ મનુષ્ય અને તિર્યંચોને હોય, વૈક્રિયશરીર વાયુ, સંજ્ઞિમનુષ્ય, તિર્યંચપંચેન્દ્રિયમાંના કેટલાકને, સર્વ દેવને અને સર્વ નારકને હોય છે. આહારકશરીર કોઇક ચૌદપૂર્વધર મુનિને હોય, અને તૈજસ તથા કાર્મણશરીર સર્વ સંસારી જીવોને હોય.

क्षेत्रविषय—ઔદારિકશરીરધારકની ગતિ તીર્છી દિશામાં રૂચક પર્વત સુધી છે, તે જંઘાચારણમુનિની અપેક્ષાએ, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યાચારણ મુનિ તથા વિદ્યાધરોની અપેક્ષાએ નંદીશ્વરદ્વીપ સુધી છે, તેમજ એ ત્રણેની અપેક્ષાએ ઉર્ધ્વલોકમાં પંડુકવનપર્યંત, તથા અધોલોકમાં અધોગ્રામ સુધી ઔદારિક દેહવાળાઓની અનુક્રમે ગતિ અને નિવાસ છે. વૈક્રિય શરીરનો ગતિવિષય તિર્યગ્‌દિશામાં અસંખ્ય દ્વીપસમુદ્ર સુધીનો છે, તેમજ ઉર્ધ્વ અને અધોલોકમાં વૈક્રિય શરીરધારી જીવોનો નિવાસ છે, તેમ તિર્યગ્‌દિશામાં પણ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી નિવાસ છે. તથા આહારકનો ગતિવિષય ભરતથી મહાવિદેહ સુધી અને ઐરવતક્ષેત્રથી મહાવિદેહ સુધી છે, તથા તૈજસ અને કાર્મણ શરીરનો ગતિવિષય અને નિવાસ સર્વ લોકાકાશ પ્રમાણ છે.

प्रयोजनभेद—ધર્મઅધર્મનું ઉપાર્જન, સુખદુઃખનો અનુભવ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિ વિગેરેમાં ઔદારિક શરીરનું પ્રયોજન છે. એકનું અનેક થવું, આકાશમાં ગતિ કરવી અને સંઘાદિકને સહાય કરવી એ વૈક્રિય શરીરનું પ્રયોજન છે. સૂક્ષ્માર્થનો સંદેહ દૂર કરવો, જીનેશ્વરની ઋદ્ધિ દેખવી વિગેરે આહારકશરીરનું પ્રયોજન છે. કોઇ જીવને શ્રાપ આપવો, કોઈને વરદાન આપવું, ભોજન પચાવવું અને તેજોલેશ્યા મુકવી વિગેરે તૈજસશરીરનું પ્રયોજન છે, તેમજ પરભવમાં જવું એ કાર્મણ શરીરનું પ્રયોજન છે.

अवगाहनाभेद—ઔદારિક શરીરની ઉંચાઈ પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ સાધિક એક હજાર યોજનની છે, વૈક્રિય શરીરની ઉંચાઈ મૂળવૈક્રિયની અપેક્ષાએ પાંચસે ધનુષ્યની અને મનુષ્યના ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ સાધિક એક લાખ જોજનની છે. આહારક શરીરની ઉંચાઈ એક હાથ અને તૈજસ અને કાર્મણની ઉંચાઇ સમુદ્‌ઘાત વખતે સર્વ લોકાકાશ પ્રમાણ છે. અથવા બીજી રીતે વિચારીએ તો જે અનંત સ્કંધ મળીને એક આહારક શરીર બને છે, તે શરીર ઘણા થોડા આકાશપ્રદેશોમાં સમાઇ શકે છે, કારણકે એક હાથનું પ્રમાણ છે. તેનાથી સંખ્યાતગુણ આકાશપ્રદેશોમાં ઔદારિક શરીર રહી શકે છે, કારણકે સાધિક એક હજાર યોજન પ્રમાણ છે, તેનાથી પણ સંખ્યાતગુણ આકાશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રદેશોમાં વૈક્રિય શરીર રહી શકે છે, કારણકે ચાર અંગુલ અધિક એક લાખ યોજન પ્રમાણ છે, તેનાથી અસંખ્યગુણ આકાશપ્રદેશોમાં તૈજસ અને કાર્મણ શરીર રહે છે.

स्थितिभेद—ઔદારિક શરીરની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ તે યુગલિકની અપેક્ષાએ છે, મૂળવૈક્રિય શરીરની જઘન્યસ્થિતિ દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે, ઉત્તરવૈક્રિયની જઘન્યસ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ મનુષ્ય-તિર્યંચકૃત ઉત્તરવૈક્રિયની ચાર મુહૂર્ત, તેમજ દેવકૃત ઉત્તર વૈક્રિયની અર્ધ માસ. આહારકની બન્ને સ્થિતિ અન્તર્મુહૂર્ત, અને તૈજસ અને કાર્મણની સ્થિતિ અભવ્યની અપેક્ષાએ અનાદિઅનંત અને ભવ્યની અપેક્ષાએ અનાદિ સાન્ત છે.

संख्याभेद—સમકાળે આહારક શરીરની સંખ્યા અલ્પ હોય, કારણકે જઘન્યથી એક બે અને ઉત્કૃષ્ટથી નવ હજાર હોય છે. વૈક્રિય શરીર તેનાથી અસંખ્યગુણ હોય, કારણકે વૈક્રિય શરીરવાળા દેવ અને નારક જીવો અસંખ્ય છે. તેનાથી ઔદારિકશરીર અસંખ્યગુણાં છે, જોકે જીવો અનંત છે તોપણ સાધારણ વનસ્પતિમાં અનંત અનંત જીવો વચ્ચે એકેક શરીર હોવાથી ઔદારિકશરીર અસંખ્યાતજ છે. તેનાથી તૈજસ-કાર્મણ શરીર અનંતગુણાં છે, કારણકે સાધારણવનસ્પતિમાં અનંતજીવોને દરેકનું તૈજસ-કાર્મણ શરીર ભિન્ન ભિન્ન છે, માટે તૈજસ-કાર્મણ અનંતગુણાં છે.

अन्तरभेद—એક જીવની અપેક્ષાએ ઔદારિકશરીરનું અન્તર એટલે પુનઃ પ્રાપ્ત થવામાં વિલંબકાળ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ છે, કારણકે કોઈક મુનિ આયુષ્યને અન્તે વૈક્રિયશરીર રચી અન્તર્મુહૂર્ત બાદ મરણ પામી ઋજુગતિએ તેત્રીસ સાગરોપમના આયુષ્યપૂર્વક અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય, ત્યાંથી ચવીને મનુષ્ય થાય, તે અપેક્ષાએ અન્તર્મુહૂર્તાધિક તેત્રીસ સાગરોપમનો અન્તરકાળ છે. તેમજ વૈક્રિય શરીરનું ઉત્કૃષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતર, વનસ્પતિના કાયસ્થિતિકાળ જેટલું એટલે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્ત પ્રમાણુ છે. કારણકે એટલો કાળ વનસ્પતિમાં ભમીને પુનઃ વૈક્રિય શરીર પામી શકે. તેમજ આહારક શરીરનું અન્તર અરધા પુદ્ગલપરાવર્ત્ત જેટલા અનંત કાળ પ્રમાણુ છે, કારણકે ચારિત્રની પુનઃ પ્રાપ્તિ એટલે કાળે અવશ્ય થાય છે. તેમજ તૈજસ અને કાર્મણુ શરીરનું અન્તરજ નથી, કારણકે તેઓ અનાદિકાળનાં છે. હવે ઔદારિકશરીરનું જઘન્યઅન્તર એક સમયનું, વૈક્રિય અને આહારકનું જઘન્ય અન્તર અન્તર્મુહૂર્ત્તનું છે, અને તૈજસ કાર્મણનું જઘન્ય વા ઉત્કૃષ્ટ અન્તરજ નથી.

(૨૮) બંધહેતુ ૪-૫૭—દરેક જીવ જે કર્મબંધન કરે છે તેનું મૂળ કારણુ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ ચાર છે. અને એ ચારના ઉત્તરભેદ સત્તાવન છે, તેમાં પાંચ મિથ્યાત્વ, બાર અવ્રત, પચ્ચીસ કષાય અને પંદર યોગ, એ સત્તાવન ઉત્તરબંધહેતુ કહેવાય છે, તે નીચે પ્રમાણે—

૫ **मिथ्यात्व**—જે ધર્મ સર્વજ્ઞપ્રણીત નથી તે ધર્મમાં એકાન્ત આગ્રહ કરવો કે આ જ ધર્મ શ્રેષ્ઠ છે, બીજો નહિ, એ **आभिग्रहिक** મિથ્યાત્વ, સર્વે ધર્મ શ્રેષ્ઠ છે એમ માનવું તે **अनभिग्रहिक** મિથ્યાત્વ. હું જે કહું છું તેજ સત્ય છે એવો દુરાગ્રહ અસત્ય વાતમાં કરવો તે **अभिनिवेषिक** મિથ્યાત્વ. સત્ય ધર્મમાં પણુ સંશય ઉપજવો કે કોણુ જાણે ધર્માસ્તિકાયાદિ પદાર્થો હશે કે નહિ! તે **सांशयिक** મિથ્યાત્વ, અને ધર્મ કે અધર્મને સ્પષ્ટપણે નહિ ઓળખનાર એકેન્દ્રિયાદિ જીવોને **अनाभोगिक** મિથ્યાત્વ હોય છે.

૧૨ **अव्रत**—પર પદાર્થો ઉપર ફેલાતી ચિત્તવૃત્તિને નિયમમાં ન રાખવી તે **मन**ની અવિરતિ, ઈન્દ્રિયોને નિયમમાં ન રાખવી તે ૫ **इन्द्रिय**ની અવિરતિ અને છકાયની હિંસા ટાળવાનો નિયમ ન કરવો તે ૬ **कायवध**ની અવિરતિ. એ પ્રમાણે બાર અવ્રત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫ **कषाय**—ક્રોધ, માન, માયા, અને લોભ એ દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન એ ચાર ચાર ભેદે ગુણતાં સોળ કષાય; અને હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ એ નવ નોકષાય સહિત કષાયના સર્વ મળી પચ્ચીસ ભેદ છે. એનું સ્વરૂપ કષાયદ્વારમાં કહ્યું છે.

૧૫ **योग**—ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર, અને તૈજસકાર્મણ એ સાત કાયયોગ, તથા સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર એ ચાર વચનયોગ, તેમજ એજ નામના ચાર મનયોગ; એ પ્રમાણે સર્વ મળી પંદર યોગ છે, તેનું સ્વરૂપ યોગદ્વારના અર્થપ્રસંગે કહેવાયું છે.

પ્રશ્ન:—એ સત્તાવન બંધહેતુમાં કયા કયા બંધહેતુ કયા કયા કર્મબંધનના કારણભૂત છે?

ઉત્તર:—નરકત્રિક, અશુભજાતિ ચાર, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, હુંડક, આતપ, સેવાર્ત્ત, નપુંસકવેદ અને મિથ્યાત્વ; એ સોળ પ્રકૃતિઓ બંધાતી વખતે જોકે મૂળ ચારે હેતુ વર્તે છે, તોપણ એ સોળના બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. તેમજ તિર્યંચત્રિક, સ્ત્યાનર્દ્ધિત્રિક, દૌર્ભાગ્યત્રિક, અનંતાનુબંધિ ચાર, મધ્યસંઘયણ ચાર, મધ્ય સંસ્થાન ચાર, નીચગોત્ર, ઉદ્યોત-નામકર્મ, અશુભવિહાયોગતિ, સ્ત્રીવેદ, વજર્ષભનારાચ, મનુષ્યત્રિક, અપ્રત્યાખ્યાની કષાય ચાર, ઔદારિક શરીર અને ઔદારિક ઉપાંગ; એ પાંત્રીસ પ્રકૃતિઓના બંધનું મુખ્ય કારણ અવ્રત છે, અહિં દેશ-વિરતિમાં પણ ઔદયિક અવ્રત ગણેલ છે. આ પાંત્રીસ અને પ્રથમ કહેલી સોળ મળીને એકાવન, તથા જીનનામકર્મ, શાતાવેદનીય અને આહારકદ્વિક એ ચાર સહિત પંચાવન વિના શેષ એકસોએક પ્રકૃતિઓ અથવા એકસો વીસને હિસાબે પાંસઠ પ્રકૃતિઓ કષાયના કારણથી બંધાય છે. શાતાવેદનીય યોગ હેતુથી બંધાય છે. જીનનામકર્મ તથાવિધ કષાયયુક્ત સમ્યક્ત્વ હેતુથી બંધાય છે, અને આહારક-દ્વિક તથાવિધ મંદકષાયયુક્ત ચારિત્ર હેતુથી બંધાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) ધ્યાન ૪-૧૬—ધ્યાન એટલે જીવનો સ્થિર[1] પરિણામ. તે ધ્યાન **शुभध्यान** અને **अशुभध्यान** એમ બે પ્રકારનું છે. વળી અશુભધ્યાન **आर्त्तध्यान** અને **रौद्रध्यान** એમ બે પ્રકારે છે, તેમજ શુભધ્યાન પણ **धर्मध्यान** અને **शुक्लध्यान** એમ બે પ્રકારે છે. એ પ્રમાણે આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ ચારે પ્રકારના ધ્યાનમાં પહેલાં બે અશુભ અને બીજાં બે શુભ છે. હવે એ ચારે ધ્યાનના દરેકના ચાર ચાર પ્રકાર છે તે નીચે પ્રમાણે–

અનિષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ, રોગચિકિત્સા અને અગ્રશોક (અથવા નિદાન) એ ચાર ભેદ આર્ત્તધ્યાનના છે. **आर्त्त** એટલે ચિંતારૂપ જે ધ્યાન તે **आर्त्तध्यान**. તેમજ હિંસાનુબંધિ, મૃષાનુબંધિ,

---

૧. **अंतोमुहुत्तमेत्तं, चित्ता वत्थाणमेगवत्थुम्मि, छउमत्थाणं झाणं, जोगनिरोहो जिणाणं तु ॥ १ ॥** એક વસ્તુ ઉપર અંતર્મુહૂર્ત્ત સુધી ચિત્તનું અવસ્થાન તે છદ્મસ્થનું ધ્યાન છે, અને યોગનિરોધ એ શ્રી સર્વજ્ઞોનું ધ્યાન છે, એથી અધિકકાળ સુધી એક વસ્તુપર ચિત્તની સ્થિરતા ટકે તો તે ચિંતા કહેવાય. અને ચિંતા ન થાય તો અન્તર્મુહૂર્ત્ત બાદ ધ્યાનાન્તર થાય કહ્યું છે કે—

अंतोमुहुत्तपरओ, चिंता झाणंतरं च होज्जाहि
सुचिरंपि होज्ज बहुवत्थु-संकमे झाणसंताणो ॥ २ ॥

અર્થ:—અંતર્મુહૂર્ત્ત બાદ ચિંતા અથવા ધ્યાનાન્તર એટલે બીજું ધ્યાન થાય, અને ઘણા દીર્ઘકાળ સુધી ઘણી વસ્તુઓમાં સંક્રમ કર્યે છતે ધ્યાનસંતતિ એટલે ધ્યાનપરંપરા હોય છે. તેમજ

गाढमालंबने लग्नं, चित्तं ध्यानं निरेजनं
यत्तु चित्तं चलं मूढ–मव्यक्तं तन्मनो मतं ॥ ३

અર્થ:—આલંબનમાં એટલે વસ્તુમાં ગાઢપણે ચોટેલું નિષ્પ્રકંપ એટલે સ્થિર ચિત્ત તે **ध्यान**, અને અસ્થિર, મૂઢ, અને અવ્યક્ત એ ત્રણ પ્રકારનું ચિત્ત તે **मन** કહેવાય. તેમાં મૂર્છા પામેલા એટલે મદોન્મત્ત થયેલા, અને નિદ્રાળુ જીવોનું જે ચિત્ત તે અવ્યક્તચિત્ત, અને શીઘ્ર જન્મેલ બાળકનું મૂઢમન કહેવાય. એ કારણથી ચિત્ત તે ધ્યાન છે એમ નક્કી નહિ પણ ધ્યાન તે ચિત્ત છે એ નિશ્ચય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્તેયાનુબંધિ અને રક્ષણાનુબંધિ એ ચાર પ્રકારનું, **रौद्र** એટલે મહા ભયંકર ધ્યાન તે **रौद्रध्यान**. તેમજ આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય એ ચાર પ્રકારનું **धर्मध्यान**, તેમજ પૃથક્ત્વવિતર્કસવિચાર, એકત્વવિતર્કઅવિચાર, સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ અને સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિ એ ચાર પ્રકારનું **शुक्लध्यान** છે તેનું સ્વરૂપ સંક્ષેપથી નીચે પ્રમાણે—

આર્ત્તધ્યાનના ૪ ભેદ

૧ **इष्टवियोगार्त्तध्यान**—સારૂં મકાન, સુંદર સ્ત્રી, સુંદર વસ્ત્ર વિગેરે પ્રિય વસ્તુઓનો વિયોગ થવાથી પુનઃ પ્રાપ્તિરૂપ અથવા વિયુક્ત નહિ થવારૂપ જે ચિંતા ઉત્પન્ન થાય તે ઇષ્ટવિયોગાર્તધ્યાન.

૨ **अनिष्टसंयोगार्त्तध्यान**—જે પદાર્થ પોતાને ઇષ્ટ નથી તેવા પદાર્થની પ્રાપ્તિ થાય, જેમકે નિરસભોજન, કદ્રૂપતા, અશુભ શબ્દ અને દુર્ગંધ વિગેરે અપ્રિય પદાર્થ પ્રાપ્ત થતાં મનમાં જે ચિંતા ઉત્પન્ન થાય તે અનિષ્ટસંયોગાર્તધ્યાન કહેવાય.

૩ **रोगचिकित्सार्त्तध्यान**—શરીરે અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થયે છતે એ રોગ ક્યારે મટશે તે સંબંધિ ચિંતા તેમજ

વળી ધ્યાન તે મનયોગરૂપજ છે એમ નહિ પરન્તુ ત્રણે યોગરૂપ છે, અને તે ત્રણ યોગમાં ચિત્તયોગની મુખ્યતાએ ધ્યાનને ચિત્તનો વિષય કહી શકાય છે. અન્યથા ધ્યાન માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ પ્રકારે છે, તેમાં ચિત્તની નિશ્ચલતા તે **मानसिकध्यान**, યતનાપૂર્વક નિરવદ્ય ભાષા બોલવી તે **वाचिकध्यान**, અને કાયાની સ્થિરતા તે **कायिकध्यान**. ભંગિક એટલે ભાંગાવાળું શ્રુત ગણતાં મુનિ ત્રણે ધ્યાનમાં વર્તે છે. જેમકે વાત, પિત્ત અને કફ એ ત્રણે દોષમાંથી મુખ્યતાએ એક દોષ ગણાય છે તેમ ત્રણ ધ્યાનમાં ચિત્તની મુખ્યતા હોવાથી ધ્યાન ચિત્તરૂપ ગણાય છે. અથવા જેમ રાજમાર્ગમાં પરિવાર સહિત ચાલતા રાજાને માત્ર આ રાજા જાય છે એમ કહેવાય છે, તેમ ત્રણે યોગે ધ્યાન વર્તતાં છતાં પણ ધ્યાન મુખ્યતાએ મનોયોગે ગણાય છે. એ પ્રમાણે વિશેષ વર્ણન શ્રીલોકપ્રકાશ વિગેરે ગ્રંથોમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગ મટાડવા માટે ઉપાયો રચવાની ચિંતા તે રોગચિકિત્સાર્ત-ધ્યાન. પ્રથમનાં બે ધ્યાન પોતાના શરીરથી વ્યતિરિક્ત પદાર્થના વિષયવાળાં છે, અને આ સ્વદેહવિષયિક છે માટે ભિન્ન પાડેલ છે, અન્યથા આ ધ્યાનનો અન્તર્ભાવ અનિષ્ટસંયોગાર્ત્તમાં થઇ શકે.

૪ अग्रशोच (निदान) आर्त्तध्यान—ભવિષ્યના સુખની ચિંતા કરવી, જેમકે મને દેવલોકનું સુખ પ્રાપ્ત થાય તો ઠીક, અમુક સ્ત્રી પ્રાપ્ત થાય તો ઠીક, એ પ્રમાણે ભવિષ્યના સુખની ચિંતામાં રહેવું તે અગ્રશોચ આર્ત્તધ્યાન કહેવાય. તથા નવ નિયાણા (નિદાન) નો પણ આ ધ્યાનમાં સમાવેશ થવાથી એનું બીજું નામ નિદાન આર્ત્તધ્યાન પણ કહેવાય છે, પૂર્વે ભોગવેલા સુખનું સ્મરણ પણ આ ચોથા ભેદમાં ગણેલું છે.

स्वामि—આર્ત્તધ્યાનના પ્રથમ ત્રણ ભેદ મિથ્યાદષ્ટિથી પ્રમત્ત સુધીના છ ગુણસ્થાનવાળા જીવોને હોય છે. વળી ચિત્તની સ્થિરતારૂપ ધ્યાન એકેન્દ્રિયાદિ અસંજ્ઞિને અહિં અંગીકાર કર્યું નથી, કારણકે અસંજ્ઞિને મનનોજ અભાવ છે, તો મનની સ્થિરતારૂપ ધ્યાન તે કેમ હોય ? શ્રીમદ્ દેવચંદ્ર સૂરિએ પણ અસંજ્ઞિમાં ધ્યાન ગણ્યું નથી. પરન્તુ આર્ત્તરૌદ્રરૂપ ચિંતા કે જે મનોવિચારરૂપ નહિ પણ અશાતાવેદનીયાદિ કર્મના ઉદયથી માત્ર સંજ્ઞારૂપજ છે તે સંજ્ઞારૂપ ચિંતાની મુખ્યતાએ કેટલાએક ગ્રંથકારોએ અસંજ્ઞિઓને પણ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ગણાવ્યું છે, તે અપેક્ષાપૂર્વક સત્ય છે. તથા આર્ત્તધ્યાનનો ચોથો ભેદ પ્રથમના પાંચ ગુણસ્થાનવાળા જીવોને હોય છે, માટે પાંચ ગુણસ્થાન સુધી આર્ત્તધ્યાનના ચારે ભેદ હોય, અને પ્રમત્ત ગુણસ્થાને આર્ત્તધ્યાનના પ્રથમ ત્રણ ભેદ હોય છે.

लक्षण—આક્રંદ કરવો તે **क्रंदन**, શોક કરવો, દીલગીર થવું વિગેરે ઉદાસીનપણાનાં ચિન્હ તે **शोचन**, એથી વધુ દીલગીર કે દુર્ષિત થતાં આંખમાં આંસુ આવી જવાં તે **अश्रुमोचन**, અને રૂદન કરવું હાયપીટ કરવી વિગેરે **परिदेवन** કહેવાય છે. એ ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના બાહ્યચિન્હોથી આ જીવ આર્ત્તધ્યાનમાં (દુઃખમાં) વર્તે છે એમ જણાય છે.

રૌદ્રધ્યાનના ૪ ભેદ.

૧ **हिंसानुबंधि रौद्रध्यान**—ક્રૂરતાથી નિરપરાધી અથવા અપરાધી પ્રાણીઓનો સંહાર કરવાની, શત્રુને હણવાની, અને તેઓને હણવા માટે શસ્ત્ર વિગેરે તૈયાર કરવાની જે ક્રૂર ચિંતા તે હિંસાનુબંધિ રૌદ્રધ્યાન કહેવાય.

૨ **मृषानुबंधि रौद्रध्यान**—પોતાના સ્વાર્થ માટે બીજાને ફંદમાં નાખવા જૂઠ બોલવું, જૂઠી સાક્ષી ભરવી, વિગેરે અસત્ય કાર્યોમાં જે રીતે બીજો સત્ય માને તેવી રીતે જૂઠપણાની સંકલનાઓ ઘડવા સંબંધિ જે ક્રૂર ચિંતા તે મૃષાનુબંધિ રૌદ્રધ્યાન કહેવાય. અથવા પોતે જે જૂઠ બોલેલ છે તેને સત્ય કરી બતલાવવાના અનેક પ્રપંચો ઉભા કરવા સંબંધિ જે ક્રૂર ચિંતા, અને ચાડી ખાવી, અસભ્ય ઉચ્ચાર કરવો વિગેરેમાં જે ચિંતવન તે સર્વ મૃષાનુબંધિ રૌદ્રધ્યાન ગણાય.

૩ **स्तेयानुबंधि रौद्रध्यान**—બીજાનો ધનમાલ લૂંટવામાં, ચોરવામાં તથા વસ્તુ છૂપી રીતે ઉપાડી લેવામાં જે ક્રૂર વિચારો પ્રવર્તે તે સ્તેયાનુબંધિ રૌદ્રધ્યાન.

૪ **रक्षणानुबंधि रौद्रध्यान**—અનેક પાપારંભથી જે પરિગ્રહ ભેગો કર્યો છે, તેને રાજભય, ચોરભય, અને અગ્નિભય વિગેરેમાંથી બચાવવાનું ચિંતવન કરવું તે.

रौद्रध्याननां ४ लक्षण—હિંસાદિ ચાર ભેદમાંથી કોઇપણ એક ભેદનું વારંવાર સેવન કરવું તે રૌદ્રધ્યાનનું પ્રથમ **एकासेवन** લક્ષણ, તેમજ અનેક ભેદનું વારંવાર સેવન કરવું તે **अनेकासेवन** એ બીજું લક્ષણ, હિંસાદિ અધર્મમાં પણ ધર્મબુદ્ધિએ પ્રવૃત્તિ કરવી તે ત્રીજું લક્ષણ **धर्मबुद्धि**, અને મરણાન્તે પણ હિંસાદિથી નિવૃત્ત ન થવું તે રૌદ્રધ્યાનનું ચોથું લક્ષણ **अनिवृत्ति** નામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्वामि—રૌદ્રધ્યાનના ચારે ભેદના સ્વામિ સંજ્ઞિ છે, તે પણ મિથ્યાદ્રષ્ટિથી દેશવિરતિ ગુણસ્થાન સુધીનાજ જીવો છે. જો કે મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને અલ્પ રૌદ્રધ્યાન[1] કહ્યું છે પણ તે અવિવક્ષિત છે.

ધર્મધ્યાનના ૪ ભેદ.

૧ **आज्ञाविचय**—સર્વજ્ઞોએ પ્રાણીઓના સુખને માટે જે જે આજ્ઞાઓ અને માર્ગો દર્શાવ્યા છે તે તે આજ્ઞાઓનું ચિંતવન કરવું, એટલે આચારવિચારનાં શાસ્ત્ર ભણવાં અને વિચારવાં વિગેરે કાર્યોમાં મનની જે શુભ પરિણુતિ વર્તે તેને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય.

૨ **अपायविचय**—જગતમાં રાગદ્વેષ કરવાથી દરેક જીવોને કેવા કેવા પ્રકારનાં કષ્ટ પ્રાપ્ત થાય છે તે સંબંધિ વિચાર કરવો, અથવા સર્વજ્ઞોક્ત માર્ગે નહિ ચાલનાર જીવોને કેવાં કેવાં કષ્ટ પ્રાપ્ત થાય છે તે સંબંધિ વિચાર કરવારૂપ મનની જે શુભ પરિણુતિ તે અપાયવિચય ધર્મધ્યાન કહેવાય. અહિ **अपाय** એટલે **कष्ट** એવો અર્થ થાય છે.

૩ **विपाकविचय**—જ્ઞાનાવરણ, દર્શનાવરણ વિગેરે મૂળ આઠ કર્મો અને ઉત્તરભેદે એકસો અઠ્ઠાવન પ્રકારનાં કર્મો જગતના જીવોને કેવા પ્રકારનાં ફળ દર્શાવે છે, અને તે કર્મોને આધીન થઇ કાર્ય અને અકાર્ય કરનારા જીવો કેવાં શુભાશુભ ફળ પ્રાપ્ત કરે છે એમ વિચાર કરવારૂપ મનની જે શુભ પરિણુતિ તે વિપાકવિચય ધર્મધ્યાન કહેવાય.

૪ **संस्थानविचय**—જગત્ એટલે લોકાકાશ તેમજ અલોકાકાશ કેવી રીતે કયા આકારે રહ્યાં છે, વળી લોકમાં રહેલા દ્વીપ, સમુદ્ર, પૃથ્વીઓ, ભવનો, આવાસો, અને વિમાનો કયા સ્થળે કેવી

---

૧. **अत्र प्रमत्तगुणस्थानके मुख्यता आर्त्तस्य ध्यानस्यैवोपलक्षणत्वाद्रौद्रस्यापि**–(ગુણસ્થાન ક્રમાનુરોહે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે રહ્યાં છે વિગેરેનો વિચાર સર્વજ્ઞવચનને અનુસારે કરવો તથા લોકમાં રહેલ છ દ્રવ્યના દ્રવ્યગુણપર્યાયોનું ચિંતવવું તે સંસ્થાનવિચય ધર્મધ્યાન કહેવાય.

વળી ધર્મધ્યાનના બીજા પણ ચાર ભેદ **पिंडस्थ, पदस्थ, रूपस्थ** અને **रूपातीत** એ નામના છે તેનું સ્વરૂપ નીચે પ્રમાણે— પોતાના શરીરની અંદર નાભિને સ્થાને આઠ પાંખડીનું કમળ ચિંતવી શ્રી નવપદનું ધ્યાન કરવું, અથવા પોતાના નવ અંગે નવપદ સ્થાપી ધ્યાન કરવું, વળી બીજી અનેક રીતે મોક્ષ માત્રની ઇચ્છાએ મંત્રાદિ પદોનું શરીરને વિષે ધ્યાન કરવું તે સર્વ **पिंडस्थधर्मध्यान** કહેવાય. અહિ **पिंड** એટલે શરીર **स्थ** એટલે તેમાં રહેલું અર્થાત્ દેહના અવલંબનથી થતું ધ્યાન તે પિંડસ્થ કહેવાય. આ ધ્યાન સાલંબન એટલે સ્થાન અને અક્ષરાદિના અવલંબનવાળું છે.

આગમનાં પદ, મંત્રનાં પદ, શ્રી જીનેશ્વર, અને મુનિ વિગેરે ધ્યાન કરવા યોગ્ય વસ્તુઓ ઉપર ચિત્તને એકાગ્ર કરવું. જેમકે શ્રી જીનેશ્વર સુરાસુરાદિ પર્ષદાઓ સહિત સમવસરણમાં બેઠા છે, આગળ દુંદુભિ વિગેરે દેવવાજીંત્રો વાગે છે, શિર્ષપર ત્રણ છત્ર શોભે છે, અશોકવૃક્ષ ભગવાન ઉપર શોભે છે વિગેરે દેખાવો મનથી નજર આગળ રાખી તેઓઉપર ચિત્તની એકાગ્રતા કરવી તે **पदस्थधर्मध्यान.** આ ધ્યાન પોતાના શરીરમાં નહિ પણ જીનેશ્વરાદિના **पद**ને અશ્રિને હોવાથી **पदस्थ** કહેવાય છે. આ ધ્યાન પણ જીનેશ્વરાદિરૂપના આલંબનવાળું હોવાથી સાલંબન ધ્યાન છે. આ ધ્યાનમાં શ્રી જીનેશ્વરાદિકની પ્રતિમાનું નહિ પણ સાક્ષાત્ જીનેશ્વરાદિ જેવા સ્વરૂપે છે તેવા રૂપે ધ્યાન કરવાનું છે.

શ્રી જીનેશ્વરની અથવા મુનિની શાન્ત આકારાદિ લક્ષણવાળી પ્રતિમા ઉપર ચિત્તની એકાગ્રતા કરવી, પ્રતિમા ઉપરથી પ્રતિમા જેની છે તેઓના સદ્ગુણોનું પ્રતિમાદ્વારા ચિંતવન કરવું તે **रूपस्थधर्मध्यान** કહેવાય છે, અહિં **रूप** એટલે પ્રતિબિંબ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિમા સંબંધિ ધ્યાન તે **रूपस्थ** ધ્યાન કહેવાય. આ ધ્યાન પણ સાલંબન ધ્યાન છે.

શ્રી જીનેશ્વર અથવા મુનિમહારાજ વગેરે જેઓ દેહત્યાગ કરી મોક્ષમાં ગયા છે, તેઓના કેવળજ્ઞાનાદિ ગુણયુક્ત આત્માને અર્થાત્ શ્રીસિદ્ધપરમાત્માને હૃદયમાં ચિંતવવા તે **रूपातीत-धर्मध्यान** કહેવાય. અહિં રૂપ એટલે શરીર તેનાથી અતીત એટલે રહિત એવા શ્રી સિદ્ધભગવાનનું ધ્યાન તે રૂપાતીતધ્યાન.

धर्मध्याननां ४ लक्षण—સૂત્રની વ્યાખ્યા તે આજ્ઞા અને તેનાપર જે રૂચિ એટલે શ્રદ્ધા તે **आज्ञारुचि** એ ધર્મધ્યાનનું પ્રથમ લક્ષણ છે. તેમજ ગુરૂઆદિકના ઉપદેશ વિના નિસર્ગથી એટલે સ્વાભાવિક રીતે કર્મનો (દર્શનમોહનીયનો) ક્ષયોપશમ વા ઉપશમ થતાં જે તત્વશ્રદ્ધા પ્રગટવી તે **निसर्गरुचि**, સૂત્ર ઉપર જે રૂચિ એટલે શ્રદ્ધા તે **सूत्ररुचि**, અને અર્થ વિસ્તાર ઉપર જે શ્રદ્ધા તે **अर्थरुचि** અથવા વિસ્તારરૂચિ, એ ચાર ધર્મ-ધ્યાનનાં ચિહ્ન છે.

धर्मध्याननां ४ आलंबन—ગુરૂની પાસે સૂત્ર અર્થ ગ્રહણ કરી અભ્યાસ કરવો તે **वाचना**, સંશય પડે તે સ્થાને વિનય-પૂર્વક પૂછી નિઃસંદેહ થવું તે **पृच्छना**, કરેલ અભ્યાસ યાદ રહેવા માટે વારંવાર સંભાળવો એટલે ભણી જવો અગર વિચારવો તે **परिवर्त्तना**, અને સૂત્રનું તથા અર્થનું વારંવાર ચિંતવન કરવું એટલે તત્વ વિચારવું તે **अनुप्रेक्षा** કહેવાય. મુક્તિ-મ્હેલપર ચઢવાને માટે એ ચારે રજ્જુ એટલે-દોરવત્ આધારભૂત હોવાથી ધર્મધ્યાનનાં આલંબન કહેવાય છે.

धर्मध्याननी ४ अनुप्रेक्षा—અહિં અનુ એટલે ધ્યાનથી પશ્ચાત્ પ્રેક્ષા એટલે હૃદયમાં ચિંતવવું તે અનુપ્રેક્ષા એટલે ભાવના. તે આશ્રયભેદથી ચાર પ્રકારની છે, તે નીચે પ્રમાણે—હું એકલો છું, મારૂં કોઈ નથી, હું કોઈનો નથી વિગેરે ચિંતવવું તે **एक-त्वानुप्रेक्षा**, સંપત્તિઓ વિપત્તિનું સ્થાન છે, સંયોગ સ્વપ્ન સરખા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, જેની ઉત્પત્તિ તેનો વિનાશ છે, સર્વ પદાર્થો ક્ષણભંગુર છે વિગેરે ચિંતવવું તે **अनित्यत्व अनुप्रेक्षा**, સંસારમાં પરિભ્રમણ કરતા જીવને ધર્મ સિવાય કોઇ શરણુ નથી વિગેરે વિચારવું તે **अशरणत्व अनुप्रेक्षा**, અને સંસારના દુઃખનું સ્વરૂપ વિચારવું તે **संसार अनुप्रेक्षा**. એ ચારે ભાવના ધર્મધ્યાન રૂપ છે.

વળી ધર્મધ્યાનની **मैत्री**, **प्रमोद**, **करुणा** અને **माध्यस्था** એ ચાર ભાવનાઓ છે. તેમાં સર્વ જીવો મારે મિત્ર સમાન છે, મારૂં કોઇ વૈરી નથી અને હું પણ કોઇનો વૈરી નથી, એ પ્રમાણે સર્વ જીવોની સાથે મિત્રભાવ વિચારવો તે **मैत्रीभावना**. આ ભાવનામાં સર્વ જીવનું હિત વિચારવાનું હોય છે, કારણકે હિત વિચારવું એજ મિત્રતાનું લક્ષણ છે. તેમજ ગુણસ્થાનના ગુણોને દેખી હર્ષ કરવો તે **प्रमोदभावना**, સર્વ દુઃખી જીવોનાં દુઃખો કઈ રીતે ટળે ! એમ ચિંતવવું તે **करुणाभावना**, "સર્વ જીવ કરૂં શાસન રસી" એવી ઉત્કૃષ્ટ કરૂણાભાવનાવડે તીર્થંકરગોત્ર પણ બંધાય છે. તેમજ પ્રયત્ન કરવા છતાં પણ જે જીવો કર્મના વશથી સુખનો માર્ગ અંગીકાર કરતા નથી અને હિતકારી ઉપદેશ શ્રવણ કરતા નથી તે જીવો ઉપર ખેદ ધારણ ન કરવો તેમજ બહુ ભારેકર્મી છે, ઘણું સંસારમાં રખડવાનો છે વિગેરે આક્ષેપવચનોથી તિરસ્કાર નહિ કરતાં મધ્યસ્થ ભાવ ધારણ કરી વિચાર કરવો કે, દુનિયામાં સર્વ જીવોને સુખ પ્રિય છે, પરંતુ મોહનીય કર્મના ઉદયથી તેઓને સુખનો માર્ગ સમજાવવા છતાં પણ સમજતા નથી અને ઉલટા આપણો તથા ધર્મમાર્ગનો તિરસ્કાર કરી ઘણાં કર્મ ઉપાર્જન કરે છે, માટે એ જીવોનો દોષ નથી પરંતુ મોહનીયકર્મનો સર્વ દોષ છે વિગેરે ચિંતવવું તે **माध्यस्थभावना**.

स्वामि—ધર્મધ્યાનના સ્વામિ મુખ્યત્વે અપ્રમત્ત મુનિ છે, જો કે છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્ત મુનિને સાલંબન ધર્મધ્યાન ગૌણપણે કહ્યું છે, અને પાંચમે ગુણસ્થાને દેશવિરતિને મધ્યમ ધર્મધ્યાન કહ્યું છે, તોપણ ઉત્કૃષ્ટ અને નિરાલંબન ધ્યાનની અપેક્ષાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મધ્યાનના સ્વામિ અપ્રમત્ત મુનિ કહ્યા છે. શ્રી ગુણસ્થાનક્રમા-નુરોહમાં કહ્યું છે કે—

आर्त्तं रौद्रं भवेदत्र, मन्दं धर्म्यं तु मध्यमम्
षट्कर्मप्रतिमाश्राद्ध–व्रतपालनसंभवम् ॥ १ ॥ ગુણ૦ ક્રમાનુ૦

અર્થ:—અહિં દેશવિરતિ ગુણસ્થાને આર્ત્ત અને રૌદ્રધ્યાન મુખ્ય વૃત્તિએ હોય છે, અને ધર્મધ્યાન મધ્યમ અથવા ગૌણવૃત્તિએ હોય છે. કારણકે ઉત્કૃષ્ટ ધર્મધ્યાન થતાં અપ્રમત્ત સર્વવિરતિપણું પ્રાપ્ત થાય છે એમ ટીકામાં કહ્યું છે. વળી એ મધ્યમ ધર્મધ્યાન પણ દેવપૂજાદિ ષટ્કર્મ, અગીયાર પ્રતિમા, અને શ્રાવકનાં વ્રત પાળવાથી ઉત્પન્ન થયેલું હોય છે. તથા—

अस्तित्वान्नोकषायाणा–मत्रार्त्तस्यैव मुख्यता
आज्ञाद्यालंबनोपेत–धर्मध्यानस्य गौणता ॥ २ ॥

અર્થ:—અહિં છટ્ઠે ગુણસ્થાને નવ નોકષાયોનું અસ્તિત્વ હોવાથી આર્ત્તધ્યાનનીજ મુખ્યતા છે, અને આજ્ઞા વિગેરે ચાર આલંબનવાળાં ચાર ધર્મધ્યાનની ગૌણતા છે. તથા—

धर्मध्यानं भवत्यत्र, मुख्यवृत्त्या जिनोदितम् ।
रूपातीततया शुक्लमपि स्यादंशमात्रतः ॥ ३ ॥

અર્થ:—અહિં સાતમે ગુણસ્થાને જીનેશ્વરોએ મુખ્યવૃત્તિએ ધર્મધ્યાન કહ્યું છે. જેથી રૂપાતીતપણાએ અંશમાત્ર શુક્લધ્યાન પણ ગૌણવૃત્તિથી હોય[1] છે.

---

૧. અહિં ધર્મધ્યાનના સંબંધમાં સર્વ અભિપ્રાય ગુણસ્થાનક્રમા-નુરોહને આધારે કહ્યો છે અને શ્રી આવશ્યકમાં તો સામાન્યપણે ક્ષીણ-મોહ સુધીના સર્વ અપ્રમત્તમુનિને ધર્મધ્યાનના સ્વામિ કહ્યા છે, અને શ્રી વિચારસારમાં શ્રીમદ્ દેવચંદ્રજીએ પ્રમત્ત, અપ્રમત્ત, અને અપૂર્વકરણ એ ત્રણ ગુણસ્થાનના મુનિઓને ધર્મધ્યાન કહ્યું છે, અને કેટલાએક યંત્રપટ્ટકર્તાઓએ ચોથા ગુણસ્થાનથી સાતમા કે આઠમા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન કહેલું છે. એ પ્રમાણે ધર્મધ્યાન સંબંધિ અનેક અભિપ્રાય છે. તે સર્વ અભિપ્રાયમાંથી ચાલુ ગ્રંથની અંદર વિશેષતઃ શ્રી ગુણસ્થાન ક્રમાનુરોહનો અભિપ્રાય કહેવાશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુકલધ્યાનના ૪ ભેદ.

૧ पृथक्त्ववितर्कसविचार—पृथक्त्व એટલે દ્રવ્યગુણ પર્યાયનું ભિન્નપણું, **वितर्क** એટલે શ્રુતજ્ઞાનને અનુસારે વિચારણા (**वितर्कः श्रुतम्** ઇતિ તત્ત્વાર્થઃ), અને **सविचार** એટલે અર્થ વ્યંજન અને યોગની સંક્રાન્તિ એટલે એક દ્રવ્યથી બીજા દ્રવ્યપર જવું, એક શબ્દથી બીજા શબ્દપર જવું, અને એક યોગથી બીજા યોગપર જવું તે અર્થવ્યંજનયોગસંક્રાન્તિ કહેવાય. (**विचारोऽर्थव्यंजनयोगसक्रान्तिः** ઇતિ તત્ત્વાર્થઃ) એટલે આ ધ્યાનમાં વર્તતો આત્મા પ્રાયઃ શ્રી શ્રુતજ્ઞાનાવલંબી એટલે પૂર્વજ્ઞાનનો જ્ઞાતા હોય, અને કદાચ મરૂદેવાવત્ પૂર્વજ્ઞાન રહિત પણ હોય, માટે વિશેષતઃ શ્રુતજ્ઞાની હોય છે, તેવા શ્રુતજ્ઞાની એક દ્રવ્યાદિકની ચિંતવનામાં વર્તતા છતા બીજા દ્રવ્યાદિકની ચિંતવના કરે, અને ત્યાંથી ઉઠી પુનઃ બીજા દ્રવ્યાદિકની ચિંતવના કરે, માટે પૃથક્ત્વવિતર્કપણું કહેવાય. વળી એ પ્રમાણે અર્થ,[૧] વ્યંજન અને યોગમાં પણ પૂર્વોક્ત રીતે ભિન્ન ભિન્ન ચિંતવન પ્રવર્તે તેથી આ પ્રથમ ભેદનું નામ પૃથક્ત્વવિતર્ક[૨] સવિચાર કહેવાય છે. આ ભેદ શ્રુતજ્ઞાની શ્રેણિગત પ્રથમ સંઘયણીને હોય છે. વળી શ્રુતજ્ઞાન એટલે પૂર્વજ્ઞાનનો એકાન્ત નિયમ નહિ.

---

૧. શબ્દથી અર્થપર અને અર્થથી શબ્દપર આવવું તે અર્થવ્યંજન સંક્રાન્તિ કહેવાય. (ઇતિ લોકપ્રકાશઃ)

૨. **द्रव्याद्द्रव्यान्तरं याति, गुणाद्याति गुणान्तरम् ।**
पर्यायादन्यपर्यायं, सपृथक्त्वंभवत्यतः ॥ १ ॥

અર્થઃ—જે ધ્યાનમાં (આગળ કહેવાતો) સવિચાર (ચિત્તસંચાર) એક દ્રવ્યથી બીજા દ્રવ્ય ઉપર જાય, એક ગુણથી બીજા ગુણ ઉપર જાય અને એક પર્યાયથી બીજા પર્યાય ઉપર જાય તે ધ્યાન **पृथक्त्व** સહિત કહેવાય. તથા—

स्वशुद्धात्मानुभूतात्मभावश्रुतावलंबनात् ।
अन्तर्जल्पो वितर्कःस्याद्, यस्मिँस्तत्सवितर्कजम् ॥ २ ॥

અર્થઃ—જે ધ્યાનમાં પોતાના શુદ્ધ આત્માએ અનુભવેલા અંતરંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ **एकत्ववितर्कअविचार**—આ ધ્યાનમાં વર્તતા મુનિ દ્રવ્ય, ગુણ કે પર્યાય એ ત્રણમાંના કોઇપણ એકના ચિંતવનમાંજ સ્થિર રહે છે, પણ પ્હેલા ભેદની માફક દ્રવ્યથી ગુણપર કે ગુણથી પર્યાયપર જાય નહિ માટે **एकत्व**, અને આ જ્ઞાન પણ પ્રાયઃ શ્રુતજ્ઞાનને અનુસારે પૂર્વધરને હોય છે માટે **वितर्क**, અને આ ધ્યાનમાં પ્હેલા ભેદની માફક શબ્દાન્તર, અર્થાન્તર કે યોગાન્તરરૂપ સંક્રાન્તિ હોતી નથી, પણ જે શબ્દ કે અર્થના ચિંતવનમાં વર્તતા હોય તેજ શબ્દ કે અર્થ પર સ્થિર રહે છે, અને આ ધ્યાનના પ્રથમ સમયે ત્રણ યોગમાંથી જે યોગ વર્તતો હોય તેજ (પ્રાયઃ મન) યોગ ઉપર સ્થિર રહેછે માટે **अविचार**, એ પ્રમાણે આ ધ્યાનનું યથાર્થનામ **एकत्ववितर्कअविचार** છે. આ ધ્યાનને અન્તે ચાર ઘનઘાતિકર્મનો નાશ થતાં આત્મા કેવળજ્ઞાન પામે છે, માટે પ્હેલો અને આ બીજો ભેદ શ્રેણિગત છદ્મસ્થને હોય.

૩ **सूक्ष्मक्रियाअनिवृत्ति**—જે શુકલધ્યાનમાં સૂક્ષ્મ કાયયોગ (સૂક્ષ્મ શ્વાસોચ્છવાસ વિગેરેરૂપ કાયયોગ)ની અનિવૃત્તિ એટલે પ્રવૃત્તિનો અભાવ કરવાનું સામર્થ્ય છે તે સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ કહેવાય, અથવા પ્રવર્ધમાન પરિણામથી જે નિવૃત્તિ (પાછું વળવું) ન હોય એવી પરિણામવૃદ્ધિની પરંપરાવાળું અને સૂક્ષ્મકાયયોગવાળું જે ધ્યાન તે સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિધ્યાન એવો પણ અર્થ થાય છે.

ભાવશ્રુતના આલંબનથી જે અન્તર્ધ્વનિરૂપ વિતર્ક (વિચાર) થાય તે વિતર્ક સહિત કહેવાય. તથા—

श्रुतचिंता वितर्कःस्यात्, विचारःसंक्रमो मतः।
पृथक्त्वं स्यादनेकत्वं, भवत्येतत् त्रयात्मकम् ॥ ३ ॥

અર્થઃ—**वितर्क** એટલે શ્રુતાનુસારી ચિંતા, અને **विचार** એટલે અર્થાદિકનું સંક્રમણ કહેલું છે, તથા **पृथक्त्व** એટલે અનેકપણું, એ ત્રણેના સંયોગે આ પ્હેલું શુકલધ્યાન છે.-ઇતિ ગુણસ્થા૦ ક્રમા૦.

વળી દ્રવ્યથી ગુણ ઉપર, અને ગુણથી પર્યાય ઉપર જવું તે પણ પૃથક્ત્વપણું કહેવાય-શ્રી વિચારસાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ધ્યાન તેરમે ગુણસ્થાને સયોગિકેવલીને[૧] યોગનિરોધ કરતી વખતે મનયોગ અને વચનયોગનો નિરોધ કર્યા બાદ કાયયોગના નિરોધનો કેટલોક ભાગ વ્યતીત થઇ જાય ત્યારબાદ પ્રારંભાય છે, અને જ્યાં સુધી સૂક્ષ્મકાયયોગનો સદ્‌ભાવ હોય છે ત્યાં સુધીજ આ ધ્યાન પરમ શુક્લલેશ્યાએ હોય છે, અને સૂક્ષ્મ કાયયોગ રોકાઈ ગયા બાદ કેવલી ભગવાન અયોગી થાય છે, અને તુર્તજ ચોથું શુક્લધ્યાન પ્રવર્તે છે.

૪ समुच्छिन्नक्रियाअप्रतिपाति—જે ધ્યાનમાં મન વચન કાયાના યોગરૂપ ક્રિયાનો સર્વથા વિચ્છેદ થયો છે એટલે સૂક્ષ્મક્રિયા પણ જ્યાં નથી અને ફરીથી એ ક્રિયા વિચ્છેદનો પ્રતિપાત પણ નથી એટલે પુનઃ ક્રિયાનો પ્રાદુર્ભાવ પણ નથી એવા પ્રકારનું જે સ્થિર ધ્યાન તે સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતિધ્યાન કહેવાય. આ ધ્યાન કેવલી ભગવાનને ચૌદમે ગુણસ્થાને હોય છે. આ પરમ શુક્લધ્યાન લેશ્યા રહિત હોય છે.

પ્રશ્ન:—કેવળજ્ઞાન પામ્યા બાદ કેવલીને દેશોન પૂર્વકોડિ વર્ષ સુધીમાં કોઇપણ ધ્યાન કહેવાય કે નહિ?

ઉત્તર:—**जोग निरोहो जिणाणं तु**–શ્રી સર્વજ્ઞને યોગનિરોધ હોતે છતે ધ્યાન હોય છે. એમ કહેલું હોવાથી શેષ કાળમાં ધ્યાન નથી.[૨]

---

૧. શ્રી વિચારસાર ગ્રંથના કર્તા શ્રીમદ્ દેવચંદ્રજીએ આ ધ્યાનને ચૌદમા ગુણસ્થાનમાં ગણ્યું છે, અને ચૌદમે ગુણસ્થાને સૂક્ષ્મ કાયયોગ ગણ્યો છે. શ્રી આવશ્યકવૃત્તિમાં ધ્યાનશતકમાં સ્પષ્ટ રીતે ઉપર લખેલોજ ભાવાર્થ કહ્યો છે. અને ગુણસ્થાનક્રમાનુરોહની વૃત્તિમાં સૂક્ષ્મ કાયયોગ (અયોગી અવસ્થામાં) ગણ્યો છે, પરન્તુ અયોગી ગુણસ્થાને ધ્યાન તો ચોથુંજ ગણ્યું છે, તો શ્રીમદ્ દેવચંદ્રજીએ ત્રીજું ધ્યાન કેવી રીતે ગણ્યું છે તે વિચારણીય છે.

૨. શુક્લધ્યાનના પ્રથમના બે ભેદથી નિવૃત્ત થયેલાને અને ત્રીજે ભેદ નહિ પામેલાને એ પ્રમાણે ધ્યાનાન્તરિકામાં (બીજા અને ત્રીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

शुक्लध्याननां ४ लक्षण—દેવાદિકના કરેલા ઉપસર્ગથી જે ભય પામવો તે વ્યથા કહેવાય, આ ધ્યાનવાળા મુનિને તેવા ઉપસર્ગથી લેશમાત્ર પણ ભય ઉપજતો નથી પણ ભાવનામાં વિશેષ દ્રઢતા આવતી જાય છે માટે શુકલધ્યાનનું પ્રથમ લક્ષણ **अव्यथा**, દેવાદિકે કપટથી રચેલ માયાજાળમાં મોહ ન પામવો, અને સૂક્ષ્મ અર્થ બુદ્ધિગમ્ય ન થાય તોપણ મોહ ન પામવો એટલે મુંઝાવું નહિ તે **असंमोह** નામે બીજું લક્ષણ, આ બાહ્ય વસ્તુ ત્યાજ્ય છે, આ જીવ વસ્તુ આદરવા યોગ્ય છે અથવા દેહથી અને સર્વ સંયોગોથી આ જીવ ભિન્ન પદાર્થ છે વિગેરે સદસત્ ભાવની વ્હેંચણ કરવારૂપ **विवेक** એ ત્રીજું લક્ષણ છે, અને એ પ્રમાણે વિવેક પ્રાપ્ત થતાં શરીરનો અને ઉપાધિનો જે ત્યાગ કરવો તે **व्युत्सर्ग** નામે ચોથું લક્ષણ છે.

शुक्लध्याननां ४ आलंबन—ક્ષમા, નિરભિમાનતા, ઋજુતા અને નિર્લોભતા એટલે અમમત્વ એ શુકલધ્યાનનાં ચાર આલંબન છે.

शुक्लध्याननी ४ अनुप्रेक्षा—આ દુસ્તર અને અનાદિ અનન્ત એવા ભવસમુદ્રમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના અનંત ભવોને વિષે આ જીવ પરિભ્રમણ કરે છે, એ **अनंतवर्तित्व** ભાવના. પદાર્થોના વિવિધ પ્રકારના પરિણામ એટલે સ્વભાવો તે વિપરિણામ એટલે તેના સ્વભાવો વિચારવા તે **विपरिणाम** ભાવના, જેમ આ લોકમાં અને દેવલોકમાં સર્વે સ્થાનો, સર્વ ઋદ્ધિઓ અને સર્વ સુખો અશાશ્વત્ એટલે ક્ષણભંગુર–વિનશ્વર છે એમ વિચાર કરવો તે વિપરિણામ ભાવના, તેમજ ધિક્કાર છે આ સંસારને કે જે સંસારમાં ઉત્કૃષ્ટરૂપવડે ગર્વિષ્ટ બનેલ જીવ તેજ કલેવરમાં કીડાપણે ઉત્પન્ન થાય છે, વિગેરે ચિંતવવું તે

ધ્યાનના આંતરામાં) વર્તતાને કેવળજ્ઞાન પ્રગટ થાય. તે જ્યાં સુધી યોગનિરોધ ન પ્રારંભે ત્યાં સુધી કેવલી ધ્યાન રહિતજ હોય (શ્રી આવશ્યકસૂત્ર–ધ્યાનશતક ગાથા ૬૪ મીની ટીકામાં).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

शुभत्व ભાવના, અને નહિ નિગ્રહ કરેલા ક્રોધાદિ કષાયો પુનર્ભવનાં મૂળને સિંચન કરે છે, વિગેરે કષાય, આશ્રવ આદિના અપાય એટલે કષ્ટનું વિચારવું તે **अपाय** ભાવના છે.

સ્વામિ—શુક્લધ્યાનનો પ્રથમભેદ[1] ગૌણપણે અપ્રમત્ત મુનિને અને મુખ્યવૃત્તિએ આઠમા ગુણસ્થાનથી દશમા સુધી ક્ષપકને, તથા આઠમાથી અગીયારમા સુધી ઉપશમકને હોય છે, અને શુક્લધ્યાનનો બીજો ભેદ[2] બારમા ક્ષીણમોહ ગુણસ્થાને હોય છે, તથા ત્રીજો ભેદ યોગનિરોધઅવસરે (મનયોગ અને વચનયોગ રોકાઇ ગયા બાદ કાયાનો બાદરયોગ રોકે ત્યારબાદ સૂક્ષ્મકાયયોગ વર્તતાં) કેવલી ભગવાનને હોય છે, અને ચોથો ભેદ સર્વ યોગ રૂંધાઇ રહ્યા બાદ અયોગીપણામાં હોય છે. કહ્યું છે કે—

एकं त्रियोगभाजा–माद्यंस्यादपरमेकयोगवताम्
तनुयोगिनां तृतीयं, निर्योगानां चतुर्थं तु ॥ १ ॥

અર્થ:—ત્રણે યોગમાં વર્તતા જીવને પ્રથમનો એક ભેદ હોય, અને બીજો ભેદ કોઇપણ એક યોગમાં વર્તતાને હોય, ત્રીજો ભેદ કાયયોગીને (સૂક્ષ્મ કાયયોગીને), અને ચોથો ભેદ અયોગીને હોય.

(૩૦) સંઘયણ ૬—હાડકાંના સમૂહની સંધિનું બંધારણ તે **संघयण** કહેવાય. અર્થાત્ હાડકાંના બે છેડા જ્યાં પરસ્પર સામાસામી મળે છે તે સ્થાને તે બે છેડા જેવા સંબંધથી પરસ્પર

૧–૨. શ્રી આવશ્યક સૂત્રમાં ધ્યાનશતકની વૃત્તિમાં શુક્લધ્યાનના પહેલા બે ભેદ જે ધર્મધ્યાનના સ્વામિ છે તેઓનેજ ગણ્યા છે, અને ત્યાં ધર્મધ્યાનના સ્વામિ ઉપશાન્તમોહી અને ક્ષીણમોહી અપ્રમત્ત મુનિ કહ્યા છે. તેના ખુલાસામાં શ્રીમદ્ દેવચંદ્રજીએ કહ્યું છે કે "ઉપશાન્તમોહી અને અને ક્ષીણમોહી શબ્દથી અગીયારમા અને બારમા ગુણસ્થાનવાળા નહિ પણ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિના પ્રારંભક જાણવા. એ અભિપ્રાયમાં પણ આઠમે ગુણસ્થાને શુક્લધ્યાનનો બીજો ભેદ પ્રાપ્ત થાય છે. અને બીજો ભેદ તો બારમેજ કહ્યો છે માટે વિચારણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળગી રહ્યા હોય તે સંબંધને સંઘયણ કહેવાય, તે સંબંધના ૭ પ્રકાર નીચે પ્રમાણે છે—

वज्रर्षभनाराचसंघयण—વજ્ર એટલે ખીલી, નારાચ એટલે મર્કટબંધ, જેમ વાંદરીનું બચ્ચું વાંદરીને પોતાના હાથ પગનો વીંટો દઈ સજ્જડ વળગી રહે છે તેમ હાડકાંના બન્ને છેડા એક બીજાને વીંટો દઇ વળગી રહે તે નારાચ અથવા મર્કટબંધ કહેવાય. વળી રૂષભ એટલે હાડકાનો પાટો કહેવાય. હવે આ પ્રથમ સંઘયણવાળા જીવના શરીરમાં હાડકાંના જે જે સ્થાને સાંધા આવે છે તે તે સ્થાને પ્રથમ તો હાડકાંના બન્ને છેડા સામાસામી એક બીજાપર ચઢીને વીંટો દઈ વળગેલ હોય છે, તેના ઉપર તથા નીચે એકેક હાડપાટો વીંટાયલો હોય છે, અને તેના ઉપરથી તે હેઠ નીચે સુધી ચાર વેધ પાડીને એક ખીલી ઉતરેલી હોય છે, તેમાં ઉપરના હાડપાટાનો પ્રથમ વેધ, બીજો વેધ ઉપરના મર્કટબંધી હાડનો, ત્રીજો વેધ નીચેના મર્કટબંધી હાડનો અને ચોથો વેધ નીચેના હાડપટ્ટાનો; એ પ્રમાણે હાડખીલી ચાર સ્થાનોમાં વેધ પાડીને ઉતરેલી હોય છે, આવા પ્રકારના હાડબંધારણનું નામ વજ્રર્ષભનારાચસંઘયણ છે.

ऋषभनाराचसंघयण—ઉપર કહ્યા પ્રમાણે સર્વ હોય પણ ખીલી માત્ર ન હોય, અને ખીલી નહિ હોવાથી હાડ પણ વેધવાળાં ન હોય, એવી રીતે **ऋषभ** એટલે હાડપાટો અને **नाराच** એટલે મર્કટબંધ એ બેજ હોય માટે આનું નામ રૂષભનારાચ[1] છે.

नाराचसंघयण—ઉપર કહ્યા પ્રમાણે બે હાડના છેડાઓ પરસ્પર મર્કટબંધ સંબંધથી વળગેલા હોય પણ તેના ઉપર પાટો તથા ખીલી બન્ને ન હોય માટે એનું નામ નારાચસંઘયણ છે.

अर्धनाराच—હાડકાંના બે છેડામાંથી એક છેડો મર્કટબંધના

---

૧. આ ઋષભનારાચને બદલે કેટલાક આચાર્યો **वज्रनाराच** નામનું સંઘયણ માને છે, અને તે વજ્રનારાચ સંઘયણ તે ઉપરોક્ત રીતે વજ્રર્ષભનારાચ સરખું હોય પણ માત્ર હાડનો પટ્ટો વીંટાયલો ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધથી વળગેલો હોય અને બીજો છેડો સીધો હોય તેમજ હાડખીલી પણ બન્ને હાડને વીંધી નીચે ઉતરી હોય તે અર્ધનારાચ.

किलिका—હાડના બે છેડાઓ એકબીજા ઉપર મર્કટબંધના સંબંધવિના સાદી રીતે ચઢેલા હોય અને તે બન્ને હાડને વીંધીને ઉપરથી હાડખીલી ઉતરી હોય એવા હાડસંબંધનું નામ કિલિકા સંઘયણ.

सेवार्त्तसंघयण—અભ્યંગ મર્દન વિગેરે **सेवा** વડે **ऋत** એટલે વ્યાપ્ત તે **सेवार्त्त**સંઘયણ, એટલે હાડની સંધીઓ તેલાદિકનું વારંવાર મર્દન કરવાથી વિશેષ દ્રઢ રહે છે, તેથી તેને સેવાર્ત્તસંઘયણ કહે છે. આ સંઘયણમાં હાડના બે છેડામાં એક છેડો ખોભણ–ખાડાવાળો હોય છે અને બીજો છેડો ખાડા વિનાનો હોય છે, તે ખોભણ વિનાનો છેડો ખોભણવાળા છેડાની ખોભણમાં ખંડણીયામાં રાખેલા સાંબેલાની પેઠે માત્ર અડકીનેજ રહ્યો હોય છે, જેથી કોઈપણ એક છેડો જોરથી ખેંચવામાં આવે તો તે ખોભણમાં બેઠેલો છેડો બહાર નિકળી જાય છે ત્યારે લોકમાં કહેવાય છે કે હાડકું ઉતરી ગયું, અને કોઈ વખતે બન્ને છેડાને ધક્કો વાગતાં છેડો એક બીજાપર ચઢી જાય છે ત્યારે લોકમાં કહેવાય છે કે હાડકું ચઢી ગયું. અને હાલમાં વિશેષે કરીને સેવાર્ત્ત સંઘયણ છે. વળી **छेद** એટલે હાડકાના બે ખંડ પરસ્પર **स्पृष्ट** એટલે સ્પર્શેલા હોવાથી આ સંઘયણનું બીજું નામ **छेदस्पृष्ट** પણ છે.

એ છ સંઘયણમાં સર્વથી વધુ મજબૂત પ્રથમ સંઘયણ છે,અને ત્યાર બાદનાં અનુક્રમે કમી કમી દ્રઢતાવાળાં છે, એ પ્રમાણે છ સંઘયણનું સ્વરૂપ કહ્યું.

(૩૧) સંસ્થાન ૬—શુભાશુભ લક્ષણવાળો[1] શરીરનો આકાર તે **संस्थान** કહેવાય, અર્થાત્ સામુદ્રિક શાસ્ત્રના નિયમ પ્રમાણે મુખ, હસ્ત, નાસિકા, ઉદર અને પગ વિગેરે અવયવોનું

૧. લક્ષણ શબ્દથી અવયવનું પ્રમાણ અને વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શની શુભાશુભતા પણ ગ્રહણ કરવી, માત્ર પ્રમાણજ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેટલું પ્રમાણ હોવું જોઈએ તેટલું પ્રમાણ હોય પરંતુ ન્યૂનાધિક ન હોય તે શુભસંસ્થાન અને હીનાધિક પ્રમાણવાળા શરીરના આકારને અશુભસંસ્થાન કહે છે, તે સમચતુરસ્ર વિગેરે છ પ્રકારનાં કહ્યાં છે, તેઓમાં પ્રથમ સંસ્થાન શુભ છે અને બાકીનાં અશુભ છે, તે નીચે પ્રમાણે—

૧ **समचतुरस्रसंस्थान—चतुरस्र** એટલે બે ઢીંચણના ખૂણા અને બે ખભાના ખૂણા મળી ચાર ખૂણા **सम** એટલે માપમાં સરખા હોય તેવા શરીરના આકારને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. અર્થાત્ આ સંસ્થાનવાળો પુરૂષ પર્યંકાસને બેઠેલો હોય ત્યારે તેના ડાબા ઢીંચણથી જમણા ખભા સુધી, જમણા ઢીંચણથી ડાબા ખભા સુધી, પલંઠીના મધ્ય ભાગથી નાસિકાગ્ર સુધી, ડાબા ખભાથી જમણા ખભા સુધી અને ડાબા ઢીંચણથી જમણા ઢીંચણ સુધી એ પ્રમાણે પાંચ રીતે માપ લેતાં પાંચેનું સરખું માપ ઉતરે તો પૂર્વોક્ત ચાર ખૂણા સરખા થયા કહેવાય તેથી આનું નામ સમ-ચતુરસ્ર સંસ્થાન છે. અથવા તો જેના સર્વ અવયવો પ્રમાણસર હોય તે સમચતુરસ્ર સંસ્થાન.

૨ **न्यग्रोधपरिमंडलसंस्थान**—ન્યગ્રોધ એટલે વડનું ઝાડ તેના પરિમંડલ એટલે ગોળાકાર સરખું સંસ્થાન, અર્થાત્ વડવૃક્ષ જેમ ઉપરના ભાગમાં સુલક્ષણ દેખાય છે અને નીચેના ભાગમાં વિલક્ષણ દેખાય છે, તેમજ જે શરીરના નાભીથી ઉપરના અવયવો અંગ-શાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રમાણસર હોય અને નાભીથી નીચેના સાથળ વગેરે અવયવો હીનાધિક પ્રમાણવાળા હોય તેનું નામ ન્યગ્રોધપરિમંડલસંસ્થાન.

૩ **सादिसंस्थान**—ન્યગ્રોધપરિમંડલથી વિપરિત હોય એટલે નાભીથી નીચેના અવયવો સુલક્ષણ હોય અને નાભિથી ઉપરના અવયવો વિલક્ષણ હોય તે સાદિસંસ્થાન.[1]

---

૧. શ્રી પંચસંગ્રહની વૃત્તિમાં કેટલાક આચાર્યના મતે આ સંસ્થાનનું નામ **साची** એટલે શાલ્મલી વૃક્ષ સરખું કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ **वामनसंस्थान**—મસ્તક, ગ્રીવા, હસ્ત અને પગ એ ચાર અંગ સુલક્ષણ હોય અને શેષ અવયવો વિલક્ષણ હોય તે વામન-સંસ્થાન.

૫ **कुब्ज**—મસ્તક, ગ્રીવા, હસ્ત અને પગ એ ચાર અવયવો વિલક્ષણ હોય, અને શેષ અવયવો લક્ષણયુક્ત હોય તે કુબ્જ.

૬ **हुंडकसंस्थान**—સર્વ અવયવો લક્ષણરહિત હોય તે હુંડક.

(૩૨) **સમુદ્‌ઘાત ૭—सम्** એટલે એકીભાવથી, **उत्** એટલે પ્રબળપણાથી, **घात** એટલે કર્મપરમાણુઓનો વિનાશ તે **समुद्घात** કહેવાય, કારણકે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો જીવ દીર્ઘકાળે ભોગવવા યોગ્ય કર્મપરમાણુઓને ઉદીરણાકરણવડે ઉદયાવલિકામાં નાખી નાખીને શીઘ્ર ભોગવી નિર્જરે છે. તે સમુદ્‌ઘાત સાત પ્રકારનો નીચે પ્રમાણે જાણવો—

૧ **वेदनीयसमुद्घात**—અત્યન્ત વેદનાવડે વ્યાકુળ થયેલો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર ફેંકી બહારથી ખભા તથા મુખ વગેરેનાં અન્તર પૂરી, અંદરથી શરીરના પોલાણ ભાગો પૂરી, દેહપ્રમાણ ઉંચો અને જાડો દંડ કરી અન્તર્મુહૂર્ત્ત સુધી એ સ્થિતિએ રહી અશાતાવેદનીય કર્મના ઘણા પુદ્ગલોની ઉદીરણા કરી ઉદયમાં લાવી નિર્જરે તે વેદનીય સમુદ્‌ઘાત.

૨ **कषायसमुद्घात**—અત્યન્ત કષાયવડે વ્યાકુળ થયેલો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર ફેંકી બહારથી ખભા તથા મુખ વિગેરેના આંતરા પૂરી અંદરના ભાગથી શરીરના પોલાણ ભાગો પૂરી દેહપ્રમાણ ઉંચો અને જાડો દંડ રચી અન્તર્મુહૂર્ત્ત સુધી એ સ્થિતિએ રહી ઘણા કષાયના પુદ્ગલોની ઉદીરણા કરી ઉદયમાં લાવી નિર્જરે તે કષાયસમુદ્‌ઘાત. આ સમુદ્‌ઘાત ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારનો[1] છે.

---

૧ કષાય સમુદ્‌ઘાત શ્રી આચારાંગવૃત્તિમાં માત્ર અનંતાનુબંધિના ઉદયથી કહેલો છે, તોપણ ઉપલક્ષણથી અપ્રત્યાખ્યાનાદિના ઉદયથી ગણતાં ૧૬ પ્રકારનો પણ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ **મરણસમુદ્‌ઘાત**—મરણસમયથી અન્તર્મુહૂર્ત્ત પહેલાં મરણવડે વ્યાકુળ થયેલો આત્મા પોતાના આત્મપ્રદેશોને બહાર ફેંકી, શરીરની અંદર પોલાણભાગો પૂરી, પોતાના શરીરની જાડાઈ પ્રમાણે અને લંબાઈમાં પોતાના શરીરની લંબાઈથી અધિક લંબાઇ એટલે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી એક દિશાએ અસંખ્ય યોજનપ્રમાણ ઉત્પત્તિસ્થાન સુધી વધીને ઉત્પત્તિસ્થાને પ્રાપ્ત થાય, તે વખતે અન્તર્મુહૂર્ત્ત જેટલા કાળમાં આયુષ્કર્મના ઘણા પરમાણુઓ ઉદીરણાકરણવડે ઉદયાવલિકામાં નાખી નાખી ઉદયમાં આણી નિર્જરે તે મરણસમુદ્‌ઘાત કહેવાય. હવે કોઇક જીવ એકજ સમુદ્‌ઘાતથી પરભવમાં ઉત્પન્ન થાય છે અને કોઇક જીવ પ્રથમ સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઇ મૂળ શરીરમાં આવી બીજીવાર સમુદ્‌ઘાત કરી પરભવમાં ઉત્પન્ન થાય છે, તે કારણથી એક ભવમાં બે મરણસમુદ્‌ઘાત પણ થાય છે.

૪ **વૈક્રિયસમુદ્‌ઘાત**—વૈક્રિય લબ્ધિવાળો આત્મા વૈક્રિય શરીરનામકર્મયુક્ત પોતાના આત્મપ્રદેશોને સ્વશરીરથી બહાર કાઢી શરીર પ્રમાણે જાડો અને સંખ્યાત યોજનપ્રમાણ દીર્ઘ દંડ રચી પૂર્વે ઉપાર્જન કરેલા વૈક્રિય નામકર્મના ઘણા પરમાણુઓને ઉદીરણાવડે ઉદયાવલિકામાં નાખી નાખી નિર્જરવાપૂર્વક વૈક્રિય-શરીર પ્રાયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી વૈક્રિય શરીર રચે તે વૈક્રિય-સમુદ્‌ઘાત કહેવાય.

૫ **તૈજસસમુદ્‌ઘાત**—તેજો લેશ્યાની લબ્ધિવાળો જીવ તૈજસ શરીરનામકર્મયુક્ત આત્મપ્રદેશોને બહાર કાઢી સ્વશરીર પ્રમાણે જાડો અને સંખ્યાત યોજનનો દીર્ઘ દંડ રચી પૂર્વે બાંધેલા તૈજસ નામકર્મના ઘણા પરમાણુઓને ઉદીરણાવડે ઉદયાવલિમાં નાખી ઉદયમાં આણી નિર્જરવાપૂર્વક તૈજસ પુદ્‌ગલો ગ્રહણ કરી તેજો લેશ્યા મૂકે તે તૈજસસમુદ્‌ઘાત કહેવાય. આ લેશ્યાવાળા જીવને સોળ દેશ બાળવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

૬ **આહારકસમુદ્‌ઘાત**—કોઇક લબ્ધિવંત ચૌદ પૂર્વધર મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી પૂર્વવત્ સ્વશરીર પ્રમાણે જાડો અને સંખ્યાત યોજનનો દીર્ઘ દંડ રચી પૂર્વબદ્ધ આહારકનામકર્મના ઘણા પુદ્ગલોને ઉદીરણાવડે ઉદયાવલિમાં નાખી ઉદયમાં લાવી નિર્જરવાપૂર્વક આહારક શરીરયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી આહારક શરીર બનાવે તે આહારકસમુદ્ઘાત કહેવાય.

૭ **केवलिसमुद्घात**—કેવલીભગવાનને આયુષ્કર્મની સ્થિતિ કરતાં નામ, ગોત્ર અને વેદનીય કર્મની સ્થિતિ અધિક રહી હોય તો તે અધિક સ્થિતિ ખંડિત કરી, આયુષ્ જેટલી સમસ્થિતિ કરવા માટે, પ્રથમ સમયે ઉર્ધ્વાધો લોકાન્ત પ્રમાણ આત્મપ્રદેશોનો દીર્ઘદંડ કરે, બીજે સમયે આખા દંડમાંથી આત્મપ્રદેશો કાઢી ઉત્તર દક્ષિણ લોકાન્ત સુધી કપાટાકાર રચે, ત્રીજે સમયે આખા દંડમાંથી આત્મપ્રદેશો કાઢી પૂર્વ પશ્ચિમ લોકાન્ત સુધી કપાટાકાર રચે, જેથી આ ત્રીજે સમયે બે કપાટ થવાથી મંથાનનો એટલે રવૈયાનો આકાર થાય. ત્યારબાદ ચોથે સમયે બન્ને કપાટોમાંથી આત્મપ્રદેશો કાઢી મંથાનના ચાર આંતરા પૂરે, જેથી આ ચોથે સમયે કેવલીભગવાનનો આત્મા સર્વ લોકાકાશમાં વ્યાપ્ત થાય. પુનઃ પાંચમે સમયે આંતરામાં રહેલા આત્મપ્રદેશો સંહરી મંથાનના આકારે થાય, છઠ્ઠે સમયે મંથાનમાંનું એક કપાટ સંહરી એક કપાટાકારે થાય, સાતમે સમયે કપાટ આકાર સંહારી દંડાકાર થાય, અને આઠમે સમયે દંડાકાર સંહરી સ્વરૂપસ્થ થાય. એ આઠ સમયમાં નામ, ગોત્ર અને વેદનીય કર્મના અગ્રસ્થિતિખંડગત પરમાણુઓનો ઘણા પ્રમાણમાં વિનાશ કરી ત્રણેની આયુષ્સ્થિતિ જેટલી સ્થિતિ રાખે, તે કેવલીસમુદ્ઘાત કહેવાય. અહિં પ્હેલે અને આઠમે સમયે ઔદારિકકાયયોગ, બીજે છઠ્ઠે ને સાતમે સમયે ઔદારિક મિશ્રકાયયોગ, તથા ત્રીજે ચોથે અને પાંચમે સમયે કાર્મણ કાયયોગ હોય છે. જે કેવલીને આયુષ્, નામ, ગોત્ર અને વેદનીય એ ચારે કર્મની સ્થિતિ સરખી હોય તે સમુદ્ઘાત કરતા નથી. વળી એવો પણ નિયમ છે કે ૭ માસથી અધિક આયુષ્વાળો કેવલી અવશ્ય સમુદ્ઘાત કરે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજા કેવલી કરે અથવા ન પણ કરે, તથા નિર્વાણુ કાળથી છ માસ પહેલાં સર્વ કેવલી સમુદ્દ્ઘાત કરેજ એમ કેટલાક આચાર્યો કહે છે તે શાસ્ત્રસંમત નથી, કારણકે કેવલી સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ કારણસર ત્રણે યોગમાં પ્રવર્તતા ગૃહસ્થને સોંપી દેવાયોગ્ય વસ્તુઓ સોંપી દઈ અન્તર્મુહૂર્ત્તમાં નિર્વાણ પામે છે, અને અધિક આયુષ હોય તો વસ્તુઓ સોંપવાનું બની શકે નહિ માટે નિર્વાણસમયથી અન્તર્મુહૂર્ત્ત પહેલાં સમુદ્ઘાત થાય એ વચન સૂત્રસમ્મત છે.

(૩૩) ભાવ ૫—**विशिष्टहेतुभिः स्वतो वा जीवानां तत्तद्रूपतया भवनानि, भवन्ति एभिः उपशमादिभिः पर्यायैरिति वा भावाः** એટલે અમુક હેતુથી અથવા તો સ્વતઃ જીવોનું તે તે રૂપપણે થવું, અથવા ઉપશમાદિ પર્યાયોવડે જેઓ તે તે રૂપે થાય તે **भावो** કહેવાય. તેઓ ઔપશમિક, ક્ષાયિક, ક્ષયોપશમ, ઔદયિક અને પારિણામિક એમ પાંચ ભેદેછે. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે—

૧ **उपशम**—મોહનીય કર્મના વિપાકોદય તથા પ્રદેશોદયનું રોકાણ કરવું તે ઉપશમભાવ કહેવાય, અને તે રાખથી ઢાંકેલા અગ્નિ સમાન છે, જેમ તે અગ્નિનો ધૂમાડો તથા ભડકોં પ્રગટ થતો નથી તેવી રીતે ધૂમ્રસમાન મોહનીયનો પ્રદેશોદય અને ભડકા સમાન વિપાકોદય ન હોય, એવી સ્થિતિ મોહનીયના કર્મપરમાણુઓની થવી તે **उपशम** કહેવાય. તથા ઉપશમ સ્થિતિને પ્રાપ્ત થયેલા કર્મપરમાણુઓના પ્રભાવથી જીવને જે શમતા પ્રાપ્ત થાય તે **औपशमिक** ભાવ કહેવાય. એ પ્રમાણે કર્મની અને આત્માની બન્નેની ઉપશાન્તિને ઉપશમભાવ અથવા ઔપશમિકભાવ કહી શકાય છે. આ ઉપશાન્તિ આઠ કર્મમાંથી માત્ર મોહનીય કર્મનીજ હોય છે.

૨ **क्षायिकभाव**—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય વિગેરે કર્મની ઉત્તર પ્રકૃતિઓમાંની કેટલીએકનો અથવા સર્વનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચારેમાંથી સર્વથા વિનાશ કરવો એટલે તે કર્મનો એક અણુ પણ આત્માની સાથે ન રહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હેવો તે **ક્ષય** કહેવાય, અને એ કર્મના ક્ષયથી જીવને જે અનંતજ્ઞાન અને અનંતદર્શન વિગેરે ગુણો પ્રગટે તે **ક્ષાયિકભાવ** કહેવાય. એ પ્રમાણે જીવ અને કર્મ એ બન્નેના સંબંધમાં ક્ષાયિકભાવ કહેવાય. ઉપરોક્ત ભાવ પાણીથી બુઝાવેલા અગ્નિ સમાન છે. અથવા બાળીને ભસ્મ કરેલા વિષવૃક્ષના બીજ સમાન છે, કારણકે ક્ષય-ભાવને પામેલું (ક્ષય થયેલું) કર્મ પુનઃ પ્રગટ થતું નથી.

૩ **ક્ષયોપશમભાવ**—જે કર્મ સર્વથા ક્ષય પામ્યું નથી, અથવા ઉપશાન્ત થયું નથી, તેવું તથાવિધ ઉદયરૂપે વર્તતું કર્મ ક્ષયોપશમ ભાવવાળું કહેવાય છે, અને કર્મના તેવા ક્ષયોપશમથી જીવને જે મતિજ્ઞાનાદિ ગુણ પ્રગટ થાય તે પણ ક્ષયોપશમભાવ કહેવાય. એ પ્રમાણે કર્મ અને જીવનો ગુણ એ બન્ને ક્ષયોપશમ ભાવે કહેવાય છે.

પ્રશ્નઃ—ઉપશમ અને ક્ષય એ બે ભાવ કહ્યા છતાં પુનઃ ક્ષયોપશમ ભાવ જૂદો શી રીતે કહેવાય? શું જે કર્મનો ઉપશમ હોય તેજ કર્મનો ક્ષય હોય? અને એ બન્ને ભાવ એક સાથે વર્તે ખરા? કે જેથી તમો ક્ષયોપશમ કહો છો?

ઉત્તર—એક કાળે બે ભાવ પૂર્વોક્ત સ્વરૂપે અહિં વર્તતા નથી, પરંતુ બીજી અપેક્ષાએ એકજ કર્મમાં સમકાળે ઉપશમ અને ક્ષય ભાવ વર્તે છે તે નીચે પ્રમાણે—ક્ષયોપશમ ઘાતિકર્મનો હોઈ શકે છે, અને જે ઘાતિકર્મનો ક્ષયોપશમ વર્તે છે, તે દેશઘાતિકર્મ હોય છતાં તે કર્મના રસસ્પર્ધકો બંધવખતે અશ્રેણિગત જીવને સર્વઘાતિજ બંધાયેલા હોય છે, પરંતુ તે સર્વઘાતિ સ્પર્ધકો ઉદયમાં આવતી વખતે દેશઘાતિરૂપે પરિણમીને ઉદયમાં આવી શકે છે, માટે જે જે સર્વઘાતિ સ્પર્ધકો દેશઘાતિપણે પરિણમી ઉદયાવલિમાં આવી ઉદયરૂપે વર્તી ક્ષય પામતા જાય છે, તે અપેક્ષાએ **ક્ષય** અને જે જે સર્વઘાતિ સ્પર્ધકો દેશઘાતિપણે નથી પરિણમ્યા, તે સ્પર્ધકોનો ઉદય નથી, માટે તેઓનો અનુદય એજ **ઉપશમ** કહેવાય, પરંતુ ઉપશમના કરણની પદ્ધતિનો અહિં ઉપશમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી, એ રીતે ઉદયાવલિમાં પ્રવેશ કરતા સર્વઘાતિસ્પર્ધકોનો દેશઘાતિસ્પર્ધકોરૂપે ક્ષય અને સત્તાગત શેષ સર્વઘાતિસ્પર્ધકોના અનુદયરૂપ ઉપશમ, એ બન્ને મળવાથી કર્મનો **ક્ષયોપશમ**ભાવ થાય છે, પરંતુ અન્ય પ્રકારે સંભવી શકે નહિ.

પ્રશ્નઃ—ઉપશમ અને ક્ષયોપશમમાં શો ભેદ છે?

ઉત્તરઃ—ઉપશમમાં કર્મનો રસોદય અને પ્રદેશોદય બન્ને હોતા નથી અને ક્ષયોપશમમાં તો કર્મનો પ્રદેશોદય હોય, તેમજ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી પ્રકૃતિનો વિપાકોદય પણ હોયછે, છતાં તે ભિન્ન દેશઘાતિસ્પર્ધકોનો ઉદય હોવાથી ક્ષયોપશમ ભાવમાં શુદ્ધ ઉદય ન ગણાય.

૪ **ઔદયિકભાવ**—ઉદયાવલિકામાં પ્રાપ્ત થયેલા કર્મપરમાણુઓનો અનુક્રમે ઉદય થવો તે **उदयभाव** કહેવાય. અહિં પ્રદેશોદયને ઉદય ભાવે ન ગણતાં વિપાકોદયને ઉદય રૂપે ગણવો, કારણકે સ્તિબુકસંક્રમરૂપ પ્રદેશોદય સ્વરૂપે ફળ દર્શાવવા સમર્થ નથી, માત્ર મંદાનુભાવરૂપ પ્રદેશોદય કંઈક અલ્પ ફળ રૂપાન્તરે બતાવી શકે, પરંતુ તે વ્યક્ત-સ્પષ્ટ તેજ ફળ નહિ હોવાથી યથાર્થ ઉદયરૂપ ન લેખી શકાય. તેમજ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા તે તે પ્રકારના અજ્ઞાનાદિ ભાવોને પણ **औदयिकभाव** કહે છે. એ પ્રમાણે કર્મ અને જીવ એ બન્નેના સંબંધમાં ઔદયિક ભાવ ગણી શકાય.

૫ **पारिणामिकभाव**—પરિણામ એટલે પદાર્થનો અનાદિ સ્વભાવ, જેમ ધર્માસ્તિકાયનો ગતિસહાયપણું, જીવનો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ વિગેરે.

૫ ભાવના ઉત્તર ભેદ ૫૩.

ઉપશમભાવના ૨ ભેદ—ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર.

ક્ષયોપશમભાવના ૧૮ ભેદ—ત્રણ અજ્ઞાન,[1] ચાર જ્ઞાન, મિશ્ર સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ચારિત્ર ૨ (દેશવિરતિ-સર્વવિરતિ),

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિઓ તેમજ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન, એમ સર્વ મળી અઢાર.

ક્ષાયિકભાવના ૯ ભેદ—દાનાદિ પાંચ લબ્ધિઓ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર.

ઔદયિક ભાવના ૨૧ ભેદ—અજ્ઞાન,[2] અસિદ્ધત્વ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિ, છ લેશ્યા, ચાર કષાય અને ત્રણ વેદ.

પારિણામિક ભાવના ૩ ભેદ[3]—જીવત્વ, ભવ્યત્વ, અને અભવ્યત્વ.

(૩૪) અવગાહના ૩—જીવ જેટલા આકાશ પ્રદેશોમાં અવગાહે-સમાય તેટલા આકાશપ્રદેશો તે જીવની અવગાહનારૂપ કહેવાય, એ પ્રમાણે દરેક પદાર્થની અવગાહના જાણવી. અથવા પદાર્થની ઉંચાઇ, લંબાઇ, પહોળાઈ, અને જાડાઈનું જે માપ તે અવગાહના કહેવાય. આગળ દ્વારસંબંધ પ્રસંગે જ્યાં સમ્યક્ત્વાદિ ગુણની પણ અવગાહના કહેવામાં આવે ત્યાં વાસ્તવિક રીતે ગુણની નહિ પણ તે ગુણવાળા જીવની અવગાહના જાણવી. એ અવગાહના ત્રણ પ્રકારની છે તે નીચે પ્રમાણે—

૧ મૂળશરીરસંબંધિ—જીવ જે શરીર સહિત જન્મ પામે તે જન્મશરીર, ભવધારણીયશરીર, અથવા મૂળશરીર કહેવાય, તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારની જે અવગાહના તે મૂળશરીર સંબંધિ અવગાહના.

૨ ઉત્તરશરીરસંબંધિ—પ્રાપ્ત કરેલી લબ્ધિવડે જીવ જે બીજુ

૧-૨ બેવાર અજ્ઞાન કહેવાનું તાત્પર્ય એછે કે પ્રથમનાં ત્રણ અજ્ઞાન તે જ્ઞાનના અભાવરૂપે નહિ પરંતુ અસમ્યગ્જ્ઞાનરૂપે છે. અને ઔદયિક ભાવનું અજ્ઞાન તે તો જ્ઞાનના અભાવરૂપે છે.

૩ પારિણામિક ભાવના ભેદ જીવ અને અજીવ બન્નેના ગણતાં ત્રણથી પણ ઘણા છે, પરન્તુ અહિં માત્ર જીવ સંબંધિજ પારિણામિક ભાવ ગણ્યા છે, માટે ત્રણજ ભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવું શરીર (જન્મ શરીરથી અન્ય શરીર) બનાવે[1] તે ઉત્તરશરીર કહેવાય, તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારની જે અવગાહના તે ઉત્તરશરીર સંબંધિ અવગાહના જાણવી.

૩ **समुद्घातकृत (तैजस[2] अवगाहना)**—વેદના વિગેરે સાત પ્રકારની સમુદ્ઘાત વખતે જીવની મૂળદેહ કરતાં જે અધિક અવગાહના થાયછે તે સમુદ્ઘાતકૃત તૈજસ અવગાહના પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે છે તોપણ ચાલુ પ્રકરણમાં ઘણે સ્થાને ઉત્કૃષ્ટ અવગાહનાજ કહેવાશે. અહિં સમુદ્ઘાતકૃત અવગાહનાના સંબંધમાં વેદના અને કષાય સમુદ્ઘાત વખતે આત્માની અવગાહના જન્મશરીર પ્રમાણુજ રહે છે, પણ તફાવત એજ છે કે સમુદ્ઘાત કર્યા પ્હેલાં ઉદર, ખભા વિગેરેના અન્તરોમાં આત્મા નહોતો તે સમુદ્ઘાત વખતે સર્વ અન્તરો પૂરી શરીર પ્રમાણ ઘન આકારે થાય છે, જેથી શરીરથી કંઇક અધિક અવગાહના કહેવામાં પણ વિરોધ નથી, અને મરણાદિ સમુદ્ઘાતમાં આત્મપ્રદેશો અનેક યોજન સુધી લંબાય છે તે નીચે પ્રમાણે—

૧ વેદનાસમુદ્ઘાતમાં—કંઇક અધિક શરીરપ્રમાણ.

૨ કષાયસમુદ્ઘાતમાં— ” ”

૩ મરણસમુદ્ઘાતમાં—દીર્ઘ ચૌદ રજ્જુપ્રમાણ.

૪ વૈક્રિયસમુદ્ઘાતમાં—સંખ્યાત (વા અસંખ્યાત[3]) યોજન (સાત વા આઠ રજ્જુપ્રમાણ).

---

૧ ગર્ભજ મનુષ્ય વૈક્રિય અને આહારક એ બે નવાં શરીર બનાવી શકે, અને ગર્ભજતિર્યંચ, દેવ તથા નારક એ ત્રણે એક વૈક્રિય શરીરજ નવું બનાવી શકે.

૨ તૈજસ કહેવાથી તૈજસ અને કાર્મણ એ બન્ને શરીરની અવગાહના જાણવી.

૩ શાસ્ત્રમાં વૈક્રિય સમુદ્ઘાતની અવગાહના સંખ્યાત યોજન જે કહી છે તે સમુદ્ઘાતના પ્રયત્નવખતની કહી છે, અને સમુદ્ઘાતપ્રયત્નવડે બનેલાં વૈક્રિય શરીરને દૂર દેશે મોકલવાથી થયેલી આત્માની જે અવગાહના તે તો અસંખ્ય યોજન પ્રમાણ તૈ.સ અવગાહનાવર્ણન વખતે કહેલ છે. માટે એ અપેક્ષાએ ચાલુ ગ્રંથમાં અસંખ્ય યોજન કહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ તૈજસસમુદ્‌ઘાતમાં—સંખ્યાત યોજન પ્રમાણ (સોળ દેશ બાળવા સમર્થ હોવાથી).

૬ આહારકસમુદ્‌ઘાતમાં—ભરત વા ઐરવતથી મહાવિદેહ સુધી.

૭ કેવલિસમુદ્‌ઘાતમાં—સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ (ચૌદ રજ્જુ).

એ પ્રમાણે સમુદ્‌ઘાતકૃત સાતે અવગાહનાઓ ભિન્ન ભિન્ન છે પણ ચાલુ ગ્રંથમાં જે દ્વારમાં જે સમુદ્‌ઘાતની ઉત્કૃષ્ટ અવગાહના સંભવે તેજ સમુદ્‌ઘાતની ઉત્કૃષ્ટ અવગાહના કહેવાશે, પણ જઘન્ય અવગાહના નહિ કહેવાય, કારણકે સામાન્યપણે સમુદ્‌ઘાતની જે જઘન્ય અવગાહના તે ઉત્કૃષ્ટ અવગાહનાવાળી સમુદ્‌ઘાતમાં પણ હોય એવો નિયમ નથી.

વળી સમુદ્‌ઘાતકૃત અવગાહનામાં વેદના અને કષાય સિવાયની મરણ વિગેરે સમુદ્‌ઘાતથી થયેલી તૈજસ અવગાહના કહેવાશે, કારણકે એજ અવગાહનાઓ દેહાવગાહનાથી ઘણા દીર્ઘ પ્રમાણવાળી છે અને તૈજસની સ્વાભાવિક અવગાહના સર્વ જીવોના સ્વસ્વ જન્મશરીરપ્રમાણની છે. વળી આ સમુદ્‌ઘાતકૃત તૈજસ અવગાહનાનું વિશેષ સ્વરૂપ લોકપ્રકાશ વિગેરેમાં વર્ણવેલી તૈજસ શરીરની અવગાહનાથી જાણવા યોગ્ય છે, તે વર્ણન વિસ્તૃત હોવાથી અહિં કહેવાનું ઉચિત ધાર્યું નથી, માટે જીજ્ઞાસુએ તે સ્થાનેથી જાણવું. એ પ્રમાણે ત્રણ પ્રકારની અવગાહના કહેવાથી દરેક જીવને યથાસંભવ પાંચે શરીરની અવગાહના કહેવાયલી જાણવી.

(૩૫) સ્થિતિ ૨—સ્થિતિ એટલે કાળનું પ્રમાણ, તે નીચે પ્રમાણે બે પ્રકારનું છે.

૧ **ભવસ્થિતિ**—જીવ જે ભવમાં ઉત્પન્ન થયો છે, તે ભવમાં જેટલા કાળ સુધી (પ્રાપ્ત થયેલ તેજ શરીરદ્વારા) ટકી શકે તેટલા કાળનું પ્રમાણ ભવસ્થિતિ એટલે આયુષ્ય કહેવાય. અહિં સમ્યક્ત્વાદિ ગુણનું જે આયુષ્ય કહેવામાં આવશે તે વાસ્તવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે ગુણનું નહિ પણ તે ગુણવાળા જીવનું આયુષ્ય જાણવું. એ આયુષ્યરૂપ ભવસ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે કહેવાશે.

૨ **कायस्थिति**—જીવ વિગેરેનું વિવક્ષિત સ્વરૂપ સતત–નિરન્તર કેટલા કાળ સુધી ટકી રહે કે જે સ્વરૂપમાં એક સમયનું પણ અંતર ન પડે તેવા વિવક્ષિત સ્વરૂપના સતતકાળનું પ્રમાણ તે કાયસ્થિતિ કહેવાય. જેમ કોઈ પૃથ્વી આદિ જીવ અમુક સમયે વનસ્પતિભવ પ્રાપ્ત કરી દશહજાર વર્ષ બાદ મરણ પામી પુનઃ વનસ્પતિભવ પ્રાપ્ત કર્યો, એ પ્રમાણે વારંવાર વનસ્પતિભવ પ્રાપ્ત કરવાથી એકેક ભવનો જે દશહજાર વર્ષ વિગેરે કાળ તે વનસ્પતિની ભવસ્થિતિ ગણાય. અને અનેક ભવોમાં પણ તે જીવ વનસ્પતિ સ્વરૂપે કાયમ રહેવાથી તે સર્વ ભવનો જે કાળ તે વનસ્પતિની કાયસ્થિતિ ગણાય. એ કાયસ્થિતિ પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે કહેવાશે.

(૩૬) યોનિ ૮૪ લાખ–૩–૩–૩–૩—તૈજસ અને કાર્મણ શરીરવાળા જીવો ઔદારિકાદિ ભવધારણીય દેહપુદ્ગલોની સાથે જે સ્થાને જોડાય તે સ્થાન **योनि** કહેવાય અને તે જુદી જુદી ગણવાથી અસંખ્ય પ્રમાણવાળી છે, પરંતુ સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનવાળી અનેક યોનિઓને એક યોનિરૂપ ગણતાં ચોરાસી લાખ થાય છે. તે દ્વારસંવેધપ્રસંગે સવિસ્તર કહેવાશે.

વળી તે યોનિ સચિત્ત અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારની છે, તેમાં જે ઉત્પત્તિસ્થાન આત્મપ્રદેશ યુક્ત હોય તે **सचित्तयोनि**, જેમ જીવતા પ્રાણીના શરીરમાં કીડાદિ ઉત્પન્ન થાય તો તે કીડાઓની સચિત્તયોનિ કહેવાય, અને જે ઉત્પત્તિસ્થાન નિર્જીવ હોય તે **अचित्तयोनि**, જેમ સૂકા કાષ્ટમાં ઘેર જાતના કીડા થાયછે તેઓની તે અચિત્તયોનિ છે, તેમજ જે ઉત્પત્તિસ્થાનના કેટલાક પ્રદેશો સજીવ અને કેટલાક પ્રદેશો નિર્જીવ હોય તે **मिश्रयोनि** ગણાય.

વળી તે યોનિ શીત ઉષ્ણ અને શીતોષ્ણ એમ ત્રણ પ્રકારની છે, તેમાં જે ઉત્પત્તિસ્થાન શીત સ્પર્શયુક્ત હોય તે **शीतयोनि**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ જળ વિગેરે, જે ઉત્પત્તિસ્થાન ઉષ્ણ સ્પર્શયુક્ત હોય તે **उष्णयोनि**, જેમ અગ્નિ વિગેરે, અને જે ઉત્પત્તિસ્થાન અતિ શીતલતા તથા અતિ ઉષ્ણુતા રહિત હોય તે **शीतोष्णयोनि** કહેવાય જેમ પૃથ્વી વિગેરે.

તેમજ વળી મનુષ્યની સ્ત્રીઓની યોનિ શંખાવર્ત, કૂર્મોન્નતા અને વંશીપત્રા એમ ત્રણ પ્રકારની છે. તેમાં ચક્રવર્તિના સ્ત્રી રત્નની યોનિ શંખના આવર્ત્તના આકારવાળી હોય છે, તે યોનિમાં જે જીવો પુત્રપણે આવી ઉત્પન્ન થાય છે તે સર્વે જીવો સ્ત્રીરત્નના પ્રબળ કામાગ્નિના ઉદયથી નાશ પામે છે, માટે સ્ત્રીરત્નને પુત્ર હોય નહિ. તેમજ અરિહંત, ચક્રવર્તિ, વાસુદેવ અને બળદેવની માતાઓની યોનિઓ કાચબાની પીઠ સમાન ઉન્નત હોવાથી તે **कूर्मोन्नता** કહેવાય છે, તે યોનિમાં અરિહંત વિગેરે ચાર સિવાય અન્ય જીવ પણ ઉપજે પરન્તુ અરિહંતાદિ ચારની ઉત્પત્તિ તો કૂર્મોન્નતા યોનિમાંજ હોય. વળી સર્વ સાધારણ સ્ત્રીઓની યોનિ વાંસના પત્ર સમાન આકારવાળી હોવાથી તે **वंशीपत्रायोनि** કહેવાય છે, તેમાં અરિહંતાદિ ચાર સિવાય સર્વ મનુષ્યો ઉત્પન્ન થાયછે. તેમજ સર્વ તિર્યંચ સ્ત્રીઓની યોનિઓ વંશપત્રના આકાર-વાળી હોય છે અને વૃત્તાકારવાળી પણ સંભવે છે. ઉપરોક્ત શંખાવર્તાદિ યોનિઓ બાહ્ય આકારરૂપ જાણવી પણ વાસ્તવિક ઉત્પત્તિસ્થાનરૂપ નહિ, જે ઉત્પત્તિસ્થાનરૂપ અંતરંગયોનિ તે પ્રત્યક્ષ ઉપલબ્ધ થતી નથી કારણકે તે ઉદરાન્તર્વર્તી હોય છે.

તેમજ તે યોનિ શુભ અને અશુભ એમ બે પ્રકારની છે, તેમાં યુગલિક મનુષ્યોની, ચક્રવર્તિ, વાસુદેવ, તિર્થંકર, તથા શ્રેષ્ઠ વંશ અને શ્રેષ્ઠ જાતિવાળા પુરૂષોની શુભ યોનિ હોય છે, અને બીજાઓની અશુભ યોનિ કહેવાય. તેમજ પંચેન્દ્રિય તિર્યંચોમાં અશ્વરત્ન, ગજરત્ન વિગેરે ઉત્તમ પ્રાણીઓની શુભ યોનિ, અને બીજા તિર્યંચોની અશુભ યોનિ, એકેન્દ્રિયોમાં શુભવર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા એકેન્દ્રિયો (રત્નાદિક)ની શુભ યોનિ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેષની અશુભ હોય છે. વિકલેન્દ્રિય, અસંજ્ઞિ તિર્યંચ અને અસંજ્ઞિ મનુષ્યોની અશુભ યોનિ હોય છે. વળી વિકલેન્દ્રિયમાં પણ શંખ વિગેરે કોઈક જીવો શુભ યોનિવાળા હોય છે. વળી **સંવૃત** એટલે પ્રત્યક્ષ ન દેખી શકાય તેવી ઢાંકેલી, **વિવૃત** એટલે પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર થઇ શકે તેવી ઉઘાડી, અને કંઈક ઢાંકેલી તથા કંઈક ઉઘાડી ઓળખી શકાય તે **સંવૃતવિવૃત**. એ પ્રમાણે યોનિવિભાગમાં પૂર્વોક્ત બાર યોનિઓ તેમજ ચોરાશીલાખ યોનિઓનો સમાવેશ થઈ શકે છે. ચાલુ ગ્રંથમાં દ્વારસંવેધ પ્રસંગે બાર તથા ચોરાશી લાખમાંની યોનિઓ કહેવાશે.

૩૬ દ્વારના ઉત્તરભેદ સંક્ષેપમાં નીચે પ્રમાણે—

(૧) ગતિ ૪.

૧ નરકગતિ, ૨ દેવગતિ, ૩ તિર્યંચગતિ, ૪ મનુષ્યગતિ.

(૨) ઇન્દ્રિય (જાતિ) ૫.

૧ સ્પર્શેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય, અને ૫ શ્રોત્રેન્દ્રિય અથવા એકેન્દ્રિયજાતિ, દ્વીન્દ્રિયજાતિ, ત્રીન્દ્રિય જાતિ, ચતુરિન્દ્રિયજાતિ અને પંચેન્દ્રિયજાતિ.

(૩) કાય ૬.

૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય, અને ૬ ત્રસકાય,

(૪) યોગ ૩ તથા ૧૫.

મનોયોગ, વચનયોગ અને કાયયોગ, એ ત્રણ મૂળયોગ. તથા ૧ સત્યમનોયોગ, ૨ અસત્યમનોયોગ, ૩ મિશ્રમનોયોગ, ૪ વ્યવહાર (અસત્યામૃષા) મનોયોગ, ૫ સત્યવચનયોગ, ૬ અસત્યવચનયોગ, ૭ મિશ્રવચનયોગ, ૮ વ્યવહાર (અસત્યામૃષા) વચનયોગ, ૯ ઔદારિકકાયયોગ, ૧૦ ઔદારિકમિશ્રકાયયોગ, ૧૧ વૈક્રિયકાયયોગ, ૧૨ વૈક્રિયમિશ્રકાયયોગ, ૧૩ આહારકકાયયોગ, ૧૪ આહારકમિશ્રકાયયોગ, અને ૧૫ તૈજસકાર્મણકાયયોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫) વેદ ૩.

સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ.

(૬) કષાય ૪ તથા ૨૫.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મૂળ કષાય છે, એના ૧૬ ઉત્તરભેદ તથા ૯ નોકષાય મળી ૨૫ કષાય તે નીચે પ્રમાણે—

૧ અનંતાનુબંધિક્રોધ
૨ અપ્રત્યાખ્યાનીક્રોધ
૩ પ્રત્યાખ્યાનીક્રોધ
૪ સંજવલનક્રોધ
૫ અનંતાનુબંધિમાન
૬ અપ્રત્યાખ્યાનીમાન
૭ પ્રત્યાખ્યાનીમાન
૮ સંજવલનમાન
૯ અનંતાનુબંધિમાયા
૧૦ અપ્રત્યાખ્યાનીમાયા
૧૧ પ્રત્યાખ્યાનીમાયા
૧૨ સંજવલનમાયા
૧૩ અનંતાનુબંધિલોભ
૧૪ અપ્રત્યાખ્યાની લોભ
૧૫ પ્રત્યાખ્યાની લોભ
૧૬ સંજવલન લોભ

૯ નોકષાય.

૧ હાસ્ય
૨ રતિ
૩ અરતિ
૪ શોક
૫ ભય
૬ દુગંછા
૭ સ્ત્રીવેદ
૮ પુરૂષવેદ
૯ નપુંસકવેદ

(૭) જ્ઞાન ૫.

૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન.

(૮) અજ્ઞાન ૩.

૧ મતિઅજ્ઞાન, ૨ શ્રુતઅજ્ઞાન અને ૩ વિભંગજ્ઞાન.

(૯) સંયમ ૭.

૧ સામાયિક ચારિત્ર, ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩ પરિહારવિશુદ્ધ ચારિત્ર, ૪ સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૫ યથાખ્યાત ચારિત્ર, ૬ દેશવિરતિ ચારિત્ર અને ૭ અવિરતિ ચારિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦) દર્શન ૪.

૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવળદર્શન.

(૧૧) લેશ્યા ૬.

૧ કૃષ્ણલેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોતલેશ્યા ૪ તેજોલેશ્યા, ૫ પદ્મલેશ્યા અને ૬ શુકલલેશ્યા.

(૧૨) ભવ્ય ૨.

ભવ્ય અને અભવ્ય.

(૧૩) સમ્યક્ત્વ ૬.

૧ ઉપશમસમ્યક્ત્વ, ૨ ક્ષાયિકસમ્યક્ત્વ, ૩ ક્ષયોપશમ-સમ્યક્ત્વ, ૪ મિશ્રસમ્યક્ત્વ, ૫ સાસ્વાદનસમ્યક્ત્વ અને ૬ મિથ્યાત્વ.

(૧૪) સંજ્ઞિત્વ ૨.

સંજ્ઞિ અને અસંજ્ઞિ.

(૧૫) આહારક ૨.

આહારી અને અનાહારી.

(૧૬) ગુણસ્થાન ૧૪.

૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદન, ૩ મિશ્ર, ૪ અવિરતસમ્યક્ત્વ, ૫ દેશવિરતિ, ૬ સર્વવિરત–પ્રમત્ત, ૭ અપ્રમત્ત, ૮ નિવૃત્તિ-બાદરસંપરાય, (અપૂર્વકરણ) ૯ અનિવૃત્તિબાદર સંપરાય, ૧૦ સૂક્ષ્મસંપરાય, ૧૧ ઉપશાન્તમોહ, ૧૨ ક્ષીણમોહ, ૧૩ સયોગી કેવલી અને ૧૪ અયોગીકેવલી.

(૧૭) જીવ ભેદ ૧૪ તથા ૫૬૩.

૧ અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય.
૨ પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય.
૩ અપર્યાપ્તબાદરએકેન્દ્રિય,
૪ પર્યાપ્તબાદરએકેન્દ્રિય.
૫ અપર્યાપ્તદ્વીન્દ્રિય.
૬ પર્યાપ્તદ્વીન્દ્રિય.
૭ અપર્યાપ્તત્રીન્દ્રિય,
૮ પર્યાપ્તત્રીન્દ્રિય.
૯ અપર્યાપ્તચતુરિન્દ્રિય.
૧૦ પર્યાપ્તચતુરિન્દ્રિય,
૧૧ અપર્યાપ્તઅસંજ્ઞિપંચેન્દ્રિય.
૧૨ પર્યાપ્તઅસંજ્ઞિપંચેન્દ્રિય,
૧૩ અપર્યાપ્તસંજ્ઞિપંચેન્દ્રિય.
૧૪ પર્યાપ્તસંજ્ઞિપંચેન્દ્રિય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ૧૪ ભેદ કહ્યા અને ૫૬૩ ભેદ આ દ્વારના વર્ણન પ્રસંગે પ્રથમ દર્શાવ્યા છે ત્યાંથી જોવા.

(૧૮) પ્રર્યાપ્તિ ૬.

૧ આહારપર્યાપ્તિ, ૨ શરીરપર્યાપ્તિ, ૩ ઇન્દ્રિયપર્યાપ્તિ, ૪ શ્વાસોચ્છવાસપર્યાપ્તિ, ૫ ભાષાપર્યાપ્તિ અને ૬ મનઃપર્યાપ્તિ.

(૧૯) પ્રાણ ૧૦.

૧ સ્પર્શેન્દ્રિયપ્રાણ, ૨ રસનેન્દ્રિયપ્રાણ, ૩ ઘ્રાણેન્દ્રિયપ્રાણ, ૪ ચક્ષુઇન્દ્રિયપ્રાણ, ૫ શ્રોત્રેન્દ્રિયપ્રાણ, ૬ મનોયોગપ્રાણ, ૭ વચનયોગપ્રાણ, ૮ કાયયોગપ્રાણ, ૯ શ્વાસોચ્છવાસપ્રાણ અને ૧૦ આયુષ્પ્રાણ.

(૨૦) સંજ્ઞા ૪, ૧૦, ૧૬ અને ૩.

૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, ૪ પરિગ્રહ, ૫ ક્રોધ, ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ ઓઘસંજ્ઞા, ૧૦ લોકસંજ્ઞા, ૧૧ ધર્મસંજ્ઞા, ૧૨ સુખસંજ્ઞા, ૧૩ દુઃખસંજ્ઞા, ૧૪ મોહસંજ્ઞા, ૧૫ જુગુપ્સાસંજ્ઞા અને ૧૬ શોકસંજ્ઞા. એ ૧૬ માંથી પ્રથમની ૪–૧૦ અથવા ૧૬ અનુક્રમે ગ્રહણ કરવી.

તેમજ ૧ હેતુવાદોપદેશિકી, ૨ દીર્ઘકાલિકી અને ૩ દૃષ્ટિવાદોપદેશિકી.

(૨૧) ઉપયોગ ૧૨.

૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિઅજ્ઞાન, ૭ શ્રુતઅજ્ઞાન, ૮ વિભંગજ્ઞાન, ૯ ચક્ષુદર્શન, ૧૦ અચક્ષુદર્શન, ૧૧ અવધિદર્શન અને ૧૨ કેવળદર્શન. એ પ્રમાણે ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૪ દર્શન મળી ૧૨ ઉપયોગ ગણાય છે.

(૨૨) દૃષ્ટિ ૩.

૧ મિથ્યાદૃષ્ટિ, ૨ સમ્યગ્દૃષ્ટિ અને ૩ મિશ્રદૃષ્ટિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૩) બંધ ૮ તથા ૧૨૦.

૧ જ્ઞાનવરણકર્મ, ૨ દર્શનાવરણકર્મ, ૩ વેદનીયકર્મ, ૪ મોહનીયકર્મ, ૫ આયુષ્કર્મ, ૬ નામકર્મ, ૭ ગોત્રકર્મ અને ૮ અન્તરાયકર્મ. એ ૮ મૂળકર્મનો બંધ.

૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૨ વેદનીય, ૨૬ મોહનીય, (મિશ્ર અને સમ્યક્ત્વ વિના), ૪ આયુષ્ય, ૬૭ નામકર્મ, ૨ ગોત્ર, અને ૫ અન્તરાય એ ૧૨૦ ઉત્તરકર્મનો બંધ. એ ૧૨૦ ઉત્તર ભેદનાં નામ દ્વારના વર્ણનમાં લખાઈ ગયાં છે ત્યાંથી જાણવાં,

(૨૪) ઉદય ૮ તથા ૧૨૨.

બંધભેદવત્—પરન્તુ મિશ્ર અને સમ્યક્ત્વ એ બે દર્શન મોહનીય કર્મનો ઉદય અધિક ગણવો.

(૨૫) ઉદીરણા ૮ તથા ૧૨૨.

ઉદયભેદવત્.

(૨૬) સત્તા ૮ તથા ૧૪૮.

સત્તાના આઠ મૂળ કર્મઆશ્રયિ, ૮ મૂળભેદ જાણવા. અને ઉત્તર ભેદમાં બંધ પ્રસંગે નામકર્મના ૬૭ ભેદ ગણ્યા છે તેને બદલે ૯૩ ભેદ ગણવા અને મોહનીયના ૨૬ ને બદલે ૨૮ ભેદ ઉદયવત્ ગણવા.

(૨૭) શરીર ૫.

૧ ઔદારિકશરીર, ૨ વૈક્રિયશરીર, ૩ આહારકશરીર, ૪ તૈજસશરીર અને ૫ કાર્મણશરીર.

(૨૮) બંધ હેતુ ૪ તથા ૫૭.

૧ મિથ્યાત્વ, ૨ અવ્રત, ૩ કષાય અને ૪ યોગ એ ૪ મૂળ હેતુ છે અને ઉત્તર હેતુ નીચે પ્રમાણે—

મિથ્યાત્વ ૫—૧ આભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેષિક મિથ્યાત્વ, ૪ શાંશયિક મિથ્યાત્વ અને ૫ અનાભોગિક (અવ્યક્ત) મિથ્યાત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવ્રત ૧૨—૧ સ્પર્શેન્દ્રિયઅવ્રત, ૨ રસનેન્દ્રિયઅવ્રત, ૩ ઘ્રાણેન્દ્રિયઅવ્રત, ૪ ચક્ષુઇન્દ્રિયઅવ્રત, ૫ શ્રોત્રેન્દ્રિયઅવ્રત, ૬ મન નોઇન્દ્રિયઅવ્રત, ૭ પૃથ્વીકાયવધ, ૮ અપ્કાયવધ, ૯ અગ્નિકાયવધ, ૧૦ વાયુકાયવધ, ૧૧ વનસ્પતિકાયવધ અને ૧૨ ત્રસકાયવધ. એ પ્રમાણે ૫ ઇન્દ્રિયો ૧ મન અને ૬ કાયવધ સંબંધિ અવ્રતના ૧૨ ભેદ છે.

કષાય ૨૫—કષાયદ્વારમાં કહ્યા છે તે પ્રમાણે.

યોગ ૧૫—યોગદ્વારમાં કહ્યા છે તે પ્રમાણે.

એ રીતે ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય અને ૧૫ યોગ, એ સર્વ મળી કર્મબંધના ૫૭ હેતુ છે.

(૨૯) ધ્યાન ૪ તથા ૧૬.

૧ આર્ત્તધ્યાન, ૨ રૌદ્રધ્યાન, ૩ ધર્મધ્યાન અને ૪ શુક્લધ્યાન એ ૪ મૂળ ધ્યાન છે, અને તેના ૧૬ ભેદ નીચે પ્રમાણે—

આર્ત્તધ્યાન ૪—૧ ઇષ્ટવિયોગ, ૨ અનિષ્ટસંયોગ, ૩ રોગ ચિકિત્સા અને ૪ અગ્રશોચ આર્ત્તધ્યાન.

રૌદ્રધ્યાન ૪—૧ હિંસાનુબંધિ, ૨ મૃષાનુબંધિ, ૩ સ્તેયાનુબંધિ અને ૪ પરિગ્રહરક્ષણાનુબંધિ રૌદ્રધ્યાન.

ધર્મધ્યાન ૪—૧ આજ્ઞાવિચય, ૨ અપાયવિચય, ૩ વિપાકવિચય અને ૪ સંસ્થાનવિચય ધર્મધ્યાન.

શુક્લધ્યાન ૪—૧ પૃથક્ત્વવિતર્કસવિચાર, ૨ એકત્વ વિતર્કઅવિચાર, ૩ સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ, અને ૪ સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ શુક્લધ્યાન.

(૩૦) સંઘયણ ૬.

૧ વજ્રર્ષભનારાચ સંઘયણ, ૨ ઋષભનારાચ સંઘયણ, ૩ નારાચ સંઘયણ, ૪ અર્ધનારાચ સંઘયણ, ૫ કિલિકા સંઘયણ અને ૬ સેવાર્ત્ત (છેદસ્પૃષ્ટ) સંઘયણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૧) સંસ્થાન ૬.

૧ સમચતુરસ્ર સંસ્થાન, ૨ ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, ૩ સાદિ (સાચી) સંસ્થાન, ૪ વામન સંસ્થાન, ૫ કુબ્જ સંસ્થાન અને ૬ હુંડક સંસ્થાન.

(૩૨) સમુદ્ઘાત ૭.

૧ વેદના સમુદ્ઘાત, ૨ કષાય સમુદ્ઘાત, ૩ મરણ સમુદ્ઘાત, ૪ વૈક્રિય સમુદ્ઘાત, ૫ તૈજસ સમુદ્ઘાત, ૬ આહારક સમુદ્ઘાત, અને ૭ કેવલી સમુદ્ઘાત.

(૩૩) ભાવ ૫ તથા ૫૩.

૧ ઉપશમ ભાવ, ૨ ક્ષાયિક ભાવ, ૩ ક્ષયોપશમ ભાવ, ૪ ઔદયિક ભાવ અને ૫ પારિણામિક ભાવ એ ૫ મૂળ ભાવ. ઉત્તર ભાવ ૫૩ નીચે પ્રમાણે—

ઉપશમ ભાવ ૨—ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર.

ક્ષાયિક ભાવ ૯—૧ ક્ષાયિક સમ્યક્ત્વ, ૨ ક્ષાયિક ચારિત્ર, ૩ ક્ષાયિક દાન, ૪ લાભ, ૫ ભોગ, ૬ ઉપભોગ અને ૭ વીર્ય એ ૫ લબ્ધિ તથા કેવળજ્ઞાન અને કેવળ દર્શન એમ ૯.

ક્ષયોપશમ ભાવ ૧૮—૧ ક્ષયોપશમ સમ્યક્ત્વ, ૨ મતિજ્ઞાન, ૩ શ્રુતજ્ઞાન, ૪ અવધિજ્ઞાન, ૫ મનઃ પર્યવજ્ઞાન, ૬ મતિઅજ્ઞાન, ૭ શ્રુતઅજ્ઞાન, ૮ વિભંગજ્ઞાન, ૯ ચક્ષુદર્શન, ૧૦ અચક્ષુદર્શન, ૧૧ અવધિદર્શન, ૧૨ ક્ષયોપશમ દાન, ૧૩ લાભ, ૧૪ ભોગ, ૧૫ ઉપભોગ, ૧૬ વીર્ય, ૧૭ સર્વ વિરતિ અને દેશવિરતિ. એ પ્રમાણે ૧ સમ્યક્ત્વ, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૫ લબ્ધિ, અને ૨ ચારિત્ર મળી ૧૮ ભેદ થાય.

ઔદયિક ભાવ ૨૧—૧ અજ્ઞાન, ૨ અસિદ્ધત્વ, ૩ અસંયમ, ૪ મિથ્યાત્વ, એ ચાર તથા ૪ ગતિ, ૪ કષાય, ૬ લેશ્યા અને ૩ વેદ, એ ૨૧ ઔદયિક ભાવ છે.

પારિણામિક ભાવ ૩—૧ ભવ્યત્વ, ૨ અભવ્યત્વ અને ૩ જીવત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રમાણે ૨ ઉપશમના, ૯ ક્ષાયિકના, ૧૮ ક્ષયોપશમના, ૨૧ ઔદયિક અને ૩ પારિણામિક ભાવ મળી કુલ ૫૩ ભાવ થાય.

(૩૪) અવગાહના ૩.

૧ મૂળ શરીર સંબંધિ. — જઘન્ય, ઉત્કૃષ્ટ

૨ ઉત્તર શરીર સંબંધિ. — જઘન્ય, ઉત્કૃષ્ટ

૩ સમુદ્દ્ઘાતકૃત. — ઉત્કૃષ્ટ

(૩૫) સ્થિતિ ૨.

૧ ભવસ્થિતિ } જઘન્ય, ઉત્કૃષ્ટ

૨ કાયસ્થિતિ } જઘન્ય, ઉત્કૃષ્ટ

(૩૬) યોનિ ૮૪ લાખ ૩-૩-૩-૩.

૭ લાખ પૃથ્વીકાયની	૨ લાખ ત્રીન્દ્રિયની
૭ લાખ અપ્કાયની	૨ લાખ ચતુરિન્દ્રિયની
૭ લાખ અગ્નિકાયની	૪ લાખ દેવની
૭ લાખ વાયુકાયની	૪ લાખ નારકની
૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિની	૪ લાખ તિર્યંચપંચેન્દ્રિયની
૧૪ લાખ સાધારણ વનસ્પતિની	૧૪ લાખ મનુષ્યની
૨ લાખ દ્વીન્દ્રિયની	૮૪ લાખ.

સચિત્તાદિ ૩.	શિતાદિ ૩.	સંવૃતાદિ ૩.	શંખાવર્તાદિ ૩.
૧ સચિત્તયોનિ	૧ શીતયોનિ	૧ સંવૃતયોનિ	૧ શંખાવર્તયોનિ
૨ અચિત્તયોનિ	૨ ઉષ્ણયોનિ	૨ વિવૃતયોનિ	૨ કૂર્મોન્નતાયોનિ
૩ મિશ્રયોનિ	૩ શિતોષ્ણયોનિ	૩ સંવૃતવિવૃતયોનિ	૩ વંશીપત્રાયોનિ

इति श्रीसंवेधछत्रीशीग्रंथे द्वारवर्णनाम प्रथमविभागः समाप्तः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अथ द्वारसंवेधः ॥

(દ્વિતીય વિભાગ)

એ પ્રમાણે દ્વારવર્ણન નામના પહેલા વિભાગમાં ૩૬ દ્વારોનું વર્ણન કર્યાબાદ હવે આ દ્વારસંવેધ નામના બીજા વિભાગમાં એ ૩૬ દ્વારોમાં એજ ૩૬ દ્વારોની પરસ્પર પ્રાપ્તિરૂપ સંવેધ કહેવાય છે, ત્હેમાં કયાં દ્વારો કેટલા પ્રતિભેદપૂર્વક કહેવાનાં છે તેનું સંક્ષિપ્ત કોષ્ટક પ્રથમ કહેવાય છે તે નીચે પ્રમાણે—

(૧) ગતિ ૪
(૨) ઇન્દ્રિય ૫
(૩) કાય ૬
(૪) યોગ { મૂળ ૩ / ભેદ ૧૫
(૫) વેદ[1] { દ્રવ્યવેદ ૩ / ભાવવેદ ૩
(૬) કષાય { મૂળ ૪ / ભેદ ૨૫
(૭) જ્ઞાન ૫
(૮) અજ્ઞાન ૩
(૯) સંયમ ૭
(૧૦) દર્શન ૪
(૧૧) લેશ્યા ૬
(૧૨) ભવ્યત્વ ૨
(૧૩) સમ્યક્ત્વ ૬
(૧૪) સંજ્ઞિત્વ ૨
(૧૫) આહારીત્વ ૯ { દિશિઆહાર ૪* / ઓજસઆદિ ૩ / આભોગઆદિ ૨ / સચિત્તાદિ ૩ } આહારીત્વ ૯ / અનાહારીત્વ ૧
(૧૬) ગુણસ્થાન ૧૪
(૧૭) જીવભેદ { ૧૪ / ૫૬૩
(૧૮) પર્યાપ્તિ ૬
(૧૯) પ્રાણ ૧૦

---

૧ જ્ઞાન અને ગુણસ્થાન વિગેરે દ્વારોમાં દ્રવ્યવેદ અને ભાવવેદ એમ બે પ્રકારે કહેવાશે અને યંત્રમાં સર્વ દ્વારે બે બે પ્રકારે કહેવાશે.

* ત્રણ દિશિનો, ચાર દિશિનો, પાંચ દિશિનો, અને ૭ દિશિનો એ પ્રમાણે ચાર પ્રકારનો દિશિઆહાર જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૦) સંજ્ઞા { આહાર વિગેરે ૪ / હેતૂ૫૦ વિગેરે ૩

(૨૧) ઉપયોગ ૧૨

(૨૨) દ્રષ્ટિ ૩

(૨૩) બંધ { મૂળકર્મ ૮ / ઉત્તરભેદ ૧૨૦

(૨૪) ઉદય { મૂળકર્મ ૮ / ઉત્તરભેદ ૧૨૨

(૨૫) ઉદીરણા { મૂળકર્મ ૮ / ઉત્તરભેદ ૧૨૨

(૨૬) સત્તા { મૂળકર્મ ૮ / ઉત્તરભેદ ૧૪૮

(૨૭) શરીર ૫

(૨૮) બંધહેતુ { મૂળ ૪ / ભેદ ૫૭

(૨૯) ધ્યાન { મૂળ ૪ / ભેદ ૧૬

(૩૦) સંઘયણ ૬

(૩૧) સંસ્થાન ૬

(૩૨) સમુદ્ઘાત ૭

(૩૩) ભાવ { મૂળ ૫ / ભેદ ૫૩

(૩૪) અવગાહના {
જન્મદેહની જઘન્ય
જન્મદેહની ઉત્કૃષ્ટ
ઉત્તરદેહની જઘન્ય
ઉત્તરદેહની ઉત્કૃષ્ટ
સમુદ્ઘાતકૃત ઉત્કૃષ્ટ

(૩૫) સ્થિતિ {
જઘન્યભવસ્થિતિ
ઉત્કૃષ્ટભવસ્થિતિ
જઘન્યકાયસ્થિતિ
ઉત્કૃષ્ટકાયસ્થિતિ

(૩૬) યોનિ {
લક્ષસંખ્યા ૮૪૦૦૦૦૦
સચિત્ત વિગેરે ૩
સંવૃત વિગેરે ૩
શીત વિગેરે ૩
શંખાવર્ત્ત વિગેરે ૩

વળી વિશેષ એ છે કે દ્વારસંવેધ વિભાગમાં જે દ્વાર પાસે મૂળભેદના આંકડા ન લખ્યા હોય, અને માત્ર ઉત્તરભેદનાજ આંકડા લખ્યા હોય તે દ્વારના મૂળભેદનો આંકડો વર્ણન ઉપરથી સ્વતઃ શોધી લેવો. અથવા તો યન્ત્રમાં જોઈ લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१) ४ गतिमां ३६ द्वारनी प्राप्ति.

દેવગતિમાં.

(१) गति १—એક દેવગતિ હોય.

(२) इन्द्रिय ५—પાંચે ઇન્દ્રિયો હોય છે, અને જાતિ એક પંચેન્દ્રિય હોય છે.

(३) काय १—એક ત્રસકાય હોય છે.

(४) योग ३-११—આહારકના બે યોગ ચૌદપૂર્વી મુનિને હોય, તેમજ ઔદારિકના બે યોગ મનુષ્ય તથા તિર્યંચને હોય, માટે એ ચાર સિવાય શેષ ૧૧ યોગ હોયછે. તેમાં ભાષાપર્યાપ્તને ચાર વચનયોગ, મનપર્યાપ્તને ચાર મનયોગ, પૂર્વભવમાંથી આવતાં માર્ગમાં કાર્મણયોગ, શરીરપર્યાપ્તને અથવા [1]સર્વપર્યાપ્તને વૈક્રિય કાયયોગ, અને શરીરપર્યાપ્તને અથવા[2] કરણપર્યાપ્તને વૈક્રિયમિશ્ર-કાયયોગ, એ પ્રમાણે યથાયોગ્ય અગીયાર યોગ હોય છે, તેમજ મૂળ યોગ ત્રણે હોય છે.

(५) वेद २—દેવ પુરૂષવેદી અને દેવાંગનાઓ સ્ત્રીવેદી છે, માટે દેવગતિમાં બે વેદ છે.

(६) कषाय ४-२४—મૂળ કષાય ચાર, અને ઉત્તર કષાય ચોવીસ છે, ને નપુંસકવેદરૂપ એક નોકષાય ન હોય.

(७) ज्ञान ३—દરેક સમ્યગ્દષ્ટિદેવને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન,

---

૧ સ્વયોગ્ય સર્વપર્યાપ્તિઓ સમાપ્ત કરી હોય તેવો જીવ **सर्वपर्याप्त** કહેવાય. તે સર્વપર્યાપ્ત જીવને કાયયોગ હોય એમ ચતુર્થ કર્મગ્રંથ વિગેરેમાં કહ્યું છે, વળી પંચસંગ્રહાદિકમાં શરીરપર્યાપ્ત થયા બાદ તુર્ત કાયયોગ હોય અને ઉત્પત્તિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિશ્રયોગ હોય એમ પણ અંગીકાર કરેલ હોવાથી વિકલ્પ જણાવ્યો છે.

૨ ઉપરની ફુટનોટને અનુસારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે, પરન્તુ ચારિત્રના અભાવે મનઃપર્યવ અને કેવળજ્ઞાન ન હોય.

(૮) અજ્ઞાન ૩—દરેક મિથ્યાદૃષ્ટિદેવને મતિ વિગેરે ત્રણે અજ્ઞાન હોય.

(૯) સંયમ ૧—દેવને વ્રત નિયમ અંગીકાર કરવાની રૂચી ભવસ્વભાવથીજ ન હોય, તેથી દેવગતિમાં અવિરતિરૂપ એક જ ચારિત્ર છે.

(૧૦) દર્શન ૩—દરેક દેવને ચક્ષુ, અચક્ષુ, અને અવધિ[1] એ ત્રણ દર્શન હોય.

(૧૧) લેશ્યા ૬—સામાન્યપણે દેવગતિમાં છએ લેશ્યા હોય, અને વિશેષથી નીચે પ્રમાણે—

ભવનપતિ તથા વ્યન્તરને[2]—કૃષ્ણ, નીલ, કાપોત, અને તેજસ્.

૧૫ પરમાધામીને—કૃષ્ણલેશ્યા.

જ્યોતિષી, સૌધર્મ તથા ઇશાનને[3]—તેજો લેશ્યા.

સનત્કુમાર, માહેન્દ્ર,[4] તથા બ્રહ્મલોકમાં[5]—પદ્મલેશ્યા.

લાંતકથી[6] અનુત્તર સુધીમાં—શુક્લલેશ્યા.

---

૧. શ્રીભગવતિજી વિગેરેના અભિપ્રાયથી વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન અંગીકાર કર્યું છે.

૨. વ્યન્તરના ઉપલક્ષણથી ૧૦ તિર્યગ્જૃમ્ભકમાં પણ એ ચાર લેશ્યાઓ જાણવી.

૩. સૌધર્મ તથા ઇશાન કહેવાથી એ બેની નીચે વસનારા કિલ્બિષિકદેવોને પણ તેજોલેશ્યા જાણવી.

૪. સનત્કુમાર તથા માહેન્દ્રની નીચે વસનારા કિલ્બિષિક દેવોને પણ પદ્મલેશ્યા.

૫. બ્રહ્મલોકને અન્તે ચાર છેડે વસનારા નવ લોકાન્તિક દેવોની પણ પદ્મલેશ્યા.

૬. લાંતકની નીચે વસનારા કિલ્બિષિકદેવોની પણ શુક્લલેશ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૨) **भव्य** ૨—કેટલાએક દેવ ભવ્ય, તથા કેટલાએક અ-ભવ્ય હોવાથી બન્ને ભેદ હોય.

(૧૩) **सम्यक्त्व** ૬—યથાસંભવ સમ્યક્ત્વના છએ ભેદ હોય છે.

(૧૪) **संज्ञित्व** ૧—સર્વે દેવો સંજ્ઞી હોય છે.

(૧૫) **आहारक** ૨—દિશિઆહારમાં છ દિશાનો આહાર હોય છે, કારણકે દેવો ત્રસનાડીમાં રહે છે, અને ત્રસનાડી લોકના મધ્યમાં હોવાથી છ દિશિનોજ આહાર પ્રાપ્ત થાય છે. તથા ઓજ વિગેરે ત્રણ ભેદોમાંથી શરીરઅપર્યાપ્તને (મિશ્રયોગ પ્રવર્તે ત્યાંસુધી) ઓજઆહાર, અને શરીરપર્યાપ્ત થયા બાદ લોમઆહાર હોય છે, દેવોમાં કવલઆહારનો સંભવ નથી. વળી આભોગ તથા અનાભોગ એ બે પ્રકારનો આહાર હોય છે, તેમાં ઓજઆહાર અપર્યાપ્ત અવસ્થામાં હોવાથી મનના અભાવે અનાભોગિક (દરેક જીવને) હોય, અને લોમઆહાર આભોગિક તથા અનાભોગિક બન્ને પ્રકારનો હોય. તેમાં મનોભક્ષીરૂપ[1] લોમઆહાર[2] આભોગિક હોય. વળી સચિત્તાદિ ત્રણ ભેદમાંથી દેવોને કેવળ અચિત્તઆહાર પ્રાપ્ત થાય છે, કારણકે ખુલ્લા આકાશમાંથી વૈક્રિયવર્ગણાનો લોમાહાર મળતો હોવાથી સજીવ અથવા મિશ્ર કલેવરોનો આહાર નથી.[3]

---

૧. શાસ્ત્રમાં દર્શાવેલી કાળમર્યાદા મુજબ અમુક કાળને અન્તરે આહારની ઇચ્છાથી લેવાતો લોમ આહાર કે જે સર્વાંગે શુભ પરિણામે તુષ્ટિપુષ્ટિરૂપે પરિણમે છે તે **मनोभक्षी आहार** કહેવાય. આ આહાર માત્ર દેવોને હોય.

૨. દેવને કવલઆહાર ન હોય તો તેના નિમિત્તે બલિબાકુળા કેમ કરાય છે? ઉત્તર—ઉત્તમ દેવો બલિબાકુળથી પોતાનો સત્કાર થયેલો સમજી તુષ્ટ થાય છે.

૩. જળમાં ઉભા રહેલા દેવના શરીરમાં સચિત્ત જળનો સંચાર થવાથી દેવને સચિત્ત લોમાહાર કેમ ન કહેવાય? ઉત્તર–માત્ર પુદ્ગલોનું ગ્રહણ કરવું તે આહાર નથી પરન્તુ ગ્રહણ કરેલા પુદ્ગલો જો શરીરરૂપે પરિણમે તોજ આહાર કહી શકાય માટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પ્રમાણે દેવોના આહારીપણાનું સ્વરૂપ કહ્યું, અને નિરાહારીપણું તો પૂર્વભવમાંથી વક્રગતિએ ઉત્પન્ન થતા દેવને માર્ગમાં એક જ સમયનું અનાહારીપણું છે, પરન્તુ બે ત્રણ સમયનું અનાહારીપણું નથી. કારણકે ત્રસનાડીમાં ઉત્પન્ન થતો જીવ દ્વિવક્રગતિએ ઉપજે અને દ્વિવક્રગતિક જીવને એકજ સમય અનાહારીપણું હોય.

(૧૬) **गुणस्थान** ૪—પ્હેલાં ચાર ગુણસ્થાન હોય.

(૧૭) **जीवभेद** ૨-૧૯૮—ચૌદ ભેદમાંથી સંજ્ઞિઅપર્યાપ્ત અને સંજ્ઞિપર્યાપ્ત એ બે ભેદ હોય, અને પાંચસો ત્રેસઠમાંથી ૧૯૮ ભેદ હોય તે પૂર્વે દ્વારવર્ણનપ્રસંગે દર્શાવ્યા છે.

(૧૮) **पर्याप्ति** ૬. (૧૯) **प्राण** ૧૦—સુગમ છે.

(૨૦) **संज्ञा** ૪-૨—મૂળ ચારે સંજ્ઞા હોય, વળી હેતૂપદેશિકી-વિના દીર્ઘકાલિકી તથા દ્રષ્ટિવાદિકી એ બે સંજ્ઞા છે.

(૨૧) **उपयोग** ૯—ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ત્રણ દર્શન એ નવ ઉપયોગ છે.

(૨૨) **दृष्टि** ૩—ત્રણે દ્દષ્ટિ હોય.

(૨૩) **बंध** ૮-૧૦૪—મૂળ કર્મ આઠેનો બંધ હોય, તેમજ ઉત્તર ભેદમાં દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, અને વિકલત્રિક, એ સોળ પ્રકૃતિ વિના શેષ ૧૦૪ પ્રકૃતિઓ બંધાય.

(૨૪) **उदय** ૮-૮૪—મૂળકર્મ આઠેનો ઉદય હોય, અને ઉત્તર ભેદમાં નરકત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, કુજાતિ ૪, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સંઘયણ ૬, કુસંસ્થાન ૫, કુખગતિ, આતપ, જીન, સ્થાવરાદિ ૪, દુઃસ્વર, નપુંસકવેદ, નીચગોત્ર, એ ૩૮ પ્રકૃતિઓવિના શેષ ૮૪ નો ઉદય હોય, તથા સ્ત્યાનર્ધિત્રિકનો ઉદય ત્યાગ કરતાં ૮૧ નો ઉદય પણ ગણાય છે. અહિં **जइउत्तरविक्किय** એ વચનને અનુસારે ઉદ્યોતનો ઉદય ગણ્યો છે.

(૨૫) **उदीरणा** ૮-૮૪—ઉદયવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૬) **सत्ता** ૮–૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ૩—આહારક તથા ઔદારિક[1] શરીર સિવાય શેષ ત્રણ શરીર હોય. કારણકે આહારકશરીર ચૌદપૂર્વી મુનિરાજને તથા ઔદારિકશરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે.

(૨૮) **बंधहेतु** ૪–૫૨—મૂળ બંધહેતુ ચારે છે, અને ઉત્તર બંધહેતુ નપુંસકવેદ, આહારકના બે યોગ, અને ઔદારિકના બે યોગ એ પાંચ સિવાયના બાવન છે.

(૨૯) **ध्यान** ૮—ચાર આર્ત્ત અને ચાર રૌદ્ર મળી આઠ ધ્યાન છે, શેષ ધર્મધ્યાન અને શુક્લધ્યાન અપ્રમત્તાદિ મુનિને હોય.માટે દેવને તે બે શુભ ધ્યાન ન હોય. પરન્તુ શુભચિંતા અને શુભ ભાવના હોઇ શકે.

(૩૦) **संघयण** ૦—હાડનો અભાવ હોવાથી સંઘયણ[2] ન હોય.

(૩૧) **संस्थान** ૧—એક સમચતુરસ્ર સંસ્થાન હોય. ઉત્તર વૈક્રિય શરીર અનેક સંસ્થાનવાળું હોય, પરન્તુ અહિં જન્મ-દેહના સંસ્થાનની વિવક્ષા છે. એ પ્રમાણે આગળ સર્વત્ર જન્મ-દેહની અપેક્ષાએજ સંસ્થાન જાણવું.

(૩૨) **समुद्घात** ૫—આહારક અને કેવલી સમુદ્‌ઘાત વિના શેષ પાંચ સમુદ્‌ઘાત હોય.

---

૧. સિંહ, વ્યાઘ્ર વિગેરે રૂપની વિકુર્વણા કરનાર દેવોને ઔદારિક શરીર કેમ નહિ? ઉત્તરઃ-સ્વાભાવિક સિંહાદિકનાં શરીર ઔદારિક છે, પરન્તુ મનુષ્ય વા દેવે નવીન બનાવેલ સિંહાદિકનાં રૂપ વૈક્રિય પરમાણુઓનાં બનેલાં હોવાથી દેખાવમાં ઔદારિક સરખાં લાગે પરન્તુ વાસ્તવિક રીતે વૈક્રિય છે.

૨. કેટલાએક આચાર્યો શક્તિને સંઘયણરૂપ માનતા હોવાથી દેવોને વજ્રર્ષભનારાચ સંઘયણ કહે છે. પરન્તુ બહુમતે દેવ સંઘયણ રહિત કહી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) ભાવ ૫–૩૭—મૂળભાવ પાંચે હોય. અને ઉત્તરભેદમાં ઉપશમભાવે ઉપશમસમ્યક્ત્વ ક્ષાયિક ભાવે ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષયોપશમભાવે મનઃપર્યવ દેશવિરતિ, અને સર્વવિરતિ વિના ૧૫ ભાવ. ઔદયિકભાવે ત્રણ વિરૂદ્ધગતિ, અને નપુંસકવેદ વિના શેષ ૧૭ ભાવ, અને ત્રણ પારિણામિકભાવ, એ પ્રમાણે કુલ ૩૭ ઉત્તર ભાવ હોય.

(૩૪) અવગાહના—જન્મદેહની જઘન્ય અવગાહના એક હાથ પ્રમાણની અનુત્તર દેવ આશ્રયિ છે, અને ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથ પ્રમાણ તે ઇશાન કલ્પસુધીના દેવોની છે. તથા ઉત્તર-દેહની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના સંપૂર્ણ એક લાખ યોજનની છે, તથા સમુદ્ઘાતકૃત તૈજસ કાર્મણની અવગાહના લગભગ આઠ રજ્જુ પ્રમાણ છે, કારણકે સૌધર્મ અથવા ઈશાન સ્વર્ગમાંનો દેવ અધોલોકને અન્તે પૃથ્વી આદિ રૂપે ઉત્પન્ન થાય તો મરણ સમુદ્ઘાત કરતી વખતે તે દેવનો આત્મા ત્યાં સુધી લંબાય છે, અને સૌધર્મ તથા ઈશાન સ્વર્ગથી અધોલોકાન્ત આઠ રજ્જુ. દૂર છે. જો કે ઇષત્ પ્રાગ્ભારા નામની સિદ્ધશિલામાં પણ ઉર્ધ્વ લોકે ઉત્પન્ન થાય છે, પરન્તુ તે સિદ્ધશિલા સૌધર્મ તથા ઇશાન સ્વર્ગથી સાત રજ્જુ દૂર હોવાથી ત્યાંની ઉત્પત્તિ અંગીકાર ન કરાય. અથવા અચ્યુત સ્વર્ગનો દેવ મિત્ર નારકને મળવા ચોથી નરકે જાય તોપણ આઠ રજ્જુ વૈક્રિય સમુદ્ઘાતકૃત અવગાહના હોય, ચોથી નરકથી નીચે દેવનું ગમન હોય નહિ. એ પ્રમાણે દેવના મૂળવૈક્રિય, ઉત્તરવૈક્રિય, તૈજસ[1] અને કાર્મણ એ ચારે શરીરની અવગાહના કહી.

---

૧. તૈજસ કાર્મણની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. કારણકે દેવ મરણ પામીને પોતાના પહેરેલા આભૂષણમાં પૃથ્વી-પણે ઉત્પન્ન થાય, અથવા મૂળદેહે આવેલો દેવ મનુષ્યલોકમાં પોતાની પૂર્વભવની સ્ત્રીપર મોહ પામી વિષયક્રીડા કરતી વેળાએ આલિંગન પૂર્વક મરણ પામી તેજ સ્ત્રીના ઉદરમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની કહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૫) **स्थिति**—દેવની જઘન્ય ભવસ્થિતિ દશ હજાર વર્ષ પ્રમાણુ ભવનપતિ તથા વ્યન્તરની અપેક્ષાએ છે, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ તેત્રીસ સાગરોપમ તે અનુત્તર દેવ આશ્રયિ છે તેમજ કાયસ્થિતિ આયુષ્ય તુલ્ય જાણવી, કારણકે દેવ મરણ પામી તુર્ત ફરીથી દેવપણે ઉપજતો નથી.

(૩૬) **योनि**—ઉત્પત્તિસ્થાન અસંખ્ય છે તોપણ સમવર્ણ, સમગંધ, સમરસ, સમસ્પર્શ અને સમસંસ્થાની અપેક્ષાએ ચાર લાખ છે, તે દરેક "યોનિ" કહેવાય. તેવી એકેક યોનિમાં અસંખ્ય ઉત્પત્તિસ્થાનો અન્તર્ગત થાય છે. એ પ્રમાણે ચાર લાખ યોનિ છે. વળી સચિત્તાદિ ત્રણ ભેદમાંથી કેવળ અચિત્ત યોનિ છે, કારણકે દેવો કોઈ સજીવ યા મિશ્ર કલેવરમાં ઉત્પન્ન થતા નથી પરન્તુ પર્યંક સરખા ખાડારૂપ ઉપપાત શય્યાના દેવદૂષ્ય વસ્ત્રથી ઢાંકેલા આકાશમાં ઉત્પન્ન થાય છે. તેમજ સંવૃતાદિ ત્રણ ભેદોમાંથી દેવોની સંવૃત યોનિ છે, કારણકે ઉપપાત શય્યારૂપ યોનિ દેવદૂષ્ય રેશમી વસ્ત્રવડે ઢંકાયલી હોય છે. તથા શીતાદિ ત્રણ ભેદોમાંથી દેવોની શીતોષ્ણ યોનિ છે, કારણકે એજ યોનિ સુખકારી છે. તેમજ શંખાવર્તાદિ એક પણ યોનિ નથી[1]

इतिश्री देवगतौ ३६ द्वारप्राप्तिः समाप्ता.

મનુષ્ય[2] ગતિમાં.

(૧) **गति** ૧ (મનુષ્યગતિ), (૨) **इन्द्रिय** ૫. (૩) **काय** ૧ (ત્રસકાય)—સુગમ છે.

---

૧. દેવાંગનાઓને જો કે વંશીપત્રા યોનિ છે, પરન્તુ દેવોનું વીર્ય વૈક્રિય વર્ગણાનું હોવાથી દેવો તે વંશીપત્રાયોનિમાં ગર્ભદ્વારા ઉત્પન્ન થતા નથી, માટે તે યોનિ ઉત્પત્તિ સ્થાનરૂપ યોનિ તરીકે ગણી શકાય નહિ.

૨ સમુર્ચ્છિમ મનુષ્યો અને યુગલિક મનુષ્યો સંબંધી ૩૬ દ્વારો પાંચસો ત્રેસઠ જીવભેદમાં દ્વારપ્રાપ્તિ પ્રસંગે કહેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ **योग** ૩-૧૫—મૂળયોગ ત્રણ અને ઉત્તરયોગ પાંચે શરીરના સાત યોગ અને ચાર મનોયોગ તથા ચાર વચનયોગ મળી ૧૫ હોય.

(૫) **वेद** ૩—સ્ત્રી, પુરૂષ, અને નપુંસક એ ત્રણે વેદ છે.

(૬) **कषाय** ૪-૨૫—સુગમ છે.

(૭) **ज्ञान** ૫—સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને પાંચે જ્ઞાન હોય છે.

(૮) **अज्ञान** ૩, (૯) **संयम** ૭, (૧૦) **दर्शन** ૪, (૧૧) **लेश्या** ૬, (૧૨) **भव्य** ૨, (૧૩) **सम्यक्त्व** ૬, (૧૪) **संज्ञित्व** ૨ (કારણકે સમુચ્છિંમ મનુષ્ય અસંજ્ઞિ છે)—સુગમ છે.

(૧૫) **आहारक** ૨—મનુષ્યો છ દિશિનો આહાર ગ્રહણ કરે છે તેનું કારણ દેવવત્ જાણવું. વળી ઓજઆદિ ત્રણે પ્રકારનો, અભોગઆદિ બે પ્રકારનો, અને સચિત્તઆદિ ત્રણે પ્રકારનો આહાર ગ્રહણ કરે. કારણ સમજવું સુગમ છે. અને અનાહારીપણું વક્રગતિ વખતે એક અથવા બે સમય, તેમજ કેવલીસમુદ્ઘાત વખતે ત્રણ સમય સુધી હોય.

(૧૬) **गुणस्थान** ૧૪—સર્વે ગુણસ્થાન હોય છે.

(૧૭) **जीवभेद** ૨-૩૦૩—ચૌદ ભેદમાંના બે જીવભેદ દેવવત્ હોય છે, અને પાંચસો ત્રેસઠમાંથી ૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના (યુગલિક) અને ૫૬ અન્તર્દ્વીપના (યુગલિક), એ ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા તથા ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા અને ૧૦૧ સમુચ્છિંમ અપર્યાપ્તા મળી ૩૦૩ ભેદ હોય છે. સમુચ્છિંમ મનુષ્યો અપર્યાપ્ત અવસ્થામાંજ મરણ પામતા હોવાથી પર્યાપ્ત ભેદવાળા ન હોય.

(૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, (૨૦) **संज्ञा** ૪-૨, (૨૧) **उपयोग** ૧૨, (૨૨) **दृष्टि** ૩—સુગમ છે.

---

* સમુચ્છિંમ મનુષ્યને પણ હેતૂપદેશિકી સંજ્ઞા ન હોય કારણકે તેઓ અપર્યાપ્તપણામાંજ મરણ પામે છે, અને હેતૂપદેશિકી સંજ્ઞા તો કિંચિત્ વિશિષ્ટ વિજ્ઞાનરૂપ હોવાથી પર્યાપ્ત અવસ્થામાં સંભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२३) **बंध** ८-१२०—મૂળ કર્મ આઠનો બંધ છે, અને ઉત્તર ભેદમાં સર્વે (૧૨૦) પ્રકૃતિઓનો બંધ છે, કારણકે મનુષ્ય સર્વ ગતિઓમાં (સર્વ જીવભેદોમાં) અવતરી શકે છે.

(२४) **उदय** ८-१०५—નરકત્રિક, દેવત્રિક, તિર્યંચત્રિક, કુજાતિ ૪, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અને આતપ, એ ૧૭ પ્રકૃતિઓ સિવાય શેષ ૧૦૫ પ્રકૃતિઓનો[1] ઉદય હોય, અહિં **जइ, देवुत्तर विक्रिय** એ વચનને અનુસારે ઉદ્યોતનો ઉદય ગણ્યો છે.

(२५) **उदीरणा** ८-१०५—ઉદયવત્. (२६) **सत्ता** ८-१४८—સુગમ છે.

(२७) **शरीर** ५—પાંચે શરીર હોય છે.

(२८) **बंधहेतु** ४-५७, (२९) **ध्यान** १६, (३०) **संघयण** ६ (કારણકે હાડનો સદ્‌ભાવ છે.), (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ७, (३३) **भाव** ५-५० (ત્રણ વિરૂદ્ધ ગતિ વિના)—એ છએ દ્વાર સુગમ છે.

३४ **अवगाहना**—જન્મદેહની (ઔદારિકની) જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ તે અપર્યાપ્ત મનુષ્ય આશ્રયિ છે, અને ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની તે દેવકુરૂ તથા ઉત્તર કુરૂક્ષેત્રના યુગલિક મનુષ્ય આશ્રયિ છે. તેમજ ઉત્તરદેહની (વૈક્રિયની અને આહારકની) અવગાહના પ્રારંભમાં જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ચાર અંગુલ અધિક એક લાખ યોજન પ્રમાણ છે. કારણકે દેવ ભૂમિથી ચાર અંગુલ ઉંચે રહે છે, તેમજ દેવ તથા મનુષ્યનું ઉત્તર વૈક્રિય શરીર મસ્તકની સપાટી સરખી આવે તેટલું ઉંચું રચાય છે. વળી ઉત્તર દેહમાં આહારકની અવગાહના જઘન્ય તથા ઉત્કૃષ્ટ એક હાથનીજ હોય છે, તેમજ સમુદ્ઘાતકૃત

---

૧ મનુષ્યને ઉત્તર વૈક્રિય શરીર આશ્રયિ વૈક્રિયદ્વિકનો ઉદય, અને **जइ देवुत्तर विक्रिय** એ વચનને અનુસારે મુનિને ઉદ્યોતનો ઉદય ગણેલો છે. અન્યથા ૧૦૨ પ્રકૃતિઓનો ઉદય ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈજસકાર્મણની અવગાહના કેવલીસમુદ્ઘાત વખતે સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ હોય છે.

(૩૫) **સ્થિતિ**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩ પલ્યોપમની છે. તે દેવકુરૂ તથા ઉત્તરકુરૂક્ષેત્રના યુગલિક મનુષ્ય આશ્રયિ છે, અને જઘન્યસ્થિતિ સર્વની છે, તેમજ જઘન્ય કાયસ્થિતિ આયુષ્યવત્ ૨૫૬ આવલિકારૂપ અન્તર્મુહૂર્ત્ત છે, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત પૂર્વક્રોડ વર્ષ અને ત્રણ પલ્યોપમ છે. કારણકે એક જીવ સંખ્યાત વર્ષાયુષ્યવાળા (અયુગલિક) મનુષ્યના સાત ભવ કરી શકે અને આઠમે ભવે મનુષ્યપણે ઉત્પન્ન થવું હોય તો અવશ્ય યુગલિક મનુષ્યપણેજ ઉત્પન્ન થઇ શકે, એ પ્રમાણે મનુષ્યના આઠ ભવ પૂરવામાં સાત ભવ સંખ્યાત વર્ષના (એટલે વધુમાં વધુ પૂર્વક્રોડ વર્ષના) અને આઠમો ભવ ત્રણ પલ્યોપમ આયુષ્યનો ગણતાં પૂર્વોક્ત કાયસ્થિતિ પ્રાપ્ત થાય. ત્યારબાદ મનુષ્યભવ પલટાઇને અવશ્ય બીજો ભવ દેવનોજ પ્રાપ્ત થાય, કારણકે યુગલિકને દેવ સિવાય અન્ય ગતિમાં જવું નથી.

(૩૬) **योनि**—મનુષ્યની યોનિ ચૌદ લાખ છે. સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિ સમુર્છિમ મનુષ્ય આશ્રયિ છે, ગર્ભજ મનુષ્યની તો મિશ્ર યોનિજ છે. સંવૃતાદિ ત્રણ યોનિમાંની વિવૃત અને મિશ્ર એ બે યોનિ છે. તેમાં સમુર્છિમ મનુષ્યની વિવૃત યોનિ અને ગર્ભજ મનુષ્યની સંવૃતવિવૃત (મિશ્ર) યોનિ છે. કારણકે સમુર્છિમ મનુષ્યની ઉત્પત્તિરૂપ મળમૂત્રાદિ અશુચિ સ્થાનો પ્રગટ છે, અને ગર્ભજને ઉત્પન્ન થવાની ગર્ભાશયસ્થાનરૂપ યોનિ સ્ત્રીના ઉદરમાં પ્રચ્છન્ન છે તેમજ ઉદરવૃદ્ધિરૂપ લક્ષણવડે પ્રગટ પણ છે વળી શીતાદિ ત્રણે પ્રકારની યોનિઓ છે, તેમાં ગર્ભજની માત્ર શીતોષ્ણ અને સમુર્ચ્છિમની ત્રણે યોનિ હોય છે. તથા શંખાવર્તાદિ ત્રણે યોનિ છે, અને તેમાં ગર્ભજ મનુષ્યોજ ઉત્પન્ન થાય છે, પરન્તુ સમુર્ચ્છિમ મનુષ્યો શંખાવર્તાદિ યોનિમાં રહેલા ગર્ભાશયમાં ગર્ભજપણે ઉપજતા નથી.

इतिश्री मनुष्यगतौ ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિર્યંચ ગતિમાં.

(૧) **गति** ૧—એક તિર્યંચ ગતિ છે.

(૨) **इन्द्रिय** ૧-૨-૩-૪-૫—કારણકે તિર્યંચગતિમાં એકેન્દ્રિય દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય એ પાંચે જાતિના જીવો છે. તેમાં ચતુરિન્દ્રિય સુધીના તો કેવળ તિર્યંચગતિમાંજ ગણાય.

(૩) **काय** ૬—પૃથ્વીકાય વિગેરે છએ કાય તિર્યંચગતિમાં ગણાય છે. તેમાં પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ એ પાંચ કાય તો કેવળ તિર્યંચગતિમાંજ ગણાય છે, અને ત્રસકાય ચારે ગતિમાં ગણાય છે.

(૪) **योग** ૩-૧૩—આહારક અને આહારકમિશ્ર એ બે યોગ તિર્યંચને ન હોય કારણકે તિર્યંચ અવસ્થામાં ચૌદપૂર્વી મુનિપણું ન હોય માટે શેષ ૧૩ યોગ સામાન્યપણે (સર્વ તિર્યંચો આશ્રયિ) હોય છે.

(૫) **वेद** ૩, (૬) **कषाय** ૪-૨૫—સુગમ છે.

(૭) **ज्ञान** ૩—સમ્યગ્દૃષ્ટિ તિર્યંચોને મતિ તથા શ્રુતજ્ઞાન હોય, અને કોઈકને લબ્ધિપ્રત્યયિક (ગુણપ્રત્યયિક) અવધિ જ્ઞાન હોય, કારણકે તિર્યંચો પણ વ્રત તપશ્ચર્યાદિ ગુણથી અવધિ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

(૮) **अज्ञान** ૩—મિથ્યાદૃષ્ટિ તિર્યંચોને મતિ તથા શ્રુત અજ્ઞાન હોય છે, અને કોઈકને અજ્ઞાનકષ્ટથી વિભંગજ્ઞાન પણ ઉપજે છે.

(૯) **संयम** ૨—તિર્યંચોને અવિરતિ અને દેશવિરતિ એ બે ચારિત્ર હોય છે. તેમાં અવિરતિ ચારિત્ર તો સર્વને હોય તે સ્વાભાવિક છે, પરન્તુ કેટલાએક ગર્ભજ તિર્યંચોને દેશવિરતિ ચારિત્ર પણ હોય છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં પરિમંડલ આકૃતિ (ચૂડીની આકૃતિ) સિવાય સ્ત્રી, પુરૂષ, હસ્તિ, વ્યાઘ્ર, વૃક્ષ, પ્રતિમા વિગેરે સર્વે આકારના મત્સ્યો થાય છે, હેમાં પ્રતિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા મુનિ સમાન આકૃતિવાળા મત્સ્ય દેખી પૂર્વે ધર્મના અથવા ચારિત્રના અભ્યાસી મત્સ્યોને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે, અને તે જ્ઞાનથી પોતાનો પૂર્વભવ દેખી મત્સ્યના ભવમાંજ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિ ગૃહસ્થયોગ્ય અણુવ્રત વિગેરેનો સ્વીકાર કરે છે, એ પ્રમાણે તિર્યંચોને દેશચારિત્ર હોઇ શકે છે.

(૧૦) **दर्शन** ૩, (૧૧) **लेश्या** ૬, (૧૨) भव्य ૨—સુગમ છે.

(૧૩) **सम्यक्त्व** ૬,—મનુષ્યવત્ છએ સમ્યકૃત્વ છે.

(૧૪) **संज्ञि** ૨—ગર્ભજ તિર્યંચ જ સંજ્ઞિ હોય, અને શેષ સર્વ તિર્યંચો અસંજ્ઞિ કહેવાય.

(૧૫) **आहारक** ૨—તિર્યંચગતિમાં દિશિ આહાર ૩–૪–૫–૬ દિશિનો હોય છે, તેમાં લોકને અન્તે (કિનારે) નિષ્કુટમાં રહેલા એકેન્દ્રિયોને ૩–૪–૫ દિશિનો આહાર હોય, અને લોકની અંદર રહેલા એકેન્દ્રિયાદિ સર્વ તિર્યંચોને છ દિશિનો આહાર હોય, એ વાત દ્વારવર્ણનપ્રસંગે સવિસ્તર દર્શાવી છે. તેમજ તિર્યંચોને ઓજ, લોમ અને કવલ એ ત્રણે આહાર છે, તથા આભોગ અને અનાભોગ બન્ને પ્રકારનો આહાર છે, તેમજ સચિત્તાદિ ત્રણ પ્રકારનો પણ આહાર છે. અને નિરાહારીપણું તો વક્રગતિ વખતેજ ૧–૨–૩–૪ સમય સુધી હોય છે.

(૧૬) **गुणस्थान** ૫—પ્રથમનાં પાંચ ગુણસ્થાન હોય.

(૧૭) **जीवभेद** ૧૪–૪૮—દ્વારવર્ણન પ્રસંગે દર્શાવ્યા પ્રમાણે તિર્યંચમાં ચૌદ તથા અડતાળીશ જીવભેદ પ્રાપ્ત થાય છે.

(૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, (૨૦) **संज्ञा** ૪–૩ (વિકલેન્દ્રિયને હેતૂપદેશિકી હોવાથી), (૨૧) **उपयोग** ૯, (૨૨) **दृष्टि** ૩ સુગમ છે.

(૨૩) **बंध** ૮–૧૧૭—મૂળકર્મ આઠનો બંધ હોય, અને ઉત્તર ભેદે આહારકદ્વિક અને જીનનામ એ ત્રણ વિના શેષ ૧૧૭ પ્રકૃતિનો બંધ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૪) **ઉદય** ૮-૧૦૯—દેવત્રિક, નરકત્રિક, આહારકદ્વિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર અને જીનનામ, એ તેર પ્રકૃતિવિના શેષ ૧૦૯ પ્રકૃતિનો ઉદય હોય અને મૂળકર્મ આઠેનો ઉદય હોય.

(૨૫) **ઉદીરણા** ૮-૧૦૯—ઉદયવત્, (૨૬) **સત્તા** ૮-૧૪૮*–સુગમ છે.

(૨૭) **શરીર** ૪—આહારક સિવાય ચાર શરીર હોય.

(૨૮) **બંધહેતુ** ૪-૫૫—આહારકના બે યોગ સિવાય સર્વ બંધહેતુ હોય.

(૨૯) **ધ્યાન** ૮—આઠે અશુભધ્યાન હોય, દેશવિરત તિર્યંચને મધ્યમ ધર્મધ્યાન હોય પણ તે ગૌણ હોવાથી ગણત્રીમાં આવે નહિ. શુભભાવના અથવા શુભચિંતા તો સર્વ ગર્ભજ તિર્યંચને સંભવે પરન્તુ શુભ ધ્યાન ન હોય.

(૩૦) **સંઘયણ** ૬, (૩૧) **સંસ્થાન** ૬—સુગમ છે.

(૩૨) **સમુદ્ઘાત** ૫—આહારક અને કેવલીસમુદ્ઘાતવિના શેષ પાંચ સમુદ્ઘાત હોય. વ્રત તપશ્ચર્યાદિના પ્રભાવથી તિર્યંચને તેજો લેશ્યા ઉત્પન્ન થવાથી તૈજસ સમુદ્ઘાત પણ હોય છે. શેષ ચાર સમુદ્ઘાત સમજવા સુગમ છે.

(૩૩) **ભાવ** ૫-૩૯—મૂળ ભાવ પાંચે હોય અને ઉત્તરભાવમાં ઉપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, ૧૬ ક્ષયોપશમ ભાવ (મનઃપર્યવ અને સર્વવિરતિવિના), ૧૮ ઔદયિકભાવ (૩ વિરૂદ્ધ ગતિવિના), અને ૩ પારિણામિક ભાવ એ પ્રમાણે ૩૯ ઉત્તર ભાવ હોય.

૩૪ **અવગાહના**—જન્મદેહની (ઔદારિક દેહની) જઘન્ય અવગાહના સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્ત જીવ આશ્રયિ અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ અવગાહના બાદરપર્યાપ્ત પ્રત્યેક

* તિર્યંચમાં જીનનામકર્મની સત્તાનો જે નિષેધ કર્યો છે તે નિકાચિત જીનનામકર્મનો નિષેધ જાણવો, અને અનિકાચિત જીનનામકર્મ તો તિર્યંચમાં પણ હોય.–કર્મપ્રકૃતિ ટીકા માટે. અહિં ૧૪૮ની સત્તા ગણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનસ્પતિ (કમળની નાળ લતા વિગેરે) આશ્રયિ કંઈક અધિક[1] ૧૦૦૦ યોજન પ્રમાણ. તથા ઉત્તરદેહની (વૈક્રિયની) અવગાહના વાયુકાય આશ્રયિ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ગર્ભજ તિર્યંચ આશ્રયિ ૯૦૦ યોજન. તથા સમુદ્ઘાતકૃત (તૈજસકાર્મણની) અવગાહના મરણ સમુદ્ઘાત આશ્રયિ દીર્ઘ ચૌદ રજ્જુ પ્રમાણ જાણવી.

(૩૯) **સ્થિતિ**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા તે અપર્યાપ્ત તિર્યંચ આશ્રયિ છે, અને ઉતૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમ પ્રમાણ તે દેવકુરૂ અને ઉત્તકુરૂક્ષેત્રના યુગલિક તિર્યંચ આશ્રયિ છે. તથા જઘન્ય કાયસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ જે સૂક્ષ્મ નિગોદ જીવો વ્યવહારરાશિમાં આવ્યા નથી અને આવશે પણ નહિ તેને આશ્રયિ અનાદિઅનન્ત, અને વ્યવહાર રાશિમાં એકવાર આવી પુનઃ અવ્યવહારરાશિમાં જાય તે આશ્રયિ સાદિસાન્ત, તોપણ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો જેટલા અસંખ્ય પુદ્ગલપરાવર્ત્તથી પણ અધિક કાયસ્થિતિ જાણવી. એ કાયસ્થિતિ એકેન્દ્રિયાદિની સમુદાયપણે કહી અને ગર્ભજ તિર્યંચની કાયસ્થિતિ ગર્ભજ મનુષ્યવત્ સાત આઠ ભવને અનુસારે જાણવી.

(૩૯) **યોનિ**—પૃથ્વીની ૭ લાખ, જળની ૭ લાખ, અગ્નિની ૭ લાખ, વાયુની ૭ લાખ, પ્રત્યેક વનસ્પતિની ૧૦ લાખ, સાધારણ વનસ્પતિની ૧૪ લાખ, દ્વીન્દ્રિયની ૨ લાખ, ત્રીન્દ્રિયની ૨ લાખ, ચૌરેન્દ્રિયની ૨ લાખ, અને તિર્યંચ પંચેન્દ્રિયની ૪ લાખ યોનિ છે, તે સર્વ મળી તિર્યંચની ૬૨ લાખ યોનિ થાય. શેષ સચિત્તાદિ સર્વ યોનિભેદ તિર્યંચગતિમાં હોય, પણ શંખાવર્ત અને કૂર્મોન્નતા એ બે ભેદ ન હોય, કારણકે એ બે યોનિ મનુષ્યની સ્ત્રીઓનેજ હોય છે.

इतिश्री तिर्यग्गतौ ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧. જળની સપાટીથી કમળ જેટલું ઉંચું રહે તેટલી અધિકતા જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નરકગતિમાં.

(૧) गति १ (નરકગતિ) **(२) इन्द्रिय ५, (३) काय १** (ત્રસકાય)--સુગમ છે.

(४) योग ३-११ (५) **वेद १** (નપુંસક) (૬) **कषाय ४-२३.** (૭) **ज्ञान ३,** (८) **अज्ञान ३,** (९) **संयम १** (અવિરતિ) (૧૦) **दर्शन ३,**--વેદ વિના સર્વ દેવવત્.

(૧૧) **लेश्या ३**—નારકને કૃષ્ણ, નીલ, અને કાપોત, એ ત્રણ લેશ્યા હોય, તેમાં પણ પ્હેલી અને બીજી પૃથ્વીના દરેક નારકને કાપોત લેશ્યા હોય, ત્રીજી નરકે પલ્યોપમઅસંખ્યેય ભાગ અધિક ત્રણ પલ્યોપમ આયુષ્ય સુધીના નારકોને કાપોત લેશ્યા હોય. પંકપ્રભા પૃથ્વીમાં કેવળ નીલ લેશ્યાજ છે, અને પાંચમી પૃથ્વીમાં પલ્યોપમઅસંખ્યેય ભાગ અધિક ૧૦ સાગરોપમના આયુષ્ય સુધીના નારકોને નીલ લેશ્યા, અને તેથી સમયાદિ અધિક આયુષ્યવાળાને કૃષ્ણ લેશ્યા. છઠ્ઠી સાતમી પૃથ્વીમાં કેવળ કૃષ્ણ લેશ્યાજ છે. પ્હેલીથી સાતમી પૃથ્વી સુધીની લેશ્યાઓ અધિકાધિક મલિન હોય.

(૧૨) **भव्य २,** (૧૩) **सम्यक्त्व ६,** (૧૪) **संज्ञित्व १,**--દેવવત્.

(૧૫) **आहारो २**—સર્વ સ્વરૂપ દેવવત્ પરન્તુ નારકને મનોભક્ષી લોમ આહાર ન હોય, કારણકે નારકને જે આહાર પ્રાપ્ત થાય છે તે અતિ અશુભ પરિણમનવાળો અને કષ્ટકારી હોય છે, તથા ક્ષુધાની ઉપશાન્તિ કરી શકતો નથી, અને નારકી કુંભીપાકમાં ઉત્પન્ન થાય છે.

(૧૬) **गुणस्थान ४**—દેવવત્.

(૧૭) **जीवभेद २-१४**—સંજ્ઞિઅપર્યાપ્ત અને પર્યાપ્ત એ બે ભેદ ચૌદ ભેદમાંના છે, અને પાંચસો ત્રેસઠમાંના ચૌદ ભેદ દ્વારવર્ણનમાં કહ્યા પ્રમાણે જાણવા.

(૧૮) **पर्याप्ति ६,** (૧૯) **प्राण १०,** (૨૦) **संज्ञा ४-२,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) **उपयोग** ९, (२२) **दृष्टि** ३,—દેવવત્.

(૨૩) **बंध** ८–१०१—દેવત્રિક, વૈક્રિયદ્વિક, નરકત્રિક, સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, આહારકદ્વિક, અને આતપ એ ૧૯ પ્રકૃતિ વિના શેષ ૧૦૧ પ્રકૃતિ બાંધે, અને મૂળ આઠે કર્મ બાંધે.

(૨૪) **उदय** ८–७९—જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, વેદનીય ૨, નીચ ગોત્ર, ૫ અન્તરાય, નરકાયુ, ૨૬ મોહનીય (પુરૂષવેદ–સ્ત્રીવેદ વિના), નરકદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, હુંડક, કુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, ત્રસાદિ ૬, વર્ણાદિ ૪, અસ્થિરાદિ ૬, તૈજસ, કાર્મણ, નિર્માણ, અને અગુરૂલઘુ એ ૭૯ ઉત્તર પ્રકૃતિઓનો ઉદય હોય. અથવા સ્ત્યાનર્ધિત્રિક બાદ કરતાં ૭૬ નો પણ ઉદય ગણાય. તથા મૂળકર્મ આઠેનો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ८–७९—ઉદયવત્. (૨૬) **सत्ता** ८–१४८—સુગમ છે.

(૨૭) **शरीर** ३—વૈક્રિય, તૈજસ, અને કાર્મણ એ ત્રણ શરીર છે.

(૨૮) **बंधहेतु** ४–५१—મૂળબંધહેતુ ચારે છે, અને ઉત્તરબંધહેતુ સ્ત્રીવેદ, પુરૂષવેદ, ઔદારિકયોગદ્વિક, અને આહારકયોગદ્વિક એ ૬ વિના શેષ ૫૧ બંધહેતુ છે.

(૨૯) **ध्यान** ८ (અશુભ), (૩૦) **संघयण** ०—દેવવત્.

(૩૧) **संस्थान** १—નારકજીવોને હુંડક સંસ્થાનજ હોય, કારણકે નારકજીવોનું શરીર પીંખી નાખેલી પાંખવાળા પંખીના સરખું અતિબિભત્સ અને લક્ષણ રહિત કહેલું છે.

(૩૨) **समुद्घात** ४—તૈજસ, આહારક, અને કેવલીસમુદ્ઘાત વિના ૪ સમુદ્ઘાત છે.

(૩૩) **भाव** ५–३३—મૂળભાવ પાંચે હોય, અને ઉત્તરભેદમાં ૧ ઉપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ ૧૫ ક્ષયોપશમભાવ (મનઃપર્યવ, અને બે વિરતિવિના), ૧૩ ઔદયિકભાવ (૩ શુભ લેશ્યા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ વિરૂદ્ધગતિ, ૨ વેદવિના), અને ૩ પારિણામિકભાવ એ પ્રમાણે ૩૩ ઉત્તરભાવ હોય.

(૩૪, अवगाहना—જન્મદેહની (મૂળવૈક્રિયની , જઘન્ય અવગાહના ૩ હાથની તે રત્નપ્રભા પૃથ્વીના પ્હેલા પ્રતરના નારકોની છે, અને ઉત્કૃષ્ટ અવગાહના સાતમી પૃથ્વીના નારકોની ૫૦૦ ધનુષ્ય પ્રમાણની છે. તથા ઉત્તરદેહની (ઉત્તર વૈક્રિયની) જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના દરેકને જન્મદેહની અવગાહનાથી બમણી હોય, જેથી સાતમી પૃથ્વીના નારકને ૧૦૦૦ ધનુષ્યની હોય. તથા સમુદ્ઘાત કૃત (તૈજસ કાર્મણની) અવગાહના જઘન્ય સાધિક દશ હજાર યોજન[1] અને ઉત્કૃષ્ટથી લગભગ સાત દીર્ઘ રજ્જુ પ્રમાણ છે, અથવા સાતમી પૃથ્વીથી મેરૂના પંડુક[2] વન સુધીની છે અથવા કૂર્પરાકારે (કોણીને આકારે અથવા કાટખૂણના આકારે) લગભગ ૮ રજ્જુ[3] પ્રમાણ છે.

(૩૫) स्थिति—દેવવત્.

(૩૬) योनि—નારકની ૪૦૦૦૦૦ યોનિ છે. તથા શીત, ઉષ્ણ અચિત્ત, અને સંવૃત એ ચાર યોનિ હોય, ત્હેમાં પ્રથમની ત્રણ પૃથ્વીમાં ઉપરના નરકાવાસના નારકોની ઉષ્ણયોનિ છે, અને નીચેના થોડા નારકોની શીતયોની છે. પાંચમી પૃથ્વીમાં ઘણા

---

૧ પાતાળ કળશની ઠીકરી પાસે રહેલા નારકો કેટલોક પૃથ્વી ભાગ ઉલ્લંઘી, ૧૦ હજાર યોજન જાડી ઠીકરી ઉલ્લંઘી પાતાળ કળશની અંદર મધ્યમ બે તૃતીયાંશ જેટલા (જળવાયુના) મિશ્ર વિભાગમાં ઉત્પન્ન થાય ત્યારે મરણ સમુદ્ઘાત વખતે એટલી જઘન્ય તૈજસાવગાહના હોય.

૨ સાતમી પૃથ્વીનો નારક ઉર્ધ્વલોકમાં પંડુકવનની વાવોમાં મત્સ્યાદિ જળચરપણે ઉત્પન્ન થાય છે માટે મરણ સમુદ્ઘાત એટલો દીર્ઘ હોય.

૩ સાતમી પૃથ્વીની પૂર્વ દિશાનો નારક સ્વયંભૂરમણ સમુદ્રની પશ્ચિમ વેદિકા પાસે મત્સ્યાદિપણે ઉપજે તો મરણ સમુદ્ઘાત કાટખૂણાકારે એટલો દીર્ઘ કરવો પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારકોની શીતયોનિ છે, અને થોડા નારકોની ઉષ્ણયોનિ છે. તેમજ છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં સર્વે નારકોની શીતયોનિ છે. નારકજીવો નરકાવાસની ભીંત અંદર ઘડા સરખા આકારવાળી પોકળ કુંભીમાં ઉત્પન્ન થાય છે, તે કુંભી ક્ષેત્રરૂપ યોનિ શીત અથવા ઉષ્ણ જાણવી. અને કુંભી સિવાયનું સર્વ ક્ષેત્ર કુંભીથી વિરૂદ્ધ સ્પર્શવાળુ હોય છે, જેથી નારકો ઉત્પન્ન થતાં અને ઉત્પન્ન થયા બાદ પણ અતિ દુઃખ પામે છે.

એકેન્દ્રિયમાં.

(૧) **ગતિ ૧**—તિર્યંચગતિ.

(૨) **ઇન્દ્રિય ૧**—સર્વ એકેન્દ્રિયોને ફક્ત એક સ્પર્શેન્દ્રિય છે.

(૩) **કાય ૫**—એકેન્દ્રિય જીવો પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ નિકાયના છે, પરન્તુ ત્રસકાયી નથી. શ્રી તત્વાર્થાદિ ગ્રંથમાં અગ્નિ તથા વાયુને ગતિત્રસ કહ્યા છે, પરન્તુ માત્ર ગતિત્રસપણાથી જીવો ત્રસ કહેવાય નહિ, કેમકે જે જીવો ત્રાસ પામીને આ સ્થાન અનિષ્ટ છે એવી સંજ્ઞાથી ઇષ્ટસ્થાને જાય, તેવા ત્રસનામકર્મના ઉદયવાળા જીવોજ ત્રસ (લબ્ધિત્રસ) કહેવાય, અને અગ્નિ તથા વાયુ જે સ્થાનાન્તર થતા દેખાય છે તે તેવા હેતુથી નથી થતા માટે અગ્નિ અને વાયુ સ્થાવરનામકર્મના ઉદયથી સ્થાવરજ ગણાય.

(૪) **યોગ ૫**—એકેન્દ્રિય જીવોમાં પૂર્વોક્ત રીતે ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ એ ૩ યોગ દરેકને હોય, અને વાયુકાયમાં કેટલાએક લબ્ધિપર્યાપ્ત વાયુજીવોને વૈક્રિય તથા વૈક્રિયમિશ્ર એ બે યોગ હોય છે, તેથી એકેન્દ્રિયોને કુલ પાંચ યોગ હોય છે. અને મૂળયોગમાં એક કાયયોગ છે.

(૫) **વેદ ૧**—એકેન્દ્રિયોને માત્ર એક નપુંસકવેદ છે, પણ તે અવ્યક્ત હોવાથી સ્પષ્ટ ઉપલબ્ધ થતો નથી, વળી એકેન્દ્રિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોને વિષયાભિલાષા છે, તેનાં લક્ષણો ગ્રંથોમાં માલૂમ પડે છે, કહ્યું છે કે—

रणन्नूपुरशृंगार-चारुलोलेक्षणामुखात्
निर्यत्सुगंधिमदिरा गंडूषादेष पुष्यति ॥ १ ॥

અર્થ:—રણઝણતા નુપૂરના શ્રંગારવાળી સ્ત્રીના મુખમાંથી નિકળતા સુગંધી દારૂના કોગળાથી આ (બકુલવૃક્ષ) પુષ્પિત થાય છે. વળી લૌકિક ગ્રંથમાં પણ **सुभग कुरुबकस्त्वं** ઇત્યાદિ વચનોથી કુરૂબકવૃક્ષમાં વિષયાભિલાષનું લક્ષણ દર્શાવ્યું છે, તથા કૂપમાંથી પારો સ્ત્રીને દેખી ઉછળી બહાર આવે છે એવી પણ પ્રસિદ્ધી છે. એથી માલૂમ પડે છે કે એકેન્દ્રિયો અવ્યક્ત વિષયાભિલાષી હોય એમાં નવાઈ નહિ. બાકીના સ્ત્રીવેદ અને પુરૂષવેદ એ બે ન[1] હોય.

(૬) **કષાય ૪-૨૩**—એકેન્દ્રિયોને ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે મૂળ કષાય છે, તથા તે પ્રત્યેકના અનંતાનુબન્ધિ વિગેરે ચાર ચાર ભેદો પણ હોય તેથી ૧૬ કષાય અને નવ નો કષાયમાંથી સ્ત્રીવેદ પુરૂષવેદ સિવાયના ૭ નોકષાય સહિત ગણતાં ૨૩ કષાય હોય. અહિં અનંતાનુબંધિના ઉદયે અપ્રત્યાખ્યાનાદિ ચારેનો ઉદય સમકાળે હોય છે, માટે સદા અનંતાનુબંધિના ઉદયવાળા એકેન્દ્રિયોને નિરંતર અનંતાનુબંધ્યાદિ ચારે ક્રોધ અથવા માન વિગેરે ગણતાં ૧૬ કષાય હોય, ક્રોધ તથા માન વિગેરે ચાર કષાયો વિરૂદ્ધ ઉદયવાળા છે, એટલે ક્રોધને ઉદયે માનાદિકનો ઉદય ન હોય, પણ અનંતાનુબંધિને ઉદયે અપ્રત્યાખ્યાનાદિનો ઉદય વિરૂદ્ધ નથી.

---

૧. વર્તમાન વિજ્ઞાનીઓ એકેન્દ્રિયોમાં વનસ્પતિને અંગે પુંકેસર અને સ્ત્રીકેસરવાળી વનસ્પતિઓને પુરૂષ અને સ્ત્રીરૂપ માની બન્ને કેસરના સંયોગે વનસ્પતિના સંતાનની [ફળની] ઉત્પત્તિ કલ્પે છે, પણ શાસ્ત્રની મર્યાદાએ વિચારતાં ફળની ઉત્પત્તિ સ્ત્રીકેસર પુંકસરના અવશ્ય હેતુવાળી નથી, માટે અહિં તે પ્રમાણે સ્ત્રી પુરૂષત્વનો અસ્વીકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) **જ્ઞાન ૦**—કર્મગ્રંથકારના મત પ્રમાણે એકેન્દ્રિયને સાસ્વાદનભાવ હોય અને સાસ્વાદનભાવવાળાને જ્ઞાન હોય એવો સિદ્ધાંતકારનો મત છે તોપણ કર્મગ્રંથકારો સાસ્વાદનભાવે જ્ઞાન માનતા નથી, કારણકે જ્ઞાનથી પતિત થઈ મિથ્યાત્વ સન્મુખ થયેલાને ફક્ત અજ્ઞાન છે માટે એકેન્દ્રિયોને સાસ્વાદનભાવ છતાં પણ જ્ઞાન નહિ એમ કર્મગ્રંથકારોનો મત છે, અને સિદ્ધાન્તકાર જો સાસ્વાદનમાં જ્ઞાન માને છે તો એકેન્દ્રિયને સાસ્વાદનભાવ માનતા નથી, માટે બન્ને ભિન્ન મતથી વિચારતાં એકેન્દ્રિયમાં મતિ અને શ્રુત અજ્ઞાન હોય, અને બે મત મેળવીને વિચારતાં એકેન્દ્રિયમાં બે જ્ઞાન પણ ગણાય, પરન્તુ અહિં તેમ અંગીકાર કર્યું નથી.

(૮) **અજ્ઞાન ૨**—એકેન્દ્રિયોને મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાન હોય.

(૯) **સંયમ ૧**—એકેન્દ્રિય જીવોને કોઈ પણ વ્રત પ્રત્યાખ્યાન હોય નહિ માટે એક અવિરતિ ચારિત્ર હોય.

(૧૦) **દર્શન ૧**—એકેન્દ્રિયોને માત્ર સ્પર્શ ઈન્દ્રિય દ્વારા સામાન્ય જ્ઞાન હોવાથી સ્પર્શેન્દ્રિય સંબંધિ એક અચક્ષુ દર્શન હોય છે.

(૧૧) **લેશ્યા ૪**—સર્વ એકેન્દ્રિયોને કૃષ્ણ, નીલ, અને કાપોત એ ૩ અશુભ લેશ્યાઓ હોય છે, પણ કદાચ તેજો લેશ્યાવાળા જ્યોતિષાદિ દેવોમાંનો કોઈક દેવ પૃથ્વી, જળ, અને પ્રત્યેક વનસ્પતિરૂપે ઉત્પન્ન થાય તો તેવા પૃથ્વ્યાદિ જીવને ઉત્પત્તિ વખતે અન્તર્મુહૂર્ત્ત માત્ર તેજો લેશ્યા હોય, કારણકે દેવો અને નારકોની લેશ્યાનો પ્હેલો છેડો પૂર્વભવમાં અને બીજો છેડો પરભવમાં અન્તર્મુહૂર્ત્ત જેટલો લંબાયલો હોય છે, અને મનુષ્ય તિર્યંચની લેશ્યાનો પ્હેલો છેડો પૂર્વભવમાં લંબાયલો અને બીજો છેડો અન્તર્મુહૂર્ત્ત જેટલો ત્રૂટેલો હોય છે.

(૧૨) **ભવ્ય ૨**—એકેન્દ્રિયો ભવ્ય તથા અભવ્ય બન્ને હોયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१३) सम्यक्त्व ૨—સર્વ એકેન્દ્રિયોને મિથ્યાત્વ હોય છે. પરંતુ કોઈક જીવ ઉપશમ સમ્યક્ત્વથી પતિત થતાં મરણ પામી પૃથ્વી, જળ, અને પ્રત્યેક વનસ્પતિમાં લબ્ધિપર્યાપ્તપણે ઉત્પન્ન થાય છે, તો તેવા એકેન્દ્રિયોને ભવના પ્રારંભમાં અલ્પકાળ સાસ્વાદન સમ્યક્ત્વ પણ હોયછે. એ કર્મગ્રંથનો મત છે, અને સિદ્ધાંત મતે સાસ્વાદન ન હોય.

(१४) संज्ञि ૨—સર્વે એકેન્દ્રિય જીવો અસંજ્ઞિ હોય છે, કારણકે હેતૂપદેશિકી આદિ ૩ સંજ્ઞામાંની એક પણ સંજ્ઞા એકેન્દ્રિયોને નથી, અને આહારાદિ સંજ્ઞાથી સંજ્ઞિપણાની વિવક્ષા થઈ શકતી નથી, કારણકે તે વિશિષ્ટ વિજ્ઞાનાત્મક નથી.

(१५) आहारक ૨—એકેન્દ્રિય જીવો પરભવમાંથી વક્રગતિએ આવતાં ૧-૨-૩ સમય અનાહારી હોય, અને ત્યારબાદ ભવપર્યન્ત આહાર કરે છે માટે આહારી પણ છે. એ જીવોને શરીરઅપર્યાપ્ત અવસ્થામાં ઓજ આહાર અને ત્યારબાદ લોમ આહાર હોય છે. દિશિ આહારમાંથી લોકને કિનારે રહેલાને ૩-૪-૫ દિશિનો આહાર હોય છે, અને લોકમાં રહેલાઓને ૬ દિશિનો આહાર હોય છે, તેમજ સચિત્તાદિ ત્રણે પ્રકારનો આહાર છે, અને આભોગિકાદિમાંથી એકેન્દ્રિયોના ઓજ અને લોમ બન્ને આહાર અનાભોગિક છે કહ્યું છે કે—

एषामुत्पन्नमात्राणा-मोज आहार ईरितः
लोमाहारस्ततो द्वेधा-प्यनाभोगज एव च ॥ દ્રવ્યલોક: ॥

અર્થઃ—એકેન્દ્રિય જીવોને ઉત્પન્ન થતા માત્રમાં ઓજ-આહાર કહ્યો છે, અને ત્યારબાદ લોમાહાર હોય છે, વળી તે બન્ને આહાર અનાભોગથીજ[1] ઉત્પન્ન થયેલા છે.

---

૧ હેતૂપદેશીકી અથવા દીર્ઘકાલિકી સંજ્ઞાને અનુગત એવો આહાર આભોગિક છે, એકેન્દ્રિયોને તે સંજ્ઞાના અભાવે અનાભોગિક આહાર છે. ને ક્ષુધારૂપ અશાતા માત્રના ઉદયથી આહારસંજ્ઞા રૂપજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૬) **ગુણસ્થાન** ૨—એકેન્દ્રિય જીવોને મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણસ્થાન કર્મગ્રંથના અભિપ્રાયથી છે, તેની રીત સમ્યક્ત્વદ્વારવત્ જાણવી.

(૧૭) **જીવભેદ** ૪-૨૨—જીવના ૧૪ ભેદમાં અપર્યાપ્તસૂક્ષ્મ, પર્યાપ્તસૂક્ષ્મ, અપર્યાપ્તબાદર અને પર્યાપ્તબાદર એ ચાર ભેદ છે, અને ૫૬૩ ભેદમાંના પૂર્વે તિર્યંચના ૪૮ ભેદમાં કહ્યા પ્રમાણે ૨૨ ભેદ છે.

(૧૮) **પર્યાપ્તિ** ૪—આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ૪ પર્યાપ્તિઓ પર્યાપ્ત એકેન્દ્રિયને હોય છે.

(૧૯) **પ્રાણ** ૪—એકેન્દ્રિઓને શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, સ્પર્શેન્દ્રિય અને કાયબળ એ ૪ પ્રાણ છે.

(૨૦) **સંજ્ઞા** ૪ ૦—એકેન્દ્રિયોને આહારાદિ ચારે સંજ્ઞાઓ છે, અને હેતૂપદેશિકી વિગેરે ત્રણમાંની કોઈપણ સંજ્ઞા નથી.

(૨૧) **ઉપયોગ** ૩—એકેન્દ્રિયને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન એ ૩ ઉપયોગ હોય છે.

(૨૨) **દ્રષ્ટિ** ૧—એકેન્દ્રિયોને મિથ્યાત્વદષ્ટિ છે.

(૨૩) **બંધ** ૮-૧૦૯—મૂળપ્રકૃતિમાં ૮ નો બંધ અને ઉત્તરપ્રકૃતિમાં સામાન્યથી ૧૦૯ પ્રકૃતિનો બંધ હોય, કારણકે ક્ષયોપશમાદિ સમ્યક્ત્વ અભાવે જીનનામ, ચારિત્રાભાવે આહારકદ્વિક, અને દેવનારકમાં જવાના અભાવે વૈક્રિયઅષ્ટક એ ૧૧ પ્રકૃતિઓ ન બાંધે.

(૨૪) **ઉદય** ૮-૮૧—મૂળપ્રકૃતિ સંબંધિ ૮ નો ઉદય અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ ૮૧નો ઉદય હોય, કારણ કર્મગ્રંથથી જાણવું.

(૨૫) **ઉદીરણા** ૮-૮૧—ઉદયવત્.

(૨૬) **સત્તા** ૮-૧૪૫—મૂળપ્રકૃતિ ૮ ની સત્તા, અને ઉત્તરપ્રકૃતિ ૧૪૮માંથી ૧૪૫ ની સત્તા છે. જીનનામ અને આહારકદ્વિક વિના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૭) **शरीर ४**—સર્વ એકેન્દ્રિયોને ઔદારિક તૈજસ અને કાર્મણ એ ૩ શરીર છે, અને કેટલાક લબ્ધિપર્યાપ્ત બાદરવાયુને વૈક્રિયશરીર હોવાથી એકેન્દ્રિયોને ૪ શરીર છે.

(૨૮) **बंधहेतु ४-३६**—એકેન્દ્રિય જીવોમાં મૂળ બંધહેતુ ચાર છે, અને ઉત્તર બંધહેતુ ૫૭ માંથી અનાભોગિક મિથ્યાત્વ ૧-કાયવધ ૬-સ્પર્શેન્દ્રિય અવિરતિ ૧-પૂર્વોક્ત રીતે ૨૩ કષાય-અને પૂર્વોક્ત રીતે ૫ યોગ એ સર્વ મળી ૩૬ ઉત્તર બંધહેતુ એકેન્દ્રિયોમાં વાયુકાયને છે.

(૨૯) **ध्यान**[1] ०—એકેન્દ્રિયોને મન નહિ હોવાથી એક પણ ધ્યાન ન હોય.

(૩૦) **संघयण ०**—એકેન્દ્રિય જીવોને હાડકાંનો અભાવ હોવાથી હાડની સંધિના બંધારણ રૂપ સંઘયણ પણ ન હોય.

(૩૧) **संस्थान १**—સર્વ અંગલક્ષણનો અભાવ હોવાથી એકેન્દ્રિયોને હુંડક સંસ્થાન હોય, તેમાં પૃથ્વીનું મસૂર સરખું, પાણીનું પરપોટા સરખું, અગ્નિનું સોયના સમૂહ સરખું, વાયુનું ધ્વજા સરખું, અને વનસ્પતિનું અનેક આકારવાળું હુંડક સંસ્થાન છે.

(૩૨) **समुद्‌घात ४**—સર્વે એકેન્દ્રિયોને વેદના, કષાય અને મરણ એ ત્રણ સમુદ્‌ઘાત છે, તેમાં વાયુને વૈક્રિય સમુદ્‌ઘાત પણ છે, માટે કુલ ૪ સમુદ્‌ઘાત છે, શેષ તૈજસાદિલબ્ધિ વિના તૈજસાદિ સમુદ્‌ઘાત ન હોય.

(૩૩) **भाव ३-२५**—એકેન્દ્રિયોને ક્ષયોપશમ, ઔદયિક અને પારિણામિક એ ૩ મૂળ ભાવ છે, શેષ ઉપશમ અને ક્ષાયિક

---

૧ આગળ પણ સર્વત્ર મન રહિત જીવોને ધ્યાન નહિ હોવાનું કહ્યું છે, પરન્તુ ધ્યાનને સ્થાને ચિંતા અંગીકાર કરીએ તો એકેન્દ્રિયાદિ અસંજ્ઞિને પણ આર્ત્તરૌદ્ર ધ્યાન ચિંતારૂપે કેટલાક પ્રાચીન યંત્રપટ્ટમાં લખ્યાં છે તે ગણી શકાય. પણ અહિં વિચારસાર ગ્રંથની પદ્ધતિએ અસંજ્ઞિને ધ્યાનનો અભાવ કહેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ બે ભાવ ન હોય. અને ઉતર ભેદ ૨૫ હોય તે નીચે પ્રમાણે–મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, ૫ દાનાદિ લબ્ધિ, ૧ અચક્ષુ દર્શન, એ ૮ ક્ષયોપશમભાવના ભેદ, તથા અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, મિથ્યાત્વ, ૧ ગતિ; ૪ લેશ્યા, ૪ કષાય, ૧ નપુંસકવેદ, એ ૧૪ ઔદયિક ભાવના ભેદ, અને ત્રણ પારિણામિક ભાવના ભેદ મળી સર્વ ભાવ ૨૫ હોય.

(૩૪) **अवगाहना**—સર્વે એકેન્દ્રિયોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ જોજનથી કંઇક અધિક તે પ્રત્યેક વનસ્પતિની છે, પ્રત્યેક વનસ્પતિ-વિના સર્વે એકેન્દ્રિયોની અવગાહના ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાતમો ભાગજ છે, એ અવગાહનામાં પરસ્પર જે તરતમતા રહી છે તે શ્રી દ્રવ્યલોક પ્રકાશમાંથી સવિસ્તરપણે જાણવી. તથા ઉત્તરદેહમાં વૈક્રિયદેહાવગાહના વાયુને બન્ને પ્રકારે અંગુલનો અસંખ્યાતમોભાગ છે, અને સમુદ્ઘાતકૃત અવગાહના મરણ સમુદ્ઘાતની અપેક્ષાએ ૧૪ રજ્જુ દીર્ઘ છે.

(૩૫) **स्थिति**—એકેન્દ્રિયોનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્ત (૨૫૬ આવલિકા) અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ હજાર વર્ષનું પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ છે, તેની અંતરાલનું મધ્યમ આયુષ્ય અસંખ્ય પ્રકારે છે. તથા એકેન્દ્રિયપણાની જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિઅનંત, અનાદિસાન્ત અને સાદિસાન્ત એમ ૩ પ્રકારની છે, તેમાં જે અવ્યવહારિક રાશિવાળા (અનાદિ નિગોદીયા) એકેન્દ્રિયો વ્યવહાર રાશિમાં આવવાનાજ નથી તેવા એકેન્દ્રિયોની અપેક્ષાએ કાયસ્થિતિ અનાદિ-અનંત છે, અને જે ભવ્યજીવો અનાદિ નિગોદમાંથી નિકળી દ્વીન્દ્રિ-યાદિપણું પ્રાપ્ત કરી મોક્ષે જવાના છે, તેઓની અપેક્ષાએ અનાદિસાન્ત કાયસ્થિતિ છે, અને એકેન્દ્રિયપણામાંથી નિકળી દ્વીન્દ્રિયાદિભાવ પ્રાપ્ત કરી ફરીથી એકેન્દ્રિયપણું પામી પુનઃ દ્વીન્દ્રિયાદિપણું પામે તેવા વ્યવહારરાશિ એકેન્દ્રિયોની અપેક્ષાએ સાદિસાન્ત કાયસ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, વ્યવહાર રાશિમાં આવી જે જીવો એકવ.ર પણ દ્વીન્દ્રિયાદિ-પણું પ્રાપ્ત કરે છે અને તે જીવો જો પાછા નિગોદમાં જાય છે તોપણ વધુમાં વધુ રાા પુદ્ગલપરાવર્ત્ત જેટલા અનંત ભવ સૂક્ષ્મ-નિગોદમાં ભમી પુનઃ અવશ્ય વ્યવહાર રાશિમાં બાદરપણું પામે, ત્યારબાદ બાદરનિગોદાદિમાં ભમી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલાં પુદ્ગલપરાવર્ત્ત સુધી એકેન્દ્રિયપણામાં ભવભ્રમણ કરી અવશ્ય દ્વીન્દ્રિયાદિ થાય, માટે સાદિસાન્તનો કાળ અહિં આવ-લિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલાં પુદ્ગલપરાવર્ત્ત પ્રમાણ અનંતકાળ જાણવો.

(૩૬) योनि—એકેન્દ્રિયોની યોનિ ૫૨૦૦૦૦૦ (બાવન લાખ) છે, તેમાં સાત લાખ પૃથ્વીની, સાત લાખ જળની, સાત લાખ અગ્નિની, સાત લાખ વાયુની, દસ લાખ પ્રત્યેક વનસ્પતિની અને ચૌદ લાખ સાધારણ વનસ્પતિની યોનિઓ છે. પુનઃ સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિ છે, સંવૃતાદિમાંથી એકેન્દ્રિયોની સંવૃતયોનિ છે, કારણકે એકેન્દ્રિયોનું ઉત્પત્તિસ્થાન સ્પષ્ટ ઉપલબ્ધ થતું નથી.

શંકા—સર્પમણિની યોનિ સર્પશિર્ષ, તેમજ વનસ્પતિની યોનિ જળ, જળની યોનિ વાયુ, વિગેરે સ્પષ્ટ છતાં પણ એકેન્દ્રિયોની અસ્પષ્ટ યોનિ કેમ ગણાય ?

ઉત્તરઃ—ઉપર પ્રમાણે કેટલીક યોનિઓ સ્પષ્ટ સમજાય છે છતાં અલ્પપણાથી અથવા કોઈ અન્ય કારણસર પૂર્વ મહર્ષી-ઓએ એકેન્દ્રિયોની અસ્પષ્ટ યોનિ કહી છે, તેનું યથાર્થ કારણ શ્રી બહુશ્રુતગમ્ય છે

તેમજ શીતાદિ ત્રણે પ્રકારની યોનિઓ એકેન્દ્રિયોની છે, અને શંખાવર્તાદિ ભેદમાંની કોઈપણ યોનિ નથી.

इति एकेन्द्रियद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વીન્દ્રિયમાં.

(૧) गति १—તિર્યંચગતિ.

(૨) इन्द्रिय २—દ્વીન્દ્રિયોને સ્પર્શ અને જીભ્હા એ બે ઈન્દ્રિયો છે.

(૩) काय १—દ્વીન્દ્રિયો ત્રસકાય છે.

(૪) योग ४—ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્ર કાયયોગ, કાર્મણુકાયયોગ અને અસત્યામૃષા વચનયોગ એ ચાર યોગ છે, એ જીવોની અસ્પષ્ટ ભાષા હોવાથી (વર્ણપંક્તિરૂપ ભાષા નહિ હોવાથી) અસત્યામૃષા વચનયોગ કહ્યો છે, કારણુકે સત્ય, અસત્ય અને મિશ્રવચનયોગ સ્પષ્ટ વર્ણોચ્ચાર કરનાર જીવોને કહ્યા છે.

(૫) वेद १—દ્વીન્દ્રિયોને નપુંસકવેદ છે.

(૬) कषाय ४-२३—એકેન્દ્રિયવત્.

(૭) ज्ञान ० (२)—દ્વીન્દ્રિયોને અપર્યાપ્તપણામાં અલ્પકાળ સાસ્વાદન સમ્યક્ત્વ હોવાથી કર્મગ્રન્થને મતે મતિ અને શ્રુત એ બે જ્ઞાન ન હોય, અને સિદ્ધાન્તમતે સાસ્વાદન ભાવમાં એ બે જ્ઞાન હોય.

(૮) अज्ञान २—મતિ અને શ્રુત એ બે અજ્ઞાન છે.

(૯) संयम १—એક અવિરતિ ચારિત્ર છે.

(૧૦) दर्शन १—અચક્ષુદર્શન તે સ્પર્શેન્દ્રિયના સામાન્ય બોધરૂપ છે.

(૧૧) लेश्या ३—કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યાઓ છે.

(૧૨) भव्य २, (૧૩) सम्यक्त्व २; (૧૪) संज्ञित्व १—એકેન્દ્રિયવત્.

(૧૫) आहारक २—વિગ્રહગતિમાં એક સમય અનાહારી છે, પરન્તુ ૨-૩ સમય નહિ, કારણુકે વિદિશિમાંથી દિશિમાં આવે તે સમયે આહારી છે, પુનઃ દિશિમાંથી નિકળી ત્રસનાડીમાં પ્રવેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે ત્યાં બીજે સમયે અનાહાર, અને ત્રસ નાડીમાં નીચેથી ઉપર વા ઉપરથી નીચે જઈ ઉત્પત્તિસ્થાને પ્હોચે ત્યાં આહારી હોય. એ પ્રમાણે વધુમાં વધુ એક સમય અનાહારી છે. વળી દ્વીન્દ્રિયો છ દિશિમાંથી આવેલા સચિત્તાદિ ત્રણે પ્રકારના પુદ્ગલોનો આહાર કરે છે, ઓજાદિ ત્રણે પ્રકારનો આહાર હોય છે, તેમાં ઓજ-આહાર અનાભોગિક અને લોમ આહાર આભોગિક તથા અના-ભોગિક પણ છે, વળી એકેન્દ્રિયોની અપેક્ષાએ દ્વીન્દ્રિયાદિ જીવો હેતૂપદેશિકી સંજ્ઞાયુક્ત હોવાથી કંઇક અધિક સંજ્ઞાવાળા હોય છે તેથી એ જીવોનો લોમાહાર આભોગિક પણ હોઈ શકે છે, અને કવલાહાર તો આભોગિકજ હોય છે. શાસ્ત્રમાં ફક્ત એકેન્દ્રિયોનો લોમાહાર અનાભોગિકજ કહ્યો છે, બાકીના સર્વ જીવોને લોમાહાર આભોગિક અને અનાભોગિક બન્ને પ્રકારનો હોય. તેમાં પણ દેવનો મનોભક્ષણ લોમાહાર આભોગિકજ હોય.

(૧૬) **ગુણસ્થાન** ૨—મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણસ્થાન છે.

(૧૭) **જીવભેદ** ૨-૨—ચૌદ ભેદની અપેક્ષાએ અપર્યાપ્ત દ્વીન્દ્રિય અને પર્યાપ્ત દ્વીન્દ્રિય એ બે ભેદ છે, અને પાંચસો ત્રેસઠ ભેદની અપેક્ષાએ પણ એજ બે ભેદ છે.

(૧૮) **પર્યાપ્તિ** ૫—દ્વીન્દ્રિયોને આહાર, શરીર, ઇન્દ્રિય, ઉચ્છવાસ, અને વચન એ પાંચ પર્યાપ્તિઓ છે.

(૧૯) **પ્રાણ** ૬—ઉચ્છવાસ, આયુષ્ય, સ્પર્શેન્દ્રિય, જીહ્વે-ન્દ્રિય, કાયયોગ અને વચનયોગ એ છ પ્રાણ દ્વીન્દ્રિયોને હોય છે.

(૨૦) **સંજ્ઞા** ૪-૧—આહારાદિમાંની ચારે સંજ્ઞા અને હેતૂ-પદેશિકી આદિ ત્રણ માંહેલી એક હેતૂપદેશિકીસંજ્ઞા છે.

(૨૧) **ઉપયોગ** ૩, (૨૨) **દ્રષ્ટિ** ૨—એકેન્દ્રિયવત્.

(૨૩) **બંધ** ૮-૧૦૯—મૂળપ્રકૃતિ સંબંધિ આઠનો અને ઉત્તર પ્રકૃતિ સંબંધિ એકસો નવ પ્રકૃતિનો બંધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૪) **उदय** ૮–૮૨—મૂળપ્રકૃતિ સંબંધિ આઠનો અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ વૈક્રિયઅષ્ટક, નરત્રિક, ઉચ્ચ, સ્ત્રી, પુરૂષ, ૪ ઈતરેન્દ્રિય, આહારક ૨, સંઘયણ ૫, સંસ્થાન ૫, સુખગતિ, જીનનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, સુભગ, આદેય, સમ્યક્ત્વ, મિશ્ર, એ ૪૦ વિના ૮૨ પ્રકૃતિનો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૮–૮૨—ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮–૧૪૫—મૂળ પ્રકૃતિ સંબંધિ આઠની અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ જીનનામ, દેવાયુ, અને નરકાયુ વિના ૧૪૫ પ્રકૃતિની સત્તા છે.

(૨૭) **शरीर** ૩—દ્વીન્દ્રિયોને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર છે, શેષ વૈક્રિયશરીર લબ્ધિના અભાવે અને આહારક-શરીર ચારિત્રના અભાવે હોય નહિ.

(૨૮) **बंधहेतु** ૪–૩૬—એકેન્દ્રિયવત્. પરન્તુ અવ્રતમાં ૧ ઇન્દ્રિય વધે, ત્યારે યોગમાં વૈક્રિયના ૨ યોગ ઘટી, અસત્યામૃષા વચનયોગ વધે, જેથી ૧ મિથ્યાત્વ, ૮ અવ્રત, ૨૩ કષાય અને ૪ યોગ સહિત ૩૬ ઉત્તરબંધહેતુ થાય.

(૨૯) **ध्यान** ૦—દ્વીન્દ્રિયોને મનના અભાવે ધ્યાન હોય નહિ.

(૩૦) **संघयण** ૧—દ્વીન્દ્રિય જીવોમાં કેટલાએક શંખ કોડા વિગેરે જીવોને શંખ કોડારૂપ હાડ હોય છે, અને તેઓ તથા પ્રકારના મજબૂત બંધારણવાળા નહિ હોવાથી દ્વિન્દ્રિયોને ૧ સેવાર્ત્ત સંઘયણ છે.

(૩૧) **संस्थान** ૧—દ્વીન્દ્રિય જીવોના શરીરના અવયવો લક્ષણ યુક્ત નહિ હોવાથી માત્ર એક હુંડક સંસ્થાન કહ્યું છે.

(૩૨) **समुद्घात** ૩—વેદના, કષાય અને મરણ એ ૩ સમુદ્ઘાત હોય, શેષ સમુદ્ઘાત લબ્ધિ અભાવે ન હોય.

(૩૩) **भाव** ૩–૨૪ (૨૬)—ક્ષયોપશમ, ઔદયિક, અને પારિણામિક એ ૩ મૂળ ભાવ હોય છે, અને ૨ અજ્ઞાન, ૫ દાનાદિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ અચક્ષુદર્શન એ ૮ ક્ષયોપશમભાવ, ૧ અજ્ઞાન, ૧ અસિદ્ધત્વ, ૧ અસંયમ, ૧ મિથ્યાત્વ, ૧ ગતિ, ૩ અશુભલેશ્યા, ૪ કષાય, ૧ વેદ, એ ૧૩ ઔદયિકભાવ, અને ૩ પારિણામિક ભાવ સહિત ૨૪ ભાવ છે. પુનઃ સિદ્ધાન્તમતે સાસ્વાદન ભાવે જ્ઞાન ગણતાં બે જ્ઞાન સહિત ૨૬ ભાવ પણ થાય.

(૩૪) **अवगाहना**—દ્વીન્દ્રિયોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૨ યોજન પ્રમાણ છે, એવા ૧૨ યોજન જેવડા મોટા શંખ વિગેરે દ્વીન્દ્રિયો બહારના મોટા દ્વીપ સમુદ્રોમાં રહે છે, પણ અઢી દ્વીપમાં નહિ. તેમજ આસાલિક જાતનો જીવ કે જે ચક્રવર્તિના સૈન્યાદિકના વિનાશ સમયે ઉત્પન્ન થાય છે તે જીવોને જીવસમાસ સૂત્રની વૃત્તિ પ્રમાણે દ્વીન્દ્રિય કહીયે તો અઢી દ્વીપમાં પણ મહાકાય વાળા દ્વીન્દ્રિય હોઇ શકે, અન્યથા આસાલિકોને પંચેન્દ્રિય પરિસર્પ ગણ્યા છે. તથા સમુદ્ઘાતકૃત અવગાહના ૭ રજ્જુ[1] દીર્ઘ છે.

(૩૫) **स्थिति**—દ્વીન્દ્રિયોની જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૧૨ વર્ષ પ્રમાણ છે, તથા કાય સ્થિતિના સંબંધમાં જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત વર્ષ પ્રમાણ જાણવી. કારણકે બાર બાર વર્ષના આયુષ્યવાળા કેટલાએક સંખ્યાત ભવ કર્યાબાદ અવશ્ય દ્વીન્દ્રિયપણું બદલાઇ જાય છે.

(૩૬) **योनि**—દ્વીન્દ્રિયોનાં ઉત્પત્તિસ્થાન ૨ લાખ જાતિનાં

---

૧ કારણકે વિકલેન્દ્રિયોનું સ્થાન તિર્યગ્લોક છે, માટે તિર્યગ્લોકમાંથી મરણ સમુદ્ઘાત વડે ઉર્ધ્વલોકાન્તે અથવા અધોલોકને અન્તે ૭ રાજ દૂર એકેન્દ્રિયપણે ઉત્પન્ન થવું હોય ત્યારે ૭ રજ્જુ અવગાહના હોય. જોકે ઉર્ધ્વલોકે પંડુકવનની વાવોમાં અને અધોલોકે અધો ગ્રામમાં વિકલેન્દ્રિયો છે, પણ અલ્પપણાની અપેક્ષાએ તે સ્થાનોની વિકલેન્દ્રિયના સ્થાનપણે વિવક્ષા કરી નથી. પુનઃ સ્વર્ગની વાવોમાં જે ભ્રમરાદિ છે તે પૃથ્વીકાયિક હોવાથી વિકલેન્દ્રિય કહેવાય નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, એ જીવોની શીતાદિ ત્રણે પ્રકારની તથા સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિઓ છે, અને સંવૃત્તાદિમાંની એક વિવૃતા યોનિજ છે. કારણકે જળાશયાદિ ઉત્પત્તિસ્થાને પ્રગટ છે. તથા શંખાવર્તાદિ ૩ ભેદોમાંની કોઈ પણ યોનિ દ્વીન્દ્રિયોને ન હોય કારણકે તે યોનિઓ ગર્ભજ પંચેન્દ્રિયોને હોય છે.

इति द्वीन्द्रियद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

ત્રીન્દ્રિયમાં.

ત્રીન્દ્રિયનાં ૩૧ દ્વાર દ્વીન્દ્રિયવત્ છે, બાકીનાં ૫ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

(૨) **इन्द्रिय ३**—સ્પર્શ, જીભ્હા, અને નાસિકા એ ૩ ઈન્દ્રિયો છે.

(૧૯) **प्राण ६**—શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, પ્રથમની ૩ ઇન્દ્રિયો અને વચનબળ એ પ્રમાણે ૬ પ્રાણ છે, અર્થાત્ દ્વીન્દ્રિયની અપેક્ષાએ એક નાસિકા ઈન્દ્રિય પ્રાણ વધ્યો.

(૨૮) **बंधहेतु ४-३७**—મૂળ બંધહેતુ ચાર અને ઉત્તર બંધહેતુ ૩૭ તે દ્વીન્દ્રિયમાં જે ૩૬ બંધહેતુ કહ્યા તેમાં ૧ નાસિકા ઈન્દ્રિય વધવાથી ૩૭ બંધહેતુ હોય.

(૩૪) **अवगाहना**—ત્રીન્દ્રિયોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના ૩ ગાઉની છે એવા ૩ ગાઉ પ્રમાણના કાનખજૂરા વિગેરે ત્રીન્દ્રિય જીવો પણ અઢી દ્વીપ બહારના દ્વીપ સમુદ્રોમાં છે.

(૩૫) **स्थिति**—ત્રીન્દ્રિયોની જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૪૯ દિવસ પ્રમાણના કેટલાએક ભવ નિરન્તર કરવાથી સંખ્યાત દિવસ પ્રમાણની છે. ત્યારબાદ અવશ્ય ત્રીન્દ્રિયપણું બદલાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વીન્દ્રિયનાં ૩૧ દ્વારોમાં જ્યાં જ્યાં દ્વીન્દ્રિય શબ્દ કહ્યો છે ત્યાં ત્યાં ત્રીન્દ્રિય શબ્દ કહેવો અને જીવભેદ પણ ત્રીન્દ્રિયને અનુસરતા કહેવા.

इति त्रीन्द्रियद्वारे ३६ द्वारप्राप्तिः स माप्ता.

ચતુરિન્દ્રિયમાં.

ચતુરિન્દ્રિય જીવોનાં ૨૮ દ્વારો દ્વીન્દ્રિયવત્ કહેવાં, બાકીનાં ૮ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

(૨) **इन्द्रिय** ૪—શ્રોત્રેન્દ્રિય સિવાયની ચારે ઇન્દ્રિયો હોય.

(૧૦) **दर्शन** ૨—અચક્ષુદર્શન અને ચક્ષુદર્શન એ બે દર્શન છે.

(૧૯) **प्राण** ૭—ઉચ્છવાસ, આયુષ્ય, ૪ ઇન્દ્રિય અને વચન યોગ એ ૭ પ્રાણ છે.

(૨૧) **उपयोग** ૪ (૬)—કર્મગ્રન્થ મતે ૨ અજ્ઞાન અને ૨ દર્શન મળી ૪ ઉપયોગ છે, અને સિદ્ધાન્ત મતે બે જ્ઞાનસહિત ૬ ઉપયોગ છે.

(૨૮) **बंधहेतु** ૩-૩૮—દ્વીન્દ્રિયમાં કહેલા ૩૬ બંધહેતુમાં બે ઇન્દ્રિયો વધારવાથી ઉત્તર બંધહેતુ ૩૮ થાય છે.

(૩૩) **भाव** ૩-૨૯ (૨૭)—દ્વીન્દ્રિયવત્. પણ ચક્ષુદર્શન અધિક જાણવું.

(૩૪) **अवगाहना**—જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના ૪ ગાઉની છે. એવા મોટા શરીરવાળા ભમરા વિગેરે ચતુરિન્દ્રિય જીવો બાહેરના દ્વીપ સમુદ્રોમાં છે.

(૩૯) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સંખ્યાત માસની છે.

इति चतुरिन्द्रियद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચેન્દ્રિયમાં.

(૧) **गति** ૪—પંચેન્દ્રિયમાં ૪ ગતિનો અન્તર્ભાવ થાય છે,

(૨) **इन्द्रिय** ૫—સ્પર્શ, જીહ્વા, નાસિકા, ચક્ષુ, અને કર્ણ એ પાંચે ઇન્દ્રિયો પંચેન્દ્રિયને હોય છે.

(૩) **काय** ૧—પંચેન્દ્રિય જીવો ત્રસ હોય છે.

(૪) **योग** ૧૫—પંચેન્દ્રિયમાં સંજ્ઞિજીવોને ચાર મનયોગ હોય છે, તેમજ ચારે વચનયોગ પણ હોય છે. વળી મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયોને ઔદારિક અને ઔદારિકમિશ્ર એ બે યોગ હોય છે, મનુષ્યને આહારક અને આહારકમિશ્ર એ બે યોગ છે, લબ્ધિવંત તિર્યંચ તથા મનુષ્યને અને ભવપ્રત્યયથી દેવ તથા નારકને વૈક્રિય અને વૈક્રિયમિશ્રયોગ છે, તેમજ સર્વે પંચેન્દ્રિયોને કાર્મણ-યોગ છે એ પ્રમાણે સમગ્ર પંચેન્દ્રિયોની અપેક્ષાએ ૧૫ યોગ છે.

(૫) **वेद** ૩—પંચેન્દ્રિયોમાં સ્ત્રી પુરૂષ અને નપુંસક એ ત્રણે પ્રકાર હોવાથી ૩ વેદ છે. વિશેષ એ કે સમુચ્છિમતિર્યંચોમાં સ્ત્રી તથા પુરૂષપણું આકાર માત્ર છે, તોપણ ભાવથી નપુંસક-વેદજ જાણવો.

(૬) **कषाय** ૪-૨૫—ત્રણે વેદ હોવાથી ૯ નો કષાય હોય અને ૧૬ કષાય તો દરેક જીવને હોય છે, માટે અહિં પંચેન્દ્રિયને ૨૫ કષાય હોય.

(૭) **ज्ञान** ૫—પંચેન્દ્રિયમાં મનુષ્યને પંચે જ્ઞાન હોય છે.

(૮) **अज्ञान** ૩—ચારે ગતિવાળા ગર્ભજ પંચેન્દ્રિયોને ત્રણે અજ્ઞાન હોય છે.

(૯) **संयम** ૭—મનુષ્યમાં સાતે પ્રકારનાં ચારિત્ર હોય છે, માટે પંચેન્દ્રિય માર્ગણામાં ૭ ચારિત્ર છે.

(૧૦) **दर्शन** ૪—સંજ્ઞિપંચેન્દ્રિયને ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શન હોય છે. અહિં સિદ્ધાન્ત મતે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન અંગીકાર કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧) **लेश्या** ६—પંચેન્દ્રિયમાં મનુષ્યને અને દેવને ૬ લેશ્યા હોય છે.

(૧૨) **भव्य** ૨—પંચેન્દ્રિયો ભવ્ય અને અભવ્ય એમ બન્ને પ્રકારે છે.

(૧૩) **सम्यक्त्व** ६—પંચેન્દ્રિયમાં મનુષ્યને સર્વ પ્રકારનાં સમ્યક્ત્વ છે. શેષ દેવાદિકને સર્વ સમ્યક્ત્વ ન હોય.

(૧૪) **संज्ञित्व** ૨—પંચેન્દ્રિયો સંજ્ઞિ અને અસંજ્ઞિ પણ હોય છે, તેમાં દેવો તથા નારકોમાં કોઈ અસંજ્ઞિ ન હોય, પણ મનુષ્યમાં સંમુચ્છિર્મ મનુષ્ય અને તિર્યંચોમાં સમુચ્છિર્મ જલચર, સ્થલચર, ખેચર, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ એ સર્વ જીવો મનોસંજ્ઞા અથવા દીર્ઘકાલિકીસંજ્ઞા રહિત છે, માટે અસંજ્ઞિ છે, અને સર્વે ગર્ભજતિર્યંચો અને સર્વ ગર્ભજ મનુષ્યો તો અવશ્ય સંજ્ઞિ એટલે દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા હોય છે, માટે સંજ્ઞિજ હોય.

(૧૯) **आहारी** ૨—પંચેન્દ્રિય જીવો ત્રસનાડીમાં હોવાથી છ દિશિનો આહાર ગ્રહણ કરે છે, તેમજ શરીરઅપર્યાપ્ત અવસ્થામાં ઓજઆહાર અને શરીરપર્યાપ્ત થયા બાદ લોમઆહાર હોય છે, તેમાં ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો ગર્ભમાંથી જન્મ્યા બાદ કવલઆહાર પણ કરે છે, અને સમુર્ચ્છિમ તિર્યંચપંચેન્દ્રિયો અને સમુર્ચ્છિમ મનુષ્યો ઓજઆહાર અને લોમઆહાર અનુક્રમે શરીરઅપર્યાપ્ત તથા શરીરપર્યાપ્ત અવસ્થામાં કરે છે, પરંતુ કવલઆહાર તો સમુર્ચ્છિમતિર્યંચોને પર્યાપ્ત થયાબાદ હોય છે. સમુર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તજ હોવાથી કવલઆહાર હોતો નથી. વળી ઓજઆદિ ત્રણે પ્રકારના આહાર સચિત્ત, અચિત્ત અને મિશ્ર હોય છે, તેમાં સમુચ્છિર્મ પંચેન્દ્રિયોનો ઓજઆહાર સચિત્તાદિ ત્રણે પ્રકારનો હોય, અને ગર્ભજ પંચેન્દ્રિયોનો ઓજઆહાર તો મિશ્ર હોય છે, કારણકે ગર્ભજ જીવો સ્ત્રીના ગર્ભાશયમાં ઉત્પન્ન થતી વખતે વીર્ય અને રૂધિરનો આહાર કરે છે, તેમાં વીર્ય અચિત્ત છે, અને રૂધિર સચિત્ત છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે મિશ્રઆહાર કરે છે, તેમજ અન્ય આચાર્યોનો મત એવો છે કે રૂધિર તથા વીર્ય અચિત્ત છે પણ યોનિપ્રદેશો સચિત્ત છે, માટે મિશ્ર આહાર કરે છે, અને કેટલાએક એમ કહે છે કે વીર્ય રૂધિરનો જેટલો અંશ યોનિના આત્મપ્રદેશોના સંબંધવાળો છે તેટલો સચિત્ત અને શેષ અચિત્ત એ પ્રમાણે મિશ્રઆહાર કરે છે.

વળી સમુચ્છિમ મનુષ્યો અચિત્ત રૂધિરાદિમાં ઉત્પન્ન થાય માટે અચિત્ત, અને સ્ત્રીયોનિ આદિમાં ઉત્પન્ન થવાથી સચિત્ત, તેમજ મિશ્રઆહાર પણ યથાયોગ્ય વિચારવો. લોમઆહાર તે તૈલાદિકનો અચિત્ત તથા સચિત્ત જળાદિકનો સચિત્ત, અને મિશ્ર-જળાદિકનો મિશ્રઆહાર હોય છે, કવલાહાર તે પણ યથાયોગ્ય સચિત્ત અચિત્ત અને મિશ્ર એ ત્રણે પ્રકારે હોય છે. વળી દેવ અને નારકોને તો ઓજ અને લોમઆહાર બન્ને અચિત્ત છે, તેમાં દેવનો લોમઆહાર સ્વાભાવિક અને મનોભક્ષણરૂપ બે પ્રકારનો હોય છે, તેમાં ક્ષુધાવેદનીયના ઉદયવિના સદાકાળ પ્રવર્તે છે તે સ્વા-ભાવિક લોમઆહાર, અને આહારની ઇચ્છા થાય ત્યારે મનોભક્ષણ લોમઆહાર હોય છે. એ બન્ને લોમઆહાર અચિત્તજ છે. સર્વ પર્યાપ્ત પંચેન્દ્રિયોનો ઓજઆહાર અનાભોગિક હોય છે, અને લોમઆહાર આભોગિક તથા અનાભોગિક એમ હોય છે, તેમાં નારકોને સદાકાળ પ્રવર્તતો લોમઆહાર બન્ને પ્રકારનો છે, અને દેવને સ્વાભાવિક લોમઆહાર બન્ને પ્રકારનો છે, તથા મનોભક્ષણ લોમઆહાર આભોગિકજ છે, તેમજ ગર્ભજોનો કવલાહાર આભો-ગિકજ છે, અને સમુચ્છિમ પંચેન્દ્રિયોનો કવલાહાર પણ આભોગિક હોય છે.

વળી અનાહારીપણું એક સમય હોય છે, તે ત્રસનાડી બહાર વિદિશિમાંથી આવી ત્રસનાડીમાં ઉત્પન્ન થતાં દ્વીન્દ્રિયમાં કહેલી પદ્ધતિ પ્રમાણે હોય છે, અને કેવલીસમુદ્ઘાત વખતે ત્રણ સમય અનાહારીપણું તે કાર્મણ કાયયોગ વખતે સમુદ્ઘાતના ત્રીજે ચોથે અને પાંચમે સમયે છે, તેમજ અયોગીઅવસ્થામાં અન્તર્મુહૂર્ત્ત સુધી અનાહારીપણું છે. અહિં જો કે સિદ્ધના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવ સાદિ અનંતકાળ સુધી અનાહારી છે તોપણ પંચેન્દ્રિયપણું સિદ્ધમાં પ્રાપ્ત નહિ હોવાથી પંચેન્દ્રિયદ્વારના વર્ણન પ્રસંગે સિદ્ધનું અનાહારીપણું પ્રયોજન રહિત છે, માટે પંચેન્દ્રિય માર્ગણામાં જઘન્યથી ૧ સમય, મધ્યમ ૩ સમય અને ઉત્કૃષ્ટ પંચહ્રસ્વાક્ષરોચ્ચાર પ્રમાણ અન્તર્મુહૂર્ત્ત, એમ ત્રણ પ્રકારે અનાહારીપણું પ્રાપ્ત થાયછે.

(૧૬) **ગુણસ્થાન ૧૪**—પંચેન્દ્રિયમાં મનુષ્યને સર્વે ગુણસ્થાન હોય.

(૧૭) **જીવભેદ ૪-૫૩૫**—જીવના ચૌદ ભેદમાંથી અપર્યાપ્ત-અસંજ્ઞિ, પર્યાપ્તઅસંજ્ઞિ, અપર્યાપ્તસંજ્ઞિ અને પર્યાપ્તસંજ્ઞિ એ ચાર ભેદ પંચેન્દ્રિયના છે, અને જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી એકેન્દ્રિયના બાવીસ ભેદ અને વિકલેન્દ્રિયના ૬ ભેદ એ ૨૮ ભેદ બાદ જતાં ૫૩૫ ભેદ રહ્યા તે સર્વ પંચેન્દ્રિય જીવોનાજ છે.

(૧૮) **પર્યાપ્તિ ૬**—પંચેન્દ્રિયને (સંજ્ઞિને) ૬ પર્યાપ્તિ હોય છે.

(૧૯) **પ્રાણ ૧૦**—પંચેન્દ્રિયમાં સંજ્ઞિને દશે પ્રાણ હોય છે.

(૨૦) **સંજ્ઞા ૪-૩**—પંચેન્દ્રિયને આહારાદિ ચારે સંજ્ઞા છે, હેતૂપદેશિકી વિગેરે ત્રણ સંજ્ઞાઓ પણ છે, તેમાં હેતૂપદેશિકી સંજ્ઞા-પર્યાપ્ત સમુચ્છિંમ પંચેન્દ્રિયોને છે, અને દીર્ઘકાલિકી સંજ્ઞાપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયોને છે, તથા દ્રષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા સમ્યગ્દ્રષ્ટિદેવ, નારકાદિ સર્વ પંચેન્દ્રિયોને છે.

(૨૧) **ઉપયોગ ૧૨**—પંચેન્દ્રિયમાં મનુષ્યને બારે ઉપયોગ હોય છે.

(૨૨) **દ્રષ્ટિ ૩**—પંચેન્દ્રિયમાં ચારે ગતિના જીવોને મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ એ ત્રણ દ્રષ્ટિ હોય છે, પરન્તુ સંમુચ્છિંમ મનુષ્યોને એક મિથ્યાત્વ દ્રષ્ટિ તથા સમુચ્છિંમ તિર્યંચોને મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ભાવ હોવાથી સિદ્ધાન્તમતે મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એ બે દ્રષ્ટિઓ છે.

(૨૩) **બંધ ૮-૧૨૦**—મૂળપ્રકૃતિઅંગે ૮ નો બંધ, અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ ૧૨૦ પ્રકૃતિનો બંધ ગર્ભજ મનુષ્ય આશ્રયિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૪) **उदय** ૮–૧૧૪––મૂળપ્રકૃતિ અંગે ૮ નો ઉદય, અને ઉત્તર પ્રકૃતિઅંગે કુજાતિ ૪, સ્થા૦, સૂક્ષ્મ, સાધા૦, અને આતપ એ ૮ વિના ૧૧૪ નો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૮–૧૧૪––ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮–૧૪૮––મૂળપ્રકૃતિ સંબંધિ ૮ ની સત્તા છે, અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ ૧૪૮ પ્રકૃતિઓની સત્તા ગર્ભજ મનુષ્ય આશ્રયિ છે.

(૨૭) **शरीर** ૫––પંચેન્દ્રિયમાં ગર્ભજ મનુષ્યને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ એ પાંચે શરીર છે.

(૨૮) **बंधहेतु** ૪–૫૭––પંચેન્દ્રિયોમાં મનુષ્યને મૂળબંધહેતુ ૪ અને ઉત્તરબંધહેતુ ૫૭ છે, અને નારકાદિ પંચેન્દ્રિયોને સંપૂર્ણ ૫૭ બંધહેતુ નથી, કારણકે આહારકદ્વિકયોગ મનુષ્યનેજ હોય છે માટે.

(૨૯) **ध्यान** ૧૬––પંચેન્દ્રિયોમાં ગર્ભજ મનુષ્યોને ૧૬ ધ્યાન હોય છે, કારણકે ૮ ધ્યાન તો દરેક જીવને હોય પણ ધર્મધ્યાન અપ્રમત્તાદિને અને શુકલધ્યાન અપૂર્વકરણાદિ ગુણસ્થાનવર્તી મનુષ્યને છે.

(૩૦) **संघयण** ૬––પંચેન્દ્રિયોમાં ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ-તિર્યંચને ૬ સંઘયણ છે. એક જીવને ૧ સંઘયણ હોય અને દેવ નારકને સંઘયણ નથી.

(૩૧) **संस्थान** ૬––પંચેન્દ્રિયોમાં ગર્ભજને ૬ સંસ્થાન હોય, દેવ અને યુગલિકોને સમચતુરસ્ર સંસ્થાન છે. શેષ સર્વને ૧ હુંડકસંસ્થાન હોય, અને એક જીવને એકજ સંસ્થાન હોય.

(૩૨) **समुद्घात** ૭––પંચેન્દ્રિયમાં ગર્ભજ મનુષ્યોને સાતે સમુદ્ઘાત હોય છે, કારણકે આહારક અને કેવલીસમુદ્ઘાત મનુષ્ય સિવાય અન્ય કોઈપણ જીવને ન હોય.

(૩૩) **भाव** ૫–૫૩––પંચેન્દ્રિયમાં પાંચે મૂળભાવ અને ૫૩ ઉત્તરભાવ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪) **अवगाहना**—પંચેન્દ્રિયોમાં ચારે ગતિના સર્વ પંચેન્દ્રિયોના મૂળ શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ છે, તે સ્વયંભૂરમણ સમુદ્રગત ગર્ભજ મચ્છની અને સર્પાદિકની જાણવી. તથા ઉત્તરદેહની (વૈક્રિયની) બન્ને પ્રકારની અવગાહના મનુષ્યવત્ અંગુલનો સંખ્યાતમો ભાગ અને ૪ અંગુલઅધિક ૧ લાખ યોજન જાણવી. સમુદ્ઘાતકૃત અવગાહના મનુષ્યવત્ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **स्थिति**—પંચેન્દ્રિયોમાં જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુત્તર દેવ અથવા સાતમી પૃથ્વીના નારકનું ૩૩ સાગરોપમ પ્રમાણ છે. તથા જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કંઈક અધિક ૧૦૦૦ સાગરોપમ પ્રમાણ છે. ત્યારબાદ પંચેન્દ્રિયપણું અવશ્ય પલટાઈને એકેન્દ્રિયઆદિપણું પ્રાપ્ત થાય.

(૩૬) **योनि**—દેવની ૪ લાખ, નારકની ૪ લાખ, તિર્યંચપંચેન્દ્રિયની ૪ લાખ અને મનુષ્યની ૧૪ લાખ યોનિ મળી પંચેન્દ્રિયોની ૨૬૦૦૦૦૦ યોનિઓ છે. તેમજ સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિઓ છે. અને સંવૃતાદિ ૩ ભેદમાંની સમુચ્છિમ પંચેન્દ્રિયોને વિવૃતયોનિ, દેવનારકની સંવૃતયોનિ, અને ગર્ભજ મનુષ્યતિર્યંચોની સંવૃતવિવૃતા યોનિ છે, તેનાં કારણો ગતિમાર્ગણા વખતે સવિસ્તર દર્શાવેલ છે. વળી શીતાદિ ૩ ભેદવાળી યોનિઓમાં નારકોને શીત તથા ઉષ્ણ યોનિ, દેવોને અને ગર્ભજ પંચેન્દ્રિયોને શિતોષ્ણયોનિ, અને શેષ પંચેન્દ્રિયોને શીત, ઉષ્ણ અને શીતોષ્ણ એમ ત્રણ પ્રકારની યોનિ હોય. તેમજ શંખાવર્ત્તાદિ ૩ ભેદોમાંથી ગર્ભજ પંચેન્દ્રિયોની વંશીપત્રાયોનિ અને શંખાવર્ત્તયોનિ, તથા તીર્થંકર, ચક્રવર્ત્તી, વાસુદેવ અને બળદેવની કૂર્મોન્નતાયોનિ હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય માર્ગણામાં સર્વ પ્રકારની યોનિઓ સંભવે છે.

इति पंचेन्द्रिये ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

६ कायमार्गणामां ३६ द्वारोनी प्राप्ति.

પૃથ્વીકાયમાં

(१) **गति** १—તિર્યંચગતિ.

(२) **इन्द्रिय** १—પૃથ્વીજીવોને એક સ્પર્શ ઈન્દ્રિય હોય છે,

(३) **काय** १—કાય પોતાનીજ એટલે પૃથ્વીકાય છે.

(४) **योग** ३—પૃથ્વી જીવોને ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ એ ત્રણ યોગ હોય છે.

(५) **वेद** १—પૃથ્વી જીવોને એક નપુંસકવેદ અવ્યક્તભાવે હોય છે.

(६) **कषाय** ४-२३—પૃથ્વી જીવોને મૂળકષાય ચાર, અને અનંતાનુબંધિ વિગેરે પ્રતિભેદ સહિત ૧૬ કષાય છે, પુનઃ ૯ નોકષાયમાંથી પુરૂષવેદ અને સ્ત્રીવેદ બાદ કરતાં શેષ ૭ નોકષાય સહિત ૨૩ કષાય હોય છે.

(૭) **ज्ञान** ०—કોઇક પૃથ્વીકાયને અપર્યાપ્ત અવસ્થામાં અન્તર્મુહૂર્ત્તકાળ સુધી (દેશૂણ ૬ આવલિકા ઉત્કૃષ્ટકાળ સુધી) કર્મગ્રન્થમતે સાસ્વાદન ગુણસ્થાન છે, તોપણ કર્મગ્રંથમતે સાસ્વાદન ભાવે પણ અજ્ઞાનજ છે. અને સિદ્ધાન્તકાર તો એકેન્દ્રિયને સાસ્વાદન ભાવજ માનતા નથી.

(૮) **अज्ञान** ૨—ઉપશમ સમ્યક્ત્વથી પતિત થઇ મરણ પામી સાસ્વાદન ભાવે કોઈ જીવ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય નહિ માટે પૃથ્વીકાયમાં સદાકાળ અજ્ઞાન બે, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય એ સિદ્ધાંત મતે કહ્યું, અને કાર્મગ્રંથિક મહર્ષિઓના અભિપ્રાય પ્રમાણે તો સાસ્વાદનભાવે પણ અજ્ઞાન મનાય એ હેતુથી સાસ્વાદન હોય તોપણ સર્વ પૃથ્વી જીવોને બે અજ્ઞાન માત્રજ હોય પણ જ્ઞાન ન હોય.

For Private And Personal Use Only

(૯) **संयम १**—પૃથ્વી જીવોને વ્રતનિયમ નહિ હોવાથી સર્વદા અવિરતિજ હોય માટે એક અવિરતિ ચારિત્ર છે.

(૧૦) **दर्शन १**—પૃથ્વી જીવોને એક અચક્ષુદર્શન છે.

(૧૧) **लेश्या ४**—સર્વ પૃથ્વીજીવોમાં એક વા અનેક જીવ આશ્રયિ ૩ લેશ્યા હોય એટલે એક પૃથ્વી જીવને કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણે લેશ્યાઓમાંની પ્રત્યેક એકેક અન્તર્મુહૂર્ત્તને અંતરે આવતી જાય (પ્રગટ થાય) અને પૂર્વભવમથી તેજો લેશ્યાવંત દેવ (સૌધર્મ, ઈશાન સુધીમાંનો કોઈપણ દેવ) મરણ પામી પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય તો પૂર્વે દેવની લેશ્યાનો છેડો પરભવમાં હોવાનો કહ્યો છે માટે પૃથ્વી જીવને અપર્યાપ્ત અવસ્થામાં પ્રથમ અન્તર્મુહૂર્ત્ત સુધી તે દેવભવની તેજો લેશ્યા ચાલુ હોય છે, અને ત્યારબાદ અશુભ ત્રણ લેશ્યાઓ પરાવૃત્તિએ પ્રાપ્ત થાય છે. માટે પૃથ્વી જીવોને તેજો લેશ્યા સહિત ચાર લેશ્યા હોય.

(૧૨) **भव्य २**—પૃથ્વીજીવો ભવ્ય પણ હોય અને અભવ્ય પણ હોય છે.

(૧૩) **सम्यक्त्व २ (१)**—સર્વ પૃથ્વીજીવોને મિથ્યાત્વ અને કેટલાએક લબ્ધિપર્યાપ્ત પૃથ્વીજીવોને ઉત્પત્તિના પ્રારંભમાં કર્મગ્રંથમતે સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. તેમાં જે જીવો ઉપશમ સમ્યક્ત્વથી પતિત થઈ મરણ પામી પૃથ્વીમાં ઉત્પન્ન થાય છે તેજ પૃથ્વીજીવોને સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. સિદ્ધાન્તમતે એક મિથ્યાત્વજ હોય.

(૧૪) **संज्ञित्व १**—પૃથ્વીજીવોને દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવાથી પૃથ્વીજીવો અસંજ્ઞિ છે.

(૧૫) **आहारक २**—પૃથ્વીજીવો આહારી તથા અનાહારી હોય છે તેમાં જે પૃથ્વીજીવો લોકાન્તે નિષ્કુટોમાં રહ્યા છે તે પૃથ્વીજીવોને ૩–૪–૫ દિશિનો આહાર છે, અને તે આહારદ્વારના વર્ણન પ્રસંગે કહ્યા પ્રમાણે ૩–૪–૫ દિશિથી આવેલો આહાર ગ્રહણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે છે, તેમજ લોકમધ્યમાં રહેલા સર્વ પૃથ્વીજીવોને ૬ દિશિનો આહાર છે. ઓજ આદિ ૩ પ્રકારમથી ઓજ અને લોમઆહાર છે, પરન્તુ મુખના અભાવે કવલાહાર નથી. આભોગ અને અનાભોગ આહારમાંથી એક અનાભોગ આહારજ છે, કારણકે પૃથ્વીને હેતૂપદેશિકીસંજ્ઞા જેટલી પણ વિશિષ્ટસંજ્ઞા નથી. વળી સચિત્તાદિ ૩ ભેદોમાંથી સચિત્તાદિ[1] ત્રણે પ્રકારને આહાર હોય છે. તેમજ અનાહારીપણું આહારદ્વારના વર્ણન પ્રસંગે કહ્યું છે તે પ્રમાણે ૧-૨-૩ સમય અનુક્રમે ત્રણ સમયની દ્વિવક્રગતિમાં, ચાર સમયની ત્રિવક્રગતિમાં અને પાંચ સમયની ચતુર્વક્રગતિમાં હોય.

(૧૬) **ગુણસ્થાન** ૨ (૧)—કર્મગ્રંથમતે પૃથ્વીજીવોને મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે સમ્યક્ત્વ કહેલાં હોવાથી મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે ગુણસ્થાન હોય છે, અને સિદ્ધાન્તમતે એક પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન હોય છે.

(૧૭) **જીવભેદ** ૪-૪—જીવના ૧૪ ભેદમાંથી અપર્યાપ્તસૂક્ષ્મ, પર્યાપ્તસૂક્ષ્મ, અપર્યાપ્તબાદર, અને પર્યાપ્તબાદર એકેન્દ્રિય એ ૪ ભેદ પ્રાપ્ત થાય, અને ૫૬૩ ભેદમાંના પણ અપર્યાપ્તસૂક્ષ્મપૃથ્વી, પર્યાપ્તસૂક્ષ્મપૃથ્વી, અપર્યાપ્તબાદરપૃથ્વી, અને પર્યાપ્તબાદરપૃથ્વી એ ૪ ભેદ છે.

(૧૮) **પર્યાપ્તિ** ૪—પૃથ્વીજીવોને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ એ ચાર પર્યાપ્તિઓ હોય છે.

(૧૯) **પ્રાણ** ૪—પૃથ્વીજીવોને ઉચ્છવાસ, આયુષ્ય, સ્પર્શેન્દ્રિય અને કાયયોગ એ ચાર પ્રાણ હોય છે.

---

૧. જેમ સર્પના મણીનો પૃથ્વીજીવ અને છીપના મોતીનો પૃથ્વીજીવ સચિત્ત સર્પના અને છીપના શરીરનો આહાર કરે છે, તે સચિતઆહાર, પ્રથમ ચવી ગયેલા જીવવાળા પૃથ્વીકલેવરમાં ભળે જે પૃથ્વીજીવ ઉત્પન્ન થાય તે વખતે અચિત્તઆહાર, અને મિશ્ર કલેવરમાં ઉત્પન્ન થયેલો પૃથ્વીજીવ મિશ્રઆહાર પણ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૦) **संज्ञा ४-०**—પૃથ્વી જીવોને આહાર, નિદ્રા, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞા છે, અને હેતૂપદેશિકી વિગેરે ૩ સંજ્ઞામાંની એક પણ સંજ્ઞા નથી. તેમાં આહાર સચિત્તાદિ ભેદે પ્રથમ કહ્યો છે, અને નિદ્રા પાંચે પ્રકારની હોય છે, પણ તે અવ્યક્તભાવે હોય છે. નપુંસકવેદ હોવાથી મૈથુનસંજ્ઞા પણ અવ્યક્તભાવે હોય છે, અને પરિગ્રહમાં ધનધાન્યાદિ બાહ્ય ઉપકરણરૂપ પરિગ્રહ નથી, પરન્તુ મમત્વભાવ વિદ્યમાન છે માટે પરિગ્રહસંજ્ઞા પૃથ્વ્યાદિને હોઈ શકે છે.

(૨૧) **उपयोग ३**—પૃથ્વીજીવને બે અજ્ઞાન અને અચક્ષુદર્શન એ ૩ ઉપયોગ છે.

(૨૨) **द्रष्टि १**—સમ્યક્ત્વદ્વારને અનુસારે કર્મગ્રન્થમતે પૃથ્વીજીવો મિથ્યાત્વદ્રષ્ટિ અને સાસ્વાદન સમ્યક્ત્વદ્રષ્ટિવાળા કહી શકાય, પરંતુ દ્રષ્ટિના સંબંધમાં દંડક વિગેરે પ્રકરણકારોએ સિદ્ધાન્તની અપેક્ષાએ એક મિથ્યાત્વ દ્રષ્ટિજ ગણી છે.

(૨૩) **बंध ८-१०९**, (૨૪) **उदय ८-७९**, (૨૫) **उदीरणा ८-७९**, (૨૬) **सत्ता ८-१४५** (જીનનામ, દેવાયુ, નરકાયુ વિના)—સુગમ છે.

(૨૭) **शरीर ३**—ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર છે.

(૨૮) **बंधहेतु ४-३४**—મૂળબંધહેતુ ચારે હોય, અને ઉત્તરબંધહેતુમાં ૧ અનાભોગ મિથ્યાત્વ, ૧ ઇન્દ્રિય અવિરતિ, ૬ કાયવધ, બે વેદવિના ૨૩ કષાય, ૨ ઔદારિકયોગ, અને કાર્મણકાયયોગ એ સર્વ મળી ૩૪ ઉત્તરબંધહેતુ હોય છે.

(૨૯) **ध्यान ०**—મનના અભાવે એકેન્દ્રિયાદિ અસંજ્ઞિને ધ્યાન ન હોય.

(૩૦) **संघयण ०**—હાડના અભાવે સંઘયણ નથી.

(૩૧) **संस्थान १**—એકેન્દ્રિયોને ૧ હુંડક સંસ્થાન છે, તે પણ પૃથ્વીને મસૂરના આકારનું પ્રથમ કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૨) **સમુદ્ઘાત** ૩—વેદના, મરણ, અને કષાય એ ૩ સમુદ્ઘાત છે.

(૩૩) **ભાવ** ૩-૨૫—પૃથ્વીજીવોને ક્ષયોપશમ, ઔદયિક અને પારિણામિક એ ૩ મૂળભાવ છે, અને ઉત્તર ભાવમાં ક્ષયોપશમભાવે દાનાદિલબ્ધિ ૫, ઉપયોગ ૩ એ ૮ છે, તથા ઔદયિકભાવે ૩ ગતિ, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને સ્ત્રી-પુરૂષવેદ એ ૭ વિના ૧૪ ઔદયિકભાવ, તથા પારિણામિકભાવ ૩ મળીને ૨૫ ઉત્તરભાવ છે.

(૩૧) **અવગાહના**—જઘન્ય અવગાહના અને ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, પણ જઘન્યથી ઉત્કૃષ્ટ અંગુલાંશ વધુ મોટો જાણવો. કાંકરો અથવા શિલારૂપ પૃથ્વીનું શરીર મોટું છે છતાં ઉત્કૃષ્ટતા અંગુલનો અસંખ્યાતમો ભાગ કેમ કહ્યો ? એ શંકાના સમાધાનમાં સમજવાનું એ છે કે એક કાંકરો અથવા એક શિલા તે પૃથ્વીનું એક શરીર નથી પણ અસંખ્ય પૃથ્વીજીવોના અસંખ્ય શરીરનો પિંડ છે. એ પ્રમાણે જળ, અગ્નિ અને વાયુ જીવોના શરીરમાં પણ સમજવું, પરન્તુ વનસ્પત્યાદિના શરીર માટે તેમ નથી. તથા ઉત્તરદેહના અભાવે ઉત્તરદેહાવગાહના છે નહિ, અને સમુદ્ઘાતકૃત અવગાહના મરણસમુદ્ઘાતની અપેક્ષાએ દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ છે.

(૩૫) **સ્થિતિ**—જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત (૨૫૬ આવલિકા) અને ઉત્કૃષ્ટ આયુષ્ય રત્ન વિગેરે કઠીન પૃથ્વીનું ૨૨૦૦૦ વર્ષનું છે, કોમળ માટીનું ૧૦૦૦ વર્ષ, રેતીનું ૧૪૦૦૦ વર્ષ, મણસીલાદિકનું ૧૬૦૦૦ વર્ષ, અને કાંકરા હરિતાલ સુરમાદિકનું ૧૮૦૦૦ વર્ષનું આયુષ્ય છે.

તથા જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય કાળચક્ર એટલે અસંખ્ય અવસર્પિણી અને અસંખ્ય ઉત્સર્પિણી સુધી વારંવાર પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય ત્યારબાદ પૃથ્વીપણું પલટાઈ અવશ્ય અપ્કાયાદિપણું પ્રાપ્ત થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) **योनि**—પૃથ્વી જીવોને ઉત્પન્ન થવાના સ્થાનરૂપ યોનિ સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન આશ્રયિ ૭ લાખ (૭૦૦૦૦૦) પ્રકારની છે. તેમાં મૂળભેદ ૩૫૦ છે, તેને ૫ વર્ણથી ગુણતાં ૧૭૫૦ થાય તેને ૨ ગંધથી ગુણતાં ૩૫૦૦ થાય, તેને ૫ રસે ગુણતાં ૧૭૫૦૦થાય, તેને ૮ સ્પર્શવડે ગુણતાં ૧૪૦૦૦૦ થાય, તેને પાંચ સંસ્થાન દીર્ઘ, વૃત્ત, ત્ર્યસ્ત્ર, ચતુરસ્ત્ર અને પરિમંડળથી ગુણતાં, પૃથ્વીની યોનિ ૭૦૦૦૦૦ થાય. વળી પૃથ્વીની સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિઓ છે, અને સંવૃતાદિ ૩ ભેદમંથી એક સંવૃતયોનિજ છે, વળી શીતાદિ ૩ ભેદે પૃથ્વી-યોનિ છે, અને શંખાવર્ત્તાદિ ૩ ભેદમાંની એક પણ યોનિ નથી.

इति पृथ्वीकाये ३६ द्वारप्राप्तिः समाप्ता.

અપ્કાયમાં.

અપ્કાયમાં ગતિ વિગેરે ૩૧ દ્વારો પૃથ્વીકાયવત્ છે, પરન્તુ જે ૫ દ્વારમાં તફાવત છે, તે નીચે પ્રમાણે જાણવો.

(૩) **काय** ૧—અપ્કાય છે.

(૨૪) **उदय** ૮-૭૮—આતપવિના પૃથ્વીવત્.

(૨૫) **उदीरणा** ૮-૭૮—ઉદયવત્.

(૩૫) **स्थिति**—પાણીના જીવોનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૦૦૦ વર્ષનું છે. અર્થાત્ કોઈ નિર્વ્યાઘાતસ્થાને રહેલા ઘનોદધ્યાદિ જળમાં જળકાયી જીવ ૭૦૦૦ વર્ષ સુધી રહી તે શરીરમાંથી ચવી જાય છે. તેમજ જળના જીવોની જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય કાળચક્ર પ્રમાણ છે.

(૩૬) **योनि**—યોનિના ભેદ પૃથ્વીકાય પ્રમાણેજ છે, પરન્તુ વિશેષ એ છે કે જળની યોનિ એટલે ઉત્પતિસ્થાન વાયુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ શ્રી સૂયગડાંગ સૂત્રના આહારપરિજ્ઞા નામના અધ્યાયમાં કહ્યું છે. જળ વાયુમાંથી[1] બને છે, માટે વાયુ એ જળની યોનિ છે.

અગ્નિકાય તથા વાયુકાયમાં.

અગ્નિકાય અને વાયુકાયમાં ૧૮ દ્વારોની પ્રાપ્તિ પૃથ્વીકાયવત્ છે, બાકીનાં જે દ્વારોમાં તફાવત છે તે દ્વારો નીચે પ્રમાણે જાણવાં—

(૩) **काय** ૧—અગ્નિજીવોની અગ્નિકાય, અને વાયુ જીવોની વાયુકાય છે.

(૪) **योग** ૩-૫—અગ્નિજીવોને પૃથ્વીવત્ ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ એ ૩ યોગ છે, અને વાયુ જીવોને વૈક્રિય અને વૈક્રિયમિશ્ર સહિત ૫ યોગ છે. કારણકે કેટલાએક લબ્ધિપર્યાપ્ત બાદર વાયુ જીવોને ભવ સ્વભાવેજ વિકુર્વણા શક્તિ હોઇ શકે છે, પરન્તુ એ જીવોને વ્રત તપાદિથી વિકુર્વણાલબ્ધિ હોતી નથી માટે ગુણ પ્રત્યયિક વૈક્રિયલબ્ધિ નહિ.

(૭) **ज्ञान** ૦—ઉપશમ સમ્યક્ત્વથી પડતો કોઇપણ જીવ સાસ્વાદન સહિત અગ્નિ અને વાયુમાં ઉત્પન્ન થાય નહિ માટે બન્ને મતે સાસ્વાદનપણું અને જ્ઞાન હોય નહિ, જેથી એકલાં બે અજ્ઞાનજ હોય છે.

(૧૧) **लेश्या** ૩—કોઇપણ દેવ અગ્નિમાં અને વાયુમાં ઉત્પન્ન થાય નહિ તેથી દેવભવમાંથી આવતી તેજો લેશ્યા પણ આ બે કાયના જીવોને હોય નહિ, માટે પ્રથમની ૩ અશુભ લેશ્યાઓજ હોય છે.

---

૧. વાયુમાંથી જળ બને છે એ પ્રાચીન શાસ્ત્રની વાત વર્તમાનકાળમાં રસાયણ વિજ્ઞાનીઓ પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવે છે, તેઓ ચાર જાતનો વાયુ માને છે, તેમાંથી હાયડ્રોજન અને નાયટ્રોજન નામના બે વાયુ એકત્ર કરવાથી જળનાં બિંદુ ટપકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩) **सम्यक्त्व १**—ઉક્ત રીતીએ સાસ્વાદન સમ્યક્ત્વ પણ નહિ હોવાથી આ બન્ને પ્રકારના જીવોને બન્ને મતે માત્ર મિથ્યાત્વજ હોય છે.

(૧૬) **गुणस्थान १**—ઉક્ત રીતીએ બન્ને મતે સાસ્વાદન સમ્યક્ત્વ નહિ હોવાથી માત્ર એક મિથ્યાત્વ ગુણસ્થાન હોય છે.

(૨૩) **बंध**, (૨૪) **उदय**, (૨૫) **उदीरणा** અને (૨૬) **सत्ता**—મૂળપ્રકૃતિ સંબંધિ આઠે કર્મનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા છે, પરન્તુ ઉત્તરપ્રકૃતિને અંગે બન્ને જીવોને ૧૦૫ પ્રકૃતિનો બંધ, ૭૬ પ્રકૃતિનો ઉદય, ૭૬ પ્રકૃતિની ઉદીરણા અને ૧૪૪ પ્રકૃતિની સત્તા અગ્નિને હોય છે. અને વાયુને વૈ૦ સહિત ૭૭ નો ઉદય અને ૭૭ ની ઉદીરણા છે. શેષ સર્વ અગ્નિવત્

(૨૭) **शरीर ३-४**—અગ્નિને ત્રણ અને વાયુને ચાર શરીરછે.

(૨૮) **बंधहेतु ४-३४ (३६)**—મૂળબંધહેતુ ચારે હોય અને ઉત્તરબંધહેતુમાં અગ્નિકાયને પૃથ્વીવત્ ૩૪, અને વાયુકાયને વૈક્રિયદ્વિકરૂપ બે યોગ અધિક હોવાથી ૩૬ બંધહેતુ હોય.

(૩૧) **संस्थान १**—અગ્નિનું હુંડક સંસ્થાન છે, અને તે હુંડક સોયના સમૂહ સરખું છે, તેમજ વાયુનું હુંડકસંસ્થાન ધ્વજાના આકારનું છે, વાયુના ઉત્તરવૈક્રિય શરીરનું પણ ધ્વજાકાર સંસ્થાન છે.

(૩૨) **समुद्घात ३-४**—અગ્નિને ત્રણ, અને વાયુને વૈક્રિય સહિત ચાર સમુદ્ઘાત છે.

(૩૩) **भाव ३-२४**—મૂળભાવ ઔદયિક, ક્ષયોપશમ અને પારિણામિક એ ૩ પ્રકારે છે, અને ઉત્તરભાવ તેજો લેશ્યા રહિત (પૃથ્વીવત્) ૨૪ ભાવ છે, કારણકે અગ્નિ-વાયુમાં દેવની ઉત્પત્તિ નહિ હોવાથી પૂર્વે કહ્યા પ્રમાણે તેજો લેશ્યાનો અભાવ છે.

(૩૪) **अवगाहना**—વાયુકાયની ઉત્તર દેહાવગાહના બન્ને પ્રકારે અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. શેષ સ્વરૂપ પૃથ્વીવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૫) સ્થિતિ—અગ્નિ અને વાયુનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ આયુષ્ય અગ્નિનું ૩ દિવસનું અને વાયુનું ૩૦૦૦ વર્ષનું છે. તેમજ જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યકાળચક્ર પ્રમાણ છે.

(૩૬) योनि—શીતાદિ ૩ ભેદમાંથી વાયુની યોનિ ત્રણે પ્રકારની છે, અને અગ્નિની ઉષ્ણયોનિ[1] છે, શેષ સર્વ વક્તવ્યતા પૃથ્વીવત્ જાણવી.

इति अग्निवायुद्वारयोः ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧. શંકા—દીવાસળી વિગેરે પદાર્થોમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે માટે અગ્નિની યોનિ ગંધક વિગેરે છે, અને તે ચીજો શીત અથવા તો શીતોષ્ણ છે, તો અગ્નિની શીત અથવા શીતોષ્ણયોનિ કેમ ન ગણુવી ?

ઉત્તર—તે ચીજો જોકે શીત વા શીતોષ્ણ છે, પરન્તુ તેમાંથી સર્વદા અગ્નિ પ્રગટતો નથી, ઘર્ષણાદિ પ્રયોગથી જ્યારે તે ચીજોમાં એકદમ ઉષ્ણતા વધી જાય છે ત્યારેજ અગ્નિ પ્રગટે છે, માટે સાબીત થાય છે કે સર્વજ્ઞોના કહેવા પ્રમાણે અગ્નિની ઉષ્ણયોનિજ છે.

શંકા—અગ્નિ સચિત્તાદિ ત્રણે પ્રકારની યોનિવાળો કેવી રીતે કહેવાય ?

ઉત્તર—સમુદ્રદ્રાદિકમાંથી પેદા થતો વડવાનળ તથા ઇન્દ્રના વજ્રમાંથી અને ચક્રવર્ત્યાદિના ચક્રમાંથી પેદા થતો અગ્નિ સચિત્ત યોનિવાળો છે, બે સુકા કાષ્ટાદિકના ઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ, તથા આકાશમાં ઉત્પન્ન થતો ઉલ્કાપાત વિગેરે અગ્નિ અચિત્તયોનિવાળો છે, અને કંઇક સચિત્ત તથા કંઇક મિશ્ર એવા પદાર્થોમાંથી ઉત્પન્ન થતો અગ્નિ મિશ્રયોનિવાળો છે. એ પ્રમાણે અગ્નિને ઉત્પન્ન થવાના સ્થાનરૂપ સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપ ત્રણે પ્રકારની યોનિ શ્રી સૂયગડાંગ સૂત્રના આહારપરિજ્ઞા અધ્યયનમાં કહી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનસ્પતિકાયમાં.

વનસ્પતિકાયનાં[1] ૨૯ દ્વાર પૃથ્વીકાયવત્ છે, અને બાકીનાં જે ૭ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

(૩) **કાય ૧**—વનસ્પતિ જીવોની વનસ્પતિનિકાય છે.

(૧૭) **જીવભેદ ૪-૬**—પાંચસો ત્રેસઠ જીવભેદને અંગે વનસ્પતિના અપર્યાપ્તસૂક્ષ્મ સાધારણ વનસ્પતિ, પર્યાપ્તસૂક્ષ્મ સાધારણ વનસ્પતિ, અપર્યાપ્તબાદર સાધારણ વનસ્પતિ, પર્યાપ્તબાદર સાધારણ વનસ્પતિ, અપર્યાપ્તબાદર પ્રત્યેક વનસ્પતિ અને પર્યાપ્તબાદર પ્રત્યેક વનસ્પતિ એ ૬ ભેદછે. તેમજ ૧૪ જીવભેદને અંગે તો પૃથ્વીકાયવત્ ચારજ જીવભેદ છે.

(૨૪) **ઉદય**, (૨૯) **ઉદીરણા ૮૦૭૯**.—સાધારણ સહિત, પણ આતપ વિના પૃથ્વીકાયવત્.

(૩૪) **અવગાહના**—વનસ્પતિની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનથી કંઈક અધિક છે. એ સાધિક[2] ૧૦૦૦ યોજન પ્રમાણનું શરીર હજાર યોજન ઉંડા સમુદ્રમાં રહેલા કમળની નાળ વિગેરેનું છે. વળી એવાં વનસ્પતિકાયી કમળ વિગેરે તે સમુદ્રના ગોતીર્થ સ્થાને જાણવાં અન્યથા પ્રમાણાંગુલી ૧૦૦૦ યોજનની ઉંડાઈમાં ઉત્સેધાંગુલી કાયાવાળાં કમળ ૧૦૦૦ યોજનથી ઘણી અધિક અવગાહનાવાળાં થઈ જાય. અને જે સ્થાન ઉત્સેધાંગુલી ૧૦૦૦ યોજન કરતાં પણ અધિક ઉંડાઈવાળું છે, તેવે સ્થાને રહેલી કમળ વિગેરે

---

૧. વનસ્પતિકાયમાં જે દ્વારો વિશેષતઃ પૃથ્વીકાયતુલ્ય છે તે તુલ્યતા પ્રત્યેકવનસ્પતિને અંગે વિશેષ છે, અને સાધારણ વનસ્પતિ સંબંધિ ઘણાં દ્વારોમાં જે વિશેષ તફાવત છે તે સ્વતઃ વિચારવો.

૨. જળની સપાટીથી કમળ જેટલું ઉંચું રહે તેટલી અધિકતા જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનસ્પતિઓ વનસ્પતિકાય જીવોમય નથી પણ પૃથ્વીકાય જીવોમય છે.[1]

(૩૯) **સ્થિતિ**—વનસ્પતિનું જઘન્ય આયુષ્ય ક્ષુલ્લકભવ (૨૫૬ આવલિકા) પ્રમાણ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય (પ્રત્યેક વનસ્પતિનું) ૧૦૦૦૦ (દશહજાર) વર્ષ પ્રમાણ છે. તે પણ સ્કંધના—થડના (અથવા આખા વૃક્ષમાં વ્યાપી રહેલા) જીવનું છે, પરન્તુ શેષ મૂળ વિગેરે ૯ અંગમાંના કોઈપણ અવયવી જીવનું એવડું મોટું આયુષ્ય નથી.[2] વિશેષ તો ગ્રંથાન્તરથી જાણવો.—તેમજ જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો તેટલાં પુદ્ગલપરાવર્ત્ત એટલે અનંતકાળ પ્રમાણ છે. તે વ્યવહારરાશીમાં આવેલ વનસ્પતિને અંગે એ કાયસ્થિતિ છે, અન્યથા જે વનસ્પતિજીવો અનાદિ કાળથી સૂક્ષ્મનિગોદમાંથી નિકળ્યા નથી અને નિકળવાના નથી

---

૧. ભાવાર્થ એ છે કે લવણઆદિ સમુદ્રોની ઉંડાઈ પ્રમાણાંગુલના માનથી ૧૦૦૦ યોજન પ્રમાણ છે, અને કમળ વિગેરેની ઉંચાઈ ઉત્સેધાંગુલના માપથી ૧૦૦૦ યોજન પ્રમાણ છે, તેમજ ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણાંગુલ ૨।। ગણું [મતાન્તરે ૪૦૦ વા ૧૦૦૦ ગણું] મોટું છે. જેથી પ્રમાણાંગુલવાળી ૧૦૦૦ યોજનની ઉંડાઈમાં ઉત્સેધાંગુલી ૧૦૦૦ યોજનની કાયાવાળી વનસ્પતિ કેમ સંભવે? તેનો ઉત્તર એજ કે સમુદ્રમાં જે જે સ્થાને ઉત્સેધાંગુલના માપવાળી ૧૦૦૦ યોજનની ઉંડાઈ છે તે તે સ્થાને રહેલી મહાકાયાવાળી વનસ્પતિઓનું શરીર ૧૦૦૦ યોજન પ્રમાણ છે, અને સમુદ્રમાં ઉત્સેધાંગુલના માપવાળી ૧૦૦૦ યોજન ઉંડાઈથી અધિક (યાવત્ પ્રમાણાંગુલી ૧૦૦૦ યોજન સુધીની) ઉંડાઈવાળા સ્થાનોમાં રહેલી વનસ્પતિઓ આકાર માત્રથી વનસ્પતિ છે, પરન્તુ વાસ્તવિક રીતે તો જંબૂવૃક્ષ અને શ્રી દેવીના કમળવત્ પૃથ્વીનિકાયી (પૃથ્વીકાય જીવમય) વનસ્પતિઓ છે.

૨. એ કારણથી કોઈક વડ વિગેરે વૃક્ષો ૧૦ હજાર વર્ષથી અધિક વર્ષનાં હોય તો જાણવું કે વૃક્ષવ્યાપી એવા અન્ય અન્ય જીવોની ઉત્પત્તિ હોવાથી એક વૃક્ષ લાખો વર્ષ સુધી ટકી રહે તોપણ વિચારવા જેવું કંઈ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવા વનસ્પતિજીવોને અંગે અનાદિ અનંત કાયસ્થિતિ છે, અને જે જીવો અનાદિનિગોદમાંથી નિકળ્યા નથી પણ નિકળવાના છે તે જીવોને અંગે અનાદિ સાન્ત કાયસ્થિતિ છે. એમ વનસ્પતિ જીવોની કાયસ્થિતિ ૩ પ્રકારની છે.

(૩૬) **योनि**—વનસ્પતિ જીવોમાં પ્રત્યેકવનસ્પતિકાયને ઉત્પન્ન થવાની ૧૦ લાખ યોનિ છે, અને સાધારણ વનસ્પતિને ઉત્પન્ન થવાની ૧૪ લાખ યોનિ છે, તેથી સર્વ મળી ૨૪ લાખ યોનિ છે. વળી સચિત્તાદિ યોનિભેદોની વક્તવ્યતા પૃથ્વીકાયવત્ જાણવી. તેમજ સ્થૂળ વ્યવહારે જે બાદર વનસ્પતિઓ શીયાળામાં પુષ્પ ફળ અને નવપલ્લવાળી થાય છે તે વનસ્પતિના જીવો શીતયોનિવાળા જાણવા, અને જે વનસ્પતિઓ ઉષ્ણઋતુમાં પુષ્પ ફળ અને પલ્લવયુક્ત થાય છે તે વનસ્પતિના જીવો ઉષ્ણયોનિવાળા જાણવા, તેમજ શીતોષ્ણ ઋતુમાં (વર્ષાકાળમાં) નવપલ્લવીત થતી વનસ્પતિઓ શીતોષ્ણયોનિવાળી જાણવી.—વળી **जत्थ जलं तत्थ वणं** એટલે જ્યાં જ્યાં જળ ત્યાં ત્યાં વનસ્પતિની યોનિ કહી તે બાદર પ્રત્યેક અને બાદર સાધારણ વનસ્પતિને અંગે જાણવી, કારણકે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ તો સર્વ લોકમાં સદાકાળ વ્યાપ્ત છે.

इति वनस्पतिद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

ત્રસકાયમાં.

(१) **गति ४**—ચારે ગતિના જીવો ત્રસ હોઇ શકે છે, માટે ત્રસકાયમાં ચારે ગતિનો અંતર્ભાવ થાય છે. તેમાં સર્વ દેવ, સર્વ નારક, સર્વ મનુષ્ય અને એકેન્દ્રિય સિવાયના સર્વ તિર્યંચો ત્રસ નિકાયવાળા છે.

(२) **इन्द्रिय २–३–४–५**—ત્રસકાયના જીવો દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ ચાર જાતિના હોવાથી જાતિ ચાર અને ઈન્દ્રિયો પાંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) **काय १**—ત્રસકાયી જીવોને એક પોતાની ત્રસકાય હોય છે.

(૪) **योग ३-१५**—ત્રસકાયી જીવો ચારે ગતિના હોવાથી અનેક જીવોની અપેક્ષાએ અથવા મનુષ્યગતિ માત્રની અપેક્ષાએ ત્રસકાયમાં મૂળ ત્રણ યોગ અને ઉત્તર ભેદે ૧૫ યોગ હોય છે.

(૫) **वेद ३**—ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચો ત્રણે વેદવાળા હોવાથી ત્રસકાયમાં ત્રણે વેદ હોય છે.

(૬) **कषाय ४-२५**—૨૩ કષાય તો દ્વીન્દ્રિયાદિકને પણ હોય છે, અને ગર્ભજ મનુષ્યને તથા ગર્ભજ તિર્યંચોને સ્ત્રી વેદ અને પુરૂષ વેદ હોવાથી ત્રસકાયમાં ચાર મૂળ કષાય અને ઉત્તર ભેદે પચીસ કષાય હોય છે.

(૭) **ज्ञान ५**—ત્રસ નિકાયમાં (મનુષ્યને) પાંચે જ્ઞાન હોય છે.

(૮) **अज्ञान ३**—ત્રસકાયમાં ત્રણે અજ્ઞાન છે, કારણકે ગર્ભજ મનુષ્ય, ગર્ભજ તિર્યંચ, દેવ, અને નારકને ત્રણે અજ્ઞાન હોય છે.

(૯) **संयम ७**—ત્રસકાયમાં ૭ પ્રકારનાં ચારિત્ર છે, કારણકે ગર્ભજ મનુષ્યમાં સાતે ચારિત્ર પ્રાપ્ત થાય છે.

(૧૦) **दर्शन ४**—ત્રસકાયમાં ૪ દર્શન છે, કારણકે ગર્ભજ મનુષ્યને ચારે દર્શન હોય છે.

(૧૧) **लेश्या ६**—ત્રસકાયમાં છએ લેશ્યા છે, કારણકે ગર્ભજ મનુષ્ય, ગર્ભજ તિર્યંચ, અને દેવને છએ લેશ્યા હોય છે.

(૧૨) **भव्य २**—ત્રસકાયી જીવો ભવ્ય અને અભવ્ય બન્ને છે.

(૧૩) **सम्यक्त्व ६**—ત્રસકાયમાં સર્વે સમ્યક્ત્વ છે, કારણકે ગર્ભજમનુષ્ય દેવ અને નારકને છએ સમ્યક્ત્વ હોય છે.

(૧૪) **संज्ञित्व २**—ત્રસકાયી જીવો સંજ્ઞિ અને અસંજ્ઞિ એમ બન્ને પ્રકારના છે, કારણકે દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમુર્ચ્છિમ તિર્યંચપંચેન્દ્રિય, અને સંમુર્ચ્છિમ મનુષ્ય એ સર્વ અસંજ્ઞિ છે. શેષ ગર્ભજ, દેવ, અને નારક સર્વે સંજ્ઞિ છે.

(૧૯) **आहारक** ૨—ત્રસકાયી જીવો વક્રગતિમાં ૧ સમય અનાહારી હોય છે, તેનો વિચાર દ્વીન્દ્રિયમાં દ્વારપ્રાપ્તિ પ્રસંગે દર્શાવેલ છે, અને કેવલી સમુદ્‌ઘાતમાં કેવળી ભગવાન ૩–૪–૫ મે સમયે તથા અયોગી કેવલી અન્તર્મુહૂર્ત્ત સુધી અનાહારી હોયછે, શેષ કાળમાં ત્રસ જીવો સર્વદા આહારીજ હોયછે–વળી ઓજ વિગેરે ત્રણે પ્રકારનો આહાર હોય છે, તેમાં શરીર પર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી ઓજ આહાર, તે અનાભોગિક હોય છે, અને શરીર પર્યાપ્તિ સમાપ્ત થયા બાદ લોમ આહાર આભોગિક અને અનાભોગિક બન્ને પ્રકારે હોય છે, તેમજ દેવ નારક સિવાયના ત્રસ જીવોને કવલ આહાર તે આભોગિક હોય છે. વળી ત્રસજીવો ત્રસનાડીમાંજ છે, અને ત્રસનાડી લોકના મધ્યમાં હોવાથી ત્રસ જીવોને સંપૂર્ણ છએ દિશિનો આહાર મળે છે. તથા સચિત્તાદિ ત્રણે પ્રકારનો પણ આહાર હોય છે.

(૧૬) **गुणस्थान** ૧૪—ત્રસકાયમાં મનુષ્યની અપેક્ષાએ સર્વે ગુણસ્થાનો પ્રાપ્ત થાય છે.

(૧૭) **जीवभेद** ૧૦–૫૪૧—ત્રસકાયી જીવો ૧૪ જીવભેદોમાંથી ૧૦ જીવભેદવાળા છે, કારણકે એકેન્દ્રિયના ૪ ભેદ ન હોય. અને ૫૬૩ ભેદોમાંથી ૫૪૧ ભેદવાળા છે, કારણકે એકેન્દ્રિયના ૨૨ ભેદ સિવાયના સર્વે જીવભેદો ત્રસજીવનાજ છે.

(૧૭) **पर्याप्ति** ૬—ત્રસકાયી જીવોને છએ પર્યાપ્તિ હોય છે, કારણકે સંજ્ઞિજીવોને ૬ પર્યાપ્તિ છે, અને સંજ્ઞિજીવો ત્રસ છે.

(૧૯) **प्राण** ૧૦—ત્રસકાયી જીવોને ૧૦ પ્રાણ છે.

(૨૦) **संज्ञा** ૪–૩—ત્રસકાયી જીવોને આહારાદિ ચારે પ્રકારની સંજ્ઞા છે, અને હેતૂપદેશિકી વિગેરે ૩ પ્રકારની સંજ્ઞા પણ છે, ત્હેમાં કરણપર્યાપ્ત અસંજ્ઞિત્રસને માત્ર હેતૂપદેશિકી, અને કરણપર્યાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંજ્ઞિત્રસમાં સમ્યગ્દૃષ્ટિ જીવોને દીર્ઘકાલિકી તથા દ્રષ્ટિવાદોપદેશિકી બન્ને સંજ્ઞાઓ છે, અને મિથ્યાદૃષ્ટિ કરણપર્યાપ્ત સંજ્ઞિત્રસ જીવોને માત્ર દીર્ઘકાલિકી સંજ્ઞા છે. માટે અનેક જીવોની અપેક્ષાએ ત્રસકાયમાં હેતૂપદેશિકી આદિ ત્રણે સંજ્ઞાઓ છે.

(૨૧) **ઉપયોગ** ૧૨—ત્રસકાયી જીવોમાં (મનુષ્યને) બારે ઉપયોગ હોય છે.

(૨૨) **દ્રષ્ટિ** ૩—ત્રસ જીવો મિથ્યાત્વ, સમ્યક્ત્વ, અને મિશ્ર એ ત્રણે સમ્યક્ત્વવાળા છે, તેથી ૩ દૃષ્ટિવાળા છે. તેમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે દૃષ્ટિ સમુચ્છિમ મનુષ્ય સિવાયના દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિને હોય અને ગર્ભજસંજ્ઞિને ત્રણે દૃષ્ટિ છે.

(૨૩) **બંધ** ૮-૧૨૦—મૂળ પ્રકૃતિ અંગે આઠે કર્મનો બંધ અને ઉત્તર પ્રકૃતિ સંબંધિ અનેક જીવ તથા અનેક ગુણસ્થાન આશ્રયિ ૧૨૦ પ્રકૃતિઓનો બંધ હોય છે.

(૨૪) **ઉદય**, (૨૫) **ઉદીરણા** ૮-૧૨૨—મૂળ પ્રકૃતિ અંગે આઠ કર્મનો ઉદય અને આઠ કર્મની ઉદીરણા છે, તેમજ ઉત્તર પ્રકૃતિ અંગે સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, અને એકેન્દ્રિય એ પાંચ વિના ૧૧૭ કર્મનો ઉદય તથા ૧૧૭ કર્મની ઉદીરણા અનેક જીવ અને અનેક ગુણસ્થાન આશ્રયિ છે.

(૨૬) **સત્તા** ૮-૧૪૮—મૂળ પ્રકૃતિ અંગે ૮ કર્મની સત્તા, અને ઉત્તર પ્રકૃતિઅંગે અનેક જીવ અને અનેક ગુણસ્થાનોની અપેક્ષાએ ૧૪૮ કર્મની સત્તા હોય.

(૨૭) **શરીર** ૫—ત્રસકાયી જીવોને પાંચે શરીર છે, કારણકે મનુષ્યને પાંચે શરીર હોય છે.

(૨૮) **બંધહેતુ** ૪-૫૭—ત્રસકાયમાં મૂળબંધહેતુ ૪ અને ઉત્તરબંધહેતુ ૫૭ છે. કારણકે મનુષ્યને સર્વ ઉત્તરબંધહેતુની પ્રાપ્તિ છે. વળી મનુષ્યગતિમાં એક મનુષ્યને એક વખતે એક મિથ્યાત્વ હોય અને અનેક મનુષ્ય આશ્રયિ અથવા એક મનુષ્યને અનેકકાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ્રયિ પાંચેમિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય, અને ૧૫ યોગ એ સર્વ મળી ૫૭ ઉત્તરબંધહેતુ હોય છે.

(૨૯) **ધ્યાન ૧૬**—ત્રસકાયમાં મનુષ્ય આશ્રયિ ધ્યાનના સર્વે ભેદ પ્રાપ્ત થાય છે, તેમાં દેશવિરતિ ગુણસ્થાન સુધીના સર્વ મનુષ્યોને આર્ત્ત ૪ અને રૌદ્ર ૪ એ ૮ ધ્યાન હોય છે, અને પ્રમત્તે આર્ત્તધ્યાનના અગ્રશોચ વિના પ્રથમના ૩ ભેદ પ્રાપ્ત થાય છે, અપ્રમત્તે ફક્ત ૪ ધર્મધ્યાન છે. અપૂર્વકરણ ગુણસ્થાન, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપરાય અને ઉપશાન્તમોહ એ ૪ માં પૃથક્ત્વવિતર્ક સવિચાર નામનું પ્હેલું શુકલધ્યાન છે, ક્ષીણમોહે એકત્વવિતર્ક અવિચાર નામે બીજું શુકલધ્યાન, સયોગીગુણસ્થાને યોગનિરોધકાળે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાત નામે ત્રીજું શુકલધ્યાન, અને અયોગીઅવસ્થામાં વ્યવછિન્નક્રિયા અપ્રતિપાતી નામે ચોથું શુકલધ્યાન છે-(ઇતિ ગુણસ્થાનક્રમાનુરોહે)

(૩૦) **સંઘયણ ૬**—ત્રસકાયમાં તિર્યંચ અને મનુષ્ય આશ્રયિ છએ સંઘયણો ભિન્ન ભિન્ન જીવની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે.

(૩૧ **સંસ્થાન ૬**—ત્રસકાયમાં તિર્યંચ અને મનુષ્ય આશ્રયિ ભિન્ન ભિન્ન જીવની અપેક્ષાએ ૬ સંસ્થાનો પ્રાપ્ત થાય છે.

(૩૨) **સમુદ્ઘાત ૭**—મનુષ્યની અપેક્ષાએ ત્રસકાયમાં સાતે સમુદ્ઘાત છે.

(૩૩) **ભાવ ૫-૫૩**—ત્રસકાયમાં મનુષ્ય આશ્રયિ ૩ ગતિ સિવાયના સર્વભાવ અને દેવની દેવગતિ, ત્રસતિર્યંચની તિર્યંચગતિ અને નારકની નરકગતિ સહિત ત્રસકાયમાં સર્વે ૫૩ ભાવ પ્રાપ્ત થાય છે. તેમજ મૂળભાવ પાંચે હોય છે.

(૩૪) **અવગાહના**—ત્રસકાયી જીવની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ અવગાહના મૂળ દેહ આશ્રયિ ૧૦૦૦ યોજન પ્રમાણ છે, એવી મોટી કાયાવાળા ગર્ભજ જળચર મચ્છ તથા સર્પ વિગેરે જીવો સ્વયંભૂરમણ સમુદ્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. અને ઉત્તરવૈક્રિય આશ્રયિ ગર્ભજ મનુષ્યનું વૈક્રિયશરીર ૪ અંગુલ અધિક ૧ લાખ (૧૦૦૦૦૦) યોજન પ્રમાણનું હોય છે. એવડી મહાકાયા શ્રી વિષ્ણુકુમાર મુનિએ મહાપાપી નમુચી પ્રધાનને શિક્ષા આપી સંઘનો ઉપદ્રવ દૂર કરવા માટે કરી હતી. સમુદ્દ્ઘાતકૃત અવગાહના કેવલીસમુદ્દ્ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૯) **સ્થિતિ**—જઘન્ય આયુષ્ય ત્રસજીવોનું ક્ષુલ્લક ભવ (૨૫૬ આવલિકા) પ્રમાણ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુત્તરવાસી દેવ અને સાતમી પૃથ્વીના નારક આશ્રયિ ૩૩ સાગરોપમ પ્રમાણ છે, વળી જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાગર શતપૃથકત્વ (ઘણા સેંકડો સાગરોપમ) જેટલી છે, ત્યારબાદ ત્રસપણું અવશ્ય પલટાય છે.

(૩૬) **યોનિ**—૮૪ લાખ જીવયોનિમાંથી ૫૨ લાખ એકેન્દ્રિય જીવયોનિ સિવાયની ૩૨ લાખ યોનિ ત્રસ નિકાયની છે, તેમજ સંવૃતાદિ ત્રણે ભેદની, શીતાદિ ત્રણે ભેદની, અને સચિત્તાદિ ત્રણે ભેદની યોનિ ભિન્ન ભિન્ન ત્રસજીવોની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે. વળી શંખાવર્ત્તાદિ ત્રણે પ્રકારની યોનિ મનુષ્ય આશ્રયિ હોય છે, માટે ત્રસકાયમાં યોનીઓના સચિત્તાદિ સર્વે ભેદ હોય છે.

इति त्रसकाये ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ (४) योगमार्गणामां ३६ द्वारप्राप्तिः ॥

મનોયોગમાં.

અહિં યોગાદિ માર્ગણાઓમાં વિશેષે કરીને તે તે યોગાદિ માર્ગણાવાળા જીવ આશ્રયિ દ્વારાવતાર થશે, કારણકે યોગ, વેદ, કષાય વિગેરે ગુણ છે પણ પદાર્થ નથી, માટે તે ગુણ જેનામાં હોય તેવા ગુણીને (ગુણવાળા પદાર્થને) આશ્રયિજ દ્વારાવતાર કરી શકાય. અને કેટલાંએક દ્વાર ગુણી પદાર્થને આશ્રયિ નહિ પણ તે તે ગુણને આશ્રયિ કહેવાશે. તેમાં કયું દ્વાર ગુણીને આશ્રયિ છે, અને કયું દ્વાર ગુણ આશ્રયિ છે, તે દ્વારાવતાર પ્રસંગે યથાયોગ્ય સ્વયં વિચારવું. અહિં ૩ મૂળયોગમાં અને પ્રતિભેદ રૂપ ૧૫ યોગમાં દ્વારાવતાર કરવાનો છે, તેમાં પ્રથમ ૩ મૂળયોગમાં દ્વારાવતાર કરતાં મનોયોગમાં ૩૬ દ્વારનો અવતાર નીચે પ્રમાણે જાણવો.

(१) **गति ४**—ચારે ગતિમાં મનોયોગવાળા જીવો છે માટે ગતિ ૪.

(२) **इन्द्रिय ५**—મનોયોગવાળા જીવો એક પંચેન્દ્રિય જાતિનાજ છે, માટે જાતિ એક પંચેન્દ્રિય, અને ઈન્દ્રિયો પાંચે હોય છે.

(३) **काय १**—મનયોગી જીવો ત્રસકાયમાંજ છે માટે કાય ત્રસકાય.

(४) **योग १३**—મનયોગમાં ૧૩ યોગ પ્રાપ્ત થાય છે, કારણકે મનયોગી જીવ ભવ[1] પ્રત્યયિક પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત થયેલો

૧ જન્મતાં જે પર્યાપ્તિઓ કરવી પડે તે જન્મપ્રત્યયિક વા ભવ પ્રત્યયિક પર્યાપ્તિઓ, અને ઉત્તરદેહ સંબંધી પર્યાપ્તિઓ—તે ગુણપ્રત્યયિક પર્યાપ્તિઓ ઇતિ ગ્રંથકર્તૃસંજ્ઞા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે, જેથી ચારે મનોયોગ, ચારે વચનયોગ, ઔદારિક કાયયોગ, વૈક્રિયદ્વિક યોગ તથા આહારકદ્વિકયોગ હોઈ શકે છે. અને ઔદારિક મિશ્ર કાયયોગ, તથા તૈજસકાર્મણ કાયયોગ કેવળી ભગવાનને સમુદ્ઘાત વખતે હોય છે તથા અપર્યાપ્ત જીવનેજ હોય છે, તેથી એ બે કાયયોગને અહિં ગણ્યા નથી, કારણકે તે વખતે મનયોગી ન કહેવાય. વળી પ્રથમ અંગીકાર કરેલો વૈક્રિયમિશ્રયોગ તે દેવનારક સંબંધિ અપર્યાપ્ત અવસ્થાનો નહિ પણ મનુષ્ય, દેવ અને નારક જન્મપર્યાપ્તિ વડે પર્યાપ્ત થયા બાદ ઉત્તરદેહ રચે તે વખતના પ્રારંભનો અને અન્તનો ગ્રહણ કરવો. એ પ્રમાણે મનોયોગીને ૧૩ યોગ[1] હોય છે.

(૫) **वेद**, ३-(६) **कषाय** ४-२५, (७) **ज्ञान** ५, (८) **अज्ञान** ३ —એની સમજ સુગમ છે, કારણકે મનોયોગીને એ સર્વ હોય છે.

(९) **संयम** ७, (१०) **दर्शन** ४, (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६—સુગમ છે.

(१४) **संज्ञित्व** १—સંજ્ઞિપણું હોવાથીજ મનોયોગી જીવ કહેવાય છે. માટે મનોયોગમાં એક સંજ્ઞિપણુંજ હોય.

(१५) **आहारक** १—મનોયોગી જીવ ૬ દિશાનો, સચિત્તાદિ ૩ ભેદનો, લોમ અને કવલ એમ ૨ ભેદનો,[2] તેમજ આભોગાદિ ૨ ભેદનો આહાર કરે છે તેનું વર્ણન ત્રસકાય માર્ગણાવત્. વળી મનોયોગી જીવ અનાહારક ન હોય કારણકે અનાહારકપણું તો કેવલી સમુદ્ઘાતના ત્રીજા ચોથા અને પાંચમા સમયમાં તેમજ અયોગી અવસ્થામાં અને વિગ્રહ ગતિમાં હોય છે, અને તે વખતે મનોયોગ હોતો નથી, માટે મનોયોગે અનાહારીપણું ન હોય.

(१६) **गुणस्थान** १३—મનોયોગી મનુષ્યમાં જોકે ૧૪ ગુણ-

---

૧ મનયોગ લબ્ધિવાળા જીવને એ ૧૩ જાણવા. અન્યથા ઉપયોગ પૂર્વક યોગની અપેક્ષાએ મનયોગે ૪ મનયોગજ હોય.

૨ ઓજ આહાર અપર્યાપ્ત અવસ્થામાં હોય, અને તે વખતે મનોયોગ હોય નહિ માટે લોમ અને કવલ એ બે આહારજ કહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાન છે, પણ અયોગી ગુણસ્થાન સર્વ યોગ રહિત હોવાથી મનોયોગમાં ૧૩ ગુણસ્થાન ગણી શકાય.

(१७) **जीवभेद १-२१२**—ચૌદ જીવભેદોમાંથી સંજ્ઞિપર્યાપ્ત એક જીવભેદ, અને ૫૬૩ માંથી ૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, ૯૯ પર્યાપ્ત દેવ, ૭ પર્યાપ્ત નારક, અને ૫ પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ એ ૨૧૨ જીવભેદ છે.

(१८) **पर्याप्ति ६**, (१९ **प्राण १०**—સુગમ છે.

(२०) **संज्ञा ४-२**—આહારાદિ ચારે સંજ્ઞા છે, તેમજ દીર્ઘ-કાલિકી તથા દૃષ્ટિવાદોપદેશિકી એ બે સંજ્ઞા પણ છે, હેતૂ-પદેશિકીસંજ્ઞા દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિ જીવોને હોવાથી મનોયોગીને ન હોય.

(२१) **उपयोग १२**, (२२) **द्रष्टि ३**—સુગમ છે.

(२३) **बंध ८-१२०**—મૂળ પ્રકૃતિ સંબંધિ ૮ કર્મનો અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ ૧૨૦ પ્રકૃતિનો બંધ મનુષ્ય આશ્રયિ છે.

(२४) **उदय ८-१०९**—મૂળપ્રકૃતિ સંબંધિ ૮ કર્મનો અને ઉત્તરપ્રકૃતિ સંબંધિ ૧૦૯ કર્મનો ઉદય છે. કારણકે સ્થાવર ચતુષ્ક, કુજાતિચતુષ્ક, આતપ, અને આનુપૂર્વિ ૪ એ ૧૩ નો ઉદય મનોયોગીને ન હોય. કારણકે સ્થાવર ચતુષ્કનો તથા આતપનો ઉદય એકેન્દ્રિયને હોય છે, કુજાતિચતુષ્કનો ઉદય એકેન્દ્રિયાદિથી ચતુરિન્દ્રિય સુધીના જીવોને અનુક્રમે હોય છે. અને ૪ આનુપૂર્વિનો ઉદય વિગ્રહગતિમાં હોય છે, તે વખતે મનોયોગ હોય નહિ.

(२५) **उदीरणा ८-१०९**—ઉદયવત્.

(२६) **सत्ता ८-१४८**—મૂળકર્મ ૮ની, અને ઉત્તરકર્મ ૧૪૮ ની સત્તા મનુષ્યાદિ ચારે ગતિના મનોયોગી જીવો આશ્રયિ છે.

(२७) **शरीर ५**—સુગમ છે.

(२८) **बंधहेतु ४-५५**—મનોલબ્ધિવાળા જીવોને સર્વબંધ હેતુ અથવા ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ વિના ૫૫ હોય છે તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણ આગળ કહેવાતા વચનયોગવત્ જાણવું.

(૨૯) **ધ્યાન ૧૪**—મનોયોગીને ધ્યાનના ૧૪ ભેદ હોય. કારણકે અયોગીમાં વર્તનારો શુકલધ્યાનનો ચોથો ભેદ અને યોગનિરોધકાળે વર્તતો ત્રીજો ભેદ અહિં પ્રાપ્ત નથી. શેષ ૧૪ ધ્યાન ત્રસકાયમાં કહેલી પદ્ધતિ પ્રમાણે હોય છે.

(૩૦) **संघयण ६**, (૩૧) **संस्थान ६**, (૩૨) **समुद्घात**[1] ६, (૩૩) **भाव ૫૫૩**—સુગમ છે.

(૩૪) **अवगाहना**—મનોયોગીની જઘન્ય અવગાહના કરણ-પર્યાપ્ત સંજ્ઞિની અપેક્ષાએ અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ અવગાહના સ્વયંભૂરમણસમુદ્રમાં ગર્ભજ મચ્છ અને સર્પાદિના ઔદારિકશરીર આશ્રયિ છે, અને ઉત્તરદેહ આશ્રયિ મનોયોગીની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૧ લાખ યોજનથી ૪ અંગુલ અધિક છે. કારણકે દેવાદિક જીવોના ઉત્તરવૈક્રિય દેહની અવગાહના પ્રારંભમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ નહિ પણ સંખ્યાતમો ભાગ હોય છે, અને ઉત્કૃષ્ટ ૪ અંગુલ અધિક ૧ લાખ યોજન જેટલું ઉત્તર-વૈક્રિયશરીર મનુષ્યજ કરી શકે છે, તથા સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ ૮ રજ્જુ પ્રમાણ છે તે મરણ અને વૈક્રિય સમુદ્ઘાતની અપેક્ષાએ છે. કારણકે સૌધર્મ અથવા ઇશાન સ્વર્ગનો કોઇક દેવ અધોલોકની નીચે બાદરપર્યાપ્ત પૃથ્વીપણે ઉત્પન્ન થવાનો હોય અથવા અચ્યુત સ્વર્ગનો દેવ મિત્રનારકને મળવા ચોથી નરકે જાય, ત્યારે તેનો આત્મા સમુદ્ઘાતવડે ૮ રજ્જુ પ્રમાણ દીર્ઘ થાય છે. ઉપરના સ્વર્ગના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. વળી

---

૧. કેવલીસમુદ્ઘાતના ૮ સમયોમાં મનોયોગ હોય નહિ માટે મનો-યોગે ૬ સમુદ્ઘાત ગણેલ છે, શ્રી વિચારસારગ્રંથમાં ત્રણેયોગે સાત સમુદ્ઘાત ટીકામાં કહ્યા છે તે વિચારવા યોગ્ય છે, અથવા મનોયોગીની અપેક્ષાએ લબ્ધિભાવે ૭ સમુદ્ઘાત ગણી શકાય પણ તે વિશેષ ઇષ્ટ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવલીસમુદ્ઘાત વખતે મનોયોગ નહિ હોવાથી અહિં તે અવગાહના ન હોય.

(૩૫) **સ્થિતિ**—મનોયોગીનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્તનું છે, તે કરણપર્યાપ્ત સંજ્ઞિ જીવ અન્તર્મુહૂર્ત્તમાં મરણ પામે તે અપેક્ષાએ છે, અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુત્તરદેવ આશ્રયિ ૩૩ સાગરોપમ પ્રમાણ છે. અહિં અપર્યાપ્તપણાનું અન્તર્મુહૂર્ત્ત પણ મનોયોગીના આયુષ્યમાં ગણ્યું છે, અને તેમ ન ગણીએ તો અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ૩૩ સાગરોપમ જેટલું મનોયોગનું આયુષ્ય ગણી શકાય. તથા કાયસ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. કારણકે ત્યારબાદ જીવ અવશ્ય યોગાન્તર[1] થાય છે. એમ શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહ્યું છે.

(૩૬) **યોનિ**—દેવની ૪ લાખ, નારકની ૪ લાખ, તિર્યંચ પંચેન્દ્રિયની ૪ લાખ અને મનુષ્યની ૧૪ લાખ યોનિ એ સર્વ મળીને ૨૬ લાખ યોનિ છે. વળી સમુચ્છિમની યોનિસંખ્યા શાસ્ત્રમાં ભિન્ન નહિ ગણેલી હોવાથી ૨૬ લાખ યોનિ સમુર્ચ્છિમની અને ગર્ભજની બન્નેની એક રૂપે ગણી છે. તથા સચિત્તાદિ ત્રણ ભેદમાંની અચિત્ત અને મિશ્રયોનિ, શીત વિગેરે ત્રણે પ્રકારની યોનિ, અને સંવૃત વિગેરે ત્રણમાંની સંવૃત અને મિશ્રયોનિ, અને શંખાવર્ત્ત વિગેરે ત્રણમાંની કૂર્મોન્નતા અને વંશીપત્રાયોનિ, એ પ્રમાણે સર્વ મળી ૯ યોનિ છે.

इति मनोयोगद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧. અનુત્તર દેવો બોલતા નથી અને લગાર માત્ર હાલતા પણ નથી તેથી તેઓને એક મનોયોગજ છે, એમ ન જાણવું. કારણકે જ્યાં સુધી સંજ્ઞિજીવે યોગનિરોધ કર્યો નથી ત્યાંસુધી દર અન્તર્મુહૂર્ત્ત ત્રણે યોગ પરાવર્ત્ત થયા કરે છે. તફાવત એટલોજ કે કોઇને સ્પષ્ટ ત્રણ બાદરયોગ હોય તો કોઈને અસ્પષ્ટ બાદરયોગ (ત્રણ) હોય. માટે અનુત્તર દેવોને પણ ત્રણે યોગ પરાવૃત્તિએ પ્રાપ્ત થાય છે તેમાં મનોયોગ સ્પષ્ટ છે, અને શેષયોગ સ્થૂલ દૃષ્ટિને અગોચર (અસ્પષ્ટ) સંભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વચન યોગમાં

(१) **गति** ४, (२) **इन्द्रिय** २-३-४-५, (३) **काय** १, (४) **योग** १३, (५) **वेद** ३, (६) **कषाय** ४-२५, (७) **ज्ञान** ५, (८) **अज्ञान** ३, (९) **संयम** ७, (१०) **दर्शन** ४, (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञित्व** २, (१५) **आहारक** १, (१६) **गुणस्थान** १३—એ ૧૬ દ્વાર ત્રસકાય માર્ગણાની પદ્ધતિને અનુસારે યથાયોગ્ય વિચારવાં, પરન્તુ યોગ, આહારક, તથા ગુણસ્થાન એ ત્રણ દ્વાર મનોયોગવત્ વિચારવાં.

(१७) **जीवभेद** ५-२२०—ચૌદ જીવભેદની અપેક્ષાએ વચનયોગી જીવમાં પર્યાપ્ત દ્વીન્દ્રિય, પર્યાપ્ત ત્રીન્દ્રિય, પર્યાપ્ત ચતુરિન્દ્રિય, પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય, અને પર્યાપ્તસંજ્ઞિ પંચેન્દ્રિય એ પાંચ ભેદ હોય છે, એકેન્દ્રિયને તથા અપર્યાપ્તને વચનયોગ ન હોય. કારણકે વચનયોગ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિવડે પર્યાપ્તથયેલ ત્રસ જીવને હોય છે. તથા ૫૬૩ જીવભેદમાં સર્વ એકેન્દ્રિયો અને સર્વ અપર્યાપ્ત ભેદ બાદ કરતાં શેષ ૩ વિકલેન્દ્રિય, ૭ નારક, ૧૦ તિર્યંચ, ૧૦૧ મનુષ્ય અને ૯૯ દેવ[1] મળી ૨૨૦ જીવભેદ હોય.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४-३, (२१) **उपयोग** १२, (२२) **द्रष्टि** ३, (२३) **बंध** ८-१२०—સુગમ છે.

(२४) **उदय** ८-११२—મૂળકર્મ સંબંધિ ૮ નો ઉદય છે. અને ઉત્તરકર્મ સંબંધિ ૧૧૨ નો ઉદય છે. કારણકે સ્થાવરાદિ ૪, એકેન્દ્રિયનામકર્મ, આતપ અને ૪ આનુપૂર્વી એ ૧૦ કર્મનો ઉદય મનોયોગમાં કહેલી પદ્ધતિએ વચનયોગીને પણ ન હોય. અને મનોયોગના ઉદયની અપેક્ષાએ અહિં વિકલત્રિકનો અધિક ઉદય હોય.

(२५) **उदीरणा** ८-११२—ઉદયવત્.

---

૧. અહિં વિજયાદિ વિમાનના દેવો આખા ભવમાં કોઇપણ વખત વચન ઉચ્ચાર કરતા નથી, તેથી પ્રવૃત્તિરૂપ વચનયોગમાં એ દેવો ન ગણાય, પરન્તુ તે દેવોને વચનલબ્ધિ પ્રાપ્ત થયેલી છે તે અપેક્ષાએ વચનયોગમાં ૯૯ દેવભેદ ગણવામાં વિરોધ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૬) **સત્તા** ૮–૧૪૮—સુગમ છે.

(૨૭) **શરીર** ૫—વચનયોગ પાંચે શરીરવાળાને હોય. પરન્તુ વચનોચ્ચાર પ્રથમનાં ૩ શરીર કરી શકે, પણ તૈજસ કાર્મણ ન કરી શકે.

(૨૮) **બંધહેતુ** ૪–૫૫—મૂળબંધહેતુ ૪, અને ઉત્તરબંધહેતુ વચનલબ્ધિવાળા જીવને ૫૭ છે, પરન્તુ વચનયોગ પ્રવત્તિની અપેક્ષાએ કેવલીસમુદ્ઘાત વખતનો અને ભવ પ્રારંભનો ઔદારિક-મિશ્રયોગ ન હોય. કારણકે કેવલીસમુદ્ઘાત વખતે વચનયોગ પ્રવર્તે નહિ. વચનયોગ પ્રવર્તતી વખતે મનોયોગ અને કાયયોગ કેમ ગણાય? એ શંકાનો ઉત્તર એજ કે જીવના ઉપયોગ પૂર્વક વચનયોગ ગણીએ તો ઉપયોગ પુર્વક અન્ય યોગ ન હોય, પરન્તુ અહિં ઉપયોગની મુખ્યતા નહિ લેતાં સામાન્યપણે વીર્યરૂપ યોગ ગણ્યો છે. વળી શંકા થાય કે જો ઉપયોગનો આશ્રય ન ગણીએ તો ઉપયોગ રહિત યોગ કર્મબંધનો હેતુ કેમ હોય? તેનો ઉત્તર એજ કે સ્થૂળ ઉપયોગ ન પ્રવર્તતો પણ નિદ્રાગત, યા મુર્છાગત જીવોને કર્મબંધ હોય છે. માટે વચન લબ્ધિવાળા જીવોને વચન લબ્ધિ પ્રવર્તાવી શકે તેવા તેવા વખતમાં પ્રવર્તતા અન્ય યોગ પણ વચનયોગી જીવને અંગે ગણી શકાય છે. અને જે કાળે વચનયોગ પ્રવર્તે નહિ, એવા સમુદ્ઘાતના કાળમાં વચનલબ્ધિ ઉપયોગમાં આવી શકે તેવી નહિ હોવાથી, વચનયોગ બંધહેતુ રૂપ પણ ન ગણી શકાય. તેમ મનોયોગ પણ બંધહેતુરૂપ ન ગણી શકાય. તેમજ અયોગીકાળમાં પણ પ્રથમ પ્રાપ્ત કરેલી યોગ લબ્ધિનો ઉપયોગ સર્વથા નહિ હોવાથી યોગનો અભાવ ગણાય.

(૨૯) **ધ્યાન** ૧૪—શુકલ ધ્યાનનો ત્રીજો ભેદ યોગનિરોધ અવસરે સયોગીપણામાં કેવલી ભગવાનને મન વચન રોક્યા બાદ કાયયોગ વર્તતાં હોય છે. અને ત્યારબાદ અયોગીપણામાં શુકલ ધ્યાનનો ૪ થો ભેદ હોય છે, એ બન્ને વખતે વચન યોગ નથી, માટે વચન યોગમાં ૧૪ ધ્યાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३०) संघयण ६, (३१) संस्थान ६—ત્રસકાયવત્.

(३२) समुद्घात ६—વચનયોગમાં કેવલીસમુદ્દ્ઘાત ન હોય કારણકે કેવલીસમુદ્દ્ઘાત વખતે ઔદારિક મિશ્ર, ઔદારિક, અને કાર્મણ એ ૩ યોગજ હોય છે, પણ મનયોગ કે વચનયોગ હોય નહિ.

(३३) भाव ५–५३—મૂળ ભાવ પાંચ અને ઉત્તર ભાવ સર્વે ૫૩ હોય.

(३४) अवगाहना, (३५) स्थिति—મનોયોગવત્.

(३६) योनि—ત્રસકાયવત્.

કાયયોગમાં.

(१) गति ४, (२) इन्द्रिय १–२–३–४–५, (३) काय ६, (४) योग १५, (५) वेद ३, (६) कषाय ४–२५, (७) ज्ञान ५, (८) अज्ञान ३, (९) संयम ७, (१०) दर्शन ४, (११) लेश्या ६, (१२) भव्य २, (१३) सम्यक्त्व ६, (१४) संज्ञित्व २, (१५) आहारी[1] २, (१६) गुणस्थान १३, (१७) जीवभेद १४–५६३ (१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४–३, (२१) उपयोग १२, (२२) द्रष्टि ३, (२३) बंध ८–१२०, (२४) उदय ८–१२२, (२५) उदीरणा ८–१२२, (२६) सत्ता ८–१४८, (२७) शरीर ५, (२८) बंधहेतु ५७, (२९) ध्यान १५, (३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ७, (३३) भाव ५–५३, એ સર્વ સુગમ છે.

(३४) अवगाहना—જન્મદેહની જઘન્ય અવગાહના સૂક્ષ્મ-લબ્ધિઅપર્યાપ્ત આશ્રયિ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અને ઉત્કૃષ્ટઅવગાહના સાધિક ૧૦૦૦ યોજન છે. તથા ઉત્તરશરીરની જઘન્ય અવગાહના વૈક્રિય લબ્ધિવાળા પર્યાપ્ત લબ્ધિ પર્યાપ્ત વાયુકાય આશ્રયિ અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ અવગાહના

૧. વિશેષ કે અનાહારીપણું ૧–૨–૩ સમય, અને દિશિઆહાર ૩–૪–૫–૬ દિશિનો જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યવત્, તથા સમુદ્ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકાકાશ-પ્રમાણ.

(૩૫) **स्थिति**—ભવસ્થિતિ (લબ્ધિ કાયયોગની) મનોયોગવત્ અને કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી ભવ્યને અનાદિસાન્ત અને અભવ્યને અથવા અનાદિઅનંતનિગોદ આશ્રયિ અનાદિઅનંત છે, એ લબ્ધિ કાયયોગની અપેક્ષાએ દ્વીન્દ્રિયાદિક સર્વજીવોનો કાયયોગ ગણવા-પૂર્વક છે. અને વ્યવહારરાશીગત જીવના સંબંધમાં કેવળ કાયયોગની કાયસ્થિતિ તો વનસ્પતિની ઉત્કૃષ્ટ કાયસ્થિતિતુલ્ય છે, એટલે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત જેટલી છે. કારણકે તેટલાકાળ સુધી વનસ્પતિમાંજ રહેવાથી તેટલી કાયસ્થિતિ થાય છે, ત્યારબાદ અવશ્ય દ્વીન્દ્રિયાદિ ભવ પામી વચનયોગી થાય છે. શાસ્ત્રમાં જે કાયસ્થિતિ વનસ્પતિના કાળપ્રમાણ દર્શાવી છે, તે કેવળ કાયયોગની અપેક્ષાએ વ્યવહારરાશિપ્રાપ્ત જીવની છે.

(૩૬) **योनि**—૮૪ લાખ છે, કારણકે સર્વજીવો કાયયોગી હોય છે. શેષ સંવૃતાદિ સર્વ સ્વરૂપ કાયયોગીને પ્રાપ્ત છે.

इति काययोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

સત્ય અને વ્યવહાર મનોયોગમાં.

(૧) **गति** ४, (२) **इन्द्रिय** ५ (પંચેન્દ્રિય માત્રની અપેક્ષાએ), (३) **काय** १ (ત્રસકાય), (४) **योग** १० (શેષ ત્રણ મનોયોગ ઔદા૦ મિશ્ર અને કાર્મણ વિના), (५) **वेद** ३, (६) **कषाय** ४–२५, (७) **ज्ञान** ५, (८) **अज्ञान** ३, (९) **संयम** ७, (१०) **दर्शन** ४, (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञित्व** १—એ સર્વ સુગમ છે.

(१५) **आहारक** १—પ્રથમ દર્શાવેલ સામાન્ય મનોયોગવત્.

(१६) **गुणस्थान** १३, (१७) **जीवभेद** १-२१२, (१८) **पर्याप्ति** ६,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१९) प्राण १०, (२०) संज्ञा ४-२, (२१) उपयोग १२, (२२) दृष्टि ३, (२३) बंध ८-१२०, (२४) उदय ८-१०९, (२५) उदीरणा ८-१०९, (२६) सत्ता ८-१४८, (२७) शरीर ५, (२८) बंधहेतु ४-५२, (२९) ध्यान १४, (३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ६, (३३) भाव ५-५३, (३४) अवगाहना, (३५) स्थिति, (३६) योनि—એ સર્વ દ્વાર સામાન્ય મનોયોગવત્ જાણવાં.

અસત્ય અને મિશ્ર મનોયોગમાં.

અસત્ય અને મિશ્રમનોયોગમાં ૩૧ દ્વાર સત્યમનોયોગવત્ છે, અને ૫ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

(૭) ज्ञान ४—અસત્ય અને મિશ્રમનોયોગ સર્વ છદ્મસ્થ જીવોને હોય પણ સર્વજ્ઞને ન હોય તે કારણથી એ બે મનોયોગમાં કેવળજ્ઞાન સિવાયનાં ૪ છાદ્મસ્થિકજ્ઞાન હોય.

(૧૦) दर्शन ३—પૂર્વોક્ત રીતે કેવળજ્ઞાન નહિ હોવાથી કેવળદર્શન સિવાય ત્રણ દર્શન હોય છે.

(૧૬) गुणस्थान १२—જ્યાંસુધી જ્ઞાનાવરણકર્મનો ઉદય છે ત્યાંસુધી અસત્ય અને મિશ્ર મનવચનયોગ હોય છે, અને જ્ઞાનાવરણનો ઉદય ૧૨મા ગુણસ્થાન સુધી છે માટે અસત્ય અને મિશ્રમનયોગ પણ ૧૨મા ગુણસ્થાન સુધીજ છે. ત્યારબાદ તેરમાદિ ગુણસ્થાને સર્વજ્ઞને માત્ર સત્ય અને વ્યવહાર મનવચનયોગ હોઈ શકે છે.

(२१) उपयोग १०—પૂર્વોક્ત રીતે કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ નહિ હોવાથી અસત્ય અને મિશ્રમનોયોગમાં ૧૦ ઉપયોગ છે.

(३३) भाव ४६—ક્ષાયિકના ૯ ભાવમાંથી ૫ દાનાદિ લબ્ધિ અને કેવળજ્ઞાન તથા કેવળદર્શન એ ૭ ક્ષાયિકલબ્ધિ સર્વજ્ઞનેજ હોય અને સર્વજ્ઞને અસત્ય તથા મિશ્રમનોયોગ છે નહિ માટે એ ૭ ક્ષાયિકભાવ સિવાયના ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ બે ક્ષાયિકભાવ હોય છે, કારણકે ક્ષાયિકસમ્યક્ત્વ છદ્મસ્થને ચોથા ગુણસ્થાનથી હોય છે, અને ક્ષાયિકચારિત્ર છદ્મસ્થને ૧૨ મે ગુણસ્થાને અને સર્વજ્ઞને ૧૩-૧૪ મે ગુણસ્થાને છે માટે છદ્મસ્થ અવસ્થા સંબંધિ ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્ર એ બે ક્ષાયિકભાવ અસત્ય અને મિશ્રમનોયોગમાં છે. એપ્રમાણે સર્વ ભાવ ૫૩ માંથી ક્ષાયિકના ૭ ભાવ જતાં શેષ ૪૬ ભાવ અસત્ય અને મિશ્રમનોયોગમાં છે.

સત્ય વચનયોગમાં.

સત્યવચનયોગમાં સર્વદ્વારોનો અવતાર સત્યમનોયોગવત્ જાણવો. જોકે વચનયોગ દ્વીન્દ્રિયાદિ જીવોને છે પણ તે દ્વીન્દ્રિયાદિકને માત્ર વ્યવહાર વચનયોગજ શાસ્ત્રમાં માનેલો છે અને સત્યવચનયોગ તો માત્ર સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોનેજ કહેલો હોવાથી અહિં સત્યવચનયોગમાં સર્વ દ્વારાવતાર સત્યમનોયોગવત્ થાય છે. પરન્તુ મનને સ્થાને વચન શબ્દ કહેવો.

અસત્ય અને મિશ્રવચનયોગમાં.

અસત્ય અને મિશ્રવચનયોગ માત્ર સંજ્ઞિ પર્યાપ્ત જીવોનેજ શાસ્ત્રમાં કહેલો હોવાથી જે પ્રમાણે અસત્ય અને મિશ્રમનોયોગમાં દ્વારપ્રાપ્તિ કહી છે તેજ પ્રમાણે આ બે વચનયોગમાં દ્વારપ્રાપ્તિ કહેવી પણ મનને સ્થાને વચન શબ્દ કહેવો.

વ્યવહાર વચનયોગમાં.

(૧) गति ४—ચારેગતિના જીવોને અસત્યઅમૃષા ભાષા હોય છે.

(૨) इन्द्रिय २-३-४-५—દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો અસત્યઅમૃષા ભાષા બોલે છે. તેમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવો તો માત્ર એકજ અસત્યઅમૃષા ભાષાજ બોલે છે કારણકે ભ્રમરનો ઝંકાર, મચ્છરનો ગણગણાટ, એ સર્વ અર્થ વિનાની અનક્ષરાત્મક ભાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન સત્ય કે ન અસત્ય હોવાથી અસત્યઅમૃષા અથવા વ્યવહાર ભાષા કહેવાય છે.

(૩) **काय १**—વ્યવહાર ભાષા બોલનાર છ કાયમાંથી ત્રસકાયના જીવોજ હોય છે, કારણકે શેષ પૃથ્વી આદિ પાંચ નિકાયના એકેન્દ્રિય જીવો જીહ્વાના અભાવે બોલી શકતા નથી.

(૪) **योग १०**, (ઈતર વચનયોગ ૩, ઔ૦ મિશ્ર, કાર્મણ વિના) (૫) **वेद ३**, (૬) **कषाय ४-२५**—એ સુગમ છે.

(૭) **ज्ञान ५**—સર્વજ્ઞો સત્ય અને વ્યવહાર એ બે ભાષાઓ બોલે છે, અને છદ્મસ્થ જીવો ચારે પ્રકારની ભાષા બોલે છે, માટે વ્યવહાર ભાષાયોગમાં ચાર છાદ્મસ્થિક જ્ઞાન અને એક કેવળજ્ઞાન એમ પાંચે જ્ઞાનનો સમાવેશ થઇ શકે છે.

(૮) **अज्ञान ३**, (૯) **संयम ७**, (૧૦) **दर्शन ४**, (૧૧) **लेश्या ६**, (૧૨) **भव्य २**, (૧૩) **सम्यक्त्व ६**—સુગમ છે.

(૧૪) **संज्ञित्व २**—વ્યવહારભાષા બોલનાર દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય એ સર્વ અસંજ્ઞિ છે, અને શેષ દેવાદિ સંજ્ઞિ છે માટે વ્યવહાર ભાષાયોગમાં સંજ્ઞિ અને અસંજ્ઞિ એ બન્ને ભેદ પ્રાપ્ત થાય છે.

(૧૫) **आहारक १**—ભાષાનો ઉચ્ચાર સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત જીવોને હોય છે, માટે વિગ્રહગતિમાં અનાહારીપણા વખતે ભાષાયોગ ન હોય. તેમજ કેવલીસમુદ્ઘાત વખતે અનાહારીપણામાં માત્ર કાયયોગજ હોય છે, અને અયોગી અવસ્થામાં સર્વથા યોગનો અભાવ છે, માટે વ્યવહારભાષાનો ઉચ્ચાર અનાહારકપણામાં નથી પરન્તુ આહારકપણામાંજ છે, અને તે આહારકપણાના ઓજ આદિ ભેદ સામાન્ય મનોયોગમાં કહ્યા પ્રમાણે જાણવા.

(૧૬) **गुणस्थान १३**, (૧૭) **जीवभेद ५-२२०** (સામાન્ય વચનયોગવત્), (૧૮) **पर्याप्ति ६**, (૧૯) **प्राण १०**—સુગમ છે.

(૨૦) **संज्ञा ४-३**—આહારાદિ સંજ્ઞામાંની ચારે સંજ્ઞા હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને હેતૂપદેશિકી આદિ ત્રણે સંજ્ઞા હોય. કારણકે વ્યવહાર ભાષા બોલનાર તો દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિજીવો પણ છે, અને તે દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિ જીવોને એક હેતૂપદેશિકી સંજ્ઞાજ હોય છે, શેષ સંજ્ઞિજીવોને દીર્ઘકાલિકી અને દ્રષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા છે માટે વ્યવહારભાષાયોગમાં હેતૂપદેશિકી વિગેરે ત્રણે સંજ્ઞાઓ હોય છે.

(૨૧) **उपयोग** ૧૨, (૨૨) **दृष्टि** ૩, (૨૩) **बंध** ૮–૧૨૦—સુગમ છે.

(૨૪) **उदय** ૮–૧૧૨, (૨૫) **उदीरणा** ૮–૧૧૨,—પ્રથમ મનોયોગમાં કહેલી ૧૦૯ પ્રકૃતિઓના ઉદય અને ઉદીરણામાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, અને ચતુરિન્દ્રિય નામકર્મનો ઉદય અને ઉદીરણા વધારતાં ૧૧૨ નો ઉદય અને ૧૧૨ ની ઉદીરણા હોય. કારણકે દ્વીન્દ્રિયાદિકને વ્યવહારવચનયોગ હોય છે.

(૨૬) **सत्ता** ૮–૧૪૮, (૨૭) **शरीर** ૫, (૨૮) **बंधहेतु** ૫૨, (૨૯) **ध्यान** ૪, (૩૦) **संघयण** ૬, (૩૧) **संस्थान** ૬, (૩૨) **समुद्घात** ૬, (૩૩) **भाव** ૫૩—સુગમ છે.

(૩૪) **अवगाहना**, (૩૫) **स्थिति**, (૩૬) **योनि**—સામાન્યપણે મનોયોગ અને વચનયોગવત્, પરન્તુ યોનિનો સંબંધ સામાન્ય વચનયોગવત્ જાણવો.

ઔદારિકમિશ્રકાયયોગમાં.

(૧) **गति** ૨ —તિર્યંચ અને મનુષ્યનેજ ઔદારિકશરીર હોય છે, તેથી એ બે ગતિવાળા જીવોને ઉત્પત્તિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્ર (તૈજસ-કાર્મણયુક્ત ઔદારિક) કાયયોગ હોય છે, અને શરીરપર્યાપ્તિ સમાપ્ત થયાબાદ તુર્ત ઔદારિક કાયયોગ હોય છે, અથવા ચતુર્થ-કર્મગ્રંથ પ્રમાણે સ્વયોગ્ય સર્વપર્યાપ્તિઓ સમાપ્ત ન થાય ત્યાંસુધી ઔદારિકમિશ્રકાયયોગ અને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિઓ સમાપ્ત થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાદ ઔદારિકકાયયોગ હોય છે, માટે ઔદારિકમિશ્ર કાયયોગમાં તિર્યંચગતિ તથા મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે. વળી કેવલીસમુદ્ઘાત સમયે જે ઔદારિકમિશ્રયોગ છે તે પણ મનુષ્યનેજ હોવાથી બે ગતિથી અધિક ગતિની પ્રાપ્તિ નથી.

(૨) **इन्द्रिय** ૧–૨–૩–૪–૫—એકેન્દ્રિયથી પ્રારંભીને પંચેન્દ્રિય સુધીના પાંચે જાતિના તિર્યંચોને અને પંચેન્દ્રિય મનુષ્યોને ઔદારિકશરીર હોય છે માટે પાંચે જાતિના જીવોમાં ઉત્પત્તિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ અથવા સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાંસુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે, તે કારણથી તેમાં પાંચે જાતિના જીવો પ્રાપ્ત થાય છે.

(૩) **काय** ૬—છએ કાયને ઔદારિકશરીર હોવાથી ઔદારિક મિશ્રકાયયોગ હોય છે.

(૪) **योग** ૧—મૂળ ૩ યોગમાંથી એક કાયયોગ હોય અને ઉત્તરભેદરૂપ પંદર યોગમાંથી પણ એક ઔદારિકમિશ્રયોગ હોય છે. કારણકે જે વખતે ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્ત અવસ્થામાં અથવા કેવલીસમુદ્ઘાતમાં વર્તતો હોય છે તેટલા વખતમાં શેષ ૧૪ યોગ પ્રવર્તતા નથી.

(૫) **वेद** ૩—ત્રણે વેદે ઉત્પન્ન થયેલા તિર્યંચ મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકમિશ્રકાયયોગ હોય છે માટે ઔદારિકમિશ્રયોગમાં ત્રણે વેદ હોય છે. અહિં કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગ અંગીકાર ન કરવો, કારણકે કેવલી ભગવાન અવેદી છે.

(૬) **कषाय** ૪–૨૫—અપર્યાપ્તતિર્યંચ અને મનુષ્યો સર્વ કષાયવાળા હોય છે, માટે ઔદારિકમિશ્રયોગે ચાર મૂળકષાય અને ઉત્તરભેદે ૨૫ કષાય હોય છે.

(૭) **ज्ञान** ૪—અપર્યાપ્તતિર્યંચ અને મનુષ્યોને મતિ, શ્રુત, અવધિ અને કેવળજ્ઞાન એમ ચાર જ્ઞાન હોય છે પણ મનઃપર્યવજ્ઞાન ન હોય, કારણકે મનઃપર્યવજ્ઞાન કમીમાં કમી કંઈક અધિક ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષની વયવાળા છદ્મસ્થ મનુષ્યનેજ હોય છે, તે વખતે અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગ હોય નહિ, અને કેવળજ્ઞાન તો કેવલીસમુદ્દ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં હોય છે, વળી પરભવમાંથી (દેવ યા નારક ભવમાંથી) સાથે લાવેલું[1] અવધિજ્ઞાન પણ અપર્યાપ્ત અવસ્થામાં જીનેશ્વરાદિકને હોય છે, માટે ઔદારિકમિશ્રયોગમાં મન:પર્યવ સિવાયનાં ૪ જ્ઞાન હોય છે.

(૮) **अज्ञान ३**—અપર્યાપ્ત અવસ્થામાં સર્વ મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય અને તિર્યંચોને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે અજ્ઞાન હોય છે, અને પરભવમાંથી (દેવ અથવા નારક ભવમાંથી) સાથે આવેલું વિભંગજ્ઞાન પણ કોઇક મનુષ્ય તથા તિર્યંચને સંભવે છે માટે ઔદારિકમિશ્રયોગમાં ત્રણ અજ્ઞાન હોય છે.

(૯) **संयम २**—અપર્યાપ્ત અવસ્થામાં સર્વ તિર્યંચ મનુષ્યને અવિરતિ ચારિત્ર હોય છે, અને કેવલીસમુદ્દ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગ વખતે કેવળી ભગવાનને યથાખ્યાત ચારિત્ર છે, માટે ઔદારિકમિશ્રયોગે અવિરતિ અને યથાખ્યાત ચારિત્ર હોય, શેષ સામાયિકાદિ પાંચે ચારિત્ર આઠ વર્ષથી કંઈક અધિક વયવાળા મનુષ્યનેજ હોય, પરન્તુ અપર્યાપ્ત અવસ્થામાં ન હોય, માટે ઔદારિકમિશ્રયોગે શેષ પાંચ ચારિત્ર ન હોય.

(૧૦) **दर्शन ३**—અપર્યાપ્ત અવસ્થામાં અચક્ષુદર્શન સર્વજીવોને હોય છે, માટે અપર્યાપ્તાવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં અચક્ષુદર્શન હોય છે, તેમજ દેવ યા નારક ભવમાંથી સાથે લાવેલા અવધિજ્ઞાનવાળા જીવોને (જીનેશ્વરાદિકને) અપર્યાપ્ત અવસ્થામાં અવધિદર્શન હોય છે, અને કેવલીસમુદ્દ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં કેવળદર્શન હોય છે, એ પ્રમાણે ઔદારિક

૧. અપર્યાપ્ત અવસ્થામાં તિર્યંચને અને મનુષ્યને નવું વિભંગજ્ઞાન ન ઉપજે એમ શ્રીપંચસંગ્રહમાં કહેલું છે જેથી અવધિજ્ઞાન પણ નવું ન ઉપજે એમ સ્હેજે સમજાય છે માટે પૂર્વભવમાંથી લાવેલું અવધિજ્ઞાન કહ્યું છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિશ્રયોગે અચક્ષુ, અવધિ અને કેવળદર્શન એ ૩ દર્શન હોય છે; પણ ચક્ષુદર્શન ન હોય. કારણકે છદ્મસ્થ જીવોને ચક્ષુદર્શન પર્યાપ્ત અવસ્થામાં હોય, અને કેવળીને ચક્ષુદર્શન હોયજ નહિ માટે અપર્યાપ્ત અવસ્થા સંબંધિ અને કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં પણ ચક્ષુદર્શન ન હોય.

(૧૧) **લેશ્યા** ૬—મનુષ્ય અને તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં છએ લેશ્યાઓ હોય માટે અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં સર્વે લેશ્યાઓ હોય છે, અને કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં એક શુક્લલેશ્યાજ છે.

(૧૨) **મવ્ય** ૨—ભવ્યતિર્યંચ અને ભવ્યમનુષ્યને તેમજ અભવ્યતિર્યંચ અને અભવ્ય મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકમિશ્રયોગ હોય છે, માટે ઔદારિકમિશ્રકાયયોગે ભવ્ય અને અભવ્ય એ બન્ને હોય છે.

(૧૩) **સમ્યક્ત્વ** ૪–ઔદારિકમિશ્રયોગમાં ક્ષયોપશમ, ક્ષાયિક, સાસ્વાદન અને મિથ્યાત્વ એ ચાર સમ્યક્ત્વ હોય છે. કારણકે એ ચારે સમ્યક્ત્વ અપર્યાપ્ત અવસ્થામાં તિર્યંચ અને મનુષ્યને પૂર્વભવમાંથી સાથે આવે છે, પણ નવાં ઉપાર્જન થતાં નથી. અને ઉપશમ સમ્યક્ત્વ તથા મિશ્ર સમ્યક્ત્વ પરભવમાં પ્રાયઃ સાથે જતું નથી, માટે એ બે સમ્યક્ત્વ અપર્યાપ્ત અવસ્થામાં કોઈપણ ઔદારિક શરીરી જીવને નહિ હોવાથી ઔદારિકમિશ્રયોગમાં ઉપશમ અને મિશ્રસમ્યક્ત્વ ન હોય અને ક્ષાયિકસમ્યક્ત્વ તો કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં હોય છે.

(૧૪) **સંજ્ઞિત્વ** ૨—સંજ્ઞિતિર્યંચ અને સંજ્ઞિ મનુષ્યને તેમજ અસંજ્ઞિતિર્યંચ તથા અસંજ્ઞિ મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે, માટે ઔદારિકમિશ્રયોગે સંજ્ઞિ અને અસંજ્ઞિ એ બન્ને માર્ગણા છે.

(૧૫) **આહારક** ૧—ઔદારિકમિશ્રકાયયોગમાં આહારકપણુંજ હોય છે. પરન્તુ અનાહારીપણું હોતું નથી કારણકે વિગ્રહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગતિના અનાહારકપણા વખતે તથા કેવલીસમુદ્દઘાત સંબંધિ અનાહારીપણા વખતે માત્ર એક તૈજસકાર્મણ કાયયોગજ હોય છે અને અયોગી કેવલીના અનાહારીપણા વખતે કોઈપણ યોગ હોતો નથી, તેમજ જીવ ઉત્પત્તિના પ્રથમ સમયથીજ આહારી હોય છે, માટે તે અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં અને કેવલીસમુદ્દઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં પણ આહારીજ હોય છે. વળી તે આહાર એકેન્દ્રિય આશ્રયિ ૩-૪-૫ અને ૬ દિશિનો ગ્રહણ થાય છે, તથા ઓજ વિગેરે ત્રણ આહારમાંથી ઓજ અને લોમ એ બે આહાર હોય છે, તેમાં શરીરપર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ઔદારિકમિશ્રયોગ અંગીકાર કરીએ તો વખતે શરીરપર્યાપ્ત જીવને કેવળ ઓજ આહારજ હોય છે, અને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ઔદારિકમિશ્રયોગ માનીએ તો ઓજ આહાર અને લોમઆહાર બન્ને હોય છે, કારણકે શરીરપર્યાપ્ત અવસ્થા સુધી ઓજઆહાર અને ત્યારબાદ લોમઆહાર પર્યાપ્ત અવસ્થાના અન્ત સુધી હોય છે. એ બે આહાર અપર્યાપ્ત અવસ્થા સંબંધિઔદારિકમિશ્રયોગમાં કહ્યા, અને કેવલીસમુદ્દઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં તો કેવળ લોમઆહારજ હોય છે, અને કવલ આહાર તો બન્ને અવસ્થાના ઔદારિકમિશ્રયોગમાં હોય નહિ. વળી સચિત્તાદિ ૩ ભેદોમાંથી સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણે પ્રકારનો આહાર હોઈ શકે છે. વળી અપર્યાપ્તવસ્થામાં અને કેવલીસમુદ્દઘાત વખતે જે લોમઆહાર ગ્રહણ કરાય છે તે "હું આહાર ગ્રહણ કરૂં" એવા વ્યક્ત ઉપયોગ પૂર્વક નહિ ગ્રહણ થતો હોવાથી અનાભોગિક સંભવે છે; કદાચ કેવલજ્ઞાનીને પ્રતિ-સમયે જ્ઞાનોપયોગ હોવાના કારણથી કેવલી ભગવાનનો લોમઆહાર આભોગિક ગણાતો હોય તો શ્રી બહુશ્રુતનું વચન પ્રમાણ છે; અને ઓજઆહાર તો અનાભોગિકજ હોય છે.

એ પ્રમાણે ઔદારિકમિશ્રયોગમાં આહારસ્વરૂપ જાણવું.

(૧૬) **ગુણસ્થાન ૪**—ઔદારીકમિશ્રયોગમાં મિથ્યાત્વ, સાસ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દન, સમ્યક્ત્વ, અને સયોગીકેવલી એ ૪ ગુણસ્થાન છે, કારણકે મિથ્યાત્વ, સાસ્વાદન અને સમ્યક્ત્વ એ ત્રણ ગુણસ્થાન પરભવમાં સાથે જાયછે, માટે એ ગુણસ્થાનો પર્યાપ્ત અવસ્થામાં મનુષ્ય અને તિર્યંચને ઔદારિકમિશ્રયોગ વખતે હોઇ શકેછે, અને કેવલીસમુદ્ઘાતના ઔદારિકમિશ્રયોગ વખતે સયોગીકેવલી ગુણસ્થાન છે, માટે એ ચાર ગુણસ્થાનજ છે. શેષ ગુણસ્થાને ઔદારિકમિશ્રયોગ છે નહિ, કારણકે મિશ્ર તથા ક્ષીણમોહ ગુણસ્થાને જીવનું મરણ પણ ન થાય તો મિશ્ર તથા ક્ષીણમોહ ગુણસ્થાન પરભવમાં તો જાયજ ક્યાંથી ? અને દેશવિરતિથી ઉપશાન્તમોહ સુધીનાં ૭ તથા અયોગી ગુણસ્થાન સહિત ૮ ગુણસ્થાનમાં મરણ છે પરન્તુ એ ગુણસ્થાનો પરભવમાં સાથે જતાં નથી માટે ઔદારિકમિશ્રયોગમાં એ ગુણસ્થાનો હોઈ શકે નહિ.

(૧૭) **जीवभेद ८-२४१**—જીવના ૧૪ ભેદમાંથી ઔદારિકમિશ્રયોગે સાત અપર્યાપ્તા અને સંજ્ઞિપર્યાપ્ત મળી ૮ ભેદ હોય, તેમાં અપર્યાપ્તતિર્યંચ મનુષ્યોને તો ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે, અને સંજ્ઞિપર્યાપ્તને પર્યાપ્ત અવસ્થામાં કેવલીસમુદ્ઘાત વખતે ઔદારિકમિશ્રયોગ હોય છે, માટે ચૌદ ભેદમાંથી ૮ ભેદ ઔદારિકમિશ્રયોગમાં પ્રાપ્ત થાય છે. તેમજ ૫૬૩ જીવભેદમાંથી ૨૪ અપર્યાપ્તતિર્યંચ, ૨૦૨ અપર્યાપ્ત મનુષ્ય અને ૧૫ પર્યાપ્તકર્મભૂમિ મનુષ્યને ઔદારિકમિશ્રયોગ હોય છે. તેમાં અપર્યાપ્તતિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગ છે, અને ૧૫ પર્યાપ્તકર્મભૂમિ મનુષ્યને કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગ છે.

(૧૮) **पर्याप्ति ६**—કેવલી ભગવાનને કેવલીસમુદ્ઘાત સમયે જે ઔદારિકમિશ્રયોગ છે તે ઔદારિકમિશ્રયોગમાં શ્રી કેવલી ભગવાનને છએ પર્યાપ્તિઓવડે પર્યાપ્તપણું છે, માટે ઔદારિકમિશ્રયોગમાં ૬ પર્યાપ્તિ છે, અન્યથા અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં વધુમાં વધુ પાંચ પર્યાપ્તિઓ અથવા મતાન્તરે એક આહારપર્યાપ્તિ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૯) **પ્રાણ ૧૦**—સર્વપર્યાપ્તિએ અપર્યાપ્તજીવને ઔદારિક-મિશ્રયોગ અંગીકાર કરીએ તો, મનોયોગ અને વચનયોગ વિના ૮ પ્રાણ હોય, કારણકે મનોયોગ અને વચનયોગ તો સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત થયેલ જીવને હોય છે, અને પાંચ ઇન્દ્રિયપ્રાણ ઇન્દ્રિય-પર્યાપ્તિ સમાપ્ત થતાં હોય છે, કાયયોગમાં તો એક ઔદારિકમિશ્ર-કાયયોગ પ્રવર્તે છે, ઉચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઉચ્છ્વાસપ્રાણ પ્રવર્તે છે, અને આયુષ્યપ્રાણ તો પૂર્વભવ છોડયો ત્યારથીજ શરૂ છે, માટે સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ઔદારિકમિશ્રયોગ અંગીકાર કરતાં ૮ પ્રાણ હોય છે. વળી શરીરપર્યાપ્તિએ અપર્યાપ્તજીવને ઔદારિક-મિશ્રયોગ અંગીકાર કરીએ તો માત્ર આયુષ્ અને કાયયોગ એ બે પ્રાણ હોય છે, શેષપ્રાણ શરીરઅપર્યાપ્તને ન હોય. વળી કેવલી-સમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં ૫ ઇન્દ્રિયપ્રાણ સિવાયના પાંચ પ્રાણ હોય છે કારણકે આત્મપ્રત્યક્ષજ્ઞાનવાળા કેવળજ્ઞાનીને ઇન્દ્રિયનિમિત્તકજ્ઞાન નહિ હોવાથી પાંચ ઇન્દ્રિયપ્રાણ ન હોય, એમ શ્રી પ્રશ્નોત્તર રત્નચિંતામણિ ગ્રંથમાં કહ્યું છે. એ પ્રમાણે ત્રણે સંબંધને એકત્ર કરતાં ઔદારિકમિશ્રયોગે ૧૦ પ્રાણ હોય છે.

(૨૦) **સંજ્ઞા ૪-૦**—આહારાદિ ચાર સંજ્ઞા જીવને સદાકાળ હોવાથી અપર્યાપ્ત અવસ્થા સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં ચારે સંજ્ઞા હોય છે, અને હેતૂપદેશિકી આદિ ૩ સંજ્ઞામાંની કોઈપણ સંજ્ઞા ન હોય. કારણકે હેતૂપદેશિકીસંજ્ઞા પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિજીવોને હોય છે, અને દીર્ઘકાલિકી તથા દ્રષ્ટિવાદ સંજ્ઞા પર્યાપ્ત છદ્મસ્થ પચેન્દ્રિયને હોય છે, પરન્તુ પ્રતિસમયે ત્રણેકાળના ભાવને સમકાળે સાક્ષાત્ જાણનાર અને દેખનાર સર્વજ્ઞ ભગવાનને ભૂતભવિષ્યનો વિચાર કરવારૂપ દીર્ઘકાલિકી અને દ્રષ્ટિવાદ સંજ્ઞા સંભવતી નથી.

(૨૧) **ઉપયોગ ૧૦**—પ્રથમ કહ્યા પ્રમાણે મનઃપર્યવજ્ઞાન સિવાયનાં ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, અને ચક્ષુદર્શન સિવાયનાં ૩ દર્શન એ સર્વ મળી ૧૦ ઉપયોગ ઔદારિકમિશ્રકાયયોગમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૨) **દ્રષ્ટિ ૨**—સમ્યક્ત્વ દ્વારપ્રાપ્તિ પ્રસંગે કહ્યા પ્રમાણે ઔદારિકમિશ્રકાયયોગમાં મિશ્ર સિવાય મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એ ૨ દ્રષ્ટિ હોય છે.

(૨૩) **બંધ૮-૧૧૪**—ઔદારિકમિશ્રયોગ વખતે મૂળ ૮ કર્મનો બંધ છે, અને ઉત્તરપ્રકૃતિ ૧૧૪ નો બંધ છે, કારણકે ઔદારિકમિશ્રયોગ મનુષ્ય તથા તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં છે, ત્યાં અપ્રમત્તપણાના અભાવે આહારકદ્વીક ન બંધાય અને કરણપર્યાપ્તપણાના અભાવે દેવાયુ તથા નરકત્રિક ન બંધાય માટે ૧૧૪ પ્રકૃતિનો બંધ છે. તેમજ કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં કેવળ શાતાવેદનીયનોજ બંધ છે.

(૨૪) **ઉદય ૮-૧૦૯**—ઔદારિકમિશ્રયોગમાં મૂળ ૮ કર્મનો ઉદય છે, અને ઉત્તરપ્રકૃતિમાં ૧ મિશ્રમોહનીય, ૧ દેવગતિ, ૧ નરકગતિ, ૧ વૈક્રિયશરીર, ૧ આહારકશરીર, ૧ વૈક્રિયઉપાંગ, ૧ આહારકઉપાંગ, ૪ આનુપૂર્વિ, ૧ દેવાયુ, ૧ નરકાયુ એ ૧૩ પ્રકૃતિનો ઉદય હોય નહિ કારણકે મિશ્રમોહનીયમાં (મરણ અભાવે) પરભવમાં સાથે જાય નહિં, તિર્યંચ તથા મનુષ્યને ૨ આયુષ્ય અને ૨ ગતિનો ઉદય હોય નહિ, એક કાયયોગ વર્તતાં બીજો કાયયોગ નહિ હોવાથી ૨ શરીર અને ૨ ઉપાંગનો ઉદય હોય નહિ, અને ૪ આનુપૂર્વી તો વક્રગતિએ માર્ગમાંજ ઉદય આવે માટે એ ૧૩ પ્રકૃતિઓના ઉદય સિવાય ૧૦૯ પ્રકૃતિઓનો ઉદય હોય છે. અહિં જીનનામકર્મનો ઉદય સર્વજ્ઞને કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિકમિશ્રયોગમાં ગણ્યો છે. વળી આ ૧૦૯ પ્રકૃતિઓનો ઉદય સર્વપર્યાપ્તિએ અપર્યાપ્ત જીવને ઔદારિકમિશ્રયોગ અંગીકાર કરીને ગણેલ છે, અન્યથા શરીરપર્યાપ્તિએ અપર્યાપ્ત જીવને ઔદારિકમિશ્રયોગ અંગીકાર કરીએ તો ૫ નિદ્રા, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ ખગતિ, ઉપઘાત, પરાઘાત, ઉશ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ, સુસ્વર, દુઃસ્વર, અને જીનનામ એ પ્રકૃતિઓનો ઉદય ન હોય, કારણકે એ પ્રકૃતિઓમાં ૫ નિદ્રા ઇન્દ્રિયપર્યાપ્તને અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેષ સર્વશરીરપર્યાપ્તજીવને ઉદયમાં આવે છે, અને જીનનામ તો કેવળજ્ઞાન સાથેજ ઉદયમાં આવે છે.

(૨૫) **ઉદીરણા** ૮–૧૦૯—ઉદયવત્.

(૨૬) **સત્તા** ૮–૧૪૬—દેવાયુ અને નરકાયુ વિના.

(૨૭) **શરીર** ૩—ઔદારિકમિશ્રયોગ તિર્યંચ તથા મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં તેમજ કેવલીસમુદ્દ્યાત વખતે હોય છે, તે બન્ને વખતમાં ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ૩ શરીર હોય છે, પરન્તુ પર્યાપ્ત અવસ્થામાં સંભવતું આહારક, અને ઉત્તરવૈક્રિય શરીર ન હોય. તેમજ મૂળવૈક્રિય શરીર પણ ન હોય.

(૨૮) **બંધહેતુ** ૪૩—ઔદારિકમિશ્રયોગમાં ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય, અને ઔદારિકમિશ્રયોગ એ ૪૩ બંધહેતુ હોય, શેષ ૧૪ યોગ બંધહેતુ રૂપે ન હોય કારણકે એ યોગ વખતે અન્ય યોગનો અભાવ હોય છે. પ્રશ્નઃ—ઈન્દ્રિયપર્યાપ્તિ વિના પંચ ઇન્દ્રિયોની અવિરતિ અને મનપર્યાપ્તિ વિના મનની અવિરતિ કેમ સંભવે ?

ઉત્તર—ઇન્દ્રિય તથા મન ન હોય તોપણ તેઓની અવિરતિ તો હોઇ શકે છે, કારણકે ઇન્દ્રિયોનો ભોગ્ય પદાર્થોપરથી સમત્વભાવ જ્યાં સુધી છુટયો નથી, તેમજ મનને અશુભ માર્ગમાંથી વાળવા તત્પર થયો નથી ત્યાં સુધી તે આત્માને ઇન્દ્રિયોની અને મનની નિષ્પત્તિ થયા પ્હેલાં પણ ઇન્દ્રિય તથા મનથી થવા યોગ્ય મમત્વભાવ અવશ્ય હોય છે.

(૨૯) **ધ્યાન** ૦—ઔદારિકમિશ્રયોગમાં ધ્યાનનો અભાવ છે. કારણકે અપર્યાપ્ત અવસ્થાના ઔદારિક મિશ્રયોગ વખતે મનની નિષ્પત્તિ નથી, અને કેવલીસમુદ્દ્યાતના ઔદારિક મિશ્રયોગ વખતે કોઇ ધ્યાન નથી, કારણકે સર્વજ્ઞને યોગનિરોધ વખતેજ શુકલ ધ્યાન હોય, અને સમુદ્દ્યાત વખતે યોગનિરોધ પ્રવર્તતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૦) **સંઘયણ** ૬—શરીર અપર્યાપ્તને ઔદારિક મિશ્રયોગ અંગીકાર કરતાં પણ સર્વે સંઘયણ હોય, કારણકે સંઘયણ નામકર્મનો ઉદય શરીર અપર્યાપ્તને પણ હોવાથી સંઘયણની રચના શરીરપર્યાપ્તિ શરૂ થતાંજ થાય છે, અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તને ઔદારિક મિશ્રયોગ અંગીકાર કરીએ તોપણ સર્વ સંઘયણ સંભવે અને કેવલીસમુદ્ઘાત સંબંધિ ઔદારિક મિશ્રયોગમાં તો એક વજ્રર્ષભનારાચ સંઘયણ હોય, કારણકે શેષ સંઘયણવાળાને કેવળજ્ઞાન મોક્ષ અને ક્ષપકશ્રેણિ હોય નહિ.

(૩૧) **સંસ્થાન** ૬—ઔદારિકમિશ્રયોગમાં સર્વે સંસ્થાનો હોય. કારણકે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તને અને અપર્યાપ્તને ઔદારિક મિશ્રયોગ અંગીકાર કરતાં અને કેવલીસમુદ્ઘાતના ઔદારિક મિશ્રયોગ આશ્રયિ છએ સંસ્થાનો પ્રાપ્ત થાય.

(૩૨) **સમુદ્ઘાત** ૩—ઔદારિક મિશ્રયોગમાં વેદના, કષાય અને મરણ એ ૩ સમુદ્ઘાત સર્વ પર્યાપ્તિએ અપર્યાપ્તને ઔદારિક મિશ્રયોગ માનવાથી હોય, અન્યથા શરીર અપર્યાપ્તને તો આયુષ્ય બંધનોજ અભાવ છે તો મરણની વાત શી ? શેષ વૈક્રિયાદિ સમુદ્ઘાત જન્મદેહના પર્યાપ્તપણામાંજ હોય તેથી અત્રે ન સંભવે.

(૩૩) **ભાવ** ૪-૪૨—ઔદારિકમિશ્રયોગમાં ક્ષયોપશમ, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ ચાર મૂળભાવ સંભવે છે, કારણકે ઉપશમભાવ તિર્યંચ મનુષ્ય અને નારકને પર્યાપ્ત અવસ્થામાં હોય, તેમજ દેવને પ્રાયઃ શરીર અપર્યાપ્ત અવસ્થામાં પણ શ્રી પંચસંગ્રહમાં કહ્યો છે. માટે તે ઉપશમ સિવાય ચાર મૂળ ભાવ છે. તથા ઉત્તરભાવ ત્રેપનમાંથી મતિ શ્રુત અને અવધિજ્ઞાન, ૩ અજ્ઞાન, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ૫ દાનાદિ, અચક્ષુદર્શન, અને અવધિદર્શન એ ૧૪ ક્ષાયોપશમિક ભાવ, તથા ૫ દાનાદિ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, અને યથાખ્યાત ચારિત્ર, એ ૯ ક્ષાયિકભાવ, તેમજ દેવગતિ, નરકગતિ સિવાયના શેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯ ઔદયિકભાવ, અને ૩ પારિણામિકભાવ, એ સર્વ મળી ૪૫ ઉત્તરભાવ હોય.

(૩૪) **अवगाहना**—ઔદારિકમિશ્રયોગમાં જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અપર્યાપ્તપણા વખતે અને ઉત્કૃષ્ટથી પ્રાયઃ ૫૦૦ ધનુષ્ય સર્વજ્ઞને હોય છે. એ ઔદારિક મિશ્રયોગે વર્તતા જીવની જાણવી પરન્તુ ઔદારિક મિશ્રયોગ જેને સંભવે તે જીવની નહિ, તથા ઉત્તરદેહ અહિં હોયજ નહિ, અને સમુદ્‌ઘાતકૃત અવગાહના મંથાન આકારે ૧૪ રજ્જુ પ્રમાણ છે.

(૩૫) **स्थिति**—ઔદારિકમિશ્રયોગની જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત હોય, તથા ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩ પલ્યોપમ. વળી કાયસ્થિતિ જઘન્યથી કેવલીસમુદ્‌ઘાતમાં[1] એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જાણવી, કારણકે ત્યારબાદ ઔદારિક મિશ્રયોગ મટીને ઔદારિક કાયયોગ થાય અથવા તો મરણ થવાથી તુર્ત કાર્મણયોગ થાય.

(૩૬) **योनि**—ઔદારિકમિશ્રયોગવાળા જીવોની યોનિ ૭૬ લાખ (૭૬૦૦૦૦૦) છે, કારણકે દેવ અને નારક સિવાયના સર્વે જીવો ઔદારિકમિશ્રયોગવાળા છે, માટે ૮૪ લાખમાંથી તેઓની ચાર ચાર લાખ યોનિ બાદ કરતાં શેષ ૭૬૦૦૦૦૦ યોનિ ઔદારિક મિશ્રયોગની રહે તથા સચિત્તાદિ સર્વ યોનિ ભેદો ઔદારિકમિશ્રયોગે પ્રાપ્ત થાય છે.

इति औदारिकमिश्रकाययोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧ કારણકે કેવલીસમુદ્‌ઘાતમાં બીજે સમયે ઔદારિક મિશ્રયોગ હોય, માટે તે દ્વિતીયસમયવર્તી ઔદારિકમિશ્રકાયયોગ જઘન્ય કાય સ્થિતિમાં ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઔદારિકકાયયોગમાં.

(૧) **गति** ૨—તિર્યંચ અને મનુષ્યગતિમાં ઉત્પન્ન થયેલા જીવોને શરીરપર્યાપ્ત અવસ્થામાં અથવા સર્વપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકકાયયોગ હોવાથી તિર્યંચ અને મનુષ્યગતિ પ્રાપ્ત થાય છે, પણ દેવ અને નરકગતિ પ્રાપ્ત થાય નહિ.

(૨) **इन्द्रिय** ૧-૨-૩-૪-૫—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચે જાતિના તિર્યંચોને, તેમજ મનુષ્યોને ઔદારિકકાયયોગ હોવાથી ઔદારિકકાયયોગમાં પાંચે જાતિ છે.

(૩) **काय** ૬—પૃથ્વીકાયાદિ છએ કાયના તિર્યંચજીવોને અને ત્રસકાયમાં મનુષ્યોને ઔદારિકયોગ હોવાથી ઔદારિકયોગમાં ૬ કાય છે.

(૪) **योग** ૧-(૧)—ઔદારિકકાયયોગ વખતે એક ઔદારિકકાયયોગજ હોય કારણકે સમકાળે બે યોગ ન હોય. અથવા કાયયોગ વખતે બે કાયયોગ સમકાળે ન હોય પણ મનવચનયોગ હોઈ શકે એ પ્રમાણે ગણતાં ૯ યોગ પણ ગણાય.

(૫) **वेद** ૩—કારણકે તિર્યંચ અને મનુષ્યો ત્રણે વેદવાળા હોય છે.

(૬) **कषाय** ૪-૨૫—સુગમ છે.

(૭) **ज्ञान** ૫—કારણકે ઔદારિકકાયયોગી ગર્ભજ મનુષ્યને પાંચે જ્ઞાન હોય છે.

(૮) **अज्ञान** ૩—મનુષ્ય અને તિર્યંચને ત્રણે અજ્ઞાન છે.

(૯) **संयम** ૭—મનુષ્યને સાતે ચારિત્ર છે.

(૧૦) **दर्शन** ૪—મનુષ્યને ચારે દર્શન છે.

(૧૧) **लेश्या** ૬—ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને છએ લેશ્યાઓ. છે.

(૧૨) **भव्य** ૨—મનુષ્ય અને તિર્યંચો ભવ્ય તથા અભવ્ય એમ બન્ને પ્રકારના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩) **सम्यक्त्व ६**—મનુષ્યને છએ સમ્યક્ત્વ છે માટે.

(૧૪) **संज्ञित्व २**—મનુષ્યો તથા તિર્યંચો સંજ્ઞિ અને અસંજ્ઞિ એમ બે પ્રકારના છે માટે.

(૧૫) **आहारोत्व १**—ઔદારિકકાયયોગે વર્તતા મનુષ્ય વા તિર્યંચને લોમ, કવલ, આભોગિક અને અનાભોગિક આહાર હોય, તેમજ છએ દિશિનો તથા સચિત્તાદિ ત્રણે પ્રકારનો પણ આહાર હોય, તેમાં શરીરપર્યાપ્ત હોવાથી ઓજ આહાર હોય નહિ. વળી સચિત્તાદિ ત્રણે પ્રકારનો લોમઆહાર ત્રણ ચાર પાંચ અને છએ દિશિથી આભોગિક તથા અનાભોગિકપણે પ્રાપ્ત થાય છે, અને સચિત્તાદિ ત્રણે પ્રકારનો કવલઆહાર આભોગિકપણે પ્રાપ્ત થાય છે. અનાહારીપણું તો તૈજસકાર્મણકાયયોગ વખતે વક્રગતિમાં, પૂર્વભવથી પરભવમાં જતાં હોય માટે અનાહારિપણું અહિં નથી, તેમજ કેવલીસમુદ્ઘાત વખતે ચોથે પાંચમે અને છઠ્ઠે સમયે અનાહારીપણું છે, પરન્તુ તે વખતે ઔદારિકકાયયોગનો અભાવ છે, કારણ કે એ ત્રણ સમયોમાં કાર્મણકાયયોગ હોય છે, અને તે વખતના કાર્મણકાયયોગે અનાહારીપણું જ હોય એવો નિયમ છે.

(૧૬) **गुणस्थान १३**—સયોગી ગર્ભજ મનુષ્યને તેર ગુણસ્થાન છે માટે.

(૧૭) **जीवभेद १४-३५१** અથવા ૭-૧૨૫—જો શરીરપર્યાપ્તને ઔદારિકયોગ અંગીકાર કરીએ તો જીવના ૧૪ ભેદમાંના ઔદારિકયોગમાં સર્વ ભેદ હોય, અને પાંચસો ત્રેસઠ ભેદમાંના દેવ સંબંધિ ૧૯૮ અને નારક સંબંધિ ૧૪ ભેદ બાદ કરતાં બાકીના ૩૫૧ ભેદ હોય. તેમજ સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત થયેલાને ઔદારિકયોગ હોય એમ અંગીકાર કરીએ તો ૧૪ ભેદમાંથી ૭ અપર્યાપ્તના ભેદ જતાં શેષ ૭ ભેદ હોય, અને ૫૬૩ માંથી ૨૪ પર્યાપ્તતિર્યંચના ભેદ તથા ૧૦૧ પર્યાપ્ત મનુષ્યના ભેદ મળી ૧૨૫ જીવભેદ હોય. શેષ અપર્યાપ્તતિર્યંચના ૨૪ અપર્યાપ્ત મનુષ્યના ૨૦૨ દેવના પર્યાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપર્યાપ્ત સહિત ૧૯૮ અને નારકના પર્યાપ્ત અપર્યાપ્ત સહિત ૧૪ ભેદ એ સર્વ મળી ૪૩૮ જીવભેદ ન હોય.

(૧૮) **પર્યાપ્તિ ૬**—મનુષ્ય તિર્યંચને છએ પર્યાપ્તિ હોય માટે.

(૧૯) **પ્રાણ ૧૦**—મનુષ્ય અને તિર્યંચને દશે પ્રાણ હોય માટે.

(૨૦) **સંજ્ઞા ૪-૩**—આહારાદિ ચારે સંજ્ઞાઓ હોય, તેમજ હેતૂપદેશિકીસંજ્ઞા દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિને, દ્રષ્ટિવાદિકી તથા દીર્ઘકાલિકી સંજ્ઞિમનુષ્ય તથા સંજ્ઞિતિર્યંચને હોવાથી ઔદારિકયોગમાં સર્વે સંજ્ઞાઓ હોય.

(૨૧) **ઉપયોગ ૧૨**—પ્રથમ કહ્યા પ્રમાણે ૫ જ્ઞાન ૩ અજ્ઞાન અને ૪ દર્શન હોવાથી ઔદારિકયોગમાં ૧૨ ઉપયોગ હોય.

(૨૨) **દ્રષ્ટિ ૩**—સમ્યક્ત્વ ૬ હોવાથી દ્રષ્ટિ ૩ છે.

(૨૩) **બંધ ૮-૧૨૦**—મનુષ્યને ૧૨૦ પ્રકૃતિઓનો બંધ છે.

(૨૪) **ઉદય ૮-૧૧૪**—મનુષ્ય અને તિર્યંચને મળીને, નરકત્રિક, દેવત્રિક, તિર્યંચ તથા મનુષ્યની આનુપૂર્વી સિવાય ૧૧૪ પ્રકૃતિનો ઉદય હોય. ઔદારિકયોગ મનુષ્ય તથા તિર્યંચને હોવાથી નરકગત્યાદિ ૬ નો ઉદય ન હોય, અને ૨ આનુપૂર્વી વક્રગતિએ પૂર્વભવથી આવતાં માર્ગમાં હોય, તે વખતે કાર્મણયોગ હોય છે. માટે પોતાની બે આનુપૂર્વીનો પણ ઉદય ન હોય. એ પ્રમાણે ૧૨૨ માંથી ૮ જતાં શેષ ૧૧૪ પ્રકૃતિનો ઉદય હોય. વળી

૧ વૈક્રિયશરીર નામકર્મનો ઉદય અને વૈક્રિયયોગ એ બે ભિન્ન ક્રિયાઓ છે, માટે વૈક્રિયશરીરનામકર્મનો ઉદય ચાલુ રહે અને વૈક્રિય યોગ ન હોય એમ પણ બની શકે. જેમ તૈજસ અને કાર્મણશરીરનામકર્મનો ઉદય ચાલુ હોય પણ તૈજસકાર્મણ કાયયોગ ઉત્પત્તિના બીજા સમયથી ન હોય. તેથી વૈક્રિય ઉદયમાં જે વખતે વૈક્રિયયોગ ન હોય તે વખતે ઔદારિક યોગ હોઇ શકે છે, એ પ્રમાણે આહારકના સંબંધમાં પણ જાણવું. તથા વૈક્રિયશરીરનામનો અને આહારકશરીરનામ યોગનો ઉદય સમકાળે નહિ હોવાથી સમકાળે ૫ શરીર નામકર્મનો ઉદય ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઔદારિકયોગ વખતે વૈક્રિય તથા આહારકકાયયોગ જોકે ન હોય તોપણ વૈક્રિયશરીરનામકર્મનો અને આહારકશરીરનામ કર્મનો ઉદય સંભવે છે, અહિં તિર્યંચ મનુષ્યને વૈક્રિયશરીરનો સંબંધ ગણ્યો છે, અને શાસ્ત્રમાં પ્રાયઃ ઘણે સ્થાને દેવનારકને અંગેજ વૈક્રિય શરીર ગણ્યું છે.

(૨૫) **उदीरणा** ૮-૧૧૪—ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ૫—ઔદારિક કાયયોગ વખતે શરીર પાંચે હોય છે. જોકે બે યોગ સમકાળે નહિ હોવાથી ઔદારિક કાયયોગ વખતે વૈક્રિયાદિ કાયયોગ ઉપયોગ પૂર્વક ન પ્રવર્તે પરન્તુ ઉપયોગ રહિતપણે એક સમયમાં ઔદારિકયોગ સાથે વૈક્રિય વા આહારક એમ બે યોગ પ્રવર્તે, પરન્તુ સમકાળે ઔદારિક, વૈક્રિય, અને આહારક એ ત્રણ યોગ ન પ્રવર્તે, કારણકે સમકાળે વૈક્રિય અને આહારક એ બે શરીરની એક જીવને પ્રાપ્તિ ન હોય, તો ત્રણ યોગ સમકાળે કેમ પ્રવર્તી શકે ? માટે એક જીવને સમકાળે ઔદારિક, વૈક્રિય, તૈજસ, અને કાર્મણ, અથવા ઔદારિક, આહારક, તૈજસ અને કાર્મણ એ બે પ્રકારે જુદે જુદે વખતે ૪ શરીર હોઇ શકે છે, માટે સામાન્યથી ઔદારિકયોગમાં પાંચે શરીરની પ્રાપ્તિ છે.

(૨૮) **बंधहेतु** ૪-૫૧—સુગમ છે (શેષ ૬ કાયયોગ પણ ન ગણવાથી).

(૨૯) **ध्यान** ૧૫—અયોગી ગુણસ્થાનમાં પ્રાપ્ત થનાર છેલ્લા એક શુકલ ધ્યાન સિવાયનાં ૧૫ ધ્યાન ઔદારિકયોગમાં છે.

(૩૦) **संघयण** ૬—તિર્યંચ તથા મનુષ્યને છએ સંઘયણ છે.

(૩૧) **संस्थान** ૬—સંઘયણવત્.

(૩૨) **समुद्घात** ૭—મનુષ્યને સાતે સમુદ્ઘાત હોય છે. વળી કેવલીસમુદ્ઘાતમાં પ્હેલે અને આઠમે સમયે ઔદારિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાયયોગ છે, અને વૈક્રિય તથા આહારક સમુદ્દ્ઘાતમાં જોકે વૈક્રિય તથા આહારક યોગ હોય છે તો પણ દેહવ્યાપારમાત્રની અપેક્ષાએ ઔદારિક યોગીને એ બન્ને યોગ ગણવા, અથવા વૈક્રિય સમુદ્દ્ઘાતમાં વચ્ચમાં કેટલાક સમય ઔદારિક યોગનો સદ્ભાવ હોય.

(૩૩) **भाव** ૯-૯?—દેવગતિ અને નરકગતિ એ બે ઔદયિક ભાવ સિવાયના સર્વે (૫૧) ભાવ હોય છે.

(૩૪) **अवगाहना**—જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ સંબંધિ અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક ૧૦૦૦ યોજન તે ઔદારિકયોગી વનસ્પતિકાયિક કમળ વિગેરેની જાણવી, તથા સમુદ્ઘાતકૃત અવગાહના મરણ તથા કેવલીસમુદ્ઘાત આશ્રયિ ૧૪ રજ્જુ પ્રમાણ દીર્ઘ છે, તથા ઉત્તરદેહાવગાહના સામાન્ય કાયયોગવત્ જાણવી.

(૩૫) **स्थिति**—ઉપયોગની અપેક્ષાએ જઘન્ય કાયસ્થિતિ ૧ સમય, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, ત્યારબાદ અવશ્ય યોગાન્તર થાય અથવા યોગથી નિવૃત્ત થાય. અને ઉપયોગ રહિતપણે ગણતાં અપર્યાપ્તપણાના અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ભવસ્થિતિ તુલ્ય કાયસ્થિતિ જાણવી. ઔદારિક યોગીનું આયુષ્ય જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ પ્રમાણ છે.

(૩૬) **योनि**—નારકની ૪ લાખ અને દેવની ૪ લાખ યોનિ બાદ કરતાં શેષ ૭૬૦૦૦૦૦ યોનિ છે. શેષ સચિત્તાદિ સર્વે ભેદ અંગીકાર કરવા.

इति श्री औदारिककाययोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈક્રિયમિશ્રકાયયોગમાં.[૧]

(૧) **ગતિ** ૨ (૪)—ભવપ્રત્યયિક[૨] વૈક્રિયશરીરની અપેક્ષાએ વૈક્રિયમિશ્રયોગમાં દેવ અને નરક એ બે ગતિ છે, કારણકે એ બે ગતિના જીવોને ભવપ્રત્યયિક વૈક્રિયશરીર છે, અને મનુષ્ય તથા તિર્યંચને ગુણપ્રત્યયિક[૩] એટલે લબ્ધિ પ્રત્યયિક વૈક્રિયશરીર છે. તે લબ્ધિપ્રત્યયિક વૈક્રિય સહિત બન્ને પ્રકારના સામાન્ય વૈક્રિયશરીર આશ્રયિ વિચારીએ તો વૈક્રિયમિશ્રયોગમાં ચારે ગતિ છે.

(૨) **ઇન્દ્રિય** ૯ (૧-૯)—ભવપ્રત્યયિકની અપેક્ષાએ પંચેન્દ્રિયનેજ વૈક્રિયશરીર છે, અને ગુણપ્રત્યયિકની અપેક્ષાએ પંચેન્દ્રિયમાં તિર્યંચ તથા મનુષ્યને હોય છે. વળી એકેન્દ્રિયમાં વાયુને વૈક્રિયશરીર[૪] હોવાથી સામાન્યપણે વૈક્રિયમિશ્રયોગમાં એકેન્દ્રિય

---

૧ શાસ્ત્રમાં પ્રાયઃ ઘણે સ્થાને વૈક્રિયમિશ્ર તથા વૈક્રિયયોગ દેવ અને નારકના મૂળ વૈક્રિય શરીરની અપેક્ષાએ ગણ્યો છે, પરન્તુ તિર્યંચ તથા મનુષ્યે કરેલા ઉત્તરવૈક્રિય શરીરની અપેક્ષાએ ગણેલો નથી, માટે અહિં દ્વારાવતાર પ્રસંગે શાસ્ત્રપદ્ધતિએ મૂળવૈક્રિય શરીર આશ્રયિ દ્વાર સંખ્યા કૌંસ વિનાના જાણવી, તેમજ અને કૌંસ ( ) માં આવેલી દ્વારસંખ્યા મૂળવૈક્રિય તથા ઉત્તરવૈક્રિય બન્નેની એટલે સામાન્ય વૈક્રિય શરીર આશ્રયિ જાણવી, અને તેથી શાસ્ત્ર સાથે વિરોધ ન જાણવો પણ અપેક્ષાભેદ માત્રથી વિશેષ પ્રરૂપણા જાણવી.

૨-૩ દેવ તથા નારકને જન્મથીજ વૈક્રિય શરીર હોય, તેમજ નવું વૈક્રિય રચવાની શક્તિ પણ જન્મસિદ્ધ હોય, તેથી તે દેવોનું જે જન્મ શરીર તે **ભવ પ્રત્યયિક,** અને મનુષ્ય તથા તિર્યંચને વ્રત તપશ્ચર્યાદિ ગુણવડે આત્મલબ્ધિથી ઉત્પન્ન થયેલી શક્તિથી રચાયલું વૈક્રિયશરીર તે **ગુણ પ્રત્યયિક** કહેવાય.

૪. વાયુની વૈક્રિયશરીર રચવાની શક્તિ વ્રત તપશ્ચર્યાદિકથી ઉત્પન્ન થયેલી નથી, તેમજ કોઇ સ્થાને ગુણપ્રત્યયિક કે ભવપ્રત્યયિકપણું વાંચ્યું નથી. છતાં વાયુનું ઉત્તરવૈક્રિયશરીર ભવપ્રત્યયિક માનવું ઠીક છે, તોપણ આ વિષયમાં ગુણપ્રત્યયિકસાથે ગણવું. તે અતિ અસાર હોવાથી શાસ્ત્રમાં કદાચ વિવક્ષા નહિ કરી હોય એમ સમજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પંચેન્દ્રિય એ બે જાતિ હોય.

(૩) **काय** ૧ (૨)—ભવપ્રત્યયિકની અપેક્ષાએ એક ત્રસકાય હોય, તેમજ વાયુના વૈક્રિયશરીરની અપેક્ષાએ વાયુ અને ત્રસ એ બે કાય હોય.

(૪) **योग** ૧ (૯)—ભવપ્રત્યયિકની અપેક્ષાએ વૈક્રિયમિશ્રયોગમાં એક વૈક્રિયમિશ્રયોગજ હોય, કારણકે દેવ નારકને ઉત્પત્તિના બીજા સમયથી શરીરપર્યાપ્તિ અથવા સર્વપર્યાપ્તિઓ સમાપ્ત ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્રયોગ છે, તેમજ માર્ગમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તનારો કાર્મણયોગ, પર્યાપ્ત અવસ્થામાં વર્તનારા મનના ૪, વચનના ૪, વૈક્રિયયોગ, મનુષ્ય તથા તિર્યંચમાં વર્તનારા બે ઔદારિકયોગ, અને પ્રમત્તાપ્રમત્તભાવી (મુનિને વર્તનારા) બે આહારકયોગ, એ ચૌદ યોગ ન હોય, માટે ભવપ્રત્યયિકની અપેક્ષાએ વૈક્રિયમિશ્રમાં એક વૈક્રિયમિશ્રયોગ હોય. તથા સામાન્યપણે મનુષ્ય અને તિર્યંચની અપેક્ષાએ મનના ૪, વચનના ૪ અને વૈક્રિયમિશ્ર એ ૯ યોગ હોય. શેષ ૬ હોય નહિ, કારણકે એક કાયયોગ વખતે બીજો કાયયોગ ગૌણપણે હોવાથી ગણાય નહિ.

(૫) **वेद** ૩ (૩)—ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક વૈક્રિયશરીરમાં (વૈક્રિયમિશ્રયોગમાં) ત્રણે વેદ હોય, કારણકે દેવમાં સ્ત્રીવેદ અને પુરૂષવેદ તથા નારકમાં નપુંસકવેદ હોવાથી ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં ૩ વેદ છે, તેમજ મનુષ્ય અને તિર્યંચમાં તો ૩ વેદ જ છે.

(૬) **कषाय** ૪-૨૫—સર્વ મિથ્યાદૃષ્ટિ દેવાદિકને ૨૫ કષાય છે.

(૭) **ज्ञान** ૩(૪)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં મતિ, શ્રુત અને અવધિ એ ૩ જ્ઞાન છે, અને ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં મનઃપર્યવજ્ઞાન સહિત ૪ જ્ઞાન હોય, કારણકે અપ્રમત્તમુનિ મનઃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યવજ્ઞાન પામી પ્રમત્તદશામાં આવી વૈક્રિયરચના કરે તો વૈક્રિય-મિશ્રમાં ૪ જ્ઞાન હોય.

(૮) **अज्ञान ३** (३)—બન્ને રીતે વૈક્રિયમિશ્રમાં ૩ અજ્ઞાન છે.

(९) **संयम १** (४)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં ૧ અવિરતિ ચારિત્ર હોય, કારણકે દેવ અને નારક સદાકાળ વિરતિ રહિત છે. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયશરીરમાં પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર સિવાયનાં ૪ ચારિત્ર છે, કારણકે પરિહાર-ચારિત્રી નવું શરીર ન રચે, સૂક્ષ્મસંપરાય ૧૦ મે ગુણસ્થાને છે, તેમજ યથાખ્યાત ચારિત્ર ૧૧ મા ગુણસ્થાનથી હોય છે, અને વૈક્રિય રચનાનો પ્રારંભ તથા સંહરણ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે.

(१०) **दर्शन २** (३)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં અચક્ષુ-દર્શન અને અવધિદર્શન એ બે દર્શન હોય, કારણકે અચક્ષુદર્શન તો સર્વ છદ્મસ્થ જીવોને સદાકાળ હોય છે, અને અવધિદર્શન દેવ નારકને જન્મસિદ્ધ[૧] છે. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં ચક્ષુ-દર્શન હોય, કારણકે પર્યાપ્ત અવસ્થામાં ચક્ષુદર્શન હોય છે, અને પર્યાપ્ત અવસ્થામાંજ વૈક્રિયનો પ્રારંભ અને સંહાર હોય છે.

(११) **लेश्या ६** (६)—બન્ને પ્રકારે વૈક્રિયમિશ્રયોગમાં ૬ લેશ્યાઓ છે.

(१२) **भव्य २** (२)—સુગમ છે.

(१३) **सम्यक्त्व ५** (६)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં મિશ્ર સિવાયનાં પાંચ સમ્યક્ત્વ છે, કારણકે દેવ નારકને અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રગુણસ્થાન ન હોય, વળી ઉપશમ સમ્યક્ત્વ અનુ-ત્તર દેવને અપર્યાપ્તઅવસ્થામાં, પંચસંગ્રહાદિ ગ્રંથોમાં સપ્તતિ-

---

૧ અહિં વિશેષ એ છે કે અસંજ્ઞિ પંચેન્દ્રિયના ભવમાંથી નિકળીને જે જીવો દેવપણે (અથવા નારકપણે) ઉત્પન્ન થાય છે તે દેવોને (તથા નારકોને) અપર્યાપ્ત અવસ્થામાં અવધિજ્ઞાન અને અવધિદર્શન ન હોય એમ શ્રી વિશેષાવશ્યકમાં અવધિજ્ઞાનના અધિકારમાં નવ અનુ-યોગ દ્વારના વર્ણન પ્રસંગે કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૂર્ણિની સાક્ષીપૂર્વક[1] કહેલું છે, શેષ ૩ ગતિમાં અપર્યાપ્તઅવસ્થાની અપેક્ષાએ ઉપશમ સમ્યક્ત્વ ન હોય. વળી ગુણપ્રત્યયિક વૈક્રિય-મિશ્રમાં તો ૬ સમ્યક્ત્વ હોય, કારણકે પર્યાપ્તગર્ભજ મનુષ્ય તથા તિર્યંચને છએ સમ્યક્ત્વ ઉત્તરવૈક્રિય વખતે સંભવે છે.

---

૧ અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ સંબંધિ બે અભિપ્રાયો છે તેમાં સિધાન્તનો અભિપ્રાય નીચે પ્રમાણે છે.

अणबंधोदयमायुग–बंधं कालं च सासणा कुणइ
उवसमसम्मदिट्ठो, चउन्हमेगंपि नो कुणइ ॥१॥

અર્થ:—સાસ્વાદન સમ્યગ્દષ્ટિ જીવ અનંતાનુબંધિનો બંધ, અનંતાનુબંધિનો ઉદય, આયુષ્યનો બંધ, અને મરણ એ ચાર ક્રિયા કરે, પરન્તુ ઉપશમ સમ્યગ્દષ્ટિ જીવ એ ચારે ક્રિયા ન કરે. વળી ઉપશમશ્રેણિપર ચઢેલો જીવ શ્રેણિમાંજ મરણ પામી અનુત્તર દેવમાં ઉત્પન્ન થાય, તેને ઉપશમ સમ્યક્ત્વ વિલય પામી ભવના પ્રથમ સમયથીજ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, પરન્તુ ઉપશમ સમ્યક્ત્વ ન હોય. શ્રી શતકબૃહત્ ચૂર્ણિમાં કહ્યું છેકે-**जो उवसमसम्मदिट्ठो उवसमसेढीए कालं करेइ सो पढमसमये चेव सम्मत्तपुंजं उदयावलियाए छोढूण सम्मत्तपुग्गले वेएइ, तेण न उवसमसम्मदिट्ठो अप्पज्जत्तगो लब्भइ—અર્થ:**–ઉપશમ શ્રેણિમાં જે ઉપશમ સમ્યગ્દ્રષ્ટિ જીવ કાળ કરે છે તે જીવ પ્રથમ સમયમાંજ ઉદયાવલિકાની અંદર સમ્યક્ત્વનાં પુદ્ગલ પ્રક્ષેપીને ઉદયમાં લાવે છે, તે કારણથી અપર્યાપ્ત જીવ ઉપશમસમ્યગ્દ્રષ્ટિ ન હોય, એ બન્ને પાઠોથી પ્રથમ અભિપ્રાય કહ્યો.

બીજા અભિપ્રાયમાં શ્રી સપ્તતિકા ચૂર્ણિનેવિષે કહ્યું છે કે–"**पण वीसस-त्तावीसोदया देव नेरइए पडुच्च, नेरइगो खइगवेयग सम्मदिट्ठी, देवो तिविहसम्मदिट्ठि वि" અર્થ:**–દેવ તથા નારક આશ્રયિ ૨૫ અને ૨૭ પ્રકૃતિનો ઉદય છે તે વખતે નારકજીવ ક્ષાયિક અને ક્ષયોપશમ એ બે સમ્યક્ત્વવાળો હોય છે, અને દેવ ઉપશમ સહિત ત્રણે સમ્યક્ત્વયુક્ત હોય છે. વળી ૨૫ નો ઉદય શરીર પર્યાપ્તિવડે અપર્યાપ્તને હોય, તેમજ ૨૭ નો ઉદય શરીર પર્યાપ્તિવડે પર્યાપ્ત અને શેષ ઇન્દ્રિયાદિ પર્યાપ્તિઓવડે અપર્યાપ્તને હોય છે. માટે અપર્યાપ્ત અવસ્થામાં દેવને ઉપશમ સમ્યક્ત્વ હોય એ તાત્પર્ય છે. તત્વ શ્રીસર્વજ્ઞ જાણે. આ અધિકાર શ્રી પંચસંગ્રહના પ્રથમદ્વારની ૨૫ મી ગાથાની ટીકામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૪) **संज्ञित्व** ૧ (૨)—દેવ તથા નારકના ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં એક સંજ્ઞિપણું હોય, અને સામાન્યપણે વૈક્રિય-મિશ્રયોગમાં સંજ્ઞિપણું તથા અસંજ્ઞિપણું એ બન્ને હોય, કારણકે વાયુકાય અસંજ્ઞિ છે.

(૧૫) **आहारक** ૧ (૧)—બન્ને પ્રકારના વૈક્રિયમિશ્રયોગમાં આહારીપણું છે, કારણકે દેવનારકને ઉત્પત્તિના પ્રથમ સમયથી ઓજઆહાર છે, અને શરીરપર્યાપ્તિ સમાપ્ત થયાબાદ લોમઆહાર હોય છે, અને એ બન્ને પર્યાપ્તપણામાં બે મતે વૈક્રિયમિશ્રયોગ કહેવાય છે. માટે વૈક્રિયમિશ્રયોગે દેવ તથા નારકને ઓજ અને લોમઆહાર છે, તેમજ મનુષ્ય તથા તિર્યંચના વૈક્રિયમિશ્રયોગમાં લોમ અને કવલાહાર છે. કારણકે મનુષ્ય તથા તિર્યંચનો વૈક્રિય-મિશ્રયોગ પર્યાપ્ત અવસ્થામાંજ છે. વળી ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્ર-યોગમાં માત્ર અચિત્તઆહાર હોય છે, કારણકે નારકને સર્વદા અને દેવને અમુક અમુક કાળને અન્તરે અચિત્તઆહાર હોય છે. અને ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં તો ત્રણે પ્રકારનો આહાર સંભવે છે. વળી આભોગ અને અનાભોગ એ બન્ને પ્રકારનો આહાર હોય છે. દિશિની અપેક્ષાએ છએ દિશિનો આહાર હોય છે, નિષ્કુટ પ્રદેશોમાં (લોકાન્તે) રહેલા વાયુ સંબંધિ વૈક્રિયમિશ્ર-યોગમાં ૩–૪–૫–૬ દિશિનો આહાર સંભવે. એ પ્રમાણે વૈક્રિય-મિશ્રયોગમાં આહારકપણાનો એક ભેદ છે. અને માર્ગમાં વહેતાનું, કેવલીસમુદ્દઘાત વખતનું અને અયોગીપણાનું અનાહારકપણું વૈક્રિય-મિશ્રમાં ન હોય, કારણકે એ ત્રણે વખતમાં વૈક્રિયનો પ્રારંભ કે સંહરણ હોય નહિ.

(૧૬) **गुणस्थान** ૩ (૬)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં મિથ્યા-ત્વ, સાસ્વાદન અને સમ્યક્ત્વ; એ ૩ ગુણસ્થાન હોય, પરન્તુ મિશ્રગુણસ્થાને મરણનો અભાવ હોવાથી અપર્યાપ્તઅવસ્થામાં દેવ તથા નારકને મિશ્રગુણસ્થાન ન હોય, અને ગુણપ્રત્યયિક વૈક્રિય-મિશ્રમાં મિશ્ર, દેશવિરતિ અને સર્વવિરતિ સહિત ૬ ગુણસ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય, કારણકે મનુષ્યને પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયરચના વખતે છઠ્ઠે ગુણસ્થાન હોય છે. શ્રીવિચારસારમાં મિશ્રગુણસ્થાને વૈક્રિયશરીરનામકર્મનો ઉદય કહેલો છે, માટે મિશ્રગુણસ્થાને વૈક્રિયમિશ્રયોગ છે. તેમજ સાતમા ગુણસ્થાને વૈક્રિય રચનાનો પ્રારંભ તથા સંહરણ નહિ હોવાથી વૈક્રિયમિશ્રયોગ ન હોય. કારણકે વૈક્રિયરચનાનો પ્રારંભ અને સંહરણ ઔત્સુકયભાવે હોવાથી તે વખતે જીવ પ્રમાદી ગણાય છે, વળી વૈક્રિયયોગ સાતમે ગુણસ્થાને હોય છે, તે છઠ્ઠેથી પ્રારંભ કરી ૭ મે આવી ફરીથી છઠ્ઠે જઈ વૈક્રિય સંહરણ કરે એ અપેક્ષાએ છે. અને આઠમા અપૂર્વકરણાદિમાં સર્વથા વૈક્રિયયોગ ન હોય, તો વૈક્રિયમિશ્ર હોયજ ક્યાંથી ? એ પ્રમાણે વૈક્રિયમિશ્રયોગમાં શાસ્ત્રપદ્ધતિએ ૩ ગુણસ્થાન તથા વિશેષપણે ૬ ગુણસ્થાન છે.

(१७) **जीवभेद** १-१०६ (३-१२७)—જીવના ૧૪ ભેદમાંથી વૈક્રિયમિશ્રયોગમાં દેવ તથા નારકના ભવપ્રત્યયિક શરીરની અપેક્ષાએ એક સંજ્ઞિઅપર્યાપ્ત ભેદ હોય, તેમજ પાંચસોત્રેસઠ ભેદમાંથી ૭ અપર્યાપ્ત નારક અને ૯૯ અપર્યાપ્ત દેવ એ પ્રમાણે ૧૦૬ ભેદ વૈક્રિયમિશ્રમાં હોય. વળી સામાન્યપણે (ગુણપ્રત્યયિક સહિત) વૈક્રિયમિશ્રયોગમાં ચૌદ ભેદમાંથી પર્યાપ્તબાદર એકેન્દ્રિય, સંજ્ઞિપર્યાપ્ત, અને સંજ્ઞિઅપર્યાપ્ત એ ત્રણ ભેદ હોય, વળી પર્યાપ્તબાદર એકેન્દ્રિયમાં કરણપર્યાપ્ત વાયુને, સંજ્ઞિપર્યાપ્તમાં કરણપર્યાપ્ત ગર્ભજતિર્યંચને તથા ગર્ભજ મનુષ્યને, અને સંજ્ઞિઅપર્યાપ્તમાં કરણપર્યાપ્ત દેવ તથા નારકને વૈક્રિયમિશ્રયોગ હોય છે. તેમજ પાંચસોત્રેસઠ જીવભેદમાંથી ૧ પર્યાપ્તબાદર વાયુ, ૧૫ પર્યાપ્તકર્મભૂમિ મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૭ અપર્યાપ્તનારક, ૯૯ અપર્યાપ્ત દેવ; એ સર્વ મળી ૧૨૭ જીવભેદમાં વૈક્રિયમિશ્રયોગ પ્રાપ્ત થાય છે.

(१८) **पर्याप्ति**[1] ५ (६)—દેવનારકના ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં

---

૧. પર્યાપ્તિઓ મૂળદેહ સંબંધિ, અને ઉત્તરદેહ સંબંધિ એમ બે પ્રકારની છે, તેમાંથી અહિં મૂળદેહ સંબંધિ પર્યાપ્તિઓ કહી છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ પર્યાપ્તિઓ હોય છે, કારણકે અપર્યાપ્તપણું પાંચ પર્યાપ્તિઓની સમાપ્તિ સુધીજ હોય છે, કારણ કે છઠ્ઠી પર્યાપ્તિ સમાપ્ત થવાથી પર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે, અને પર્યાપ્તપણામાં અવશ્ય વૈક્રિયયોગ થાય છે. અથવા દેવને પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિ સમકાળે સમાપ્ત થાય છે, તે કારણથી ૪ પર્યાપ્તિઓ પણ અપર્યાપ્ત અવસ્થામાં ગણાય, વળી મનુષ્ય તથા તિર્યંચને પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિય રચના હોય છે, તેથી સામાન્યપણે વૈક્રિયમિશ્રયોગમાં ૬ પર્યાપ્તિઓ કહેવાય.

(૧૯) **પ્રાણ** ૯ (૧૦)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં મનયોગ સિવાય ૯ પ્રાણ છે, કારણકે અપર્યાપ્તઅવસ્થામાં મનયોગ ન હોય,[1] અને ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં દશ પ્રાણ હોય. વળી ૯ પ્રાણોની પ્રાપ્તિ સર્વ પર્યાપ્તિવડે અપર્યાપ્ત દેવ તથા નારકના સંબંધમાં જાણવી. અન્યથા શરીરપર્યાપ્તને વૈક્રિયમિશ્રયોગ ગણીએ તો આયુષ્ય અને મિશ્રકાયયોગ એ બે પ્રાણ હોય. શેષ ૮ પ્રાણ ન હોય.

(૨૦) **સંજ્ઞા** ૪ (૪)–૧ (૨)––ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં આહારાદિ ચારે સંજ્ઞા હોય, અને હેતૂપદેશિકી વિગેરે ત્રણ સંજ્ઞામાંની એક દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા સમ્યગ્દૃષ્ટિ દેવ તથા નારકને હોય, અને દીર્ઘકાલિકીસંજ્ઞા તો મનોયોગના વિષયવાળી હોવાથી

ઉત્તરદેહ સંબંધિ જે પર્યાપ્તિઓ કરવી પડે તેમાં વૈક્રિયદેહના પ્રારંભે મનુષ્ય તથા તિર્યંચને જે વૈક્રિયમિશ્રયોગ છે તે પાંચ પર્યાપ્તિવાળો છે, પરન્તુ સંહરણ વખતે ૬ પર્યાપ્તિઓ હોય છે.

૧. અપર્યાપ્ત અવસ્થામાં જેમ મનોયોગ નથી તેમ ચક્ષુપ્રાણ અને વચનપ્રાણ પણ નથી, તો એ બે પ્રાણ વૈક્રિયમિશ્રમાં કેમ ગણા શકાય ? ઉત્તર:—વચનયોગ અને વચનપ્રાણમાં તફાવત છે, તેમાં સાધન સામગ્રી વિના શક્તિ માત્ર પ્રાપ્ત થવી તે પ્રાણ છે, અને સાધન સામગ્રીયુક્ત જે વ્યાપારશક્તિ તે યોગ કહેવાય. જેમ કે ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી ભાષાપ્રાણ તો પ્રાપ્ત થયો, પરન્તુ ઓષ્ઠ, તાળુ, જીહ્વાદિના સાધનવિના ભાષાગ્રહણ વ્યાપાર કરવાની શક્તિ નથી, માટે વચનયોગ નથી પરન્તુ વચનપ્રાણ તો છેજ. એ રીતે ચક્ષુ વિગેરેમાં વિચારવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપર્યાપ્ત અવસ્થામાં ન હોય. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં ત્રણસંજ્ઞામાંથી દીર્ઘકાલિકી અને દ્રષ્ટિવાદોપદેશિકી એ બે સંજ્ઞા હોય, કારણકે પર્યાપ્તઅવસ્થામાં રચાતા મનુષ્ય તથા તિર્યંચના વૈક્રિયમિશ્રમાં એ બન્ને સંજ્ઞાઓ હોય છે. પરન્તુ વાયુકાયના મિશ્રયોગમાં ત્રણમાંની એક પણ સંજ્ઞા ન હોય.

(૨૧) **ઉપયોગ** ૮ (૧૦)—પ્રથમ વૈક્રિયમિશ્રમાં વર્ણવેલા જ્ઞાન, અજ્ઞાન અને દર્શનદ્વારની પદ્ધતિ પ્રમાણે ભવપ્રત્યયિક આશ્રયિ ૮ ઉપયોગ. અને સામાન્યપણે ૧૦ ઉપયોગ છે.

(૨૨) **દ્રષ્ટિ** ૨ (૩)—વૈક્રિયમિશ્રયોગમાં પ્રથમ વર્ણવેલા સમ્યક્ત્વદ્વારની પદ્ધતિએ ભવપ્રત્યયિક આશ્રયિ ૨ દૃષ્ટિ, અને ગુણપ્રત્યયિક આશ્રયિ ૩ દૃષ્ટિ હોય છે.

(૨૩) **બંધ** ૭–૧૦૨ (૭–૧૧૪)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં આયુષ્ય સિવાય ૭ મૂળ કર્મનો બંધ હોય, કારણકે દેવ તથા નારકને અપર્યાપ્ત અવસ્થામાં આયુષ્યકર્મ બંધાય નહિ. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં આયુષ્ય સિવાય ૭ કર્મનો બંધ હોય. ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં આયુષ્યનો બંધ હોય કે નહિ? તે શ્રી બહુશ્રુત જાણે. વળી ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્ર યોગમાં ૪ આયુષ્ય, દેવદ્વિક, નરકદ્વિક, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એ ૧૮ પ્રકૃતિઓ સિવાય ૧૦૨ પ્રકૃતિઓ બાંધે, અને ગુણપ્રત્યયિકમાં આહારકદ્વિક, અને ચાર આયુષ્ય સહિત ૬ પ્રકૃતિ સિવાય ૧૧૪ પ્રકૃતિનો બંધ ઔદારિકયોગી અથવા મનુષ્યના સામાન્યબંધવત્ જાણવો. અહિં પણ આયુષ્યનો નિર્ણય શ્રી બહુશ્રુતના વચનથી જાણવો.

(૨૪) **ઉદય** ૮–૮૬ (૮–૯૬)—સર્વ પર્યાપ્તિઓવડે અપર્યાપ્ત દેવ તથા નારકના વૈક્રિયમિશ્રયોગમાં સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, ૪ આનુપૂર્વી, ૪ અશુભજાતિ, ઔદારિકદ્વિક, આહારક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વિક, ૬ સંઘયણ, આતપ, ૪ મધ્યસંસ્થાન મિશ્રમોહનીય, તિર્યંગાયુ નરાયુ, તિર્યગ્ગતિ, નરગતિ, સ્ત્યાનર્ધિત્રિક, જીનનામ, એ છત્રીશ પ્રકૃતિઓવિના શેષ ૮૬ પ્રકૃતિઓનો ઉદય હોય. તથા સામાન્ય વૈક્રિયમિશ્રયોગમાં સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, ૪ આનુપૂર્વી, મધ્ય ૩ જાતિ, આહારકદ્વિક, ઔદારિકદ્વિક, ૬ સંઘયણ, ૧ આતપ, ૪ મધ્યસંસ્થાન અને જીનનામ તથા સ્ત્યાનર્ધિત્રિક એ ૨૯ પ્રકૃતિઓવિના શેષ ૯૩ પ્રકૃતિઓનો ઉદય હોય. અહિં ઔદારિકદ્વિક અને ૬ સંઘયણ વૈક્રિયશરીર કરનારને વિદ્યમાન છે, તોપણ વૈક્રિયરચના વખતે શાસ્ત્રકારે એ આઠના કર્મનો ઉદય નહિ ગણેલો હોવાથી અહિં ગણી નથી. વળી ૮ મૂળકર્મનો ઉદય તો બન્નેમાં તુલ્ય છે.

(૨૫) **ઉદીરણા** ૮-૮૬ (૮-૯૬)—ઉદયવત્.

(૨૬) **સત્તા** ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) **શરીર ૩ (૪)**—ભવપ્રત્યયિક આશ્રયિ વૈક્રિય, તૈજસ, કાર્મણ એ ૩ શરીર, અને સામાન્યપણે ઔદારિક સહિત ચાર શરીર છે, પરન્તુ આહારક શરીર ન હોય, કારણકે વૈક્રિયશરીર અને આહારકશરીર એ બે સમકાળે એક જીવને ન હોય.

(૨૮) **બંધહેતુ** ૪-૫૧ —બન્ને પ્રકારે ગણતાં ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય, અને ૪ મનયોગ, ૪ વચનયોગ તથા વૈક્રિયમિશ્રયોગ; એ પ્રમાણે ૫૧ બંધહેતુ હોય. એક કાયયોગ વખતે બીજો કાયયોગ નહિ ગણવાથી શેષ ૬ કાયયોગરૂપ બંધહેતુ ન હોય. ગુણપ્રત્યયિકમાં ઔદારિકયોગ છે તોપણ વૈક્રિયમિશ્રની મુખ્યતાએ ઔદારિકયોગ ગૌણપણે હોવાથી ગણાય નહિ, અથવા બે કાયયોગ સાથે વર્તે તોપણ બંધમાં હેતુભૂત એકજ કાયયોગ ગણવો યોગ્ય છે, અહિં વૈક્રિયમિશ્રયોગ જે સમયે બંધમાં હેતુભૂત હોય છે તે સમયે મનોયોગાદિ હેતુભૂત ન ગણાય, પરન્તુ વૈક્રિયરચનાના પ્રારંભ અને સંહરણના અસંખ્ય સમયોમાં કોઇક સમયે વૈક્રિયમિશ્રયોગ બંધહેતુભૂત હોય, તો કોઇક સમયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્યયોગ બંધહેતુભૂત હોય. એ પ્રમાણે અનેક સમયોની અપેક્ષાએ ૯ યોગ બંધહેતુમાં ગ્રહણ કર્યા છે, અન્યથા એક વૈક્રિયમિશ્રયોગજ બંધહેતુભૂત હોય. આ સંબંધમાં વિશેષ નિર્ણય શ્રી બહુશ્રુત ગમ્ય છે.

(૨૯) **ધ્યાન** ૦ (૮)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં ધ્યાન એક પણ ન હોય, કારણકે દેવ તથા નારકને અપર્યાપ્તઅવસ્થામાં મન ન હોય, અને મનવિના કેવળ કાયયોગે ધ્યાન હોય નહિ. તેમજ ગુણપ્રત્યયિક આશ્રયિ વૈક્રિયમિશ્રયોગ મનુષ્ય અને તિર્યંચને પર્યાપ્તઅવસ્થામાં હોવાથી મનવિષયિક ૪ આર્ત્તધ્યાન અને ૪ રૌદ્રધ્યાન એ ૮ ધ્યાન હોય. પણ ધર્મધ્યાનાદિ ન હોય, કારણકે ધર્મધ્યાન અપ્રમત્ત મુનિને હોય અને અપ્રમત્ત મુનિને વૈક્રિયયોગ છે પણ (પ્રારંભ અને સંહરણના અભાવે) વૈક્રિયમિશ્રયોગ નથી, અને શુક્લધ્યાન તો આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથીજ શરૂ થાય છે, માટે ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં ૮ અશુભ ધ્યાનજ હોય.

(૩૦) **સંઘયણ** ૦ (૬)—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં એક પણ સંઘયણ ન હોય, કારણકે દેવ તથા નારકજીવો સંઘયણ રહિત છે. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં ૬ સંઘયણ[૧] છે, કારણકે મનુષ્ય તિર્યંચને છએ સંઘયણ હોય છે, અને રચેલું ઉત્તરવૈક્રિયશરીર તો સંઘયણ રહિતજ[૨] છે.

---

૧. ઉદયમાંથી સંઘયણ નામકર્મનો ઉદય વૈક્રિયમિશ્રયોગ વખતે ગણ્યો નથી અને અહિં ૬ સંઘયણ ગણ્યાં તેનું શું કારણ? ઉત્તર:—સંઘયણ અને સંઘયણનામકર્મનો ઉદય એ બે કાર્ય કારણપણે ભિન્ન પદાર્થ છે, માટે ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગ વખતે સંઘયણનામકર્મનો ઉદય ન હોય પણ પૂર્વે સંઘયણનામકર્મના ઉદયથી રચાયલું સંઘયણ હોવામાં વિરોધ નથી.

૨. દેવ તથા મનુષ્યાદિકે રચેલ સિંહ, હસ્તિ વિગેરે ઉત્તરવૈક્રિયશરીરમાં હાડકાંનો સમુદાય હોવા છતાં પણ સંઘયણ રહિત કેમ કહેવાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૧) **સંસ્થાન ૨ (૬)**—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગ વખતે દેવને સમચતુરસ્ર અને નારકને હુંડક સંસ્થાન હોય છે. અને ગુણ પ્રત્યયિક મિશ્રયોગ વખતે છએ સંસ્થાન હોય છે, પણ રચાયેલા ઉત્તરવૈક્રિયમાં નામકર્મોદય આશ્રયિ સમચતુરસ્ર સંસ્થાન અને બાહ્ય દેખાવમાં તો છએ સંસ્થાનવાળું વૈક્રિયશરીર[1] હોય.

(૩૨) **સમુદ્ઘાત ૨ (૨)**—ભવપ્રત્યયિક તથા ગુણપ્રત્યયિક મિશ્રયોગમાં વેદના અને કષાય એ બે સમુદ્ઘાત સંભવે, પણ મરણ વિગેરે સંભવે નહિં, કારણકે દેવ તથા નારક તો પર્યાપ્ત થયાબાદ દીર્ઘઆયુષ્ય ભોગવી મરણ પામે છે, અને મનુષ્ય તિર્યંચો વૈક્રિયયોગમાં મરણ પામે પણ વૈક્રિય પ્રારંભ વા સંહરણરૂપ વૈક્રિયમિશ્રયોગ વખતે મરણ ન પામે એમ ગ્રંથોમાં કહેલી વૈક્રિયની કાયસ્થિતિ અનુસારે સંભવે છે. શેષ સમુદ્ઘાત પણ એક વખતે બીજી સમુદ્ઘાતના અભાવે સંભવતી નથી. વળી આ બે સમુદ્ઘાત તે પણ સંભવ[2] આશ્રયિ કહ્યા છે, કારણકે વૈક્રિયમિશ્ર વખતે વેદના અને કષાય તો છેજ, પણ તેસંબંધિ સમુદ્ઘાત હોય કે નહિ તેનો નિર્ણય શ્રી બહુશ્રુતથી જાણવો.

ઉત્તર:—સંઘયણ તે ઔદારિક વર્ગણાનાં પુદ્ગલોથી બનેલા હાડના બંધારણરૂપ કહેવાય, અને ઉત્તરવૈક્રિયદેહમાં ઔદારિક વર્ગણા નહિ હોવાથી હાડરૂપે દેખાતા સ્કંધો પણ વૈક્રિયવર્ગણાના છે, માટે ઉત્તરવૈક્રિયમાં સંઘયણનો અભાવ કહેવાય.

૧. ઉત્તરવૈક્રિયશરીર વામન, કુબ્જ વિગેરે અનેક આકારે બની શકે છે, તો ઉત્તરવૈક્રિય રચના માટે ફક્ત સમચતુરસ્ર સંસ્થાનનામકર્મનો ઉદય અને સમચતુરસ્ર સંસ્થાન કેમ ગણ્યું ?

ઉત્તર:—સપ્તતિકાદિ ગ્રંથોમાં ગુણપ્રત્યયિક ઉત્તરવૈક્રિય વખતે સમચતુરસ્ર સંસ્થાનકર્મનો ઉદય ગણ્યો છે, અને શ્રીપ્રજ્ઞાપના સૂત્રમાં દેવાદિકના ઉત્તર વૈક્રિયમાં છએ સંસ્થાન ગણ્યાં છે, તોપણ નામકર્મનો ઉદય તો સમચતુરસ્રનોજ હોય.

૨. વૈક્રિયમિશ્ર વખતે વેદના કષાય અવશ્ય હોય છે, અને અપર્યાપ્ત-અવસ્થામાં ૩ સમુદ્ઘાત હોય છે તે કારણથી " સંભવ આશ્રયિ " જાણવું. પણ અક્ષરો વાંચવા પૂર્વક નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) **भाव** ૯-૩૮ (૯-૪૪)-ઉપશમ સમ્યક્ત્વ, તથા ૩ અજ્ઞાન, ૩ જ્ઞાન, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ૫ દાનાદિ, ૨ દર્શન (ચક્ષુ અવધિ), અને ક્ષાયિક સમ્યક્ત્વ, એ ૧૫ ક્ષયોપશમભાવ, તેમજ તિર્યંચગતિ અને મનુષ્યગતિવિના શેષ ૧૯ ઔદયિકભાવ, અને ૩ પારિણામિકભાવ એ ૩૮ ભાવ હોય. શેષ ઉપશમ ચારિત્રાદિ ૧૫ ભાવ ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રમાં ન હોય. વળી મૂળભાવ પાંચે હોય. તેમજ ગુણપ્રત્યયિકમાં ઉપશમ ચારિત્ર, ૫ દાનાદિ ક્ષાયિકલબ્ધિ, ૨ કેવલદ્વિક, ક્ષાયિકચારિત્ર, એ ૯ ભાવ ન હોય, કારણકે એ ભાવો ૯માથી ૧૪મા ગુણસ્થાન સુધીમાં યથાસંભવ હોય છે, અને વૈક્રિયમિશ્ર તો છઠ્ઠા ગુણસ્થાન સુધીજ હોય છે, માટે એ ૯ સિવાયના શેષ ૪૪ ભાવ હોય, અને મૂળભાવ પાંચે હોય.

(૩૪) **अवगाहना**—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગી દેવ તથા નારકની જઘન્ય વા ઉત્કૃષ્ટ જન્મદેહની અવગાહના પૂર્વવત્. અને ગુણપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગી વાયુની જઘન્ય અવગાહના પર્યાપ્ત અવસ્થામાં પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે, અને ઉત્કૃષ્ટ અવગાહના પર્યાપ્ત ગર્ભજ તિર્યંચ આશ્રયિ ૧૦૦૦ યોજન પ્રમાણ હોય. તથા સમુદ્ઘાતકૃત અવગાહના વૈક્રિયસમુદ્ઘાતની અપેક્ષાએ સંખ્યાત[1] યોજન પ્રમાણ છે. અને ઉત્તરદેહમાં પોતેજ ઉત્તરદેહરૂપ છે માટે ઉત્તરદેહાવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ જઘન્યથી છે. અને ઉત્કૃષ્ટ અવગાહના વખતે મિશ્રયોગનો અભાવ છે માટે ઉત્કૃષ્ટ અવગાહના હોય નહિ.

(૩૫) **स्थिति**—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગીની ભવસ્થિતિ દેવ

---

૧. સંખ્યાત યોજન કહેવાનું કારણ એ છે કે ઉત્તરવૈક્રિયના મિશ્રયોગ વખતે વૈક્રિયસમુદ્ઘાત પ્રવર્તે છે, પરન્તુ વૈક્રિયને દૂર ક્ષેત્રમાં મોકલવાનું બનતું નથી, અને સમુદ્ઘાતકાળમાં તો આત્મપ્રદેશો સંખ્યાત યોજન દૂર હોઇ શકે છે, અને સમુદ્ઘાતકાળ વીત્યા બાદ બનેલા વૈક્રિયને દૂર દેશમાં મોકલવાથીજ અસંખ્ય યોજન અવગાહના હોય માટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારકવત્, અને ગુણપ્રત્યયિકની પર્યાપ્ત મનુષ્યવત્. કાયસ્થિતિ તો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત તે ઉપયોગની અપેક્ષાએ છે, અન્યથા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

(૩૬) **योनि**—ભવપ્રત્યયિક વૈક્રિયમિશ્રયોગમાં દેવ અને નારકની ચાર ચાર લાખ યોનિ છે. સચિત્તાદિ ૩ ભેદમાંથી એક અચિત્તયોનિ, સંવૃતાદિ ૩ ભેદોમાંની એક સંવૃતયોનિ. શીતાદિ ૩ ભેદમાંથી ત્રણે પ્રકારની યોનિ (નારક આશ્રયિ) છે, અને શંખાવર્ત્તાદિમાંની કોઇપણ યોનિ નથી. તેમજ ગુણપ્રત્યયિક સહિત સામાન્ય વૈક્રિયમિશ્રયોગમાં વાયુની ૪ લાખ, તિર્યંચપંચેન્દ્રિયની ૪ લાખ, મનુષ્યની ૧૪ લાખ, દેવની ૪ લાખ અને નારકની ૪ લાખ એ સર્વ મળી ૩૦ લાખ યોનિ છે. અને સચિત્તાદિ ૩ ભેદ, સંવૃતાદિ ત્રણ ભેદોમાંથી વાયુ આશ્રયિ સંવૃત અને ગર્ભજ તિર્યંચ મનુષ્ય આશ્રયિ સંવૃતવિવૃત એ બે યોનિઓ છે. વળી શીતાદિ ૩ ભેદો છે (વાયુઆશ્રયિ), અને શંખાવર્તાદિ ૩ ભેદોમાંથી શંખાવર્ત્તવિના ૨ ભેદો છે, કારણકે શંખાવર્તયોનિમાં ઉત્પન્ન થયેલ જીવ સ્ત્રીરત્નના પ્રબળ કામાગ્નિવડે શિઘ્ર અપર્યાપ્તાવસ્થામાંજ મરણ પામે છે, માટે ત્યાં ઉત્પન્ન થયેલા જીવને વૈક્રિય રચનાનો અભાવ છે.

इति वैक्रियमिश्रयोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

વૈક્રિયકાયયોગમાં.

(१) **गति** २ (४), (२) **इन्द्रिय** ५ (१-५), (३) **काय** १ (२) —વૈક્રિયમિશ્રવત્. પરન્તુ વિશેષમાં પર્યાપ્ત અવસ્થા આશ્રયિ સર્વ દ્વાર વિચારવાં.

(४) **योग** १ (९)—ભવપ્રત્યયિક આશ્રયિ એક વૈક્રિયયોગ, અને ગુણપ્રત્યયિક આશ્રયિ ચાર મનના અને ચાર વચનના યોગ સહિત ૯ યોગ. અહિં ઔદારિક કાયાનો વ્યાપાર વિદ્યમાન છે પણ ગણ્યો નથી. કારણકે જેમ તૈજસનો વ્યાપાર વિદ્યમાન છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ ઔદારિકાદિ ભવધારણીય કાયયોગ વખતે શાસ્ત્રકારે ગણ્યો નથી તેમ અહિં પણ જાણવું.

(૫) **वेद ३** (૩), (૬) **कषाय ४-२५**, (૭) **ज्ञान ३** (४) (૮) **अज्ञान ३** (३), (९) **संयम १** (४)—સુગમ છે.

(૧૦) **दर्शन ३** (३)—ભવપ્રત્યયિક વૈક્રિયયોગમાં પર્યાપ્તપણું હોવાથી ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ૩ દર્શન છે. ગુણપ્રત્યયિકમાં એ પ્રમાણે.

(૧૧) **लेश्या ६** (६), (१२) **भव्य २** (२), (१३) **सम्यक्त्व ६** (६), (१४) **संज्ञित्व १** (२)—વૈક્રિયમિશ્રવત્ પણ યથાસંભવ પર્યાપ્ત-અવસ્થા આશ્રયિ વિચારવું.

(૧૫) **आहारकत्व १** (१)—વૈક્રિયમિશ્રવત્.

વિશેષમાં કવલાહાર પણ ગુણપ્રત્યયિક વૈક્રિય અપેક્ષાએ કહેવો.

(૧૬) **गुणस्थान ४** (७)—દેવ તથા નારકને પર્યાપ્તઅવસ્થામાં પ્રથમનાં ૪ ગુણસ્થાન હોય માટે ભવપ્રત્યયિક આશ્રયિ ચાર ગુણસ્થાન, અને ગુણપ્રત્યયિક આશ્રયિ ૭ ગુણસ્થાન છે. કારણકે છઠ્ઠે ગુણસ્થાને વૈક્રિય રચનાનો પ્રારંભ કરી વૈક્રિયયોગમાં વર્તતો હોય તે દરમ્યાનમાં વિશુદ્ધિ પ્રાપ્ત થતાં અન્તર્મુહૂર્ત્ત માત્ર અપ્રમત્તપણું પણ પ્રાપ્ત થાય.

(૧૭) **जीवभेद १-१०६** (२-१२७)—વૈક્રિયમિશ્રવત્. પરન્તુ પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયયોગ હોય તેથી ૧૪ ભેદ સંબંધમાં સંજ્ઞિ-અપર્યાપ્ત ભેદ ન હોય.

(૧૮) **पर्याप्ति ६** (६)—બન્ને[1] પ્રકારના વૈક્રિય આશ્રયિ ૬

૧. બન્ને પ્રકારના એટલે ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક આશ્રયિ, તેમજ દેવ તથા નારકના મૂળ અને ઉત્તર વૈક્રિય આશ્રયિ, અને મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક અને ઉત્તર વૈક્રિય આશ્રયિ, એમ સર્વ રીતે વૈક્રિય-યોગમાં પર્યાપ્તપણું જ છે. પરન્તુ ચાલુ ગ્રંથવર્ણનમાં મૂળદેહ આશ્રયિ પર્યાપ્તિઓ ગણાવી છે. આગળ આહારકના સંબંધમાં પણ આ પ્રમાણેજ પર્યાપ્તિઓ જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યાપ્તિઓ હોય કારણકે પર્યાપ્ત અવસ્થામાં સંજ્ઞિપંચેન્દ્રિયને ૬ પર્યાપ્તિ સમાપ્ત થયેલી હોય છે. વિશેષ એ કે વાયુને ૪ પર્યાપ્તિઓ છે.

(૧૯) **प्राण १० (१०)**—પર્યાપ્ત અવસ્થામાં ૧૦ પ્રાણ હોય.

(૨૦) **संज्ञा ४ (४) २ (२)**—પર્યાપ્ત અવસ્થામાં દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી એ બે સંજ્ઞાઓ છે. અને આહારાદિ ચારે સંજ્ઞાઓ હોય છે.

(૨૧) **उपयोग ९ (१०)**—દેવ તથા નારકને પર્યાપ્ત અવસ્થામાં ચક્ષુદર્શન હોય, માટે ભવપ્રત્યયિકમાં ૯ ઉપયોગ અને અને ગુણપ્રત્યયિકમાં તો ૧૦ ઉપયોગ પૂર્વવત્.

(૨૨) **दृष्टि ३ (३)**—બન્ને પ્રકારના વૈક્રિયયોગમાં પર્યાપ્ત અવસ્થા હોવાથી ત્રણે દૃષ્ટિ હોય છે.

(૨૩) **बंध ८–१०४ (८–१२०)**—ભવપ્રત્યયિક વૈક્રિયકાયયોગ દેવ તથા નારકને હોય છે, તેમાં દેવને ૧૦૪ ઉત્તરપ્રકૃતિનો બંધ છે, અને નારકને ૧૦૧ ઉત્તરપ્રકૃતિબંધ છે. માટે અહિં દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એ ૧૬ પ્રકૃતિવિના ૧૦૪ નો બંધ, અને ગુણપ્રત્યયિકમાં મનુષ્યવત્ ૧૨૦ પ્રકૃતિઓનો બંધ જાણવો. તેમજ બન્નેમાં મૂળ આઠકર્મનો બંધ હોય.

(૨૪) **उदय ८–८७ (८–९५)**—ભવપ્રત્યયિક વૈક્રિયયોગમાં સ્થાવર, એકેન્દ્રિય, ઔદારિક ૨, તિર્યગ્ ૨, મનુષ્ય ૨, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, આનુપૂર્વી ૪, વિકલત્રિક, આહારક ૨, સંઘયણ[1] ૬, આતપ ૧, સંસ્થાન[2] ૪, જીનનામ ૧, અને

૧–૨. જોકે છએ સંઘયણવાળા અને છએ સંસ્થાનવાળા મનુષ્ય તિર્યંચો વૈક્રિયશરીર રચે છે તોપણ વૈક્રિયશરીરને અંગે તો સંઘયણનો ઉદયજ ન હોય, અને સંસ્થાનમાંથી વાયુ તથા નારકનું વૈક્રિયશરીર હુંડકસંસ્થાનના ઉદયવાળું અને શેષ સર્વનું વૈક્રિયશરીર સમચતુરસ્ત્ર સંસ્થાનના ઉદયવાળું ગણ્યું છે. અહિં દેવ તથા મનુષ્યે કુબ્જ વિગેરે આકારે રચેલા વૈક્રિય વખતે પણ શાસ્ત્રકાર સમચતુરસ્ત્રનોજ ઉદય ગણે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્યાનર્ધિ[3] ૩ એ પાંત્રીસ પ્રકૃતિવિના શેષ ૮૭ પ્રકૃતિઓનો ઉદય હોય, અને ગુણપ્રત્યયિક સહિત સામાન્યપણે વૈક્રિયકાયયોગમાં પૂર્વોક્ત ૩૫ માંની પ્હેલી આઠ પ્રકૃતિઓ પણ મનુષ્ય તિર્યંચને યથા સંભવ ઉદયમાં હોવાથી ૨૭ પ્રકૃતિનો અનુદય હોય, અને શેષ ૯૫ પ્રકૃતિઓ ઉદયમાં હોય. તેમજ બન્નેમાં મૂળ આઠે કર્મનો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૮–૮૮ (૮–૯૫)—ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮–૧૪૮ (૮–૧૪૮)—સુગમ છે.

(૨૭) **शरीर ३** (૪)—ભવપ્રત્યયિક વૈક્રિયયોગની અપેક્ષાએ દેવ તથા નારકને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ૩ શરીર છે. અને ગુણપ્રત્યયિકની અપેક્ષાએ ઔદારિક સહિત ૪ શરીર છે, પરન્તુ વૈક્રિય અને આહારક એ બે શરીર એક જીવને સમકાળે રચાય નહિ માટે આહારક શરીર ન હોય.

(૨૮) **बंधहेतु** ૫૧ (૫૧)—વૈક્રિયમિશ્રવત્.

(૨૯) **ध्यान** ૮ (૧૨)—ભવપ્રત્યયિકની અપેક્ષાએ દેવ તથા નારકને ૪ આર્ત્તધ્યાન અને ૪ રૌદ્રધ્યાન મળી ૮ ધ્યાન છે, અને ગુણપ્રત્યયિકમાં અપ્રમત્ત સુધી ૪ ધર્મધ્યાન સહિત ૧૨ ભેદ હોય.

(૩૦) **संघयण** ૦ (૬), (૩૧) **संस्थान** ૨ (૬)—વૈક્રિયવત્.

(૩૨) **समुद्घात** ૫ (૫)—ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એ બન્ને પ્રકારના વૈક્રિયયોગમાં આહારક અને કેવલીસમુદ્ઘાત સિવાયના પાંચ પાંચ સમુદ્ઘાત છે.

(૩૩) **भाव** ૫–૩૧ (૫–૪૪)—વૈક્રિયમિશ્રવત્. પણ વિશેષ એ છે કે પર્યાપ્તપણું હોવાથી ભવપ્રત્યયિકમાં ૧ ચક્ષુદર્શન અધિક છે.

---

૩. કર્મપ્રકૃતિ ગ્રંથમાં ઉદીરણાકરણમાં વૈક્રિયશરીરીને, અપ્રમત્તને, અને યુગલિકોને સ્ત્યાનર્ધિત્રિકના ઉદયનોનિષેધ કર્યો છે માટે ઉદયમાં પણ નિષેધ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪) **अवगाहना**—જન્મદેહની અવગાહના શીઘ્રપર્યાપ્ત દેવ જેટલી એક હાથની અને પર્યાપ્ત થયાબાદ (કેટલા સમયો વ્યતીત થયા પછી) ૫૦૦ ધનુષ્ય પ્રમાણ તે નારકની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવગાહના જાણવી, અને ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવગાહના દેવની અપેક્ષાએ ૧૦૦૦૦૦ (એક લાખ) યોજન જાણવી. એ ભવપ્રત્યયિક વૈક્રિયયોગીની અવગાહના કહી, અને ગુણપ્રત્યયિક વૈક્રિયયોગીની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમાભાગ પ્રમાણ, તે વાયુકાયની અપેક્ષાએ છે, અને મનુષ્યાદિ ચારે ગતિના (વાયુ સિવાયના) જે જીવો ઉત્તરવૈક્રિય રચે છે, તે જીવોનું ઉત્તરવૈક્રિય શરીર જઘન્યથી અંગુલનો સંખ્યાતમોભાગ છે, અને મૂળશરીર પ્રાયઃ અંગુલના સંખ્યાતમા ભાગથી પણ ઘણું મોટું હોવું જોઈએ, પરન્તુ કેટલું મોટું હશે તે કોઈથી ચોક્કસ કહી શકાતું નથી. તેમજ ગુણપ્રત્યયિક વૈક્રિયયોગીનું ઉત્તરવૈક્રિય ૪ અંગુલ અધિક ૧ લાખ યોજન છે, મૂળશરીર મનુષ્યનું ૫૦૦ ધનુષ્ય પ્રમાણ, તથા તિર્યંચનું ૧૦૦૦ યોજન પ્રમાણ છે. કારણકે ૫૦૦ ધનુષ્યથી અધિક અવગાહનાવાળા મનુષ્યો યુગલિક હોય છે, અને યુગલિક મનુષ્ય (તથા તિર્યંચો) વૈક્રિયશરીર રચતા નથી. તેમજ સમુદ્‌ઘાતકૃત અવગાહના ૭ અથવા ૮ રજ્જુ પ્રમાણ દીર્ઘ હોય છે, તેનું કારણ દેવગતિવત્ જાણવું.

(૩૫) **स्थिति**—ભવપ્રત્યયિક વૈક્રિયયોગની ભવસ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. તેમજ કાયસ્થિતિ ઉપયોગની અપેક્ષાએ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત છે, ત્યારબાદ જીવ અવશ્ય યોગાન્તર થાય. અને ઉપયોગ રહિત-પણાની અપેક્ષાએ તો અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ૩૩ સાગરોપમ પ્રમાણ છે. કારણકે આહારપર્યાપ્તિ અને શરીરપર્યાપ્તિ પૂર્ણ કર્યાબાદ અથવા સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થયાબાદ ભવના અન્ત સમય સુધી વૈક્રિયકાયયોગ ગણાય, માટે પર્યાપ્તિ સંબંધિ અન્તર્મુહૂર્ત્ત ન્યૂન જાણવું. ગુણપ્રત્યયિક વૈક્રિયશરીરની અપેક્ષાએ વૈક્રિયકાયયોગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવસ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત (વાયુ આશ્રયિ) અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષની છે. એથી ન્યૂન અથવા અધિક આયુષ્યવાળા વૈક્રિય રચી શકે નહિ. તેમજ કાયસ્થિતિ પૂર્વવત્ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત તથા ઉત્કૃષ્ટથી વાયુને અન્તર્મુહૂર્ત્ત અને તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યને ૪ મુહૂર્ત્ત સુધી વૈક્રિયયોગ (વૈક્રિયશરીર) રહે. ત્યારબાદ વૈક્રિયશરીરના અણુઓ વિલય પામી જાય. અહિં વિશેષ એ છે કે દેવનું ઉત્તરવૈક્રિયશરીર ૧૫ દિવસ (મતાન્તરે ૬ માસ), અને નારકનું ઉત્તરવૈક્રિય અન્તર્મુહૂર્ત્ત સુધી રહી શકે છે.

(૩૬) **योनि**—વૈક્રિયમિશ્રવત્.

इति श्री वैक्रियकाययोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

આહારકમિશ્રકાયયોગમાં.

(૧) **गति** ૧—તે મનુષ્યગતિમાં પ્રમત્તમુનિ આહારકદેહ રચે છે અને સંહરે છે માટે.

(૨) **इन्द्रिय** ૫—તે પ્રમત્તમુનિની પંચેન્દ્રિયની જાતિ છે માટે.

(૩) **काय** ૧—પ્રમત્તમુનિની ત્રસનિકાય છે માટે.

(૪) **योग** ૯—આહારકના પ્રારંભ અને સંહરણ વખતે પ્રમત્તમુનિને ચાર વચનયોગ અને ચાર મનયોગ તથા વર્ત્તમાન આહારકમિશ્રકાયયોગ એ ૯ યોગ હોઇ શકે છે, શેષ ૬ કાયયોગ ન હોય.

અથવા સમકાળે બે યોગ ન ગણીએ તો આહારકમિશ્ર એજ કાયયોગ હોય.

(૫) **वेद** ૨—પુરૂષ વા નપુંસકમુનિ આહારક રચી શકે છે, અને સાધ્વીને આહારકલબ્ધિનો અભાવ છે માટે.

(૬) **कषाय** ૪-૧૨—પ્રમત્તમુનિને સ્ત્રીવેદ સિવાય ૮ નોકષાય અને ૪ સંજ્વલન કષાય, એ ૧૨ કષાયનો ઉદય હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) **ज्ञान** ૪—પ્રમત્તમુનિને કેવળજ્ઞાનવિના ચારે જ્ઞાન હોય.

(૮) **अज्ञान** ૦—પ્રમત્તમુનિને અજ્ઞાન ન હોય.

(૯) **संयम** ૨—આહારકમિશ્રયોગમાં પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત દેશવિરતિ અને અવિરતિ સિવાયનાં બે ચારિત્ર હોય. કારણકે પરિહારવિશુદ્ધિ ચારિત્રવંત મુનિને ૧૪ પૂર્વ જેટલા જ્ઞાનના અભાવથી આહારકલબ્ધિ હોય નહિ, તેમજ સૂક્ષ્મસંપરાય ચારિત્ર ૧૦ મા તથા યથાખ્યાત ચારિત્ર ૧૧ માથી હોય છે, અને આહારકલબ્ધિનું રચવું તો પ્રમત્ત ગુણસ્થાનેજ હોય, વળી દેશવિરતિ તથા અવિરતિ ચારિત્રમાં તો મુનિપણાનોજ અભાવ છે, માટે એ ૫ ચારિત્રવિના સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્ર હોય છે.

(૧૦) **दर्शन** ૩—કેવળદર્શન યુક્ત કેવલીભગવાન આહારકશરીર રચે નહિ માટે કેવળદર્શન સિવાયનાં ૩ દર્શન હોય.

(૧૧) **लेश्या** ૬—પ્રમત્તમુનિને છએ લેશ્યાઓ હોય.

(૧૨) **भव्य** ૧—પ્રમત્તમુનિ ભવ્યજ હોય.

(૧૩) **सम्यक्त्व** ૨—પ્રમત્તમુનિને ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક એ ૩ સમ્યક્ત્વ હોય છે, પરન્તુ ઉત્તરદેહ રચતી વખતે ઉપશમ સમ્યક્ત્વ ન હોય.

(૧૪) **संज्ञित्व** ૧—પ્રમત્તમુનિ સંજ્ઞિ છે.

(૧૫) **आहारक** ૧—આહારકશરીરના પ્રારંભ અને સંહરણ વખતે પ્રમત્તમુનિને છએ દિશિનો લોમાહાર સચિત્તાદિ ત્રણે ભેદે છે, અને ઓજઆહાર ન હોય. વળી આભોગિક તથા અનાભોગિક બન્ને પ્રકારનો આહાર હોય. તેમજ કવલાહાર પણ સંભવે અને અનાહારીપણું ન હોય.

(૧૬) **गुणस्थान** ૧—આહારકશરીરના પ્રારંભ અને સંહરણ વખતે છઠું ગુણસ્થાન હોય. અપ્રમત્તપણામાં પ્રારંભ તથા સંહરણ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૭) **જીવભેદ** ૧–૧૯—ચૌદ ભેદોમાંથી મુનિ સંજ્ઞિપર્યાપ્ત-રૂપ એક ભેદવાળા છે, અને પાંચસોત્રેસઠમાંથી મુનિમાં ૧૫ કર્મભૂમિના સંજ્ઞિપર્યાપ્ત મનુષ્યના ૧૫ ભેદ છે.

(૧૮) **પર્યાપ્તિ**[1] ૬, (૧૯) **પ્રાણ** ૧૦, (૨૦) **સંજ્ઞા** ૪–૨—પ્રમત્તમુનિને એ સર્વ હોય છે. માત્ર હેતુપદેશિકી સંજ્ઞા નહિ હોવાથી સંજ્ઞા બે છે.

(૨૧) **ઉપયોગ** ૭—પ્રમત્તમુનિને કેવલદ્વિક અને ૩ અજ્ઞાન એ પાંચ ઉપયોગ સિવાયના શેષ ૭ ઉપયોગ હોય છે.

(૨૨) **દૃષ્ટિ** ૧—પ્રમત્તમુનિ સમ્યગ્દષ્ટિ હોય છે.

(૨૩) **બંધ** ૮–૬૩—છઠ્ઠે ગુણસ્થાને મૂળ આઠકર્મનો અને ઉત્તરભેદે ૬૩ કર્મનો બંધ છે.

(૨૪) **ઉદય** ૮–૬૭—પ્રમત્તગુણસ્થાને ૮૧ ના ઉદયમાંથી ઔદારિકદ્વિક, સંઘયણ ૬, અશુભ સંસ્થાન ૫, અશુભગતિ ૧, એ ૧૪ પ્રકૃતિ બાદ જતાં શેષ ૬૭ પ્રકૃતિનો ઉદય છે.

(૨૫) **ઉદીરણા** ૮–૬૭—ઉદયવત્.

(૨૬) **સત્તા** ૮–૧૪૮—સુગમ છે.

(૨૭) **શરીર** ૪—એક જીવને સમકાળે વૈક્રિય અને આહારક-શરીર નહિ હોવાથી વૈક્રિય સિવાયનાં ૪ શરીર હોય.

(૨૮) **બંધહેતુ** ૨–૨૧—બાર કષાય, એક આહારકમિશ્રકાય-યોગ, ૪ મનયોગ, ૪ વચનયોગઅને એ પ્રણાણે ૨૧ બંધહેતુ હોય. અહિં ઔદારિકકાયયોગ છે તોપણ ગૌણ હોવાથી ગણ્યો નથી. તેમજ મૂળબંધહેતુ કષાય અને યોગ એ બે છે.

---

૧. ઔદારિક દેહની અપેક્ષાએ પર્યાપ્તપણું છે, અને આહારકદેહ આશ્રયિ અપર્યાપ્તપણું છે, તોપણ અહિં મૂળદેહની અપેક્ષાએ ૬ પર્યાપ્તિઓ ગણી છે. અન્યથા આહારકશરીરની તો બે અથવા પાંચ પર્યાપ્તિઓજ ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) **ध्यान ३**—પ્રમત્તમુનિને અગ્રશોચ વિના ૩ આર્ત્ત-ધ્યાન હોય.

(૩૦) **संघयण ६**, (૩૧) **संस्थान ६**—આહારક લબ્ધિવંત પ્રમત્તમુનિને ૬ સંઘયણ અને ૬ સંસ્થાન હોય માટે.

(૩૨) **समुद्घात ३**—આહારકના પ્રારંભકાળે વેદના, કષાય, અને આહારક એ ત્રણ સમુદ્ઘાત હોય.

(૩૩) **भाव ४–३२**—મૂળભાવો ઉપશમ વિના ૪ અને ઉત્તર-ભાવમાં ક્ષાયિકભાવે સમ્યક્ત્વ, ક્ષયોપશમભાવે અજ્ઞાનત્રિક અને દેશવિરતિ એ ચાર સિવાયના ૧૪ ભાવ, ઔદારિકભાવે ૩ ગતિ, મિથ્યાત્વ, અસંયમ અને અજ્ઞાન એ ૬ વિના શેષ ૧૫ ભાવ, અને પારિણામિકભાવે ભવ્યત્વ તથા જીવત્વ એ બે ભાવ. એ પ્રમાણે ૧–૧૪–૧૫–૨ મળી કુલ ૩૨ ભાવ છે.

(૩૪) **अवगाहना**—આહારકમિશ્રયોગીની જન્મદેહાવગાહના જઘન્ય બે હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની હોય, કારણકે એથી ન્યૂનાધિક અવગાહનાવાળા મનુષ્યને ચારિત્ર હોય નહિ. તથા આહારકદેહની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના પ્રારંભ વખતે અંગુલના સંખ્યાતમા ભાગની સંભવે છે, અને ત્યારબાદ બન્ને પ્રકારે એક હાથની છે. તથા સમુદ્ઘાતકૃત અવગાહના ભરત અથવા ઐરવતથી મહાવિદેહ સુધીની સંહરણકાળના આહારકમિશ્રની અપેક્ષાએ જાણવી, અન્યથા જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૧ હાથપ્રમાણ.

(૩૫) **स्थिति**—આહારકયોગીની ભવસ્થિતિ જઘન્યથી ચૌદ-પૂર્વ ભણવાના પર્યાય જેટલી અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષની હોય, અને આહારકમિશ્રયોગની કાયસ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત તે ઉપયોગની અપેક્ષાએ છે, અને ઉપયોગ રહિત-પણે જઘન્ય તથા ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. ત્યારબાદ આહારકરચના વિલય પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३६) योनि—૧૪ લાખ યોનિ મનુષ્યાપેક્ષાએ છે. શેષ સચિત્તાદિયોનિના ભેદ સચિત્તાચિત્ત, શિતોષ્ણુ, સંવૃતવિવૃત, કૂર્મોન્નતા, અને વંશીપત્રા એ પાંચ યોનિ છે.

इति आहारकमिश्रयोगे ३६ द्वारप्राप्तिः समाप्त.

આહારકયોગમાં.

(१) गति १, (२) इन्द्रिय ५, (३) काय १, (४) योग ९, (५) वेद २, (६) कषाय ४-१२, (७) ज्ञान ४, (८) अज्ञान ०, (९) संयम २, (१०) दर्शन ३, (११) लेश्या ६, (१२) भव्य १, (१३) सम्यक्त्व २, (१४) संज्ञित्व १, (१५) आहारक १—એ સર્વ દ્વાર આહારકમિશ્રવત્ કહેવાં તેમાં તફાવત એજ કે આહારક-મિશ્રને સ્થાને આહારકયોગ કહેવો.

(१६) गुणस्थान ૨—પ્રમત્તમુનિ આહારકશરીર અન્ત-ર્મુહૂર્ત્તમાં રચી રહ્યા બાદ અપ્રમત્તપણું પામી શકે છે, પણુ રચના વખતે અપ્રમત્તપણું પામે નહિ, કારણકે રચનાનો પ્રારંભ મુનિને ઉત્સુકતાના પરિણામે હોય, ને એ ઉત્સુકતા તે મુનિને પ્રમાદ-સ્થાન છે, તેમજ સંહરણુ વખતે પણુ આહારક સંહરણુના ઉપયોગવાળા હોવાથી અપ્રમત્તપણું હોય નહિ, માટે પ્રારંભ અને સંહરણુની વચ્ચેના આહારકયોગ વર્તતાં અપ્રમત્તપણાની પ્રાપ્તિ થઇ શકવાથી આહારકયોગમાં છઠ્ઠું અને સાતમું એ બન્ને ગુણ-સ્થાન સંભવે છે.

(१७) जीवभेद १-१५, (१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-२, (२१) उपयोग ७, (२२) दृष्टि १, (२३) बंध ८-६३, (२४) उदय ८-६७, (२५) उदीरणा ८-६३, (२६) सत्ता ८-१४८, (२७) शरीर ४, (२८) बंधहेतु २-२१—આહારકમિશ્રવત.

(२९) ध्यान ૭—પ્રમત્ત ગુણસ્થાનમાં ૩ આર્ત્તધ્યાન, અને અપ્રમત્ત ગુણસ્થાનમાં ૪ ધર્મધ્યાન હોય, માટે એ બે ગુણસ્થાન-વર્તી આહારકયોગમાં ૭ ધ્યાન ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ३, (३३) भाव ४-३२, (३४) अवगाहना, (३५) स्थिति (३६) योनि —એ સર્વ દ્વાર આહારકમિશ્રવત્ કહેવાં

इतिश्री आहारकयोगे ३६ द्वारप्राप्तिः समाप्ता.

તૈજસ[1]કાર્મણકાયયોગમાં.

તૈજસકાર્મણકાયયોગ વક્રગતિમાં કોઈક જીવને ૧, કોઈને ૨, કોઈને ૩, કોઈને ૪, અને કોઈને ૫ સમય હોય છે. અને ઉત્પત્તિના પ્રથમ સમયે આહારપર્યાપ્તિ વખતે પણ હોય છે. તેમજ આઠ સમયના કેવલી સમુદ્ઘાતમાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે તૈજસકાર્મણયોગ હોય છે, માટે પૂર્વભવમાંથી પરભવમાં જતાં માર્ગસ્થ જીવઆશ્રયિ, ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી જીવ આશ્રયિ અને સમુદ્ઘાતવર્તી કેવલી ભગવાન આશ્રયિ યથાસંભવ ગત્યાદિ ૩૬ દ્વારોની પ્રાપ્તિ નીચે પ્રમાણે—

(१) गति ४, (२) इन्द्रिय १-२-३-४-५, (३) काय ६, —એ સર્વ જીવોને પૂર્વભવમાંથી પરભવમાં વક્રગતિએ જતાં તૈજસકાર્મણયોગ હોય છે.

(४) योग १—તૈજસકાર્મણકાયયોગ વખતે માર્ગસ્થ તથા કેવલીને એક તૈજસકાર્મણકાયયોગ હોય, કેવલી ભગવાનને જોકે ઔદારિકાદિ ૭ યોગ છે પરન્તુ તે લબ્ધિ અપેક્ષાએ જાણવા, તેમજ પ્રવર્તમાન અપેક્ષાએ એક કાર્મણયોગ જાણવો. વળી જેમ મનોયોગમાં વચનયોગાદિ લબ્ધિભાવે ગણ્યા તેમ તૈજસકાર્મણયોગ

---

૧. આ તૈજસકાર્મણકાયયોગનું સંક્ષિપ્ત નામ કાર્મણયોગ પણ કહેવાય છે, વળી તૈજસયોગનું કાર્ય અને કાર્મણયોગનું કાર્ય ભિન્ન છે તોપણ બન્ને સાથેના સાથેજ રહેવાથી શાસ્ત્રપ્રણેતાઓએ બન્ને યોગોને ૧ યોગરૂપ ગણ્યા છે. વળી અનાદિકાળના સહચારી હોવાથી એમાં મિશ્રયોગપણાની વિવક્ષા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વખતે સયોગીકેવલીને પણ લબ્ધિભાવે શેષ ૯ યોગ કેમ ન ગણાય? ઉત્તર–સમુદ્દ્ઘાત અવસ્થામાં યોગનું નિયતપણું[1] છે માટે.

(૫) **वेद** ૩, (૬) **कषाय** ૪–૨૫—માર્ગે વહેતા જીવને એ સર્વનો ઉદય હોય છે.

(૭) **ज्ञान** ૪—માર્ગસ્થ જીવને મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન તથા કેવલીભગવાનને સમુદ્દ્ઘાત વખતે કેવળજ્ઞાન એ પ્રમાણે ૪ જ્ઞાન હોય. પરન્તુ મનઃપર્યવજ્ઞાન ન હોય, કારણકે તે જ્ઞાન છદ્મસ્થ મુનિને હોય છે.

(૮) **अज्ञान** ૩—માર્ગસ્થ જીવને ત્રણે અજ્ઞાન હોય.

(૯) **संयम** ૨—માર્ગસ્થજીવોને એક અવિરતિ ચારિત્ર હોય, અને શેષ ૬ ચારિત્ર તો જન્મ્યાબાદ આઠ વર્ષની ઉમ્મરે હોય, તેમાં કેવલી સમુદ્દ્ઘાત વખતે એક યથાખ્યાત ચારિત્ર હોય માટે કાર્મણયોગે બે ચારિત્ર છે.

(૧૦) **दर्शन** ૩—માર્ગસ્થજીવોને અચક્ષુ તથા અવધિદર્શન અને કેવલી સમુદ્દ્ઘાતમાં કેવળદર્શન છે, માટે કાર્મણયોગે ૩ દર્શન છે. ચક્ષુદર્શન એ બન્ને જીવોને નથી.

(૧૧) **लेश्या** ૬, (૧૨) **भव्य** ૨—સુગમ છે.

(૧૩) **सम्यक्त्व** ૫—મિશ્ર સિવાયનાં પાંચે સમ્યક્ત્વ માર્ગસ્થને હોય. મિશ્રસમ્યક્ત્વમાં મરણનો અભાવ હોવાથી પરભવમાં સાથે જતું નથી, વળી ઉપશમ સમ્યક્ત્વમાં ત્રીજા કર્મગ્રંથના મતે મરણનો અભાવ છે, અને સપ્તતિકા (છઠ્ઠા કર્મગ્રંથ)ની ચૂર્ણિના મતે મરણ છે. તે વર્ણન વૈક્રિયમિશ્રયોગમાં સમ્યક્ત્વ દ્વારની પ્રાપ્તિ પ્રસંગે સ્ફુટ નોટમાં સવિસ્તર કર્યું છે.

---

૧. ભાવાર્થ એ છે કે પર્યાપ્તિકાળમાં મનોયોગાદિ ૧૩ યોગમાંનો કોઇપણ યોગ પ્રવર્તી શકે, માટે પર્યાપ્તિકાળ ભાવી મનોયોગમાં ૧૩ યોગ ગણાય, પરન્તુ કેવલીસમુદ્દ્ઘાતમાં એવો નિયમ છે કે અમુક સમયે અમુક યોગજ હોય, માટે એવા નિયતયોગમાં અન્યકોઈ યોગ ગણી શકાય નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૪) **संज्ञित्व** ૨—માર્ગસ્થજીવ સંજ્ઞિ તથા અસંજ્ઞિ બન્ને કહેવાય. જોકે દીર્ઘકાલિકીસંજ્ઞા માર્ગસ્થ જીવને વિદ્યમાન નથી પરન્તુ જેને દીર્ઘકાલિકીસંજ્ઞા અવશ્ય પ્રાપ્ત થવાની છે, તે જીવ સંજ્ઞિ કહેવાય છે. કારણકે સંજ્ઞિ અને અસંજ્ઞિરૂપ શબ્દ વ્યપદેશ યોગ્યતાને અનુસરીને છે.

(૧૫) **आहारक** ૨—બન્ને પ્રકારના (માર્ગસ્થ સંબંધિ અને કેવલી સમુદ્દ્ઘાત સંબંધિ) કાર્મણયોગમાં અનાહારીપણું હોય છે. તેમજ ઉત્પત્તિના પ્રથમ સમય સંબંધિ કાર્મણયોગમાં આહારીપણું પણ છે. વળી તે સચિત્તાદિ ત્રણ પ્રકારનો, અનાભોગરૂપ એક પ્રકારનો, ઓજસ્રૂપ એક પ્રકારનો, અને દિશિસંબંધિ ૩–૪–૫–૬ દિશિનો આહાર છે. શેષ ભેદ ઉત્પત્તિના પ્રથમ સમયે હોય નહિ.

(૧૬) **गुणस्थान** ૪—માર્ગસ્થ જીવને મિથ્યાત્વ, સાસ્વાદન અને સમ્યક્ત્વ, એ ૩ ગુણસ્થાન છે, તેમજ કેવલીને સયોગી ગુણસ્થાન હોવાથી કાર્મણયોગમાં ચાર ગુણસ્થાન છે.

(૧૭) **जीवभेद** ૮–૩૪૭—ચૌદ જીવભેદની અપેક્ષાએ માર્ગસ્થજીવ આશ્રયિ અપર્યાપ્ત સાત ભેદ છે. તેમજ પાંચસોત્રેસઠની અપેક્ષાએ કાર્મણયોગમાં ૩૩૨ અપર્યાપ્ત ભેદ હોય. અને તે સાત અપર્યાપ્તમાં કેવલી સંબંધિ સંજ્ઞિપર્યાપ્ત મેળવતાં તથા ૩૩૨ અપર્યાપ્તમાં કેવલી સંબંધિ ૧૫ કર્મભૂમિપર્યાપ્તના ભેદ મેળવતાં અનુક્રમે ૮ અને ૩૪૭ ભેદ થાય. અહિં અપર્યાપ્ત શબ્દથી કરણ-અપર્યાપ્તપણું જાણવું, અન્યથા લબ્ધિપર્યાપ્તપણું તો માર્ગસ્થને પણ હોય.

(૧૮) **पर्याप्ति** ૬—માર્ગસ્થ જીવને તથા ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી જીવને એક પણ પર્યાપ્તિ પૂર્ણ થયેલી ન હોય, કારણકે પર્યાપ્તિઓ ઉત્પત્તિ સમયેજ પ્રારંભાય છે. પરન્તુ કેવલી સમુદ્દ્ઘાતવર્તી કાર્મણયોગમાં છએ પર્યાપ્તિઓ હોય માટે કાર્મણયોગમાં ૬ પર્યાપ્તિઓ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૯) **प्राण** ૨—માર્ગસ્થજીવને પરભવ સંબંધિ આયુષ્ય અને કાયયોગ પ્રાણ પૂર્વભવમાંથી છૂટયા બાદ તુર્ત સાથે થાય છે, માટે માર્ગસ્થ અને ઉત્પત્તિના પ્રથમ સમય વર્તી કાર્મણયોગમાં આયુષ્ તથા કાયબળ પ્રાણુ હોય. અને કેવલી સમુદ્‌ઘાતવર્તી કાર્મણયોગમાં ભૂતકાળની અપેક્ષાએ સામાન્યથી ૧૦ પ્રાણુ ગણાય પરન્તુ વાસ્તવિક રીતે ૫ ઇન્દ્રિયો સિવાયના પાંચ પ્રાણુ ગણવા. કારણકે પ્રત્યક્ષ જ્ઞાનીને ઇન્દ્રિયનિમિત્તક જ્ઞાન હોય નહિ તેથી ઈન્દ્રિય પ્રાણુ પણ હોય નહિ.

(૨૦) **संज्ञा** ૪-૧—માર્ગસ્થજીવના કાર્મણયોગમાં આહારાદિ ચારે સંજ્ઞા હોય, અને હેતુવાદ વિગેરે ૩ માંની ૧ દૃષ્ટિવાદ સંજ્ઞા હોય. તથા કેવલી સમુદ્‌ઘાતવર્તી કાર્મણયોગમાં અશાતાવેદની-કર્મના ઉદયરૂપ એક આહારસંજ્ઞા છે, અને શેષ ૩ સંજ્ઞાઓ મોહનીયના ઉદયવાળી છે માટે ન હોય. તેમજ હેતુવાદ વિગેરે ત્રણમાંની એકે પણ સંજ્ઞા નથી. કારણકે સંજ્ઞા તે છદ્મસ્થજીવોના જ્ઞાન આશ્રયિ છે. અહિં શંકા થાય કે જો દીર્ઘકાલિક્યાદિ-સંજ્ઞાઓ છદ્મસ્થજીવોની વિજ્ઞાનશક્તિ આશ્રયિ છે તો કેવલીને તેરમે અને ચૌદમે ગુણસ્થાને સંજ્ઞિ કેમ કહ્યા ? ઉત્તરઃ—કેવલી ભગવાનને જે સંજ્ઞિપણું કહ્યું તે માત્ર મનોદ્રવ્યના સંબંધ માત્રથીજ, પરન્તુ મનોદ્વારા વિચાર કરવાની અપેક્ષાએ નહિ. એ સંબંધ શ્રી પંચસંગ્રહાદિ[૧] ગ્રંથોમાં સ્પષ્ટ કહ્યો છે.

---

૧ પંચસંગ્રહ ગ્રંથમાં પ્રથમ દ્વારની ૩૨ મી ગાથામાં કહ્યું છે કે—"**केवली नो सन्नी नो असण्णी वि**" એટલે કેવલી ભગવાન સંજ્ઞિ પણ નહિ અને અસંજ્ઞિ પણ નહિ. તેમજ ટીકામાં કહ્યું છે કે, **तथा संज्ञिनि सयोग्ययोगीकेवली वर्जानि द्वादश गुणस्थानकानि, ये तु सयोग्ययोगीकेवली गुणस्थानके ते तत्र न संभवतः, सयोग्ययोगीकेवलीनोः संज्ञित्वायोगात्, तदयोगश्च मनोविज्ञाना-ऽभावात्. न चाप्येकान्तेन तयोरसंज्ञित्वं द्रष्टव्यं, द्रव्यमनोपेक्षया संज्ञित्वस्याऽपि व्यवहारात्, तथा चाह-केवलीनो न संज्ञिनो मनोविज्ञानाभावात्, नाप्यसंज्ञिनो द्रव्यमनः संबंधापेक्षया संज्ञि-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) **उपयोग १०**—જ્ઞાન અજ્ઞાન અને દર્શનદ્વારમાં કહ્યા પ્રમાણે કાર્મણયોગમાં ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાન સિવાયના ૧૦ ઉપયોગ છે.

(૨૨) **दृष्टि २**—સમ્યક્ત્વદ્વારમાં કહ્યા પ્રમાણે મિશ્ર વિના ૨ દૃષ્ટિ છે.

(૨૩) **बंध ७-११२**—આહારકદ્વિક, નરકદ્વિક, અને ૪ આયુષ્ય એ આઠ પ્રકૃતિ માર્ગસ્થ કાર્મણયોગમાં ન બંધાય, કારણકે આહારકદ્વિક અપ્રમત્ત મુનિને બંધાય, નરકાયુ, દેવાયુ અને નરકદ્વિક સર્વપર્યાપ્તને બંધાય, તેમજ નરકાયુ, તિર્યંગાયુ ઇન્દ્રિયપર્યાપ્તને બંધાય, આ ત્રણ અવસ્થા માર્ગમાં વહેતા જીવને અથવા ભવપ્રથમસમયવર્તી જીવને હોય નહિ, માટે એ ૮ પ્રકૃતિઓ સિવાય શેષ ૧૧૨ પ્રકૃતિઓ બંધાય. અને આયુષ્યબંધના અભાવે મૂળકર્મ ૭ બંધાય. તથા કેવલીના કાર્મણયોગમાં માત્ર શાતાવેદનીયનો બંધ ૧૧૨ માં અંતર્ગત છે. માટે સામાન્યપણે કાર્મણયોગે એજ બંધપ્રકૃતિઓ છે.

(૨૪) **उदय ८-८७**—મૂળ આઠે કર્મનો ઉદય છે. અને માર્ગસ્થજીવના કાર્મણયોગમાં શરીરની ૬, સંઘયણ ૬, સંસ્થાન ૬, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ, સ્વર ૨, મિશ્રમોહ, ૫ નિદ્રા અને જીનનામ એ ૩૬ પ્રકૃતિયો વિના શેષ ૮૬ કર્મનો ઉદય હોય. તેમજ કાર્મણયોગમાં કેવલીને સામાન્યથી જે બેંતાલીશ પ્રકૃતિઓનો ઉદય છે તેમાંથી ૧ ઔદારિકશરીર, ઔદારિકઉપાંગ, વજ્રર્ષભનારાચ, ૬ સંસ્થાન, ૨ ખગતિ, ૧ પ્રત્યેક, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અને ૨ સ્વર, એ ૧૭ પ્રકૃતિઓ જતાં ૨૫ પ્રકૃતિઓનો ઉદય હોય, પરન્તુ એ ૨૫ પ્રકૃતિઓ જીનનામ સિવાયની ૮૬ માં

त्वस्याऽपि व्यवहारात्. उक्तं च सप्ततिका चूर्णौ—

मणकरणं केवलीणोवि, अत्थि तेण सन्निणो वुच्चंति
मणोविन्नाणं पडुच्च, ते सन्निणो न हवंति ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતર્ગત છે, અને કેવલી સંબંધિ જીનનામ અધિક થતાં સામાન્યપણે કાર્મણયોગમાં ૮૭ ઉત્તરપ્રકૃતિઓનો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૮–૮૭—ઉદયવત્ (પરન્તુ કેવલીને વેદનીયની ઉદીરણા તથા આયુષની ઉદીરણા વિના કેવલીસમુદ્દઘાતપ્રાયોગ્ય ૨૨ ની ઉદીરણા કહેવી.)

(૨૬) **सत्ता** ૮–૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ૩—તૈજસ અને કાર્મણશરીર તો અનાદિનાં સાથેજ છે. અને તે ઉપરાંત કેવલી સંબંધિ કાર્મણયોગમાં સંપૂર્ણ રચાયલું ઔદારિકશરીર છે, એ પ્રમાણે ત્રણ શરીર છે, આહારકશરીર છદ્મસ્થ મુનિને હોય, તે વખતે કાર્મણયોગ નથી, અને દેવ નારકને કાર્મણયોગ ઉત્પત્તિના પ્રથમ સમય સુધી છે તે વખતે તેઓનું વૈક્રિયશરીર નિષ્પન્ન થયું નથી, કારણકે વૈક્રિયશરીરપર્યાપ્તિ પૂર્ણ થયાબાદ વૈક્રિયશરીર હોઈ શકે છે. તોપણ શરીર રચનાનો પ્રારંભ થવાની અપેક્ષાએ વૈક્રિયશરીર પણ ગણી શકાય.

(૨૮) **बंधहेतु** ૪–૪૩—ચાદ યોગ વિના શેષ ૪૩ બંધહેતુ છે. અહિં માર્ગમાં વ્યક્ત મિથ્યાત્વ નહિ હોવાથી એક અનાભોગિક મિથ્યાત્વ ગ્રહણ કરવા યોગ્ય છે, પરન્તુ પાંચે મિથ્યાત્વ ગ્રહણ કરવાનું કારણ એ છે કે તે ભવમાં પર્યાપ્ત થયાબાદ જે જે મિથ્યાત્વનો (વ્યક્તપણે) સંભવ છે તે તે મિથ્યાત્વ અપર્યાપ્ત અવસ્થામાં પણ (સત્તાપણે) ગણવાં જોઇએ.

(૨૯) **ध्यान** ૦—કાર્મણયોગમાં એક પણ ધ્યાન નથી. કારણકે માર્ગસ્થજીવને મન હોય નહિ માટે. તેમજ કેવલી સંબંધિ કાર્મણયોગમાં પણ ધ્યાન નથી, કારણકે કેવલીને યોગનિરોધ વખતે ધ્યાન હોય છે, અને સમુદ્દઘાત વખતે યોગનિરોધ નથી. માર્ગસ્થજીવોને આર્ત્ત અને રૌદ્ર ચિંતારૂપ છે પરન્તુ ધ્યાનરૂપ નહિ, તેનું સ્વરૂપ ધ્યાનના વર્ણન પ્રસંગે કહ્યું છે.

(૩૦) **संघयण** ૧—માર્ગસ્થજીવને સંઘયણ નથી, પરન્તુ કેવલીને વજર્ષભનારાચ સંઘયણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૧) **સંસ્થાન** ૬—માર્ગસ્થજીવને સંસ્થાન નથી, પરન્તુ કેવલીને છએ સંસ્થાન હોય છે.

(૩૨) **સમુદ્ઘાત** ૪—કાર્મણયોગમાં માર્ગસ્થને વેદના, કષાય, અને મરણ એ ૩ સમુદ્ઘાત તથા કેવલીને કેવલીસમુદ્ઘાત હોય.

(૩૩) **ભાવ** ૫–૪૮—મૂળભાવ પાંચે હોય, અને ઉત્તરભાવ ઉપશમચારિત્ર, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ, સર્વવિરતિ, અને ચક્ષુદર્શન એ પાંચ ભાવ સિવાય શેષ ૪૮ ભાવ હોય. અહિં માર્ગસ્થકાર્મણયોગમાં પૂર્વોક્ત પાંચ અને ક્ષાયિકના ૯ ભાવસહિત ૧૪ ભાવવિના શેષ ૩૯ ભાવ હોય, અને કેવલીના કાર્મણયોગમાં ૯ ક્ષાયિકભાવ, અસિદ્ધત્વ, મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અને ૩ પારિણામિકભાવ સહિત ૧૫ ભાવ હોય. તેમજ સામાન્યપણે બન્નેનો કાર્મણ યોગ ગણતાં પૂર્વે કહ્યા પ્રમાણે ૪૮ ભાવ હોય.

(૩૪) **અવગાહના**—જન્મદેહની જઘન્ય અવગાહના આહારપર્યાપ્તિ સમયે અંગુલનો અસંખ્યાતમોભાગ, અને ઉત્કૃષ્ટ અવગાહના કેવલીભગવાનના શરીરઆશ્રયિ ૫૦૦ ધનુષ્પ્રમાણ છે. એથી વધુ અવગાહનાવાળા જીવને માર્ગસ્થત્વાદિપણું અને કેવલીસમુદ્ઘાતનો અભાવ હોવાથી કાર્મણયોગ ન હોય. તથા કાર્મણયોગ વખતે ઉત્તરદેહનો અભાવ હોવાથી ઉત્તરદેહાવગાહના પણ ન હોય. અને સમુદ્ઘાતકૃત તૈજસકાર્મણની ઉત્કૃષ્ટ અવગાહના કેવલીસમુદ્ઘાતવર્તી કાર્મણકાયયોગ વખતે સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **સ્થિતિ**—કાર્મણયોગની જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અનુક્રમે ૨૫૬ આવલિકા તથા ૩૩ સાગરોપમ છે. અને જઘન્યકાયસ્થિતિ વક્રગતિના કાર્મણયોગની ૧ સમય, તેમજ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ (પાંચ સમયની) વક્રગતિ સંબંધિ પાંચ સમયની છે. ત્યારબાદ કાર્મણયોગ પલટાઇને મિશ્રયોગ પ્રવર્તે છે. અહિં પાંચ સમયની વક્રગતિમાં પાંચમે સમયે આહારપર્યાપ્તિ હોવાથી આહારપર્યાપ્તિ સમયે વર્તતો કાર્મણયોગ પણ ગણવામાં આવી ગયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३६) योनि—માર્ગસ્થજીવોની અપેક્ષાએ ૮૪૦૦૦૦૦ યોનિ છે. કારણકે કાર્મણયોગ યોનિમાં ઉત્પન્ન થતાં સુધી હાય છે. અને કેવલી સંબંધિ કાર્મણયોગમાં મનુષ્ય સંબંધિ ૧૪ લાખ યોનિ ગણાય. વળી સામાન્યપણે કાર્મણયોગમાં સચિત્ત, સંવૃત, શીત, અને શંખાવર્ત વિગેરે ભેદવાળી સર્વ યોનિઓ હાય છે.

इति कार्मणयोगे ३६ द्वारप्राप्तिः समाप्ता. तत्समाप्तौ १५ योगद्वारेष्वपि ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

३ वेदमां ३६ द्वारनो प्राप्ति.

સ્ત્રીવેદમાં.

(१) गति ३—નરક સિવાયની ૩ ગતિ હાય.

(२) इन्द्रिय ५—એક પંચેન્દ્રિયનીજાતિ, અને ઇન્દ્રિયો પાંચ છે.

(३) काय १—સ્ત્રીવેદમાં ત્રસકાય છે.

(४) योग १३—આહારક અને આહારકમિશ્ર સિવાયના શેષ ૧૩ યોગ હાય. કારણકે સ્ત્રી ચૌદપૂર્વી નહિ હાવાથી આહારક લબ્ધિ સ્ત્રીને ન હાય.

(५) वेद १—સ્ત્રીવેદમાં એક સ્ત્રીવેદજ હાય.

(६) कषाय ४-२३—સ્ત્રીવેદોદયી જીવને બે વિરૂદ્ધવેદ વિના ૨૩ કષાય હાય.

(७) ज्ञान ४ (५), (८) अज्ञान ३—સુગમ[1] છે. (સ્ત્રીને મનઃપર્યવ જ્ઞાન હાય છે.)

---

૧ અહિંથી આગળ સ્ત્રીનાં ચિન્હવાળી તે દ્રવ્યસ્ત્રી અને પુરૂષ ઉપર વિષયાભિલાષવાળી તે ભાવસ્ત્રી જાણવી. તેમાં ભાવસ્ત્રીમાં ચાર જ્ઞાન અને દ્રવ્યસ્ત્રીમાં પાંચે જ્ઞાન જાણવાં. માટે કૌંસમાં મૂકેલા આંકડા દ્રવ્યસ્ત્રી આશ્રયિ જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯) **संयम ४ (६)**—સામાયિક, છેદોપસ્થાપનીય, દેશવિરતિ, અને અવિરતિ એ ચાર ચારિત્ર હોય, તેમજ પરિહારવિશુદ્ધિ ચારિત્ર છઠ્ઠે સાતમે ગુણસ્થાને છે પરન્તુ સ્ત્રીને ન હોય, અને સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ચારિત્ર સ્ત્રીને હોય છે પરન્તુ તે વખતે ભાવસ્ત્રીવેદ નહિ હોવાથી એ બે ચારિત્રનો અભાવ ગણાય. અને સ્ત્રીલિંગરૂપે દ્રવ્યસ્ત્રીવેદમાં પરિહારવિશુદ્ધિ વિના શેષ ૬ ચારિત્ર છે.

(૧૦) **दर्शन ३ (४)**—ભાવસ્ત્રીવેદમાં કેવળદર્શન વિના ૩ દર્શન છે, અને દ્રવ્યસ્ત્રીવેદમાં ચારે દર્શન હોય છે.

(૧૧) **लेश्या ६**—બન્ને[1] પ્રકારની સ્ત્રીમાં છએ લેશ્યા હોયછે.

(૧૨) **भव्य २**—બન્ને પ્રકારની સ્ત્રીમાં બન્ને ભેદ હોય.

(૧૩) **सम्यक्त्व ६**—બન્ને પ્રકારની સ્ત્રીઓમાં ૬ સમ્યક્ત્વછે.

(૧૪) **संज्ञित्व १**—બન્ને પ્રકારની સ્ત્રીઓ સંજ્ઞી હોય છે.

(૧૫) **आहारक २**--બન્ને પ્રકારની સ્ત્રીઓમાં આહારક તથા અનાહારકપણું હોય છે. તેમાં દ્રવ્યસ્ત્રીપણું શરીરપર્યાપ્ત સ્ત્રીને હોય, કારણ કે શરીર રચાયા પ્હેલાં સ્ત્રીલિંગનો અભાવ હોય છે. જો કે શરીરપર્યાપ્ત સ્ત્રીને સ્પષ્ટ સ્ત્રીલિંગ ન હોય તોપણ સ્તનાદિ રૂપ ઔદારિક ઉપાંગ નામકર્મનો ઉદય માર્ગમાં નહિ પણ ભવોત્પત્તિના પ્રથમ સમયથી ચાલુ થયેલ છે, માટે શરીર રચાયા બાદ અતિ અસ્પષ્ટ સ્તનાદિ ઉપાંગ સ્ત્રીને હોઈ શકે છે, તે કારણથી દ્રવ્યસ્ત્રીને માર્ગસ્થ અનાહારીપણું ન હોય, પરન્તુ કેવલીસમુદ્ઘાત સમયનું અને અયોગીપણાનું અનાહારકપણું છે, અને આહારકપણું તો સ્ત્રીભવના પ્રથમ સમયથીજ શરૂ થાય છે. તથા ભાવસ્ત્રીમાં વક્રગતિ સંબંધિ અનાહારકપણું હોય, કારણકે માર્ગમાં પણ સ્ત્રીવેદનો ઉદય છે, અને શેષ કેવલીસમુદ્ઘાત સંબંધિ તથા અયોગી ગુણસ્થાન સંબંધિ અનાહારકપણું ભાવસ્ત્રીમાં ન હોય,

---

૧ "બન્ને પ્રકારની" એટલે ભાવસ્ત્રી અને દ્રવ્યસ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણકે તે વખતે સ્ત્રીવેદનો ઉદય નથી, તેમજ ભાવસ્ત્રીમાં આહારકપણું ઉત્પત્તિના પ્રથમ સમયથી શરૂ છે.

(૧૬) **ગુણસ્થાન ९ (१४)**—ભાવસ્ત્રીને નવ તથા દ્રવ્યસ્ત્રીને ચૌદ ગુણસ્થાન હોય.

(૧૭) **जीवभेद २-३४० (२-३५०)**—૧૪ નારક, તથા સનત્ આદિ ૧૦ કલ્પ, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર, ૨ ઉર્ધ્વકિલ્બિષિક, અને ૯ લોકાન્તિક એ ૩૫ પર્યાપ્ત અને ૩૫ અપર્યાપ્ત મળી ૭૦ પ્રકારના દેવ, ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ સિવાય તિર્યંચના ૩૮ ભેદ, એ પ્રમાણે ૨૨૩ ભેદ સિવાયના શેષ ૩૪૦ જીવભેદ ભાવસ્ત્રીવેદમાં હોય, અને ૧૪ જીવભેદની અપેક્ષાએ સંજ્ઞિ અપર્યાપ્ત તથા સંજ્ઞિ પર્યાપ્ત એ બે જીવભેદ હોય. તેમજ દ્રવ્યસ્ત્રીવેદમાં ચૌદમાંથી એક સંજ્ઞિ પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે ભેદ હોય, અને ઉત્તર જીવભેદ પૂર્વોક્ત ૩૪૦માં ૧૦ સમુચ્છિમ જળચરાદિ તિર્યંચ પંચેન્દ્રિય મેળવતાં ૩૫૦ જીવભેદ હોય.

(૧૮) **पर्याप्ति ६**—દ્રવ્ય તથા ભાવસ્ત્રીવેદમાં ૬ પર્યાપ્તિઓ છે.

(૧૯) **प्राण १०**—સુગમ છે.

(૨૦) **संज्ञा ४-२**—બન્ને સ્ત્રીને આહારાદિ ચારે સંજ્ઞા છે, અને હેતૂપદેશિકી વિગેરે ત્રણમાંની દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી સંજ્ઞા છે.

(૨૧) **उपयोग १० (१२)**—ભાવસ્ત્રીને કેવળદ્વિક સિવાય ૧૦ ઉપયોગ અને દ્રવ્યસ્ત્રીને કેવળદ્વિક સહિત ૧૨ ઉપયોગ છે.

(૨૨) **दृष्टि ३**—બન્ને સ્ત્રીને ત્રણેદૃષ્ટિ છે.

(૨૩) **बंध ८-१२०**—મૂળ ૮ કર્મનો અને ઉત્તરભેદે ૧૨૦ કર્મનો બંધ છે. (સ્ત્રી આહારકદ્વિક બાંધી શકે પણ ઉદયમાં ન લાવી શકે.)

(૨૪) **उदय ८-१०६**—મૂળ આઠે કર્મનો ઉદય છે, અને ઉત્તરભેદમાં નરકત્રિક કુજાતિ ૪, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતપ, જીનનામ, પુરૂષવેદ, નપુંસકવેદ, આહારકદ્વિક, એ ૧૬ પ્રકૃતિઓ સિવાય શેષ ૧૦૬ પ્રકૃતિઓનો ઉદય ભાવ તથા દ્રવ્ય-સ્રીને છે, જો કે દ્રવ્યસ્ત્રીરૂપ મલ્લિકુમારીને જીનનામનો ઉદય ચાલુ અવસર્પિણીમાં થયો હતો પરન્તુ તે અનંતકાળે બનેલું આશ્ચય હોવાથી ગણી શકાય નહિ.

(૨૫) **उदीरणा** ૮–१०६—ઉદયવત્.

(२६) **सत्ता** ८–१४८—સુગમ છે.

(२७) **शरीर** ४—આહારક સિવાયનાં ૪ શરીર છે. કારણકે સ્ત્રી આહારકશરીરનામકર્મ બાંધી શકે પરન્તુ રચી શકે નહિ.

(२८) **बंधहेतु** ४–५३ મૂળ બંધહેતુ ૪, અને ઉત્તર બંધહેતુ પુરૂષવેદ, નપુંસકવેદ અને આહારકના બે યોગ એ ચાર વિના શેષ ૫૩ છે.

(२९) **ध्यान** ४–१३ (१६)—મૂળ ૪ ધ્યાન, અને ઉત્તરભેદે ૪ આર્ત્ત, ૪ રૌદ્ર, ૪ ધર્મ અને ૧ શુકલ સહિત ૧૩ ધ્યાન છે. એકત્વવિતર્ક વિગેરે શુકલધ્યાન ક્ષીણમોહાદિ ગુણસ્થાને છે માટે ભાવસ્ત્રીને એ ત્રણ ધ્યાન ન હોય, અને દ્રવ્યસ્ત્રીને સર્વે ધ્યાન હોય.

(३०) **संघयण** ६, (३१) **संस्थान** ६—સુગમ છે.

(३२) **समुद्घात** ५ (६)—ભાવસ્ત્રીને આહારક અને કેવલી-સમુદ્ઘાત સિવાય પાંચ સમુદ્ઘાત, અને દ્રવ્યસ્ત્રીને કેવલીસમુદ્ઘાત સહિત ૬ સમુદ્ઘાત હોય.

(३३) **भाव** ५–४२ (५०)—ભાવસ્ત્રીને મૂળભાવ પાંચ અને ઉત્તરભાવમાંથી ક્ષાયિક સમ્યક્ત્વ સિવાયના ૮ ક્ષાયિકભાવ, નરક ગતિ, પુરૂષવેદ અને નપુંસકવેદ એ ૧૧ ભાવ રહિત શેષ ૪૨ ભાવ[1] હોય. તેમજ દ્રવ્યસ્ત્રીને નરકગતિ, પુરૂષવેદ અને નપુંસક-વેદ એ ૩ ભાવ વિના શેષ ૫૦ ભાવ હોય.

---

૧. સ્ત્રીવેદમાં ભાવદ્વાર ઉતારતાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે શ્રી વિચારસાર ગ્રંથમાં ભાવસ્ત્રીને ઉપશમ ચારિત્ર કહ્યું છે, તેમજ સ્ત્રીવેદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪) **અવગાહના**—બન્ને સ્ત્રીની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ લબ્ધિપર્યાપ્ત સ્ત્રીની અપેક્ષાએ છે. અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ તે સ્વયંભૂરમણની જળચર સ્ત્રીના મૂળશરીરની અપેક્ષાએ છે. અને ઉત્તરદેહ આશ્રયિ મનુષ્ય તથા દેવસ્ત્રીની અવગાહના પુરૂષવત્ ૧ લાખ યોજન પ્રમાણ હોય કે ન્યૂન હોય તેનો નિર્ણય શ્રી બહુશ્રુતથી જાણવો. તથા સમુદ્‌ઘાતકૃત અવગાહના મરણસમુદ્‌ઘાતની અપેક્ષાએ લગભગ ૮ રજ્જુ દીર્ઘ છે. અને દ્રવ્યસ્ત્રીની અવગાહના કેવલીસમુદ્‌ઘાત વખતે સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **સ્થિતિ**—દ્રવ્યસ્ત્રીની જઘન્ય **ભવસ્થિતિ** અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૫૫ પલ્યોપમની તે ઇશાન સ્વર્ગની અપરિગ્રહિતા દેવાંગનાઓ આશ્રયિ છે. તથા **કાયસ્થિતિ** જઘન્ય ૧ સમય છે, કારણકે કોઈક સ્ત્રી ઉપશમશ્રેણિમાં અવેદક થઈને શ્રેણિથી પડતાં ૧ સમય માત્ર સ્ત્રીવેદ અનુભવી બીજે સમયે કાળ

ગુણસ્થાન ૯ હોય છે, અને નવમે ગુણસ્થાને સૂક્ષ્મ લોભ સિવાય સર્વ મોહપ્રકૃતિઓ ઉપશાન્ત થાય છે, માટે નવમે ગુણસ્થાને ઉપશમ ચારિત્ર હોય એમ સર્વ ગ્રંથકારો કહે છે તે યથાર્થ છે, પરન્તુ નવમે ગુણસ્થાને સ્ત્રીવેદ પ્રવર્તે ત્યાં સુધીમાં (૨૫ ચારિત્ર મોહનીયમાંથી ૪ અનંતાનુબંધિ અને) એક નપુંસકવેદ ઉપશાન્ત થયેલો હોય છે, અને બીજી ૨૦ ચારિત્ર-મોહ પ્રકૃતિઓનો ઉદય છે, તો સ્ત્રીવેદમાં ઉપશમ ચારિત્ર કેવી રીતે હોય? કારણકે સૂક્ષ્મલોભ સિવાય સર્વ મોહની ઉપશાન્તિ તો સ્ત્રીવેદનો અભાવ થયા બાદ હોય, અને નવમા ગુણસ્થાને ઉપશમચારિત્ર હોય પરન્તુ નવમા ગુણસ્થાનવાળા સ્ત્રીવેદમાં ઉપશમચારિત્રનો સદ્‌ભાવ સંભવતો નથી. જો ઉપશાન્ત થયેલી અનંતાનુબંધિ ૪ અને નપુંસકવેદ એ ૫ પ્રકૃતિની અપેક્ષાએ ઉપશમચારિત્ર કહેવાય તો સ્ત્રીવેદે માંડેલી ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદ પહેલાં ક્ષય પામેલી ૧૨ કષાય અને નપુંસકવેદ એ ૧૩ પ્રકૃતિઓની અપેક્ષાએ ક્ષાયિકચારિત્ર પણ સંભવે, અને સ્ત્રીવેદમાં ક્ષાયિકચારિત્ર વિચારસાર તથા બીજા કોઇ ગ્રંથમાં કહ્યું નથી. માટે સ્ત્રીવેદમાં ઉપશમ ચારિત્ર વિચારણીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી અનુત્તર દેવ થાય તો બીજે સમયે પુરૂષવેદોદય થવાથી જઘન્ય કાયસ્થિતિ ૧ સમયની થાય. અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પાંચ આચાર્યોના ભિન્ન અભિપ્રાયથી નીચે પ્રમાણે છે—

૧. કોઇક જીવ પૂર્વક્રોડ આયુષ્યવાળી મનુષ્યસ્ત્રી અથવા તિર્યંચસ્ત્રીપણે ઉત્પન્ન થઈ, ઈશાન સ્વર્ગમાં ૫૫ પલ્યોપમના આયુષ્યવાળી અપરિગૃહિતા દેવાંગના થાય, ત્યાંથી ચવી પૂર્વક્રોડ આયુષ્યવાળી મનુષ્યસ્ત્રી વા તિર્યંચસ્ત્રી થઇને ફરીથી ઇશાન સ્વર્ગમાં ૫૫ પલ્યોપમના આયુષ્યવાળી અપરિગૃહિતા દેવાંગના થાય, ત્યાર-બાદ અન્ય ભવમાં સ્ત્રીવેદ અવશ્ય બદલાઇને પુરૂષવેદ થાય માટે ૧૧૦ પલ્યોપમ અને ૬ પૂર્વક્રોડવર્ષ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સ્ત્રીવેદની હોય.

૨. પૂર્વક્રોડ આયુષ્યવાળી મનુષ્ય અથવા તિર્યંચસ્ત્રીમાં પાંચભવ સુધી ઉત્પન્ન થઈને પૂર્વોક્ત રીતે જો ઈશાન સ્વર્ગમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળી દેવી બે વખત થાય તો પરિગૃહિતા દેવી થાય અને પરિગૃહિતા દેવીનું આયુષ્ય તો ૯ પલ્યોપમ છે. તેથી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટકાયસ્થિતિ ૧૮ પલ્યોપમ[1] અને ૬ પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે.

૩. પૂર્વોક્ત રીતે પાંચવાર પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળી સ્ત્રી થઈને કાળ કરે અને એક ભવાન્તરે બે વાર ઉત્કૃષ્ટ આયુષ્ય-વાળી દેવી થાય તો સૌધર્મ સ્વર્ગમાંજ પરિગૃહિતા દેવી થાય. ત્યાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ પલ્યોપમ છે, માટે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટકાય-સ્થિતિ ૧૪ પલ્યોપમ[2] અને ૬ પૂર્વક્રોડવર્ષ પ્રમાણ છે.

૪. પૂર્વોક્ત રીતે સૌધર્મ સ્વર્ગમાં ૫૦ પલ્યોપમ આયુ-ષ્યવાળી બે વાર અપરિગૃહિતા દેવી થાય તે કારણથી સ્ત્રીવેદની ઉત્કૃષ્ટકાયસ્થિતિ ૧૦૦ પલ્યોપમ ૬ પૂર્વક્રોડવર્ષ પ્રમાણ છે. ઘણા આચાર્યોએ આ અભિપ્રાયજ વિશેષ અંગીકાર કર્યો છે.

૧-૨-૩. આ બીજા, ત્રીજા અને પાંચમા અભિપ્રાયથી સ્ત્રીના આયુષ્ય (૫૫ પલ્યોપમ પ્રમાણ)થી પણ કાયસ્થિતિ ઓછા પ્રમાણવાળી આવે છે, તે શ્રીબહુશ્રુતગમ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. પૂર્વક્રોડવર્ષ આયુષ્યવાળી સ્ત્રીસતતપણે ૭ વાર સ્ત્રીપણું પામી આઠમે ભવે ૩ પલ્યોપમ આયુષ્યવાળી યુગલિક સ્ત્રી થઈ કાળ કરી સૌધર્મ સ્વર્ગમાં જઘન્યસ્થિતિવાળી એટલે ૧ પલ્યોપમવાળી અપરિગૃહિતા અથવા પરિગૃહીતા દેવી થાય, ત્યાંથી આવ્યાબાદ અવશ્ય સ્ત્રીવેદ બદલાય છે, માટે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટકાયસ્થિતિ ૪ પલ્યોપમ[૩] ૭ ક્રોડપૂર્વવર્ષ પ્રમાણ છે.

દ્રવ્યસ્ત્રીની જઘન્યકાયસ્થિતિ આયુષ્યવત્ (૨૫૬ આવલિકા-રૂપ) અન્તમુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટકાયસ્થિતિ ભાવસ્ત્રીવત્.

(૩૬) योनि—સ્ત્રીવેદની યોનિ મનુષ્ય તિર્યંચપંચેન્દ્રિય અને દેવની મળી ૧૮ લાખ છે. શેષ સચિત્તાદિ ભેદનું સ્વરૂપ દેવ, મનુષ્ય અને તિર્યંચપંચેન્દ્રિયની યોનિના સ્વરૂપને અનુસારે મેળવીને આગળ પુરૂષવેદમાં કહેવાશે તે રીતે ૫ ભેદે છે.

इति स्त्रीवेदे ३६ द्वारप्राप्तिः समाप्ता.

પુરૂષવેદમાં.

(१) गति ३, (२) इन्द्रिय ५, (३) काय १—સ્ત્રીવેદવત્.

(४) योग १५—સ્ત્રીવેદ કરતાં આહારકના બે યોગ અધિક છે.

(५) वेद १, (६) कषाय ४–२३, (७) ज्ञान ४ (५), (८) अज्ञान ३—સ્ત્રીવેદવત્.

(९) संयम ५ (७)—ભાવપુરૂષમાં સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ચારિત્ર વિના શેષ પાંચ ચારિત્ર, અને દ્રવ્યપુરૂષમાં સર્વે ચારિત્ર હોય.

(१०) दर्शन ३ (४), (११) लेश्या ६, (१२) भव्य २, (१३) सम्यक्त्व ६, (१४) संज्ञित्व १, (१५) आहारक २, (१६) गुणस्थान ९ (१४), (१७) जीवभेद २–४१० (४२०), (બાદ કરેલા ૭૦ દેવભેદ વધારવાથી) (१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪–૨, (२१) **उपयोग** १० (१२), (२२) **दृष्टि** ३, (२३) **बंध** ८–१२०' (२४) **उदय** ८–१०८ (१०९) (ભાવપુરૂષમાં આહારકદ્વિક સહિત અને દ્રવ્યપુરૂષમાં આહારકદ્વિક તથા જીનનામ સહિત. (२५) **उदीरणा** ८–१०८ (१०९), (२६) **सत्ता** ८–१४८, (२७) **शरीर** ५ (આહારક સહિત), (२८) **बंधहेतु** ४–५५ (આહારકદ્વિક સહિત સ્ત્રીવેદવત્), (२९) **ध्यान** ४·१३ (१६), (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६ (७) આહારક સમુદ્ઘાતસહિત, (३३) **भाव** ५–४२ (५०) —સ્ત્રીવેદવત્.

(३४) **अवगाहना**—જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ સમુર્ચ્છિમ મનુષ્યની અપેક્ષાએ, અને ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ તે સ્વયંભૂરમણના જળચરાદિકના મૂળ શરીરની અપેક્ષાએ છે, અને ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ એક લાખ યોજનથી કંઇક અધિક છે, અને સમુદ્ઘાતકૃત અવગાહના સ્ત્રીવેદવત્.

(३५) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અનુત્તરદેહ આશ્રયિ ૩૩ સાગરોપમ છે. તેમજ જઘન્યકાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે. કારણકે પૂર્વભવના સ્ત્રી અથવા નપુંસકવેદમાંથી આવેલો લબ્ધિઅપર્યાપ્ત પુરૂષ અન્તર્મુહૂર્ત્તમાં મરણ પામી અન્ય ભવમાં (ત્રીજા ભવમાં) સ્ત્રી અથવા નપુંસક-વેદે ઉત્પન્ન થાય તો મધ્ય ભવમાં અન્તર્મુહૂર્ત્ત માત્ર પુરૂષવેદ હોઇ શકે છે, અને ઉત્કૃષ્ટકાયસ્થિતિ સાગરોપમ શતપૃથક્ત્વથી કંઈક અધિક (કિંચિત્ અધિક ઘણા[1] સેંકડો સાગરોપમ) કાળ પ્રમાણ છે, એટલાકાળ સુધી વારંવાર પુરૂષભવમાં ઉત્પન્ન થયા બાદ અવશ્ય પુરૂષવેદ પલટાઇને સ્ત્રી અથવા નપુંસકપણું પ્રાપ્ત થાય.

---

૧. પૃથક્ત્વશબ્દનો અર્થ "બેથી નવ" એટલોજ નહિ પરન્તુ બહુત્વવાચક જાણવો. વળી પુરૂષવેદપણું ઘણા સેંકડો સાગરોપમ સુધી કઇ રીતીએ પ્રાપ્ત થાય તે ચોક્કસ દર્શાવેલ નથી, પરન્તુ દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ૩ ગતિમાં વારંવાર પુરૂષપણું એટલાકાળ સુધી પ્રાપ્ત થાય. એમ સામાન્યથી જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) योनि—૪ લાખ દેવ, ૪ લાખ તિર્યંચપંચેન્દ્રિય, તથા ૧૪ મનુષ્યની મળી ૨૨ લાખ યોનિ પુરૂષવેદની ગણાય છે. વળી પુરૂષવેદમાં અચિત્ત તથા મિશ્ર એ બે યોનિઓ છે, તેમાં દેવને અચિત્ત, અને ગર્ભજમનુષ્ય તથા તિર્યંચને મિશ્રયોનિ છે. તેમજ સંવૃત અને સંવૃતવિવૃત, તથા એક શિતોષ્ણ, અને શંખાવર્તાદિ ત્રણે યોનિઓ છે.

इति पुरुषवेदे ३६ द्वारप्राप्तिः समाप्ता.

નપુંસકવેદમાં.

(१) गति (४), (२) इन्द्रिय १-२-३-४-५, (३) काय ६, (४) योग १५, (५) वेद १, (६) कषाय ४-२३—સુગમ છે.

(७) ज्ञान ४ (५), (८) अज्ञान ३, (९) संयम ५ (७), (१०) दर्शन ३ (४), (११) लेश्या ६, (१२) भव्य २, (१३) सम्यकूत्व ६ —પુરૂષવેદવત્.

(१४) संज्ञित्व २, (१५) आहारकत्व २—સુગમ છે.

(१६) गुणस्थान ९ (१४)—પુરૂષવેદવત્.

(१७) जीवभेद १४-१९३—નપુંસકવેદમાં ૧૪ ભેદ હોય છે અને પાંચસોત્રેસઠમાંથી ૧૪ નારક, ૩૦ કર્મભૂમિજ મનુષ્ય, ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય, અને ૪૮ તિર્યંચ એ ૧૯૩ જીવભેદ નપુંસકવેદમાં છે.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०—સુગમ છે.

(२०) संज्ञा ४-३—આહારઆદિ ચારે સંજ્ઞા છે, તેમજ વિકલેન્દ્રિય તથા અસંજ્ઞિપંચેન્દ્રિયને હેતૂપદેશિકીસંજ્ઞા, અને સંજ્ઞિનપુંસકને દીર્ઘકાલિકીસંજ્ઞા, અને સમ્યગ્દષ્ટિ નપુંસકને દૃષ્ટિવાદોપદેશિકી (અને દીર્ઘકાલિકી) સંજ્ઞા છે. એમ નપુંસકવેદમાં ત્રણે સંજ્ઞા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) उपयोग १० (१२), (२२) दृष्टि ३, (२३) बंध ८-१२०—પુરૂષવેદવત્.

(૨૪) उदय ८-११६—દેવત્રિક, જીનનામ, સ્ત્રીવેદ, અને પુરૂષ-વેદ એ ૬ પ્રકૃતિઓ વિના શેષ ૧૧૬ નો ઉદય હોય.

(૨૫) उदीरणा ८-११६—ઉદયવત્.

(૨૬) सत्ता ८-१४८—સુગમ છે.

(૨૭) शरीर ५, (२८) बंधहेतु ४-५५, (२९) ध्यान ४-१३ (१६), (३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ६ (७), (३३) भाव ५-४२ (५०)—પુરૂષવેદવત્.

(૩૪) अवगाहना—જન્મદેહની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમોભાગ તે સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્તનિગોદ આશ્રયિ જાણવી, અને ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧૦૦૦ યોજન પ્રમાણ તે કમળલતાદિ બાદરપ્રત્યેક વનસ્પતિ આશ્રયિ મૂળદેહ સંબંધિ જાણવી, અને ઉત્તરદેહ સંબંધિ જઘન્યઅવગાહના વાયુઆશ્રયિ અંગુલનો અસંખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧ લાખ યોજન પ્રમાણ તે નપુંસકવેદી મનુષ્ય આશ્રયિ જાણવી. (દેવને નપુંસકપણું હોય નહિ માટે તેના ઉત્તરવૈક્રિયનું ગ્રહણ ન થાય.) અને સમુદ્ઘાતકૃત અવગાહના એકેન્દ્રિયવત્ ૧૪ દીર્ઘ રજ્જુ પ્રમાણ છે. એ ભાવ નપુંસકની અપેક્ષાએ કહ્યું, અને દ્રવ્ય-નપુંસકની અપેક્ષાએ તો સમુદ્ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકા-કાશ પ્રમાણ છે. શેષ સર્વ ભાવનપુંસકવત્.

(૩૫) स्थिति—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, ૨૫૬ આવલિકા પ્રમાણ તથા ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સાતમી પૃથ્વીના નારકની અપેક્ષાએ ૩૩ સાગરોપમ[1] છે. તેમજ જઘન્યકાયસ્થિતિ સ્ત્રીવેદ·

---

૧. શ્રી વિશેષાવશ્યકમાં સ્ત્રીને દરેક અન્તર્મુહૂર્ત્તે ત્રણે વેદ પરાવૃત્તિએ પ્રાપ્ત થાય છે, તેમજ પુરૂષને અને નપુંસકને પણ ત્રણ ત્રણ વેદ પ્રાપ્ત થાય તે અભિપ્રાયની અહિં વિવક્ષા કરી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વત્ ૧ સમય તથા અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટકાયસ્થિતિ વનસ્પતિકાયવત્ અનંતકાળચક્ર પ્રમાણુ છે.

(૩૬) योनि—ચાર લાખ દેવયોનિ સિવાય શેષ (એંશી લાખ) યોનિ નપુંસકવેદમાં ગણાય. તથા સચિત્તાદિ સર્વ ભેદવાળી યોનિઓ નપુંસકવેદમાં હોય છે.

इति नपुंसकवेदे ३६ द्वारप्राप्तिः समाप्ता, तत्समाप्तौ वेदत्रयेऽपि ३६ द्वारप्राप्तिः समाप्ता.

मूळ ४ कषायोमां ३६ द्वारनी प्राप्ति.

ક્રોધમાં.

(१) गति ४, (२) इन्द्रिय १-२-३-४-५, (३) काय ६, (४) योग १५, (५) वेद ३—સુગમ છે.

(६) कषाय १-१३—ક્રોધ કષાયમાં મૂળકષાય એક ક્રોધજ છે, અને ઉત્તરભેદમાં અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ચાર પ્રકારના ક્રોધ તથા ૯ નોકષાય એ ૧૩ કષાય હોય. અહિં ક્રોધના ઉદયે માન, માયા અને લોભ (સંબંધિ ૧૨ ભેદ) વિરોધિ હોવાથી એ ત્રણુને (ઉત્તરભેદે બારે ભેદને) ઉદય હોય નહિ.

(७) ज्ञान ४—કેવળજ્ઞાનીને ક્રોધ હોય નહિ માટે કેવળજ્ઞાન વિના શેષ ૪ જ્ઞાન હોય.

(८) अज्ञान ३—સુગમ છે.

(९) संयम ५—સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ બે ચારિત્ર વિના શેષ પાંચ ચારિત્ર હોય, કારણકે એ બે ચારિત્ર અકષાયીને હોય છે.

(१०) दर्शन ३—કેવળદર્શન વિના ૩ દર્શન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६ (१४), **संज्ञित्व** २, (१५) **आहारकत्व** २—(સર્વ ઉત્તરભેદ સહિત)—સુગમ છે.

(१६) **गुणस्थान** ९—ક્રોધનો ઉદય ૯ મા ગુણસ્થાન સુધી છે.

(१७) **जीवभेद** १४-५६३. (१८) **पर्याप्ति** ६. (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४-३—સુગમ છે.

(२१) **उपयोग** १०—કેવળદ્વિક વિના શેષ ૧૦ ઉપયોગ હોય.

(२२) **दृष्टि** ३—સુગમ છે.

(२३) **बंध** ८-१२०—સુગમ છે.

(२४) **उदय** ८-१०९—માન ૪, માયા ૪, લોભ ૪, અને જીનનામકર્મ એ ૧૩ પ્રકૃતિઓ વિના શેષ ૧૦૯નો ઉદય છે.

(२५) **उदीरणा** ८-१०९—ઉદયવત્.

(२६) **सत्ता** ८-१४८—સુગમ છે.

(२७) **शरीर** ५—કારણકે પાંચે શરીરવાળા જીવોને ક્રોધ હોય છે.

(२८) **बंधहेतु** ४-४५—મૂળ બંધહેતુ ચારે છે, અને ઉત્તર-બંધહેતુ માન ૪, માયા ૪, અને લોભ ૪ એ ૧૨ કષાય સિવાય ૪૫ છે.

(२९) **ध्यान** १३—શુક્લધ્યાનના છેલ્લા ત્રણ ભેદ વિના શેષ ૧૩ ધ્યાન છે, કારણકે ક્રોધ નવમા ગુણસ્થાન સુધી છે અને શુક્લધ્યાનનો બીજો ભેદ બારમે, ત્રીજો તેરમે અને ચોથો ચૌદમે ગુણસ્થાને ગણ્યો છે.

(३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६ (કેવલીસમુદ્ઘાત વિના)—સુગમ છે.

(३३) **भाव** ५-४२—સ્ત્રીવેદવત્. (પણ ક્રોધમાં ઉપશમ ચારિત્રનો સદ્ભાવ કેવી રીતે હોય ? તેનો નિર્ણય શ્રી બહુશ્રુત ગમ્ય છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३४) **अवगाहना**—જઘન્યથી અંગુલને અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી (મૂળ ઔદારિક આશ્રયિ) કંઈક અધિક ૧૦૦૦ યોજન પ્રમાણ તે બાદરપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ છે, અને ઉત્તરવૈક્રિય આશ્રયિ સાધિક એક લાખ યોજન પ્રમાણ છે. તથા સમુદ્ઘાતકૃત અવગાહના તે મરણ આશ્રયિ સાધિક ૧૪ રજ્જુ પ્રમાણ છે, કારણકે લોકની નીચે વિદિશિનો એકેન્દ્રિય લોકના અગ્ર ભાગે વિદિશામાં ઉત્પન્ન થાય તો સમુદ્ઘાત કરતી વખતે એકેન્દ્રિયના ક્રોધયુક્ત આત્મપ્રદેશો ત્યાંસુધી લંબાય માટે.

(३५) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ. તેમજ કાયસ્થિતિ જઘન્યથી લઘુ અન્ત-ર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી મોટા અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. કારણકે ક્રોધાદિ ચારે મૂળકષાયો દરેક અન્તર્મુહૂર્ત્ત બદલાઈને ઉદય આવે છે, તેથી કોઇપણ એક મૂળકષાય અન્તર્મુહૂર્ત્તથી વધુ વખત રહેતો નથી.

(३६) **योनि**—ક્રોધને યોનિ ન હોય, પરન્તુ ક્રોધવાળા જીવોની યોનિ તેજ ક્રોધની યોનિ ગણાય, માટે ક્રોધની યોનિ ૮૪ લાખ છે. તેમજ સચિત્ત, સંવૃત, શીત અને શંખાવર્ત વિગેરે દરેક ત્રણ ત્રણ પ્રકારની યોનિઓ છે.

इति क्रोधे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માન અને માયામાં.

સર્વે દ્વારો ક્રોધવત્ યથાસંભવ[1] કહેવાં, પણ "ક્રોધ" એ શબ્દને સ્થાને "માન" અથવા "માયા" એ શબ્દ કહેવા.

इति मानमाया संबंधि ३६ द्वारप्राप्तिः समाप्ता.

લોભમાં.

લોભ કષાયમાં સર્વ દ્વારો યથાસંભવ ક્રોધ કષાયવત્ છે, પરન્તુ ક્રોધને બદલે લોભ કહેવો અને જે જે દ્વારોમાં કંઇક વિશેષ તફાવત છે તે નીચે પ્રમાણે—

(૯) **સંયમ** ૬—યથાખ્યાત ચારિત્ર વિના શેષ છ ચારિત્ર હોય, કારણકે યથાખ્યાત ચારિત્ર અકષાયીને હોય. અહિં સૂક્ષ્મસંપરાય ચારિત્ર સૂક્ષ્મલોભના ઉદયથીજ હોય છે, માટે લોભમાં સૂક્ષ્મસંપરાય ચારિત્ર ગણી શકાય છે.

(૧૬) **ગુણસ્થાન** ૧૦—મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય સુધીનાં ૧૦ ગુણસ્થાન છે. (અહિં સૂક્ષ્મલોભના ઉદયમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન છે.

(૩૯) **સ્થિતિ**—ભવસ્થિતિ ક્રોધતુલ્ય અને કાયસ્થિતિ જઘન્યથી ૧ સમય માત્ર છે. કારણકે ૧૧ મા ગુણસ્થાનના પ્રથમ સમયે લોભનું અવેદકપણું અનુભવી (લોભ રહિત થઇ) બીજે સમયે કાળ કરી અનુત્તર દેવ થતાં તેજ બીજે સમયે ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થવાથી લોભનો ઉદય થાય, માટે જઘન્યકાયસ્થિતિ ૧ સમય અને ઉત્કૃષ્ટકાયસ્થિતિ તો ક્રોધમાં કહ્યા પ્રમાણે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

॥ इति लोभे ३६ द्वारप्राप्तिः समाप्ता, तत्समाप्तौ ४ कषायेष्वपि ३६ द्वारप्राप्तिः समाप्ता ॥

---

૧. માનને ઉદયે ચાર માન સિવાયના વિરૂદ્ધ ૧૨ કષાયનો અનુદય (ઉદય ન) હોય ઇત્યાદિ રીતે વિચારવું તે યથાસંભવ કહેવાય. એ પ્રમાણેજ આગળનાં દ્વારોના સંબંધમાં પણ સર્વત્ર યથાસંભવ શબ્દનો અર્થ તે તે દ્વારને અનુસારે જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

५ ज्ञानमां ३६ द्वारनी प्राप्ति.

મતિજ્ઞાન[1] અને શ્રુતજ્ઞાનમાં.

(१) गति ४—કારણકે ચારે ગતિના જીવો સમ્યગ્દષ્ટિ હોય છે, અને સમ્યગ્દષ્ટિ મતિ તથા શ્રુતજ્ઞાનરૂપ છે.

(२) इन्द्रिय ५ (१-२-३-४-५)—કર્મગ્રંથ મતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પંચેન્દ્રિયને હોય છે. કારણકે પંચેન્દ્રિયજીવોજ સમ્યગ્દષ્ટિ હોય છે. અને સિદ્ધાન્તમતે એકેન્દ્રિય વિના ચાર જાતિના[2] જીવોને સાસ્વાદન હોવાથી મતિશ્રુતજ્ઞાન છે.

(३) काय १ (४)—કર્મગ્રંથમતે અને સિદ્ધાન્તમતે પણ ત્રસકાયમાં એ બે જ્ઞાન હોય છે.

(४) योग १५, (५) वेद ३—સર્વેયોગમાંઅને સર્વે વેદમાં સમ્યગ્દષ્ટિ છે.

(६) कषाय ४-२१ (४-२५)—મૂળકષાય ચારે છે, અને ઉત્તરભેદે ચાર અનંતાનુબંધિ વિના કર્મગ્રંથ મતે ૨૧ છે, કારણકે અનંતાનુબંધિનો અનુદય થાય ત્યારેજ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વળી સિદ્ધાન્ત મતે પચ્ચીસ કષાય ગણાય. કારણકે સાસ્વાદનમાં અનંતાનુબંધિનો ઉદય અવશ્ય હોય છે.

---

૧. જ્ઞાનમાં સર્વે દ્વાર સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ જાણવાં. કારણકે મિથ્યાદષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે, અને સમ્યગ્દષ્ટિનું જ્ઞાન તે જ્ઞાનરૂપ ગણાય છે. વળી સમ્યગ્દષ્ટિપણું તે (જ્ઞાનને અંગે) ચતુર્થાદિ ગુણસ્થાન-વાળું જાણવું અર્થાત્ ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક સમ્યક્ત્વવાળો જીવ સમ્યગ્દષ્ટિ જાણવો, પણ સાસ્વાદન અને મિશ્ર સમ્યક્ત્વવાળો જીવ નહિ, એવો કર્મગ્રંથનો અભિપ્રાય છે. સિદ્ધાન્તના અભિપ્રાયમાં **सासण भावे नाणं**—સાસ્વાદનભાવે (ઉપલક્ષણથી મિશ્રભાવે પણ) જ્ઞાન હોય છે. તે અભિપ્રાય પણ ચાલુ ગ્રંથમાં અંગીકાર કર્યો છે.

૨. સિદ્ધાન્તમતે પૃથ્વી આદિ એકેન્દ્રિયમાં સાસ્વાદનભાવ માન્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) **ज्ञान** ૪—કેવળજ્ઞાન વિના શેષ ૪ જ્ઞાન હોય. કારણકે કેવળ જ્ઞાનીને મત્યાદિ ચારે જ્ઞાન ન હોય.

(૮) **अज्ञान** ૦—કારણકે જ્ઞાનમાં અજ્ઞાન ન હોય.

(૯) **संयम** ૭—ચોથાથી ૧૨ મા ગુણસ્થાન સુધી મતિ વિગેરે જ્ઞાનો છે, અને ત્યાંસુધીમાં સર્વ ચારિત્રની પ્રાપ્તિ હોય છે

(૧૦) **दर्शन** ३ (કેવળ દર્શન વિના), (૧૧) **लेश्या** ૬, (૧૨) **भव्यत्व** ૧ (ભવ્ય), (૧૩) **सम्यक्त्व** ३ (૫) ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક, તથા સિદ્ધાન્તમતે મિથ્યાત્વ વિના પાંચ, (૧૪) **संज्ञित्व** ૧ (૨)—સુગમ છે.

(૧૫) **आहारक** ૨—સર્વ ઉત્તરભેદ સહિત છે. વિશેષમાં જાણવાનું કે મતિજ્ઞાની તથા શ્રુતજ્ઞાનીને ફક્ત ૬ દિશિ સંબંધિ એકજ દિશિઆહાર હોય છે. કારણકે સમ્યગ્દષ્ટિ ત્રસજીવોને ત્રસ-નાડીમાં ૬ દિશિનોજ દિશિઆહાર હોય પણ ત્રણ ચાર પાંચ દિશિનો નહિ.

(૧૬) **गुणस्थान** ૯ (૧૧)—કર્મગ્રંથમતે ચોથાથી બારમા સુધીનાં ગુણસ્થાનોમાં મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય. અને સિદ્ધા-ન્તમતે બેથી બાર સુધીમાં.

(૧૭) **जीवभेद** ૨-૪૨૩ (૭-૪૩૧)—કર્મગ્રંથમતે એટલાજ જીવભેદોમાં સમ્યક્ત્વ છે. તે ૫૬૩ જીવભેદમાં જ્ઞાન પ્રાપ્તિ પ્રસંગે કહેવાશે. અને સિદ્ધાન્તમતે ૭-૪૩૧ સંભવે.

(૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦—સુગમ છે.

(૨૦) **संज्ञा** ૪-૨—હેતુપદેશિકીસંજ્ઞા અસંજ્ઞિ (દ્વિન્દ્રિ-યાદિ)ને હોવાથી કર્મગ્રંથમતે મત્યાદિ જ્ઞાનમાં ન હોય.

(૨૧) **उपयोग** ૭—કેવળદ્વિક વિના ૪ જ્ઞાન અને ૩ દર્શન હોય.

(૨૨) **दृष्टि** ૧—સમ્યગ્દષ્ટિમાં મત્યાદિજ્ઞાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૩) **बंध ८-७९**—સમ્યક્ત્વ ગુણસ્થાને ૭૭ નો બંધ છે તેમાં આહારકદ્વિક મેળવતાં ૭૯ નો બંધ મત્યાદિ જ્ઞાનીને હોય.

(૨૪) **उदय ८-१०६**—સ્થાવરાદિ ૪, અશુભજાતિ ૪, આતપ, અનંતાનુબંધિ ૪, જીનનામ, મિથ્યાત્વ, અને મિશ્ર એ ૧૬ વિના શેષ ૧૦૬ પ્રકૃતિઓનો ઉદય હોય.

(૨૫) **उदीरणा ८-१०६**—ઉદયવત્.

(૨૬) **सत्ता ८-१४८**—સુગમ છે.

(૨૭) **शरीर ५**—મત્યાદિ જ્ઞાનીને યથાયોગ્ય પાંચે શરીર હોય.

(૨૮) **बंधहेतु ३-४८**—કર્મગ્રંથમતે મૂળબંધહેતુ મિથ્યાત્વ વિના ૩, અને ઉત્તરબંધહેતુ મિથ્યાત્વ ૫, અને અનંતાનુબંધિ ૪ રહિત ૪૮ છે, અથવા સિદ્ધાન્તાનુસારે સાસ્વાદને જ્ઞાન માનતાં ૪ અનંતાનુબંધિ સહિત ૫૨ હોય.

(૨૯) **ध्यान १४**—કેવળજ્ઞાનમાં હોનાર છેલ્લાં બે શુક્લ-ધ્યાન વિના શેષ ૧૪ ધ્યાન હોય.

(૩૦) **संघयण ६**, (૩૧) **संस्थान ६**—સુગમ છે.

(૬૨) **समुद्घात ६**—કેવલીસમુદ્ઘાત વિના શેષ ૬ સમુદ્ઘાત હોય.

(૩૩) **भाव ५-४०**—દાનાદિ ૫ ક્ષાયિકલબ્ધિ, કેવળદ્વિક, ક્ષાયોપશમિક ૩ અજ્ઞાન, મિથ્યાત્વ, અભવ્યત્વ, અને ઔદયિક અજ્ઞાન એ ૧૩ ભાવવિના શેષ ૪૦ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—જઘન્ય અવગાહના ઉત્પત્તિ સમયે અંગુલનો અસંખ્યાતમોભાગ હોય પરન્તુ પર્યાપ્તપણામાં ૧ હાથ અનુત્તર દેવની અપેક્ષાએ છે. અને તેનાથી લઘુ અવગાહનાવાળા કોઇ મનુષ્ય વિગેરેને સમ્યક્ત્વ હોય કે નહિ તે નિર્ણય શ્રી બહુ-શ્રુત ગમ્ય છે. તેમજ ઉત્કૃષ્ટ અવગાહના મૂળઔદારિક આશ્રયિ ૧૦૦૦ યોજન પ્રમાણ તે ગર્ભજ મચ્છ વિગેરેને હોય. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તરદેહ આશ્રયિ ૧ લાખ યોજન ઉપર ૪ આંગળ અધિક તે વૈક્રિયલબ્ધિવંત મનુષ્યને હોય. તથા સમુદ્દ્ઘાત અવગાહના આગળ કહેવાતા અવધિજ્ઞાનવત્ લગભગ ૭-૮ રાજ પ્રમાણ છે.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ બહુશ્રુતગમ્ય પરન્તુ પ્રાયઃ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ. જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાધિક ૬૬ સાગરોપમ તે ક્ષયોપશમ સમ્યક્ત્વની કાયસ્થિતિ પ્રમાણે.

(૩૬) **योनि**—કર્મગ્રંથમતે ૪ લાખ દેવ, ૪ લાખ નારક, ૪ લાખ તિર્યંચપંચેન્દ્રિય, અને ૧૪ લાખ મનુષ્ય, એ સર્વ મળીને ૨૬ લાખ યોનિ છે. તેમજ સચિત્ત, વિવૃત, અને શંખાવર્ત-યોનિ સિવાયના સર્વ ઉત્તરભેદ જાણવા. કારણકે સચિત્તયોનિ એકેન્દ્રિય વિગેરે અસંજ્ઞિ જીવોને હોય અને અસંજ્ઞિને સમ્યક્ત્વ નથી, તેમજ સમ્યક્ત્વ વિના જ્ઞાન નથી. તથા વિવૃતયોનિ વિકલેન્દ્રિય અને સમુર્ચ્છિમ પંચેન્દ્રિયને છે, વળી શંખાવર્તયોનિમાં અપર્યાપ્ત-પણે મરણ છે માટે એ સર્વને સમ્યક્ત્વના અભાવે જ્ઞાન નથી. તેમજ સિદ્ધાન્તમતે એકેન્દ્રિય સિવાય સર્વે જીવોની યોનિ ગણવી.

इतिश्री मतिश्रुतज्ञाने ३६ द्वारप्राप्तिः समाप्ता.

અવધિજ્ઞાનમાં.

(૧) **गति ४**—દેવ તથા નારકગતિના સર્વ જીવોને, અને મનુષ્ય તથા તિર્યંચગતિમાં યુગલિક સિવાયના લબ્ધિપર્યાપ્ત ગર્ભજ જીવો કે જેઓએ વ્રત તપશ્ચર્યાદિ ગુણવડે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેવા કરણપર્યાપ્તજીવોને અથવા પૂર્વભવથી સાથે લાવેલ હોય તો કરણઅપર્યાપ્ત જીવોને પણ અવધિજ્ઞાન હોય છે.

(૨) **इन्द्रिय ५**, (૩) **काय १** (ત્રસ.)—ગતિવત્.

(૪) **योग १५**—સર્વયોગમાં અવધિજ્ઞાન હોઇ શકે છે. તેમાં દેવ અથવા નારકભવમાંથી સાથે લાવેલ અવધિજ્ઞાનવાળા મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા તિર્યંચને ઔદારિકમિશ્રયોગ તથા કાર્મણયોગ હોય, અને દેવ તથા નારકને પણ ભવના પ્રથમ સમયથી અવધિજ્ઞાન વા વિભંગજ્ઞાન હોય છે. માટે વૈક્રિયમિશ્રયોગ હોય છે. શેષ યોગોમાં કારણ સમજવું સુગમ છે.

(૫) वेद ३, (६) कषाय ४–२१, (७) ज्ञान ४, (८) अज्ञान ०, (९) संयम ७, (१०) दर्शन ३, (११) लेश्या ६, (१२) भव्य १, (१३) सम्यक्त्व ३, (१४) संज्ञित्व १, (१५) आहारक २, (१६) गुणस्थान ९—મતિજ્ઞાનવત્.

(१७) जीवभेद २–२५१—ચૌદ જીવભેદમાંના સંજ્ઞિઅપર્યાપ્ત અને સંજ્ઞિપર્યાપ્ત એ બે ભેદ હોય, અને પાંચસો ત્રેસઠ ભેદમાંથી ૧૯૮ દેવ,[1] ૩૦ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય, ૧૦ ગર્ભજ તિર્યંચ, અને સાતમી પૃથ્વીના અપર્યાપ્ત નારક સિવાય ૧૩ નારક,[2] એ એ સર્વ મળી ૨૫૧ જીવભેદ છે. દેવ અવધિજ્ઞાન સહિત સંખ્યાતવર્ષાયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થાય પરન્તુ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્યો અને તિર્યંચોમાં દેવો સ્વભાવેજ ઉત્પન્ન થાય નહિ માટે અપર્યાપ્ત યુગલિકોને અવધિજ્ઞાન હોય નહિ, તેમજ પર્યાપ્તયુગલિકોમાં વ્રત તપશ્ચર્યાદિ ગુણના અભાવે અવધિજ્ઞાન હોય નહિ માટે યુગલિકના સર્વ ભેદ ત્યાગ કરવા. એકેન્દ્રિયાદિ સર્વ અસંજ્ઞિ જીવોને પણ અવધિજ્ઞાન હોય નહિ, અને સાતમી નરકના નારકને અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન હોય પરન્તુ સમ્યક્ત્વના અભાવે અવધિજ્ઞાન ન હોય, કારણકે સમ્યક્ત્વ સહિત જીવ સાતમી નરકમાં ઉત્પન્ન ન થાય તો અવધિજ્ઞાન પણ અપર્યાપ્ત અવસ્થામાં ક્યાંથી હોય ? માટે ૧૩૯ અસંજ્ઞિ ૧૭૨ યુગલિક અને સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક એ પ્રમાણે ૩૧૨ જીવભેદમાં અવધિજ્ઞાન ન હોય. પાંચસોત્રેસઠ ભેદોમાં યુગલિક તિર્યંચો જોકે જૂદા ગણાવ્યા નથી તોપણ સમજી

૧–૨. એટલું વિશેષ છે કે અસંજ્ઞિ ભવમાંથી આવેલા દેવને અને નારકને અપર્યાપ્ત અવસ્થામાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન ન હોય. પરંતુ પર્યાપ્ત થયાબાદ તુર્ત પ્રગટ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેવું કે યુગલિકતિર્યંચોને પણ અવધિજ્ઞાન ન હોય. તથા શ્રી પ્રજ્ઞાપના વૃત્તિમાં અવધિજ્ઞાને તિર્યંચાનુપૂર્વીનો ઉદય કહ્યો છે માટે ૫ અપર્યાપ્તતિર્યંચ કહ્યા છે અન્યથા ૨૪૬ જીવભેદ ગ્રહણ થાય.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–२, (२१) **उपयोग** ७, (२२) **दृष्टि** १, (२३) **बंध** ८–७९, (२४) **उदय** ८–१०६, (२५) **उदीरणा** ८–१०६, (२६) **सत्ता** ८–१४८, (२७) **शरीर** ५, (२८) **बंधहेतु** ३–४८, (२९) **ध्यान** १४, (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६, (३३) **भाव** ५–४०—મતિજ્ઞાનવત્.

(३४) **अवगाहना**—જન્મદેહની જઘન્ય અવગાહના ૧ હાથ અનુત્તર દેવ આશ્રયિ. એથી કમી અવગાહનાવાળા મનુષ્ય અને તિર્યંચ હોય છે પરન્તુ તેઓમાં બે હાથથી કમી અવગાહનાવાળાને અવધિજ્ઞાન ન હોઇ શકે, કારણકે બે હાથથી લઘુ અવગાહનાવાળાને વિરતિ ન હોય, તો વ્રતાદિ ગુણથી થતું ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન પણ કેમ ઉત્પન્ન થાય ? કદાચ પૂર્વભવમાંથી લાવેલ અવધિજ્ઞાનવાળા મનુષ્યાદિની જઘન્ય અવગાહના બીજી રીતે હોય તો તે નિર્ણય શ્રી બહુશ્રુત ગમ્ય છે, ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ છે, અને સમુદ્ઘાત અવગાહના મરણ આશ્રયિ અનુત્તર સુધી અસંખ્ય યોજન (લગભગ ૭ રજ્જુ) પ્રમાણ છે. અથવા અચ્યુત સ્વર્ગનો કોઈ દેવ ચોથી નરકે મિત્રનારકને મળવા જાય તોપણ લગભગ ૮ રાજ હોય. અને ઉત્તરદેહની અવગાહના મનુષ્યવત્ છે.

(३५) **स्थिति**—ભવસ્થિતિમાં જઘન્ય આયુષ્ય ૮ વર્ષથી વધુ નહિ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ તે અનુત્તરદેવ અને સાતમી પૃથ્વીના નારકની અપેક્ષાએ છે. અને કાયસ્થિતિ જઘન્યથી એક સમય છે. કારણકે દેવ મનુષ્ય અથવા તિર્યંચમાંનો કોઇપણ[૧] વિભંગજ્ઞાની જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી તુર્ત બીજે

---

૧. શ્રી પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિમાં એ ત્રણે જીવોજ અંગીકાર કર્યા છે. અને નારક જીવને અંગીકાર કર્યો નથી, તેનું કારણ શ્રી બહુશ્રુત ગમ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમયે કાળ કરે તો મરણના કારણથી અવધિજ્ઞાન નષ્ટ થાય. તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાધિક ૬૬ સાગરોપમ છે તે ક્ષયોપશમ સમ્યક્ત્વની કાયસ્થિતિને અનુસારે જાણવી.

(३६) **योनि**—૨૬ લાખ ઈત્યાદિ સર્વ સ્વરૂપ (કર્મગ્રંથ મતના) મતિજ્ઞાનવત્.

इत्यवधिज्ञाने ३६ द्वारप्राप्तिः समाप्ता.

મનઃપર્યવજ્ઞાનમાં.

(१) **गति** १—મુનિને મનઃપર્યવજ્ઞાન હોય છે માટે મનઃપર્યવજ્ઞાનમાં ૧ મનુષ્યગતિ છે.

(२) **इन्द्रिय** ५, (३) **काय** १ (ત્રસ)—સુગમ છે.

(४) **योग** १३—ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ વિના શેષ ૧૩ યોગ છે. કારણકે એ બન્ને યોગ મનુષ્ય તથા તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં અને કેવલીભગવાનને સમુદ્ઘાત વખતે હોય, માટે તે બન્ને વખતે મનઃપર્યવજ્ઞાન હોય નહિ. તથા પ્રત્યુત્પન્નભાવે[1] વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર પણ ન હોય, કારણકે પ્રત્યુત્પન્નભાવ અપ્રમત્ત અવસ્થામાં હોય.

(५) **वेद** ३—ત્રણે વેદવાળાને મનઃપર્યવજ્ઞાન હોય.

(६) **कषाय** ४-१३—મુનિને મૂળકષાય ચારે હોય, અને ઉત્તરભેદમાં ૪ સંજ્વલન અને ૯ નોકષાય મળી ૧૩ કષાય છે.

(७) **ज्ञान** ४—છદ્મસ્થ મુનિને કેવળજ્ઞાન વિના ૪ જ્ઞાન હોય માટે.

(८) **अज्ञान** ०—જ્ઞાનમાં અજ્ઞાન ન હોય.

---

૧. મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરતો જીવ **प्रत्युत्पन्न मनःपर्यवज्ञानी.** કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯) **संयम** ૫—મુનિને દેશવ્રત અને અવ્રત વિના સામાયિકાદિ પાંચે ચારિત્ર હોય છે.

(૧૦) **दर्शन** ૩—કેવળદર્શન વિના શેષ ત્રણે દર્શન હોય.

(૧૧) **लेश्या** ૬—પ્રત્યુત્પન્નભાવે ૩ શુભલેશ્યા અને પ્રતિપન્નભાવે[૨] છએ લેશ્યા હોય છે.

(૧૨) **भव्य** ૧—મનપર્યવજ્ઞાન ભવ્યને હોય છે.

(૧૩) **सम्यक्त्व** ૩—ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક એ ત્રણ સમ્યક્ત્વ છે.

(૧૪) **संज्ञित्व** ૧,—મનઃપર્યવજ્ઞાની સંજ્ઞિ હોય છે.

(૧૫) **आहारक** ૧—મનઃપર્યવજ્ઞાની ફક્ત આહારી હોય છે, કારણકે મનઃપર્યવજ્ઞાન પરભવમાં સાથે નહિ જતું હોવાથી વક્રગતિ સંબંધિ અનાહારીપણું નથી, અને કેવલીસમુદ્ઘાત સંબંધિ તથા અયોગિપણાનું અનાહારકપણું પણ મનઃપર્યવ જ્ઞાનમાં હોય નહિ. વળી ઓજ વિગેરે આહારના ભેદોમાંથી લોમઆહાર અને કવલાહાર હોય, કારણકે ઓજઆહાર શરીર અપર્યાપ્તપણામાં હોય અને તે વખતે મનઃપર્યવજ્ઞાન ન હોય.

(૧૬) **गुणस्थान** ૭—છદ્મસ્થ મુનિને છઠ્ઠાથી બારમા ગુણસ્થાન સુધીનાં ૭ ગુણસ્થાન હોય.

(૧૭) **जीवभेद** ૧-૧૫—ચૌદમાંથી એક સંજ્ઞિપર્યાપ્ત ભેદ હોય. અને પાંચસોત્રેસઠમાંથી ૧૫ પર્યાપ્તકર્મભૂમિજ મનુષ્યના ૧૫ ભેદ હોય. કારણકે મુનિપણું એ જીવોને છે.

(૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, (૨૦) **संज्ञा** ૪-૨, (૨૧) **उपयोग** ૭, (૨૨) **दृष्टि** ૧—એ પાંચે દ્વાર મતિજ્ઞાનવત્ જાણવાં.

(૨૩) **बंध** ૮-૬૯—પ્રમત્તગુણસ્થાને જે ૬૩ નો બંધ છે

---

૨. મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી રહ્યાબાદ **प्रतिपन्नमनःपर्यवज्ञानी** કહેવાય. એ બન્ને ભાવ મત્યાદિજ્ઞાનમાં હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં આહારકદ્વિક (જે સાતમે ગુણસ્થાને બંધાય છે તે) મેળવતાં ૬૫ પ્રકૃતિનો બંધ હોય. અને મૂળ આઠેકર્મનો બંધ છે.

(૨૪) **उदय** ८-८१ (८४)—પ્રમત્તગુણસ્થાન સંબંધિ ૮૧ અથવા ૮૪ નો ઉદય છે.

(२५) **उदीरणा** ८-८१ (८४)—ઉદયવત્.

(२६) **सत्ता** ८-१४८—સુગમ છે.

(२७) **शरीर** ५—પ્રતિપન્ન મનપર્યવજ્ઞાનીને પાંચે શરીર હોય. વિશેષ જે વખતે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે તે વખતે આહારક તથા વૈક્રિયની રચના તેમજ સંહરણ કરે નહિ પરન્તુ અપ્રમત્ત દશામાં મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયાબાદ ઉત્સુકભાવે પ્રમત્ત-દશામાં આવી આહારક તથા વૈક્રિયની રચના અને સંહરણ કરી શકે છે. પ્રતિપન્ન વૈક્રિયદેહી તથા આહારકદેહી અપ્રમત્તદશા પામે ત્યારે નવું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન પણ કરે એમ સમજાય છે.

(२८) **बंधहेतु** २-२६—કષાય અને યોગ એ બે મૂળ બંધહેતુ છે. તેમજ ૧૩ કષાય (૯ નોકષાય ૪ સંજવલન), અને ૧૩ યોગ (ઔદારિકમિશ્ર અને કાર્મણ વિના) એ ૨૬ ઉત્તરબંધહેતુ છે.

(२९) **ध्यान** ९—અગ્રશોચ (નિદાન) સિવાય ૩ આર્ત્તધ્યાન, ૪ ધર્મધ્યાન, અને પ્રથમનાં બે શુકલધ્યાન એ ૯ ધ્યાન[1] છદ્મ-સ્થમુનિ સંબંધિ હોય.

(३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६—અવધિજ્ઞાનવત્.

(३३) **भाव** ५-३५—અવધિજ્ઞાનમાં જે ૪૦ ભાવ કહ્યા છે તેમાંથી ૩ અમનુષ્યગતિ, ૧ દેશવિરતિ, અને ૧ અસંયમ

---

૧. મુનિને પ્રમત્તગુણસ્થાને રૌદ્રધ્યાન હોય પરન્તુ ગૌણપણાના કારણથી ગણત્રીમાં આવે નહિ—(ગુણસ્થાનક્રમાનુરોહગ્રંથમાં).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પાંચ ભાવ બાદ કરતાં શેષ ૩૫ ભાવ મનઃપર્યવજ્ઞાનમાં (મુનિ સંબંધિ) હોય.

(૩૪) अवगाहना—જન્મદેહની અવગાહના જઘન્ય ૨ હાથ, અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. એથી કમી અથવા વધુ ઉંચી કાયાવાળા મનુષ્ય ચારિત્ર ન પામે તેથી મનઃપર્યવજ્ઞાન પણ ન પામી શકે. તથા ઉત્તરદેહની અવગાહના અવધિજ્ઞાનવત્. અને સમુદ્ઘાતકૃત અવગાહના અનુત્તરમાં ઉપજતી વખતે ૭ રજ્જુ પ્રમાણ દીર્ઘ હોય છે. સમુદ્ઘાતઅવગાહના અસંખ્યાત યોજન (અનુત્તર સુધી.) મરણ આશ્રયિ.

(૩૫) स्थिति—ભવસ્થિતિ જઘન્ય ૮ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષ, અને કાયસ્થિતિ જઘન્યથી ૧ સમય તે અવધિજ્ઞાનવત્ જાણવી. અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ દેશોન (લગભગ ૮ વર્ષ ન્યૂન) પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે. કારણકે એથી અધિક આયુષ્યવાળા યુગલિક હોય, તેમને સર્વવિરતિના અભાવે મનઃપર્યવ હોય નહિ, અને ૮ વર્ષની અંદર પણ ચારિત્ર પ્રાપ્ત ન થાય માટે ૮ વર્ષથી કમી વયવાળાને પણ મનઃપર્યવ ન હોય.

(૩૬) योनि—મનઃપર્યવજ્ઞાનમાં ૧૪ લાખ મનુષ્યયોનિ ગણાય. અને સચિત્તાદિ ભેદમાં ૧ મિશ્રયોનિ, શીતાદિમાં શિતોષ્ણયોનિ, સંવૃતાદિમાં સંવૃતવિવૃતાયોનિ, અને શંખાવર્ત્તાદિમાં કૂર્મોન્નતા તથા વંશીપત્રા એ બે યોનિ હોય છે. શેષ ભેદ મનુષ્ય આશ્રયિ પ્રાપ્ત ન હોય, અને શંખાવર્ત્તયોનિ અપર્યાપ્ત આશ્રયિ હોવાથી પ્રાપ્ત ન હોય.

इति मनःपर्यवज्ञाने ३६ द्वारप्राप्तिः समाप्ता.

કેવળજ્ઞાનમાં.

(૧) गति १—મનુષ્યગતિમાં કેવળજ્ઞાન હોય માટે

(૨) इन्द्रिय ५—મનુષ્યો પંચેન્દ્રિય હોય છે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) **काय** ૧—મનુષ્ય ત્રસનિકાયી છે માટે

(૪) **योग** ૭—સત્યમનયોગ, વ્યવહારમનયોગ, સત્યવચનયોગ, વ્યવહારવચનયોગ, ઔદારિકમિશ્રયોગ, આદારિકયોગ, અને કાર્મણયોગ એ ૭ યોગ કેવળજ્ઞાનમાં હોય. તેમાં અનુત્તરદેવે મનથી પૂછેલા પ્રશ્નને ઉત્તર મનઃપ્રયત્નદ્વારા આપતાં મનોયોગ, દેશના વિગેરેમાં વચનયોગ, ગમનાગમનાદિ ક્રિયામાં ઔદારિકયોગ, સમુદ્ઘાત વખતે પહેલે અને આઠમે સમયે પણ ઔદારિકયોગ, બીજે છઠ્ઠે અને સાતમે સમયે ઔદારિકમિશ્રયોગ, અને ત્રીજે ચોથે અને પાંચમે સમયે કાર્મણયોગ હોય. શેષ આહારક વિગેરે કાયયોગ લબ્ધિ પ્રયોજવાના અભાવે ન હોય. અને સર્વજ્ઞપણું હોવાથી અસત્ય અને મિશ્રવચનયોગ[1] તથા મનયોગ ન હોય.

(૫) **वेद** ૦ (૩), (૬) **कषाय** ૦—કેવળજ્ઞાનીને ભાવવેદ તથા કષાય એક પણ ન હોય, અને દ્રવ્યવેદ ત્રણે હોય. કારણકે સ્ત્રી પુરૂષ અને નપુંસકને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.

(૭) **ज्ञान** ૧—કેવળજ્ઞાનમાં એક કેવળજ્ઞાન છે.

(૮) **अज्ञान** ૦—સુગમ છે.

(૯) **संयम** ૧—કેવળજ્ઞાનમાં એક યથાખ્યાત (ક્ષાયિક યથાખ્યાત) ચારિત્ર હોય.

(૧૦) **दर्शन** ૧—કેવળજ્ઞાનમાં એક કેવળદર્શનજ હોય. કેવલીભગવાનની ચક્ષુ વિગેરે ઈન્દ્રિયો પોતપોતાને વિષય ગ્રહણ કરી શકે એવી છે, પરન્તુ કેવળજ્ઞાનીને આત્મા તે ઈન્દ્રિયદ્વારા

---

૧. બીજાં અનેક વૃક્ષ વિગેરે જે વનમાં હોય તેવા વનને અશોકવૃક્ષની મુખ્યતાએ કેવળજ્ઞાની પણ અશોકવન કહે છે, તો કેવળજ્ઞાનીને મિશ્રવચનયોગ કેમ ન હોય ? તે સંબંધમાં જાણવાનું કે બીજાં વૃક્ષો વિગેરેની અપેક્ષા રાખીને અશોકવૃક્ષની મુખ્યતાએ અશોકવન કહેવું તે મિશ્ર નહિ પણ સત્યવચનયોગ છે; અને બીજાં વૃક્ષો વિગેરેની અપેક્ષા રાખ્યા વિના અશોકવૃક્ષના સદ્‌ભાવમાત્રથી અશોકવન કહેવું તે મિશ્રવચનયોગ કહેવાય, તે સર્વજ્ઞને ન હોય પણ અસર્વજ્ઞનેજ સંભવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવર્તતો નહિ હોવાથી બ્રહ્મચારી પુરૂષની પ્રથમ પરણેલી સ્ત્રીઓ-સમાન નિરૂપયોગી છે.

(૧૧) **लेश्या** ૧—કેવળજ્ઞાનીને એક શુકલલેશ્યાજ હોય.

(૧૨) **भव्य** ૧—જે ભવ્ય હોય તેજ કેવળજ્ઞાન પામી શકે.

(૧૩) **सम्यक्त्व** ૧—(ક્ષાયિક).

(૧૪) **संज्ञित्व** ૧—સુગમ છે.

(૧૫) **आहारक** ૨—કેવળજ્ઞાની સમુદ્ઘાત વખતે ત્રીજે ચોથે પાંચમે સમયે અને અયોગી ગુણસ્થાનમાં અનાહારી હોય, શેષ સર્વકાળ આહાર ગ્રહણ કરે છે. તેમજ ઓજઆહાર વિગેરે ઉત્તરભેદોનું સ્વરૂપ મનઃપર્યવજ્ઞાનવત્ જાણવું.

(૧૬) **गुणस्थान** ૨—કેવળીને ૧૩ મું અને ૧૪ મું એ બે ગુણસ્થાન છે.

(૧૭) **जीवभेद** ૧-૧૫, (૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૫—મનપર્યવજ્ઞાનવત્. પરન્તુ પાંચ ઇન્દ્રિયપ્રાણ સર્વજ્ઞને નહિ ગણવાથી શેષ પાંચ પ્રાણ હોય.

(૨૦) **संज्ञा** ૧-૦—એક આહારસંજ્ઞા અશાતાવેદનીયકર્મના ઉદયવાળી છે, કારણકે કેવળજ્ઞાનીને વેદનીયકર્મનો ઉદય છે. તેમજ મોહનીયકર્મનો ઉદય નહિ હોવાથી ભય, મૈથુન અને પરિગ્રહ એ ત્રણ સંજ્ઞાઓ ન હોય. અને છદ્મસ્થ યોગ્ય દીર્ઘકાલિકી વિગેરે સંજ્ઞાઓ ન હોય.

(૨૧) **उपयोग** ૨—કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ છે. કેવલીભગવાનને પ્રથમ સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન એ પ્રમાણે એકેક સમયને અન્તરે જ્ઞાનદર્શનની પરાવૃત્તિ અનંતકાળ સુધી ચાલુ રહે છે. (સિદ્ધત્વ પ્રાપ્તિના પ્રથમ સમયે પણ જ્ઞાનજ હોય).

---

૧. એ કારણથીજ કેવલીભગવાનને ૫ પ્રાણ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૨) **दृष्टि १**—એક ક્ષાયિકભાવનું સમ્યગ્દૃષ્ટિપણું છે.

(૨૩) **बंध १-१**—કેવળજ્ઞાનીને મૂળ વેદનીયરૂપ એક કર્મનો બંધ છે. અને ઉત્તર પ્રકૃતિઓમાં કેવળ શાતાવેદનીયનો બંધ છે, તે પણ અકાષાયિક બંધ હોવાથી પ્હેલે સમયે શાતાવેદનીય બંધાય, બીજે સમયે ભોગવાય,અને ત્રીજે સમયે નિર્જરે.

(૨૪) **उदय ४-४२**—કેવળજ્ઞાનમાં મૂળ ચાર અઘાતિકર્મ (વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય)નો ઉદય છે, અને ઉત્તરભેદમાં ૨ વેદનીય, ૧ ઉચ્ચગોત્ર, ૧ મનુષ્યાયુષ્ય, અને નામકર્મની ૩૮ મળીને ૪૨ નો ઉદય છે..

(૨૫) **उदीरणा २-३९**—કેવળજ્ઞાનમાં ઉદયવત્ ઉદીરણા જાણવી, પરન્તુ ૨ વેદનીય અને ૧ આયુષ્ય એ ત્રણની ઉદીરણા ૭ મા ગુણસ્થાનથીજ હોય નહિ, માટે ૧૩ મે ગુણસ્થાને પણ ઉદયમાંથી એ ૩ પ્રકૃતિઓ જતાં મૂળકર્મ બેની અને ઉત્તરભેદમાં ૩૯ કર્મની ઉદીરણા છે.

(૨૬) **सत्ता ४-८५**—મૂળભેદમાં ૪ અઘાતિકર્મ અને ઉત્તરભેદમાં એજ ૪ અઘાતિકર્મની પ્રતિભેદ પ્રકૃતિઓ ૮૫ સત્તામાં હોય છે.

(૨૭) **शरीर ३**—ઔદારિક, તૈજસ, અને કાર્મણ એ ત્રણ શરીર હોય. શેષ વૈક્રિય અને આહારકશરીર (લબ્ધિપ્રયોજવાના અભાવે) ન હોય.

(૨૮) **बंधहेतु १-७**—મૂળહેતુ ૧ યોગ છે, અને ઉત્તરહેતુમાં (યોગદ્વારમાં કહ્યા પ્રમાણે) ૭ યોગ હોય.

(૨૯) **ध्यान २**—શુક્લધ્યાનના છેલ્લા બે ભેદ હોય. શેષ ન હોય.

(૩૦) **संघयण १**—વજ્રર્ષભનારાચ નામે પ્રથમ સંઘયણ હોય. કારણકે શેષ ૫ સંઘયણવાળો જીવ ક્ષપકશ્રેણિજ ન માંડી શકે તો કેવળજ્ઞાનની વાતજ શું ? (ઉપશમશ્રેણિમાં ૩ સંઘયણ અને ક્ષપકશ્રેણિમાં ૧ સંઘયણ હોય.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૧) **संस्थान ६**—શરીરની ગમે તેવી આકૃતિવાળો કેવળજ્ઞાન પામે.

(૩૨) **समुद्घात १**—કેવળીને એક કેવલીસમુદ્ઘાત હોય. વળી કેવળીભગવાનને વેદના હોય પરન્તુ તીવ્ર વેદનાના અભાવે[1] વેદનાસમુદ્ઘાત ન હોય.

(૩૩) **भाव ३–१४**--કેવળજ્ઞાનમાં મૂળભાવ ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ ત્રણ હોય છે, અને ઉત્તરભેદમાં ૯ ક્ષાયિક-ભાવ, ઔદયિકભાવે ૧ મનુષ્યગતિ, ૧ શુક્લલેશ્યા, ૧ અસિદ્ધત્વ, અને પારિણામિકભાવે જીવત્વ તથા ભવ્યત્વ એ પ્રમાણે કુલ ૧૪ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—મનઃપર્યવજ્ઞાનવત્. પરન્તુ ઉત્તરદેહ આશ્રયિ અવગાહના ન હોય, કારણકે કેવલીને ઉત્તરદેહ હોય નહિ. સમુદ્ઘાતઅવગાહના સર્વત્ર સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **स्थिति**—જઘન્યથી ૮ વર્ષ ૭ માસ, અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષ ભવસ્થિતિ (આયુષ્ય) હોય. એથી કમી અથવા અધિક આયુષ્યવાળાને કેવળજ્ઞાન હોય નહિ. તેમજ કેવળજ્ઞાનની કાયસ્થિતિ અનંતકાળપર્યન્ત છે. કારણકે સિદ્ધના કેવળજ્ઞાનનો કાળ કેવળજ્ઞાનની કાયસ્થિતિમાં ગણી શકાય છે.

(૩૬) **योनि**—મનઃપર્યવજ્ઞાનવત્.

इति केवलज्ञाने ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧. યંત્રમાં પીલાતાં, અગ્નિમાં બળતાં, અને જળમાં ડૂબતાં પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે વખતે અતિ તીવ્રવેદના સ્પષ્ટ રીતે છે છતાં તીવ્રવેદનાનો અભાવ કહેવાનું કારણ એ છે કે તેવી તીવ્રવેદનાવડે પણ કેવળીનો આત્મા આકુળવ્યાકુળ થતો નથી, અને આત્મા વ્યાકુળ થયા વિના વેદનાસમુદ્ઘાત ન હોય.—ઇતિ તાત્પર્ય. શેષ સમુદ્ઘાતનો અભાવ સમજવો સુગમ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

३ अज्ञानमां ३६ द्वारनो प्राप्तिः

મતિ અને શ્રુતઅજ્ઞાનમાં.

(१) गति ४, (२) इन्द्रिय १-२-३-४-५, (३) काय ६—સુગમ છે.

(४) योग ३-१३—મિથ્યાદૃષ્ટિપણું હોવાથી ચૌદપૂર્વના અભ્યાસના અભાવે આહારકના બે યોગ ન હોય, કારણકે મિથ્યાદૃષ્ટિ જીવ ૯ પૂર્વ સંપૂર્ણ અને ૧૦મા પૂર્વનો અલ્પ ભાગ ભણી શકે.

(५) वेद ३, (६) कषाय ४-२५, (७) ज्ञान ०, (८) अज्ञान ३, (९) संयम १ (અવિરતિ), (१०) दर्शन २ (३),[1] (११) लेश्या ६, (१२) भव्य २, (१३) सम्यक्त्व १ (३), (१४) संज्ञित्व २, (१५) आहारक २ (સર્વ ઉત્તરભેદ સહિત), (१६) गुणस्थान १ (મિથ્યાત્વાદિ) અથવા પ્હેલું[2]—એ દ્વારો સમજવાં સુગમ છે.

(१७) जीवभेद १४-५३५—મૂળજીવભેદ ચૌદ છે, અને પાંચસોત્રેસઠમાંથી ૫ અનુત્તર તથા ૯ લોકાન્તિક દેવો સમ્યગ્દૃષ્ટિ હોવાથી જ્ઞાનીજ છે, માટે એ ૧૪ પર્યાપ્ત અને ૧૪ અપર્યાપ્ત મળી ૨૮ બાદ કરતાં શેષ ૫૩૫ જીવભેદમાં મતિ અને શ્રુત અજ્ઞાન હોય.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-२ (દૃષ્ટિવાદો૦ વિના, (२१) उपयोग ५ (६), (२२) दृष्टि १ (મિથ્યાત્વ)—સુગમ છે.

---

૧. વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય એમ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે અને ઘણા ખરા ગ્રંથોમાં અવધિદર્શન નથી કહ્યું માટે ૩ દર્શન અને ૬ ઉપયોગ પણ કહી શકાય.

૨. કર્મગ્રંથમતે ૩ ગુણસ્થાન અને સિદ્ધાન્તમતે પ્હેલું ગુણસ્થાન છે, કારણકે સિદ્ધાન્તમાં સાસ્વાદનભાવે પણ જ્ઞાન માનેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૩) ૮-૧૧૭—આહારકદ્વિક અને જીનનામ વિના શેષ ૧૧૭ નો બંધ હોય, અને મૂળ આઠેકર્મનો બંધ હોય.

(૨૪) उदय ૮-૧૧૭—બંધવત્.

(૨૫) उदीरणा ૮-૧૧૭—ઉદયવત્.

(૨૬) सत्ता ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) शरीर ૪—આહારક વિના ચાર શરીર હોય. કારણકે મિથ્યાદૃષ્ટિને આહારકશરીરની રચના ન હોય.

(૨૮) बंधहेतु ૪-૫૫—મૂળબંધહેતુ ચાર, ઉત્તરબંધહેતુ આહારકદ્વિક વિના શેષ ૫૫ હોય.

(૨૯) ध्यान ૮—મિથ્યાદૃષ્ટિને આઠ અશુભધ્યાન હોય.

(૩૦) संघयण ૬, (૩૧) संस्थान ૬, (૩૨) समुद्घात ૫ (આહારક અને કેવલીસમુદ્ઘાત વિના,—સુગમ છે.

(૩૩) भाव ૩-૩૪—ઉપશમ અને ક્ષાયિક વિના મૂળભાવ ૩ હોય અને ઉત્તરભાવમાં ક્ષયોપશમભાવે ૫ લબ્ધિ, ૩ અજ્ઞાન, પ્રથમનાં ૨ દર્શન, એ ૧૦, તથા ૨૧ ઔદયિક, અને ૩ પારિણામિક, એમ મળીને કુલ ૩૪ હોય. અહિં પણ વિભંગજ્ઞાને અવધિદર્શન માનતાં ૩૫ ભાવ જાણવા.

(૩૪) अवगाहना—જઘન્યથી જન્મદેહની અવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ તે સૂક્ષ્મ લબ્ધિઅપર્યાપ્તનિગોદની અપેક્ષાએ, અને ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧૦૦૦ યોજન પ્રમાણ તે બાદરપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિના ઔદારિકદેહ આશ્રયિ છે. વળી ઉત્તરદેહ આશ્રયિજઘન્ય વાયુકાયને અંગુલનો અસંખ્યાતમોભાગ, અને ઉત્કૃષ્ટ મનુષ્યને સાધિક ૧ લાખ યોજન પ્રમાણ છે. તથા સમુદ્ઘાતકૃત અવગાહના મરણની અપેક્ષાએ દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ તે એકેન્દ્રિયાદિવત્ છે.

(૩૫) स्थिति—જઘન્યભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ સપ્તમ નારકને ૩૩ સાગરોપમ પ્રમાણ છે. તેમજ કાયસ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જઘન્ય અન્તર્મુહૂર્ત્ત છે, કારણકે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનનો કાળ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત છે. તથા ઉત્કૃષ્ટકાયસ્થિતિ એકેન્દ્રિયવત્ અનાદિઅનન્ત અનાદિસાન્ત અને સાદિસાન્ત(૨॥ પુદ્ગલપરાવર્ત્ત)રૂપ અનન્તકાળ પ્રમાણ છે.

(૩૬) **योनि**—સર્વયોનિમાં ઉત્પન્ન થતા જીવો બન્ને અજ્ઞાનવાળા હોઈ શકે છે માટે ૮૪ લાખયોનિ છે. તેમજ સચિત્તાદિ યોનિઓના સર્વે ઉત્તરભેદ અહિં પ્રાપ્ત થાય છે.

इति मतिश्रुताज्ञानयो: ३६ द्वारप्राप्तिः समाप्ता.

વિભંગજ્ઞાનમાં.

વિભંગજ્ઞાન સંજ્ઞિમિથ્યાદષ્ટિ પંચેન્દ્રિયને હોવાથી તેનાં દ્વારો નીચે પ્રમાણે.

(૧) **गति** ૪, (૨) **इन्द्रिय** ૫, (૩) **काय** ૧ (ત્રસ.) (૪) **योग** ૧૩, (૫) **वेद** ૩, (૬) **कषाय** ૪–૨૫, (૭) **ज्ञान** ૦, (૮) **अज्ञान** ૩, (૯) **संयम** ૧ (અવિરતિ,), ૧૦) **दर्शन** ૨ (૩) મતિઅજ્ઞાનવત્, (૧૧) **लेश्या** ૬, (૧૨) **भव्य** ૨, (૧૩) **सम्यक्त्व** ૩ (૧)—મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર. (૧૪) **संज्ञित्व** ૧ (સંજ્ઞિ), (૧૫) **आहारक** ૨ (સર્વ ઉત્તરભેદ સહિત દિશિઆહાર ૬ દિશાનો), ૧૬ **गुणस्थाथ** ૩ (૧) પ્હેલાં—એ સર્વદ્વારો સુગમ હોવાથી યથાયોગ્ય સ્વયં વિચારવાં.

(૧૭) **जीवभेद** ૨–૨૨૪—સંજ્ઞિઅપર્યાપ્ત તથા પર્યાપ્ત એ બે ચૌદ ભેદમાંના અને નવ લોકાન્તિક તથા પાંચ અનુત્તર મળી ચૌદ પર્યાપ્ત અને ચૌદ અપર્યાપ્ત એ અઠ્ઠાવીશ દેવ વિના ૧૭૦ દેવ, ૩૦ કર્મભૂમિજ મનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, અને ૧૪ નારક એ પ્રમાણે ૨૨૪ ભેદ પાંચસોત્રેસઠમાંના હોય.

(૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, (૨૦) **संज्ञा** ૪–૨ (૨૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

उपयोग ૯ (૬), (૨૨) **दृष्टि*** ૨, (૨૩) **बंध** ૮-૧૧૭—એ દ્વારો મતિઅજ્ઞાનવત્.

(૨૪) **उदय** ૮-૧૦૭—મૂળઆઠેકર્મનો ઉદય છે, અને ઉત્તરભેદમાં આહારકદ્વિક, જીનનામ, સમ્યક્ત્વ, સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, આતપ, નરાનુપૂર્વી, અને તિર્યગાનુપૂર્વી; એ પંદર વિના ૧૦૭ નો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૮ ૧૦૭—ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ૪, (૨૮) **बंधहेतु** ૪-૫૫, (૨૯) **ध्यान** ૮, (૩૦) **संघयण** ૬, (૩૧) **संस्थान** ૬, (૩૨) **समुद्घात** ૫, (૩૩) **भाव** ૩-૩૪ (૩૫)—મતિઅજ્ઞાનવત્.

(૩૪) **अवगाहना**—જન્મદેહની જઘન્યઅવગાહના શ્રી બહુશ્રતગમ્ય, તોપણ દેવ આશ્રયિ ૨ હાથથી અધિક નહિ, અને ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ તે ગર્ભજ મચ્છ વિગેરેના ઔદારિકદેહ સંબંધિ છે. ઉત્તરદેહની જઘન્યઅવગાહના અંગુલનો સંખ્યાતમોભાગ, અને ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન છે. તેમજ સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુ પ્રમાણ, તે અચ્યુત સ્વર્ગનો દેવ ચોથી નરકે મિત્રનારકને મળવા જાય તે અપેક્ષાએ જાણવી.

(૩૫) **स्थिति**—જઘન્યભવસ્થિતિ કેવલીગમ્ય, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સપ્તમનારકની અપેક્ષાએ ૩૩ સાગરોપમ પ્રમાણ છે, અને કાયસ્થિતિ જઘન્ય ૧ સમય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ જીવનું અવધિજ્ઞાન મિથ્યાત્વ પામવાથી વિભંગજ્ઞાન થાય, અને મિથ્યાત્વ પામી અનંતર સમયે દેવને ચ્યવનથી અને મનુષ્યાદિને મરણ વગેરેથી મિથ્યાદૃષ્ટિપણું કાયમ રહી વિભંગજ્ઞાન નષ્ટ થાય છે, માટે જઘન્યકાયસ્થિતિ ૧ સમય. અને ઉત્કૃષ્ટકાયસ્થિતિ દેશોન

* અહિં સમ્યક્ત્વદૃષ્ટિપણું ચતુર્થ ગુણસ્થાનવર્તી ગણાય છે, માટે બે દૃષ્ટિ કહી, અન્યથા ત્રણ દૃષ્ટિ કહેવાય તે ઇષ્ટ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વક્રોડ વર્ષ અધિક ૩૩ સાગરોપમ પ્રમાણુ તે તિર્યંચ વા મનુષ્ય સાતમી પૃથ્વીમાં વિભંગ સહિત ઉત્કૃષ્ટ આયુષ્ય સહિત ઉત્પન્ન થાય તે આશ્રયિ જાણવી.

(૩૬) योनि—દેવની ૪ લાખ, નારકની ૪ લાખ, તિર્યંચ-પંચેન્દ્રિયની ૪ લાખ, મનુષ્યની ૧૪ લાખ એ ૨૬ લાખ યોનિ છે. તેમજ સચિત્ત વિગેરે યોનિઓના ઉત્તરભેદનું સર્વ સ્વરૂપ અવધિજ્ઞાન પ્રમાણે જાણવું.

इति ३ अज्ञानेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

७ संयममां ३६ द्वारनी प्राप्ति.

સામાયિક ચારિત્રમાં.

(१) गति १—સર્વવિરતિચારિત્ર મનુષ્યગતિમાંજ હોય.

(२) इन्द्रिय ५, (३) काय १ (ત્રસકાય)—સુગમ છે.

(४) योग १३—મૂળયોગ ત્રણ છે, અને ઉત્તરયોગ ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ વિના ૧૩ હોય.

(५) वेद ३—સુગમ છે.

(६) कषाय ४-१३—મૂળકષાય ચાર છે, તેમજ ઉત્તરભેદમાં ચાર સંજ્વલન અને ૯ નોકષાય મળી ૧૩ કષાય છે.

(७) ज्ञान ४ (કેવળજ્ઞાન વિના), (८) अज्ञान ०—સુગમ છે.

(९) संयम १—સામાયિક ચારિત્ર. કારણકે પોતાનુંજ એક ચારિત્ર ગણી શકાય. શ્રીવિચારસારમાં પોતાનું એક ચારિત્ર ગણ્યું છે.

(१०) दर्शन ३ (કેવળદર્શન વિના), (११) लेश्या[1] ६, (१२)

---

૧. ચારિત્ર પ્રાપ્ત કરતી વેળાએ અવશ્ય ત્રણ શુભ લેશ્યા તથા અપ્રમત્તતા હોય, અને ચારિત્ર પ્રાપ્ત કર્યાબાદ ૬ લેશ્યા તથા પ્રમત્ત દશા પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

भव्य १, (१३) सम्यक्त्व ३ (ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક); (१४) संज्ञित्व १, (१५) आहारक १ (આહારી*)—સુગમ છે.

(१६) गुणस्थान ४—પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ એ ચાર ગુણસ્થાન હોય.

(१७) जीवभेद १-१५—ચૌદ ભેદમાંથી એક સંજ્ઞિપર્યાપ્ત, અને પાંચસોત્રેસઠમાંથી પર્યાપ્તકર્મભૂમિજ મનુષ્યના ૧૫ ભેદ હોય.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-२ (હેતૂ પદેશીકી વિના), (२१) उपयोग ७, (२२) दृष्टि १ (સમ્યક્ત્વ) —એ પાંચે દ્વાર સુગમ છે.

(२३) बंध ८-६५—પ્રમત્તગુણસ્થાને ૬૩ ના બંધમાં આહારકદ્વિક મેળવતાં ૬૫ ઉત્તરપ્રકૃતિઓનો બંધ હોય, અને મૂળ આઠકર્મનો બંધ હોય.

(२४) उदय ८-८१, (८-८४ ઉદ્યોત અને વૈ૦ ૨ સહિત), (२५) उदीरणा ८-८१ (८-८४)—વક્ષ્યમાણ પ્રમત્ત ગુણસ્થાનવત્.

(२६) सत्ता ८-१४८, (२७) शरीर ५—સુગમ છે.

(२८) बंधहेतु २-२६—મૂળબંધહેતુ કષાય અને યોગ એ બે છે, અને ઉત્તરભેદમાં ૧૩ કષાય અને ૧૩ ગોગ એ ૨૬ બંધહેતુ છે.

(२९) ध्यान ८—નિદાન વિના ૩ આર્ત્તધ્યાન, ૪ ધર્મધ્યાન, અને પૃથક્ત્વવિતર્કસવિચાર નામે શુક્લધ્યાનનો પહેલો ભેદ એ ૮ ધ્યાન હોય.

(३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ६ (કેવલીસમુદ્ઘાત વિના)—સુગમ છે.

---

* દિશિમાં ૬ દિશિનો આહાર છે, અને ઓજસ્‌આહાર નથી. શેષ સર્વભેદ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३३) भाव ५-३४—મૂળભાવ પાંચે હોય, અને ઉત્તરભાવ ૩૪ છે, તેમાં ઉપશમના ૨ ભાવ, ક્ષયોપશમના ત્રણ અજ્ઞાન અને દેશવિરતિ વિના શેષ ૧૪ ભાવ, ક્ષાયિકભાવનુ સમ્યક્ત્વ, ઔદયિક ભાવના ૩ વિરૂદ્ધગતિ, મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, એ ૬ વિના શેષ ૧૫ ભાવ, તથા પારિણામિક ભાવમાં અભવ્યત્વ વિના શેષ ૨ ભાવ; એ સર્વ મળી ૩૪ ઉત્તરભાવ હોય.

(३४) अवगाहना—જન્મદેહની જઘન્ય અવગાહના ૨ હાથ, અને ઉત્કૃષ્ટ લગભગ ૫૦૦ ધનુષ્ય છે. તેમજ ઉત્તરદેહાવગાહના જઘન્ય અંગુલનો સંખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન, તથા સમુદ્ઘાતકૃત તૈજસકાર્મણની અવગાહના મરણસમુદ્ઘાત[૧] વખતે ૭ રજ્જુદીર્ઘ તે અનુત્તરમાં ઉત્પન્ન થતા મુનિ આશ્રયિ જાણવી.

(३५) स्थिति—જઘન્ય આયુષ્ય ૮ વર્ષ ૭ માસ, અને ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ હોય. કારણકે એથી કમી અથવા વધુ આયુષ્યવાળા જીવ ચારિત્ર ન પામે. તેમજ કાયસ્થિતિ જઘન્ય ૧ સમય પ્રમાણ છે તે સંયમપ્રાપ્તિ સમયથી અનંતર સમયે કાળ કરનાર જીવની અપેક્ષાએ છે અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આઠ વર્ષ ૭ માસ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ છે, કારણકે કમીમાં કમી ૭ માસ ગર્ભમાં રહીને જન્મેલો જીવ આઠ વર્ષની વયે ચારિત્ર પામી પૂર્વક્રોડ વર્ષ સુધી ચારિત્ર પાલન કરે ત્યારબાદ અવશ્ય કાળ કરે.

(३६) योनि—સંયમ મનુષ્યનેજ હોય માટે મનુષ્યની ૧૪ લાખ યોનિ તે સંયમની યોનિ ગણાય. તેમજ યોનિઓના સચિત્તાદિ પ્રતિભેદ કેવળજ્ઞાનવત્.

इति सामायिकचारित्रे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છેદોપસ્થાપનીય ચારિત્રમાં.

છેદોપસ્થાપનીય ચારિત્રમાં સર્વદ્વારાવતાર સામાયિક ચારિત્ર-વત્ જાણવો. પરન્તુ જીવભેદદ્વારમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે—

जीवभेद १-१०—પાંચ મહાવિદેહના મનુષ્યને છેદોપસ્થાપનીય ચારિત્ર હોય નહિ, કારણકે તેઓમાં લઘુદીક્ષા બાદ વડી દીક્ષા નથી પરન્તુ પ્રથમથીજ વડીદીક્ષા છે, માટે પૂર્વ પર્યાયના છેદના અભાવે તે પાંચ મનુષ્યભેદ બાદ કરતાં શેષ પાંચ ભરત અને પાંચ ઐરવતના મનુષ્યોને છેદોપસ્થાનીય ચારિત્ર છે.

इति छेदोपस्थापनीयचारित्रे ३६ द्वारप्राप्तिः समाप्ता.

પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં.

પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં નીચે દર્શાવેલ ૧૬ દ્વાર સિવાયનાં સર્વદ્વારો સામાયિક ચારિત્રવત્ જાણવાં.

(૪) **योग ३-९**—મૂળયોગ ત્રણ, અને ઉત્તરયોગમાં ૪ મનના, ૪ વચનના અને એક ઔદારિકકાયયોગ એ ૯ છે. કારણકે આ ચારિત્રધારીઓ ઉત્તરવૈક્રિયશરીરની રચના કરતા નથી, અને ૧૪ પૂર્વના અભાવે આહારકલબ્ધિ ન હોય.

(૫)**वेद २**—સ્ત્રીઓને પરિહારવિશુદ્ધિ ચારિત્ર ન હોય.

(૬) **कषाय ४-१२**—સ્ત્રીવેદ વિના શેષ ૧૨ કષાય સામાયિક ચારિત્રવત્ જાણવા.

(૧૩) **सम्यक्त्व २**—અનાદિમિથ્યાદૃષ્ટિને પ્રાપ્ત થનારૂં પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ તે અહિં સંભવે નહિ, બીજાં ચાર ઉપશમ સમ્યક્ત્વ ઉપશમશ્રેણિના પ્રારંભનારને હોય, અને અહિં ઉપશમ-શ્રેણિનો પ્રારંભ હોય નહિ માટે ઉપશમ સમ્યક્ત્વ ન હોય. શેષ ક્ષયોપશમ અને ક્ષાયિક એ બે હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१६) **गुणस्थान** ૨—છઠ્ઠું પ્રમત્તં અને સાતમું અપ્રમત્ત એ બે ગુણસ્થાન હોય.

(२५) **उदीरणा** ૮–૭૩—ઉદયવત્

(१७) **जीवभेद** १–२०—છેદોપસ્થાપનીય ચારિત્રવત.

(२४) **उदय** ૮–૭૩—સામાયિક ચારિત્રમાં જે એક્યાશી પ્રકૃતિઓનો ઉદય કહ્યો છે તેમાંથી આહારકદ્વિક, સ્ત્રીવેદ, અને ૫ અશુભ સંઘયણ એ આઠ બાદ કરતાં શેષ ૭૩ પ્રકૃતિઓનો ઉદય છે. કેટલાએક આચાર્યો અહિં સર્વે સંઘયણનો સદ્ભાવ માને છે તેઓના મતે ૭૮ નો ઉદય હોય.

(२७) **शरीर** ३—પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા મુનિને ચૌદ-પૂર્વના અભાવે આહારકલબ્ધિ વિના આહારકશરીર ન હોય, તેમજ ચારિત્રનો તથાવિધ કલ્પ (આચાર) હોવાથી ઉત્તરવૈક્રિય પણ રચે નહિ, માટે ઔદારિક, તૈજસ, અને કાર્મણ એ ૩ શરીર હોય.

(२८) **बंधहेतु** २–२१—સામાયિક ચારિત્રમાં કહેલા ૨૬ બંધહેતુમાંથી ઉત્તરદેહ સંબંધિ ચાર યોગ અને સ્ત્રીવેદ એ પાંચ બાદ કરવા.

(२९) **ध्यान** ७—સામાયિક ચારિત્રમાં કહેલા ૮ ધ્યાનમાંથી એક શુક્લધ્યાનના પ્રથમભેદ વિના સાત હોય. કારણકે શુક્લ-ધ્યાનનો પ્રથમ ભેદ આઠમા ગુણસ્થાનથી ૧૧ મા સુધી છે, અને આ ચારિત્ર તો છઠ્ઠે અને સાતમે ગુણસ્થાનેજ છે.

(३०) **संघयण** १ (६)—પરિહારવિશુદ્ધિયુક્ત મુનિને એક વજ્રર્ષભનારાચ હોય, મતાંતરે છએ હોય.

(३२) **समुद्घात** २—શ્રી વિચારસારમાં વેદના અને કષાય એ બે સમુદ્ઘાત કહ્યા છે.

(३३) **भाव** ५–३१—મૂળભાવ પાંચ છે, અને ઉત્તરભાવ ૩૧ છે, તે સામાયિક ચારિત્રના ૩૪ ભાવમાંથી સ્ત્રીવેદ અને બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપશમભાવ બાદ કરવાથી શેષ ૩૧ હોય.

(૩૪) **अवगाहना**—આ ચારિત્રમાં ઉત્તરદેહ તથા મરણ નહિ હોવાથી ઉત્તરદેહાવગાહના અને સમુદ્ઘાતકૃત અવગાહના નથી. અને જન્મદેહાવગાહના સામાયિક ચારિત્રવત્.

(૩૫) **स्थिति**—જઘન્ય આયુષ્ય જેનું ૮ વર્ષથી અધિક અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષનું હોય તે મનુષ્ય પરિહારવિશુદ્ધિ ચારિત્ર અંગીકાર કરી શકે, માટે ભવસ્થિતિ એ પ્રમાણે જાણવી, અને કાયસ્થિતિ જઘન્ય તથા ઉત્કૃષ્ટ ૧૮ માસ પ્રમાણ છે. કારણકે એ કલ્પ ૧૮ માસની મર્યાદાવાળો છે.

इति परिहारविशुद्धौ ३६ द्वारप्राप्तिः समाप्ता.

સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં.

(૧) **गति** ૧ (મનુષ્યગતિ), (૨) **इन्द्रिय** ૫, (૩) **काय** ૧ (ત્રસકાય), (૪) **योग** ૩–૯ (પરિહારવિશુદ્ધિવત્), (૫) **वेद**[1] ૦ (૩), (૬) **कषाय** ૧–૧ (સંજ્વલન લોભ), (૭) **ज्ञान** ૪ (કેવળ જ્ઞાન વિના), (૮) **अज्ञान** ૦, (૯) **संयम** ૧ (સૂક્ષ્મસંપરાય), (૧૦) **दर्शन** ૩, (૧૧) **लेश्या** ૧, (શુક્લલેશ્યા), (૧૨) **भव्य** ૧, (૧૩) **सम्यक्त्व** ૨ (ઉપશમ, ક્ષાયિક.) (૧૪) **संज्ञित्व** ૧, (૧૫) **आहारक** ૧ (આહારી), (૧૬) **गुणस्थान** ૧ (સૂક્ષ્મસંપરાય), (૧૭) **जीवभेद** ૧–૧૯ (સામાયિકવત્), (૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, —સુગમ છે.

(૨૦) **संज्ञा** ૨–૨—આહાર અને પરિગ્રહસંજ્ઞા, તથા દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા છે. (અવેદી હોવાથી મૈથુનસંજ્ઞા અને ભય મોહનીય ઉપશાન્ત થવાથી ભયસંજ્ઞા ન હોય.)

---

૧. ભાવવેદ એક પણ ન હોય, કારણકે ૯મે ગુણસ્થાને તેનો ઉપશમ અથવા ક્ષય થયેલો છે. તેમજ દ્રવ્યવેદ ત્રણે હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) **उपयोग** ૭, (૨૨) **दृष्टि** १—સુગમ છે.

(૨૩) **बंध** ૬–૧૭—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય ગોત્ર, અને અન્તરાય એ ૬ મૂળકર્મનો બંધ હોય, તેમજ ઉત્તરભેદમાં જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, વેદનીય ૧ (શાતા), નામકર્મની ૧ (યશઃ), ગોત્રની ૧ (ઉચ્ચગોત્ર), અને અન્તરાય ૫, એ ૧૭ પ્રકૃતિઓ બંધાય.

(૨૪) **उदय** ૮–૬૦—મૂળ આઠે કર્મનો ઉદય છે, અને ઉત્તરભેદમાં ૫ જ્ઞાનાવરણ, ૪ દર્શનાવરણ, ૨ નિદ્રાદ્વિક, ૨ વેદનીય, ૧ સંજ્વલન લોભ, ૧ મનુષ્યાયુષ્ય, ૧ મનુષ્યગતિ, ૧ પંચેન્દ્રિયજાતિ, ૨ ઔદારિકદ્વિક, ૩ સંઘયણ પ્રથમનાં, ૬ સંસ્થાન, વર્ણાદિ ૪, ૨ ખગતિ, ૧ તૈજસ, ૧ કાર્મણ, ૧ અગુરૂલઘુ, ૧ ઉપઘાત, ૧ પરાઘાત, ૧૦ ત્રસ, ૧ અસ્થિર, ૧ અશુભ, ૧ નિર્માણ, ૧ ઉચ્છ્વાસ, ૧ સ્થિર, ૧ ઉચ્ચ ગોત્ર અને ૫ અન્તરાય એ ૬૦ પ્રકૃતિઓનો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૬–૫૭—મૂળકર્મ ૮ ના ઉદયમાંથી વેદનીય અને આયુષ્યની ઉદીરણા (અપ્રમત્તથી ન હોય માટે) બાદ કરતાં ૬ મૂળકર્મની ઉદીરણા, અને ૧ આયુષ્ય તથા ૨ વેદનીય એ ૩ પ્રકૃતિ ૬૦ ના ઉદયમાંથી બાદ કરતાં ૫૭ ઉત્તરકર્મની ઉદીરણા હોય.

(૨૬) **सत्ता**[1] ૮–૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ३—ઔદારિક, તૈજસ, અને કાર્મણ એ ત્રણ શરીર હોય. અહિં શ્રેણિમાં ધ્યાનારૂઢ હોવાથી ઉત્તરદેહ રચે નહિ, તેમજ રચેલી ઉત્તરદેહ કાયમ રાખીને શ્રેણિ પણ પ્રારંભે નહિ.

---

૧. શ્રેણિગતને મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય એ બેની સત્તા હોવાથી વાસ્તવિકરીતે ૧૪૬ ની સત્તા ગણાય, પરન્તુ અબદ્ધાયુશ્રેણિગત જીવને શ્રેણિથી પતિત થયાબાદ ચારે આયુષ્ય બાંધવાની યોગ્યતા હોવાથી સંભવ સત્તાની અપેક્ષાએ ૧૪૮ ની સત્તા ગણી છે. આગળ પણ ઉપશમશ્રેણિને યોગ્ય જે જે દ્વારો કહેવાશે તેમાં પણ સંભવ સત્તાની અપેક્ષાએજ શાસ્ત્રની પદ્ધતિ મુજબ ૧૪૮ ની સત્તા ગણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૮) बंधहेतु २-१०—કષાય અને યોગ એ બે મૂળબંધ-હેતુ છે, અને સંજવલન લોભ તથા કહેલા ૯ યોગ એ ૧૦ ઉત્તરબંધહેતુ છે.

(२९) ध्यान १—શ્રેણિગત હોવાથી શુકલધ્યાનનો પ્રથમ ભેદ છે.

(३०) संघयण ३—અન્તમાં ૩ સંઘયણવાળા ઉપશમશ્રેણિ પ્રારંભે નહિ. માટે તે સિવાય પ્રથમનાં ૩ સંઘયણ ઉપશમકને હોય. અને ક્ષપકને પ્હેલું સંઘયણ હોય.

(३१) संस्थान ६, (३२) समुद्घात ०—ધ્યાનારૂઢ હોવાથી વેદનાદિ કોઇ સમુદ્ઘાત ન હોય, શ્રેણિમાં મરણ હોય પરન્તુ મરણસમુદ્ઘાત હોય નહિ.

(३३) भाव ५-२२—મૂળભાવ પાંચ અને ઉત્તરભાવમાં ૨ ઉપશમભાવ; ૧ ક્ષાયિકસમ્યક્ત્વ; તથા ત્રણ અજ્ઞાન, ક્ષયોપશમ-સમ્યક્ત્વ, અ૰ દેશવિરતિ એ પાંચ વિના શેષ ૧૩ ક્ષયોપશમ-ભાવ. લોભ, મનુષ્યગતિ, અસિદ્ધત્વ, અને શુકલલેશ્યા એ ૪ ઔદયિકભાવ અને બે પારિણામિકભાવ. એ સર્વ મળી ૨૨ ઉત્તરભાવ હોય.

(३४) अवगाहना—પરિહારવિશુદ્ધિ ચારિત્રવત્.

(३५) स्थिति—કાયસ્થિતિ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત. શેષ સ્વરૂપ સામાયિકચારિત્રવવત્.

(३६) योनि—સામાયિકચારિત્રવત્.

इतिश्री सुक्ष्मसंपराय चारित्रे ३६ द्वारप्राप्तिः समाप्ता.

યથાખ્યાત ચારિત્રમાં.

(१) गति १, (२) इन्द्रिय ५, (३) काय १, (४) योग ३-९ (५) वेद ० (३),—સૂક્ષ્મસંપરાયવત્.

(६) कषाय ०—યથાખ્યાત ચારિત્ર અકષાયિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) **ज्ञान ५**—ઉપશમ યથાખ્યાતમાં (૧૧મે ગુણસ્થાને) તથા ક્ષીણમોહરૂપ ક્ષાયિક યથાખ્યાતમાં મતિઆદિ ચાર જ્ઞાન હોય, અને કેવળી ભગવાનના સયોગી તથા અયોગી ગુણસ્થાનરૂપ ક્ષાયિક યથાખ્યાતમાં કેવળજ્ઞાન હોય. માટે યથાખ્યાત ચારિત્રમાં પાંચે જ્ઞાન હોય.

(૮) **अज्ञान** ૦, (૯) **संयम** ૧ (યથાખ્યાત), (૧૦) **दर्शन** ૪, (૧૧) **लेश्या** ૧ (શુક્લ), (૧૨) **भव्यत्व** ૧, (૧૩) **सम्यक्त्व** ૨ (ઉપશમ, ક્ષાયિક), (૧૪) **संज्ञित्व** ૧, (૧૫) **आहारक** (કેવલીસમુદ્ઘાતમાં અનાહારીપણું છે માટે.), (૧૬) **गुणस्थान** ૪ (૧૧-૧૨-૧૩-૧૪), (૧૭) **जीवभेद** ૧-૧૫, (૧૮) **पर्याप्ति** ૬, (૧૯) **प्राण** ૧૦, (૨૦) **संज्ञा** ૧-૨ (આહાર તથા દીર્ઘકાલિકી, દૃષ્ટિવાદોપદેશિકી.), (૨૧) **उपयोग** ૯, (૨૨) **दृष्टि** ૧—એ દ્વારો સુગમ હોવાથી યથાયોગ્ય સ્વયં વિચારવાં.

(૨૩) **बंध** ૧-૧—મૂળકર્મમાં એક વેદનીયનો બંધ, અને ઉત્તરભેદમાં એક શાતાવેદનીયનો બંધ હોય.

(૨૪) **उदय** ૭-૬૦—સૂક્ષ્મસંપરાયમાં જે ૬૦ પ્રકૃતિઓ દર્શાવી છે, તેમાંથી સંજ્વલન લોભ બાદ કરી જીનનામ મેળવતાં ૬૦ નો ઉદય જાણવો. અને મૂળકર્મમાં મોહનીય સિવાય ૭ મૂળકર્મનો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૫-૫૭—ઉદયગત સાત કર્મમાંથી આયુષ્ય અને વેદનીય બાદ કરતાં શેષ પાંચ મૂળકર્મની ઉદીરણા છે, અને ઉત્તરપ્રકૃતિ ૬૦ માંથી ૧ આયુષ્ય અને ૨ વેદનીય બાદ કરતાં ૫૭ ની ઉદીરણા હોય.

(૨૬) **सत्ता** ૮-૧૪૮—સુગમ છે. (૨૭) **शरीर** ૩—સૂક્ષ્મસંપરાયવત્.

(૨૮) **बंधहेतु** ૧-૧૧—મૂળમાં એક યોગ બંધહેતુ છે, અને ઉત્તરહેતુમાં આહારકદ્વિક તથા વૈક્રિયદ્વિક એ ચાર વિના શેષ ૧૧ યોગ બંધહેતુ છે. અહિં કેવલીસમુદ્ઘાત વખતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઔદારિકમિશ્ર અને કાર્મણ એ બે યોગ (સૂક્ષ્મસંપરાયના ૯ યોગથી) અધિક છે.

(૨૯) **ध्यान ४**—શુક્લધ્યાનના ચારે ભેદ હોય. કારણકે ૧૧મે ગુણસ્થાને પ્હેલો ભેદ, બારમે બીજો ભેદ, તેરમે સૂક્ષ્મ-યોગ વખતે ત્રીજો ભેદ, અને ચૌદમે ચોથો ભેદ હોય છે.

(૩૦) **संघयण ३**—ઉપશમશ્રેણિ પ્રથમનાં ત્રણ સંઘયણવાળા જીવ માંડી શકે છે, માટે ઉપશમ યથાખ્યાતને અંગે ત્રણ સંઘયણ છે.

(૩૧) **संस्थान ६**—સુગમ છે.

(૩૨) **समुद्घात २** (१)--અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવોને ધ્યાનારૂઢપણું હોવાથી સમુદ્ઘાત ન હોય એમ કેટલાએક આચાર્યોનો અભિપ્રાય છે. પરન્તુ શ્રી વિચારસારમાં **सेसेसु मरणमिक्कं** એ સૂત્રથી એક મરણસમુદ્ઘાત કહી છે, માટે ઉપશમ યથાખ્યાત ચારિત્રીને મરણસમુદ્ઘાત અને ક્ષાયિક યથાખ્યાત ચારિત્રમાં એક કેવલીસમુદ્ઘાત હોય.

(૩૩) **भाव** ૯-૨૮—મૂળભાવ પાંચ હોય, અને ઉત્તરભાવમાં ૨ ઉપશમભાવ, ૯ ક્ષાયિકભાવ, ૧૨ ક્ષયોપશમભાવ (૩ અજ્ઞાન, ૧ સમ્યક્ત્વ, અને ૨ વિરતિ એ છ વિના), ૩ ઔદયિકભાવ (અસિદ્ધત્વ, મનુષ્ય, શુકલલેશ્યા), અને ૨ પારિણામિકભાવ (ભવ્યત્વ, જીવત્વ), એ પ્રમાણે ઉત્તરભેદે ૨૮ ભાવ હોય.

(૩૪) **अवगाहना**, (૩૫) **स्थिति**, (૩૬) **योनि**—સૂક્ષ્મ-સંપરાયવત્. પરન્તુ સમુદ્ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકાકાશ અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ[1] ૮ વર્ષ ૭ માસ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ.

इतिश्री यथाख्यात चारित्रे ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૧. સિદ્ધપણામાં યથાખ્યાત ચારિત્ર પણ ન હોય, કારણકે સિદ્ધને **नो चारित्री नो अचारित्री** કહ્યા છે, માટે યથાખ્યાતની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એજ છે. અન્યથા સાદિ અનન્ત કાયસ્થિતિ કહેવાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશવિરતિ ચારિત્રમાં.

(१) गति २—ગર્ભજમનુષ્ય અને ગર્ભજતિર્યંચને દેશવિરતિ ચારિત્ર હોય છે.

(२) इन्द्रिय ५, (३) काय १ (ત્રસકાય.)—સુગમ છે.

(४) योग ३-११—આહારકદ્વિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ વિના ૧૧ યોગ હોય.

(५) वेद ३—ત્રણે ભાવવેદ અને ત્રણે દ્રવ્યવેદ હોય છે.

(६) कषाय ४-१७—મૂળકષાય ચાર છે, અને ઉત્તરભેદમાં ૪ પ્રત્યાખ્યાની, ૪ સંજ્વલન અને ૯ નોકષાય એમ ૧૭ કષાય છે.

(७) ज्ञान ३—મતિ, શ્રુત, અને અવધિ એ ૩ જ્ઞાન છે.

(८) अज्ञान ०, (९) संयम १ (દેશવિરતિ), (१०) दर्शन ३, (११) लेश्या ६, (१२) भव्य १, (१३) सम्यक्त्व ३, (१४) संज्ञित्व १, (१५) आहारक १, (१६) गुणस्थान १ (પાંચમું),—સુગમ છે.

(१७) जीवभेद १-२०—ચૌદ ભેદમાંનો એક સંજ્ઞિપર્યાપ્ત હોય, અને પાંચસોત્રેસઠમાંના ૫ ગર્ભજતિર્યંચપર્યાપ્ત, અને ૧૫ કર્મભૂમિના મનુષ્ય પર્યાપ્ત એ ૨૦ ભેદ હોય.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-२ (હેતૂપદેશિકી વિના,) (२१) उपयोग ६, (२२) दृष्टि १, (२३) बंध ८-६७, (२४) उदय ८-८७, (२५) उदीरणा ८-८७, (२६) सत्ता ८-१४८ —સુગમ છે.

(२७) शरीर ४—આહારક વિના ૪ શરીર હોય.

(२८) बंधहेतु ३-३९—મૂળબંધહેતુ મિથ્યાત્વ વિના ૩ હોય. અને ઉત્તર ૧૧ અવિરતિ (ત્રસની અવિરતિ વિના,) ૧૭ કષાય, ૧૧ યોગ (આહારક, આહારકમિશ્ર, ઔદારિકમિશ્ર, અને કાર્મણ વિના), એ ૩૯ બંધહેતુ હોય.

(२९) ध्यान ८—ચાર આર્ત્ત અને ચાર રૌદ્ર એ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાનની મુખ્યતા છે, અને ધર્મધ્યાન મધ્યમ હોય છે.

(૩૦) **संघयण ६**, (३१) **संस्थान ६**, (३२) **समुद्घात ५** (આહારક અને કેવળ વિના)—સુગમ છે.

(३३) **भाव ५-३४**—૧ ઉપશમભાવ (સમ્યક્ત્વ), ૧ ક્ષાયિકભાવ (સમ્યક્ત્વ), ૧૩ ક્ષયોપશમભાવ (૩ અજ્ઞાન, મનઃપર્યવ, સર્વવિરતિ વિના), ૧૭ ઔદયિકભાવ (અજ્ઞાન, મિથ્યાત્વ, દેવ ગતિ, નરક ગતિ વિના), અને ૨ પારિણામિકભાવ (અભવ્યત્વ વિના); એ ૩૪ ઉત્તરભાવ હોય. અને મૂળભાવ પાંચે હોય.

(३४) **अवगाहना**, (३५) **स्थिति**, (३६) **योनि**—સામાયિક ચારિત્રવત્. પરન્તુ યોનિદ્વારમાં તિર્યંચપંચેન્દ્રિયની ચાર લાખ યોનિ અધિક હોવાથી ૧૮ લાખ યોનિ થાય. અને અવગાહના મરણસમુદ્ઘાતકૃત અવગાહના અચ્યુત સ્વર્ગ પર્યન્ત ૫ રજ્જુ પ્રમાણ દીર્ઘ હોય. કારણકે દેશવિરતિ જીવ વધુમાં વધુ અચ્યુત સ્વર્ગ સુધી ઉત્પન્ન થાય. અને જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત છે.

इतिश्री देशविरति चारित्रे ३६ द्वारप्राप्तिः समाप्ता.

અવિરતિચારિત્રમાં.

(१) **गति ४**, (२) **इन्द्रिय १-२-३-४-५**, (३) **काय ६**—સુગમ છે.

(४) **योग ३-१३**—આહારકદ્વિક વિના સર્વ યોગ હોય. કારણકે આહારકયોગ તો સર્વવિરતિવંત મુનિને હોય.

(५) **वेद ३**, (६) **कषाय ४-२५**—સુગમ છે.

(७) **ज्ञान ३**—મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હોય, અને શેષ બે ચારિત્રના અભાવે ન હોય.

(८) **अज्ञान ३**, (९) **संयम १** (અવિરતિ), (१०) **दर्शन ३**, (११) **लेश्या ६**, (१२) **भव्यत्व २**, (१३) **सम्यक्त्व ६**, (१४) **संज्ञित्व २**, (१५) **आहारक २** (સર્વ ભેદપૂર્વક)—સુગમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१६) गुणस्थाथ ४—પ્રથમના ચારે ગુણસ્થાનવાળા જીવો ચારિત્ર રહિત હોવાથી અવિરતિવંત છે.

(१७) जीवभेद १४-५६३, (१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-२ (२१) उपयोग ६, (२२) दृष्टि ३, (२३) बंध ८-११८ (આહારક ૨ વિના), (२४) उदय ८-११९ (જીનનામ અને આહારકદ્વિક વિના), (२५) उदीरणा ८-११९ (ઉદયવત્). (२६) सत्ता ८-१४८, (२७) शरीर ४ (આહારક વિના), —સુગમ છે.

(२८) बंधहेतु ४-५५—મૂળબંધહેતુ ચાર, અને ઉત્તરબંધહેતુ આહારકના બે યોગ સિવાય શેષ પંચાવન છે.

(२९) ध्यान ८ (અશુભ), (३०) संघयण ६, (३१) संस्थान ६,—સુગમ છે.

(३२) समुद्घात ५—આહારક અને કેવલીસમુદ્ઘાત વિના પાંચ સમુદ્ઘાત છે.

(३३) भाव ५-४१—મૂળભાવ પાંચ હોય, અને ઉત્તરભેદમાં ૧ ઉપશમ ભાવનું સમ્યક્ત્વ, ૧ ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ક્ષયોપશમ ભાવમાં બે વિરતિ અને મનઃપર્યવજ્ઞાન વિના શેષ ૧૫ ભાવ, ઉદયના ૨૧ ભાવ, અને પારિણામિક ત્રણે ભાવ મળી કુલ ૪૧ ભાવ છે.

(३४) अवगाहना—સૂક્ષ્મનિગોદઆશ્રયિ અંગુલનો અસંખ્યાતમોભાગ જન્મદેહની જઘન્ય અવગાહના, અને બાદર પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવગાહના કંઈક અધિક ૧૦૦૦ યોજન પ્રમાણુ છે. એ મૂળ દેહાવગાહના કહી અને ઉત્તરદેહાઅવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમોભાગ વાયુઆશ્રયિ છે, અને ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન તે મનુષ્યઆશ્રયિ છે. તથા સમુદ્ઘાતકૃત તૈજસ અવગાહના એકેન્દ્રિયાદિવત્ ૧૪ રજ્જુ દીર્ઘ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३५) **स्थिति**—ભવસ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત (૨૫૬ આવલિકા), અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એકેન્દ્રિયવત્ અનાદિઅનંત વિગેરે ત્રણ પ્રકારે છે.

(३६) **योनि**—યોનિ ૮૪ લાખ છે, તેમજ અચિત્તાદિ સર્વ ઉત્તરભેદો હોય છે. કારણકે અવિરતિ ચારિત્રમાં જીવના દરેક ભેદ અન્તર્ગત થાય છે.

इति ७ चारित्रेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

४ दर्शनमां ३६ द्वारनी प्राप्ति.

અચક્ષુદર્શનમાં.[1]

(१) **गति** ४, (२) **इन्द्रिय** १–२–३–४–५, (३) **काय** ६, (४) **योग** १५, (५) **वेद** ३, (६) **कषाय** ४–२५,—સુગમ છે.

(७) **ज्ञान** ४—કેવળજ્ઞાનીને સ્પર્શેન્દ્રિયાદિ દ્વારા ઉપયોગ પ્રવર્ત્તે નહિ પરન્તુ આત્મસાક્ષાત્ ઉપયોગ પ્રવર્ત્તે છે માટે અચક્ષુદર્શનમાં કેવળજ્ઞાન ન હોય.

(८) **अज्ञान** ३, (९) **संयम** ७, (१०) **दर्शन** ३, (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञि** २, (१५) **आहारक** २, (१६) **गुणस्थान** १२, (१७) **जीवभेद** १४–५६३, (१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–३, (२१) **उपयोग** १०, (२२) **दृष्टि** ३, (२३) **बंध** ८–१२०, (२४) **उदय** ८-१२९ (જીનનામ વિના), (२५) **उदीरणा** ८–१२१, (२६) **सत्ता** ८–१४८, (२७) **शरीर** ५, (२८) **बंधहेतु** ४–५७, (२९) **ध्यान** १४ (સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ અને સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ વિના),

---

૧. અચક્ષુદર્શન સર્વ છદ્મસ્થ જીવોને હોય છે, માટે સર્વદ્વારો છદ્મસ્થ જીવને અનુસારે યથાયોગ્ય વિચારવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૦) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६ (કેવલી-સમુદ્ઘાત વિના),—એ સર્વ દ્વારો સમજવામાં સુગમ છે.

(૩૩) **भाव** ५-४६—કેવળદ્વિક અને ૫ ક્ષાયિકલબ્ધિ એ ૭ કેવળજ્ઞાનીનેજ હોય માટે તે વિના શેષ ૪૬ ભાવ હોય.

(૩૪) **अवगाहना**, (૩૫) **स्थिति**, (૩૬) **योनि**—એ ત્રણે અવિરતિ ચારિત્રવત્.

इति अचक्षुदर्शने ३६ द्वारप्राप्तिः समाप्ता.

ચક્ષુદર્શનમાં.

(૧) **गति** ४—ચારે ગતિવાળા જીવોને ચક્ષુ હોય છે.

(૨) **इन्द्रिय** ४-५—ચક્ષુઇન્દ્રિય ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને હોય પરન્તુ એકેન્દ્રિયાદિને ન હોય.

(૩) **काय** १—ચક્ષુઇન્દ્રિયવાળા ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રસનિકાયી છે.

(૪) **योग** ३-१३—મૂળયોગ ત્રણ અને ઉત્તરયોગ ૧૩ હોય છે. કારણકે ચક્ષુદર્શન કરણપર્યાપ્ત છદ્મસ્થ જીવને હોય, તેમજ તેને ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ હોય નહિ.

(૫) **वेद** ३, (६) **कषाय** ४-२५, (७) **ज्ञान** ४ (કેવલ વિના), (८) **अज्ञान** ३, (९) **संयम** ७, (१०) **दर्शन** ३ (કેવલ વિના), (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञित्व** २—એ દ્વારો સમજવામાં સુગમ છે.

(૧૫) **आहारक** १—ચક્ષુદર્શનમાં કેવળ આહારીપણુંજ હોય પણ નિરાહારીપણું હોય નહિ, કારણકે નિરાહારીપણું તો વક્રગતિએ પરભવમાં જતાં માર્ગમાં, કેવળીને સમુદ્ઘાત સમયે તથા અયોગીપણામાં હોય, એ ત્રણમાં તે વખતે ચક્ષુદર્શન હોય નહિ. વળી કરણપર્યાપ્તાવસ્થામાં ઓજઆહાર ન હોય. દિશિઆહાર ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિશિનોજ હોય. કારણુકે ચક્ષુદર્શની જીવ ત્રસનિકાયી છે. આભોગાદિ અને સચિત્તાદિ સર્વે પ્રકારના આહાર હોય છે.

(१६) गुणस्थान १२—છદ્મસ્થને બાર ગુણુસ્થાન છે માટે.

(१७) जीवभेद ३-२१८—ચૌદ ભેદમાંના પર્યાપ્તચતુરિન્દ્રિય, પર્યાપ્તઅસંજ્ઞિ, અને પર્યાપ્તસંજ્ઞિ એ ત્રણુ ભેદ હોય. તથા પાંચસોત્રેસઠમાંના ૯૯ પર્યાપ્તદેવ, ૧૦૧ પર્યાપ્તગર્ભજ મનુષ્ય, ૫ સમુર્ચ્છિમતિર્યંચપર્યાપ્ત, ૫ ગર્ભજતિર્યંચપર્યાપ્ત, પર્યાપ્તચતુરિન્દ્રિય, અને ૭ પર્યાપ્તનારક એ ૨૧૮ જીવભેદ હોય.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-३, (२१) उपयोग १०, (२२) दृष्टि ३,—સુગમ છે.

(२३) बंध ८-१२०—કરણુપર્યાપ્ત છદ્મસ્થને સર્વ પ્રકૃતિઓ બંધાય.

(२४) उदय ८-१०९—એકેન્દ્રિયાદિ ૩ જાતિ, સ્થાવરાદિ ૪, જીનનામ, આતપ, આનુપૂર્વી ૪, એ ૧૩ વિના ૧૦૪ ઉત્તર-પ્રકૃતિઓ ઉદયમાં આવે, અને મૂળ આઠેકર્મ ઉદયમાં આવે.

(२५) उदीरणा ८-१०९—ઉદયવત્.

(२६) सत्ता ८-१४८—સુગમ છે.

(२७) शरीर ५, (२८) बंधहेतु ४-५५ (ઐાદારિકમિશ્ર અને કાર્મણુ વિના)—સુગમ છે.

(२९) ध्यान १४—અચક્ષુદર્શનવત્.

(३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ६, (३३) भाव ५-४६—અચક્ષુદર્શનવત્.

(३४) अवगाहना—અચક્ષુદર્શનવત્. પરન્તુ જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન, અને સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુ પ્રમાણુ છે. કારણુકે સૌધર્મ અથવા ઇશાન સ્વર્ગનો દેવ અધોલોકને અન્તે પૃથ્વીઆદિ પણે ઉત્પન્ન થાય તો મરણુ-સમુદ્ઘાત વખતે, અથવા અચ્યુત સ્વર્ગનો દેવ મિત્ર નારકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળવા માટે ચોથી નરકે જાય તો વૈક્રિયસમુદ્‌ઘાત વખતે પણ ૮ રજ્જુ દેવનો આત્મા દીર્ઘ થાય છે.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત (૨૫૬ આવલિકા), અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ. તથા જઘન્ય-કાયસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાધિક ૧૦૦૦ સાગરોપમ છે. કારણકે ચતુરિન્દ્રિયની સંખ્યાતમાસ કાયસ્થિતિ સહિત પંચેન્દ્રિયની કાયસ્થિતિ ગણીયે તો પણ સાધિક હજાર સાગરોપમજ કાયસ્થિતિ થાય.

(૩૬) **योनि**—ચતુરિન્દ્રિયની ૨ લાખ, દેવની ૪ લાખ, નારકની ૪ લાખ, તિર્યંચપંચેન્દ્રિયની ૪ લાખ, અને મનુષ્યની ૧૪ લાખ સહિત ૨૮ લાખ યોનિ ચક્ષુદર્શનમાં ગણાય. વળી સચિત્તાદિ સર્વ ભેદની યોનિઓ ચક્ષુદર્શનમાં ગણાય છે.

इति चक्षुदर्शने ३६ द्वारप्राप्तिः समाप्ता.

અવધિદર્શનમાં.

गति વિગેરે સર્વેદ્વારો અવધિજ્ઞાનને અનુસારે ઉતારવાં પરન્તુ **जीवभेद** ૨૯૨ કહેવા. કારણકે સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક અવધિજ્ઞાનમાં ન ગણાય પરન્તુ અવધિદર્શનમાં ગણાય.

કેવળદર્શનમાં.

गति વિગેરે સર્વેદ્વારો કેવળજ્ઞાનને અનુસારે ઉતારવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

६ लेश्यामां ३६ द्वारनी प्राप्ति.

કૃષ્ણલેશ્યામાં.

(१) गति ४, (२) इन्द्रिय १-२-३-४-५, (३) काय ६, (४) योग १५, (५) वेद ३, (३) कषाय ४-२५, (७) ज्ञान ४ (કેવળ૦ વિના), (८) अज्ञान ३, (९) संयम ५ (સૂક્ષ્મ સં૦ અને યથા૦ વિના), (१०) दर्शन ३ (કેવળ વિના), (११) लेश्या १ (કૃષ્ણ), (१२) भव्य २, (१३) सम्यक्त्व ६, (१४) संज्ञित्व २, (१५) आहारी २,—સુગમ છે.

(१६) गुणस्थान ६—કૃષ્ણલેશ્યામાં પ્રથમનાં ૬ ગુણસ્થાન હોય, સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરવાને અવસરે જો કે એ કૃષ્ણાદિ અશુભ-લેશ્યા ન હોય, પરન્તુ સમ્યક્ત્વાદિ પામ્યા બાદ (પ્રતિપન્નભાવે) હોઈ શકે, એ મન્દ અશુભલેશ્યાથી સમ્યક્ત્વાદિનો વિનાશ ન થાય પણ દૂષણ તો અવશ્ય લાગે.

(१७) जीवभेद १४-४५९—જ્યોતિષીથી અનુત્તર સુધીના ૯૬ દેવભેદ, રત્નપ્રભાદિ ચાર પૃથ્વીના ૮ નારકભેદ, એ ૧૦૪ સિવાયના ૪૫૯ જીવભેદમાં કૃષ્ણલેશ્યા હોય.

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४-३, (२१) उपयोग १० (કેવલ૦ ૨ વિના) (२२) दृष्टि ३, (२३) बंध ८-११८[1] (२४) उदय ८-१२१ (જીનનામ વિના), (२५) उदीरणा ८-१२१, (२६) सत्ता ८-१४८, (२७) शरीर ५, (२८) बंधहेतु ४-५७, (२९) ध्यान ८ (અશુભ), (३०) संघयण ६, (३१) संस्थान ६, (३२) समुद्घात ६ (કેવ૦ વિના),—સુગમ છે.

(३३) भाव ५-३९—મૂળભાવ પાંચે હોય, અને ઉત્તરભાવ

૧. આહારકદ્વિક અપ્રમત્તમુનિ બાંધે તેમને અશુભ લેશ્યા ન હોય માટે આહારકદ્વિક વિના શેષ ૧૧૮ નો બંધ જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપશમ ચારિત્ર, ૮ ક્ષાયિકભાવ (ક્ષા૦ સમ્ય૦ વિના), અને ૫ વિરૂદ્ધલેશ્યા. એ ૧૪ ભાવ વિના શેષ ૩૯ ભાવ હોય.

(३४) **अवगाहना**—અચક્ષુદર્શનવત્.

(३५) **स्थिति**—ભવસ્થિતિ જઘન્ય ૨૫૬ આવલિકા અને ઉત્કૃષ્ટ સાતમી પૃથ્વીના નારકની અપેક્ષાએ ૩૩ સાગરોપમ. તથા જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બે અન્તર્મુહૂર્ત્ત અધિક ૩૩ સાગરોપમ છે. કારણકે સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થનારને મનુષ્યભવમાં અન્તર્મુહૂર્ત્ત સુધી મરણ વખતે કૃષ્ણલેશ્યા હોય, તેજ કૃષ્ણલેશ્યા સહિત સાતમી પૃથ્વીમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળો નારક થઇ મરણ પામી તિર્યંચમાં ઉત્પન્ન થાય, ત્યાં પણ ઉત્પત્તિ વખતે અન્તર્મુહૂર્ત્ત સુધી કૃષ્ણલેશ્યા સાથેજ આવે, ત્યારબાદ અવશ્ય કૃષ્ણલેશ્યા પલટાઇ અન્ય લેશ્યા થાય.

(३६) **योनि**—કૃષ્ણલેશ્યામાં યોનિના સર્વે ભેદ હોય.

નીલલેશ્યામાં.

નીલલેશ્યામાં તેત્રીશ દ્વારો કૃષ્ણલેશ્યાવત્ જાણવાં, અને બાકીનાં નીચે પ્રમાણે.

(११) **लेश्या १**—નીલલેશ્યામાં એક નીલલેશ્યાજ હોય.

(१७) **जीवभेद १४-४२९**—કૃષ્ણલેશ્યામાં જે પ્હેલી ચાર પૃથ્વીના ૮ નારક વર્જવા કહ્યા છે તેને બદલે અહિં પ્હેલી બીજી છઠ્ઠી અને સાતમી પૃથ્વીના ૮ નારક અને ૩૦ પરમાધામી* વર્જવા. શેષ સર્વ કૃષ્ણલેશ્યાવત્. અને વિચારસાર

---

* **कृष्णादि लेश्यात्रये देवभेदास्तिर्यग्जृंभक पर्यन्ता द्व्यधिकशतं** એ વિચારસાર ગ્રંથની ટીકામાં ૩૦ પરમાધામીને પણ પ્હેલી ત્રણ લેસ્યાઓ કહી છે, અને ઘણાખરા ગ્રંથોમાં પરમાધામીને કેવળ કૃષ્ણલેસ્યા કહી છે. માટે નિર્ણય શ્રી બહુશ્રુત ગમ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથમાં પરમાધામીને પણ નીલ (અને કાપોત) લેશ્યા હોય છે. એમ કહ્યું છે.

(૧૯) **સ્થિતિ**—કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમ, પલ્યોપમનો અસંખ્યાતમોભાગ અને બે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ તે પાંચમી ધૂમપ્રભાના નારકની અપેક્ષાએ જાણવી, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ઉત્કૃષ્ટ કાયસ્થિતિથી બે અન્તર્મુહૂર્ત્ત ન્યૂન તેજ નારકના આયુષ્યની અપેક્ષાએ છે. શેષ સર્વ વિગત કૃષ્ણલેશ્યાને અનુસારે જાણવી.

કાપોતલેશ્યામાં.

કાપોતલેશ્યામાં તેત્રીશ દ્વારો કૃષ્ણલેશ્યાવત્ છે, પરન્તુ જે ત્રણ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

(૧૧) **લેશ્યા ૧**—કાપોતલેશ્યામાં એક કાપોતલેશ્યા હોય.

(૧૭) **જીવભેદ ૧૪-૪૨૯**—નારકજીવોને સ્થાને ચોથી પાંચમી છઠ્ઠી અને સાતમી નારકીના નારક વર્જવા, શેષ સર્વ નીલલેશ્યાવત્.

(૩૯) **સ્થિતિ**—ત્રીજી નરકના નારકની અપેક્ષાએ ૩ સાગરોપમ, પલ્યોપમનો અસંખ્યાતમોભાગ અને બે અન્તર્મુહૂર્ત્ત જેટલી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ જાણવી. અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ઉત્કૃષ્ટ કાયસ્થિતિથી બે અન્તર્મુહૂર્ત્ત ન્યૂન જાણવી. શેષ સર્વ વિગત કૃષ્ણલેશ્યાને અનુસારે વીચારવી.

તેજોલેશ્યામાં.

(૧) **ગતિ ૩**—નરકગતિમાં તેજો લેશ્યા ન હોય માટે.

(૨) **ઇન્દ્રિય ૧-૫**—એકેન્દ્રિયમાં લબ્ધિપર્યાપ્ત પૃથ્વી, જળ અને પ્રત્યેક વનસ્પતિને અપર્યાપ્ત અવસ્થામાં તેજોલેશ્યા હોય, જેનું કારણ ઇન્દ્રિય દ્વારાવતાર પ્રસંગે દર્શાવ્યું છે. અને પંચેન્દ્રિયમાં તેજોલેશ્યા હોય, શેષમાં ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) **काय** ૪—અગ્નિ અને વાયુને તેજોલેશ્યા ન હોય માટે.

(૪) **योग** १५, (५) **वेद** ३, (६) **कषाय** ४–२५, (७) **ज्ञान** ४ (કેવલ વિના), (८) **अज्ञान** ३, (९) **संयम** ५, (१०) **दर्शन** ३, (११) **लेश्या** १ (તેજો), (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञित्व** २, (१५) **आहारी** २ (દિશિઆહાર ૬ દિશિનો), (१६) **गुणस्थान** ७ (પ્રથમનાં),—સુગમ છે.

(१७) **जीवभेद** ३–३१३—ચૌદ ભેદમાંથી અપર્યાપ્ત એકેન્દ્રિય, અપર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય અનેપર્યાપ્તસંજ્ઞિ પંચેન્દ્રિય એ ત્રણ ભેદ હોય, અને પાંચસોત્રેસઠ ભેદમાંથી ૧૦ ભુવનપતિ, ૧૬ જંભક, ૧૦ જ્યોતિષી, ૨ સૌધર્મ–ઇશાન, ૧ અધઃકિલ્બિષિક, એ ઓગણ-પચાસ પર્યાપ્ત અને ૪૯ અપર્યાપ્ત મળી ૯૮ દેવ, ૨૦૨ ગર્ભજ-મનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, તથા અપર્યાપ્ત (કરણ અપ૦) પૃથ્વી જળ અને પ્રત્યેક વનસ્પતિ એ ૩૧૩ ભેદ છે.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १० (२०) **संज्ञा** ४–२ (હેતૂ૦ વિના) (२१) **उपयोग** १०, (२२) **दृष्टि** ३,—એ દ્વારો સમજવાં સુગમ છે.

(२३) **बंध** ८–१११—સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, અને નરકત્રિક વિના શેષ ૧૧૧ ઉત્તરપ્રકૃતિ બંધાય.

(२४) **उदय** ८–१११—સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, નરકત્રિક આતપ, અને જીનનામ વિના શેષ ૧૧૧ પ્રકૃતિઓનો ઉદય હોય.

(२५) **उदीरणा** ८–१११—ઉદયવત્. (२६) **सत्ता** ८–१४८—સુગમ છે.

(२७) **शरीर** ५, (२८) **बंधहेतु** ४–५७, (२९) **ध्यान** १२ (ચાર શુક્લ વિના), (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६ (કેવલી૦ વિના),—સુગમ છે.

(३३) **भाव** ५–३८—કૃષ્ણલેશ્યામાં જે ૩૯ ભાવ કહ્યા છે તેમાંથી કૃષ્ણલેશ્યા અને નરકગતિ બાદ કરી તેજોલેશ્યા ઉમેરતાં ૩૮ ભાવ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३४) अवगाहना—ઉત્તરદેહની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમોભાગ અને સમુદ્ઘાતકૃત અવગાહના સૌધર્મ અને ઈશાન સ્વર્ગના દેવની મરણ સમુદ્ઘાતની અપેક્ષાએ લગભગ ૮ રજ્જુ પ્રમાણ જાણવી. શેષ અવગાહનાસ્વરૂપ કૃષ્ણાદિ લેશ્યાવત્.

(૩૫) स्थिति—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમોભાગ અધિક બે સાગરોપમ પ્રમાણ તે ઇશાન સ્વર્ગના દેવની અપેક્ષાએ છે, તથા જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ભવસ્થિતિથી બે અન્તર્મુહૂર્ત્ત અધિક જાણવી.

(३६) योनि—પૃથ્વીની ૭ લાખ, જળની ૭ લાખ, પ્રત્યેક વનસ્પતિની ૧૦ લાખ, અને પંચેન્દ્રિયની ૨૬ લાખમાંથી નારકની બાદ કરતાં શેષ ૨૨ લાખ મળી ૪૬ લાખ યોનિ થાય છે, તથા સચિત્તાદિ યોનિના સર્વ ભેદ હોય પણ વિવૃતયોનિ ન હોય. કારણકે વિવૃતયોનિ વિકલેન્દ્રિયને અને સમુર્ચ્છિમ પંચેન્દ્રિયનેજ હોય, અને એ જીવો તેજોલેશ્યા રહિત છે.

પદ્મલેશ્યામાં.

(१) गति ३—નરકગતિમાં પદ્મલેશ્યા ન હોય માટે.

(२) इन्द्रिय ५—પદ્મલેશ્યા પંચેન્દ્રિયનેજ હોય માટે.

(३) काय १—પદ્મલેશ્યા ત્રસકાય જીવોનેજ હોય માટે.

(४) योग १५, (५) वेद ३, (६) कषाय ४-२५, (७) ज्ञान ४, (८) अज्ञान ३, (९) संयम ७, (१०) दर्शन ३, (११) लेश्या १ (પદ્મ), (१२) भव्य २, (१३) सम्यक्त्व ६, (१४) संज्ञित्व १ (સંજ્ઞિ), (१५) आहारी २ (પણ દિશિઆહાર ६ દિશિનોજ શેષ પૂર્વવત્), (१६) गुणस्थान ७,—સુગમ છે.

(१७) जीवभेद २-६६—ચૌદમાંના બે ભેદ સંજ્ઞિજીવ સંબંધિ છે, અને પાંચસોત્રેસઠમાંથી ૧ સનત્કુમાર, ૧ માહેન્દ્ર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ બ્રહ્મસ્વર્ગના દેવ, ૧ મધ્ય કિલ્બિષિકદેવ, અને ૯ લોકાન્તિક એ ૧૩ અપર્યાપ્ત તથા ૧૩ પર્યાપ્ત મળી ૨૬ દેવ, ૩૦ કર્મભૂમિજ મનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ મળી ૬૬ જીવભેદ છે.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–२, (२१) **उपयोग** २०, (२२) **दृष्टि** ३,—સુગમ છે.

(२३) **बंध** ८–१०८—નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, અને આતપ એ ૧૨ વિના ૧૦૮ પ્રકૃતિ બંધાય.

(२४) **उदय** ८–१०९—સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, નરકત્રિક, જીનનામ, અને આતપ એ તેર પ્રકૃતિ વિના શેષ ૧૦૯ ઉત્તરપ્રકૃતિનો ઉદય છે.

(२५) **उदीरणा**८–१०९—ઉદયવત્. (२६) **सत्ता** ८–१४८—સુગમ છે.

(२७) **शरीर** ५, (२८) **बंधहेतु** ४–५७, (२९) **ध्यान** १२, (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ६, (३३) **भाव** ५–३८—તેજોલેશ્યાવત્.

(३४) **अवगाहना**—મૂળદેહની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજન પ્રમાણ, અને મૂળદેહની જઘન્ય તથા ઉત્તરદેહની બન્ને અવગાહના તેજોલેશ્યાવત્ જાણવી. અને સમુદ્ઘાતકૃત અવગાહના પદ્મલેશ્યાવાળા બ્રહ્મ સ્વર્ગના દેવો વૈક્રિયસમુદ્ઘાતવડે ત્રીજી અથવા ચોથી પૃથ્વીમાં મિત્ર નારકને મળવા જાય તો ૫–૬ રજ્જુ પ્રમાણ દીર્ઘ જાણવી.

(३५) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ બ્રહ્મસ્વર્ગના દેવ આશ્રયિ ૭ સાગરોપમ છે. તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બે અન્તર્મુહૂર્ત્ત અધિક છે. અને જઘન્ય કાયસ્થિતિ એક અન્તર્મુહૂર્ત્ત છે.

(३६) **योनि**—પંચેન્દ્રિયની ૨૬ લાખ યોનિમાંથી નારકની ૪ લાખ બાદ કરતાં શેષ ૨૨ લાખ યોનિ છે. તેમજ સચિત્તાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેદમાંની અચિત અને મિશ્ર એ બે યોનિ છે, વળી સંવૃતાદિમાંની સંવૃત અને મિશ્ર એ બે યોનિ છે. તથા શીતાદિમાંની શિતોષ્ણ-યોનિ છે, અને શંખાવર્ત્તાદિમાંની ત્રણે યોનિ હોય છે.

શુક્લલેશ્યામાં.

શુક્લલેશ્યામાં ૧૮ દ્વારો તેજોલેશ્યાવત્ ઉતારવાં, પરન્તુ જે ૧૮ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે—

(૨) **इन्द्रिय** ૯, (૩) **काय** ૧ (૭) **ज्ञान** ૯, (૧) **संयम** ૭, (૧૦) **दर्शन** ૪—કેવલીને પણ શુક્લલેશ્યા હોય છે માટે.

(૧૧) **लेश्या** ૧ (શુક્લલે૦), (૧૪) **संज्ञित्व** ૧, (૧૬) **गुणस्थान** ૧૩ (સયોગીકેવલી સુધી, કારણકે જ્યાંસુધી યોગ ત્યાંસુધી લેશ્યા.) —સુગમ છે.

(૧૭) **जीवभेद** ૨–૮૪—લાંતકથી અનુત્તર સુધીના ૪૨ દેવ, અને ઉર્ધ્વ કિલ્બિષિક દેવના ૨ ભેદ મળી ૪૪ દેવભેદ, ૩૦ કર્મભૂમિ મનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ એ ૮૪ ભેદ હોય. શેષ પદ્મલેશ્યાવત્.

(૨૧) **उपयोग** ૧૨—કેવળદ્વિક સહિત ૧૨ ઉપયોગ હોય.

(૨૩) **बंध** ૮–૧૦૪—તિર્યંચત્રિક, ઉદ્યોત, નરકત્રિક, સૂક્ષ્મ-ત્રિક, વિકલત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, અને આતપ એ ૧૬ વિના શેષ ૧૦૪ બંધાય.

(૨૪) **उदय** ૮–૧૧૦—સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, નરકત્રિક, અને આતપ એ ૧૨ વિના શેષ ૧૧૦ ઉત્તરપ્રકૃતિ બંધાય.

(૨૯) **उदीरणा** ૮–૧૧૦—ઉદયવત્.

(૨૧) **ध्यान** ૧૯—અયોગી અલેશીને જે સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતીધ્યાન છે તે સિવાય શેષ ૧૫ ધ્યાન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૨) **समुद्घात ७**--કારણકે અહિં કેવલીસમુદ્ઘાત પણ હોય.

(૩૩) **भाव ५-४७**—તેજો અથવા પદ્મલેશ્યામાં જે ૩૮ ભાવ કહ્યા છે તેમાં ઉપશમ ચારિત્ર અને આઠ ક્ષાયિકભાવ મેળવતાં ૪૭ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—સમુદ્ઘાતકૃત અવગાહના કેવલીસમુદ્ઘાત આશ્રયિ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ. અને શેષ અવગાહનાઓ પદ્મલેશ્યાવત્.

(૩૫) **स्थिति**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અનુત્તરદેવ આશ્રયિ ૩૩ સાગરોપમ, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બે અન્તર્મુહૂર્ત્ત અધિક. અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત.

इति लेश्यासु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

२ भव्यद्वारमां ३६ द्वारनी प्राप्ति.

ભવ્યમાં.

ગતિ વિગેરે ૩૨ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત સુગમ છે, અને જે ૪ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે—

(૧૨) **भव्यत्व १**—ભવ્યત્વમાં એક ભવ્યપણુંજ હોય.

(૩૩) **भाव ५-५२**—અભવ્યત્વ વિના સર્વે ભાવ હોય.

(૩૪) **अवगाहना**—મૂળ અને ઉત્તરદેહની અવગાહના કૃષ્ણાદિલેશ્યાવત્ અને સમુદ્ઘાતકૃત અવગાહના શુક્લલેશ્યાવત્.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ, તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિ સાન્ત છે. કારણકે સિદ્ધત્વ પ્રાપ્ત થતાં ભવ્યત્વનો અન્ત હોય છે. ભવ્યત્વ એટલે મોક્ષગમનયોગ્યતા એવો અર્થ છે, અને સિદ્ધપણામાં હવે મોક્ષગમનયોગ્યતાનો વ્યપદેશજ ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભવ્યમાં.

અભવ્યમાં ૧૪ દ્વારો ભવ્યવત્ છે, બાકીના દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે.

(૪)**યોગ** ૧૩—અભવ્યને ચારિત્રના અભાવે આહારકદ્વિક યોગ ન હોય માટે.

(૭) **જ્ઞાન** ૦—અભવ્યને સમ્યક્ત્વના અભાવે જ્ઞાન ન હોય.

(૯) **સંયમ** ૧ (અવિરતિ), ૧૦) **દર્શન** ૩ (કેવ૦ વિના), (૧૨) **ભવ્ય** ૧ (અભવ્યત્વ), (૧૩) **સમ્યક્ત્વ** ૧ (મિથ્યાત્વ), (૧૬) **ગુણસ્થાન** ૧ (મિથ્યાત્વ),—સુગમ છે.

(૧૭) **જીવભેદ** ૧૪–૫૩૫ (૩૩૩, ૫૦૫)—લોકાન્તિક[1] અને ૫ અનુત્તર એ ૧૪ પર્યાપ્ત અને ૧૪ અપર્યાપ્ત મળી ૨૮ દેવના ભેદ બાદ કરતાં શેષ ૫૩૫ ભેદ અભવ્યના હોય. અથવા કેટલાએક બીજા ગ્રંથોને અનુસારે પરમાધામીને ભવ્યજ ગણવામાં આવે પરમાધામીના ૩૦ ભેદ બાદ કરતાં ૫૦૫ ભેદ અભવ્યના હોય. અથવા યુગલિકોને પણ જો ભવ્યજ ગણવામાં આવે તો ૮૬ યુગલિકના પર્યાપ્ત અપર્યાપ્ત મળી ૧૭૨ ભેદ ૫૦૫ માંથી બાદ કરતાં શેષ ૩૩૩ જીવભેદ અભવ્ય હોય.

(૨૦) **સંજ્ઞા** ૪–૨—સમ્યક્ત્વના અભાવે દૃષ્ટિવાદ સંજ્ઞા ન હોય.

(૨૧) **ઉપયોગ** ૬ (૫ જ્ઞાન અને કેવળદર્શન વિના), (૨૨) **દૃષ્ટિ** ૧ (મિથ્યા૦)—સુગમ છે.

(૨૩) **બંધ** ૮–૧૧૭, (૨૪) **ઉદય** ૮–૧૧૭, (૨૫) **ઉદીરણા** ૮–૧૧૭, (૨૬) **સત્તા** ૮–૧૪૫—કારણકે આહારકદ્વિક અને જીનનામ

---

૧. લોકાન્તિકમાં અધિપતિ દેવો૦૮ ભવ્ય તરીકે ગણવા. શેષ દેવો બન્ને પ્રકારના ગણી શકાય. પણ મુખ્યતાએ અધિપતિને આશ્રયિ લોકાન્તિક-સંજ્ઞા છે. એવો ભાવ શ્રી વિચારસાર ગ્રંથમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ત્રણનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા ન હોય, તેમજ ઉદયમાં સમ્યક્ત્વ અને મિશ્ર એ બે પણ ન હોય.

(૨૭) **शरीर** ૪ (આહા૦ વિના), (૨૮) **बंधहेतु** ૪-૫૫ (આહા૦ દ્વિક વિના) (૨૯) **ध्यान** ૮ (અશુભ), (૩૨) **समुद्घात** ૫ (આહા૦ અને કેવલી વિના)—સુગમ છે.

(૩૩) **भाव** ૩-૩૩—મૂળભાવ ઉપશમ અને ક્ષાયિક વિના ત્રણ છે, અને ઉત્તરભાવમાં ૫ લબ્ધિ, ૩ અજ્ઞાન, અને ૨ દર્શન એ ૧૦ ક્ષયોપશમભાવ, ૨૧ ઔદયિકભાવ, અને ભવ્યત્વ વિના ૨ પારિણામિકભાવ એ ૩૩ ઉત્તરભાવ હોય.

(૩૪) **अवगाहना**—અવિરતિ ચારિત્રવત્.

(૩૫) **स्थिति**—ભવસ્થિતિ ભવ્યવત્. અને કાયસ્થિતિ અનાદિ અનંત છે. કારણકે અભવ્યપણાનો કોઈકાળે પણ અન્ત ન હોય.

इतिश्री भव्यद्वये ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

६ सम्यक्त्वमां ३६ द्वारनी प्राप्ति.

ઉપશમ સમ્યક્ત્વમાં.

(१) **गति** ४, (२) **इन्द्रिय** ५, (३) **काय** १ (ત્રસકાય), (४) **योग** १३ (આહા૦૨[1] વિના), (५) **वेद** ३, (६) **कषाय** ૪-૨૧ (૪ અનંતા૦વિના), (૭) **ज्ञान** ४ (કેવળ૦ વિના), (૮) **अज्ञान** ०, (९) **संयम** ६ (પરિહારવિશુદ્ધિ વિના), (१०)

---

૧. અનાદિ મિથ્યાત્વી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામે તે વખતે ચૌદ પૂર્વીપણાનો અભાવ હોવાથી અને ચૌદપૂર્વી પણ ઉપશમશ્રેણિ પ્રારંભતાંજ ઉપશમ સમ્યક્ત્વ પામે તે વખતે અપ્રમત્તતા હોવાથી અથવા વિશુદ્ધ પરિણામ હોવાથી આહારકની રચનાનો તથા રચાયેલા આહારકનો પણ સંભવ ન હોય માટે. તથા ઔદારિકમિશ્રયોગ પ્રાયઃ સંભવતો નથી તો પણ ચોથા કર્મગ્રંથ અને પંચસંગ્રહમાં કહેલો હોવાથી અહિં અંગીકાર કર્યો છે, પણ તત્વ શ્રી બહુશ્રુતગમ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दर्शन ३, (११) **लेश्या** ६ (પ્રતિપન્નભાવે), (१२) **भव्य** १ (ભવ્ય), (१३) **सम्यक्त्व** १ (ઉપ૦), (१४) **संज्ञित्व** १ (સંજ્ઞિ) —સુગમ છે.

(१५) **आहारी** २—ઉપશમ સમ્યક્ત્વ પર્યાપ્ત અવસ્થામાં હોય છે માટે ઓજઆહાર ન હોય, તથા ત્રસને હોય માટે ૬ દિશિનોજ આહાર હોય, શેષ સર્વ ભેદના આહાર હોય.

(१६) **गुणस्थान** ૮—ચોથાથી અગીઆરમા સુધીનાં ઉપશમશ્રેણિ સંબંધિ આઠ ગુણસ્થાન હોય. આગળનાં ગુણસ્થાનમાં ક્ષાયિક સમ્યક્ત્વજ હોય અને પ્રથમનાં ત્રણમાં મિથ્યાત્વાદિ હોય માટે શેષ ૬ ગુણસ્થાન ન હોય.

(१७) **जीवभेद** १–१९८ (२–२०३)—૯ લોકાન્તિક અને ૫ અનુત્તર એ ૧૪ સિવાયના ૮૫ પર્યાપ્ત દેવ, ૧૦૧પર્યાપ્તગર્ભજ મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૭ પર્યાપ્ત નારક એ પ્રમાણે ૧૯૮ જીવભેદ પાંચસોત્રેસઠમાંથી હોય, અને ચૌદ જીવભેદમાંનો સંજ્ઞિપર્યાપ્તરૂપ એકજ ભેદ હોય. અહિં લોકાન્તિક અને અનુત્તર દેવોમાં ઉપશમ સમ્યક્ત્વ નહિં માનવાનું કારણ એ છે કે જો ઉપશમશ્રેણિ પ્રારંભવી હોય તો અનાદિ મિથ્યાત્વનો ત્યાગ કરવા માટે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જોઈએ, અને એ દેવોને એમાંનું કોઈપણ કારણ નથી. તથા મતાન્તરે ઉપશમશ્રેણિથી કાળ કરી ઉપશમ સમ્યક્ત્વ સહિત અનુત્તર દેવ થાય એમ અંગીકાર કરીએ તો ચૌદમાંના બે ભેદ અને પાંચસોત્રેસઠમાંના ૨૦૩ જીવભેદ હોય. વળી એજ મતે અનુત્તરમાં ગયાબાદ તુર્ત ઉપશમનો ત્યાગ કરી ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જોઈએ.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–२ (હેતૂ૦ વિના), (२१) **उपयोग** ७, (२२) दृष्टि १ (સમ્ય૦)—સુગમ છે.

(२३) **बंध** ૭–૭૭—ચોથા ગુણસ્થાને જે ૭૭ પ્રકૃતિનો બંધ કહ્યો છે તેમાંથી ૨ આયુષ્ય વિના શેષ ૭૫ પ્રકૃતિ બંધાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણકે **परमुवसमिवट्टंता आउ न बंधति** ઇત્યાદિ ત્રીજા કર્મ-ગ્રંથના વચનને અનુસારે ઉપશમ સમ્યક્ત્વમાં આયુષ્યબંધનો અભાવ છે. વળી અહીં આહારકદ્વિકનો પણ બંધ હોય છે માટે ૭૭ બંધાય.

(૨૪) **उदय** ૮-૯૯ (૧૦૦)—સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, અનંતાનુબંધિ ૪, દર્શનમોહનીય ૩, જીનનામ, આહારકદ્વિક, આતપ, અને આનુપૂર્વી ૪ એ ૨૩ વિના શેષ ૯૯ પ્રકૃતિનો ઉદય હોય. અથવા જીવભેદમાં કહેલા મતાન્તર પ્રમાણે દેવાનુ-પૂર્વીનો ઉદય મેળવતાં ૧૦૦ નો પણ ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૮-૯૯ (૧૦૦)—ઉદયવત્. (૨૬) **सत्ता** ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) **शरीर** ૪—યોગમાં કહ્યાપ્રમાણે આહારકશરીર નહોય.

(૨૮) **बंधहेतु** ૩-૪૫ (૪૬)—મૂળહેતુ મિથ્યાત્વ વિના ત્રણ છે, અને ઉત્તરબંધહેતુ પાંચ મિથ્યાત્વ, ચાર અનંતાનુબંધિ, આહારકદ્વિકયોગ અને કાર્મણયોગ એ ૧૨ વિના ૪૫ છે. અથવા અનુત્તર દેવ આશ્રયિ અપર્યાપ્તપણામાં પણ ઉપશમ સમ્યક્ત્વ ગણતાં કાર્મણયોગ સહિત ૪૬ બંધહેતુ હોય.

(૨૯) **ध्यान** ૧૩—શુક્લધ્યાનના છેલ્લા ત્રણ ભેદ ક્ષીણમોહા-દિમાં (૧૨મા વિગેરે ગુણસ્થાનોમાં) હોવાથી તે સિવાયનાં અહિં ૧૩ ધ્યાન હોય.

(૩૦) **संघयण** ૬, (૩૧) **संस्थान** ૬—સુગમ છે.

(૩૨) **समुद्घात** ૨ (૫)—વેદના અને મરણ* એ બે સમુ-દ્ઘાત હોય, શેષ પાંચ સમુદ્ઘાત ન હોવાનું કારણકે કેવળજ્ઞાનના અભાવે કેવલીસમુદ્ઘાત અને વિશુદ્ધ પરિણામ હોવાથી વૈક્રિયાદિ

* ઉપશમ સમ્યક્ત્વમાં મરણ હોવાથી મરણસમુદ્ઘાત થવાનો સંભવ છે. પરન્તુ મરણ પામી પરભવમાં ગતિ કરતી વખતે ઉપશમ સમ્યક્ત્વ ન હોય. માટે સમુદ્ઘાત પ્રથમથી સંહરી પરભવમાં જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમુદ્દ્ઘાત ન હોય. (પરન્તુ પ્રથમ રચાયેલું ઉત્તર વૈક્રિયશરીર હોય.) અથવા વિચારસાર ગ્રંથમાં કહ્યા પ્રમાણે આહારક અને કેવળી-સમુ૦ સિવાયના પાંચ સમુદ્દ્ઘાત હોય. અહિં વિશુદ્ધ પરિણામ છે તોપણ કષાયાદિ સમુદ્દ્ઘાત કહ્યા છે તે વિચારણીય છે.

(३३) **भाव** ૯-૩૭—૨ ઉપશમભાવ, ૧૪ ક્ષયોપશમભાવ (૩ અજ્ઞાન અને ક્ષયોપ૦ સમ્યક્ત્વ વિના), ૧૯ ઔદયિકભાવ (મિથ્યા૦ અને અજ્ઞાન વિના), ૨ પારિણામિકભાવ (અભ૦ વિના), એ પ્રમાણે ૩૭ ભાવ છે.

(३४) **अवगाहना**—પદ્મલેશ્યાવત્. પરન્તુ જન્મદેહની* જઘન્ય અવગાહના શ્રીબહુશ્રુતગમ્ય, પરન્તુ પ્રાય: અંગુલનો અસંખ્યાતમોભાગ અને સમુદ્દ્ઘાતકૃત અવગાહના મરણ આશ્રયિ દીર્ઘ ૭ રજ્જુ પ્રમાણ (અઢી દ્વીપથી અનુત્તર સુધી) છે.

(३५) **स्थिति**—જઘન્ય શ્રીબહુશ્રુતગમ્ય. પણ પ્રાયઃ પર્યાપ્ત અન્તર્મુહૂર્ત્તથી કમી નહિ, અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ ભવસ્થિતિ હોય, એ ઉપશમ સમ્યક્ત્વી જીવને અંગે જાણવી. તથા કાયસ્થિતિ તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત્તજ છે. કારણકે ઉપશમ સમ્યક્ત્વનો કાળ અન્તર્મુહૂર્ત્ત છે.

(३६) **योनि**—પંચેન્દ્રિય સંબંધિ ૨૬ લાખ યોનિ છે. અચિત્ત અને મિશ્ર એ બે યોનિ છે પણ સચિત્તયોનિ નહિ, શીતાદિ ત્રણે પ્રકારની યોનિ છે. સંવૃત અને સંવૃતવિવૃત એ બે યોનિ છે પણ વિવૃતયોનિ નથી, શંખાવર્તાદિમાંની શંખાવર્ત્ત-યોનિ વિના શેષ બે યોનિ હોય. એનું કારણકે જે યોનિ સંજ્ઞિને હોય તેજ યોનિ ઉપશમ સમ્યક્ત્વની હોય.

---

* જઘન્યમાં જઘન્ય કેટલી અવગાહના અને સ્થિતિવાળો જીવ (ઉપશમ) સમ્યક્ત્વ પામે તે સંબંધિ સ્પષ્ટ અક્ષરો અથવા ભાવાર્થ વાંચવામાં નથી માટે જઘન્ય જન્મદેહાવગાહનાનોનિર્ણય શ્રી બહુશ્રુતથી કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષયોપશમ સમ્યક્ત્વમાં.

(१) गति ४, (२) इन्द्रिय ५, (३) काय १ (ત્રસકાય), (४) योग १५, (५) वेद ३, (६) कषाय ४–२१ (૪ અનંતા૦ વિના), (७) ज्ञान ४, (८) अज्ञान ०—સુગમ છે.

(९) संयम ५—ક્ષયોપશમ સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધીજ હોવાથી સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર ન હોય, શેષ પાંચ ચારિત્ર હોય.

(१०) दर्शन ३, (११) लेश्या ६, (१२) भव्य १ (ભવ્ય), (१३) सम्यक्त्व १ (ક્ષયો૫૦), (१४) संज्ञित्व १ (સંજ્ઞિ), (१५) आहारी २ (સર્વભેદ સહિત, પરન્તુ દિશિઆહાર ૬ દિશિનોજ), (१६) गुणस्थान ४ (ચોથાથી સાતમા સુધીનાં)—સુગમ છે.

(१७) जीवभेद २–४२३—ચૌદમાંના સંજ્ઞિ સંબંધિ બે ભેદ હોય, અને પાંચસોત્રેસઠમાંથી ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય, ૧૦ સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, અપર્યાપ્ત સાતમી પૃથ્વીના નારક, અને ૨૮ અપંચેન્દ્રિય એ ૧૪૦ સિવાયના શેષ ૪૨૩ જીવભેદ હોય. (અહિં ક્ષયોપશમ સમ્યક્ત્વ સહિત કોઈ જીવ સાતમી નરકમાં ન જાય).

(१८) पर्याप्ति ६, (१९) प्राण १०, (२०) संज्ञा ४–२ (હેતૂપદેશિકી વિના), (२१) उपयोग ७, (२२) दृष्टि १ (સમ્યક્) —સુગમ છે.

(२३) बंध ८–७९—આગળ મિશ્ર સમ્યક્ત્વમાં જે ૭૪ પ્રકૃતિ કહેવાશે તેમાં બે આયુષ્ય (નર–તિર્યગાયુ), જીનનામ અને આહારકદ્વિક સહિત ૭૯ પ્રકૃતિ બંધાય.

(२४) उदय ८–१०६—મિથ્યાત્વ, મિશ્ર, જીનનામ, કુજાતિ ૪, સ્થાવરાદિ ૪, આતપ, અને અનંતાનુબંધિ ૪ એ ૧૬ વિના શેષ ૧૦૬ નો ઉદય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૫) **उदीरणा** ૮-૧૦૬—ઉદયવત્. (૨૬) **सत्ता** ૮-૧૪૮ (૨૭) **शरीर** ૫—સુગમ છે.

(૨૮) **बंधहेतु** ૩-૪૮—ઉપશમ સમ્યક્ત્વમાં કહેલા ૪૬ હેતુ સહિત પરન્તુ આહારકના બે યોગ અધિક.

(૨૯) **ध्यान** ૧૨—ચાર શુકલધ્યાન ન હોય, કારણકે શુકલધ્યાન ૮ મા ગુણસ્થાનથી શરૂ થાય, અને આ સમ્યક્ત્વ ૭ મા સુધી છે. માટે શેષ ૧૨ ધ્યાન હોય.

(૩૦) **संघयण** ૬. (૩૧) **संस्थान** ૬, (૩૨) **समुद्घात** ૬ (કેવલી૦ વિના)—સુગમ છે.

(૩૩) **भाव** ૩-૩૬—મૂળભાવ ઉપશમ અને ક્ષાયિક વિના ત્રણ છે, અને ઉત્તરભાવમાં ૧૫ ક્ષયોપશમભાવ (૩ અજ્ઞાન વિના), ૧૯ ઔદયિકભાવ (મિથ્યાત્વ અને અજ્ઞાન વિના), ૨ પારિણામિકભાવ (અભ૦ વિના), એ પ્રમાણે કુલ ૩૬ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—જઘન્ય અંગુલનો અસંખ્યાતમોભાગ, અને ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ ઔદારિકદેહની છે. અને ઉત્તર-દેહની જઘન્ય અંગુલનો સંખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન. તથા સમુદ્ઘાતકૃત અવગાહના અઢી દ્વીપથી અનુત્તર સુધી અથવા અનુત્તરથી અઢી દ્વીપ સુધી ૭ રજ્જુ દીર્ઘ તે મુનિ અને દેવના મરણસમુદ્ઘાતની અપેક્ષાએ, અને અચ્યુત[1] સ્વર્ગનો દેવ ત્રીજી કે ચોથી નરકે મિત્ર નારકની પાસે

---

૧ જ્યાં અચ્યુતથી ત્રીજી પૃથ્વી યા ચોથી પૃથ્વીમાં ગમન અપેક્ષા-એ ૭-૮ રજ્જુ દીર્ઘ અવગાહના કહી છે તે વર્તમાનકાળમાં સીતેન્દ્ર ચોથી પૃથ્વીમાં રાવણ લક્ષ્મણને યુદ્ધથી નિવારવા ગયા તેનો પાઠ જૈન રામાય-ણાદિકમાં આવે છે તે અપેક્ષાએ વૈક્રિયસમુદ્ઘાત આશ્રયિ કહેલ છે. (શ્રી પંચસંગ્રહના બીજા દ્વારની ૩૧ મી ગાથાની ટીકામાં તો આન-તાદિ દેવોનું નરક પૃથ્વીમાં ગમન ન હોવાનું કહ્યું છે—**आनताद्यो देवाः पुनरल्पस्नेहादिभावात् स्नेहादिप्रयोजनेनाऽपि नरकं न गच्छंतीति.**)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય તોપણ ૭ અથવા ૮ રજ્જુ દીર્ઘ અવગાહના વૈક્રિયસમુદ્ઘાતની અપેક્ષાએ હોય.

(૩૫) **स्थिति**—ભવસ્થિતિ ઉપશમ સમ્યક્ત્વવત્. અને કાયસ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત છે, અને ઉત્કૃષ્ટથી બે મનુષ્યભવ અધિક ૬૬ સાગરોપમ પ્રમાણ છે. કારણકે પૂર્વક્રોડ વર્ષાયુષ્યવાળો મનુષ્ય ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી ચારિત્ર અંગીકાર કરી અનુત્તરમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળો દેવ થઈ ત્યાંથી ચવી પૂર્વક્રોડ વર્ષાયુષ્યવાળો મનુષ્ય થઈ પુનઃ એજ રીતે અનુત્તર દેવ થાય તો બે પૂર્વક્રોડ અધિક ૬૬ સાગરોપમ હોય. અથવા એજ રીતે ત્રણ વાર અચ્યુત સ્વર્ગમાં બાવીસ બાવીસ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય તો ત્રણ પૂર્વક્રોડવર્ષ અધિક ૬૬ સાગરોપમ સુધી ક્ષયોપશમ સમ્યક્ત્વ રહે. ત્યારબાદ અવશ્ય મિશ્રસમ્યક્ત્વ પણ પામે.

(૩૬) **योनि**—ઉપશમ સમ્યક્ત્વવત્.

ક્ષાયિકસમ્યક્ત્વમાં.

(૧) **गति** ४—અહિં ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રારંભ કરનાર મનુષ્યજ હોય, પરંતુ ક્ષાયિકસમ્યક્ત્વ પામવા યોગ્ય ક્રિયાની સમાપ્તિ કરી ક્ષાયિકસમ્યક્ત્વ પામનાર ચારે ગતિના જીવ હોય.

(२) **इन्द्रिय** ५, (३) **काय** १, (ત્રસ), (४) **योग** १५, (५) **वेद** ३, (६) **कषाय** ४–२१, (७) **ज्ञान** ५ (કેવળ૦ સહિત), (८) **अज्ञान** ०, (९) **संयम** ७, (१०) **दर्शन** ४, (११) **लेश्या** ६, (१२) **भव्य** १, (१३) **सम्यक्त्व** १ (ક્ષાયિક), (१४) **संज्ञित्व** १ (સંજ્ઞિ,) (१५) **आहारी** २ (ક્ષયો૦પ૦ વત્), (१६) **गुणस्थान** ११ (ચોથાથી ચૌદમા સુધી),—સુગમ છે.

(१७) **जीवभेद** २-१६८—ચૌદભેદમાંના સંજ્ઞિ સંબંધિ બે ભેદ હોય, અને પંચસોત્રેસઠમાંના છવીસ વૈમાનિક અને નવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકાન્તિકના પર્યાપ્ત તથા અપર્યાપ્ત મળી ૭૦ દેવભેદ, ૩૦ કર્મભૂમિજ મનુષ્ય, ૬૦ અકર્મભૂમિજ મનુષ્ય (અન્તર્દ્વીપ વિના), ૨ ગર્ભજ ચતુષ્પદ યુગલિક તિર્યંચ, અને ૬ પ્રથમની ત્રણ પૃથ્વીના નારક, એ સર્વ મળી ૧૬૮ જીવભેદ હોય. કારણકે ક્ષાયિકસમ્યક્ત્વ સહિત એટલા જીવભેદમાં જઈ શકાય.

(૧૮) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–२, (२१) **उपयोग** ९, (२२) **दृष्टि** १,—સુગમ છે.

(२३) **बंध** ८–७९—ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

(२४) **उदय** ८–१०१ (१०६)—કુજાતિ ૪, સ્થાવરાદિ ૪, અનંતાનુબંધિ ૪, આતપ, દર્શનમોહનીય ૩, કુસંઘયણ ૫, એ ૨૧ વિના શેષ ૧૦૧નો ઉદય છે. અથવા પ્રતિપન્ન ક્ષાયિક સમ્યગ્દૃષ્ટીને ૫ કુસંઘયણ પણ સંભવે માટે ૧૦૬ નો ઉદય હોય.

(२५) **उदीरणा** ८–१०१ (१०६)—ઉદયવત્. (२६) **सत्ता** ८–१४१—સુગમ છે (કારણકે દર્શનસપ્તકની સત્તા ન હોય).

(२७) **शरीर** ५, (२८) **बंधहेतु** ३–४८—ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

(२९) **ध्यान** १६—કારણકે કેવલીભગવાનને પણ ક્ષાયિકસમ્યક્ત્વ છે. માટે ક્ષયોપશમ સમ્યક્ત્વનાં ૧૨ ધ્યાન સહિત ૪ શુક્લધ્યાન વિશેષ છે.

(३०) **संघयण** १ (६)—કારણકે સર્વજ્ઞ વિચરતા હોય તે કાળના[1] વજ્રઋષભનારાચસંઘયણી મનુષ્યોજ ક્ષાયિકસમ્યક્ત્વ પામી શકે અથવા પ્રતિપન્ન ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સર્વે સંઘયણ હોય, માટેજ

૧. વર્તમાનકાળમાં કેટલાએક કહે છે કે "વર્તમાનકાળે આ ક્ષેત્રમાં પણ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય" એ વચન મતિકલ્પિત કહેવાય. પરન્તુ પ્રથમના કાળમાં અથવા અન્ય ક્ષેત્રમાં ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરીને અહિં આવે તો ક્ષાયિકસમ્યક્ત્વ પ્રતિપન્નભાવે હોવામાં વિરોધ નહિ. શ્રી દુપ્પસહસૂરિવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી દુઃપ્પસહસૂરિને સેવાર્ત્ત સંઘયણ છતાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોય.

(૩૧) **સંસ્થાન** ૬, (૩૨) **સમુદ્ઘાત** ૭—સુગમ છે.

(૩૩) **ભાવ** ૫-૪૪—ક્ષયોપશમમાં કહેલા ૩૬ ભાવ સહિત ૯ ક્ષાયિકભાવ અધિક ગણતાં અને ક્ષયોપશમસમ્યક્ત્વ બાદ કરતાં ૪૪ ભાવ હોય.

(૩૪) **અવગાહના**—જઘન્ય મૂળદેહની અવગાહના અનુત્તર દેવ આશ્રયિ ૧ હાથ પ્રમાણ, અને ઉત્કૃષ્ટ અવગાહના ગર્ભજ ચતુષ્પદ યુગલિક આશ્રયિ ૬ ગાઉની છે. અને ઉત્તરદેહાવગાહના ક્ષયોપશમવત્. વળી સમુદ્ઘાતકૃત અવગાહના કેવલીસમુદ્ઘાત આશ્રયિ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે. અહિં ગર્ભજ જળચર વિગેરેનું શરીર જોકે ૧૦૦૦ યોજન છે પણ તેને ક્ષાયિકસમ્યક્ત્વ ન હોય, ક્ષાયિકસમ્યક્ત્વ યુગલિક ચતુષ્પદનેજ હોય માટે જન્મદેહની અવગાહના ૬ ગાઉથી અધિક ગણાય નહિ.

(૩૫) **સ્થિતિ**—જઘન્ય ભવસ્થિતિ ૮ વર્ષની[૧] અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ પ્રમાણ છે. તેમજ કાયસ્થિતિ ઉત્કૃષ્ટ સાદિઅનન્તકાળ પ્રમાણ છે, કારણકે પ્રાપ્ત થયેલું ક્ષાયિકસમ્યક્ત્વ વિનાશ પામતું નથી, અને એજ કારણથી જઘન્ય કાયસ્થિતિ ન હોય.

(૩૬) **યોનિ**—પંચેન્દ્રિય સંબંધિ ૨૬ લાખ યોનિ ગણાય. તેમજ સચિત્તાદિયોનિના ભેદ ક્ષયોપશમ સમ્યક્ત્વવત્ જાણવા.

---

૧. કારણકે ૮ વર્ષથી કમી વયવાળો ક્ષાયિકસમ્યક્ત્વ ન પામે અને પરભવમાં જાય ત્યાં દેવ નારકભવમાં જઘન્યથી ૧૦ હજાર વર્ષાયુષ્ય હોય, તેમજ યુગલિક ચતુષ્પદ તિર્યંચમાં જાય તો અસંખ્ય વર્ષાયુષ્ય હોય, અને પુનઃ મનુષ્યમાં આવે તો ૮ વર્ષે ચારિત્ર પામી મોક્ષે જાય અથવા ન જાય તોપણ કમી આયુષ્ય સંભવતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિશ્રસમ્યક્ત્વમાં.

(૧) **गति ४**, (२) **इन्द्रिय ५**, (३) **काय १**—ક્ષયોપશમવત્.

(૪) **योग १०**—મિશ્રસમ્યક્ત્વમાં મરણનો અભાવ હોવાથી ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, અને કાર્મણયોગ કે જે અપર્યાપ્ત અવસ્થામાં હોય તે ત્રણે યોગ અહિં ન હોય. તેમજ ચારિત્રના અભાવે આહારકના બે યોગ પણ ન હોય, શેષ ૧૦ યોગ હોય. પુનઃ ઉત્તરદેહ સંબંધિ વૈક્રિયમિશ્રયોગ પણ પંચસંગ્રહના બીજા દ્વારની ૩૧ મી ગાથામાં કહેલ છે, પરન્તુ શાસ્ત્રપદ્ધતિને અનુસરી ગણેલો નથી.

(૫) **वेद ३**, (६) **कषाय ४-२१**, (७) **ज्ञान ३** (મનઃ૫૦ અને કેવલ૦ વિના)—સુગમ છે.

(૮) **अज्ञान ३**—ચતુર્થ કર્મગ્રંથમાં કહ્યું છે કે મિશ્રગુણ-સ્થાને જ્ઞાનાંશ અધિક હોય તો જ્ઞાન ગણાય, અને અજ્ઞાનાંશ અધિક હોય તો અજ્ઞાન ગણાય, માટે મિશ્રસમ્યક્ત્વમાં ૩ જ્ઞાન અને ૩ અજ્ઞાન પણ કહેવાય.

(૯) **संयम १** (અવિરતિ), (१०) **दर्शन ३**, (११) **लेश्या ६**, (१२) **भव्य १** (ભવ્ય), (१३) **सम्यक्त्व १** (મિશ્ર), (१४) **संज्ञित्व १** (સંજ્ઞિ), (१५) **आहारी १** (આહારી), (१६) **गुणस्थान १** (ત્રીજું), —સુગમ છે.

(૧૭) **जीवभेद १-१९८**—ચૌદ ભેદમાંનો સંજ્ઞિપર્યાપ્તરૂપ એકજ ભેદ હોય. અને પાંચસોત્રેસઠમાંના ૯ લોકાન્તિક અને ૫ અનુત્તર સિવાયના ૮૫ પર્યાપ્ત દેવ, ૧૦૧ ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૭ પર્યાપ્ત નારક એ સર્વ મળી ૧૯૮ જીવભેદ હોય.

(૧૮) **पर्याप्ति ६**, (१९) **प्राण १०**, (२०) **संज्ञा ४-१** (દીર્ઘ૦), (२१) **उपयोग ६**, (२२) **दृष्टि १** (મિશ્ર)—સુગમ છે.

(૨૩) **बंध ७ ७४**—મૂળકર્મમાં આયુષ્ય વિના સાત કર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધ છે. આ સમ્યક્ત્વમાં આયુષ્યબંધ યોગ્ય અધ્યવસાય નહિ હોવાથી આયુષ્ય બંધાય નહિ. તથા ઉત્તરભેદમાં મિથ્યાત્વ પ્રત્યયિક ૧૬ પ્રકૃતિઓ અને અનન્તાનુબંધિ પ્રત્યયિક ૨૫ પ્રકૃતિઓ તથા દેવાયુ અને નરકાયુ, તેમજ આહારકદ્વિક અને જીનનામ, એમ ૪૬ પ્રકૃતિ બાદ કરતાં શેષ ૭૪ પ્રકૃતિ બંધાય.

(૨૪) उदय ૮-૧૦૦—મૂળ આઠે કર્મનો ઉદય છે, અને ઉત્તરભેદમાં મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારકદ્વિક, જીનનામ, આતપ, મિથ્યાત્વ, ૪ અનંતાનુબંધિ, સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, અને આનુપૂર્વી ૪ એ ૨૩ પ્રકૃતિ બાદ કરી મિશ્રમોહનીય ઉમેરતાં ૧૦૦ પ્રકૃતિનો ઉદય હોય.

(૨૫) उदीरणा ૮-૧૦૦—ઉદયવત્.

(૨૬) सत्ता ૮-૧૪૭—જીનનામની સત્તાવાળો જીવ મિશ્ર અને સાસ્વાદન સમ્યક્ત્વ ન પામે તે કારણથી જીનનામ વિના ૧૪૭ ની સત્તા હોય.

(૨૭) शरीर ૪, (આહા૦વિના), (૨૮) बंधहेतु ૩-૪૩ (૫ મિથ્યાત્વ, ૪ અનંતા૦, ૫ યોગ વિના), (૨૯) ध्यान ૮ (અશુભ), (૩૦) संघयण ૬, (૩૧) संस्थान ૬, (૩૨) समुद्घात ૨ (વેદના, કષાય)—સુગમ છે.

(૩૩) भाव ૩-૩૨ (૩૬)—ઉપશમ અને ક્ષાયિક વિના મૂળ ૩ ભાવ છે, અને ઉત્તરભાવમાં ૧૧ક્ષયોપશમભાવ (૩ મિશ્રજ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિ), ૧૯ ઔદયિકભાવ (મિથ્યાત્વ અને અજ્ઞાન વિના.), ૨ પારિણામિકભાવ (અભ૦ વિના), એ સર્વ મળી ઉત્તરભાવ ૩૨ છે. અથવા ઔદયિક અજ્ઞાન અને ૩ ક્ષાયોપશમિક અજ્ઞાન પણ ગણતાં ૩૬ ભાવ છે.

(૩૪) अवगाहना—ક્ષયોપશમવત્. પરન્તુ સમુદ્ઘાતકૃત અવગાહના અચ્યુત ચોથી નરક સુધી ૮ રજ્જુ પ્રમાણ સંભવે.

(૩૫) स्थिति—મિશ્રસમ્યગ્દષ્ટિ જીવની ભવસ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ. તેમજ જઘન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે તે વ્યંજનાવગ્રહ એટલે પૃથક્ત્વ ઉશ્વાસ જેટલી પ્રથમ કર્મગ્રંથની ભાષામાં કહી છે.

(૩૬) **योनि**—ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

સાસ્વાદનમાં.

(૧) **गति ४**—ચારે ગતિના જીવોને સાસ્વાદન સમ્યક્ત્વ છે.

(૨) **इन्द्रिय १-२-३-४-५**—પાંચે જાતિના જીવોમાં સાસ્વાદન સમ્યક્ત્વ છે, પરન્તુ ચતુરિન્દ્રિય સુધીના જીવોને તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયને પૂર્વભવમાં ઉપશમ સમ્યક્ત્વ વમીને આવતાં હોય, અને સંજ્ઞિપંચેન્દ્રિયને તો ચાલુ ભવમાં પણ ઉપશમ સમ્યક્ત્વ વમતાં હોય. અહિં એકેન્દ્રિયમાં સાસ્વાદનપણું કર્મગ્રંથમતે જાણવું.

(૩) **काय ४**–ઉપશમ સમ્યક્ત્વ વમીને સાસ્વાદનસહિત મરણ પામેલો જીવ અગ્નિ અને વાયુમાં ઉપજે નહિ, તેમજ અગ્નિ અને વાયુ ચાલુ ભવમાં નવું સાસ્વાદન પણ પામે નહિ માટે કર્મગ્રંથમતે શેષ પૃથ્વ્યાદિ ચાર કાયને સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે.

(૪) **योग १३** (આહા૦ ૨ વિના), (૫) **वेद ३**—સુગમ છે.

(૬) **कषाय ४-२५**—અહિં અનંતાનુબંધિનો ઉદય થવાથીજ સાસ્વાદનપણું પ્રાપ્ત થાય છે માટે સર્વે કષાય હોય.

(૭) **ज्ञान ०** (૩)—મનઃપર્યવ અને કેવળજ્ઞાન વિના શેષ ત્રણ જ્ઞાન હોય. કારણકે મનઃપર્યવ અને કેવળજ્ઞાન મુનિને હોય, અને મુનિને સાસ્વાદન સમ્યક્ત્વ હોય નહિ. આ જ્ઞાન કહેવાનો અભિપ્રાય સિદ્ધાંતનો છે, પરંતુ કર્મગ્રંથકારો તો સાસ્વાદનમાં જ્ઞાનજ માનતા નથી.

(૮) **अज्ञान ३**, (૯) **संयम १** (અવિ૦), (૧૦) **दर्शन**[1] ૩, (૧૧) **लेश्या ६**, (૧૨) **भव्य १**, (૧૩) **सम्यक्त्व १** (સાસ્વા૦), (૧૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

संज्ञित्व ૨, (१५) **आहारी** २ (१६) **गुणस्थान** १ (બીજું)—સુગમ છે.

(१७) **जीवभेद** ७-४००—ચૌદ ભેદમાંથી બાદર એકે૦, દ્વી૦, ત્રી૦, ચતુ૦, અસંજ્ઞિ પંચે૦ એ પાંચ અપર્યાપ્ત, તેમજ સંજ્ઞિપંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત મળી ૭ જીવભેદ છે. વળી નવ લોકાંતિક, પાંચ અનુત્તર સિવાયના ૮૫ અપર્યાપ્ત અને ૮૫ પર્યાપ્ત દેવ, ૨૦૨ ગર્ભજ મનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, ૫ અપર્યાપ્ત સમુચ્છિંમ તિર્યંચ, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૩ અપર્યાપ્ત પૃથ્વી, જળ, અગ્નિ, અને ૭ પર્યાપ્તનારક એ સર્વ મળી ૪૦૦ ભેદ છે. અહિં **सास्वादना नरके न गच्छंति** એ નિયમ પ્રમાણે અપર્યાપ્ત નારકને સાસ્વાદન અંગીકાર નથી કર્યું.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०.—સુગમ છે.

(२०) **संज्ञा** ४-२—આહારાદિ ચારે સંજ્ઞા છે, અને હેતુપ૦ વિગેરે ૩ માંની હેતૂપદેશિકી સિવાય બે સંજ્ઞા છે. અહિં વિકલેન્દ્રિયને પર્યાપ્ત અવસ્થામાં હેતૂપ૦ સંજ્ઞા સંભવે છે, પણ તે વખતે સાસ્વાદન ન હોય માટે હેતૂપ૦ સંજ્ઞા વર્જ્ય કરી છે.

(२१) **उपयोग** ६ (९)—સિદ્ધાન્તમતે ૯ ઉપયોગ, અને કર્મગ્રંથમતે ૬ ઉપયોગ, તેનું કારણ પ્રથમ કહેવાયલું છે. (અહિં વિભંગજ્ઞાનીને અવધિ દર્શન ગણ્યું છે).

(२२) **दृष्टि** १—ત્રણ દૃષ્ટિમાંની એક સમ્યક્‌ત્વ દૃષ્ટિ ગણાય.

(२३) **बंध** ८-१०१—મિથ્યાત્વ પ્રત્યયિક ૧૬, આહારકદ્વિક અને જીનનામ વિના ૧૦૧ પ્રકૃતિઓ બંધાય.

(२४) **उदय** ८-१११—દર્શનમોહનીય ૩, આહારકદ્વિક, જીનનામ, સૂક્ષ્મત્રિક, આતપ, અને નરકાનુપૂર્વી એ ૧૧ સિવાય શેષ ૧૧૧ નો ઉદય છે.

---

૧. અહિં વિભંગજ્ઞાનીને અવધિદર્શન ગણવામાં આવ્યું છે માટે અથવા સાસ્વાદનભાવે જ્ઞાન માનવાથી પણ દર્શન ૩ કહ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૫) **उदीरणा** ८–११९—ઉદયવત્. (२६) **सत्ता**—८–१४७ (જીનનામ વિના)—સુગમ છે.

(૨૭) **शरीर** ४—આહારક વિના ચાર શરીર હોય.

(२८) **बंधहेतु** ३–५०—પાંચ મિથ્યાત્વ અને આહારકના બે યોગ એ ૭ સિવાય શેષ ૫૦ બંધહેતુ છે.

(२९) **ध्यान** ८ (અશુભ), (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ३ (અથવા ૫)—સુગમ છે.

(३३) **भाव** ३–३३ (३६)—મિશ્રસમ્યક્ત્વવત્.

(३४) **अवगाहना**—ક્ષયોપશમ સમ્યક્ત્વવત્. પરન્તુ સમુદ્ઘાતકૃત અવગાહના સૌધર્મ વા ઇશાન દેવ અધોલોકને અન્તે સાસ્વાદન સહિત પૃથ્વી આદિમાં ઉપજે તો મરણસમુદ્ઘાત આશ્રયિ ૮ રજ્જુ દીર્ઘ હોય. શેષ સુગમ છે.

(३५) **स्थिति**—ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત તથા ૩૩ સાગરોપમ અને કાયસ્થિતિ જઘન્ય ૧ સમય તથા ઉત્કૃષ્ટ ૬ આવલિકા સ્વકાળ પ્રમાણ છે.

(३६) **योनि**—અગ્નિ વાયુ અને સાધારણ વનસ્પતિને સાસ્વાદન સમ્યક્ત્વ નહિ હોવાથી તેઓની ૭–૭ અને ૧૪ લાખમળી ૨૮ લાખ યોનિઓ સિવાયની ૫૬ લાખ યોનિઓ હોય. શેષ સચિત્તાદિ સર્વભેદવાળી યોનિઓ હોય પણ શંખાવર્ત્તયોનિ ન હોય.

મિથ્યાત્વમાં.

(१) **गति** ४, (२) **इन्द्रिय** १–२–३–४–५ (३) **काय** ६, —સુગમ છે.

(४) **योग** १३ (મિ. આહા૦ ૨ વિના), (५) **वेद** ३, (६) **कषाय** ४–२५, (७) **ज्ञान** ०, (८) **अज्ञान** ३, (९) **संयम** १ (અવિ૦), (१०) **दर्शन** ३, (११) **लेश्या** ६, (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** १ (મિથ્યા૦), (१४) **संज्ञि** २, (१५) **आहारी** २, (१६) **गुणस्थान** १ (પહેલું),—સુગમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१७) **जीवभेद** १४-५३५—૯ લોકાન્તિક અને ૫ અનુત્તરના અપર્યાપ્ત અને પર્યાપ્ત મળી ૨૮ ભેદ સિવાયના ૫૩૫ જીવભેદ હોય.

(१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४-३, (२१) **उपयोग** ६, (२२) **दृष्टि** १ (મિથ્યા), (२३) **बंध** ८-११७ (આહા૦ ૨, જીન૦ વિના), (२४) **उदय** ८-११७ (આહા૦ ૨, જીન, દર્શનમોહ૦ ૨ વિના), (२५) **उदीरणा** ८-११७ (ઉદયવત્.), (२६) **सत्ता** ८-१४८, (२७) **शरीर** ४ (આહા૦ વિના), (२८) **बंधहेतु** ४-५५ (આહા૦ ૨ વિના), (२९) **ध्यान** ८ (અશુભ), (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ५ (આહા૦ કેવ૦ વિના),—સુગમ છે.

(३३) **भाव** ३-३५—મૂળભાવ ઉપશમ અને ક્ષાયિક વિના ત્રણ છે, અને ઉત્તરભાવમાં ૧૧ ક્ષયોપશમભાવ (૫ લબ્ધિ, ૩ દર્શન, ૩ અજ્ઞાન.) અને ૨૧ ઔદવિકભાવ, તથા ૩ પારિણામિકભાવ મળી ૩૫ ભાવ છે. (અહિં વિભંગજ્ઞાનીને અવધિદર્શન ગણ્યું છે.)

(३४) **अवगाहना**, (३५) **स्थिति**, (३६) **योनि**,—મતિ અને શ્રુત અજ્ઞાનવત્.

इति ६ सम्यक्त्वेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

२ संज्ञिमां ३६ द्वारनी प्राप्ति.

સંજ્ઞિમાં.

સંજ્ઞિમાં ૨૬ દ્વારોના સર્વે[1] ભેદ હોય છે, પરન્તુ જે ૧૦ દ્વારોમાં તફાવત છે તે દ્વારા નીચે પ્રમાણે છે—

---

૧ સર્વ ભેદમાં અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો-ભાગ અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ અથવા સંપૂર્ણ હજાર યોજન મૂળદેહ સંબંધિ લેવી. અને ઉત્તરદેહ સંબંધિ તથા સમુદ્ઘાત સંબંધિ જેટલી જેટલી જઘન્ય વા ઉત્કૃષ્ટ હોય તેટલી લેવી પણ મધ્યમ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२) **इन्द्रिय ५**, (३) **काय १** (ત્રસ.), (१४) **संज्ञित्व १** (સંજ્ઞિ),—સુગમ છે.

(१५) **आहार २**—આહારના સર્વભેદ છે પણ દિશિઆહાર ૭ દિશિનો.

(२७) **जीवभेद २-४२४**—ચૌદમાંના સંજ્ઞિ સંબંધિ બે ભેદ, અને પાંચસોત્રેસઠમાંના ૧૯૮ દેવ, ૨૦૨ ગર્ભજ મનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, અને ૧૪ નારક એ પ્રમાણે ૪૨૪ ભેદ છે.

(२०) **संज्ञा ४-२**—આહારાદિ ચારે સંજ્ઞા છે, અને હેતૂ૫૦ વિગેરેમાંથી હેતૂ૫૦ વિના દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી એ બે સંજ્ઞા છે.

(२४) **उदय ८-११४**—સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, કુજાતિ ૪, એ ૮ વિના શેષ ૧૧૪ પ્રકૃતિનો ઉદય છે.

(२५) **उदीरणा ८-११४**—ઉદયવત્.

(३५) **स्थिति**—ભવસ્થિતિ સુગમ છે, અને કાયસ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ સાગરોપમ.

(३६) **योनि**—૨૬ લાખ યોનિઓ પંચેન્દ્રિય સંબંધિ હોય, અને સચિત્તાદિ ભેદમાંથી સચિત્ત અને વિવૃતયોનિ સિવાય સર્વ ભેદ હોય.

અસંજ્ઞિમાં.

(१) **गति २**—દેવ અને નારક અસંજ્ઞિ ન હોય માટે.

(२) **इन्द्रिय १-२-३-४-५**—પાંચે જાતિના જીવો અસંજ્ઞિ હોય છે, તેમાં ચતુરિન્દ્રિય સુધીના સર્વે જીવો અને પંચેન્દ્રિયમાં સમુર્ચ્છિમ જીવો અસંજ્ઞિ છે.

(३) **काय ६**—પૃથ્વી આદિ છએ કાયમાં અસંજ્ઞિપણું છે. ત્રસકાયમાં દ્વીન્દ્રિયાદિથી સમુર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસંજ્ઞિ છે, અને શેષ ગર્ભજ તથા ઔપપાતિક (દેવ નારક) જીવો સંજ્ઞિ છે.

(૪) **યાગ ૬**—અસંજ્ઞિમાં માત્ર વાયુકાયને વૈક્રિયદ્વિક હોવાથીજ અસંજ્ઞિમાં ૬ યોગ ગણાય છે, અન્યથા (સમુચ્છિમ પંચેન્દ્રિયને) અસત્યામૃષા (વ્યવહાર) વચનયોગ, અને (સર્વને) ઔદારિકમિશ્ર, ઔદારિક, અને કાર્મણયોગ. એ ચાર યોગ છે.

(૫) **વેદ ૧ (૩)**—અસંજ્ઞિને ભાવથી ફક્ત નપુંસકવેદજ હોય. અને દ્રવ્યવેદ પંચેન્દ્રિય સમુચ્છિમ તિર્યંચને ત્રણે હોય છે.

(૬) **કષાય ૪-૨૩**—પુરૂષવેદ અને નપુંસકવેદ વિના શેષ ૨૩ કષાય છે.

(૭) **જ્ઞાન ૦-(૨)**—કર્મગ્રંથમતે જ્ઞાન ન હોય અને સિદ્ધાન્તમતે સાસ્વાદનભાવે જ્ઞાન માનતાં મતિશ્રુતજ્ઞાન હોય.

(૮) **અજ્ઞાન ૨**—મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય.

(૯) **સંયમ ૧** (અવિરતિ), (૧૦) **દર્શન ૨** (ચક્ષુ, અચક્ષુ), —સુગમ છે.

(૧૧) **લેશ્યા ૪**—તેજોલેશ્યાવંત દેવ પૃથ્વી, જળ અને પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્તપણામાં એ ત્રણને તેજોલેશ્યા હોય, શેષકાળે એ ત્રણને અને અગ્નિ આદિ સર્વને સદાકાળ પ્રથમ ત્રણ લેશ્યા હોય.

(૧૨) **ભવ્ય ૨**, (૧૩) **સમ્યક્ત્વ ૨** (મિથ્યા૦, સાસ્વા૦), (૧૪) **સંજ્ઞિત્વ ૧** (અસંજ્ઞિ), (૧૫) **આહારી ૨**, (૧૬) **ગુણસ્થાન ૨** (પ્હેલું અને બીજું),—સુગમ છે.

(૧૭) **જીવભેદ ૧૨-૧૩૯**—ચૌદ ભેદમાંથી સંજ્ઞિ સંબંધિ બે ભેદ સિવાયના ૧૨ ભેદ હોય, અને પાંચસોત્રેસઠમાંથી ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, ૨૨ એકેન્દ્રિય, ૬ વિકલેન્દ્રિય, અને ૧૦ સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય એ ૧૩૯ ભેદ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૮) **પર્યાપ્તિ** ૫—મન:પર્યાપ્તિ ન હોય. શેષ પાંચ પર્યાપ્તિ હોય.

(૧૯) **પ્રાણ** ૯—મન:પર્યાપ્તિના અભાવે મનયોગ પ્રાણ ન હોય.

(૨૦) **સંજ્ઞા** ૪-૧—આહાર આદિ ચારે સંજ્ઞા હોય, અને હેતૂપદેશિકી વિગેરે ત્રણમાંની એક હેતૂપ૦ સંજ્ઞાજ હોય.

(૨૧) **ઉપયોગ** ૬—જ્ઞાન અજ્ઞાન અને દર્શનાવતારવત્.

(૨૨) **દૃષ્ટિ** ૨—સાસ્વાદન હોવાથી સમ્યક્દૃષ્ટિ, અને મિથ્યાત્વ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે.

(૨૩) **બંધ** ૮-૧૧૭—આહારકદ્વિક અને જીનનામ વિના ૧૧૭ પ્રકૃતિઓ બંધાય.

(૨૪) **ઉદય** ૮-૯૫—નરકત્રિક, દેવત્રિક, આહારકદ્વિક, જીનનામ, સમ્યક્ત્વ, મિશ્ર, ૫ સંઘયણ (સેવાર્ત્ત વિના), ૫ સંસ્થાન (હુંડક વિના), સુભગ, આદેય, સુખગતિ, ઉચ્ચ, સ્રીવેદ, પુરૂષવેદ, એ ૨૭ વિના શેષ ૯૫ પ્રકૃતિઓ ઉદયમાં આવે. (અહિં વાયુ આશ્રયિ વૈક્રિયદ્વિકનો ઉદય ગણ્યો છે).

(૨૫) **ઉદીરણા** ૮-૯૫—ઉદયવત્. (૨૬) **સત્તા** ૮-૧૪૭—(જીનનામ વિના). અસંજ્ઞિપર્યાપ્ત પંચેન્દ્રિય દેવ નારકમાં ઉત્પન્ન થાય છે માટે દેવાયુષ્ય અને નરકાયુષ્યની પણ સત્તા વાસ્તવિક હોય છે.

(૨૭) **શરીર** ૪—આહારક વિના ચાર શરીર હોય.

(૨૮) **બંધહેતુ** ૪-૪૧—૧ અનાભોગ મિથ્યાત્વ, ૧૧ અવિરતિ (મન વિના), ૨૩ કષાય (બે વેદ વિના), ૬ યોગ એ ૪૧ બંધહેતુ છે.

(૨૯) **ધ્યાન** ૦—મન વિના ધ્યાન ન હોય. અથવા આર્ત્ત વિગેરે આઠ અશુભ ચિંતા-ભાવના હોય.

(૩૦) **સંઘયણ** ૧—સેવાર્ત્ત, (૩૧) **સંસ્થાન** ૧—હુંડક.

(૩૨) **સમુદ્ઘાત** ૪—આહારક તૈજસ અને કેવલીસમુદ્ઘાત વિના ચાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) भाव ૨-૨૯—મૂળભાવ ઉપશમ અને ક્ષાયિક વિના ત્રણ હોય. અને ઉત્તરભાવમાં ૧૧ ક્ષયોપશમભાવ (૬ ઉપયોગ, ૫ દાનાદિ), ૧૫ ઔદયિકભાવ (૨ ગતિ, ૨ વેદ, ૨ લેશ્યા, વિના), ૩ પારિણામિકભાવ એ ૨૯ ભાવ છે. (અહિં સાસ્વાદન-ભાવે જ્ઞાન ગણવાથી બે જ્ઞાન કહ્યાં છે).

(૩૪) अवगाहना—મૂળદેહાવગાહના એકેન્દ્રિયવત્, ઉત્તર-દેહાવગાહના જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો-ભાગ વાયુ આશ્રયિ છે, શેષ અસંજ્ઞિ જીવોને વૈક્રિયશરીર ન હોય. તથા સમુદ્‌ઘાતકૃત અવગાહના પણ એકેન્દ્રિયવત્ દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ છે.

(૩૫) स्थिति—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ ૮૪૦૦૦ વર્ષ આયુષ્ય (સમુર્ચ્છિમ ચતુષ્પદનું) છે, જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ એકેન્દ્રિયવત્ અનાદિ અનંત છે.

(૩૬) योनि—ચાર લાખ દેવયોનિ અને ચાર લાખ નારક-યોનિ સિવાય શેષ ૭૬ લાખ યોનિ છે. તેમજ યોનિના સચિત્તાદિ સર્વ ભેદ હોય, પરન્તુ સંવૃતવિવૃતા અને શંખાવર્ત્તાદિ યોનિ ન હોય, કારણકે એ ચારે યોનિ ગર્ભજ જીવોનીજ છે, અને ગર્ભજ જીવો અસંજ્ઞિ ન હોય.

इति संज्ञिद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

२ आहारकद्वारमां ३६ द्वारनी प्राप्ति.

આહારકમાં.

આહારકદ્વારમાં ૩૦ દ્વારોના સર્વ ભેદ હોય છે, પરન્તુ જે ૬ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૯) **आहारी १**—સર્વ ઉત્તરભેદ સહિત એક આહારીપણુંજ હોય.

(૧૬) **गुणस्थान १३**—ચૌદમે ગુણસ્થાને આહારનો અભાવ છે માટે શેષ ૧૩ ગુણસ્થાન છે.

(૨૪) **उदय ८–११८**—માર્ગમાંજ ઉદય આવનારી ચાર આનુપૂર્વીના ઉદય વખતે અનાહારીપણું હોય, માટે શેષ ૧૧૮ નો ઉદય હોય.

(૨૯) **उदीरणा ८–११८**—ઉદયવત્.

(૩૧) **ध्यान १९**—અયોગી ગુણસ્થાનવર્તી શુકલધ્યાનના ચોથા ભેદ સિવાયનાં સર્વધ્યાન અહિં હોય છે.

(૩૯) **स्थिति**—ભવસ્થિતિ સુગમ છે. અને કાયસ્થિતિ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ૨૫૬ આવલિકા છે તે પંચવક્રગતિવાળા લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ આશ્રયિ છે. ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ છે પણ અનન્તકાળ નહિ, કારણકે જીવને પરભવ જતાં વારંવાર ઋજુગતિ એટલાકાળ સુધીજ પ્રાપ્ત થાય, ત્યારબાદ અવશ્ય વક્રગતિ પ્રાપ્ત થાય, માટે કાયસ્થિતિ એ પ્રમાણે શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહી છે, પરન્તુ શ્રી પ્રજ્ઞાપનાજીમાં વિશેષપણાની અપેક્ષાએ જઘન્ય કાયસ્થિતિ બે સમય ન્યૂન ૨૫૬ આવલિકા ત્રિવક્રગતિવાળા એકેન્દ્રિય આશ્રયિ કહી છે, તેથી ઉપરના કથનમાં વિરોધ જાણવો નહિ.

અનાહારકમાં.

અનાહારીપણું પૂર્વભવથી વક્રગતિએ આવતાં માર્ગમાં તથા ઉત્પત્તિના પ્રથમ સમયે હોય, કેવલીને કેવલીસમુદ્ઘાત વખતે ત્રીજે, ચોથે, પાંચમે સમયે, અને ચૌદમા અયોગી ગુણસ્થાને હોય. માટે સર્વે દ્વારો એ ચાર પ્રસંગને અનુસારે વિચારવાં તે નીચે મુજબ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गति વિગેરે ૧૩ દ્વારોમાં તફાવત નહિ હોવાથી તે સિવાયનાં ૨૩ દ્વારો નીચે પ્રમાણે છે—

(૪) योग ૧—મૂળયોગ એક કાયયોગ અને ઉત્તરયોગમાં પણ એક કાર્મણયોગજ હોય.

(૭) ज्ञान ૪—છદ્મસ્થ મુનિપણાને અંગે ઉત્પન્ન થતું મનઃપર્યવજ્ઞાન પૂર્વોક્ત ચારે પ્રસંગમાં નહિ હોવાથી શેષ ચાર જ્ઞાન હોય.

(૯) संयम ૨—વક્રગતિને પ્રસંગે તથા ઉત્પત્તિના પ્રથમ સમયે અવિરતિ ચારિત્ર, અને શેષ બે પ્રસંગે યથાખ્યાત ચારિત્ર હોય છે. શેષ પાંચ ચારિત્ર ચારમાંના કોઇપણ પ્રસંગે હોય નહિ.

(૧૦) दर्शन ३—વક્રગતિમાં તથા પ્રથમ સમયે અચક્ષુ અને અવધિ એ બે દર્શન છે, અને શેષ બે પ્રસંગમાં કેવળદર્શન છે, પરન્તુ ચક્ષુદર્શન ચારમાંના કોઇપણ પ્રસંગે નથી.

(૧૩) सम्यक्त्व ४ (૫)—વક્રગતિમાં અને પ્રથમ સમયમાં ક્ષયોપશમ, ક્ષાયિક, સાસ્વાદન અને મિથ્યાત્વ હોય, પરન્તુ મિશ્ર તથા ઉપશમ સમ્યક્ત્વ પરભવમાં જાય નહિ તેમ કેવલીને પણ ન હોય, અથવા અનુત્તર દેવની અપેક્ષાએ માર્ગમાં મતાન્તરે ઉપશમ સમ્યક્ત્વ પણ હોય માટે પાંચ સમ્યક્ત્વ.

(૧૫) आहारी ૧—એક અનાહારીપણુંજ હોય.

(૧૬) गुणस्थान ૫—પહેલું, બીજું, ચોથું, તેરમું અને ચૌદમું ગુણસ્થાન છે.

(૧૭) जीवभेद ८-३४७—ચૌદમાંથી ૭ અપર્યાપ્તા અને એક સંજ્ઞિપર્યાપ્ત એ આઠ ભેદ, તથા પાંચસોત્રેસઠમાંથી સર્વ અપર્યાપ્તા ૩૩૨ છે, તેમાં ૧૫ કર્મભૂમિ મનુષ્યપર્યાપ્તા ઉમેરતાં ૩૪૭ જીવભેદ થાય.

(૧૯) प्राण ૧-૯—પાંચ ઇન્દ્રિય પ્રાણ ઇન્દ્રિયપર્યાપ્ત છદ્મસ્થને હોય, અને તે ઇન્દ્રિયપર્યાપ્ત તો આહારીજ છે. તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનયોગ વચનયોગ અને શ્વાસોચ્છવાસ એ ત્રણ પ્રાણ પણ તે તે પર્યાપ્તિ પૂર્ણ થતાં આહારીનેજ હોયછે. માટે એ ૯ પ્રાણ સિવાય શેષ એક આયુષ્ય પ્રાણ અનાહારીપણામાં ચારે પ્રસંગે ગણી શકાય. અથવા કેવલીના પંચ પ્રાણ પણ અપેક્ષાપૂર્વક લબ્ધિરૂપે ગણી શકાય.

(૨૦) **સંજ્ઞા** ૪-૦—વક્રગતિમાં અને પ્રથમ સમયમાં આહારાદિ ચારે સંજ્ઞા હોય, પરન્તુ હેતૂપદેશિકી વિગેરે ત્રણસંજ્ઞા તો પર્યાપ્ત છદ્મસ્થ ત્રસજીવને હોય માટે પૂર્વોક્ત ત્રણમાંથી એક પણ પ્રસંગે હેતૂપ૦ વિગેરે સંજ્ઞા ન હોય.

(૨૧) **उपयोग** ૧૦—મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના.

(૨૨) **दृष्टि** ૨—મિશ્રદૃષ્ટિ સિવાય મિથ્યાત્વ અને સમ્યક્દૃષ્ટિ છે.

(૨૩) **बंध** ૭-૧૧૨—મૂળકર્મ આયુષ્ય વિના સાત બંધાય, તેમજ ઉત્તરભેદમાં આહારકદ્વિક, નરકદ્વિક અને ૪ આયુષ્ય એ આઠ સિવાય શેષ ૧૧૨ પ્રકૃતિ બંધાય.

(૨૪) **उदय** ૮-૮૭—ભવધારણીયદેહષટ્ક ૬, સંઘયણ ૬, સંસ્થાન ૬, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ, સ્વર ૨, મિશ્ર, નિદ્રા ૫, એ પાંત્રીસ પ્રકૃતિ વિના શેષ ૮૭ પ્રકૃતિનો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૮-૮૭—ઉદયવત્.

(૨૭) **शरीर** ૩—ઔદારિક તૈજસ૦ અને કાર્મણ એ ત્રણ શરીર કેવલીસમુદ્‌ઘાતવર્તી અનાહારીપણામાં હોય.

(૨૮) **बंधहेतु** ૪-૩૩—અનાભોગ મિથ્યાત્વ, ૬ કાયવધ, ૨૫ કષાય, અને કાર્મણયોગ એ ૩૩ હેતુ છે. શેષ હેતુ મન વચન અને ઔદારિકાદિક કાયાના અભાવે ન ગણાય.

(૨૯) **ध्यान** ૧—અયોગીપણાના પ્રસંગે અયોગી ગુણસ્થાનવર્તી શુક્લધ્યાનનો ચોથો ભેદ હોય. શેષ ત્રણ પ્રસંગે ધ્યાન ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૦) **સંઘયણ ૧**—કેવલીસમુદ્ઘાતના અને અયોગીના અનાહારકપણામાં વજ્રર્ષભનારાચ સંઘયણ છે. શેષ બે પ્રસંગે સંઘયણ ન હોય.

(૩૨) **સમુદ્ઘાત ૧**— અનાહારીપણામાં એક કેવલીસમુદ્ઘાત સંભવે છે. પરન્તુ શ્રી વિચારસારમાં[1] વેદના, કષાય, મરણ, અને વૈક્રિયસમુદ્ઘાત કહ્યો છે તે વિચારવા યોગ્ય છે.

(૩૩) **ભાવ ૪-૪૭**—મૂળભાવ ઉપશમ વિના ચાર હોય, ઉત્તરભાવમાં ૯ ક્ષાયિકભાવ, ૧૪ ક્ષયોપશમભાવ (મનઃપર્યવ, ચક્ષુદર્શન, અને બે વિરતિ વિના), ૨૧ ઔદયિકભાવ, અને ૩ પારિણામિકભાવ એ સર્વ મળી ૪૭ ભાવ છે.

(૩૪) **અવગાહના**—અનાહારી વખતે મૂળદેહની અવગાહના જઘન્યથી બે હાથની હોય, કારણકે જઘન્ય બે હાથની અવગાહનાવાળો મનુષ્યજ ચારિત્ર લઇ કેવળજ્ઞાન પામી કેવલીસમુદ્ઘાત કરી અનાહારી થઇ શકે, અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહના તે પણ એ કારણથીજ. અહિં ઉત્તરદેહના અભાવે ઉત્તરદેહાવગાહના સંભવે નહિ. તેમજ સમુદ્ઘાતકૃત અવગાહના તો કેવલીસમુદ્ઘાતમાં ચોથે સમયે સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે, અને તે ચોથે સમયે અનાહારીજ છે.

(૩૫) **સ્થિતિ**—ભવસ્થિતિ જઘન્યથી ૨૫૬ આવલિકા, અને

---

૧. શ્રી વિચારસાર ગ્રંથમાં જે સમુદ્ઘાત એકેન્દ્રિય વિગેરેને કહ્યા તેજ સમુદ્ઘાત અનાહારીને સાથે સાથે કહ્યા છે. તે વિચારતાં કોઇ રીતે અર્થ બેસતો નથી. વળી મરણ હોય પણ મરણસમુદ્ઘાત હોય કે નહિ તે નિર્ણય શ્રીબહુશ્રુત ગમ્ય છે. કારણકે મરણસમુદ્ઘાતવડે મરણ પામતા જીવનો એક છેડો ઉત્પત્તિ સ્થાને પ્રથમથીજ પહોંચેલો હોય છે. અને બીજો છેડો પૂર્વભવની દેહમાં હોય છે, હવે પૂર્વભવની દેહમાંનો છેડો છુટયાબાદ બીજો છેડો ઉત્પત્તિસ્થાને રહ્યા છતાં આહારી છે કે અનાહારી ? જો આહારી હોય તો મરણસમુદ્ઘાતમાં અનાહારીપણું ન કહેવાય, અનાહારી હોય તો મરણસમુદ્ઘાત પણ ગણી શકાય. માટે નિર્ણય શ્રીબહુશ્રુતગમ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ છે, જઘન્ય કાયસ્થિતિ દ્વિવક્રગતિ આશ્રયિ ૧ સમય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાદિ અનંત છે, કારણકે ચૌદમા ગુણસ્થાનના પ્રારંભથી આગળ કોઇપણ કાળે અનાહારીપણાનો અન્ત નથી.

इति आहारकद्वारे[1] ३६ द्वारप्राप्तिः समाप्ता.

१४ गुणस्थानोमां ३६ द्वारनी प्राप्ति.

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં.

गति આદિ સર્વેદ્વારો મિથ્યાત્વ (સમ્યક્ત્વદ્વારમાં કહેલા મિથ્યાત્વ)વત્.

સાસ્વાદન ગુણસ્થાનમાં.

गति આદિ સર્વેદ્વારો સાસ્વાદન સમ્યક્ત્વમાં કહ્યા પ્રમાણે.

મિશ્ર ગુણસ્થાનમાં.

गति આદિ સર્વેદ્વારો મિશ્રસમ્યક્ત્વમાં કહ્યા પ્રમાણે.

સમ્યક્ત્વ[2] ગુણસ્થાનમાં.

गति આદિ બાવીશ દ્વારો ક્ષયોપશમ સમ્યક્ત્વને અનુસારે જાણવાં, અને જે ચૌદ દ્વારોમાં તફાવત છે તે દ્વારો નીચે પ્રમાણે છે—

૧, આહારદ્વારના સચિત્તાદિ ઉત્તરભેદમાં દ્વારાવતાર કરવો યોગ્ય છે તોપણ ગ્રંથ ઘણો વધી જવાના ભયથી તેમ બની શક્યું નથી.

૨. સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ ગુણસ્થાનમાં તફાવત છે, તેમજ ક્ષયોપશમ સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ ગુણસ્થાન એ બેમાં પણ તફાવત છે, માટે સામાન્ય સમ્યક્ત્વ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વનાં દ્વારોમાં અને સમ્યક્ત્વ ગુણસ્થાને પ્રાપ્ત થતાં દ્વારોમાં તફાવત સ્પષ્ટ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૭) ज्ञान ३—મતિ, શ્રુત, અને અવધિ એ ત્રણ જ્ઞાન છે. શેષ બે જ્ઞાનમાં મનઃપર્યવજ્ઞાન છદ્મસ્થ મુનિને છઠ્ઠાથી બારમા ગુણસ્થાન સુધી, અને કેવળજ્ઞાન સર્વજ્ઞ જીવને તેરમે અને ચૌદમે ગુણસ્થાને હોવાથી એ બે જ્ઞાન ન હોય.

(૯) संयम १—સામાયિકાદિ ચારિત્ર છઠ્ઠા ગુણસ્થાન વિગેરેમાં હોય માટે અહિં એક અવિરતિ ચારિત્રજ હોય.

(૧૩) सम्यक्त्व ३—અહિં મિથ્યાત્વ, સાસ્વાદન, અને મિશ્રસમ્યક્ત્વ હોય નહિ. શેષ ૩ સમ્યક્ત્વ હોય.

(૧૬) गुणस्थान १—" અવિરતિ સમ્યગ્દૃષ્ટિ " એ નામનું ગુણસ્થાન છે.

(૨૧) उपयोग ६—૩ જ્ઞાન, અને ૩ દર્શન મળી ૬ ઉપયોગ હોય.

(૨૩) बंध ૮-૭૭—આહારકદ્વિક બાદ કરતાં શેષ ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

(૨૪) उदय ૮-૧૦૪—આહારકદ્વિક બાદ કરતાં શેષ ક્ષયોપશમ સમ્ય૦ વત્.

(૨૫) उदीरणा ૮-૧૦૪—ઉદયવત્.

(૨૭) शरीर ४—આહારક વિના ચાર શરીર હોય.

(૨૮) बंधहेतु ३-૪૬—આહારકના બે યોગ વિના શેષ ક્ષયોપ૦ સમ્ય૦ વત્.

(૨૯) ध्यान ૮—આઠે અશુભ ધ્યાન હોય પરન્તુ ભાવના અને ચિંતા શુભ પણ હોય છે.

(૩૨) समुद्घात ५—આહારક અને કેવલીસમુ૦ વિના શેષ પાંચ સમુદ્ઘાત છે

(૩૩) भाव ५-૩૫—ક્ષયોપશમ સમ્યક્ત્વમાં કહેલા ૩૬ ભાવમાંથી દેશવિરતિ, સર્વવિરતિ, અને મનઃપર્યવજ્ઞાન એ ત્રણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાદ કરી ઉપશમ સમ્યક્ત્વ, અને ક્ષાયિક સમ્યક્ત્વ ઉમેરતાં ૩૫ ભાવ હોય.

(૩૯) **સ્થિતિ**--ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનુત્તર દેવની અપેક્ષાએ ૩૩ સાગરોપમથી કિંચિત્ અધિકકાળ પ્રમાણ છે. કારણકે મનુષ્યભવમાં ચારિત્ર પાલનના પ્રભાવે શ્રેણિગત ગુણસ્થાનથી કાળ કરી ચોથા ગુણસ્થાન યુક્ત અનુત્તર દેવ થઇ પુનઃ મનુષ્યભવમાં આવ્યા બાદ કેટલાકકાળ સુધી ચોથું ગુણસ્થાન રહે ત્યારબાદ ચારિત્ર પામતાં ચોથું ગુણસ્થાન પલટાઇ છઠ્ઠું સાતમું થાય માટે ચોથા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૩૩ સાગરોપમ છે.

દેશવિરતિ ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે સર્વદ્વારો દેશવિરતિ ચારિત્રવત્ બન્ને સ્થાને વૈક્રિયદ્વિકનો ઉદય પણ ગણવો.

પ્રમત્ત ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૩૨ દ્વારો સામાયિક ચારિત્રને અનુસારે છે, અને જે ચાર દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે છે--

(૧૬) **ગુણસ્થાન** ૧—એક પ્રમત્ત ગુણસ્થાન હોય.

(૨૩) **બન્ધ** ૮-૬૩---આહારકદ્વિક વિના સામાયિક ચારિત્ર પ્રમાણે.

(૨૯) **ધ્યાન** ૩--અગ્રશોક સિવાયનાં ૩ આર્ત્તધ્યાન છે. ધર્મધ્યાન ગૌણ હોવાથી (ગુણ૦ક્રમાંનુ૦ ગ્રંથમાં) ગણ્યું નથી.

(૩૯) **સ્થિતિ**---ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, ત્યારબાદ અવશ્ય અપ્રમત્ત થાય અથવા તો દેશવિરતિ વિગેરે ગુણસ્થાનમાં નીચે ઉતરી આવે, એમ પંચસંગ્રહ તથા શ્રી ભગવતિસૂત્ર વિગેરેનો અભિપ્રાયછે, અથવા દેશૂણ પૂર્વક્રોડ વર્ષ કાયસ્થિતિ પણ કેટલાએક માને છે તે શ્રી દ્રવ્ય લોકપ્રકાશમાં સવિસ્તર કહેલ છે. શેષ સ્વરૂપ સામાયિક ચારિત્રવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાયિક ચારિત્રમાં અને પ્રમતગુણસ્થાનમાં વૈક્રિયદ્વિક તથા ઉદ્યોતનો ઉદય પણ ગણી શકાય માટે ૮૧ અથવા ૮૪ નો પણ ઉદય હોય—એ વિશેષ છે.

અપ્રમત્ત ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૨૫ દ્વારો પ્રમત્ત ગુણસ્થાન પ્રમાણે જાણવાં. શેષ ૧૧ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે—

(૪) **યોગ** ૧૧—અહિં અતિ વિશુદ્ધિ હોવાથી ઉત્તરવૈક્રિય અને આહારક શરીરની રચનાના પ્રારંભ તથા સંહરણનો અભાવ છે માટે બે મિશ્રયોગ ન હોય અને પ્રમત્તમાં વૈક્રિય અથવા આહારક રચ્યાબાદ અપ્રમત્તપણું પામે તેથી વૈક્રિય અને આહારક કાયયોગ હોય. માટે બે મિશ્રયોગ વિના શેષ સર્વ યોગ સામાયિક ચારિત્રવત્ જાણવા.

(૯) **સંયમ** ૩—સામાયિક, છેદોપસ્થાપનીય, અને પરિહાર વિશુદ્ધિ એ ત્રણ ચારિત્ર છે.

(૧૧) **લેશ્યા** ૩—ત્રણ શુભલેશ્યા હોય. (૧૬) **ગુણસ્થાન** ૧ —(સાતમું.).

(૨૩) **બન્ધ** ૮-૫૯—પ્રમત્તગુણસ્થાનમાં જે ૬૩ પ્રકૃતિ છે તેમાંથી શોક, અરતિ, અસ્થિર, અશુભ, અયશ, અને અશાતા એ ૬ બાદ કરી આહારકદ્વિક મેળવતાં ૫૯ નો બંધ. અહિં દેવાયુષ્યનો બંધ પ્રારંભ ન હોય પણ પ્રમત્તથી બંધ પ્રારંભ કરી અપ્રમત્તે આવતાં પણ તે બંધ ચાલુ રહે માટે દેવાયુષ્યનો બંધ પ્રતિપન્નભાવે હોય.

(૨૪) **ઉદય** ૮-૭૮ (૮૧)—પ્રમત્ત સંબંધિ ૮૧ના ઉદયમાંથી સ્ત્યાનર્દ્ધિત્રિક બાદ કરતાં ૭૮ નો ઉદય હોય. પૂર્વ રચિત વૈક્રિયની અપેક્ષાએ વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનો ઉદય ગણતાં ૮૧ નો ઉદય પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) **उदीरणा ६-७९**—મૂળકર્મમાંથી આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની તથા ઉત્તરભેદમાં નરાયુષ્ય અને બે વેદનીય વિના શેષ સર્વ ઉદીરણા ઉદયવત્.

(૨૮) **बंधहेतु २-२४**—પ્રમત્તગુણસ્થાને કહેલા ૨૬ બંધહેતુ-માંથી બે મિશ્રયોગ બાદકરતાં ૨૪ બંધહેતુ હોય.

(૨૯) **ध्यान ४**—ચાર ધર્મધ્યાન હોય. અહિં શ્રી ગુણસ્થાન ક્રમાનુરોહ ગ્રંથમાં શુક્લધ્યાનનો પહેલો ભેદ ગૌણ કહેલો હોવાથી ગણ્યો નથી.

(૩૨) **समुद्घात ०** (૧)—અપ્રમત્તાદિ ગુણસ્થાને ધ્યાનારૂઢ-પણું હોવાથી મરણ હોય પણ મરણસમુદ્ઘાત ન હોય. અથવા એક મરણસમુદ્ઘાત હોય છે. (–ઇતિ વિચારસારે[1]).

(૩૩) **भाव ५-३०**—પ્રમત્ત ગુણસ્થાને કહેલા ૩૩ ભાવમાંથી ૩ અશુભલેશ્યા બાદ કરતાં શેષ ૩૦ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—અહિં ઉત્તરદેહ પ્રારંભના અભાવે અંગુ-લના સંખ્યાતમાભાગરૂપ જઘન્ય ઉત્તરદેહાવગાહના ન હોય. શેષ સ્વરૂપ પ્રમત્તવત્.

અપૂર્વકરણ ગુણસ્થાનમાં.

गति આદિ ૨૩ દ્વારો અપ્રમત્ત ગુણસ્થાન પ્રમાણે છે, અને શેષ ૧૩ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૪) **योग ९**—વૈક્રિય અને આહારકના શુદ્ધયોગ પણ અહિં ન હોય, માટે એ બે સિવાયના શેષ ૯ યોગ અપ્રમત્તવત્.

---

૧. વળી અહિં આહારક અને વૈક્રિય સંબંધિ શુદ્ધયોગ છે પણ વૈક્રિય અને આહારક સમુદ્ઘાત નથી તેનું કારણ એ કે સમુદ્ઘાતનો (પ્રારંભ) મિશ્રયોગ વખતે હોય, પરન્તુ શુદ્ધયોગ વખતે ન હોય માટે પ્રારંભ અપેક્ષાએ સમુ-દ્ઘાત ન હોય, શ્રી વિચારસાર ગ્રંથની મૂળગાથામાં **सेसे मरणं इक्कं** એ સૂત્રથી એક સમુદ્ઘાત કહ્યો છે, અને ટીકામાં મતાંતર પણ દર્શાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯) **સંયમ** ૨—સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્ર હોય, પણ પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા શ્રેણિ ન પ્રારંભે અને આ તથા આગળનાં ગુણસ્થાનો શ્રેણિ સંબંધિજ છે.

(૧૧) **લેશ્યા** ૧—અહિંથી પ્રારંભીને આગળનાં ગુણસ્થાનોમાં એક શુક્લલેશ્યાજ હોય.

(૧૩) **સમ્યક્ત્વ** ૨—ઉપશમશ્રેણિમાં (ક્ષાયિક વા) ઉપશમ સમ્યક્ત્વ, અને ક્ષપકશ્રેણિવંતને ક્ષાયિકસમ્યક્ત્વ હોય. એ બે સિવાય કોઇપણ સમ્યક્ત્વ ન હોય.

(૨૩) **બન્ધ** ૭–૫૮—આ ગુણસ્થાનના સાત ભાગ છે. તેમાં પ્હેલે ભાગે અપ્રમત્ત પ્રમાણે ૫૮, બીજે ભાગે નિદ્રાદ્વિક વિના ૫૬, અને સાતમે ભાગે દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, સુખગતિ, ત્રસાદિ ૯, ઔદા૦ વિના શરીર ૪, અંગોપાંગ ૨, સમચતુરસ્ર, નિર્માણ, જીનનામ, વર્ણાદિ ૪, અગુરૂલઘુચતુષ્કની ૪, એ ૩૦ વિના શેષ ૨૬ પ્રકૃતિઓ બંધાય.

(૨૪) **ઉદય** ૮–૭૨—સમ્યક્ત્વમોહનીય, આહા૦૨, અને છેલ્લાં ત્રણ સંઘયણ વિના શેષ ૭૨ પ્રકૃતિઓ અપ્રમત્તવત્.

(૨૫) **ઉદીરણા** ૬–૬૯—મૂળકર્મમાં વેદનીય અને આયુષ્ય વિના ૬ કર્મની ઉદીરણા, અને ઉત્તરભેદમાં બે વેદનીય અને નરાયુષ્ય વિના ઉદયવત્ ૬૯ ની ઉદીરણા.

(૨૭) **શરીર** ૩—આહારક અને મૂળ અથવા ઉત્તર વૈક્રિય-શરીર આ ગુણસ્થાને ન હોય માટે શેષ ત્રણ શરીર હોય.

(૨૮) **બન્ધહેતુ** ૨–૨૨—વૈક્રિયકાયયોગ (બન્ને પ્રકારનો) અને આહારકયોગ એ બે સિવાય શેષ ૨૨ હેતુ અપ્રમત્તવત્.

(૨૯) **ધ્યાન** ૧—અહિં શુક્લધ્યાનનો પ્હેલો ભેદ હોય.

(૩૦) **સંઘયણ** ૩—ઉપશમશ્રેણિવાળો જો આ ગુણસ્થાને આવે તો તેને પ્હેલાં ત્રણ સંઘયણ હોય, અને ક્ષપકશ્રેણિવાળો આવે તો તેને પ્હેલું એકજ સંઘયણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) **भाव** ૯-૨૭—ક્ષયોપશમ સમ્યક્ત્વ અને તેજોલેશ્યા તથા પદ્મલેશ્યા એ ત્રણ વિના શેષ ૨૭ ભાવ અપ્રમત્તવત્.

(૩૪) **अवगाहना**—ઉત્તરદેહાવગાહના હોય નહિ, કારણકે ઉત્તરશરીરમાં વર્તતો જીવ શ્રેણિ પ્રારંભે નહિ. શેષ સ્વરૂપ અપ્રત્તવત્.

અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૨૯ દ્વારો અપૂર્વકરણ ગુણસ્થાન પ્રમાણે જાણવાં શેષ ૭ દ્વારમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે.

(૬) **कषाय** ૪-૭—મૂળ કષાય ક્રોધાદિ ચાર અને ઉત્તર કષાયમાં ચાર સંજ્વલન અને ત્રણ વેદ એ ૭ કષાય હોય.

(૨૦) **संज्ञा** ૩-૨—ભય વિના આહારાદિ ત્રણ સંજ્ઞા,-અને હેતૂ૫૦ વિના દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી એ બે સંજ્ઞા હોય.

(૨૩) **बन्ध** ૭-૨૨—આ ગુણસ્થાનના પાંચ ભાગ છે, ત્હેમાં હાસ્ય, રતિ, કુત્સા, અને ભય એ ચાર પ્રકૃતિ જતાં પ્હેલે ભાગે શેષ બાવીસ પ્રકૃતિ અપૂર્વકરણ ગુણસ્થાનને અનુસારે જાણવી. બીજે ભાગે પુરૂષવેદ જતાં ૨૧, ત્રીજે ભાગે સંજ્વલન માન જતાં ૧૯, અને સંજ્વલન માયા જવાથી પાંચમે ભાગે ૧૮ પ્રકૃતિ બંધાય.

(૨૪) **उदय** ૮-૬૬—અપૂર્વકરણમાં કહેલી ૭૨ પ્રકૃતિમાંથી હાસ્ય વિગેરે ૬ પ્રકૃતિ બાદ કરતાં શેષ ૬૬ નો ઉદય.

(૨૫) **उदीरणा** ૬-૬૩—બે વેદનીય અને નરાયુષ્ય વિના ઉદયવત્.

(૨૮) **बन्धहेतु** ૨-૧૬–હાસ્યાદિ ૬ વિના શેષ અપૂર્વકરણવત્.

(૩૩) **भाव** ૫-૨૮—અપૂર્વકરણવર્તી ૨૭ ભાવમાં ઉપશમ-ચારિત્ર મેળવતાં ૨૮ ભાવ હોય કારણકે ઉપશમચારિત્ર આ ગુણસ્થાને સંજ્વલન લોભ વિના ૨૭ મોહનીય ઉપશાન્ત થવાથી હોય છે, તેમજ ઉપશમાવવાનો પ્રારંભ પણ અહિંજ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે સર્વદ્વારો સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં કહ્યા પ્રમાણે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૨૮ દ્વારો સૂક્ષ્મસંપરાય તુલ્ય છે, શેષ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે--

(૬) **कषाय** ૦–સર્વ મોહનીય ઉપશાન્ત થવાથી કષાય ન હોય.

(૯) **संयम** ૧—ઉપશમયથાખ્યાત નામનું એક ચારિત્ર હોય.

(૨૦) **संज्ञा** ૧-૨—એક આહારસંજ્ઞા હોય. અને દીર્ઘકા૦ તથા દૃષ્ટિવા૦ સંજ્ઞા હોય. પરન્તુ મોહનીય કર્મથી ઉત્પન્ન થતી પરિગ્રહાદિ સંજ્ઞા તથા અસંજ્ઞિ યોગ્ય હેતુપ૦ સંજ્ઞા ન હોય.

(૨૩) **बन्ध** ૧-૧—મૂળકર્મમાં એક વેદનીય કર્મનો, તેમજ ઉત્તરભેદમાં એક શાતાવેદનીયકર્મનો બંધ છે.

(૨૪) **उदय** ૭-૫૯—મૂળકર્મમાં મોહનીય વિના શેષ ૭ કર્મો ઉદય, તેમજ ઉત્તરભેદમાં સંજ્વલન લોભ વિના શેષ ૫૯ પ્રકૃતિનો ઉદય સૂક્ષ્મસંપરાય પ્રમાણે જાણવો.

(૨૫) **उदीरणा** ૫-૫૬—મૂળકર્મમાં મોહનીય વેદનીય અને આયુષ્ય વિના પાંચની ઉદીરણા, અને ઉત્તરભેદમાં બે વેદનીય અને નરાયુષ્ય વિના ૫૬ પ્રકૃતિની ઉદીરણા ઉદય પ્રમાણે જાણવી.

(૨૮) **बंधहेतु** ૧-૯—મૂળહેતુમાં યોગ, અને ઉત્તરહેતુમાં ૯ યોગ બંધના કારણરૂપ છે. (અહિં સૂક્ષ્મસંપરાયવત્ સં૦ લોભ ન હોય.).

(૩૩) **भाव** ૫-૨૦—સૂક્ષ્મસંપરાયમાં કહેલા ૨૨ માંથી લોભ અને ક્ષયોપશમચારિત્ર વિના શેષ ૨૦ ભાવ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષીણમોહ ગુણસ્થાનમાં.

गति આદિ ૨૬ દ્વારો ઉપશાન્તમોહ ગુણસ્થાનવત્ છે. શેષ ૧૦ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે.

(૯) **संयम** ૧—સંયમદ્વાર જો કે ૧૧મા ગુણસ્થાનવત્ યથાખ્યાતચારિત્રરૂપે તુલ્ય છે પરન્તુ ત્યાં ઉપશમયથાખ્યાત ચારિત્ર છે, અને અહિં ક્ષાયિકયથાખ્યાત ચારિત્ર છે, એ પ્રમાણે વિશેષણ માત્રનોજ તફાવત જાણવો.

(૧૩) **सम्यक्त्व** ૧—અહિં એક ક્ષાયિક સમ્યક્ત્વ હોય.

(૨૪) **उदय** ૭–૫૭—મૂળકર્મમાં મોહનીય વિના ૭ કર્મ અને ઉત્તરભેદમાં રૂષભનારાચ અને નારાચ વિના શેષ સત્તાવન પ્રકૃતિઓ: ૧૧ મા ગુણસ્થાન પ્રમાણે છે. તેમજ બે નિદ્રા વિના અન્ત્ય સમયે ૫૫ નો ઉદય છે.

(૨૫) **उदीरणा** ૫–૫૪—મૂળકર્મમાં વેદનીય આયુષ્ય અને મોહનીય વિના પાંચની ઉદીરણા, અને ઉત્તરભેદમાં બે વેદનીય અને નરાયુષ્ય વિના ઉદયવત્ ૫૧ ની ઉદીરણા છે.

(૨૬) **सत्ता** ૭–૧૦૧—મૂળકર્મમાં મોહનીય વિના સાતની સત્તા અને ઉત્તરભેદમાં ૨૮ મોહનીય, ૩ વિરૂદ્ધ આયુષ્ય, ૩ થીણદ્ધિત્રિક, સ્થાવર, સૂક્ષ્મ, તિર્યગ્દ્વિક, નરકદ્વિક, આતપ, ઉદ્યોત, કુજાતિ ૪, સાધારણ એ ૪૭ પ્રકૃતિ વિના શેષ ૧૦૧ ની સત્તા હોય.

(૨૯) **ध्यान** ૧—એક શુકલધ્યાનનો બીજો ભેદ હોય.

(૩૦) **संघयण** ૧–વજ્રર્ષભનારાચ નામે પ્રથમ સંઘયણ હોય.

(૩૩) **भाव** ૪–૧૯—મૂળભાવમાં ઉપશમ વિના ચાર ભાવ, અને ઉત્તરભાવમાં ૧૧ મા ગુણસ્થાને કહેલા વીશ ભાવમાંથી બે ઉપશમભાવ બાદ કરી ક્ષાયિકચારિત્ર ઉમેરતાં ૧૯ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—સમુદ્ઘાતના અભાવે સમુદ્ઘાતકૃત અવગાહના ન હોય. શેષ સર્વ સ્વરૂપ ઉપશાન્તમોહવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૯) **સ્થિતિ**—જઘન્ય અને ઉત્કૃષ્ટ એ બન્ને કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. શેષ સ્વરૂપ ઉપશાન્તમોહવત્.

સયોગીકેવલી ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૨૨ દ્વાર ક્ષીણમોહ ગુણસ્થાનવત્ જાણવાં, શેષ ૧૪ દ્વારમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૪) **યોગ** ૭—અહિં કેવળજ્ઞાન હોવાથી અસત્ય મન[1] અને વચનયોગ, મિશ્ર મન[2] અને વચનયોગ એ ચાર યોગ ન હોય, પરન્તુ કેવળીસમુદ્ઘાત વખતે ઔદારિકમિશ્ર અને કાર્મણ એ બે યોગ અધિક છે, માટે ક્ષીણમોહીના નવ યોગમાંથી ચાર યોગ બાદકરી બે યોગ મેળવતાં (સત્ય અને વ્યવહાર મનયોગ, સત્ય અને વ્યવહાર વચનયોગ, ઔદારિકમિશ્ર, અને કાર્મણ કાયયોગ એ)૭ યોગ હોય.

(૭) **જ્ઞાન** ૧—આ ગુણસ્થાને એક કેવળજ્ઞાન હોય.

(૧૦) **દર્શન** ૧—આ ગુણસ્થાને એક કેવળદર્શન હોય છે.

(૧૯) **પ્રાણ** ૯—પાંચ ઈન્દ્રિય પ્રાણ ન હોય, કારણકે સર્વજ્ઞના જ્ઞાનમાં ઈન્દ્રિયોનો ઉપયોગ ન હોય, માટે શેષ પાંચ પ્રાણ હોય.

(૨૦) **સંજ્ઞા** ૧ (૦)–૦—આહારાદિ ચારમાંની એક આહારસંજ્ઞા ક્ષુધાવેદનીયના ઉદયથી હોય, અથવા સંજ્ઞા તે ચિંતારૂપ હોવાથી છદ્મસ્થનેજ ગણવામાં આવે તો આહાર હોય પરન્તુ આહારસંજ્ઞા ન હોય, તેમજ હેતૂપદેશિકી વિગેરે કોઈ સંજ્ઞા ન હોય.

૧–૨. છદ્મસ્થને જેમ ચિંતવનરૂપ સ્વોપયોગી મનયોગ છે તેમ કેવળીને નથી, પણ કોઈએ મનથી પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતી વખતે મનપુદ્ગલોને તદાકારે પરિણમાવવારૂપ પરોપયોગી મનયોગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૧) **उपयोग** ૨—કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ છે.

(૨૪) **उदय** ૪-૪૨—મૂળકર્મમાં નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય એ ચારનો ઉદય છે, તેમજ ઉત્તરભેદમાં ક્ષીણમોહમાં કહેલી પંચાવન પ્રકૃતિમાંથી જ્ઞાનાવરણુ ૫, દર્શનાવરણુ ૪, અન્તરાય ૫, એ ૧૪ પ્રકૃતિ બાદ કરી જીનનામકર્મ અધિક મેળવતાં ૪૨ નો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૨–૩૯--મૂળકર્મમાં નામ અને ગોત્રકર્મની ઉદીરણા હોય, તેમજ ઉત્તરભેદમાં બે વેદનીય અને નરાયુષ્ય (૪૨ માંથી) બાદ કરતાં શેષ ૩૯ પ્રકૃતિની ઉદીરણા ઉદયમાં કહ્યા પ્રમાણે હોય.

(૨૬) **सत्ता** ૪–૮૫—મૂળકર્મમાં ઉદયવત્ ચારની સત્તા હોય, ઉત્તરભેદમાં ક્ષીણમોહીને કહેલી ૧૦૧ પ્રકૃતિમાંથી નિદ્રા અને પ્રચલા તો ક્ષીણમોહને ઉપાન્ત્ય સમયે ક્ષય પામી, તેમજ પાંચ-જ્ઞાનાવરણુ પાંચ અન્તરાય અને ચાર દર્શનાવરણુ એ ૧૪ પ્રકૃતિ ક્ષીણમોહને છેલ્લે સમયે ક્ષય પામી, માટે તે ૧૬ પ્રકૃતિ બાદ કરતાં શેષ ૮૫ પ્રકૃતિની સત્તા હોય.

(૨૮) **बंधहेतु** ૧–૭—મૂળહેતુમાં યોગરૂપ એક હેતુ છે, અને ઉત્તરહેતુમાં સાત યોગ છે.

(૨૯) **ध्यान** ૧—યોગનિરોધ વખતે શુકલધ્યાનનો ત્રીજો ભેદ હોય, અને શેષ વખતમાં ધ્યાન ન હોય (પણ ધ્યાનાન્તરિકા કાળ હોય.).

(૩૨) **समुद्‌घात** ૧—કેવલીસમુદ્‌ઘાતરૂપ એક સમુદ્‌ઘાત છે.

(૩૩) **भाव** ૩–૧૪—મૂળભાવ ક્ષાયિક, ઐાદયિક, અને પારિણામિક એ ત્રણુ ભાવ હોય, ઉત્તરભેદમાં ૯ ક્ષાયિકભાવ, ૩ ઐાદયિકભાવ (નરગતિ, શુકલલેશ્યા, અને અસિદ્ધત્વ), અને ૨ પારિણામિકભાવ (જીવત્વ અને ભવ્યત્વ) એ પ્રમાણે ૧૪ ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય. આ તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ભવ્યત્વભાવ સ્વીકારેલો છે, તેનું કારણકે શાસ્ત્રમાં ભવ્યમાર્ગણાએ ૧૪ ગુણસ્થાન કહેલાં છે. વળી કેટલાએક તો કેવળીભગવાનમાં દ્રવ્ય સિદ્ધત્વ ગણીને ભવ્યત્વભાવ ગણતા નથી.

(૩૪) **अवगाहना**—સમુદ્ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે. શેષ સ્વરૂપ ક્ષીણમોહવત્.

(૩૯) **स्थिति**—જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૮ વર્ષ ૭ માસ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે. તેમજ ભવસ્થિતિ ક્ષીણમોહવત્.

અયોગીકેવલી ગુણસ્થાનમાં.

ગતિ વિગેરે ૨૨ દ્વારો[૧] સયોગીકેવલી ગુણસ્થાન પ્રમાણે જાણવાં, શેષ ૧૪ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે—

(૪) **योग** ૦—યોગ રહિતપણું હોવાથીજ આ ગુણસ્થાન અયોગી કહેવાય છે. ગુણસ્થાનક્રમાનુરોહ ગ્રંથમાં સૂક્ષ્મ કાયયોગ કહ્યો છે પણ તે અહિં અવિવક્ષિત છે.

(૧૧) **लेश्या** ૦—યોગ અને લેશ્યા અન્વયવ્યતિરેકભાવે હોવાથી યોગ નથી માટે લેશ્યા પણ નથી.

(૧૯) **आहारी** ૧—યોગાભાવે આહાર ન હોય, પણ એક અનાહારીપણું હોય.

(૧૯) **प्राण** ૧–આયુષ્ય પ્રાણ સિવાય કોઈપણ પ્રાણ ન હોય.

(૨૦) **संज्ञा** ૦-૦—અનાહારીપણું હોવાથી આહારસંજ્ઞા પણ ન હોય.

(૨૩) **बंध** ૦-૦—યોગાભાવે કર્મબંધ પણ ન હોય.

---

૧. સયોગિ અને અયોગી ગુણસ્થાનમાં સંજ્ઞિપણું મનોદ્રવ્યના સંબંધ માત્રથીજ છે, પણ ચિંતારૂપ નહિ. (પંચસંગ્રહે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२४) उदय ४-१२—મૂળ ચાર અઘાતિ કર્મનો ઉદય છે, અને ઉત્તરભેદમાં કાયયોગને અભાવે ઔદારિકાદિ ૩૦ પ્રકૃતિનો ઉદય ક્ષય પામતાં શેષ સુભગ, આદેય, યશ, શાતા કે અશાતા, ત્રસાદિ ૩, પંચેન્દ્રિયજાતિ, મનુષ્યગતિ, મનુષ્યાયુષ્ય, જીનનામ, અને ઉચ્ચ ગોત્ર એ ૧૨ પ્રકૃતિનો ઉદય હોય. એ ૧૨ પ્રકૃતિઓ છેલ્લે સમયે ઉદયમાંથી ક્ષય પામે છે.

(२५) उदीरणा ०-०—યોગનો અભાવ હોવાથી ઉદીરણા પણ હોય નહિ.

(२८) बंधहेतु ०-०—યોગનો અભાવ છે. માટે બન્ધ નથી.

२९) ध्यान १—શુકલધ્યાનનો ચોથો ભેદ હોય.

(३२) समुद्घात ०—યોગને અભાવે સમુદ્ઘાત પણ ન હોય.

(३३) भाव ३-१३—શુકલલેશ્યા વિના ૧૩ ભાવ સયોગિવત્.

(३४) अवगाहना—ક્ષીણમોહવત્. કારણકે અહિં સયોગીમાં કહેલી સમુદ્ઘાતકૃત અવગાહના ન હોય.

(३५) स्थिति—ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત (પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણ), અને જઘન્ય કાયસ્થિતિ પણ તેટલીજ છે. તેમજ ભવસ્થિતિ સયોગીવત્.

इति चतुर्दशगुणस्थानेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१७) चौद अने पांचसोत्रेसठ जीवभेदमां ३६ द्वारोनी प्राप्ति.

ચૌદ જીવભેદમાં.

(૧) સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિયમાં.

(१) गति १ (તિર્યંચ), **(२) इन्द्रिय** १, **(३) काय** ૫, **(४) योग** २* (ઔદારિકમિશ્ર, અને કાર્મણ), (૫) **वेद** १ (નપુંસક), (६) **कषाय** ४–२३ (સ્ત્રીવેદ, પુરૂષવેદ વિના), (७) **ज्ञान** ०, (८) **अज्ञान** २, (९) **संयम** १ (અવિરતિ), १०) **दर्शन** १ (અચક્ષુ), (११) **लेश्या** ३ (અશુભ), (१२) **भव्य** २, (१३) **सम्यक्त्व** १ (મિથ્યાત્વ), (१४) **संज्ञित्व** १ (અસંજ્ઞિ), (१५) **आहारी**[1] २, (१६) **गुणस्थान** १ (પ્હેલું),—સુગમ છે.

(१७) **जीवभेद** १–५—ચૌદમાંથી સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિય નામે એક જીવભેદ, અને પાંચસોત્રેસઠમાંથી પાંચ અપર્યાપ્તસૂક્ષ્મ એકેન્દ્રિય (સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ)રૂપ પાંચ જીવભેદ હોય.

(१८) **पर्याप्ति** ३—આહાર શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિઓ હોય, કારણકે સર્વ લબ્ધિપર્યાપ્ત જીવો તેમજ કરણ-અપર્યાપ્ત એકેન્દ્રિયજીવો અવશ્ય ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યારબાદ

* શરીરપર્યાપ્તને ઔદારિક કાયયોગ માનવાથી ઔદારિકયોગ સહિત ત્રણ યોગ પણ કહેવાય.

૧. સર્વે અપર્યાપ્તજીવોને અનાભોગ આહારજ હોય, અને કવલઆહાર હોય નહિ, તથા પર્યાપ્તજીવોમાં ઓજઆહાર ન હોય,શેષ સ્વરૂપ યથાસંભવ વિચારવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લબ્ધિઅપર્યાપ્ત હોય તો મરણ પામે અને કરણપર્યાપ્ત હોય તો ચોથી પર્યાપ્તિ પૂર્ણ કરી પર્યાપ્ત એકેન્દ્રિય થાય.

(૧૯) **प्राण** ३—આયુષ્ય, સ્પર્શેન્દ્રિય અને કાયયોગ એ ત્રણ પ્રાણ છે. એકેન્દ્રિયને શ્વાસોચ્છવાસ સહિત ચાર પ્રાણ હોય, પરન્તુ અપર્યાપ્ત એકેન્દ્રિયને શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ પૂર્ણ નહિ થતી હોવાથી શ્વાસોચ્છવાસ પ્રાણ હોય નહિ. વળી શરીરપર્યાપ્તિ સમાપ્ત થવાથી ઔદારિકયોગ, અથવા અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકયોગ ન ગણે તોપણ કાર્મણ વિગેરે કાયયોગ તો અપર્યાપ્ત અવસ્થામાંએકેન્દ્રિયને હોય છે.

(૨૦) **संज्ञा** ४-०—આહારાદિ ચારે સંજ્ઞા હોય અને હેતૂપદેશિકી વિગેરે ત્રણમાંની કોઈપણ સંજ્ઞા ન હોય.

(૨૧) **उपयोग** ३—અચક્ષુદર્શન અને બે અજ્ઞાનરૂપ ત્રણ ઉપયોગ હોય.

(૨૨) **दृष्टि** १—મિથ્યાદૃષ્ટિ હોય છે.

(૨૩) **बंध** ८-१०९—જીનનામ, સુરત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, અને આહારકદ્વિક એ અગીઆર પ્રકૃતિ વિના શેષ ૧૦૯ ઉત્તરપ્રકૃતિઓ બાંધે અને મૂળકર્મ આઠ બાંધે.

(૨૪) **उदय** ८-७३—નરક ૩, દેવ ૩, વૈક્રિય ૨, નરત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ, પુરૂષવેદ, જાતિ ૪, આહારકદ્વિક, ઔદારિક-ઉપાંગ, સંઘયણ ૬, સંસ્થાન ૫, ખગતિ ૨, જીનનામ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સ્વર ૨, સમ્યક્ત્વ, મિશ્ર, સુભગ, આદેય, યશ, પરાઘાત, આતપ, ઉદ્યોત તથા ઉચ્છવાસ એ ૪૯ પ્રકૃતિ વિના શેષ ૭૩ પ્રકૃતિનો ઉદય લબ્ધિઅપર્યાપ્તને હોય.

(૨૫) **उदीरणा** ८-७३—ઉદયવત્.

(૨૬) **सत्ता** ८-१४५—જીનનામ, નરકાયુ અને દેવાયુ વિના એકસો પીસ્તાલીશની સત્તા હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૭) **शरीर ३**—ઔદારિક, તૈજસ, અને કાર્મણ એ ત્રણ શરીર હોય.

(૨૮) **बंधहेतु ४-३३**—મૂળબંધહેતુ ચાર અને ઉત્તરબંધહેતુમાં અનાભોગ મિથ્યાત્વ, સ્પર્શેન્દ્રિય અવિરતિ, ૬ કાયવધ, ૨૩ કષાય, અને ઔદારિકમિશ્ર તથા કાર્મણયોગ મળી ૩૩ ઉત્તરબંધહેતુ હોય.

(૨૯) **ध्यान ०**—મન રહિતને ધ્યાન ન હોય માટે.

(૩૦) **संघयण ०**—હાડરહિતને સંઘયણ ન હોય માટે.

(૩૧) **संस्थान १**—મસૂરની દાળ સરખું અથવા અર્ધચંદ્રાકાર વિગેરે પાંચ પ્રકારનું હુંડકસંસ્થાન એકેન્દ્રિય માર્ગણામાં કહ્યા પ્રમાણે હોય.

(૩૨) **समुद्घात ३**—વેદના કષાય અને મરણ એ ત્રણ સમુદ્ઘાત હોય. પરન્તુ તથાપ્રકારની લબ્ધિ વિના શેષ ચાર સમુદ્ઘાત ન હોય.

(૩૩) **भाव ३-२४**—મૂળભાવ ક્ષયોપશમ, ઔદયિક, અને પારિણામિક એ ૩ ભાવ હોય,ઉત્તરભેદમાં ક્ષયોપશમભાવે ૫ દાનાદિલબ્ધિ, ૩ ઉપયોગ, તેમજ ઔદયિકભાવમાં ૩ વિરૂદ્ધગતિ ૩ અશુભલેશ્યા બે વેદ એ આઠ વિના ૧૩, અને ૩ પારિણામિકભાવ એ સર્વ મળી ચોવીશભાવ હોય.

(૩૪) **अवगाहना**—જન્મદેહની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ, ઉત્કૃષ્ટ અવગાહના પણ કિંચિત્ અધિક અંગુલનો અસંખ્યાતમોભાગ છે, અને મરણસમુદ્ઘાતકૃત તૈજસ અવગાહના દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ છે. ઉત્તરદેહાવગાહના હોય નહિ.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, કાયસ્થિતિ બન્ને પ્રકારે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહી છે. અહિં કાયસ્થિતિ લબ્ધિ અને કરણ એ બન્ને અપર્યાપ્તપણાને અંગે કહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) **योनि**—એકેન્દ્રિય માર્ગણામાં કહ્યા પ્રમાણે ૫૨૦૦૦૦૦ યોનિ જાણવી. તથા સચિત્ત વિગેરે ત્રણ પ્રકારની, શીત વિગેરે ત્રણ પ્રકારની, અને સંવૃતવિગેરેમાંની એક સંવૃતયોનિ છે. શંખા-વર્ત્તાદિયોનિ હોય નહિ.

---

(૨) સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિયમાં.

गति વિગેરે ૩૦ દ્વારો સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિય તુલ્ય[1] છે, શેષ ૬ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૪) **योग १**—ઔદારિકયોગ છે.

(૧૮) **पर्याप्ति ४**—પર્યાપ્તપણું હોવાથી પર્યાપ્તએકેન્દ્રિયને યોગ્ય આહાર, શરીર, ઇન્દ્રિય અને ઉચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિ હોય.

(૧૯) **प्राण ४**—આયુષ્ય, સ્પર્શેન્દ્રિય, કાયયોગ, અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણ હોય, કારણકે શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પણ પૂર્ણ થયેલી હોય છે.

(૨૪) **उदय ८–७४**—સૂક્ષ્મ અપર્યાપ્તને જે ૭૩ પ્રકૃતિનો ઉદય કહ્યો છે તેમાંથી તિર્યગાનુપૂર્વી અને અપર્યાપ્ત નામકર્મ બાદ કરી પર્યાપ્તનામકર્મ પરાઘાત અને ઉશ્વાસનામકર્મ ઉમેરતાં ૭૪ પ્રકૃતિઓનો ઉદય લબ્ધિપર્યાપ્તને પર્યાપ્તાવસ્થામાં હોય.

(૨૫) **उदीरणा ८–७४**—ઉદયવત્.

(૨૮) **बंधहेतु ४–३२**–યોગમાં ૧ ઔદારિકયોગ ગણવાથી.

(૩૨) **स्थिति**—જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ તથા જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લબ્ધિપર્યાપ્તપણાની અપેક્ષાએ અસંખ્યકાળચક્ર પ્રમાણ છે.

---

૧. અહિં સર્વત્ર અપર્યાપ્તાને બદલે પર્યાપ્ત શબ્દ કહેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) બાદરઅપર્યાપ્ત એકેન્દ્રિયમાં.

ગતિ વિગેરે ૩૧ દ્વારો સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિય તુલ્ય છે, પરન્તુ સૂક્ષ્મને સ્થાને બાદર શબ્દ કહેવો, શેષ ૫ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૧૧) **લેશ્યા** ૪—અપર્યાપ્તપણામાં (દેવભવથી આવેલા) એકેન્દ્રિયને તેજોલેશ્યા પણ હોય છે.

(૧૩) **સમ્યક્ત્વ** ૨—કર્મગ્રંથમતે પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિને અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ પણ કહ્યું છે, માટે મિથ્યાત્વ અને સાસ્વાદન એ બે સમ્યક્ત્વ હોય.

(૧૬) **ગુણસ્થાન** ૨—સમ્યક્ત્વવત્.

(૧૭) **જીવભેદ** ૧-૬—ચૌદ ભેદમાંનો "બાદરપર્યાપ્ત એકેન્દ્રિય" એ નામે એક ભેદ છે, અને પાંચસોત્રેસઠ ભેદમાંથી બાદરઅપર્યાપ્ત પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, અને પ્રત્યેક વનસ્પતિ એ ૬ ભેદ હોય છે.

(૩૩) **ભાવ** ૩-૨૯—તેજોલેશ્યા સહિત સૂક્ષ્મઅપર્યાપ્ત એકેન્દ્રિયવત્.

---

(૪) બાદરપર્યાપ્ત એકેન્દ્રિયમાં.

ગતિ વિગેરે ૨૭ દ્વારો સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિય તુલ્ય છે, પરન્તુ સૂક્ષ્મને સ્થાને બાદર શબ્દ કહેવો, અને **શરીર, સમુદ્ઘાત, ભાવ, અવગાહના** એ ૪ દ્વાર સામાન્ય એકેન્દ્રિય માર્ગણા તુલ્ય કહેવાં, શેષ ૫ દ્વારમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે—

(૪) **યોગ** ૩—ઔદારિક, વૈક્રિયમિશ્ર, અને વૈક્રિયયોગ.

(૨૪) **ઉદય** ૮-૭૮—એકેન્દ્રિય માર્ગણામાં જે ૮૧ નો ઉદય કહ્યો છે તેમાંથી અપર્યાપ્ત, સૂક્ષ્મ, અને તિર્યંચાનુપૂર્વી એ ત્રણ બાદ કરતાં ૭૮નો ઉદય લબ્ધિપર્યાપ્તને પર્યાપ્તાવસ્થામાં જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા સૂક્ષ્મપર્યાપ્તને કહેલી ૭૪ માંથી સૂક્ષ્મ અને અપર્યાપ્ત બાદ કરી યશ, પરા૦ ઉશ્વાસ, વૈ૦, આતપ, અને ઉદ્યોત મેળવતાં પણ ૭૮ નો ઉદય હોય. (-બંધોદયસત્તા પ્રકરણે).

(૨૯) **उदीरणा** ૮-૭૮—ઉદયવત્.

(૨૮) **बंधहेतु** ૪-૩૪—યોગ ૩. શેષ પર્યાપ્ત સૂક્ષ્મવત્.

(૩૯) **स्थिति**—ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય કાળચક્ર પ્રમાણ છે, કારણકે વારંવાર લબ્ધિપર્યાપ્તપણું એટલાકાળ સુધી પ્રાપ્ત થાય, ત્યારબાદ અવશ્ય લબ્ધિઅપર્યાપ્તપણું પ્રાપ્ત થાય. અહિં કરણપર્યાપ્તપણાની કાયસ્થિતિ તો અન્તર્મુહૂર્ત ન્યૂન ૨૨૦૦૦ વર્ષ પ્રમાણ છે, પરન્તુ શ્રીપ્રજ્ઞાપનાદિ શાસ્ત્રોમાં તો લબ્ધિપર્યાપ્તપણાની કાયસ્થિતિ અંગીકાર કરી છે, આગળ પણ એ પ્રમાણે લબ્ધિપર્યાપ્તપણાનીજ કાયસ્થિતિ કહેવાશે. શેષ સ્વરૂપ એકેન્દ્રિય માર્ગણાવત્.

---

(૫) અપર્યાપ્ત દ્વીન્દ્રિયમાં.

गति વિગેરે ૨૫ દ્વારો સામાન્ય દ્વીન્દ્રિય માર્ગણા તુલ્ય જાણવાં, શેષ ૧૧ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૪) **योग** ૨—ઔદારિકમિશ્ર, અને કાર્મણ.

(૧૯) **आहारक** ૨—કવલ અને આભોગઆહાર ન હોય, શેષ સ્વરૂપ દ્વીન્દ્રિય માર્ગણાવત્.

(૧૭) **जीवभेद** ૧-૧—ચૌદ અને પાંચસોત્રેસઠ જીવભેદમાંથી "અપર્યાપ્ત દ્વીન્દ્રિય" એ નામનો એક જીવભેદ હોય.

(૧૮) **पर्याप्ति** ૪—આહાર, શરીર, ઇન્દ્રિય, અને ઉચ્છવાસ.

(૧૯) **प्राण** ૯-વચનયોગ વિના દ્વીન્દ્રિય યોગ્ય ૫ પ્રાણ છે.

(૨૦) **संज्ञा** ૪-૦—આહારાદિ ચારે સંજ્ઞા હોય. તથા વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ હોવાથી હેતૂપદેશિકીસંજ્ઞા ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૪) **उदय** ૮-૭૪—જ્ઞાનાવરણુ ૫, દર્શનાવરણુ ૯, વેદનીય ૨, મોહનીય ૨૪ (મિશ્ર, સમ્યક્ત્વ, બે વેદ વિના), તિર્યંગાયુ, ધ્રુવોદયી ૧૨, તિર્યગ્દ્વિક, દ્વીન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, અયશ, ઔદારિકદ્વીક, હુંડક, સેવાર્ત્ત, ઉપઘાત, પ્રત્યેક, નીચગોત્ર, અને ૫ અન્તરાય.

(૨૯) **उदीरणा** ૮-૭૪—ઉદયવત્.

(૨૮) **बंधहेतु** ૪-૩૪—વ્યવહારવચનયોગ અને ઔદારિક-કાયયોગ વિના દ્વીન્દ્રિયવત્.

(૩૪) **अवगाहना**—જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ, શેષ સ્વરૂપ દ્વીન્દ્રિયવત્.

(૩૯) **स्थिति**—બન્ને પ્રકારની ભવસ્થિતિ અને કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણુ છે.

---

(૬) પર્યાપ્ત દ્વીન્દ્રિયમાં.

गति વિગેરે ૨૪ દ્વારો દ્વીન્દ્રિયમાર્ગણા તુલ્ય છે, શેષ જે ૧૨ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૪) **योग** ૨—ઔદારિક, અને વ્યવહારવચનયોગ.

(૭) **ज्ञान** ૦-પર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદનભાવ ન હોય.

(૧૩) **सम्यक्त्व** ૧—પર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદષ્ટિજ હોય.

(૧૯) **आहारक** ૧—પર્યાપ્ત અવસ્થામાં આહારીપણુંજ હોય. તેમજ આભોગિકઆહાર અને કવલઆહાર પણ હોય.

(૧૬) **गुणस्थान** ૧—સમ્યક્ત્વવત્.

(૧૭) **जीवभेद** ૧-૧—પર્યાપ્તદ્વીન્દ્રિયરૂપ એક ભેદ હોય.

(૨૧) **उपयोग** ૩—પર્યાપ્તદ્વીન્દ્રિયને બે જ્ઞાન ન હોય માટે ઉપયોગ ત્રણુ હોય છે.

(૨૨) **दृष्टि** ૧—પર્યાપ્ત અવસ્થામાં એક મિથ્યાદષ્ટિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૪) **उदय** ૮-૮૦--અપર્યાપ્ત દ્વીન્દ્રિયને કહેલી ૭૪ માંથી અપર્યાપ્ત અને તિર્યગાનુપૂર્વી બાદ કરી પર્યાપ્ત, યશ, પરા૦, ઉશ્વા૦, ઉદ્યોત, સ્વર ૨, કુખગતિ, ઉમેરતાં ૮૦ નો ઉદય લબ્ધિ-પર્યાપ્તને પર્યાપ્ત અવસ્થામાં હોય.

(૨૫) **उदीरणा** ૮-૮૦—ઉદયવત્.

(૨૮) **बंधहेतु** ૪-૩૪--મૂળબંધહેતુ ચાર અને ઉત્તરબંધ-હેતુમાં મિથ્યાત્વ ૧, અવિરતિ ૮, કષાય ૨૩, અને યોગ ૨, એ સર્વ મળી ૩૪ બંધહેતુ છે. પર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રયોગરૂપ બંધહેતુ હોય નહિ.

(૩૩) **भाव** ૩-૨૪—દ્વીન્દ્રિયવત્. અહિં સિદ્ધાન્તમતે ૨૬ ભાવ ન હોય. કારણકે પર્યાપ્ત દ્વીન્દ્રિયને સાસ્વાદનભાવ ન હોય.

---

(૭) અપર્યાપ્ત ત્રીન્દ્રિયમાં.

गति વિગેરે ૩૩ દ્વારો અપર્યાપ્ત દ્વીન્દ્રિય તુલ્ય છે, પરન્તુ દ્વીન્દ્રિય સ્થાને ત્રીન્દ્રિય શબ્દ કહેવો. શેષ ૩ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૨) **इन्द्रिय** ૩—સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, અને નાસિકા એ ત્રણ ઇન્દ્રિયો છે.

(૧૯) **प्राण** ૬—એક ઇન્દ્રિય પ્રાણ અધિક ગણવાથી.

(૨૮) **बंधहेतु** ૪-૩૫—એક ઇન્દ્રિયની અવિરતિ અધિક ગણવાથી પાંત્રીસ બંધહેતુ હોય.

---

(૮) પર્યાપ્ત ત્રીન્દ્રિયમાં.

गति વિગેરે ૩૧ દ્વારો પર્યાપ્ત દ્વીન્દ્રિય તુલ્ય છે, પરન્તુ દ્વીન્દ્રિયને સ્થાને ત્રીન્દ્રિય શબ્દ કહેવો. શેષ ૫ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२) **इन्द्रिय ३**, (१७) **प्राण ७**, (२८) **बन्धहेतु ४--२५**— એ ત્રણે દ્વારમાં એક નાસિકા ઇન્દ્રિય અધિક ગણવી.

(३४) **अवगाहना**—જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના ૩ ગાઉની છે, એવડા લાંબા કાનખજુરા વિગેરે ત્રીન્દ્રિયજીવો અઢીદ્વીપ બહારના **દ્વીપસમુદ્રમાં ઉત્પન્ન થાય છે.** વળી જૂ કીડી વિગેરે સર્વ ત્રીન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના એવડી મોટી ન હોય. પરન્તુ શાસ્ત્રમાં કાનખજુરા વિગેરે કેટલાએક ત્રીન્દ્રિયજીવોની અવગાહના ૩ ગાઉ પ્રમાણની કહી છે. શેષ સ્વરૂપ પર્યાપ્ત દ્વીન્દ્રિયવત્.

(३५) **स्थिति**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૪૯ દિવસની છે, ત્યારબાદ ગમે તેટલી મોટી નાની કાયાવાળો ત્રીન્દ્રિયજીવ અવશ્ય મરણ પામે છે. તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત દિવસની છે. કારણકે ઓગણપચાસ દિવસ પ્રમાણના કેટલાએક પર્યાપ્તભવમાં વારંવાર ઉત્પન્ન થતાં સંખ્યાત દિવસ ગણેલા છે, ત્યારબાદ અવશ્ય અપર્યાપ્ત ત્રીન્દ્રિય વિગેરે કોઇપણ અન્ય સ્વરૂપે ઉત્પન્ન થાય. ઉત્કૃષ્ટ કાયસ્થિતિમાં લબ્ધિપર્યાપ્તપણું જ ગણવું, પણ કરણપર્યાપ્તપણું નહિ.

---

(૯) અપર્યાપ્તચતુરિન્દ્રિયમાં.

गति વિગેરે ૩૩ દ્વારો અપર્યાપ્તત્રીન્દ્રિયવત્. પરન્તુ ત્રીન્દ્રિયને સ્થાને ચતુરિન્દ્રિય શબ્દ કહેવો. શેષ ૩ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(२) **इन्द्रिय ४**—શ્રોત્રેન્દ્રિય સિવાયની ચાર ઇન્દ્રિયો છે.

(१९) **प्राण ७**—ઇન્દ્રિય ૪, શ્વાસોચ્છવાસ, આયુષ્ય, અને કાયયોગ એ સાત પ્રાણ અપર્યાપ્ત અવસ્થામાં છે. અહિં ચક્ષુદર્શન ન ગણ્યું અને ચક્ષુપ્રાણ ગણ્યો છે તેનું કારણકે વિવક્ષિત ઇન્દ્રિય રચાયા બાદ તે ઇન્દ્રિય પ્રાણરૂપ ગણી શકાય, પરન્તુ દર્શનરૂપ તો ત્યારે ગણાય કે જ્યારે દેખવારૂપ કાર્ય કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે શાસ્ત્રમાં પર્યાપ્તને ચક્ષુદર્શન કહેલું છે, પણ અપર્યાપ્તને નહિ.

(૨૮) **વન્ધહેતુ** ૪-૩૬—ચક્ષુઇન્દ્રિયરૂપ એક અવિરતિ અધિક ગણવાથી. અહિં અપર્યાપ્તને ચક્ષુદર્શન નથી તોપણ ચક્ષુઇન્દ્રિયની અવિરતિ હોય છે.

---

(૧૦) પર્યાપ્ત ચતુરિન્દ્રિયમાં.

ગતિ વિગેરે ૨૮ દ્વારો પર્યાપ્ત ત્રીન્દ્રિય તુલ્ય છે, પરન્તુ ત્રીન્દ્રિયને સ્થાને ચતુરિન્દ્રિય શબ્દ કહેવો. શેષ ૮ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૨) **इन्द्रिय** ૪—સ્પર્શેન્દ્રિય, જીહ્વા, નાસિકા, અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિય છે,

(૧૦) **दर्शन** ૨—ચક્ષુ અને અચક્ષુદર્શન.

(૧૧) **प्राण** ૮—ઇન્દ્રિય ૪, શ્વાસોચ્છવાસ, આયુષ્ય, કાયયોગ, અને અસત્યામૃષા વચનયોગ એ ૮ પ્રાણ છે.

(૨૧) **उपयोग** ૪—મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, અને ચક્ષુદર્શન એ ચાર ઉપયોગ છે.

(૨૮) **बंधहेतु** ૪-૩૬—મિથ્યાત્વ ૧, અવિરતિ ૧૦, કષાય ૨૩, અને યોગ ૨ એ પ્રમાણે ૩૬ ઉત્તરબંધહેતુ છે.

(૩૩) **भाव** ૩-૨૯—ચક્ષુદર્શન અધિક ગણવાથી.

(૩૪) **अवगाहना**—જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના એક યોજન પ્રમાણ છે. એવડા મોટા ચાર ગાઉના ભમરા વિગેરે ચતુરિન્દ્રિય જીવો અઢીદ્વીપ બહારના દ્વીપ સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે. શેષ સ્વરૂપ ત્રીન્દ્રિયવત્.

(૩૯) **स्थिति**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૬ માસ, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત માસની છે. છ છ માસના કેટલાક પર્યાપ્તભવ ગણતાં સંખ્યાત માસની કાયસ્થિતિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧) અપર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિયમાં.

(૧) **गति** ૨—તિર્યંચગતિ અને મનુષ્યગતિ. કારણકે તિર્યંચગતિમાં સમુર્ચ્છિમ જળચર વિગેરે અસંજ્ઞિપંચેન્દ્રિય છે, અને મનુષ્યગતિમાં સમુર્ચ્છિમ મનુષ્ય અસંજ્ઞિપંચેન્દ્રિય છે. શેષ દેવ નારકગતિમાં સમુર્ચ્છિમપણું હોય નહિ, તેથી અસંજ્ઞિપણું પણ હોય નહિ.

(૨) **इन्द्रिय** ૫, (૩) **काय** ૧ (ત્રસ.)—સુગમ છે.

(૪) **योग** ૨—અપર્યાપ્ત અવસ્થા હોવાથી ઔદારિકમિશ્ર અને કાર્મણ એ બે યોગ હોય.

(૫) **वेद** ૧ (૩)--અસંજ્ઞિમાં એક નપુંસકવેદ ભાવવેદ રૂપ છે, અને દ્રવ્યવેદ (લિંગ) ત્રણે છે, કારણકે સમુર્ચ્છિમ જળચર વિગેરે તિર્યંચો ત્રણે લિંગવાળા હોય છે, અને સમુર્ચ્છિમ મનુષ્ય તો બન્ને રીતે નપુંસક છે.

(૬) **कषाय** ૪–૨૩—સુગમ છે.

(૭) **ज्ञान** ૦ (૨—સમુર્ચ્છિમ જળચર વિગેરે તિર્યંચને સાસ્વાદન ગુણસ્થાન છે તેથી કર્મગ્રંથકાર જ્ઞાન ન હોય એમ કહે છે, અને સિદ્ધાંતકાર જ્ઞાન હોવાનું કહે છે. સમુર્ચ્છિમ મનુષ્યને તો સાસ્વાદન ગુણસ્થાનજ ન હોય માટે જ્ઞાન પણ ન હોય.

(૮) **अज्ञान** ૨, (૯) **संयम** ૧ (અવિરતિ), (૧૦) **दर्शन** ૧ (અચક્ષુ), (૧૧) **लेश्या** ૩ (અશુભ), (૧૨) **भव्य** ૨, (૧૦) **सम्यक्त्व** ૨ (મિથ્યાત્વ અને સાસ્વાદન), (૧૪) **संज्ञित्व** ૧ (અસંજ્ઞિ), (૧૫) **आहारी** ૨, (૧૬) **गुणस्थान** ૨ (પ્હેલાં બે)--સુગમ છે.

(૧૭) **जीवभेद** ૧–૧૦૬—ચૌદ ભેદમાંથી અસંજ્ઞિપર્યાપ્તરૂપ એક ભેદ છે, અને પાંચસોત્રેસઠ જીવભેદમાંથી ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય, અને ૫ સમુર્ચ્છિમઅપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય એ ૧૦૬ જીવભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१८) **पर्याप्ति** ४—સમુર્ચ્છિમ પંચેન્દ્રિયને જો કે પાંચ પર્યાપ્તિ છે, પરન્તુ અપર્યાપ્ત અવસ્થામાં વચનપર્યાપ્તિ સમાપ્ત નહિ થવાથી વચનપર્યાપ્તિ નથી, શેષ આહાર, શરીર, ઇન્દ્રિય, અને ઉચ્છ્વાસ એ ૪ પર્યાપ્તિ છે.

(१९) **प्राण** ८—સમુચ્છિર્મ તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં વચનયોગ, અને મનયોગ વિના શેષ આઠ પ્રાણ હોય છે, સમુચ્છિર્મ મનુષ્યને જીવવિચારાવચૂરીમાં સાત આઠ પ્રાણ કહ્યા છે તેનો વિસંવાદ પાંચસોત્રેસઠ જીવભેદમાં દ્વારપ્રાપ્તિ પ્રસંગે દર્શાવાશે.

(२०) **संज्ञा** ४–०—અપર્યાપ્ત અવસ્થા હોવાથી આહારાદિ ચારે સંજ્ઞા હોય પરન્તુ હેતૂપદેશિકી વિગેરેમાંની એક પણ સંજ્ઞા ન હોય.

(२१) **उपयोग** ३ (५)—કર્મગ્રંથમતે બે અજ્ઞાન અને અચક્ષુદર્શન એ ત્રણ ઉપયોગ છે, અને સિદ્ધાન્તમતે બે જ્ઞાન સહિત પાંચ ઉપયોગ છે

(२२) **दृष्टि** २—મિથ્યાત્વ અને સાસ્વાદન સમ્યક્ત્વદૃષ્ટિ.

(२३) **बन्ध** ८–१०९—વિકલેન્દ્રિયવત્.

(२४) **उदय** ८–७७—જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, વેદનીય ૨, મોહનીય ૨૪ (બે વેદ અને મિશ્ર તથા સમ્યક્ત્વ વિના), મનુષ્યાયુષ્ય, તિર્યગાયુષ્ય, ધ્રુવોદયી ૧૨, તિર્યગ્દ્વિક, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, અયશ, હુંડક, સેવાર્ત્ત, ઉપઘાત, પ્રત્યેક, ઔદારિકદ્વિક, નીચ ગોત્ર, અને અન્તરાય ૫ એ પ્રમાણે ૭૭ પ્રકૃતિઓનો ઉદય લબ્ધિઅપર્યાપ્તને હોય.

(२५) **उदीरणा** ८–७७—ઉદયવત્.

(२६) **सत्ता** ८–१४५—જીનનામ નરકાયુ અને દેવાયુ વિના.

(२७) **शरीर** ३—ઔદારિક, તૈજસ, અને કાર્મણ.

(२८) **बन्धहेतु** ४–३७—મિથ્યાત્વ ૧, અવિરતિ ૧૧ (મન વિના), કષાય ૨૩, અને યોગ ૨ એ પ્રમાણે ૩૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) **ध्यान** ૦—અસંજ્ઞિને મનવિના ધ્યાન ન હોય.

(૩૦) **संघयण** ૧—(સેવાર્ત્ત), (૩૧) **संस्थान** ૧ (હુંડક), (૩૨) **समुद्घात** ૩ (વેદના, કષાય, મરણ.)—સુગમ છે.

(૩૩) **भाव** ૩-૨૫ (૨૭)—મૂળભાવ ક્ષયોપશમ, ઔદયિક, અને પારિણામિક એ ત્રણ છે, અને ઉત્તરભેદમાં ૮ ક્ષયોપશમભાવ તે અજ્ઞાન ૨ અચક્ષુદર્શન અને દાનાદિ ૫. તથા ૧૪ ઔદયિકભાવ તે અજ્ઞાનાદિ ૪, કષાય ૪, તિર્યંચગતિ, મનુષ્યગતિ, વેદ ૧, લેશ્યા ૩. અને પારિણામિકભાવ ૩ એ રીતે ૨૫ ભાવ કર્મગ્રંથમતે, અને સિદ્ધાન્તમતે બે જ્ઞાન સહિત ૧૦ ક્ષયોપશમભાવ ગણતાં ૨૭ ભાવ હોય.

(૩૪) **अवगाहना**—જન્મદેહની જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમોભાગ, અને સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ ૭ રજ્જુ પ્રમાણ છે. ઉત્તરદેહાવગાહના હોય નહિ.

(૩૫) **स्थिति**—અપર્યાપ્ત વિકલેન્દ્રિયવત્.

(૩૬) **योनि**—પંચેન્દ્રિય સંબંધિ ૨૬૦૦૦૦૦ યોનિ છે, અને યોનિના સચિત્તાદિ સાત ભેદ વિકલેન્દ્રિયવત્ જાણવા.

---

(૧૨) પર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિયમાં.

૧૫ દ્વારો અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયતુલ્ય છે, શેષ ૨૧ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૧) (**गति**) ૧—તિર્યંચગતિ. સમુચ્છિંમ મનુષ્યો અપર્યાપ્ત અવસ્થામાંજ મરણ પામે છે માટે મનુષ્યગતિ ગણાય નહિ.

(૪) **योग** ૨—ઔદારિક કાયયોગ અને વ્યવહાર વચનયોગ એ પ્રમાણે મૂળ અને ઉત્તરયોગ બે બે હોય.

(૭) **ज्ञान** ૦—પર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન પણ ન હોવાથી જ્ઞાન ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૦) **दर्शन** ૨—અચક્ષુ અને ચક્ષુ એ બન્ને દર્શન હોય.

(૧૩) **सम्यक्त्व** ૧—પર્યાપ્ત અવસ્થામાં એક મિથ્યાત્વ હોય.

(૧૫) **आहारित्व** ૧—પર્યાપ્ત અવસ્થામાં આહારીપણું જ હોય, તેમજ ઓજ સિવાયના લોમ આહાર વિગેરે ઉત્તર ભેદ હોય.

(૧૬) **गुणस्थान** ૧—પર્યાપ્ત અવસ્થામાં મિથ્યાત્વ ગુણસ્થાન હોય.

(૧૭) **जीवभेद** ૧-૫—ચૌદ જીવભેદમાંથી "પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય" એક ભેદ છે, અને પાંચસોત્રેસઠમાંથી સમુચ્છિર્મ જળચર વિગેરે ૫ ભેદ છે.

(૧૮) **पर्याप्ति** ૫—મનઃ પર્યાપ્તિ વિના પાંચ પર્યાપ્તિ હોય.

(૧૯) **प्राण** ૯—મનયોગ વિના ૯ પ્રાણ હોય.

(૨૦) **संज्ञा** ૪-૧—આહારાદિ ચાર સંજ્ઞા, અને એક હેતુપદેશિકી.

(૨૧) **उपयोग** ૪—બે અજ્ઞાન અને બે દર્શન રૂપ ચાર ઉપયોગ છે.

(૨૨) **द्रष्टि** ૧—પર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદૃષ્ટિજ હોય.

(૨૩) **बन्ध** ૮-૧૧૭—આહારકદ્વિક અને જીનનામ વિના.

(૨૪) **उदय** ૮-૯૫—અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયને જે ૭૭ પ્રકૃતિઓ કહી છે, તેમાં સુભગ, આદેય, યશ, પ્રથમ સંઘયણ ૫, પ્રથમ સંસ્થાન ૫, પરાઘાત, ખગતિ ૨, ઉચ્છવાસ, ઉદ્યોત, અને સ્વર ૨, એ ૨૦ પ્રકૃતિ ઉમેરી મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી બાદ કરતાં ૯૫ પ્રકૃતિનો ઉદય હોય.

(૨૫) **उदीरणा** ૮-૯૫—ઉદયવત્.

(૨૬) **सत्ता** ૮-૧૪૭—જીનનામ વિના. અહિં દેવાયુષ્ય અને નરકાયુષ્યની સત્તા હોય છે.

(૨૮) **बन्धहेतु** ૪-૩૭—અહિં ઔદારિક અને વ્યવહાર વચનયોગ હોય. શેષ સ્વરૂપ અપર્યાપ્તવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) **भाव** ૩-૨૫—અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયમાં જે પચીસ ભાવ કર્મગ્રંથમતે કહ્યા છે તેમાંથી મનુષ્યગતિ બાદ કરી ચક્ષુદર્શન ઉમેરીને પચીસ ભાવ કહેવા.

(૩૪) **अवगाहना**—જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના સમુર્છિમ જળચર આશ્રયિ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. શેષ સ્વરૂપ અપર્યાપ્તવત્.

(૩૫) **स्थिति**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૮૪૦૦૦ વર્ષની છે, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સામાન્યપણે અપર્યાપ્ત પંચેન્દ્રિયની અપેક્ષાએ શત પૃથકૃત્વ (સેંકડો) સાગરોપમ પ્રમાણ શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહી છે, પરંતુ અસંજ્ઞિપણારૂપ વિશેષ ભેદને અંગે કહી નથી.

---

(૧૩) અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયમાં.

(૧) **गति** ૪—ચારે ગતિમાં સંજ્ઞિજીવો અપર્યાપ્ત હોય છે, પરંતુ સંજ્ઞિ મનુષ્ય અને તિર્યંચ લબ્ધિ તથા કરણ એ બંને ભેદે અપર્યાપ્ત ગણવા, અને નારક તથા દેવને કરણ અપર્યાપ્ત ગણવા.

(૨) **इन्द्रिय** ૫, (૩) **काय** ૧ (ત્રસ)—સુગમ છે.

(૪) **योग** ૩—તિર્યંચ તથા મનુષ્ય આશ્રયિ ઔદારિક મિશ્ર, નારક તથા દેવ આશ્રયિ વૈક્રિયમિશ્ર, અને ચારે જીવો આશ્રયિ કાર્મણ કાયયોગ હોય છે.

(૫) **वेद** ૩—તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ ત્રણે ભાવવેદ તથા ૩ દ્રવ્યવેદ પણ હોય છે.

(૬) **कषाय** ૪-૨૫—સુગમ છે.

(૭) **ज्ञान** ૩—દેવ અથવા નારક ભવમાંથી આવતા સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યને (તીર્થંકર વિગેરેને) અથવા મનુષ્ય અને તિર્યંચ ભવમાંથી આવતા દેવ નારકને અપર્યાપ્ત અવસ્થામાં સમ્યગ્ દૃષ્ટિપણું હોય તો મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮) **अज्ञान ३**—દેવ અથવા નારક ભવમાંથી આવતા સંજ્ઞિ તિર્યંચ અને મનુષ્યને, અથવા સંજ્ઞિતિર્યંચ[1] તથા મનુષ્યભવમાંથી જતા દેવ નારકને અપર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદષ્ટિપણું હોય તો મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અને વિભંગ જ્ઞાન હોય છે.

(૯) **संयम १**—અપર્યાપ્ત અવસ્થામાં દરેક જીવને અવિરતિ ચારિત્રજ હોય, કારણ કે વિરતિપણું તો આઠ વર્ષની વયે પ્રાપ્ત થાય છે.

(૧૦) **दर्शन २**—અચક્ષુ દર્શન અને અવધિદર્શન અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. ત્હેમાં અવધિ દર્શનની સમજ અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન તુલ્ય જાણવી.

(૧૧) **लेश्या ६**, (૧૨) **भव्यत्व २**, (૧૩) **सम्यक्त्व ४** (સાસ્વાદન, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ). (૨૪) **संज्ञित्व १** (સંજ્ઞિ), (૧૫) **आहारी २**, (૧૬) **गुणस्थान ३** (પહેલું બીજું અને ચોથું)—સુગમ છે.

(૧૭) **जीवभेद १-२१२**—ચૌદ જીવભેદમાંથી "અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય" નામનો એક ભેદ છે, અને પાંચસોત્રેસઠમાંથી ગર્ભજ મનુષ્ય ૧૦૧, દેવ ૯૯, નારક ૭, અને ગર્ભજ તિર્યંચ ૫ એ પ્રમાણે ૨૧૨ જીવભેદ છે.

(૧૮) **पर्याप्ति ५**, (૧૯) **प्राण ९*** (બંને દ્વારમાં મન વિના),

---

૧ અહિં સંજ્ઞિ શબ્દ કહેવાનું એ કારણ છે કે અસંજ્ઞિ તિર્યંચ ભવમાંથી આવેલા દેવ અથવા નારકને અપર્યાપ્ત અવસ્થામાં અવધિ કે વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય નહિ, પરન્તુ પર્યાપ્ત થયા બાદ ઉત્પન્ન થાય. તેમજ અસંજ્ઞિભવમાંથી અવધિ કે વિભંગ સહિત (દેવનારક ભવમાં) ન જાય.

* અહિં શંકા સ્થાન એ છે કે અપર્યાપ્ત સંજ્ઞિને વચનયોગ ન ગણ્યો અને વચન પ્રાણ ગણ્યો તેનું શું કારણ? જવાબમાં જાણવાનું કે જેમ ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ચક્ષુપ્રાણ ગણાય પણ ચક્ષુદર્શન ગણાય નહિ, ચક્ષુદર્શન તો કરણપર્યાપ્તનેજ ગણાય, તેમ ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ વચનપ્રાણ ગણાય, પરન્તુ વચન યોગ ન ગણાય, વચન યોગ તો કરણપર્યાપ્તપણામાંજ ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२०) **संज्ञा** ४-१ (આહારાદિ ૪, અને દૃષ્ટિવાદોપશિકી), (२१) **उपयोग** ८, (२२) **द्रष्टि** २, (મિથ્યાત્વ અને સમ્યક્ત્વ), (२३) **बंध** ८-१०९ (અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયવત્)—સુગમ છે.

(२४) **उदय** ८-७९—અપર્યાપ્ત અસંજ્ઞિને કહેલી૭૭ પ્રકૃતિમાં પુરૂષવેદ અને સ્ત્રીવેદ અધિક ગણવાથી લબ્ધિઅપર્યાપ્તને ૭૯ નો ઉદય છે.

(२५) **उदीरणा** ८-७९—ઉદયવત્.

(२६) **सत्ता** ८-१४५—જીનનામ દેવાયુષ્ય તથા નરકાયુષ્ય વિના લબ્ધિઅપર્યાપ્તની અપેક્ષાએ ૧૪૫ ની સત્તા શ્રી બંધોદય સત્તા પ્રકરણમાં કહી છે. અને કરણઅપર્યાપ્તની અપેક્ષાએ ૧૪૮ ની સત્તા હોય.

(२७) **शरीर** ४—મનુષ્ય તથા તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિક તૈજસ અને કાર્મણશરીર હોય છે, અને દેવ તથા નારકને વૈક્રિય તૈજસ અને કાર્મણશરીર હોય છે માટે એકંદર ચાર શરીર છે.

(२८) **बंधहेतु** ४-४०—મિથ્યાત્વ ૧, અવિરતિ (મનવિના) ૧૧, કષાય ૨૫, અને યોગ ૩ એ પ્રમાણે ૪૦ બંધહેતુ હોય.

(२९) **ध्यान** ०—મન ન હોવાથી ધ્યાન ન હોય.

(३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ३ (વેદના, કષાય, મરણ)—સુગમ છે.

(३३) **भाव** ४-३९—ઉપશમ વિના ચાર મૂળભાવ છે, અને ઉત્તરભેદમાં ૧૪ ક્ષયોપશમભાવ (ઉપયોગ ૮, સમ્યક્ત્વ ૧ દાનાદિ ૫), ૧ ક્ષાયિકભાવ (ક્ષાયિક સમ્યક્ત્વ), ૨૧ ઔદયિકભાવ, અને ૩ પારિણામિકભાવ એ પ્રમાણે ૩૯ ઉત્તરભાવ હોય.

(३४) **अवगाहना**, (३५) **स्थिति**—અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३६) **योनि**—પંચેન્દ્રિય સંબંધિ ૨૬૦૦૦૦૦ યોનિ છે, અને સચિત્તાદિ બાર ભેદમાંની અચિત્ત અને વિવૃત વિના ૧૦ યોનિ છે.

---

(૧૪) પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિયમાં.

(१) **गति** ४, (२) **इन्द्रिय** ५, (३) **काय** १ (ત્રસ), (४) **योग** १५, (५) **वेद** ३, (६) **कषाय** ४–२५, (७) **ज्ञान** ५, (८) **अज्ञान** ३, (९) **संयम** ७, (१०) **दर्शन** ४, (११) **लेश्या** ६, (१२) **भव्यत्व** २, (१३) **सम्यक्त्व** ६, (१४) **संज्ञित्व** १ (સંજ્ઞિ), (१५) **आहारी** २, (१६) **गुणस्थान** १४, (१७) **जीवभेद** १–२१२ (અપર્યાપ્તસંજ્ઞિવત્, પરન્તુ અપર્યાપ્તને સ્થાને પર્યાપ્ત શબ્દ કહેવો), (१८) **पर्याप्ति** ६, (१९) **प्राण** १०, (२०) **संज्ञा** ४–२ (હેતૂપદેશિકી વિના), (२१) **उपयोग** १२, (२२) **दृष्टि** ३, (२३) **बंध** ८–१२०—સુગમ છે.

(२४) **उदय** ८–१०९—મૂળકર્મ આઠનો ઉદય છે, અને ઉત્તરભેદમાં કુજાતિ ૪, અપર્યાપ્ત નામકર્મ, આનુપૂર્વી ૪, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, અને સાધારણ એ ૧૩ પ્રકૃતિ વિના ૧૦૯ પ્રકૃતિનો ઉદય કરણપર્યાપ્તને હોય, અને લબ્ધિપર્યાપ્તને તે ચાર આનુપૂર્વી સહિત ૧૧૩ પ્રકૃતિનો ઉદય* હોય.

---

* શ્રી વિજય વિમલ ગણીવિરચિત બન્ધોદયસત્તા નામના ગ્રન્થમાં

पण नव दो अडवीसा, चउरो सट्ठी दुगं च पंच कमा।
पज्जाणं सन्नीणं, पणरसयं उदयपयडीओ ॥२१॥

એ ગાથામાં કુજાતી ૪, સ્થાવર, સૂક્ષ્મ, અને સાધારણ એ સાત પ્રકૃતિ વિના નામકર્મની ૬૦ પ્રકૃતિનો ઉદય ગણી પર્યાપ્તસંજ્ઞિ જીવને ૧૧૫ પ્રકૃતિઓનો ઉદય કહ્યો છે તે વિચારવા યોગ્ય છે. કારણકે આતપ અને અપર્યાપ્ત નામકર્મનો ઉદય સંજ્ઞિપર્યાપ્તને કેવી રીતે ગણી શકાય? માટે અહિં ૧૩ પ્રકૃતિઓ બાદ કરી ૧૦૯ નો ઉદય કહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૫) **उदीरणा** ८ १०९—ઉદયવત્. (२६) **सत्ता** ८-१४८ સુગમ છે.

(૨૭) **शरीर** ५, (२८) **बंधहेतु** ४-५७, (२९) **ध्यान** ४-१६, (३०) **संघयण** ६, (३१) **संस्थान** ६, (३२) **समुद्घात** ७, (३३) **भाव** ५-५३,—સુગમ છે.

(३४) **अवगाहना**, (३५) **स्थिति**—પંચેન્દ્રિય માર્ગણાવત્.

(३६) **योनि**—પંચેન્દ્રિય સંબંધિ ૨૬૦૦૦૦૦ યોનિ છે, અને સચિત્તાદિ ૧૨ ભેદમાંની સચિત્ત વિવૃત અને શંખાવર્ત્ત વિના ૯ યોનિ છે. કારણકે સચિત્ત અને વિવૃત યોનિમાં અસંજ્ઞિ અને શંખાવર્ત્તમાં અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે.

इति १४ जीवभेदेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૫૬૩ જીવભેદમાં.

(१) **गति**—દેવ સંબંધિ ૧૯૮ જીવભેદમાં દેવગતિ, મનુષ્યના ૩૦૩ ભેદમાં મનુષ્યગતિ, તિર્યંચના ૪૮ ભેદમાં તિર્યંચગતિ, અને નારકના ૧૪ જીવભેદમાં નરકગતિ છે.

(२) **इन्द्रिय**—દ્વારવર્ણન પ્રસંગે દર્શાવેલા એકેન્દ્રિયના ૨૨ જીવભેદમાં એક સ્પર્શેન્દ્રિય છે, દ્વીન્દ્રિયના ૨ ભેદમાં સ્પર્શેન્દ્રિય અને જીહ્વા એ બે ઇન્દ્રિય છે, ત્રીન્દ્રિયના ૨ ભેદમાં સ્પર્શેન્દ્રિય, જીહ્વા, અને નાસિકા એ ત્રણ ઇન્દ્રિયો છે, ચતુરિન્દ્રિયના ૨ ભેદમાં ચક્ષુ સહિત ચાર ઇન્દ્રિયો, અને શેષ ૫૩૫ જીવભેદમાં શ્રોત્રેન્દ્રિય સહિત પાંચ ઇન્દ્રિયો છે.

(३) **काय**—દ્વારવર્ણન પ્રસંગે દર્શાવ્યા પ્રમાણે પૃથ્વીકાયના ૪ ભેદમાં પૃથ્વીકાય, અપ્કાયના ૪ ભેદમાં અપ્કાય, અગ્નિકાયના ૪ ભેદમાં અગ્નિકાય, વાયુકાયના ૪ ભેદમાં વાયુકાય, ચાર સાધારણ વનસ્પતિ અને બે પ્રત્યેક વનસ્પતિ મળીને ૬ ભેદમાં વનસ્પતિકાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને એ પ્રમાણે એકેન્દ્રિય-સ્થાવરના ૨૨ ભેદ સિવાય શેષ ૫૪૧ જીવભેદમાં ત્રસકાય છે.

(૪) યોગ—૯૯ અપર્યાપ્ત દેવ, ૨૦૨ અપર્યાપ્ત મનુષ્ય, ૨૪ અપર્યાપ્તતિર્યંચ, ૭ અપર્યાપ્તનારક, અને ૧૫ પર્યાપ્તકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય એ ૩૪૭ જીવભેદમાં કાર્મણયોગ છે. અહિં ૩૩૨ અપર્યાપ્ત જીવભેદમાં પૂર્વભવથી પરભવ જતાં માર્ગમાં અને ઉત્પત્તિને પ્રથમ સમયે કાર્મણયોગ છે, અને ૧૫ કર્મભૂમીજ પર્યાપ્ત મનુષ્યમાં કેવલીસમુદ્દઘાત વખતે ત્રીજે ચોથે અને પાંચમે સમયે કાર્મણયોગ છે. તેમજ ૨૪ અપર્યાપ્તતિર્યંચ, ૨૦૨ અપર્યાપ્ત મનુષ્ય, અને ૧૫ પર્યાપ્તકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય એ ૨૪૧ જીવભેદમાં આદારિકમિશ્રયોગ છે. વળી ૨૪ પર્યાપ્તતિર્યંચ અને ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય એ ૧૨૫ જીવભેદમાં ઔદારિકકાયયોગ છે, અથવા જે મહર્ષિઓ શરીરપર્યાપ્તિ સમાપ્ત થયાબાદ કાયયોગ માને છે તેઓના અભિપ્રાય પ્રમાણે ૨૪ અપર્યાપ્તતિર્યંચ અને ૨૦૨ અપર્યાપ્ત મનુષ્ય એ ૨૨૬ ભેદ સહિત ૩૫૧ જીવભેદમાં ઔદારિક કાયયોગ છે. ૯૯ અપર્યાપ્ત દેવ, ૭ અપર્યાપ્તનારક, ૧૫ પર્યાપ્તકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૧ બાદરપર્યાપ્તવાયુ એ ૧૨૭ જીવભેદમાં વૈક્રિયમિશ્રયોગ છે. અહિં પર્યાપ્તતિર્યંચ અને મનુષ્યને ઉત્તરવૈક્રિયદેહ આશ્રયિ વૈક્રિયમિશ્રયોગ ગણ્યો છે, પરન્તુ પર્યાપ્ત દેવ અને નારકના ઉત્તરદેહ આશ્રયિ વૈક્રિયમિશ્રયોગ નહિ ગણવાનું કારણ દેવ નારકનું મૂળશરીર વૈક્રિય હોવાથી પર્યાપ્ત અવસ્થામાં ઉત્તર-વૈક્રિય રચના વખતે પણ મૂળવૈક્રિયદેહની અપેક્ષાએ વૈક્રિયયોગ-નીજ મુખ્યતા ગણી છે, બન્ને દેહની અપેક્ષાએ વૈક્રિયમિશ્રયોગ ગણીએ તો નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના ૧૪ અપર્યાપ્ત અને ૧૪ પર્યાપ્ત દેવ સિવાય શેષ ૧૭૦ દેવ, ૧૪ નારક, ૧૫ પર્યાપ્તકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૧ પર્યાપ્તબાદરવાયુ એ ૨૦૫ જીવભેદમાં વૈક્રિયમિશ્ર-યોગ હોય. તથા ૯૯ પર્યાપ્ત દેવ, ૭ પર્યાપ્તનારક, ૧૫ કર્મભૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મિજ ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય, ૫ ગર્ભજતિર્યંચ પર્યાપ્ત, અને ૧ પર્યાપ્તબાદરવાયુ એ **૧૨૭ જીવભેદમાં વૈક્રિયયોગ** હોય, અથવા મતાન્તરે શરીરપર્યાપ્તિ સમાપ્ત થયા બાદ કાયયોગ અંગીકાર કરીએ તો ૯૯ અપર્યાપ્ત દેવ અને ૭ અપર્યાપ્ત નારક એ ૧૦૬ ભેદ અધિક ગણતાં **૨૩૩ જીવભેદમાં વૈક્રિયયોગ** હોય. પર્યાપ્તકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં આહારકમિશ્ર અને આહારકયોગ** છે. તથા ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ પર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, ૫ પર્યાપ્તગર્ભજતિર્યંચ, ૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, ૯૯ પર્યાપ્ત દેવ, અને ૭ પર્યાપ્ત-નારક, એ **૨૨૦ જીવભેદમાં વ્યવહાર વચનયોગ** છે. તથા ૯૯ પર્યાપ્તદેવ, ૭ પર્યાપ્તનારક, ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય, અને ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ **૨૧૨** પર્યાપ્તસંજ્ઞિ પંચેન્દ્રિયોમાં **ચાર મનયોગ** અને **વચનયોગ** છે. અહિં અનુત્તરાદિ દેવો શબ્દોચ્ચાર કરતા નથી તોપણ લબ્ધિરૂપે વચનયોગ ગણવાનો વ્યવહાર છે.

(૫) **વેદ**—૧૦ સનત્કુમાર વિગેરે સ્વર્ગના દેવ, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર, ૯ લોકાન્તિક, અને ૨ ઉર્ધ્વકિલ્બિષિક એ ૩૫ અપર્યાપ્ત અને ૩૫ પર્યાપ્ત દેવો મળી ૭૦ દેવ સિવાયના શેષ ૧૨૮ દેવ, ૨૦૨ ગર્ભજ મનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ એ **૩૪૦ જીવભેદમાં સ્ત્રીવેદ** છે. તથા ૧૯૮ દેવ, ૨૦૨ ગર્ભજ મનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ એ **૪૧૦ જીવભેદમાં પુરૂષવેદ** હોય છે. તથા ૧૯૮ દેવ અને ૧૭૨ યુગલિક મનુષ્ય સિવાય શેષ **૧૯૩ જીવભેદમાં નપુંસકવેદ** હોય છે,

(૬) **કષાય**—૫૬૩ જીવભેદમાં ક્રોધ વિગેરે ચારે મૂળ કષાય હોય છે, અને ઉત્તરભેદમાં ૩૮ અગર્ભજતિર્યંચ, ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય, ૧૪ નારક, એ ૧૫૩ કેવળ નપુંસકવેદી, અને ૧૮ લોકાન્તિક તથા ૧૦ અનુત્તર સંબંધિ ૨૮ દેવભેદ વિના શેષ ૪૨ કેવળ પુરૂષવેદી દેવ મળી **૧૯૫ જીવભેદમાં** (બે વિરૂદ્ધ વેદ વિના શેષ) **૨૩ કષાય** છે. તથા ૧૨૮ દેવ અને ૧૭૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુગલિક મનુષ્ય એ ૩૦૦ **જીવભેદમાં** (નપુંસકવેદ વિના) **૨૪ કષાય** તથા ૩૦ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય અને ૧૦ ગર્ભજ-તિર્યંચ એ **૪૦ જીવભેદમાં ૨૫ કષાય,** અને ૯ લોકાન્તિક તથા ૫ અનુત્તરના પર્યાપ્ત અપર્યાપ્ત મળી **૨૮ જીવભેદમાં** ચાર અનંતાનુબંધિ કષાય સ્રીવેદ અને નપુંસકવેદ એ ૬ કષાય વિનાં શેષ **૧૯ કષાય** છે.*

(૭) **જ્ઞાન**—૧૯૮ દેવ, સાતમી પૃથ્વીના અપર્યાપ્તનારક વિના શેષ ૧૩ નારક, ૨૦૨ ગર્ભજમનુષ્ય, અને ૧૦ ગર્ભજ-તિર્યંચ એ **૪૨૩ જીવભેદમાં મતિજ્ઞાન** અને **શ્રુતજ્ઞાન** હોય. અહિં ૧૫ પરમાધામી દેવોમાં પણ સમ્યકૃત્વ કહ્યું છે, તે પૂર્વસંગતિક[1] દેવના કારણથી ઉત્પન્ન થાય છે. તથા સાતમી પૃથ્વીના નારકને અપર્યાપ્ત અવસ્થામાં કોઈપણ સમ્યકૃત્વ નહિ હોવાથી જ્ઞાનનો અભાવ કહ્યો છે. એ વાત કર્મગ્રંથના અભિપ્રાયથી કહી અને સિદ્ધાન્તના અભિપ્રાયથી તો ત્રણ અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને પાંચ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયરૂપ આઠ ભેદ અધિક ગણતાં **૪૩૧ જીવભેદમાં મતિજ્ઞાન** અને **શ્રુતજ્ઞાન** હોય. તથા ૧૯૮ દેવ, ૧૩ નારક, ૩૦ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય, અને ૧૦ ગર્ભજ તિર્યંચ એ **૨૫૧ જીવભેદમાં અવધિજ્ઞાન** હોય. તથા

---

* અહિંથી પ્રારંભીને આગળનાં કેટલાંએક દ્વારોમાં પ્રાપ્ત જીવભેદોની સંકલના (સર્વાળો) ૫૬૩ આવશે. જેમ આ દ્વારમાં ૧૯૫+૩૦૦+૪૦+૨૮=૫૬૩ સર્વભેદ થાય છે. તેમ આગળ પણ કેટલાક દ્વારોમાં જાણવું.

૧ શ્રી વિચારસાર ગ્રંથમાં કહ્યું છે કે—

" **ननु परमाधार्मिकेषु कथं सम्यक्त्वमुच्यते? अत्र पूर्व संगतिकदेवताद्युपदेशेन प्राप्नोति, इन्द्रकृतनन्दीश्वरोत्सवादि दर्शन निमित्तमपि प्राप्यते.** અર્થ—પરમાધાર્મિક દેવોમાં સમ્યકૃત્વ કેવી રીતે હોય? ઉત્તર—પૂર્વભવની સોબતવાળા દેવ વિગેરેના ઉપદેશથી અથવા ઇન્દ્રે કરેલા નન્દીશ્વરોત્સવ વિગેરેના દર્શનથી પણ પરમાધાર્મિક દેવો સમ્યકૃત્વ પ્રાપ્ત કરે છે. " અહિં પર્યાપ્ત અવસ્થામાં સમ્યકૃત્વ કહ્યું પણ અપર્યાપ્તાવસ્થાસંબંધિ સમ્યકૃત્વનો નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫ પર્યાપ્ત ગર્ભજ કર્મભૂમિના મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં મનઃ પર્યવજ્ઞાન અને** એજ ૧૫ ભેદમાં **કેવળ જ્ઞાન** હોય છે.

(૮) **अज्ञान**—નવ લોકાન્તિક[1] અને પાંચ અનુત્તરદેવના પર્યાપ્ત અને અપર્યાપ્ત મળી ૨૮ જીવભેદ અવશ્ય સમ્યગ્દૃષ્ટિ હોય છે. માટે તે સિવાયના શેષ **૫૩૫ જીવભેદમાં મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન** હોય. તથા ૧૭૦ દેવ, ૩૦ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, અને ૧૪ નારક એ **૨૨૪ જીવભેદમાં વિભંગજ્ઞાન** હોય.

(૯) **संयम**—કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય સંબંધિ **૧૫ જીવભેદમાં સામાયિક** ચારિત્ર છે, પાંચ મહાવિદેહ વિના કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજમનુષ્ય સંબંધિ **૧૦ જીવભેદમાં છેદોપસ્થાપનીય** અને **પરિહાર વિશુદ્ધિ** ચારિત્ર છે. કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય સંબંધિ **૧૫ જીવભેદમાં** સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર છે. તથા પાંચ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ સહિત **૨૦ જીવભેદમાં દેશવિરતિ** ચારિત્ર છે, અને **૫૬૩ જીવભેદમાં અવિરતિ** ચારિત્ર છે.

(૧૦) **दर्शन—૫૬૩ જીવભેદમાં અચક્ષુદર્શન** હોય, ૧ પર્યાપ્ત ચતુરિન્દ્રિય, ૫ પર્યાપ્ત સમુચ્છિમતિર્યંચ, ૫ પર્યાપ્ત ગર્ભજ-તિર્યંચ, ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય, ૯૯ પર્યાપ્ત દેવ અને ૭ પર્યાપ્ત નારક એ **૨૧૮ જીવભેદમાં અચક્ષુદર્શન** છે. ૧૯૮ દેવ, ૧૪ નારક, ૧૦ ગર્ભજતિર્યંચ, અને ૩૦ કર્મભૂમિજ ગર્ભજમનુષ્ય એ **૨૫૨ જીવભેદમાં અવધિદર્શન** છે. અહિં સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક અવશ્ય વિભંગજ્ઞાની હોય તો પણ સિદ્ધાન્તમતે વિભંગજ્ઞાનમાં અવધિદર્શન ગણ્યું છે. તથા કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય સંબંધિ **૧૫ જીવભેદમાં કેવળ દર્શન** છે.

---

૧ અહિં લોકાન્તિક દેવોમાં અધિપતિ દેવોને અવશ્ય સમ્યકૃત્વ હોય છે પરન્તુ આત્મરક્ષકાદિ પરિવારને અવશ્ય સમ્યકૃત્વનો નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય—(વિચારસાર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૧) **લેશ્યા**—જ્યોતિષીથી અનુત્તર સુધીના ૯૬ દેવભેદ, ૩૦ પરમાધામી, અને રત્નપ્રભાદિ ચાર પૃથ્વીના નારકના ૮ ભેદ મળી ૧૩૪ ભેદ સિવાયના શેષ ૪૨૯ **જીવભેદમાં કૃષ્ણ લેશ્યા** છે. એજ ૧૨૬ દેવભેદ અને પ્હેલી બીજી છઠ્ઠી તથા સાતમી એ ચાર પૃથ્વીના નારકના ૮ ભેદ મળી ૧૩૪ ભેદ સિવાયના શેષ ૪૨૯ **જીવભેદમાં નીલલેશ્યા** છે. એજ ૧૨૬ દેવભેદ તથા ચોથી પાંચમી છઠ્ઠી અને સાતમી પૃથ્વીના નારકના ૮ ભેદ મળી ૧૩૪ ભેદ સિવાયના શેષ ૪૨૯ **જીવભેદમાં કાપોતલેશ્યા** છે. ૧૦ ભુવનપતિ, ૧૬ વ્યન્તર, ૧૦ જંભક, ૧૦ જ્યોતિષી, ૧ સૌધર્મ, ૧ ઇશાન, ૧ અધઃકિલ્બિષિક એ ૪૯ પર્યાપ્ત અને ૪૯ અપર્યાપ્ત મળી ૯૮ દેવ, ૨૦૨ ગર્ભજમનુષ્ય, ૧૦ ગર્ભજતિર્યંચ, ૧ અપર્યાપ્ત બાદર પૃથ્વી, ૧ અપર્યાપ્ત બાદર જળ, ૧ અપર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિ, એ પ્રમાણે ૩૧૩ **જીવભેદમાં તેજોલેશ્યા** છે. તથા ૧ સનત્કુમારદેવ, ૧ માહેન્દ્રદેવ, ૧ બ્રહ્મદેવ, ૧ મધ્યકિલ્બિષિકદેવ, અને ૯ લોકાન્તિક દેવ, એ ૧૩ પર્યાપ્ત અને ૧૩ અપર્યાપ્ત મળી ૨૬ દેવ, ૩૦ કર્મભૂમિના ગર્ભજમનુષ્ય, અને ૧૦ ગર્ભજ તિર્યંચ મળી ૬૬ **જીવભેદમાં પદ્મલેશ્યા** છે. લાંતકથી અનુત્તર સુધીના ૨૧ પર્યાપ્ત અને ૨૧ અપર્યાપ્ત મળી ૪૨ દેવ, ૨ ઉર્ધ્વકિલ્બિષિક, ૩૦ કર્મભૂમિના ગર્ભજમનુષ્ય, અને ૧૦ ગર્ભજતિર્યંચ એ ૮૪ **જીવભેદમાં શુક્લલેશ્યા** છે.

(૧૨) **ભવ્ય**—૫૬૩ **જીવભેદ ભવ્ય** છે, અને લોકાન્તિક તથા અનુત્તર સંબંધિ ૨૮ ભેદ સિવાયના શેષ ૫૩૫ જીવભેદ અભવ્ય છે. અહિં પરમાધામીને ભવ્યકુલકમાં એકાન્તે ભવ્ય ગણાવ્યા છે, માટે પરમાધામી સંબંધિ ૩૦ ભેદ પણ બાદ કરીએ તો ૫૦૫ જીવભેદ અભવ્ય હોય, અથવા સર્વ યુગલિકોને પણ એકાન્ત ભવ્ય કહેલા છે, પરન્તુ શ્રી ભગવતિજી વિગેરેમાં તે બન્નેના અભવ્યત્વનો નિષેધ અંગીકાર નહિ કરેલ હોવાથી અહિં **૫૩૫ જીવભેદમાં અભવ્યત્વ** કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩) **સમ્યક્ત્વ**—૧૮ લોકાન્તિક અને ૫ પર્યાપ્ત અનુત્તર એ ૨૩ દેવભેદમાં ઉપશમ સમ્યક્ત્વ નહિં હોવાથી શેષ ૮૫ પર્યાપ્તદેવ અને ૫ અપર્યાપ્ત અનુત્તર,* ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૭ પર્યાપ્ત નારક એ **૨૦૩ જીવભેદમાં ઉપશમ** સમ્યક્ત્વ છે. ૧૦૧ સમુચ્છિંમ મનુષ્ય, ૧૦ સમુચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક, અને ૨૮ અપંચેન્દ્રિય એ ૧૪૦ જીવભેદ સિવાયના શેષ **૪૨૩ જીવભેદમાં ક્ષયોપશમ** સમ્યક્ત્વ છે. ૧૨ કલ્પ, ૯ ગ્રૈવેયક, અને ૫ અનુત્તર એ ૨૬ અપર્યાપ્ત અને ૨૬ પર્યાપ્ત મળી ૫૨, તથા ૯ અપર્યાપ્ત લોકાન્તિક અને ૯ પર્યાપ્ત લોકાન્તિક એ ૧૮ સહિત ૭૦ દેવ, ૩૦ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય, ૬૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્ય (અન્તર્દ્વીપના યુગલિક મનુષ્યોને ક્ષાયિક સમ્યક્ત્વ ન હોય માટે) ૨ ગર્ભજ ચતુષ્પદ યુગલિકતિર્યંચ, અને ૬ પ્રથમની ત્રણ પૃથ્વીના નારક એ સર્વ મળી **૧૬૮ જીવભેદમાં ક્ષાયિક** સમ્યક્ત્વ હોય છે. અહિં પૂર્વભવથી ક્ષાયિક સમ્યક્ત્વ સહિત આવેલો હોય માટે અથવા ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરવાની ક્રિયા સમાપ્તિ થાય છે માટે એ જીવભેદોમાં ક્ષાયિક સમ્યક્ત્વ પૂર્વ પ્રતિપન્નભાવે અથવા નિષ્ઠાપક ભાવે કહ્યું છે, અન્યથા ક્ષાયિક સમ્યક્ત્વના પ્રારંભક તો જીનેશ્વરના કાળમાં પ્રથમ સંઘયણવાળા કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજ મનુષ્યો છે. લોકાન્તિક અને અનુત્તર સિવાયના ૮૫ પર્યાપ્ત દેવ, ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૭ પર્યાપ્ત નારક એ **૧૯૮ જીવભેદમાં મિશ્ર** સમ્યક્ત્વ છે. કર્મગ્રન્થમતે ૧ બાદર અપર્યાપ્ત પૃથ્વીકાય, ૧ બાદર અપર્યાપ્ત અપ્કાય, ૧ બાદર અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૭ પર્યાપ્ત નારક (સાસ્વાદન સહિત જીવ

* સપ્તતિ ચૂર્ણીમાં અપર્યાપ્ત જીવોમાં કેવળ અપર્યાપ્ત અનુત્તર દેવોને ઉપશમ સમ્યક્ત્વ કહ્યું છે (જુઓ પંચસંગ્રહ પ્રથમદ્વારની ૨૫ મી ગાથાની ટીકા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નરકમાં ન જાય માટે અપર્યાપ્ત નારક નહિં) ૫ અપર્યાપ્ત સમુચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૦ ગર્ભજતિર્યંચ પંચેન્દ્રિય, ૨૦૨ ગર્ભજમનુષ્ય, લોકાન્તિક અને અનુત્તર વિના ૧૭૦ દેવ એ **૪૦૦ જીવભેદમાં સાસ્વાદન** સમ્યક્ત્વ હોય છે. સિદ્ધાન્તમતે ૩ અપર્યાપ્ત એકેન્દ્રિય વિના શેષ એજ ૩૯૭ જીવભેદમાં સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. વળી લોકાન્તિક અને અનુત્તરદેવ સબંધિ ૨૮ ભેદ સિવાય શેષ **૫૩૫ જીવભેદમાં મિથ્યાત્વ** હોય છે.

(૨૪) **સંજ્ઞિત્વ**—૧૦૧ સમુચ્છિર્મ મનુષ્ય, ૨૮ અપંચેન્દ્રિય, અને ૧૦ સમુચ્છિર્મ પંચેન્દ્રિય એ **૧૩૯ જીવભેદ અસંજ્ઞિ** છે અને શેષ **૪૨૪ જીવભેદ સંજ્ઞિ** છે.

(૨૫) **આહારી—૫૬૩ જીવભેદ આહારી** હોય છે, અને આહારીપણાના સચિત્તાદિ ઉત્તરભેદને અંગે ૧૦ સૂક્ષ્મ એકેન્દ્રિય અને ૨ બાદરવાયુ એ **૧૨ જીવભેદમાં ૩-૪-૫-૬ દિશિનો** આહાર હોય છે. કારણકે એ ૧૨ જીવો લોકને કિનારે અલોકને સ્પર્શી રહેલા હોય છે, અને એ બાર જીવસહિત બીજા પણ સર્વે જીવ લોકના કિનારાથી ખસીને લોકની અંદરના ભાગમાં યથાયોગ્ય રહેલા હોય છે માટે **૫૬૩ જીવભેદમાં ૬ દિશિનો આહાર** હોય છે. તથા સર્વે અપર્યાપ્ત જીવોમાં એટલે **૩૩૨ જીવભેદમાં ઓજઆહાર** હોય છે, કારણકે ઓજઆહાર અપર્યાપ્ત અવસ્થામાં શરીર પર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધીજ હોય છે. ત્યારબાદ શરીર પર્યાપ્તિ સમાપ્ત થતાં એજ ૩૩૨ અપર્યાપ્ત અને ૨૩૧ પર્યાપ્તજીવો મળીને **૫૬૩ જીવભેદમાં લોમઆહાર** હોય છે. હેતૂપદેશિકી અને દીર્ઘકાલિકી સંજ્ઞારૂપ વિશિષ્ટ સંજ્ઞાપૂર્વક ગ્રહણ કરાતો આહાર અહિં આભોગિક લોમઆહાર અને તેવા પ્રકારની વિશિષ્ટ સંજ્ઞાવિના સ્વાભાવિક રીતે ઉપયોગ શૂન્યપણે ગ્રહણ કરાતો આહાર અનાભોગિક લોમઆહાર કહેવાય છે, માટે પૂર્વે કહેલા ૪૨૪ સંજ્ઞિજીવ, ૫ પર્યાપ્ત સમુચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય, અને ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય સહિત **૪૩૨ જીવભેદમાં**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આભોગિક લોમ આહાર છે, અને **૫૬૩ જીવભેદમાં અનાભો-ગિક** લોમ આહાર છે. તથા ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય, ૧૦ પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય, અને ૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય એ **૧૧૪ જીવભેદમાં કવલ આહાર** હોય તે આભોગિકજ હોય છે. અહિં વિશેષ એ કે દેવોનો મનોભક્ષી આહાર પણ કેવળ આભોગિકજ હોય છે. તથા તિર્યંચ અને મનુષ્ય સંબંધિ **૩૫૧ જીવભેદમાં સચિત્ત અને મિશ્ર** આહાર હોય છે. અને ૧૯૮ દેવ તથા ૧૪ નારક એ **૨૧૨ જીવભેદમાં** કેવળ **અચિત્ત આહાર** હોય છે. એ પ્રમાણે આહારીપણું જાણવું. અપર્યાપ્તરૂપ **૩૩૨ જીવભેદ** પૂર્વભવથી પરભવમાં વક્રગતિએ જતાં એકાદિ સમય અનાહારી હોય છે, અને ૧૫ પર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો કેવળી સમુદ્ઘાત વખતે ત્રણ સમય અનાહારી હોય છે માટે એ બન્ને મળી **૩૪૭ જીવભેદમાં અનાહારીપણું** હોય છે.

(૧૬) **ગુણસ્થાનક**—લોકાન્તિક અને અનુત્તર દેવ સંબંધિ ૨૮ ભેદ સિવાયના શેષ **૫૩૫ જીવભેદમાં મિથ્યાત્વ ગુણસ્થાન** છે. સમ્યક્ત્વ દ્વારની પ્રાપ્તિ પ્રસંગે કહેલા ૪૦૦ **જીવભેદમાં સાસ્વાદન** ગુણસ્થાન છે, **૧૯૮ જીવભેદમાં મિશ્ર** ગુણસ્થાન છે, અને ક્ષયોપશમ સમ્યક્ત્વને અનુસારે **૪૨૩ જીવભેદમાં અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન** છે. ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ અને ૧૫ કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય એ **૨૦ જીવભેદમાં દેશવિરતિ** ગુણસ્થાન છે. ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજ મનુષ્યરૂપ **જીવભેદમાં પ્રમત્તથી અયોગી** સુધીનાં નવ ગુણસ્થાનો છે.

(૧૭) **જીવભેદ***—અહિં જીવભેદ પ્રાપ્તિમાં કેવળ ૧૪ ભેદ કહેવાશે. કારણકે પાંચસોત્રેસઠ જીવભેદની પ્રાપ્તિ તો દરેક જીવભેદમાં પોતપોતાના નામવાળા એકેક જીવભેદમાં સ્પષ્ટ છે. અને ૧૪ જીવભેદની પ્રાપ્તિ નીચે મુજબ જાણવી.

---

* અહિંથી આગળનાં દ્વારો પ્રકારાન્તરે કહેવાશે કે જેમાં જીવભેદનો સર્વાળો ૫૬૩ મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, અને સાધારણ વનસ્પતિ એ ૫ જીવભેદમાં અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયરૂપ **પહેલો જીવભેદ** છે વળી એજ પાંચ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વી વિગેરે ૫ જીવભેદમાં પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયરૂપ **બીજો જીવભેદ** છે. અપર્યાપ્ત બાદર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, અને પ્રત્યેક વનસ્પતિ એ ૬ જીવભેદમાં અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય નામે **ત્રીજો ભેદ** છે, વળી એજ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય વિગેરે ૬ જીવભેદમાં પર્યાપ્ત બાદર એકેન્દ્રિય નામે **ચોથો જીવભેદ** છે, અપર્યાપ્ત દ્વીન્દ્રિરૂપ ૧ જીવભેદમાં અપર્યાપ્ત દ્વીન્દ્રિય નામે **પાંચમો ભેદ**, પર્યાપ્ત દ્વીન્દ્રિયરૂપ ૧ જીવભેદમાં પર્યાપ્ત દ્વીન્દ્રિય નામે **છઠ્ઠો ભેદ**, અપર્યાપ્ત ત્રીન્દ્રિયરૂપ ૧ જીવભેદમાં અપર્યાપ્ત ત્રીન્દ્રિય નામે **સાતમો ભેદ**, પર્યાપ્ત ત્રીન્દ્રિયરૂપ ૧ જીવભેદમાં પર્યાપ્ત ત્રીન્દ્રિય નામે **આઠમો ભેદ**, અપર્યાપ્ત ચતુરિન્દ્રિયરૂપ ૧ જીવભેદમાં એજ નામનો **નવમો ભેદ**, અને પર્યાપ્ત ચતુરિન્દ્રિયરૂપ ૧ જીવભેદમાં એજ નામનો **૧૦ મો જીવભેદ** છે. તથા ૫ અપર્યાપ્ત સમુચ્છિર્મ પંચેન્દ્રિય તિર્યંચ અને ૧૦૧ સમુચ્છિર્મ મનુષ્ય એ ૧૦૬ જીવભેદમાં અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય નામે **૧૧ મો ભેદ**, ૫ પર્યાપ્ત સમુચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય નામે ૫ જીવભેદમાં **બારમો ભેદ**, ૧૦૧ અપર્યાપ્ત ગર્ભજમનુષ્ય, ૯૯ અપર્યાપ્તદેવ, ૭ અપર્યાપ્ત નારક, અને ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ ૨૧૨ જીવભેદમાં અપર્યાપ્ત સંજ્ઞિ નામે **તેરમો ભેદ**, અને ૯૯ પર્યાપ્તદેવ, ૧૦૧ પર્યાપ્ત ગર્ભજમનુષ્ય, ૫ પર્યાપ્તગર્ભજ તિર્યંચ, અને ૭ પર્યાપ્ત નારક એ ૨૧૨ જીવભેદમાં પર્યાપ્તસંજ્ઞિ નામે **ચૌદમો જીવભેદ** છે. એ પ્રમાણે પાંચસોત્રેસઠ જીવભેદમાં ચૌદ જીવભેદ કહ્યા.

(૧૮) **પર્યાપ્તિ**—૧૧ અપર્યાપ્ત એકેન્દ્રિય અને ૧૦૧ સમુચ્છિર્મ મનુષ્ય એ **૧૧૨ જીવભેદમાં** આહાર શરીર અને ઇન્દ્રિય એ **ત્રણ પર્યાપ્તિ** હોય. કારણ કે એકેન્દ્રિયને ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યાપ્તિ હોવાથી ત્રણ પર્યાપ્તિ સમાપ્ત થયેલી હોય અને ચોથી પર્યાપ્તિ એક સમય જેટલી ન્યૂન હોય તોપણ કરણ અપર્યાપ્તપણું હોય છે, માટે એકેન્દ્રિયોને કરણ અથવા લબ્ધિ અપર્યાપ્તપણામાં અને સમુચ્છિંમ મનુષ્યોને લબ્ધિ[1] અપર્યાપ્તપણામાં સંપૂર્ણ પર્યાપ્તિઓ તો ત્રણજ હોય છે, એ રીતે બીજા જીવોને પણ જેટલી પર્યાપ્તિઓ હોય છે તેમાંથી તેજ અપર્યાપ્ત જીવોને છેલ્લી એકેક પર્યાપ્તિ કમી હોય છે, એ પ્રમાણે ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, અને ૫ અપર્યાપ્ત સમુચ્છિંમ પંચેન્દ્રિય, તથા ૧૧ પર્યાપ્ત એકેન્દ્રિય એ **૧૯ જીવભેદમાં** પ્હેલી **ચાર પર્યાપ્તિઓ** સંપૂર્ણ થયેલી હોય છે. તથા ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ પર્યાપ્ત સમુચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૦૧ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, ૯૯ અપર્યાપ્ત દેવ, ૭ અપર્યાપ્તનારક એ **૨૨૦ જીવભેદમાં ૫ પર્યાપ્તિઓ** સંપૂર્ણ હોય છે. તથા ૧૦૧ પર્યાપ્ત ગર્ભજમનુષ્ય, ૫ ગર્ભજપર્યાપ્ત તિર્યંચ, ૯૯ પર્યાપ્તદેવ, અને ૭ પર્યાપ્તનારક એ **૨૧૨ જીવભેદમાં ૬ પર્યાપ્તિઓ** સંપૂર્ણ હોય છે.

(૧૧) પ્રાણ—૧૧ અપર્યાપ્ત એકેન્દ્રિયરૂપ **૧૧ જીવભેદમાં** આયુષ્ય, કાયયોગ, અને સ્પર્શેન્દ્રિય એ **૩ પ્રાણ** છે. ૧૧ પર્યાપ્તએકેન્દ્રિયરૂપ **૧૧ જીવભેદમાં** આયુષ્ય, કાયયોગ, સ્પર્શેન્દ્રિય અને શ્વાસોચ્છવાસ એ **૪ પ્રાણ** હોય છે. કારણકે અપર્યાપ્તએકેન્દ્રિયને ઉચ્છવાસપર્યાપ્તિ પૂર્ણ થયેલી હોતી નથી, માટે ઉચ્છવાસપ્રાણ હોતો નથી, અનેપર્યાપ્તએકેન્દ્રિયને ઉચ્છવાસપર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી ઉચ્છવાસપ્રાણ હોય છે. અપર્યાપ્ત દ્વીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, આયુષ્ય, કાયયોગ, અને શ્વાસોચ્છવાસ એ **પાંચ પ્રાણ** હોય છે, અને પર્યાપ્તદ્વીન્દ્રિયરૂપ

---

૧ સર્વે લબ્ધિ અપર્યાપ્તજીવો પ્હેલી ત્રણ પર્યાપ્તિઓજ સમાપ્ત કરી મરણ પામે છે, અને સમુચ્છિંમ મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તજ હોય છે. માટે સમુચ્છિંમ મનુષ્યને ૩ પર્યાપ્તિઓ હોય, છતાં કોઇ કોઇ ગ્રંથમાં ઉચ્છવાસપ્રાણ કહેલ હોવાથી ઉચ્છવાસપર્યાપ્તિ પણ સૂચવી તે શ્રીબહુશ્રુતગમ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ જીવભેદમાં વચનયોગ સહિત **૬ પ્રાણ** હોય છે. અપર્યાપ્ત ત્રીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** ૩ ઇન્દ્રિય, કાયયોગ, ઉચ્છ્વાસ અને આયુષ્ય એ **૬ પ્રાણ** છે, પર્યાપ્તત્રીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** વચનયોગ સહિત **સાત પ્રાણ** છે, અપર્યાપ્ત ચતુરિન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** ૪ ઇન્દ્રિય, કાયયોગ, ઉચ્છ્વાસ અને આયુષ્ય એ **સાત પ્રાણ** હોય છે, અને પર્યાપ્ત ચતુરિન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** વચનયોગ સહિત **૮ પ્રાણ** છે. તથા ૫ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત એ ૧૦૬ જીવભેદમાં ૫ ઇન્દ્રિય, કાયયોગ, ઉચ્છ્વાસ, અને આયુષ્ય એ **૮ પ્રાણ** છે, અહિં ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્યને ૫ ઇન્દ્રિય, આયુષ્ય, અને કાયયોગ એ સાત પ્રાણ પણ કહ્યા છે, માટે સમુર્ચ્છિમ મનુષ્યોને ૭ અથવા ૮ પ્રાણ કહેવા. શ્રી જીવવિચારની અવચૂરીમાં **सप्ताष्टौ** એ વચનથી સાત અથવા આઠ પ્રાણ કહ્યા છે, અને શ્રી દ્રવ્યલોકપ્રકાશમાં પણ "વચન અને મન વિના" એ અર્થ–વચનથી ૮ પ્રાણ કહ્યા છે, પરન્તુ સમુર્ચ્છિમ મનુષ્યને આઠ પ્રાણ કેવી રીતે હોય? તે સંબંધમાં બહુ વિચારવા[1] યોગ્ય છે,

૧ અહીં વિચારવાની વાત એ છે કે કર્મગ્રન્થ વિગેરેના નિયમ પ્રમાણે જે જીવને પરભવમાં લબ્ધિઅપર્યાપ્તપણે ઉત્પન્ન થવું હોય તેવા જીવો પૂર્વભવમાં પર્યાપ્તનામકર્મ બાંધે નહિં, અને પર્યાપ્તનામકર્મ ન બાંધે તો શ્વાસોચ્છ્વાસનામકર્મ પણ ન બાંધે એવો નિયમ છે. કારણકે સર્વ લબ્ધિઅપર્યાપ્તા જીવો પ્રથમની ત્રણ પર્યાપ્તિઓજ પૂર્ણ કરી શકે પણ ઉચ્છ્વાસ વિગેરે આગળની પર્યાપ્તિઓ પૂર્ણ ન કરી શકે. તથા એ કારણથીજ અપર્યાપ્ત અને ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય પણ સમકાળે હોય નહિં. હવે એ નિયમ પ્રમાણે વિચારીએ તો સમુર્ચ્છિમ મનુષ્યો લબ્ધિઅપર્યાપ્તજ હોય છે એમ તો સર્વ શાસ્ત્રો સ્વીકારે છે, અને પૂર્વે કહેલો નિયમ પણ સર્વ શાસ્ત્રને પ્રમાણ છે તો લબ્ધિઅપર્યાપ્ત એવા સમુર્ચ્છિમ મનુષ્યો ઉચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ કરી શકતા નથી તો તેઓને ઉચ્છ્વાસ પ્રાણ કેવી રીતે હોય? કે જેથી સમુર્ચ્છિમ મનુષ્યોને ૮ પ્રાણ કહી શકાય! માટે સાત પ્રાણ હોવામાં કોઈ જાતનો વિસંવાદ નથી પરન્તુ આઠ પ્રાણ હોય એ તો વિચારવા યોગ્યજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી સાત પ્રાણ તો અવશ્ય સંભવે છે, માટે આઠ પ્રાણનો નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય છે. તથા ૫ સમુર્ચ્છિમ પર્યાપ્તતિર્યંચ પંચેન્દ્રિય, ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૧૦૧ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, ૯૯ અપર્યાપ્ત દેવ, અને ૭ અપર્યાપ્ત નારક એ **૨૧૭ જીવભેદમાં** મનયોગ વિના **૯ પ્રાણ*** હોય. તથા ૫ સમુચ્છિર્મ તિર્યંચ વિના એજ **૨૧૨** પર્યાપ્ત **જીવભેદમાં** મનયોગ સહિત **૧૦ પ્રાણ** છે.

(૨૦) **સંજ્ઞા**—૫૬૩ જીવભેદમાં આહાર વિગેરે ચારે સંજ્ઞા છે. અહિં અનુત્તર અને ગ્રૈવેયક દેવોને શાસ્ત્રમાં **અપ્રવિચારી** એટલે વિષય રહિત કહ્યા છે, તોપણ તે દેવો સૂક્ષ્મ વેદોદયવાળા હોવાથી મૈથુનસંજ્ઞાવાળા હોઈ શકે છે, જેમ શાસ્ત્રાભ્યાસમાં ઉપયોગવાળા વિરાગી અને ભાવિતાત્મા મુનિરાજ પણ જેમ નિષ્ફળ (=બાહ્યફળ રહિત) વેદોદયવાળા છે તેમ તે દેવો પણ નિષ્ફળ મૈથુન સંજ્ઞાવાળા છે. તથા ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય અને ૫ પર્યાપ્ત સમુચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય એ ૮ **જીવભેદમાં હેતૂપદેશિકી સંજ્ઞા** છે. ૯૯ અપર્યાપ્ત દેવ, ૬ અપર્યાપ્ત નારક (સપ્તમ નારક વિના), ૧૦૧ અપ૦ ગર્ભજ મનુ૦, અને ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ **૨૧૧ જીવભેદમાં ૧ દૃષ્ટિવાદોપદેશિકી** સંજ્ઞા છે. તથા ૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, ૯૯ પર્યાપ્ત દેવ, ૭ પર્યાપ્તનારક, અને ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ **૨૧૨ જીવભેદમાં દીર્ઘકાલિકી** અને **દૃષ્ટિવાદોપદેશિકી** એ બે સંજ્ઞા છે. કારણકે એ જીવો મનઃપર્યાપ્તિવાળા અને સમ્યગ્દ્રષ્ટિ પણ હોય છે, માટે મનઃપર્યાપ્તિ સમાપ્ત થયાની અપેક્ષાએ દીર્ઘકાલિકીસંજ્ઞાવાળા અને સમ્યગ્દૃષ્ટિ હોવાની અપેક્ષાએ દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞાવાળા છે. તથા ૨૨ એકેન્દ્રિય, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ, ૧૦૧ અપર્યાપ્ત સમુચ્છિર્મ મનુ-

---

* અપર્યાપ્ત ગર્ભજ, દેવ, અને નારકમાં વચનયોગ નહિ હોવા છતાં વચનપ્રાણ ગણવાનું કારણ અપર્યાપ્તસંજ્ઞિમાં પ્રાણપ્રાપ્તિ પ્રસંગે દર્શાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ષ્ય, અને ૧ અપર્યાપ્ત સપ્તમ નારક એ **૧૩૨ જીવભેદ સંજ્ઞા રહિત છે.**

(૨૧) ઉપયોગ*—કર્મગ્રન્થમતે ૨૨ એકેન્દ્રિય, ૫ વિકલેન્દ્રિય (પર્યાપ્ત ચતુરિન્દ્રિય વિના), અને ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય અને ૫ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ એ **૧૩૩ જીવભેદમાં** મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને અચક્ષુદર્શન એ **૩ ઉપયોગ** છે. ૧ પર્યાપ્ત ચતુરિન્દ્રિય અને ૫ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય એ **૬ જીવભેદમાં** ચક્ષુદર્શન સહિત પૂર્વોક્ત ૪ **ઉપયોગ** હોય, ૮૬ અપર્યાપ્ત યુગલિકોરૂપ **૮૬ જીવભેદમાં** બે અજ્ઞાન બે જ્ઞાન અને અચક્ષુદર્શન મળી **૫ ઉપયોગ** હોય, ૮૬ પર્યાપ્ત યુગલિકોરૂપ **૮૬ જીવભેદમાં** ચક્ષુદર્શન સહિત **૬ ઉપયોગ** હોય. ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૧૫ અપર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજમનુષ્ય, ૯૯ અપર્યાપ્તદેવ, અને ૭ અપર્યાપ્ત નારક એ **૧૨૬ જીવભેદમાં** ૩ અજ્ઞાન અને ૩ જ્ઞાન અચક્ષુદર્શન અને અવધિદર્શન એ **૮ ઉપયોગ** છે. તથા ૯૯ પર્યાપ્ત નારક, અને ૫ ગર્ભજપર્યાપ્ત તિર્યંચ એ **૧૧૧ જીવભેદમાં** ૩ જ્ઞાન, ૩ દર્શન, અને ૩ અજ્ઞાન મળી **૯ ઉપયોગ** હોય છે. તથા ૧૫ પર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજમનુષ્ય રૂપ **૧૫ જીવભેદમાં ૧૨ ઉપયોગ** છે.

(૨૨) દ્રષ્ટિ—૨૨ એકેન્દ્રિય, ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ પર્યાપ્ત સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, અને ૧ સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક એ **૧૩૨ જીવભેદમાં મિથ્યાત્વ** દૃષ્ટિ છે. ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ સમુચ્છિમ અપર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય, ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૯૯ અપર્યાપ્તદેવ, ૬ અપર્યાપ્ત નારક, અને ૧૦૧ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય એ **૨૧૯ જીવભેદમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વ** એ બે દૃષ્ટિ છે. એમાં ત્રણ વિકલેન્દ્રિયને અને પાંચ સમુચ્છિમ

* સિદ્ધાન્તમતે ઉપયોગ પ્રાપ્તિ જ્ઞાનાજ્ઞાનદ્વારપ્રાપ્તિને અનુસારે સ્વતઃ જાણી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં કેવળ સાસ્વાદન[1] સમ્યગ્દૃષ્ટિપણું છે. અને ૯૯ દેવ, ૬ નારક, તથા છપ્પન અન્તર્દ્વીપ સિવાયના ૪૫ મનુષ્ય અને ૫ ગર્ભજતિર્યંચ મળી ૧૫૫ અપર્યાપ્તજીવોને ક્ષયોપશમ ક્ષાયિક અને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિપણું છે. ૫૬ અપર્યાપ્ત અન્તર્દ્વીપના યુગલિકોને ક્ષાયિક સમ્યક્ત્વ (પર્યાપ્ત અવસ્થામાં પણ) નહિં હોવાથી ક્ષયોપશમ અને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિપણું છે. તથા ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૧૦૧ પર્યાપ્ત દેવ, અને ૭ પર્યાપ્તનારક એ **૨૧૨ જીવભેદમાં ત્રણે દૃષ્ટિ છે.**

(૨૩) બન્ધ—૫૬૩ જીવભેદમાં મૂળ અને ઉત્તર પ્રકૃતિઓનો બંધ કહેવાથી ગ્રંથ ઘણો વધી જાય માટે જીજ્ઞાસુએ બંધસ્વામિત્વ નામે ત્રીજા કર્મગ્રન્થને અનુસરીને યથાયોગ્ય બંધ જાણવો.

(૨૪) ઉદય—૫૬૩ જીવભેદોમાં સવિસ્તર ઉદયનું સ્વરૂપ

---

૧ કેવળ સાસ્વાદન સમ્યક્ત્વ હોવાથી સમ્યગ્દૃષ્ટિપણું માનવું એમ સિદ્ધાન્તનો અભિપ્રાય છે. કારણકે સિદ્ધાન્તમાં સાસ્વાદન ભાવે જ્ઞાન માનેલું હોવાથી સાસ્વાદન યુક્ત અપર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવને સમ્યગ્દૃષ્ટિપણું કહેલું છે તો કર્મગ્રન્થને મતે સાસ્વાદન ભાવમાં અજ્ઞાન અંગીકાર કરીને અપર્યાપ્ત વિકલેન્દ્રિયાદિકમાં કેવળ મિથ્યાદૃષ્ટિપણું કહેવાય કે નહિ ?

ઉત્તર:—કર્મગ્રન્થના અભિપ્રાય પ્રમાણે તો અપર્યાપ્ત દ્વીન્દ્રિયાદિ જીવમાં કેવળ મિથ્યાદૃષ્ટિપણું માની શકાય છે. પરન્તુ દંડક વિગેરે પ્રકરણોમાં **विगले दुदिठि थावर, मिच्छत्ति**......એ વચનથી દ્વીન્દ્રિયાદિમાં સમ્યગ્દૃષ્ટિપણું સ્વીકારેલું છે, તે પ્રમાણે અહિં પણ સ્વીકારેલું છે.

શંકા—જ્ઞાન ઉપયોગ વિગેરે દ્વારોમાં તો વિકલેન્દ્રિય માટે બે બે મત દર્શાવ્યા અને સમ્યક્ત્વ દ્વારમાં પણ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય માટે બે બે મત દર્શાવેલા છે તો તેને અનુસારે દૃષ્ટિદ્વારમાં પણ કર્મગ્રન્થ અને સિદ્ધાન્તનો મત કેમ દર્શાવતા નથી ?

ઉત્તર—દંડક વિગેરે પ્રકરણકારોએ દૃષ્ટિદ્વારના સંબંધમાં સિદ્ધાન્તનો અભિપ્રાય વિશેષ સ્વીકારેલો હોવાથી અત્રે પણ તેજ ધોરી માર્ગને અનુસરી સિદ્ધાન્તનોજ અભિપ્રાય દર્શાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રમાં ભિન્ન દર્શાવ્યું નથી પણ ૧૪ જીવભેદ વિગેરે દ્વારોને અંગે સપ્તતિકા નામે છઠ્ઠા કર્મગ્રન્થમાં જે ઉદયવિધિ દર્શાવી છે તે ઉદયવિધિને અનુસારે યથાયોગ્ય ઉદય જીવભેદોમાં વિચારવો.

(૨૫) **उदीरणा**—પ્રાયઃ ઉદયવત્.

(૨૬) **सत्ता**—સપ્તતિકા નામે છઠ્ઠા કર્મગ્રન્થને અનુસારે પરિશ્રમ પૂર્વક તારવણી કરવાથીજ સર્વ ભેદોમાં (બંધ ઉદય ઉદીરણા અને) સત્તા ઉપજાવી શકાય છે તે સ્વતઃ વિચારવી.

(૨૭) **शरीर**—પર્યાપ્ત વાયુ વિના ૨૭ અપંચેન્દ્રિય, ૧૦ સમુચ્છિંમતિર્યંચ પંચેન્દ્રિય, ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૧૦૧ સમુચ્છિંમ મનુષ્ય, ૧૭૨ યુગલિક, અને ૧૫ અપર્યાપ્ત ગર્ભજ કર્મભૂમિ મનુષ્ય એ **૩૩૦ જીવભેદમાં ૩ શરીર** ઔદારિક તૈજસ અને કાર્મણ છે. ૧૯૮ દેવ અને ૧૪ નારક એ **૨૧૨ જીવભેદમાં ૩ શરીર** વૈક્રિય તૈજસ અને કાર્મણ છે. પર્યાપ્ત વાયુકાય અને ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ **૬ જીવભેદમાં ૪ શરીર** ઔદારિક વૈક્રિય તૈજસ અને કાર્મણ છે. અને ૧૫ પર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજ મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં ૫ શરીર** છે.

(૨૮) **बन्धहेतु**—નવ લોકાન્તિક અને પાંચ અનુત્તર એ ચૌદ અપર્યાપ્ત અને ચૌદ પર્યાપ્ત મળી ૨૮ જીવભેદમાં અવ્રત, કષાય, અને યોગ એ ૩ મૂળ બંધહેતુ છે. અને શેષ ૫૩૫ જીવભેદમાં ૪ મૂળ બંધહેતુ છે. હવે સર્વ જીવભેદમાં ઉત્તર બંધહેતુ નીચે પ્રમાણે—

અપર્યાપ્ત એકેન્દ્રિયના **૧૧ જીવભેદમાં** ૧ અનાભોગિક મિથ્યાત્વ, ૬ કાયવધ અવિરતિ, ૧ સ્પર્શેન્દ્રિય અવિરતિ, ૨૩ કષાય, આદારિકમિશ્ર અને કાર્મણ એ બે યોગ મળી **૩૩ બંધહેતુ** છે. પર્યાપ્ત બાદર વાયુ વિના ૧૦ પર્યાપ્ત એકેન્દ્રિય રૂપ ૧૦ **જીવભેદમાં** ઔદારિક યોગસહિત અને પૂર્વોક્ત બે યોગરહિત **૩૨ બંધહેતુ** છે. પર્યાપ્ત બાદર વાયુરૂપ **૧ જીવભેદમાં** વૈક્રિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને વૈક્રિયમિશ્ર સહિત **૩૪ બંધહેતુ** છે. અપર્યાપ્ત દ્વીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** ૧ મિથ્યાત્વ, ૬ કાયવધ અવિરતિ, ૨ ઇન્દ્રિય અવિરતિ, ૨૩ કષાય, તથા ઔદારિકમિશ્ર અને કાર્મણ એ ૨ યોગ મળી **૩૪ બંધહેતુ** છે. પર્યાપ્ત દ્વીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** પૂર્વોક્ત બે યોગને સ્થાને એક ઔદારિક અને વ્યવહાર વચન યોગ ગણવાથી **૩૪ બંધહેતુ** છે. અપર્યાપ્ત ત્રીન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** અપર્યાપ્ત દ્વીન્દ્રિયમાં કહેલા ચોત્રીસ બંધહેતુમાં ૧ ઇન્દ્રિય અવિરતિ અધિક ગણવાથી **૩૫ બંધહેતુ** થાય. પર્યાપ્ત ત્રીન્દ્રિય રૂપ **૧ જીવભેદમાં** પર્યાપ્ત દ્વીન્દ્રિયમાં કહેલા ચોત્રીસ બંધહેતુમાં ૧ ઇન્દ્રિય અવિરતિ અધિક ગણવાથી **૩૫ બંધહેતુ** થાય. અપર્યાપ્ત ચતુરિન્દ્રિયરૂપ **૧ જીવભેદમાં** અપર્યાપ્ત ત્રીન્દ્રિયમાં કહેલા પાંત્રીસ બંધહેતુ સહિત ૧ ઇન્દ્રિય અવિરતિ અધિક ગણવાથી **૩૬ બંધહેતુ** હોય. પર્યાપ્ત ચતુરિન્દ્રિય રૂપ **૧ જીવભેદમાં** પર્યાપ્ત ત્રીન્દ્રિયમાં કહેલા ૩૫ બંધહેતુ સહિત ૧ ઇન્દ્રિય અવિરતિ અધિક ગણવાથી **૩૬ બંધહેતુ** હોય. ૫ અપર્યાપ્ત સમુર્ચ્છિમ તિ૦ પંચેન્દ્રિય, અને ૧૦૧ સમુર્ચ્છિમ મનુષ્ય એ **૧૦૬ જીવભેદમાં** ૧ મિથ્યાત્વ, ૬ કાયવધ, ૫ ઇન્દ્રિય, ૨૩ કષાય, અને ઔદારિક મિશ્ર તથા કાર્મણ એ ૨ યોગ મળી **૩૭ બંધહેતુ** હોય. ૫ પર્યાપ્ત સમુર્ચ્છિમતિર્યંચ પંચેન્દ્રિયરૂપ **૫ જીવભેદમાં** પૂર્વોક્ત બે યોગને સ્થાને ઔદારિક તથા વ્યવહાર વચનયોગ ગણતાં એજ **૩૭ બંધહેતુ** હોય. ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચરૂપ **૫ જીવભેદમાં** ૧ મિથ્યાત્વ, મનવિના ૧૧ અવિરતિ, ૨૫ કષાય, અને ઔદારિકમિશ્ર તથા કાર્મણ એ ૨ યોગ મળી **૩૯ બંધહેતુ** હોય. ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચરૂપ **૫ જીવભેદમાં** ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય, ઔદારિકમિશ્રયોગ કાર્મણયોગ તથા આહારકદ્વિક વિના શેષ ૧૧ યોગ એ **૫૩ બંધહેતુ** છે. તથા નવ લોકાન્તિક અને પાંચ અનુત્તર એ ૧૪ અપર્યાપ્તરૂપ **૧૪ જીવભેદમાં** મનવિના ૧૧ અવ્રત, તથા નપુંસકવેદ સ્ત્રીવેદ અને ૪ અનંતાનુબંધિ એ ૭ કષાય વિના શેષ ૧૯ કષાય, વૈક્રિયમિશ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને કાર્મણ એ ૨ યોગ, એ સર્વ મળી ૩૨ **બંધહેતુ** છે. અને એજ ૧૪ પર્યાપ્ત દેવરૂપ **૧૪ જીવભેદમાં** ૧૨ અવ્રત, ૧૯ કષાય, ૪ મનયોગ, ૪ વચનયોગ, અને ૧ વૈક્રિયયોગ એ સર્વ મળી ૪૦ **બંધહેતુ** છે. સનતકુમારથી અચ્યુત સુધીના ૧૦ કલ્પના દેવ, ૨ ઉર્ધ્વ કિલ્બિષિક, અને ૯ ગ્રૈવેયક એ ૨૧ અપર્યાપ્ત દેવરૂપ **૨૧ જીવભેદમાં** ૧ અનાભોગિક મિથ્યાત્વ, મનવિના ૧૧ અવિરતિ, નપુંસક અને સ્ત્રીવેદ વિના ૨૩ કષાય, તથા વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ૨ યોગ મળી ૩૭ **બંધહેતુ** છે. તથા એજ ૨૧ પર્યાપ્ત દેવરૂપ **૨૧ જીવભેદમાં** ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૩ કષાય, અને ૯ યોગ એ ૪૯ **બંધહેતુ** છે. **૭ અપર્યાપ્ત નારકમાં** પણ એકવીસ અપર્યાપ્ત દેવભેદની પેઠે ૩૭ **બંધહેતુ** છે, પરન્તુ પુરૂષવેદને બદલે નપુંસક વેદ કહેવો. અને **૭ પર્યાપ્ત નારકમાં** એકવીશ પર્યાપ્ત દેવભેદની પેઠે ૪૯ **બંધહેતુ** છે પરન્તુ પુરૂષવેદને બદલે નપુંસકવેદ કહેવો. પૂર્વે કહેલા ૧૪ તથા ૨૧ મળી ૩૫ દેવ સિવાયના શેષ ૬૪ અપર્યાપ્ત દેવરૂપ **૬૪ જીવભેદમાં** ૧ અનાભોગ મિથ્યાત્વ, મનવિના ૧૧ અવિરતિ, નપુંસક વેદ વિના ૨૪ કષાય, તથા વૈક્રિયમિશ્ર અને કાર્મણયોગ એ ૩૮ **બન્ધહેતુ** છે. એજ ૬૪ પર્યાપ્ત દેવરૂપ **૬૪ જીવભેદમાં** ૫ મિથ્યાવ, ૧૨ અવ્રત, ૨૪ કષાય, અને ૯ યોગ મળી ૫૦ **બંધહેતુ** છે. ૮૬ અપર્યાપ્ત યુગલિક રૂપ **૮૬ જીવભેદમાં** ૧ અનાભોગ મિથ્યાત્વ, મનવિના ૧૧ અવ્રત, નપુંસક વેદ વિના ૨૪ કષાય, ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ મળી ૩૮ **બંધહેતુ** છે. તથા ૮૬ **પર્યાપ્ત યુગલિકોમાં** ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૪ કષાય, ૪ મનયોગ, ૪ વચનયોગ, અને ૧ ઔદારિક યોગ મળી ૫૦ **બંધહેતુ** છે. ૧૫ અપર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજ મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં** અપર્યાપ્ત યુગલિકમાં કહેલા ૩૮ બંધહેતુમાં ૧ નપુંસકવેદ અધિક ગણવાથી ૩૯ **બંધહેતુ** છે, અને ૧૫ પર્યાપ્ત કર્મભૂમિગર્ભજ મનુષ્ય રૂપ **૧૫ જીવભેદમાં** ૫૭ **બંધહેતુ** છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિં ઉત્તરબંધહેતુ જુદી જુદી રીતે પણ એક સરખી સંખ્યાવાળા હોવાથી ચોત્રીસ વિગેરે કેટલાએક આંકડા સંખ્યામાં સરખા છે, પરન્તુ ગણત્રી ભિન્ન ભિન્ન છે.

(૨૯) **ધ્યાન**—૨૮ અપંચેન્દ્રિય, ૧૦ સમુચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, ૫ ગર્ભજતિર્યંચ અપર્યાપ્ત, ૯૯ અપર્યાપ્તદેવ, ૭ અપર્યાપ્તનારક, અને ૧૦૧ અપર્યાપ્તગર્ભજ મનુષ્ય એ **૩૫૧ જીવભેદમાં ધ્યાન હોય નહિ,** કારણકે એ સર્વે જીવો મનસંજ્ઞા રહિત છે, અને મન વિના ધ્યાન હોય નહિ. ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૯૯ પર્યાપ્તદેવ, ૭ પર્યાપ્તનારક અને ૮૬ પર્યાપ્ત યુગલિક એ **૧૯૭ જીવભેદમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન** છે, કારણકે અપ્રમત્તાદિ મુનિ વિના સર્વે મનવાળા જીવોને આર્ત્ત રૌદ્રધ્યાનનીજ મુખ્યતા હોય છે. અને ૧૫ કર્મભૂમિના પર્યાપ્તગર્ભજ મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં ૪ ધ્યાન** હોય છે.

(૩૦) **સંઘયણ**—૨૨ એકેન્દ્રિયરૂપ ૨૨ જીવભેદમાં સંઘયણ ન હોય, કારણકે સંઘયણ તે હાડની સંધીનું બંધારણ છે, અને એકેન્દ્રિયને હાડ હોય નહિ. તેમજ ૧૯૮ દેવ અને ૧૪ નારકને પણ હાડના અભાવે સંઘયણ નહિ હોવાથી એ **૨૩૪ જીવભેદ સંઘયણ રહિત** છે. ૬ વિકલેન્દ્રિય, ૧૦ સમુચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, અને ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય એ **૧૧૭ જીવભેદમાં સેવાર્ત્ત** સંઘયણરૂપ ૧ સંઘયણ હોય. ૧૭૨ યુગલિકરૂપ **૧૭૨ જીવભેદમાં વજ્રર્ષભનારાચ** રૂપ ૧ સંઘયણ હોય. અને ૧૦ ગર્ભજતિર્યંચ, તથા ૩૦ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય એ ૪૦ **જીવભેદમાં ૬ સંઘયણ** છે.

(૩૧) **સંસ્થાન**—૨૨ એકેન્દ્રિય, ૬, વિકલેન્દ્રિય, ૧૦ સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, અને ૧૪ નારક એ **૧૫૩ જીવભેદમાં હુંડક** સંસ્થાનરૂપ ૧ સંસ્થાન છે. ૧૯૮ દેવ અને ૧૭૨ યુગલિક એ **૩૭૦ જીવભેદમાં સમ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચતુરસ્રરૂપ ૧ સંસ્થાન છે. ૧૦ ગર્ભજતિર્યંચ અને ૩૦ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય એ **૪૦ જીવભેદમાં ૬ સંસ્થાન છે.**

(૩૨) **સમુદ્ઘાત**—૯૯ અપર્યાપ્તદેવ, અને ૭ અપર્યાપ્તનારક તથા ૮૬ અપર્યાપ્ત યુગલિક[1] એ **૧૯૨ જીવભેદમાં** વેદના અને કષાય એ **બે સમુદ્ઘાત** છે. પર્યાપ્તબાદર વાયુ વિના ૨૭ અપંચેન્દ્રિય, ૧૦ સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, ૯ પર્યાપ્ત ગ્રૈવેયકદેવ, ૫ પર્યાપ્ત અનુત્તરદેવ, ૫ અપર્યાપ્ત ગર્ભજતિર્યંચ, ૮૬ પર્યાપ્ત યુગલિક, અને ૧૫ અપર્યાપ્ત ગર્ભજ કર્મભૂમિ મનુષ્ય એ **૨૫૮ જીવભેદમાં** વેદના, કષાય, અને મરણ એ **૩ સમુદ્ઘાત** છે. પર્યાપ્તબાદર વાયુરૂપ **૧ જીવભેદમાં** વેદના, કષાય, મરણ, અને વૈક્રિય એ **૪ સમુદ્ઘાત** છે. ગ્રૈવેયક અને અનુત્તર સિવાયના ૮૫ પર્યાપ્તદેવ, ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ, અને ૭ પર્યાપ્તનારક એ **૯૭ જીવભેદમાં** વેદના, કષાય, મરણ, વૈક્રિય, અને તૈજસ એ **૫ સમુદ્ઘાત** છે. અને ૧૫ પર્યાપ્તગર્ભજ કર્મભૂમિ મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં ૭ સમુદ્ઘાત છે.**

(૩૩) **ભાવ**—બાદર અપર્યાપ્ત પૃથ્વી, જળ, અને પ્રત્યેક વનસ્પતિ એ ત્રણ સિવાયના શેષ ઓગણીસ એકેન્દ્રિય, પર્યાપ્તદ્વીન્દ્રિય, પર્યાપ્તત્રીન્દ્રિય અને ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય એ **૧૨૨ જીવભેદમાં ૩ મૂળભાવ** (ક્ષયોપશમ ઔદયિક અને પારિણામિક) છે, અને ઉત્તરભાવમાં અજ્ઞાન ૨, દાનાદિ ૫, અચક્ષુદર્શન ૧, અજ્ઞાન વિગેરે[3] ૪, ગતિ[4] ૧, લેશ્યા ૩ (પ્રથમની), કષાય ૪, વેદ ૧

૧-૨. અપર્યાપ્ત યુગલિકો કર્મપ્રકૃતિ, શ્રી આચારાંગજીની ટીકા, તથા સૂયગડાંગસૂત્ર વિગેરેના અભિપ્રાયથી મરણ પામે છે, પરન્તુ વિશેષતઃ તેઓને અનપવર્તનીય આયુષ્ય હોવાથી અહિં અપર્યાપ્ત યુગલિકને મરણની વિવક્ષા કરી નથી.

૩. અહિં "અજ્ઞાન વિગેરે ૪" એટલે અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, અને મિથ્યાત્વ એ ચાર ઔદયિકભાવ જાણવા.

૪. તફાવત એ છે કે ૧૦૧ સમુચ્છિમ મનુષ્યમાં મનુષ્યગતિ કહેવી, અને શેષ ૨૧ ભેદમાં તિર્યંચગતિ કહેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(નપુંસક), અને પારિણામિકભાવ ૩ એ સર્વ મળી **૨૪ ઉત્તરભાવ** છે. બાદરઅપર્યાપ્ત પૃથ્વી, બાદરઅપર્યાપ્ત જળ, અને બાદર અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિ એ **૩ જીવભેદમાં** એજ **૩ મૂળભાવ** અને તેજોલેશ્યા સહિત **૨૫ ઉત્તરભાવ** છે, કારણકે ઈશાન સુધીના દેવોમાંનો કોઇ તેજોલેશ્યાવાળો દેવ એ ત્રણ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે દેવપણાની તેજોલેશ્યા સહિત ઉત્પન્ન થાય છે તેથી એ ત્રણ જીવોને અપર્યાપ્તપણામાં તેજોલેશ્યા પણ હોઇ શકે છે. ત્યાર-બાદ પર્યાપ્તપણામાં તદ્ભવપ્રત્યયિક ૩ અશુભલેશ્યા પ્રાપ્ત થાય છે તેથી એ ૩ ભેદમાં અને શેષ ૧૯ એકેન્દ્રિયમાં ભવસ્વભાવેજ તેજોલેશ્યા વિગેરે શુભ લેશ્યા હોતી નથી.

૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને ૫ અપર્યાપ્ત સમુચ્છિમ પંચે-ન્દ્રિય એ **૮ જીવભેદમાં ૩ મૂળભાવ** પૂર્વોક્ત રીતે છે, અને ૨ જ્ઞાન સહિત ચોવીસ ભાવ જે પ્રથમ ઓગણીસ એકેન્દ્રિયોમાં કહ્યા છે તે રીતે હોવાથી **૨૬ ઉત્તરભાવ** હોય છે. કારણકે ઉપશમ સમ્યક્ત્વથી પતિત થઇ સાસ્વાદન સહિત જીવ એ આઠ ભેદમાં ઉત્પન્ન થઇ શકે છે, માટે એ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ભાવ હોય છે, અને સિદ્ધાન્તના અભિપ્રાય પ્રમાણે સાસ્વાદનભાવે જ્ઞાન હોય છે. તથા કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે સાસ્વાદનભાવ છે, પરન્તુ સાસ્વાદનપણામાં અજ્ઞાનજ ગણાય તેથી પૂર્વોક્ત **૨૪ ઉત્તરભાવ** હોય.

૧ પર્યાપ્ત ચતુરિન્દ્રિય અને ૫ પર્યાપ્ત સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય એ **૬ જીવભેદમાં ૩ મૂળભાવ** પૂર્વોક્ત રીતે છે, અને ચક્ષુદર્શન સહિત **૨૫ ઉત્તરભાવ** છે. ૧ અપર્યાપ્ત-ગર્ભજ ચતુષ્પદ અને ૧૫ અપર્યાપ્તગર્ભજ કર્મભૂમિ મનુષ્ય એ **૧૬ જીવભેદમાં** ક્ષાયિકભાવ સહિત **૪ મૂળભાવ** અને ઉત્તર-ભેદમાં પૂર્વોક્ત ચોવીસ સહિત સ્ત્રીવેદ, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ક્ષાયિકસમ્યક્ત્વ, તેજો, પદ્મ, અને શુક્લલેશ્યા, અવધિજ્ઞાન, અવધિદર્શન, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાન એ સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળી **૩૬ ઉત્તરભાવ** છે. કારણકે ગર્ભજને ત્રણે વેદ હોય છે, પૂર્વભવમાંથી સમ્યક્ત્વ અવધિ અને વિભંગ સહિત અવતરે છે, પરન્તુ ક્ષાયિક સમ્યક્ત્વ સહિત તિર્યંચમાં ઉત્પન્ન થાય તો યુગલિક ચતુષ્પદમાંજ[1] અવતરે છે. પર્યાપ્તગર્ભજ ચતુષ્પદ (યુગલિક ચતુષ્પદ) રૂપ **૧ જીવભેદમાં ૫ મૂળભાવ** અને ચક્ષુદર્શન તથા ઉપશમ સમ્યક્ત્વ સહિત **૩૮ ઉત્તરભાવ** હોય છે. કારણકે એ બન્ને ભાવ પર્યાપ્ત અવસ્થામાં હોઇ શકે છે. અપર્યાપ્ત ગર્ભજ જળચર, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ, અને ખેચરરૂપ **૪ જીવભેદમાં** ઉપશમ અને ક્ષાયિક વિના **૩ મૂળભાવ**, અને ક્ષાયિક સમ્યક્ત્વ નહિ હોવાથી પૂર્વોક્ત છત્રીસમાંથી ક્ષાયિકસમ્યક્ત્વ બાદ કરતાં શેષ **૩૫ ઉત્તરભાવ** હોય છે. તથા પર્યાપ્તગર્ભજ જળચર, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ, અને ખેચર એ **૪ જીવભેદમાં** ૪ મૂળભાવ (ક્ષાયિક વિના), અને ચક્ષુદર્શન તથા ઉપશમ સમ્યક્ત્વ સહિત **૩૭ ઉત્તરભાવ** હોય છે.

૫૬ અપર્યાપ્ત અન્તર્દ્વીપના યુગલિક મનુષ્યરૂપ **૫૬ જીવભેદમાં** ઉપશમભાવ અને ક્ષાયિક[1]ભાવ રહિત **૩ મૂળભાવ** છે અને ઉત્તરભેદમાં એકેન્દ્રિયને કહેલા ચોવીસભાવમાંથી નપુંસકવેદ વિના ૨૩ ભાવ[2] સહિત ૩ શુભ લેશ્યા, ૨ વેદ (સ્ત્રી, પુરૂષ), ૧ ક્ષયોપશમ સમ્યક્ત્વ, અને ૨ મતિશ્રુતજ્ઞાન એ **૩૧ ઉત્તરભાવ** છે. પર્યાપ્ત અન્તર્દ્વીપના યુગલિક મનુષ્યરૂપ **૫૬ જીવભેદમાં** ઉપશમ, ક્ષયોપશમ, ઔદયિક, અને પારિણામિક એ **૪ મૂળભાવ** છે, અને ઉત્તરભેદમાં ચક્ષુદર્શન તથા ઉપશમ સમ્યક્ત્વ

---

૧. તિર્યંચના ૪૮ ભેદમાંથી ગર્ભજ ચતુષ્પદરૂપ ૧ તિર્યંચનેજ ક્ષાયિક સમ્યક્ત્વ હોય, અને તે પણ યુગલિક ચતુષ્પદનેજ, પરન્તુ કર્મભૂમિગત ચતુષ્પદ તિર્યંચને ક્ષાયિકસમ્યક્ત્વ ન હોય.

૧ પરન્તુ ગતિને સ્થાને મનુષ્ય ગતિ કહેવી.

૨ મનુષ્યના ૩૦૩ ભેદમાં અન્તર્દ્વીપના યુગલિક મનુષ્ય સંબંધિ ૧૧૨ મનુષ્યભેદમાં ક્ષાયિક સમ્યક્ત્વ ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહિત **૩૩ ઉત્તરભાવ** છે. ૩૦ અપર્યાપ્ત દેવકુરૂ આદિ ક્ષેત્રના યુગલિક મનુષ્યરૂપ ૩૦ **જીવભેદમાં ૪ મૂળભાવ** (ઉપશમ વિના) છે, અને ઉત્તરભેદમાં અન્તર્દ્વીપના અપર્યાપ્ત મનુષ્યોને કહેલા ૩૧ ભાવ સહિત ક્ષાયિક સમ્યક્ત્વ ગણતાં **૩૨ ઉત્તરભાવ** છે. અને એજ ત્રીસ પર્યાપ્ત યુગલિક મનુષ્યરૂપ **૩૦ જીવભેદમાં** ઉપશમભાવ સહિત **૫ મૂળભાવ**, અને ચક્ષુદર્શન તથા ઉપશમ સમ્યક્ત્વ સહિત **૩૪ ઉત્તરભાવ** છે.

પંદર અપર્યાપ્ત પરમાધામી દેવરૂપ **૧૫ જીવભેદમાં ૩ મૂળભાવ** (ક્ષાયિક અને ઉપશમ વિના) છે, અને ઉત્તરભેદમાં ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૧ ક્ષયોપશમ સમ્યક્ત્વ, ૫ દાનાદિ, ૨ અચક્ષુ અને અવધિ, ૪ અજ્ઞાન વિગેરે, ૧ ગતિ, ૧ કૃષ્ણલેશ્યા (અથવા ૩ અશુભ લેશ્યા*), ૪ કષાય, ૨ વેદ (સ્ત્રી, પુરૂષ), અને ૩ પારિણામિકભાવ એ સર્વ મળી **૨૯** (અથવા **૩૧**) **ઉત્તરભાવ** છે. તથા એજ પર્યાપ્ત પરમાધામીરૂપ **૧૫ જીવભેદમાં ૪ મૂળભાવ** (ક્ષાયિક વિના) છે, અને ઉત્તરભેદમાં ચક્ષુદર્શન અને ઉપશમ સમ્યક્ત્વ સહિત અપર્યાપ્ત પરમધામીને કહેલા ઓગણત્રીણ અથવા એકત્રીસ ભાવ ગણતાં ૩૧ (અથવા ૩૩) **ઉત્તરભાવ** છે.

૧૦ અપર્યાપ્ત ભુવનપતિ, ૧૦ અપર્યાપ્ત તિર્યગ્જાંભક, અને ૧૬ અપર્યાપ્ત વ્યન્તર એ **૩૬ જીવભેદમાં ૩ મૂળભાવ**, અને ઉત્તરભેદમાં તેજો લેશ્યા સહિત અપર્યાપ્ત પરમાધામીમાં કહેલા ૩૧ ભાવ પ્રમાણે **૩૨ ઉત્તરભાવ** છે. અને એજ પર્યાપ્ત ભુવનપતિ વિગેરે **૩૬ જીવભેદમાં ૪ મૂળભાવ** (ક્ષાયિક[1] વિના) છે, અને ચક્ષુદર્શન તથા ઉપશમ સમ્યક્ત્વ સહિત પર્યાપ્ત પરમાધામીવત્ **૩૪ ઉત્તરભાવ** છે.

---

* દેવગતિમાં કિલ્બિષિક સિવાયના સૌધર્માદિ વિમાનવાસી દેવોનેજ ક્ષાયિક સમ્યક્ત્વ હોય, બીજા દેવોને નહિ.

૧ વિચારસાર ગ્રંથને અનુસારે ૩ લેશ્યા, અને ઘણા ગ્રંથને અનુસારે કેવળ કૃષ્ણલેશ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપર્યાપ્ત સૌધર્મ, અપર્યાપ્ત ઈશાન, એ **૨ જીવભેદમાં ૪ મૂળભાવ** (ઉપશમ વિના) છે, અને ઉત્તરભેદમાં અપર્યાપ્ત ભવનપત્યાદિને કહેલા ૩૨ ભાવમાંથી ૩ અશુભ લેશ્યા બાદ કરી ક્ષાયિકસમ્યક્ત્વ ઉમેરતાં **૩૦ ઉત્તરભાવ** હોય છે. તથા એજ પર્યાપ્ત **૨ જીવભેદમાં ૫ મૂળભાવ અને ૩૨ ઉત્તરભાવ** (ચક્ષુદર્શન અને ઉપશમ સમ્યક્ત્વ સહિત) છે. ૧૦ જ્યોતિષી અપર્યાપ્ત અને અધઃકિલ્બિષિક અપર્યાપ્તરૂપ **૧૧ જીવભેદમાં ૩ મૂળભાવ** અને ક્ષાયિક સમ્યક્ત્વ રહિત અપર્યાપ્ત સૌધર્મવત્ **૨૯ ઉત્તરભાવ** છે, એજ પર્યાપ્ત **૧૧ જીવભેદમાં ૪ મૂળભાવ** (ક્ષાયિક વિના), અને ક્ષાયિકસમ્યક્ત્વ રહિત પર્યાપ્ત સૌધર્મવત્ **૩૧ ઉત્તરભાવ** છે. અપર્યાપ્ત મધ્યમ કિલ્બિષિક અને અપર્યાપ્ત ઉર્ધ્વ કિલ્બિષિકરૂપ **૨ જીવભેદમાં ૩ મૂળભાવ** અને સ્ત્રીવેદ[1] વિના અપર્યાપ્ત અધઃકિલ્બિષિકવત્ **૨૮ ઉત્તરભાવ**[2] છે. એજ પર્યાપ્ત કિલ્બિષિકરૂપ **૨ જીવભેદમાં ૪ મૂળભાવ** અને સ્ત્રીવેદ વિના પર્યાપ્ત અધઃકિલ્બિષિકવત્ **૩૦ ઉત્તરભાવ** છે.

તથા સનત્કુમાર વિગેરે ૧૦, અને ગ્રૈવેયક ૯, એ ૧૯ અપર્યાપ્તરૂપ **૧૯ જીવભેદમાં ૪ મૂળભાવ** (ઉપશમ વિના) છે, અને અપર્યાપ્ત સૌધર્મમાં કહેલા ૩૦ ભાવમાંથી સ્ત્રીવેદ બાદ કરતાં શેષ **૨૯ ઉત્તરભાવ** છે, અને એજ પર્યાપ્ત **૧૯ જીવભેદમાં ૫ મૂળભાવ**, અને સ્ત્રીવેદ રહિત પર્યાપ્ત સૌધર્મવત્ **૩૧ ઉત્તરભાવ** છે. ૯ અપર્યાપ્ત લોકાન્તિકરૂપ **૯ જીવભેદમાં ૪ મૂળભાવ** અને ક્ષાયોપશમિક અજ્ઞાન ૩, ઔદયિક અજ્ઞાન ૧, અભવ્યત્વ ૧, મિથ્યાત્વ ૧, અને સ્ત્રીવેદ ૧ એ ૭ ભાવ

---

૧. ત્રીજા સનત્કુમાર સ્વર્ગથી ઉપરના સર્વ દેવલોકમાં સ્ત્રીવેદનો (દેવાંગનાનો) અભાવ છે માટે.

૨. પરન્તુ અહિંથી આગળ જે દેવોને જે લેશ્યા સંભવતી હોય તેજ ૧ લેશ્યા કહેવી, જેથી મધ્ય કિલ્બિષિકને પદ્મલેશ્યા, અને ઉર્ધ્વકિલ્બિષિકને શુક્લલેશ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિના* અપર્યાપ્ત સૌધર્મવત્ **૨૩ ઉત્તરભાવ** છે. એજ પર્યાપ્તરૂપ **૯ જીવભેદમાં** ૪ મૂળભાવ અને ચક્ષુદર્શન સહિત **૨૪ ઉત્તરભાવ** છે. ૫ અપર્યાપ્ત અનુત્તરરૂપ **૫ જીવભેદમાં ૫ મૂળભાવ**[1] અને ચક્ષુદર્શન વિના ઉપશમ સમ્યક્ત્વ સહિત પર્યાપ્ત લોકાન્તિકવત્ **૨૪ ઉત્તરભાવ** હોય. અને બહુમતે ઉપશમ વિના **૪ મૂળભાવ** અને ઉપશમ સમ્યક્ત્વ વિના **૨૩ ઉત્તરભાવ** છે. તથા ૫ પર્યાપ્ત અનુત્તર દેવરૂપ **૫ જીવભેદમાં ૪ ઉત્તરભાવ** (ઉપશમ વિના) હોય, ઉત્તરભેદમાં ચક્ષુદર્શન સહિત અને ઉપશમ સમ્યક્ત્વ રહિત અપર્યાપ્ત અનુત્તરવત્ **૨૪ ઉત્તરભાવ** હોય.

રત્નપ્રભા વિગેરે પ્રથમની પૃથ્વીના અપર્યાપ્ત નારકરૂપ **૨ જીવભેદમાં ૪ મૂળભાવ** (ઉપશમ વિના) હોય, અને ઉત્તરભેદમાં અપર્યાપ્ત પરમાધામી દેવને જે ૩૧ ભાવ કહ્યા છે તેમાંથી ૩ લેશ્યાને સ્થાને ૧ કાપોતલેશ્યા, ૨ વેદને સ્થાને ૧ નપુંસકવેદ, તથા ક્ષાયિક સમ્યક્ત્વ ઉમેરતાં સર્વ મળી **૨૯ ઉત્તરભાવ** હોય, અને એજ પર્યાપ્ત **૨ જીવભેદમાં ૫ મૂળભાવ**, તથા ચક્ષુદર્શન અનેઉપશમસમ્યક્ત્વ સહિત **૩૧ ઉત્તરભાવ** હોય. અપર્યાપ્ત વાલુકાપ્રભાના નારકરૂપ **૧ જીવભેદમાં** અપર્યાપ્ત રત્નપ્રભા નારકવત્, પરન્તુ કૃષ્ણને બદલે કાપોત અને નીલ એ ૨ લેશ્યા ગણવાથી **૪ મૂળભાવ**, અને **૩૦ ઉત્તરભાવ** હોય છે. એજ પર્યાપ્ત **૧ જીવભેદમાં** પર્યાપ્ત રત્નપ્રભાવત્ પરન્તુ ૨ લેશ્યા ગણવાથી

---

* કારણકે લોકાન્તિક દેવો અવશ્ય ભવ્ય અને સમ્યગ્દષ્ટિજ હોય છે માટે. અહિં અવશ્ય ભવ્યત્વાદિ અધિપતિ લોકાન્તિકની અપેક્ષાએ જાણવું. વળી લોકાન્તિક દેવોને ક્ષાયિક અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય, પણ બીજાં સમ્યક્ત્વ ન હોય

૧. કારણકે સર્વે અનુત્તર દેવો અવશ્ય ભવ્ય અને સમ્યગ્દષ્ટિજ હોય છે. વળી છઠ્ઠાકર્મગ્રન્થને મતે ઉપશમ સમ્યક્ત્વ સહિત પરભવમાં ઉત્પન્ન થાય તો આ પાંચ અનુત્તર દેવોજ ઉત્પન્ન થઇ શકે છે, શેષ સર્વે અપર્યાપ્ત જીવોને ઉપશમ સમ્યક્ત્વનો અભાવ કહ્યો છે. અને ઘણા ગ્રંથો પ્રમાણે તો અપર્યાપ્ત અનુત્તરને પણ ઉપશમ સમ્યક્ત્વ ન હોય, અને ક્ષયોપશમ તથા ક્ષાયિક એ બે સંમ્યક્ત્વજ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ મૂળભાવ અને **૩૨ ઉત્તરભાવ** હોય. અપર્યાપ્ત પંકપ્રભાના નારકરૂપ **૧ જીવભેદમાં** ૩ **મૂળભાવ** (ક્ષાયિક અને ઉપશમ વિના) છે. કારણકે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રથમની ૩ પૃથ્વી સુધીજ હોય છે. અને ઉત્તરભેદમાં અપર્યાપ્ત રત્નપ્રભા નારકવત્, પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વ બાદ કરતાં શેષ **૨૮ ઉત્તરભાવ** હોય. એજ પર્યાપ્ત પંકપ્રભાના નારકરૂપ **૧ જીવભેદમાં ૪ મૂળભાવ** (ક્ષાયિક વિના), અને ચક્ષુદર્શન તથા ઉપશમસમ્યક્ત્વ સહિત અપર્યાપ્ત પંકપ્રભા નારકવત્ **૩૦ ઉત્તરભાવ** હોય. પાંચમી પૃથ્વીના અપર્યાપ્ત નારક રૂપ **૧ જીવભેદમાં ૩ મૂળભાવ** છે, અને અપર્યાપ્ત પંક પ્રભાનારકવત્, પરન્તુ કૃષ્ણલેશ્યા અધિક હોવાથી **૨૯ ઉત્તરભાવ** હોય. એજ પાંચમી પૃથ્વીના પર્યાપ્તનારકરૂપ **૧ જીવભેદમાં ૪ મૂળભાવ** (ક્ષાયિક વિના), અને ઉપશમ સમ્યક્ત્વ તથા ચક્ષુ-દર્શન સહિત અપર્યાપ્ત પાંચમી પૃથ્વીના નારકવત્ **૩૧ ઉત્તરભાવ** હોય. છઠ્ઠી પૃથ્વીના અપર્યાપ્તનારકરૂપ **૧ જીવભેદમાં ૩ મૂળભાવ** છે, અને અપર્યાપ્ત પંકપ્રભાના નારકવત્ **૨૮ ઉત્તરભાવ** છે, પરન્તુ નીલ લેશ્યાને બદલે કૃષ્ણ લેશ્યા કહેવી, એજ છઠ્ઠી પૃથ્વીના પર્યાપ્ત નારકરૂપ **૧ જીવભેદમાં ૪ મૂળભાવ,** અને પર્યાપ્ત પંકપ્રભાનારક-વત્ **૩૦ ઉત્તરભાવ** છે, પરન્તુ નીલ લેશ્યાને બદલે કૃષ્ણ લેશ્યા કહેવી, સાતમી પૃથ્વીના અપર્યાપ્ત નારકરૂપ **૧ જીવભેદમાં ૩ મૂળભાવ,** અને અવશ્ય મિથ્યાદષ્ટિ હોવાથી અપર્યાપ્ત પંકપ્રભા સંબંધિ ૨૮ ભાવમાંથી ૧ ક્ષયોપશમ સમ્યક્ત્વ, મતિજ્ઞાન, શ્રુત-જ્ઞાન, અને અવધિજ્ઞાન બાદ કરી નીલલેશ્યાને સ્થાને કૃષ્ણલેશ્યા ગણતાં **૨૪ ઉત્તરભાવ** હોય, એજ સાતમી પૃથ્વીના પર્યાપ્ત નારકરૂપ **૧ જીવભેદમાં** ૪ **મૂળભાવ** (ક્ષાયિક વિના), ચક્ષુદર્શન, ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ અને ૩ જ્ઞાન એ ૬ ભાવ-સહિત અપર્યાપ્તભાવી ૨૭ ભાવ ગણતાં કુલ ૩૦ **ઉત્તરભાવ** હોય છે. તથા પર્યાપ્ત કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય સંબંધિ **૧૫ જીવ-ભેદમાં** ૫ **મૂળભાવ** અને ત્રણ ઈતરગતિ વિના **૫૦ ઉત્તર-ભાવ** હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪) ૫૬૩ જીવભેદમાં અવગાહના.

૪૮ તિર્યંચમાં.

જીવભેદમાં.	જઘન્ય અવગાહના.	ઉત્કૃષ્ટ અવગાહના.
૧૦ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૧૧ બાદર એકેન્દ્રિયમાં (પ્રત્યેક. વનસ્પતિ વિના)	”	”
૧ બા૦ પર્યા૦ પ્રત્યેક વનસ્પતિમાં	”	સાધિક ૧૦૦૦ યોજન
૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિયમાં	”	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૧ પર્યાપ્ત દ્વીન્દ્રિય	”	૧૨ યોજન
૧ પર્યાપ્ત ત્રીન્દ્રિય	”	૩ ગાઉ
૧ પર્યાપ્ત ચતુરિન્દ્રિય	”	૪ ગાઉ
૧૦ અપર્યાપ્ત તિર્યંચ પંચે૦	”	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૨ પર્યાપ્ત સમ્મૂ૦ જલચર અને ગર્ભજ જળચર	”	૧૦૦૦ યોજન
૧ પર્યા૦ સમ્મૂ૦ ચતુષ્પદ	”	૯ ગાઉ
૧ ” ગ૦ ચતુષ્પદ	”	૬ ગાઉ
૨ પર્યાપ્ત (ગ૦ સમ્મૂ૦) પક્ષી	”	૯ ધનુષ્ય
૧ સમ્મૂ૦ પર્યા૦ ભુજપરિ૦	”	”
૧ ગર્ભ૦ ” ભુજપરિ૦	”	૯ ગાઉ
૧ સમ્મૂ૦ પર્યા૦ ઉરપરિ૦	”	૯ યોજન
૧ ગર્ભજ પર્યા૦ ઉરપરિ૦	”	૧૦૦૦ યોજન
૪૮		

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦૩ મનુષ્યમાં.

જીવભેદમાં.	જઘન્ય અવગાહના.	ઉત્કૃષ્ટ અવગાહના.
૨૦૨ અપર્યાપ્ત મનુષ્યની	અંગુલનો અસંખ્યાતમો ભાગ.	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૫૬ પર્યાપ્ત અન્તર્દ્વીપ નરની	૮૦૦ ધનુષ્	૮૦૦ ધનુષ્ય
૧૦ દેવકુરૂ–ઉત્તરકુરૂ નરની	૩ ગાઉ	૩ ગાઉ
૧૦ હરિવર્ષ–રમ્યક્ નરની	૨ ગાઉ	૨ ગાઉ
૧૦ હિમવંત-હિરણ્યવંત નરની	૧ ગાઉ	૧ ગાઉ
૧૫ કર્મભૂમિ નરની	અંગુલનો અસંખ્યાતમો ભાગ	૫૦૦ ધનુષ્ય
૩૦૩		

૧૪ નારકમાં.

૭ અપર્યાપ્ત નારકની	અંગુલનો અસંખ્યાતમો ભાગ.	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૧ પર્યાપ્ત પ્રથમ નારકની	૩ હાથ	૭॥ ધ૦ ૬ અં૦
૧ ,, દ્વીતીય નારકની	૭॥ ધ૦ ૬ અં૦	૧૫॥ ધ૦ ૧૨ અં૦
૧ ,, તૃતીય નારકની	૧૫॥ ધ૦ ૧૨ અં૦	૩૧ ધ૦
૧ ,, ચતુર્થ નારકની	૩૧ ધ૦	૬૨॥ ધ૦
૧ ,, પંચમ નારકની	૬૨॥ ધ૦	૧૨૫ ધ૦
૧ ,, ષષ્ઠ નારકની	૧૨૫ ધ૦	૨૫૦ ધ૦
૧ ,, સપ્તમ નારકની	૨૫૦ ધ૦	૫૦૦ ધ૦
૧૪		

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગે નરકમાં દરેક પ્રતરે નારકની અવગાહના.

(૧) રત્નપ્રભાના ૧૩ પ્રતરમાં

પ્રતરે	ધ૦ હસ્ત અંગુલ
૧	૦—૩—૦
૨	૧—૧—૮ાા
૩	૧—૩—૧૭
૪	૨—૨—૧ાા
૫	૩—૦—૧૦
૬	૩—૨—૧૮ાા
૭	૪—૧—૩
૮	૪—૩—૧૧ાા
૯	૫—૧—૨૦
૧૦	૬—૦—૪ાા
૧૧	૬—૨—૧૩
૧૨	૭—૦—૨૧ાા
૧૩	૭—૩—૬

પ્રત્યેક પ્રતરમાં ૫૬ાા અંગુલની વૃદ્ધિ કરવાથી.

(૨) શર્કરાપ્રભાના ૧૧ પ્રતરમાં

પ્રતરે	ધ૦ હસ્ત અંગુલ
૧	૭—૩—૬
૨	૮—૨—૯
૩	૯—૧—૧૨
૪	૧૦—૦—૧૫
૫	૧૦—૩—૧૮
૬	૧૧—૨—૨૧
૭	૧૨—૨—૦
૮	૧૩—૧—૩
૯	૧૪—૦—૬
૧૦	૧૪—૩—૯
૧૧	૧૫—૨—૧૨

પ્રત્યેક પ્રતરમાં ૭૫ અંગુલની વૃદ્ધિ કરવાથી

(૩) વાલુકાપ્રભાના ૯ પ્રતરમાં

પ્રતરે	ધ૦ હસ્ત અંગુલ
૧	૧૫—૨—૧૨
૨	૧૭—૨—૭ાા
૩	૧૯—૨—૩
૪	૨૧—૧—૨૨ાા
૫	૨૩—૧—૧૮
૬	૨૫—૧—૧૩ાા
૭	૨૭—૧—૯
૮	૨૯—૧—૪ાા
૯	૩૧—૧—૦

પ્રત્યેક પ્રતરમાં ૭ હાથ ૧૯ાા અંગુલની વૃદ્ધિ કરવાથી

(૪) પંકપ્રભાના ૭ પ્રતરમાં

પ્રતરે	ધ૦ હસ્ત અંગુલ
૧	૩૧—૧—૦
૨	૩૬—૧—૨૦
૩	૪૧—૨—૧૬
૪	૪૬—૩—૧૨
૫	૫૨—૦—૮
૬	૫૭—૧—૪
૭	૬૨—૨—૦

દરેક પ્રતરે ૫ ધ૦ ૨૦ અં૦ની વૃદ્ધિ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૫) ધૂમપ્રભાના ૫ પ્રતરમાં

પ્રતરે	ધ૦ હસ્ત અંગુલ
૧	૬૨—૨—૦
૨	૭૮—૦-૧૨
૩	૯૩—૩—૦
૪	૧૦૯—૧ ૧૨
૫	૧૨૫—૨—૦

દરેક પ્રતરે ૧૫ાા હ૦ ૧૨ અં૦ વૃદ્ધિ

(૬) તમઃપ્રભાના ૩ પ્રતરમાં

૧	૧૨૫—૦—૦
૨	૧૮૭—૨—૦
૩	૨૫૦—૦—૦

૬૨ાા ધનુ૦ ની વૃદ્ધિ.

(૭) તમઃતમપ્રભાના ૧ પ્રતરમાં.

૧	૫૦૦—૦—૦

૧૯૮ દેવમાં.

જીવભેદમાં.	જઘન્ય અવગાહના.	ઉત્કૃષ્ટ અવગાહના.
૯૯ અપર્યાપ્ત દેવની	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૧૦ પર્યા૦ ભુવનપતિ	૭ હાથ	૭ હાથ
૧૫ ,, પરમાધામી	,,	,,
૧૦ ,, તિર્યગ્જંભક	,,	,,
૧૬ ,, વ્યન્તર	,,	,,
૧૦ ,, જ્યોતિષી	,,	,,
૨ ,, સૌધર્મ–ઇશાન	,,	,,
૧ ,, અધઃકિલ્બિષિક	,,	,,
૨ ,, સનત્૦–માહેન્દ્ર	૬ હાથ	$૬\frac{૪}{૧૧}$ હાથ
૧ ,, મધ્ય કિલ્બિષિક	,,	,,
૨ ,, બ્રહ્મ–લાન્તક	૫ હાથ	$૫\frac{૬}{૧૧}$ હાથ
૯ ,, લોકાન્તિક	,,	,,
૨ ,, શુક્ર–સહસ્રાર	૪ હાથ	$૪\frac{૩}{૧૧}$ હાથ
૪ ,, આનતાદિ	૩ હાથ	$૩\frac{૩}{૧૧}$ હાથ
૯ ,, ગ્રૈવેયક	૨ હાથ	$૨\frac{૮}{૧૧}$ હાથ
૫ ,, અનુત્તર	૧ હાથ	$૧\frac{૧}{૧૧}$ હાથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગે સનત્ કુમારાદિ સ્વર્ગમાં આયુષ્યને અનુસારે અવગાહનાનું પ્રમાણ.

૩-૪ સ્વર્ગમાં.

સાગરોપમે		હાથ.
૩	સાગરોપમે	૬ ૪/૧૧
૪	,,	૬ ૩/૧૧
૫	,,	૬ ૨/૧૧
૬	,	૬ ૧/૧૧
૭	,,	૬

૫-૬ સ્વર્ગમાં.

૮	સાગરો૦	૫ ૬/૧૧
૯	,,	૫ ૫/૧૧
૧૦	,,	૫ ૪/૧૧
૧૧	,,	૫ ૩/૧૧
૧૨	,,	૫ ૨/૧૧
૧૩	,,	૫ ૧/૧૧
૧૪	,,	૫

૭-૮ સ્વર્ગમાં.

૧૫	સાગરો૦	૪ ૩/૧૧
૧૬	,,	૪ ૨/૧૧
૧૭	,,	૪ ૧/૧૧
૧૮	,,	૪

૯-૧૦-૧૧-૧૨ સ્વર્ગમાં.

૧૯	સાગરો૦	૩ ૩/૧૧
૨૦	,,	૩ ૨/૧૧
૨૧	,,	૩ ૧/૧૧
૨૨	,,	૩

નવગ્રૈવેયકમાં.

૨૩	સાગરો૦	૨ ૮/૧૧
૨૪	,,	૨ ૭/૧૧
૨૫	,,	૨ ૬/૧૧
૨૬	,,	૨ ૫/૧૧
૨૭	,,	૨ ૪/૧૧
૨૮	,,	૨ ૩/૧૧
૨૯	,,	૨ ૨/૧૧
૩૦	,,	૨ ૧/૧૧
૩૧	,,	૨

પાંચ અનુત્તરમાં.

૩૨	,,	૧ ૧/૧૧
૩૩	,,	૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૫) ૫૬૩ જીવભેદમાં સ્થિતિ.

૪૮ તિર્યંચમાં.

જીવભેદમાં.	જઘન્ય સ્થિતિ.	ઉત્કૃષ્ટ સ્થિતિ.
૧૦ સૂક્ષ્મ એકેન્દ્રિયની	અન્તર્મુહૂર્ત્ત	અન્તર્મુહૂર્ત્ત
૬ અપર્યાપ્તબાદર એકેન્દ્રિય	,,	,,
૧ પર્યાપ્તબાદર પૃથ્વી	,,	૨૨૦૦૦ વર્ષ
૧ પર્યાપ્ત બાદર જળ	,,	૭૦૦૦ વર્ષ
૧ પર્યાપ્તબાદર અગ્નિ	,,	૩ દિવસ
૧ પર્યાપ્ત બાદર વાયુ	,,	૩૦૦૦ વર્ષ
૧ પર્યાપ્તબાદર સાધારણ વનસ્પતિ	,,	અન્તર્મુહૂર્ત્ત
૧ પર્યાપ્તબાદર પ્રત્યેક વનસ્પતિ	,,	૧૦૦૦૦ વર્ષ
૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય	,,	અન્તર્મુહૂર્ત્ત
૧ પર્યાપ્ત દ્વીન્દ્રિય	,,	૧૨ વર્ષ
૧ પર્યાપ્ત ત્રીન્દ્રિય	,,	૪૯ દિવસ
૧ પર્યાપ્ત ચતુરિન્દ્રિય	,,	૬ માસ
૧૦ અપર્યાપ્ત પંચેન્દ્રિયતિર્યંચ	,,	અન્તર્મુહૂર્ત્ત
૧ પર્યાપ્ત સમુર્ચ્છિમ જળચર	,,	૧ ક્રોડ પૂર્વ
૧ પર્યાપ્ત ગર્ભજ જળચર	,,	,,
૧ પર્યા૦ સમુ૦ સ્થલચર (ચતુષ્પદ)	,,	૮૪૦૦૦ વર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ પર્યા૦ ગ૦ સ્થલચર (ચતુષ્પદ)	અન્તર્મુહૂર્ત્ત	૩ પલ્યોપમ
૧ પર્યા૦ સમુ૦ ખેચર	„	૭૨૦૦૦ વર્ષ
૧ પર્યા૦ ગર્ભજ ખેચર	„	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ
૧ પર્યા૦ સમુ૦ ઉરઃપરિસર્પ	„	૫૩૦૦૦ વર્ષ
૧ પર્યા૦ ગ૦ ઉરઃપરિસર્પ	„	૧ ક્રોડપૂર્વ વર્ષ
૧ પર્યા૦ સમુ૦ ભુજપરિસર્પ	„	૪૨૦૦૦ વર્ષ
૧ પર્યા૦ ગ૦ ભુજપરિસર્પ	„	૧ પૂર્વક્રોડ વર્ષ
૪૮		

૧૪ નારકમાં.

૭ અપર્યાપ્ત નારક	અન્તર્મુહૂર્ત્ત	અન્તર્મુહૂર્ત્ત*
૧ પર્યાપ્ત પ્રથમ નારક	૧૦૦૦૦ વર્ષ	૧ સાગરોપમ
૧ „ દ્વિતીય નારક	૧ સાગરોપમ	૩ સાગરોપમ
૧ „ તૃતીય નારક	૩ સાગરોપમ	૭ સાગરોપમ
૧ „ ચતુર્થ નારક	૭ સાગરોપમ	૧૦ સાગરોપમ
૧ „ પંચમ નારક	૧૦ સાગરોપમ	૧૭ સાગરોપમ
૧ „ ષષ્ઠ નારક	૧૭ સાગરોપમ	૨૨ સાગરોપમ
૧ „ સપ્તમ નારક	૨૨ સાગરોપમ	૩૩ સાગરોપમ
૧૪		

* નારક જીવો કરણઅપર્યાપ્ત હોય છે, પણ લબ્ધિઅપર્યાપ્ત નહિં, માટે એ અન્તર્મુહૂર્ત્ત કરણઅપર્યાપ્ત અવસ્થા સંબંધી જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦૩ મનુષ્યમાં

મનુષ્યભેદ.	જઘન્ય સ્થિતિ.	ઉત્કૃષ્ટ સ્થિતિ.
૧૦૧ સમ્મૂર્ચ્છિમ મનુષ્ય	અન્તર્મુહૂર્ત્ત	અન્તર્મુહૂર્ત્ત
૧૦૧ અપર્યાપ્ત* ગર્ભજ મનુષ્ય	,,	,,
૧૫ કર્મભૂમિના પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય	,,	૧ પૂર્વક્રોડવર્ષ
૫ પર્યાપ્ત ગ૦ દેવકુરૂ મનુષ્ય	૩ પલ્યોપમમાં પ-લ્યો૦ નો અસં૦ મો ભાગ હીન	૩ પલ્યોપમ
૫ ,, ઉત્તરકુરૂ મનુષ્ય	,,	,,
૫ ,, હરિવર્ષ મનુષ્ય	પલ્યાસંખ્યભાગ હીન ૨ પલ્યોપમ	૨ પલ્યોપમ
૫ ,, રમ્યક્ મનુષ્ય	,,	,,
૫ ,, હિમવંત નર	પલ્યાસંખ્યભાગ હીન ૧ પલ્યોપમ	૧ પલ્યોપમ
૫ ,, હિરણ્યવંત નર	,,	,,
૫૬ ,, અન્તર્દ્વીપ નર	કિંચિત્ ન્યૂન પ-લ્યોપમાસંખ્યેય ભાગ	પલ્યોપમાસંખ્યેય ભાગ
૩૦૩		

* ૮૯ યુગલિકોમાં કરણઅપર્યાપ્તપણું ગણવું.

For Private And Personal Use Only

૧૯૮ દેવમાં

	દેવભેદ.	જઘન્ય સ્થિતિ.	ઉત્કૃષ્ટ સ્થિતિ.
	૯૯ કરણઅપર્યાપ્ત દેવમાં	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત
૧૬	અસુર દેવ દક્ષિણના (૧૫ પરમાધામી સહિત)	૧૦૦૦૦ વર્ષ	૧ સાગરોપમ
	,, ઉત્તરના	,,	પલ્યોપમાસંખ્યેય ભાગાધિક ૧ સાગરોપમ
	અસુર દેવી દક્ષિણની	,,	૩॥ પલ્યોપમ
	,, ઉત્તરની	,,	૪॥ પલ્યોપમ
૯	નાગાદિ દેવ દક્ષિણના	,,	૧॥ પલ્યોપમ
	,, ઉત્તરના	,,	દેશોન ૨ પલ્યોપમ
	નાગકુમારીઆદિ દક્ષિણની	,,	૦॥ પલ્યોપમ
	,, ઉત્તરની	,,	દેશોન ૧ પલ્યોપમ
× ૨૬	વ્યન્તર દેવ ૨૬ નું (૧૦ તિર્યગ્ જંભક સહિત)	,,	૧ પલ્યોપમ
	વ્યન્તર દેવી ૨૬ નું	,,	૦॥ પલ્યોપમ
* ૨	ચન્દ્રવિમાને દેવોનું	૦। પલ્યોપમ	૧૦૦૦૦૦ વર્ષાધિક ૧ પલ્યોપમ
	,, દેવીઓનું	૦। પલ્યોપમ	૫૦૦૦૦ વર્ષાધિક ૦॥ પલ્યો૦
૨	સૂર્ય વિમાને દેવોનું (૨)*	,,	૧૦૦૦ ,, ૧ પલ્યો૦
	,, દેવીઓનું (૨)	,,	૫૦૦ ,, ૧ પલ્યો૦

+ પરમાધામીઓ અસુરનિકાયના છે માટે ૧૬ અસુરદેવ ગણ્યા છે.

* દરેક જ્યોતિષી દેવના ભેદમાં જે ૨ (બે) નો આંકડો છે તે ચર અને સ્થિર એમ બે પ્રકારના જ્યોતિષીના ભેદસૂચક છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ { ગ્રહવિમાને દેવોનું (૨)	,,	૬ પલ્યોપમ
,, દેવીઓનું (૨)	,,	૦॥ પલ્યોપમ
૨ { નક્ષત્રવિમાને દેવોનું (૨)	,,	૦॥ પલ્યોપમ
,, દેવીઓનું (૨)	,,	૦। પલ્યોપમ
૨ { તારા વિમાને દેવોનું (૨)	⅛ પલ્યોપમ	૦। પલ્યોપમ
,, દેવીઓનું (૨)	,,	સાધિક ⅛ પલ્યો૦
૧ { સૌધર્મ દેવ	૧ પલ્યોપમ	૨ સાગરોપમ
સૌધર્મ પરિગૃહિતા દેવી	,,	૭ પલ્યોપમ
સૌધર્મ અપરિગૃહિતાદેવી	,,	૫૦ ,,
૧ { ઇશાન દેવ	પલ્યાસંખ્યેય ભાગાધિક ૧ પલ્યો૦	પલ્યાસંખ્યેયભાગાધિક ૨ સાગરોપમ
ઇશાન પરિગૃહિતા દેવી	,,	૯ પલ્યોપમ
ઇશાન અપરિગૃહિતા દેવી	,,	૫૫ પલ્યોપમ
૧ અધઃકિલ્બિષિક	૧ પલ્યોપમ	૩ પલ્યોપમ
૧ સનત્કુમાર	૨ સાગરોપમ	૭ સાગરોપમ
૧ માહેન્દ્ર	પલ્યોપમાસંખ્યેય ભાગાધિક ૨ સાગરોપમ	પલ્યોપમાસંખ્યેયભાગાધિક ૭ સાગરોપમ
૧ મધ્ય કિલ્બિષિક	૨ સાગરોપમ	૩ સાગરોપમ
૧ બ્રહ્મ	૭ ,,	૧૦ ,,
૯ લોકાન્તિક	૭ ,,	૮ ,,

* તિર્યગ્જૃંભક દેવો વ્યન્તર નિકાયના છે માટે ૧૬ વ્યન્તર અને ૧૦ તિર્યગ્‌ જૃંભક મળી ૨૬ વ્યન્તર ગણ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ લાંતક	૧૦	,,	૧૪	,,
૧ ઉર્ધ્વકિલ્બિષિક	૧૦	,,	૧૩	,,
૧ શુક્ર	૧૪	,,	૧૭	,,
૧ સહસ્રાર	૧૭	,,	૧૮	,,
૧ આનત	૧૮	,,	૧૯	,,
૧ પ્રાણત	૧૯	,,	૨૦	,,
૧ આરણ	૨૦	,,	૨૧	,,
૧ અચ્યુત	૨૧	,,	૨૨	,,
૧ પ્હેલે ગ્રૈવેયકે	૨૨	,,	૨૩	,,
૧ બીજે ગ્રૈવેયકે	૨૩	,,	૨૪	,,
૧ ત્રીજે ગ્રૈવેયકે	૨૪	,,	૨૫	,,
૧ ચોથે ગ્રૈવેયકે	૨૫	,,	૨૬	,,
૧ પાંચમે ગ્રૈવેયકે	૨૬	,,	૨૭	,,
૧ છઠે ગ્રૈવેયકે	૨૭	,,	૨૮	,,
સાતમે ગ્રૈવેયકે	૨૮	,,	૨૯	,,
૧ આઠમે ગ્રૈવેયકે	૨૯	,,	૩૦	,,
૧ નવમે ગ્રૈવેયકે	૩૦	,,	૩૧	,,
૧ વિજય	૩૧	,,	૩૩	,,
૧ વિજયંત	૩૧	,,	૩૩	,,
૧ જયંત	૩૧	,,	૩૩	,,
૧ અપરાજીત	૩૧	,,	૩૩	,,
૧ સર્વાર્થસિધ્ધ	૩૩	,,	૩૩	,,
૧૯૮				

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગે દેવલોકના દરેક પ્રતરે સ્થિતિ.

સૌધર્મ–ઇશાન સ્વર્ગના ૧૩ પ્રતરમાં.

પ્રતરે.	જઘન્ય.	ઉત્કૃષ્ટ.
૧	૧ પલ્યો૰	૨/૧૩ સા૰
૨	”	૪/૧૩ ”
૩	”	૬/૧૩ ”
૪	”	૮/૧૩ ”
૫	”	૧૦/૧૩ ”
૬	”	૧૨/૧૩ ”
૭	”	૧ ૧/૧૩ ”
૮	”	૧ ૩/૧૩ ”
૯	”	૧ ૫/૧૩ ”
૧૦	”	૧ ૭/૧૩ ”
૧૧	”	૧ ૯/૧૩ ”
૧૨	”	૧ ૧૧/૧૩ ”
૧૩	”	૨ ”

સનત્કુમાર અને માહેન્દ્રના ૧૨ પ્રતરમાં.

૧	૨ સા૰	૨ ૫/૧૨ સા૰
૨	”	૨ ૧૦/૧૨ ”
૩	”	૩ ૩/૧૨ ”
૪	”	૩ ૮/૧૨ ”
૫	”	૪ ૧/૧૨ ”
૬	”	૪ ૬/૧૨ ”
૭	”	૪ ૧૧/૧૨ ”
૮	”	૫ ૪/૧૨ ”
૯	”	૫ ૯/૧૨ ”
૧૦	”	૬ ૨/૧૨ ”
૧૧	”	૬ ૭/૧૨ ”
૧૨	”	૭ ”

બ્રહ્મ સ્વર્ગના ૬ પ્રતરમાં.

૧	૭ સા૰	૭ ૧/૨ સા૰
૨	”	૮ ”
૩	”	૮ ૧/૨ ”
૪	”	૯ ”
૫	”	૯ ૧/૨ ”
૬	”	૧૦ ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાન્તક સ્વર્ગના ૫ પ્રતરમાં.

પ્રતરે.	જઘન્ય.	ઉત્કૃષ્ટ.	
૧	૧૦ સા૦	૧૦ ૪/૫	સા૦
૨	,,	૧૧ ૩/૫	,,
૩	,,	૧૨ ૨/૫	,,
૪	,,	૧૩ ૧/૫	,,
૫	,,	૧૪	,,

શુક્ર સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૧૪ સા૦	૧૪।।।	સા૦
૨	,,	૧૫।।	,,
૩	,,	૧૬।	,,
૪	,,	૧૭	,,

સહસ્રાર સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૧૭ સા૦	૧૭।	સા૦
૨	,,	૧૭।।	,,
૩	,,	૧૭।।।	,,
૪	,,	૧૮	,,

આનત સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૧૮ સા૦	૧૮।	સા૦
૨	,,	૧૮।।	,,
૩	,,	૧૮।।।	,,
૪	,,	૧૯	,,

પ્રાણત સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૧૯ સા૦	૧૯।	,,
૨	,,	૧૯।।	,,
૩	,,	૧૯।।।	,,
૪	,,	૨૦	,,

આરણ સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૨૦ સા૦	૨૦।	સા૦
૨	,,	૨૦।।	,,
૩	,,	૨૦।।।	,,
૪	,,	૨૧	,,

અચ્યુત સ્વર્ગના ૪ પ્રતરમાં.

૧	૨૧ સા૦	૨૧।	સા૦
૨	,,	૨૧।।	,,
૩	,,	૨૧।।।	,,
૪	,,	૨૨	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસંગે દરેક નરક પ્રતરમાં સ્થિતિ.

૧ રત્નપ્રભામાં.

પ્રતરે.	જઘન્ય સ્થિતિ.	ઉત્કૃષ્ટ
૧	૧૦૦૦૦ વર્ષ.	૧૦ લાખ વર્ષ
૨	૧૦૦૦૦૦૦ વર્ષ.	૯૦ લાખ વર્ષ
૩	૯૦૦૦૦૦૦ વર્ષ.	૧ ક્રોડપૂર્વ વર્ષ
૪	૧ ક્રોડપૂર્વ વર્ષ.	૧/૧૦ સાગરો૦
૫	૧/૧૦ સાગરો૦	૨/૧૦ ,,
૬	૨/૧૦ ,,	૩/૧૦ ,,
૭	૩/૧૦ ,,	૪/૧૦ ,,
૮	૪/૧૦ ,,	૫/૧૦ ,,
૯	૫/૧૦ ,,	૬/૧૦ ,,
૧૦	૬/૧૦ ,,	૭/૧૦ ,,
૧૧	૭/૧૦ ,,	૮/૧૦ ,,
૧૨	૮/૧૦ ,,	૯/૧૦ ,,
૧૩	૯/૧૦ ,,	૧ ,,

૨ શર્કરાપ્રભામાં.

૧	૧ સાગરો૦	૧ ૨/૧૧ ,,
૨	૧ ૨/૧૧ ,,	૧ ૪/૧૧ ,,
૩	૧ ૪/૧૧ ,,	૧ ૬/૧૧ ,,
૪	૧ ૬/૧૧ ,,	૧ ૮/૧૧ ,,
૫	૧ ૮/૧૧ ,,	૧ ૧૦/૧૧ ,,
૬	૧ ૧૦/૧૧ ,,	૨ ૧/૧૧ ,,
૭	૨ ૧/૧૧ ,,	૨ ૩/૧૧ ,,
૮	૨ ૩/૧૧ ,,	૨ ૫/૧૧ ,,
૯	૨ ૫/૧૧ ,,	૨ ૭/૧૧ ,,
૧૦	૨ ૭/૧૧ ,,	૨ ૯/૧૧ ,,
૧૧	૨ ૯/૧૧ ,,	૩ ,,

૩ વાલુકાપ્રભામાં.

૧	૩ સા૦	૩ ૪/૯ સા૦
૨	૩ ૪/૯ ,,	૩ ૮/૯ ,,
૩	૩ ૮/૯ ,,	૪ ૩/૯ ,,
૪	૪ ૩/૯ ,,	૪ ૭/૯ ,,
૫	૪ ૭/૯ ,,	૫ ૨/૯ ,,
૬	૫ ૨/૯ ,,	૫ ૬/૯ ,,
૭	૫ ૬/૯ ,,	૬ ૧/૯ ,,
૮	૬ ૧/૯ ,,	૬ ૫/૯ ,,

For Private And Personal Use Only

૯	૬ ૫/૯	૭	સા૦
૪ પંકપ્રભામાં.			
૧	૭ સા૦	૭ ૩/૭	સા૦
૨	૭ ૩/૭	,, ૭ ૬/૭	,,
૩	૭ ૬/૭	,, ૮ ૨/૭	,,
૪	૮ ૨/૭	,, ૮ ૫/૭	,,
૫	૮ ૫/૭	,, ૯ ૧/૭	,,
૬	૯ ૧/૭	,, ૯ ૪/૭	,,
૭	૯ ૪/૭	,, ૧૦	,,
૫ ધૂમપ્રભામાં.			
૧	૧૦ સા૦	૧૧ ૨/૫	સા૦
૨	૧૧ ૨/૫	,, ૧૨ ૪/૫	,,
૩	૧૨ ૪/૫	,, ૧૪ ૧/૫	,,
૪	૧૪ ૧/૫	,, ૧૫ ૩/૫	,,
૫	૧૫ ૩/૫	,, ૧૭	,,
૬ તમપ્રભામાં.			
૧	૧૭	,, ૧૮ ૨/૩	સા૦
૨	૧૮ ૨/૩	,, ૨૦ ૨/૩	,,
૩	૨૦ ૨/૩	,, ૨૨	,,
૭ તઃમતમપ્રભામાં.			
૧	૨૨ સા૦	૩૩	સા૦

(૩૬) **યોનિ**—સાત લાખ પૃથ્વીકાય સાત લાખ અપ્કાય ઈત્યાદિ પદવાળા પ્રતિક્રમણ સૂત્રના પાઠને અનુસારે તે તે જીવના સર્વ પ્રતિભેદોમાં તેટલી તેટલી યોનિયો જાણવી. જેમ પૃથ્વી વિગેરે કાયમાં ૭૦૦૦૦૦ યોનિ, ૧૪ નારકની ૪૦૦૦૦૦ યોની વિગેરે. તેમજ સચિત્ત વિગેરે યોનિભેદ નીચે પ્રમાણે—

૧૯૮ દેવ અને ૧૪ નારક એ **૨૧૨ જીવભેદમાં ૧ અચિત્તયોની.** ૧૦ ગર્ભજ તિર્યંચ, અને ૨૦૨ ગર્ભજ મનુષ્ય એ **૨૧૨ જીવભેદમાં ૧ મિશ્રયોનિ.** એ સિવાય શેષ ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, ૧૦ સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, અને ૨૮ અપંચેન્દ્રિય એ **૧૩૯ જીવભેદમાં ૩ યોનિ** (સચિત્ત, અચિત્ત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને મિશ્રયોનિ) છે. તથા પ્હેલી ત્રણ પૃથ્વીના નારક સંબંધી ૬ **જીવભેદમાં શીતયોની.** ૪ અગ્નિકાય રૂપ ૪ જીવભેદ તથા છઠ્ઠી અને સાતમી પૃથ્વીના નારક સંબંધી ૪ જીવભેદ એ ૮ **જીવભેદમાં ૧ ઉષ્ણયોનિ** છે. ૧૯૮ દેવ, ૨૦૨ ગર્ભજ મનુષ્ય, અને ૧૦ ગર્ભજ તિર્યંચ એ ૪૧૦ **જીવભેદમાં ૧ શીતોષ્ણ** યોનિ છે. ચોથી અને પાંચમી નરકના નારક સંબંધિ ૪ **જીવભેદમાં શીત અને ઉષ્ણ** એ ૨ યોની છે. ૧૦૧ સમુચ્છિમ મનુષ્ય, ૧૦ સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, અને અગ્નિના ચાર ભેદ વિના ૨૪ અપંચેન્દ્રિય, એ **૧૩૫ જીવભેદમાં ૩ યોનિ** (શીત, ઉષ્ણ, અને શીતોષ્ણ છે. ૧૯૮ દેવ, ૨૨ એકેન્દ્રિય, અને ૧૪ નારક એ **૨૩૪ જીવભેદમાં ૧ સંવૃતયોનિ** છે. ૯ વિકલેન્દ્રિય, અને ૧૧૧ સમુચ્છિમ પંચેન્દ્રિય એ ૧૧૭ જીવભેદમાં **૧ વિવૃતા યોનિ** છે. ગર્ભજ જીવ સંબંધ **૨૧૨ જીવભેદમાં ૧ સંવૃતવિવૃત યોનિ** છે. ૧૫ કર્મભૂમિના ગર્ભજ અપર્યાપ્ત મનુષ્યરૂપ **૧૫ જીવભેદમાં ૩ યોનિ** (શંખાવર્ત વિગેરે) છે, ૧૫ પર્યાપ્ત ગર્ભજ કર્મભૂમિ મનુષ્ય અને ૧૦ ગર્ભજ તિર્યંચ એ સંબંધિ **૨૫ જીવભેદમાં ૨ યોનિ** (કૂર્મોન્નતા અને વંશીપત્રા) છે. યુગલિક મનુષ્ય સંબંધિ **૧૭૨ જીવભેદમાં ૧ વંશીપત્રા** યોનિ છે. ૧૧૧ સમુચ્છિમ પંચેન્દ્રિય, ૧૯૮ દેવ, ૧૪ નારક અને ૨૮ અપંચેન્દ્રિય એ **૩૫૧ જીવભેદ** શંખાવર્તાદિ યોનિ રહિત છે.

---

(१८) ६ पर्याप्तिमां ३६ द्वारनी प्राप्ति.

છ પર્યાપ્તિઓમાં **गति** વિગેરે ૨૭ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે. પરન્તુ જે ૯ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે—

(२) **इन्द्रिय**—આહાર, શરીર, ઈન્દ્રિય, અને ઉચ્છવાસ એ પ્રથમની ૪ પર્યાપ્તિઓમાં ૧–૨–૩–૪–૫ ઈન્દ્રિયો છે, ભાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યાપ્તિમાં ૨–૩–૪–૫ ઇન્દ્રિયો છે, કારણ કે ભાષા પર્યાપ્તિ સર્વ ત્રસ જીવોને હોય, અને મનઃ પર્યાપ્તિમાં એક પંચેન્દ્રિયપણું જ છે.

(૩) **કાય**—પ્હેલી ૪ પર્યાપ્તિઓમાં ૬ કાય, અને ભાષા તથા મનઃ પર્યાપ્તિમાં ૧ ત્રસકાય હોય.

(૧૪) **સંજ્ઞિત્વ**—પ્હેલી ૫ પર્યાપ્તિઓમાં અસંજ્ઞિપણું, અને મનઃ પર્યાપ્તિમાં સંજ્ઞિપણું હોય છે.

(૧૬) **આહારીત્વ**—પ્હેલી ૪ પર્યાપ્તિઓમાં ૩–૪–૫–૬ દિશિનો આહાર હોય, કારણ કે એ પર્યાપ્તિઓ એકેન્દ્રિયને પણ હોય છે. ભાષા અને મનઃ પર્યાપ્તિઓમાં કેવળ ૬ દિશિનો આહાર હોય, કારણ કે એ બે પર્યાપ્તિઓ ત્રસ જીવોમાંજ હોય છે. વળી એક આહાર પર્યાપ્તિમાં ઓજ, લોમ, અને કવળ એ ત્રણે આહાર છે, કારણકે આહાર પર્યાપ્તિમાં શરીર અપર્યાપ્તપણું પણ હોઇ શકે છે. અને શેષ ૫ પર્યાપ્તિઓમાં શરીર અપર્યાપ્તપણુંજ હોવાથી ઓજ આહાર ન હોય. પરન્તુ લોમ અને કવલ આહાર હોય. શેષ સ્વરૂપ છએ પર્યાપ્તિઓમાં સર્વ ઉત્તર ભેદપૂર્વક યથાયોગ્ય જાણવું.

(૧૭) **જીવભેદ**—પ્હેલી ૩ પર્યાપ્તિઓમાં ૧૪ જીવભેદ છે, અને ૫૬૩ જીવભેદ પણ છે. ઉચ્છ્વાસ પર્યાપ્તિમાં ૨ અપર્યાપ્ત એકેન્દ્રિય વિના ચૌદ ભેદમાંના ૧૨ ભેદ છે, અને પાંચસો ત્રેસઠ ભેદમાંથી ૧૧ અપર્યાપ્ત એકેન્દ્રિય સિવાયના ૫૫૨ જીવભેદ છે. ભાષા પર્યાપ્તિમાં ચૌદ ભેદમાંથી ૪ એકેન્દ્રિય, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, અને ૧ પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય સિવાયના શેષ ૬ જીવભેદ છે, અને પાંચસો ત્રેસઠમાંથી ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ અપર્યાપ્ત સમુચ્છિંમ તિર્યંચ, ૧૦૧ સમુચ્છિંમ મનુષ્ય અને ૨૨ એકેન્દ્રિય એ ૧૩૧ સિવાયના શેષ ૪૩૨ જીવભેદ છે. મનઃપર્યાપ્તિમાં ચૌદભેદમાંનો સંજ્ઞિપર્યાપ્તરૂપ ૧ જીવભેદ છે, અને પાંચસો ત્રેસઠમાંથી ૯૯ પર્યાપ્તદેવ, ૭ પર્યાપ્તનારક, ૧૦૧ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય, અને ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ ૨૧૨ જીવભેદ છે.

(૨૦) **સંજ્ઞા**—સર્વે પર્યાપ્તિઓમાં સર્વે સંજ્ઞાઓ છે, પરન્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનઃપર્યાપ્તિમાં હેતૂપદેશિકી સંજ્ઞા ન હોય એ વિશેષ છે.

(૩૪) **અવગાહના**—પર્યાપ્તિઓમાં જન્મદેહની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, પ્હેલી ૪ પર્યાપ્તિઓમાં જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના પર્યાપ્તબાદર પ્રત્યેકવનસ્પતિ આશ્રયિ સાધિક ૧૦૦૦ યોજન, અને ભાષા તથા મનઃપર્યાપ્તિમાં પર્યાપ્ત ગર્ભજ મત્સ્યાદિકની અપેક્ષાએ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. તથા પ્હેલી ૪ પર્યાપ્તિઓમાં ઉત્તરદેહની જઘન્ય અવગાહના પર્યાપ્ત બાદરવાયુના વૈક્રિયદેહની અપેક્ષાએ અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ભાષા તથા મન પર્યાપ્તિમાં ઉત્તરદેહની જઘન્ય અવગાહના સંજ્ઞિના ઉત્તર વૈક્રિયની અપેક્ષાએ અંગુલનો સંખ્યાતમો ભાગ છે. સર્વ પર્યાપ્તિઓમાં ઉત્તરદેહની ઉત્કૃષ્ટ અવગાહના ૪ અંગુલ અધિક લાખ યોજન છે, અને સમુદ્‌ઘાતકૃત ઉત્કૃષ્ટ તૈજસકાર્મણની અવગાહના કેવલિ સમુદ્‌ઘાતની આપેક્ષાએ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૬૯) **સ્થિતિ**—પ્હેલી ૩ પર્યાપ્તિઓની જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, અને શેષ ૩ પર્યાપ્તિઓની જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે. સર્વે પર્યાપ્તિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તર દેવ અથવા સપ્તમ નારકની અપેક્ષાએ ૩૩ સાગરોપમ છે. પ્હેલી ૩ પર્યાપ્તિઓની જઘન્ય કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન ૨૫૬ આવલિકા છે, કારણકે ૨૫૬ આવલિકા જેટલા આયુષ્યવાળા એકેન્દ્રિયાદિ જીવો પૂર્વભવમાંથી નિકળી વક્રગતિએ સ્વભવમાં ચોથે અથવા પાંચમે સમયે ઉત્પન્ન થાય, અને તેજ સમયે આહાર પર્યાપ્તિ પણ પૂર્ણ કરે, માટે ૨૫૬ આવલિકામાં ૩-૪ સમય ન્યૂન એટલી આહાર પર્યાપ્તિની જઘન્ય કાયસ્થિતિ છે. એ પ્રમાણે શરીર પર્યાપ્તિની જઘન્ય કાયસ્થિતિ ૨૫૬ આવલિકામાંથી શરીર અપર્યાપ્ત અવસ્થાનું અન્તર્મુહૂર્ત્ત (ચાર પાંચ સમય સહિત) બાદ કરીએ તેટલા કાળ પ્રમાણની છે, અને ઇન્દ્રિય વિગેરે ચારે પર્યાપ્તિઓની પણ જઘન્ય કાયસ્થિતિ તે તે પર્યાપ્તિવડે અપર્યાપ્તપણાનો કાળ જઘન્ય ભવસ્થિતિમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાદ કરીએ તેટલી હોય. તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સર્વે પર્યાપ્તિઓની પૂર્વોક્ત પદ્ધતિએ કિંચિત્‌ન્યૂન ૩૩ સાગરોપમ પ્રમાણુ છે.

(૩૬) **યોનિ**—પ્હેલી ચાર પર્યાપ્તિઓમાં દરેકની ૮૪ લાખ ૮૪ લાખ યોનિછે, ભાષાપર્યાપ્તિમાં ત્રસ સંબંધિ ૩૨ લાખ યોનિ છે, અને મનઃપર્યાપ્તિમાં પંચેન્દ્રિય સંબંધિ ૨૬ લાખ યોનિ છે. વળી પ્હેલી ૫ પર્યાપ્તિઓમાં સચિત્તાદિ સર્વ ભેદવાળી યોનિઓ (૧૨ યોનિઓ) છે, અને મનઃપર્યાપ્તિમાં સચિત્ત વિવૃત અને શંખાવર્ત્ત યોનિ ન હોય કારણકે સંજ્ઞિપર્યાપ્તને અસંજ્ઞિ અને અપર્યાપ્ત યોગ્ય સચિત્ત વિવૃત અને શંખાવર્ત્ત યોનિ ન હોય.

॥ इति पर्याप्तिषट्के ३६ द्वारप्राप्तिः समाप्ता: ॥

---

(१९) १० प्राणमां ३६ द्वारोनी प्राप्ति.

ગતિ વિગેરે ૧૯ દ્વારો સર્વે ઉત્તરભેદ સહિત છે. શેષ ૧૭ દ્વારોમાં જે જે તફાવત છે તે નીચે પ્રમાણે—

(૨) **इन्द्रिय**—સ્પર્શેન્દ્રિય, ઉચ્છવાસ આયુષ્ય અને કાયયોગ એ ૪ પ્રાણમાં ૧–૨–૩–૪–૫ ઇન્દ્રિયો છે, કારણકે એ ૪ પ્રાણ એકેન્દ્રિયોને પણ હોય છે. રસનેન્દ્રિય અને વચન પ્રાણમાં ૨–૩–૪–૫ ઇન્દ્રિયો છે, કારણ કે એ બે પ્રાણ સર્વે ત્રસજીવોને છે. ઘ્રાણેન્દ્રિય ત્રીન્દ્રિયાદિને હોય છે, એ પ્રમાણે ચક્ષુપ્રાણમાં ૪–૫ ઇન્દ્રિયો, અને શ્રોત્રેન્દ્રિય તથા મન પ્રાણમાં એક પંચેન્દ્રિયપણુ હોય.

(૩) **काय**—સ્પર્શેન્દ્રિય, ઉચ્છવાસ, કાયયોગ, અને આયુષ્ય એ ૪ પ્રાણમાં ૬ કાય, અને શેષ ૬ પ્રાણમાં ૧ ત્રસકાય છે.

(૭) **ज्ञान**—૫ ઇન્દ્રિય પ્રાણમાં કેવળ જ્ઞાન વિના ૪ જ્ઞાન છે, કારણકે સર્વજ્ઞને અતીન્દ્રિય જ્ઞાન હોવાથી ઇન્દ્રિય પ્રાણનો અભાવ ગણાય છે. અને શેષ ૫ પ્રાણમાં પાંચે જ્ઞાન છે.

(૧૦) **दर्शन**—૫ ઇન્દ્રિય પ્રાણમાં કેવળ દર્શન વિના ૩ દર્શન, અને શેષ ૫ પ્રાણમાં ૪ દર્શન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૪) संज्ञित्व—મનઃપ્રાણમાં સંજ્ઞિત્વ, શેષ ૯ પ્રાણમાં સંજ્ઞિત્વ અને અસંજ્ઞિત્વ બન્ને હોય છે.

(૧૫) आहारी—સ્પર્શેન્દ્રિય, ઉચ્છવાસ, આયુષ્ય, અને કાયયોગ એ ૪ પ્રાણમાં (એકેન્દ્રિયપણુ પણ હોવાથી) ૩–૪–૫–૬ દિશિનો આહાર છે, શેષ ૬ પ્રાણમાં કેવળ ૬ દિશિનો આહાર છે અને કાયયોગ તથા આયુષ્ય એ બે પ્રાણમાં ઓજ વિગેરે ત્રણે પ્રકારનો આહાર છે; કારણકે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ એ બે પ્રાણ હોય છે, અને શેષ ૮ પ્રાણમાં લોમ અને કેવળ એ બે આહાર છે. સર્વે પ્રાણોમાં આભોગાદી ૨ આહાર અને સચિત્તાદિ ત્રણે પ્રકારનો આહાર છે. ૫ ઇન્દ્રિય-પ્રાણમાં અનાહારીપણું નથી અને શેષ ૫ પ્રાણમાં સર્વજ્ઞપણું હોવાથી સમુદ્ઘાતવર્તી અનાહારીપણું હોય છે.

(૧૬) गुणस्थान—૫ ઇન્દ્રિય પ્રાણમાં પ્રથમનાં ૧૨ ગુણસ્થાન છે; કાયયોગમાં ૧૩ ગુણસ્થાન, અને આયુષ્ય પ્રાણમાં ૧૪ ગુણસ્થાન છે.

(૧૭) जीवभेद—સ્પર્શેન્દ્રિય, આયુષ્ય, અને કાયયોગ એ ૩ પ્રાણમાં ૧૪ અને ૫૬૩ જીવભેદ છે. રસનેન્દ્રિયમાં ચૌદમાંથી ચાર એકેન્દ્રિય વિના ૧૦, અને પાંચસો ત્રેસઠમાંથી ૨૨ એકેન્દ્રિય વિના ૫૪૧ જીવભેદ છે. ઘ્રાણેન્દ્રિયમાં ચૌદમાંથી ચાર એકેન્દ્રિય અને બે દ્વીન્દ્રિય વિના ૮ જીવભેદ અને પાંચસો ત્રેસઠમાંથી બાવીસ એકેન્દ્રિય અને બે દ્વીન્દ્રિય વિના ૫૩૯ જીવભેદ છે. ચક્ષુ ઇન્દ્રિયમાં ત્રીન્દ્રિયના બે ભેદ વિના ઘ્રાણેન્દ્રિયવત્ ૬ અને ૫૩૭ જીવભેદ છે. શ્રોત્રેન્દ્રિયમાં બે ચતુરિન્દ્રિય વિના ચક્ષુ ઇન્દ્રિયવત્ ૪ અને ૫૩૫ જીવભેદ છે. ઉચ્છવાસ પ્રાણમાં બે અપર્યાપ્ત (સૂક્ષ્મ–બાદર) એકેન્દ્રિય વિના તથા અગીયાર અપર્યાપ્ત એકેન્દ્રિય વિના ૫૫૨ જીવભેદ છે. વચન પ્રાણમાં ચૌદમાંથી ચાર એકેન્દ્રિય, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, અને ૧ અપર્યાપ્ત અસંજ્ઞિ એ ૮ વિના શેષ ૬ જીવભેદ છે, અને પાંચસો ત્રેસઠમાંથી ૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકેન્દ્રિય, ૩ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, ૫ અપર્યાપ્ત સમુચ્છિર્મ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૦૧ સમુચ્છિર્મ મનુષ્ય એ ૧૩૧ વિના શેષ ૪૩૨ જીવભેદ છે. તથા મનઃપ્રાણુમાં ચૌદ ભેદમાંથી ૧ સંજ્ઞિ-પર્યાપ્ત, અને પાંચસોત્રેસઠમાંથી ૯૯ પર્યાપ્તદેવ, ૭ પર્યાપ્ત નારક, ૧૦૧ પર્યાપ્ત મનુષ્ય, અને ૫ પર્યાપ્ત ગર્ભજતિર્યંચ એ ૨૧૨ જીવભેદ છે. અહિં ચક્ષુપ્રાણુમાં અને વચનપ્રાણુમાં અપર્યાપ્ત જીવભેદની પ્રાપ્તિ છે, પરન્તુ ચક્ષુદર્શનમાં અને વચનયોગમાં અપર્યાપ્તપણાની પ્રાપ્તિ નથી. વળી પ્રથમ દર્શન અને યોગદ્વારમાં જીવભેદ ઉતારતાં અપર્યાપ્ત જીવભેદ કહ્યા નથી, તોપણ અહિં ચક્ષુ પ્રાણુમાં અને વચન પ્રાણુમાં અપર્યાપ્ત જીવભેદની પ્રાપ્તિ કહેવામાં વિરોધ જાણવો[1] નહિ.

(૨૦) **સંજ્ઞા**—સર્વે પ્રાણોમાં આહારાદિ તથા હેતૂપદેશિકી વિગેરે સર્વે સંજ્ઞાઓ છે, પરન્તુ મનઃપ્રાણુમાં હેતૂપદેશિકી સંજ્ઞા ન હોય એ વિશેષ છે.

(૨૧) **ધ્યાન**—કાયયોગ પ્રાણુમાં શુકલધ્યાનના ચોથા ભેદ સિવાયનાં ૧૫ ધ્યાન છે, કારણ કે કાયયોગ સયોગી ગુણસ્થાનના અન્ત સમય સુધી છે, અને ૧૫મું ધ્યાન પણ સયોગી ભગવાનને યોગનિરોધ કાળે મન વચન યોગ રૂંધ્યાબાદ કેવળ સૂક્ષ્મ કાયયોગ પ્રવર્તતી વખતે હોય છે, અને ત્યારબાદ અયોગીપણું પ્રાપ્ત થતાં શુકલધ્યાનનો ચોથો ભેદ પ્રવર્તે છે, માટે એ ૧૬ મું ધ્યાન કાયયોગીને નથી. આયુષ્ય પ્રાણુ અયોગી ગુણસ્થાનના અન્ત સમય સુધી છે. અને શેષ પ્રાણુમાં ઉપરોકત બે સિવાયનાં છાદ્મ-

---

૧ તાત્પર્ય એ છે કે ચક્ષુનો દેખવારૂપ વ્યાપાર તે ચક્ષુદર્શન અને વચનનો ઉચ્ચારરૂપ વ્યાપાર તે વચનયોગ એ બન્ને તો કરણુપર્યાપ્ત જીવમાં જ હોઇ શકે, અને તે વ્યાપાર કરવાની શક્તિરૂપ ચક્ષુપ્રાણુ અને વચન-પ્રાણુ તો અનુક્રમે ઇન્દ્રિયપર્યાપ્તિ અને ભાષાપર્યાપ્તિ સમાપ્ત થયા બાદ તુર્તજ હોય છે માટે એ બે પ્રાણુ અપર્યાપ્ત જીવોને હોય છે પણ એ બે યોગ તો અપર્યાપ્ત જીવોને ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થિક ૧૪ ધ્યાન હોય છે. અહિં ૫ ઇન્દ્રિય પ્રાણ સર્વજ્ઞપણામાં નહિ ગણેલા હોવાથીજ એ ૫ ઇન્દ્રિયપ્રાણમાં સર્વજ્ઞપણાનાં બે ધ્યાન નથી, અને મનઃપ્રાણ વચન પ્રાણ તથા ઉચ્છવાસ પ્રાણ સર્વજ્ઞપણામાં (સયોગી કેવલીને) છે પરન્તુ સર્વજ્ઞને એ ત્રણ પ્રાણ જ્યાં સુધી ચાલુ હોય ત્યાં સુધી ધ્યાનાન્તરિકા કાળ પ્રવર્તે છે માટે પણ એ ત્રણ પ્રાણમાં સર્વજ્ઞપણાનાં બે ધ્યાન નથી.

(૩૨) **સમુદ્ઘાત**—૫ ઇન્દ્રિયપ્રાણમાં કેવળી સમુદ્ઘાત વિના ૬ સમુદ્ઘાત છે, શેષ પાંચ પ્રાણમાં ૭ સમુદ્ઘાત છે. અહિં પણ પૂર્વે મનયોગ વચનયોગમાં કેવળીસમુદ્ઘાત નથી કહ્યો, છતાં પણ મનપ્રાણ તથા વચનપ્રાણમાં કેવળીસમુદ્ઘાત કહ્યો તેમાં વિરોધ જાણવો નહિ.[૧]

(૩૩) **ભાવ**—૫ ઇન્દ્રિય પ્રાણોમાં ક્ષાયિક ભાવે દાનાદિ ૫ લબ્ધિ, કેવળજ્ઞાન, કેવળ દર્શન, એ ૭ વિના ૪૬ ભાવ હોય, અને શેષ ૫ પ્રાણોમાં સર્વે ૫૩ ભાવ હોય. અહિં પાંચ ઇન્દ્રિય પ્રાણોમાં ક્ષીણમોહ ગુણસ્થાન હોવાથી ક્ષાયિક ચારિત્ર હોય છે, માટે તે બાદ કરવા યોગ્ય નથી, અને શેષ ભાવ હોવાનું કારણ સમજવું સુગમ છે.

(૩૪) **અવગાહના**—સર્વે પ્રાણોમાં જન્મદેહની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. સ્પર્શેન્દ્રિય, કાયયોગ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ય એ ૪ પ્રાણમાં જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના પર્યાપ્તબાદર પ્રત્યેક વનસ્પતિ આશ્રયિ સાધિક ૧૦૦૦ યોજન છે. અને શેષ ૬ પ્રાણમાં જન્મદેહની ઉત્કૃષ્ટ અવગાહના ગર્ભજ મત્સ્યાદિકની અપેક્ષાએ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. વળી પૂર્વોક્ત ૪ પ્રાણમાં ઉત્તરદેહની જઘન્ય અવગાહના વાયુના વૈક્રિય શરીર

---

૧ કારણ કે સમુદ્ઘાતમાં વ્યાપારરૂપ મનયોગ તથા વચનયોગનો સર્વથા અભાવ છે, પરન્તુ પુનઃ વ્યાપાર કરવાની યોગ્યતારૂપ મનપ્રાણ તથા વચનપ્રાણ તો કેવળી સમુદ્ઘાત વખતે પણ હોઇ શકે છે, અને ૫ ઇન્દ્રિયપ્રાણો તો સ્વસ્વકાર્ય કરવામાં સદાકાળને માટે અયોગ્ય થઇ ગયાછે. માટે ઇન્દ્રિયો છે પણ ઇન્દ્રિયપ્રાણ કેવળીને નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ્રયિ અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને શેષ ૬ પ્રાણમાં ઉત્તરદેહની ઉત્કૃષ્ટ અવગાહના ચાર અંગુલ અધિક ૧૦૦૦૦૦ યોજન પ્રમાણ છે. સ્પર્શેન્દ્રિય પ્રાણમાં સમુદ્દઘાતકૃત ઉત્કૃષ્ટ અવગાહના ૧૪ દીર્ઘ રજ્જુ પ્રમાણ છે, રસનેન્દ્રિય વિગેરે ૪ ઇન્દ્રિય પ્રાણમાં દીર્ઘ ૮ રજ્જુ પ્રમાણ, અને શેષ ૫ પ્રાણમાં કેવળી સમુદ્દઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **સ્થિતિ**—ઉચ્છ્વાસ વચન અને મન એ ૩ પ્રાણમાં જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, અને શેષ ૭ પ્રાણમાં જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા પ્રમાણ છે. કારણ કે ક્ષુલ્લક ભવ જેટલા અલ્પ આયુષ્યવાળા જીવોને એ ૭ પ્રાણ છે. સર્વે પ્રાણોમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. વળી આયુષ્ય અને કાયયોગ પ્રાણની જઘન્ય કાયસ્થિતિ અનાદિ સાન્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિ અનન્ત છે. કારણકે ભવ્ય જીવને અનાદિ સાન્ત અને અભવ્યને અનાદિ અનન્ત છે. શેષ ૮ પ્રાણમાં જઘન્ય કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. અહિં કિંચિત્ ન્યૂનપણું તો તે પ્રાણના કારણભૂત એવી પર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધીનું જાણવું, અને અન્તર્મુહૂર્ત્તકાળે તે પ્રાણ પૂર્ણ થયા બાદ જઘન્યથી પણ તેટલો કાળ જીવી શકે તે અપેક્ષાએ કહ્યું છે. એ આઠે પ્રાણમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન ૩૩ સાગરોપમ પ્રમાણ છે. ત્યારબાદ અવશ્ય મરણ પામવાથી એ આઠે પ્રાણનો વિનાશ હોય છે.

(૩૬) **યોનિ**—સ્પર્શેન્દ્રિય, આયુષ્ય, કાયયોગ, અને ઉચ્છ્વાસ એ દરેકમાં ૮૪ લાખ યોનિઓ છે. રસનેન્દ્રિય અને વચન પ્રાણમાં ત્રસવત્ ૩૨ લાખ યોનિ, ઘ્રાણેન્દ્રિય પ્રાણમાં ૩૦ લાખ યોનિ, ચક્ષુ પ્રાણમાં ૨૮ લાખ, તથા શ્રોત્ર અને મનઃપ્રાણમાં ૨૬ લાખ યોની છે. વળી સચિત્તાદિ ૧૨ ભેદમાંથી મનઃપ્રાણમાં સંજ્ઞિવત્ સચિત્ત, વિવૃત્ત, અને શંખાવર્ત્ત વિના ૯ યોનિછે, શેષ ૯ પ્રાણમાં સર્વે યોનિઓ છે.

इति प्राणदशके ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२०) ४–३ संज्ञाद्वारमां ३६ द्वारोनी प्राप्ति.

આહારાદિ ૪ સંજ્ઞામાં.

गति વિગેરે ૨૪ દ્વારા સર્વે ઉત્તરભેદ સહિત છે. શેષ ૧૨ દ્વારામાં જે તફાવત છે તે નીચે પ્રમાણે:—

(૭) **ज्ञान**—આહાર સંજ્ઞામાં ચાર અથવા પાંચે જ્ઞાન છે. કારણકે અહિં શ્રીસર્વજ્ઞને પણ ક્ષુધાવેદનીયનો ઉદય હોવાથી આહાર સંજ્ઞા ગણીછે. અથવા સંજ્ઞાને મતિજ્ઞાનાત્મકજ માનીએ તો કેવળ જ્ઞાન વિના ૪ જ્ઞાન ૩ દર્શન ઈત્યાદિ છદ્મસ્થપ્રાયોગ્ય દ્વારો વિચારવાં. અને શેષ ભય વિગેરે ૩ સંજ્ઞામાં કેવળજ્ઞાન વિનાનાં ૪ જ્ઞાન છે. કારણ કે ભયમોહનીયનો ઉદય આઠમા ગુણસ્થાન સુધી અને લોભરૂપ પરિગ્રહ સંજ્ઞા ૧૦મા ગુણસ્થાન સુધી છે. આગળનાં સર્વે દ્વારોમાં પણ એજ કારણો અનુસરવાં.

(૯) **संयम**—આહારસંજ્ઞામાં ૭ ચારિત્ર, ભય અને મૈથુન સંજ્ઞામાં સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત વિના ૫ ચારિત્ર છે. પરિગ્રહ સંજ્ઞામાં યથાખ્યાત વિના ૬ ચારિત્ર છે. કારણ ગુણસ્થાનને આધારે વિચારવું.

(૧૦) **दर्शन**—આહાર સંજ્ઞામાં ૪ અથવા ૩ દર્શન, અને શેષ ત્રણ સંજ્ઞામાં કેવળ દર્શન વિના ૩ દર્શન છે.

(૧૬) **गुणस्थान**—આહારસંજ્ઞામાં ૧૨ અથવા ૧૩ ગુણસ્થાન, ભય સંજ્ઞામાં ૮ ગુણસ્થાન, મૈથુન સંજ્ઞામાં ૯ ગુણસ્થાન, અને પરિગ્રહસંજ્ઞામાં ૧૦ ગુણસ્થાન છે. કારણ કે ક્ષુધાવેદનીયાદિ હેતુ તે તે ગુણસ્થાન સુધી વિદ્યમાન છે.

(૨૪) **उदय**—આહારસંજ્ઞામાં સર્વ કર્મનો ઉદય અથવા છદ્મસ્થપ્રાયોગ્ય ઉદય છે, અને શેષ ૩ સંજ્ઞામાં જીનનામ વિના ૧૨૧ ઉત્તર પ્રકૃતિનો ઉદય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૯) **उदीरणा**—ઉદયવત્

(૨૧) **ध्यान**—આહારસંજ્ઞામાં ૧૩ અથવા ૧૫ ધ્યાન અને શેષ ૩ સંજ્ઞામાં ૧૩ ધ્યાન છે, તેનું કારણ ગુણસ્થાનને આધારે જાણવું.

(૩૨) **समुद्घात**—આહાર સંજ્ઞામાં ૬ અથવા ૭ સમુદ્‌ઘાત અને શેષ ૩ સંજ્ઞામાં કેવળીસમુદ્‌ઘાત વિના ૬ સમુદ્‌ઘાત છે. અહિં કેવળીસમુદ્‌ઘાતમાં અનાહારી એવા ત્રણ સમયમાં આહાર નથી તોપણ ક્ષુધાના ઉદય માત્રથી અહિં આહાર સંજ્ઞા ગણી છે.

(૩૩) **भाव**—આહારસંજ્ઞામાં મૂળભાવ ૫ અને ઉત્તરભાવ ૫૩ અથવા છદ્મસ્થપ્રાયોગ્ય (સર્વજ્ઞ યોગ્ય ૭ ભાવ વિના) ૪૬ ભાવ છે, અને શેષ ૩ સંજ્ઞામાં ૮ ક્ષાયિકભાવ સિવાય શેષ ૪૫ ભાવ છે.

(૩૪) **अवगाहना**—કાયયોગ પ્રાણવત્, પરન્તુ ભયાદિ ૩ સંજ્ઞામાં સમુદ્‌ઘાતકૃત અવગાહના દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ છે એ વિશેષ છે. અહિં કેવળી સમુદ્‌ઘાતમાં ચોથે સમયે સંપૂર્ણ લોકાવગાહના હોય તે વખતે અનાહારીપણું હોવાથી જો કે આહારનો અભાવ છે, પરન્તુ ક્ષુધા રૂપ અશાતાવેદનીયના ઉદયરૂપ આહારસંજ્ઞા માનીએ તો આહારસંજ્ઞા વિદ્યમાન છે, અન્યથા નહિ.

(૩૯) **स्थिति**—ચારે સંજ્ઞામાં ભવસ્થિતિ કાયયોગપ્રાણવત્ છે. આહારસંજ્ઞામાં જઘન્ય કાયસ્થિતિ ભવ્યની અપેક્ષાએ અનાદિ સાન્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અભવ્યની અપેક્ષાએ અનાદિ અનન્ત છે. અહિં સર્વ જીવોને વક્રગતિમાં ૧-૨-૩ સમય અનાહારીપણું હોય તોપણ તે વખતે આહારસંજ્ઞા વિદ્યમાન છે. શેષ ૩ સંજ્ઞામાં જઘન્ય કાયસ્થિતિ ૧ સમય છે. કારણ કે ઉપશમ શ્રેણીમાં ભય વિગેરેનો ઉદય વિચ્છેદ થયા બાદ ૧ સમય અનુદયપણું ભોગવી અનન્તર સમયે મરણ પામી અનુત્તરદેવ થતાં તુર્ત જ ભય વિગેરે સંજ્ઞાનો પુનઃઉદય થાય છે, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અભવ્યની અપેક્ષાએ અનાદિ અનન્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે અથવા ભવ્યની અપેક્ષાએ અનાદિ સાન્ત છે.

(૩૬) योनि—ચારે સંજ્ઞામાં દરેકમાં ૮૪ લાખ યોનિઓ છે અને સચિત્તાદિ ૧૨ ભેદમાંની પણ સર્વે પ્રકારની યોનિઓ છે.

इत्याआहारादिसंज्ञाचतुष्के ३६ द्वारप्राप्तिः समाप्ता.

હેતૂપદેશિકી વિગેરે ૩ સંજ્ઞામાં.

(૧) गति—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ તિર્યંચગતિ છે. કારણકે હેતૂપદેશિકીસંજ્ઞા મનોલબ્ધિ રહિત ત્રસજીવોને કરણપર્યાપ્ત અવસ્થામાં હોય છે, તેવા ત્રસજીવો ૩ વિકલેન્દ્રિય અને સમુચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચજ છે. મનુષ્ય ગતિમાં જો કે સમુચ્છિંમ મનુષ્યો મનોલબ્ધિ રહિત ત્રસ છે પરન્તુ તેઓને પર્યાપ્ત અવસ્થા નહિ હોવાથી હેતૂપદેશિકી સંજ્ઞા ન હોય. દીર્ઘકાલિકી સંજ્ઞામાં ૪ ગતિ છે. કારણ કે દીર્ઘકાલિકી સંજ્ઞા મનોલબ્ધિવાળા જીવોને પર્યાપ્ત અવસ્થામાં હોય અને મનોલબ્ધિવાળા જીવો ચારે ગતિના હોય છે, દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞામાં પણ ચારે ગતિ છે. કારણ કે એ સંજ્ઞા સમ્યગ્દૃષ્ટિ જીવને છે અને સમ્યગ્દૃષ્ટિપણું ચારે ગતિમાં છે. એ કારણો આગળનાં દ્વારોમાં પણ યથાયોગ્ય વિચારવાં.

(૨) इन्द्रिय—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૨–૩–૪–૫ ઇન્દ્રિય છે, અને શેષ ૨ સંજ્ઞામાં ૧ પંચેન્દ્રિયપણું છે.

(૩) काय—ત્રણે સંજ્ઞામાં ૧ ત્રસકાય છે.

(૪) योग—ત્રણે સંજ્ઞામાં મૂળ યોગ ૩ છે, અને ઉત્તર ભેદમાં હેતૂપદેશિકી સંજ્ઞામાં ઔદારિકયોગ અને વ્યવહાર વચનયોગ એમ ૨ યોગ છે. દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ઔદારિકમિશ્ર અને કાર્મણ સિવાયના ૧૩ યોગ છે.

(૫) वेद—ત્રણે સંજ્ઞામાં ૪ દ્રવ્યવેદ છે. કારણ કે સમુચ્છિંમ પંચેન્દ્રિયો પણ આકાર માત્રથી સ્ત્રી પુરૂષ અને નપુંસક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોઈ શકે છે. પરન્તુ અભિલાષાની અપેક્ષાએ તો હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ નપુંસકવેદ છે, અને શેષ ૨ સંજ્ઞામાં ત્રણે વેદ છે.

(૬) **कषाय**—હેતૂપદેશકી સંજ્ઞામાં પુરૂષવેદ અને સ્રીવેદ વિના ૨૩ કષાય છે. દીર્ઘકાલિકીમાં ૨૫ કષાય, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ૪ અનંતાનુબંધિ વિના ૨૧ કષાય છે. મૂળકષાય સર્વે સંજ્ઞાઓમાં ચાર ચાર છે.

(૭) **ज्ञान**—હેતૂપદેશિકી સંજ્ઞામાં જ્ઞાન નથી. વિકલેન્દ્રિયાદિકને અપર્યાપ્તપણામાં જો કે સાસ્વાદન ભાવે જ્ઞાન છે, પરન્તુ હેતૂપદેશિકી સંજ્ઞા પર્યાપ્ત અવસ્થામાં હોવાથી તે વખતે તો અજ્ઞાનજ છે. દીર્ઘકાલિકી તથા દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞામાં કેવળજ્ઞાન સિવાયનાં ૪ જ્ઞાન છે. કારણ કે એ બન્ને સંજ્ઞાઓ છદ્મસ્થ અવસ્થામાં હોય છે, કેવળજ્ઞાનીને મનદ્વારા વિચાર કરવાનો અભાવ હોવાથી દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોય એ તો સ્પષ્ટજ છે, પરન્તુ કેવળીને સમ્યગ્દૃષ્ટિપણું છતાં પણ દૃષ્ટિવાદ સંજ્ઞા નહિ હોવાનું કારણ એજ કે દૃષ્ટિવાદસંજ્ઞા પણ સમ્યગ્દૃષ્ટિ જીવોના યથાર્થ મનોવિજ્ઞાન રૂપજ છે, અને મનોવિજ્ઞાન કેવળીને હોય નહિ.

(૮) **अज्ञान**—હેતૂપદેશિકી સંજ્ઞામાં મતિ અને શ્રુત એ બે અજ્ઞાન છે, દીર્ઘકાલિકીમાં ત્રણે અજ્ઞાન છે, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં સમ્યગ્દૃષ્ટિપણું હોવાથી અજ્ઞાન ન હોય.

(૯) **संयम**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ અવિરતિ ચારિત્ર છે, અને શેષ ૨ સંજ્ઞામાં ૭ ચારિત્ર છે.

(૧૦) **दर्शन**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ચક્ષુ અને અચક્ષુ એ ૨ દર્શન છે, અને શેષ ૨ સંજ્ઞામાં (જ્ઞાનમાં કહ્યા પ્રમાણે) કેવળ દર્શન વિના ૩ દર્શન છે.

(૧૧) **लेश्या**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૩ અશુભલેશ્યા છે, અને શેષ ૨ સંજ્ઞામાં ૬ લેશ્યા છે.

(૧૨) **भव्यत्व**—હેતૂપદેશિકી અને દીર્ઘકાલિકી સંજ્ઞામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવ્યત્વ અને અભવ્યત્વ પણ છે, દૃષ્ટિવાદ સંજ્ઞામાં કેવળ ભવ્ય-ત્વજ છે.

(१३) **सम्यक्त्व**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ મિથ્યાત્વ, દીર્ઘકાલિકીમાં ૬ સમ્યક્ત્વ, અને દૃષ્ટિવાદમાં ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક એ ૩ સમ્યક્ત્વ છે. અહિં દૃષ્ટિવાદોપદેશીકી સંબંધિ સમ્યક્ત્વપણું મિશ્ર અને સાસ્વાદન સમ્યક્ત્વ આશ્રયિ નથી.

(१४) **संज्ञित्व**—હેતૂપદેશિકીમાં અસંજ્ઞિપણું અને શેષ ૨ સંજ્ઞામાં સંજ્ઞિપણું છે. સંજ્ઞિપણું મુખ્યત્વે દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ છે.

(१५) **आहारी**—ત્રણે સંજ્ઞામાં ૬ દિશિનો આહાર, લોમ અને કેવળ આહાર, આભોગાદિ બન્ને પ્રકારનો આહાર, અને સચિત્તાદિ ૩ પ્રકારનો આહાર છે. માટે સંજ્ઞામાં એ સર્વ ભેદે આહારીપણું છે, અને હેતૂપદેશિકી તથા દીર્ઘકાલિકી સંજ્ઞામાં અનાહારીપણું નથી, પરન્તુ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞામાં અનાહા-રીપણું છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિપણું પરભવમાં જતાં વક્રગતિએ પણ હોય છે.

(१६) **गुणस्थान**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ મિથ્યાત્વ ગુણસ્થાન છે. દીર્ઘકાલિકીમાં ૧૨ ગુણસ્થાન છે. દૃષ્ટિવાદ સંજ્ઞામાં ચોથાથી ૧૨ મા સુધીનાં ૯ ગુણસ્થાન છે. કારણ કે સર્વજ્ઞ ભગવાનને મનોવિજ્ઞાનના અભાવે સંજ્ઞાનો પણ અભાવ[1] છે.

(१७) **जीवभेद**—ચૌદ જીવભેદમાંથી હેતૂપદેશિકી સંજ્ઞામાં

---

૧ અહિં શંકા થાય કે કેવળી ભગવાનમાં સંજ્ઞિપણું તો કહેલું છે, અને સંજ્ઞિપણું દીર્ઘકાલિકી સંજ્ઞા હોવાથીજ હોય છે, તો કેવળી ભગવા-નમાં દીર્ઘકાલિકી સંજ્ઞા કેમ નહિ!—તેના ઉત્તરમાં જાણવાનું કે પૂર્વે કેવળી ભગવાનમાં જે સંજ્ઞિપણું કહ્યું છે તે મનોવિજ્ઞાનરૂપ નહિ, પણ અનુત્તર દેવાદિકને ઉત્તર આપવા પ્રસંગે મન પરમાણુઓને તથા વિધ પરિણ માવવા રૂપ છે, કે જે કેવળી ભગવાનને પોતાને વિષય જોવના કારણરૂપ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય અને ૧ પર્યાપ્તઅસંજ્ઞિ એ ૪ જીવભેદ હોય. દીર્ઘકાલિકી સંજ્ઞામાં સંજ્ઞિપર્યાપ્તરૂપ ૧ જીવભેદ છે, અને દૃષ્ટિ-વાદોપદેશિકી સંજ્ઞામાં સંજ્ઞિ સંબંધિ ૨ જીવભેદ છે. પાંચસો-ત્રેસઠની અપેક્ષાએ હેતૂપદેશિકી સંજ્ઞામાં ૩ પર્યાપ્ત વિક્લેન્દ્રિય, અને ૫ પર્યાપ્ત સમુર્ચ્છિમ તિર્યંચ મળી ૮ જીવભેદ છે. દીર્ઘ-કાલિકીમાં પર્યાપ્ત સંજ્ઞિસંબંધિ ૨૧૨ જીવભેદ છે, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં અપર્યાપ્ત સપ્તમ નારક સિવાય સર્વે સંજ્ઞિ સંબંધિ ૧૨૩ જીવભેદ છે, કારણકે સાતમી પૃથ્વીનો અપર્યાપ્ત નારક અવશ્ય મિથ્યાદૃષ્ટિ હોય છે.

(૧૮) **પર્યાપ્તિ**—હેતૂપદેશિકી સંજ્ઞામાં મનઃપર્યાપ્તિ વિના ૫ પર્યાપ્તિ હોય છે, અને શેષ ૨ સંજ્ઞામાં ૬ પર્યાપ્તિઓ છે.

(૧૯) **પ્રાણ**—હેતૂપદેશિકી સંજ્ઞામાં મનઃપ્રાણ સિવાયના ૯ પ્રાણ, અને શેષ ૨ સંજ્ઞામાં મનઃપ્રાણ સહિત ૧૦ પ્રાણ છે.

(૨૦) **સંજ્ઞા**—ત્રણે સંજ્ઞામાં આહારાદિ ચારે સંજ્ઞાઓ છે. હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ હેતૂપદેશિકી સંજ્ઞા, દીર્ઘકાલિકીમાં દીર્ઘ-કાલિકી અને દૃષ્ટિવાદ એ બે સંજ્ઞા, તેમજ દૃષ્ટિવાદમાં પણ એ બે સંજ્ઞા છે.

(૨૧) **ઉપયોગ**—જ્ઞાન અજ્ઞાન અને દર્શન દ્વારવત્ ત્રણે સંજ્ઞામાં અનુક્રમે ૪–૧૦–૭ ઉપયોગ છે.

(૨૨) **દૃષ્ટિ**—હેતૂપદેશિકીમાં મિથ્યાત્વ દૃષ્ટિ, દીર્ઘકાલિકીમાં ૩ દૃષ્ટિ, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ૧ સમ્યક્ત્વ દૃષ્ટિ છે.

(૨૩) **બન્ધ**—હેતૂપદેશિકી સંજ્ઞામાં પર્યાપ્ત સમુચ્છિમ પંચેન્દ્રિયવત્ ૮–૧૧૭ નો બંધ છે. દીર્ઘકાલિકીમાં પર્યાપ્ત સંજ્ઞિ-વત્ ૮–૧૨૦નો બંધ, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ચતુર્થ ગુણસ્થાનમાં કહેલી ૭૭ પ્રકૃતિઓમાં આહારકદ્વિક સહિત ૮–૭૯નો બંધ છે.

(૨૪) **ઉદય**—હેતૂપદેશિકી સંજ્ઞામાં પર્યાપ્ત અસંજ્ઞિવત્ પરન્તુ મનુષ્યગતિ નામકર્મ અને તિર્યગાનુપૂર્વી રહિત ૯૩ નો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદય હોય. દીર્ઘકાલિકી સંજ્ઞામાં પર્યાપ્ત સંજ્ઞિવત્ પરન્તુ જીનનામ કર્મ તથા ૪ આનુપૂર્વી રહિત ૧૦૪ નો ઉદય હોય. અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ક્ષયોપશમ સમ્યક્ત્વવત્ ૮-૧૦૬ નો ઉદય છે.

(૨૯) **उदीरणा**—ઉદયવત્.

(૨૬) **सत्ता**—હેતૂપદેશિકી સંજ્ઞામાં પર્યાપ્ત અસંજ્ઞિવત્ ૮-૧૪૭ ની સત્તા, દીર્ઘકાલિકીમાં પર્યાપ્ત સંજ્ઞિવત્ ૮-૧૪૮ ની સત્તા, તેમજ દૃષ્ટિવાદ સંજ્ઞામાં પણ ૮-૧૪૮ ની સત્તા છે.

(૨૭) **शरीर**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ૩ શરીર છે, શેષ ૨ સંજ્ઞાઓમાં ૫ શરીર છે.

(૨૮) **बन्धहेतु**—હેતૂપદેશિકી સંજ્ઞામાં મૂળ બંધહેતુ ૪, અને ઉત્તરહેતુ ૧ અનાભોગ મિથ્યાત્વ, ૬ કાયવધ, ૫ ઇન્દ્રિયની અવિરતિ, ૨૩ કષાય, અને ૨ યોગ એમ ૩૭ છે. દીર્ઘકાલિકી સંજ્ઞામાં ઔદારિકમિશ્ર અને કાર્મણ યોગ વિના ૫૫ બંધહેતુ છે, અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં મિથ્યાત્વ વિના ૩ મૂળહેતુ તથા ૫ મિથ્યાત્વ, ૪ અનંતાનુબંધિ, ઔદારિકમિશ્ર અને કાર્મણ યોગ એ ૧૧ વિના શેષ ૪૬ ઉત્તર બંધહેતુ છે.

(૨૯) **ध्यान**—હેતૂપદેશિકી સંજ્ઞામાં અસંજ્ઞિપણું હોવાથી ધ્યાન નથી. દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદ સંજ્ઞામાં ત્રીજા ચોથા શુકલધ્યાન સિવાય ૧૪ છાદ્મસ્થિક ધ્યાન છે.

(૩૦) **संघयण**—હેતૂપદેશિકીમાં ૧ છેવઠું સંઘયણ, અને શેષ ૨ સંજ્ઞામાં ૬ સંઘયણ છે.

(૩૧) **संस्थान**—હેતૂપદેશિકી સંજ્ઞામાં ૧ હુંડક સંસ્થાન, અને શેષ ૨ સંજ્ઞામાં ૬ સંસ્થાન છે.

(૩૨) **समुद्घात्त**—હેતૂપદેશિકી સંજ્ઞામાં વેદના, કષાય અને મરણ એ ૩ સમુદ્ઘાતછે, શેષ ૨ સંજ્ઞામાં કેવળીસમુદ્ઘાત વિના શેષ ૬ સમુદ્ઘાત છે.

(૩૩) **भाव**—હેતૂપદેશિકી સંજ્ઞામાં પર્યાપ્ત અસંજ્ઞિ પંચે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્દ્રિયવત્ ૩ મૂળભાવ અને ૨૫ ઉત્તરભાવ છે. દીર્ઘકાલિકીમાં ૫ મૂળભાવ અને ક્ષાયિકદાનાદિક ૫ તથા કેવળદ્વિક વિના શેષ ૪૬ ઉત્તરભાવ છે, દૃષ્ટિવાદ સંજ્ઞામાં ૫ મૂળભાવ તેમજ અજ્ઞાન ૪, મિથ્યાત્વ, અને અભવ્યત્વ વિના દીર્ઘકાલિકીવત્ ૪૦ ઉત્તરભાવ છે.

(૩૪) **अवगाहना**—ત્રણે સંજ્ઞાની જન્મ દેહાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. કારણકે સમ્મૂચ્છિમ અને ગર્ભજ જળચરની અવગાહના ૧૦૦૦ યોજન છે. તથા હેતૂપદેશિકી સંજ્ઞાની ઉતર દેહાવગાહના ઉત્તરદેહનો અભાવ હોવાથી નથી. શેષ ૨ સંજ્ઞાઓની ઉતર દેહાવગાહના પર્યાપ્ત સંજ્ઞિવત્ જાણવી. હેતૂપદેશિકી સંજ્ઞાની સમુદ્ઘાતકૃત ઉત્કૃષ્ટ અવગાહના દીર્ઘ ૭ રજ્જુ પ્રમાણ છે, કારણકે સમ્મૂચ્છિમ પંચેન્દ્રિયની ઉત્પત્તિ તિર્યગ્ લોકમાં છે. અને મરણ પામી લોકોન્ત સુધી જાય છે. શેષ ૨ સંજ્ઞાઓની સમુદ્ઘાતકૃત અવગાહના (સીતેન્દ્રવત્ અચ્યુતદેવની ચતુર્થ પૃથ્વીપર્યંત ગતિ હોવાથી) દીર્ઘ ૮ રજ્જુ પ્રમાણ છે.

(૩૫) **स्थिति**—હેતૂપદેશિકી સંજ્ઞામાં જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સમુચ્છિમ ચતુષ્પદની અપેક્ષાએ ૮૪૦૦૦ વર્ષ છે. શેષ ૨ સંજ્ઞામાં જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. એ ત્રણે સંજ્ઞામાં કાયસ્થિતિનું પ્રમાણ અપર્યાપ્ત અવસ્થા રહિત ભવસ્થિતિ જેટલું છે, પરન્તુ દૃષ્ટિવાદ સંજ્ઞાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ક્ષયોપશમ સમ્યક્ત્વવત્ સાધિક ૬૬ સાગરોપમ છે, એ વિશેષ છે.

(૩૬) **योनि**—હેતૂપદેશિકી સંજ્ઞામાં વિકલેન્દ્રિયની ૬ લાખ અને સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયની ૪ લાખ મળીને ૧૦ લાખ યોનિ છે. દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞામાં પંચેન્દ્રિય સંબંધિ ૨૬ લાખ યોનિ છે. હેતૂપદેશિકી સંજ્ઞામાં સચિત્તાદિ ૩ શીતાદિ ૩, અને વિવૃત એમ ૭ યોનિ છે. શેષ ૨ સંજ્ઞામાં સચિત્ત વિવૃત અને શંખાવર્ત્ત વિના શેષ ૯ યોનિ છે.

इति संज्ञाद्वारे ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२१) १२ उपयोगमां ३६ द्वारोनीप्राप्ति.

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શનદ્વારની માફક જાણવી.

---

(२२) ३ दृष्टिमां ३६ द्वारोनी प्राप्ति.

મિથ્યાત્વ અને મિશ્રદૃષ્ટિમાં દ્વારપ્રાપ્તિ પૂર્વે કહેલ સમ્યક્ત્વ દ્વારાન્તર્ગત મિથ્યાત્વ અને મિશ્ર સમ્યક્ત્વવત્ જાણવી. અને સમ્યક્ત્વ દૃષ્ટિમાં ૧૭ દ્વારોની પ્રાપ્તિ ક્ષયોપશમ સમ્યક્ત્વને અનુસારે છે, શેષ ૧૯ દ્વારો નીચે પ્રમાણે છે.

*સમ્યક્ત્વદૃષ્ટિમાં.

(૨) **इन्द्रिय** ૨-૩-૪-૯—**विगल दु दिठी** ઈત્યાદિ દંડક વિગેરે પ્રકરણ કર્ત્તા અને સિદ્ધાન્તકારના વચનથી વિકલેન્દ્રિયમાં પણ અપર્યાપ્તપણા વખતે સાસ્વાદનભાવે સમ્યગ્દૃષ્ટિપણું સ્વીકારેલું છે માટે.

(૩) **कषाय** ૪-૨૯—વિકલેન્દ્રિયને સાસ્વાદન ભાવે સમ્યગ્ દૃષ્ટિપણાનો સ્વીકાર કરવાથી ૪ અનંતાનુબંધિનો ઉદય પણ ગણી શકાયછે. અન્યથા સમ્યગ્દૃષ્ટિને ૪ અનંતાનુબંધિ વિનાં ૨૧ કષાયછે.

(૭) **ज्ञान** ૯, (૮) **संयम** ૭, (૯) **दर्शन** ૪—ક્ષાયિક સમ્યક્ત્વવત્.

(૧૩) **सम्यक्त्व** ૪—મિથ્યાત્વ અને મિશ્ર સમ્યક્ત્વની પોતપોતાની જુદી દૃષ્ટિ હોવાથી શેષ ચાર સમ્યક્ત્વ અપેક્ષાએ સમ્ક્ત્વદૃષ્ટિમાં ગણાય.

संज्ञित्व ૨—વિકલેન્દ્રિયાદિકને પણ સમ્યગ્દૃષ્ટિપણું સ્વીકારવાથી અસંજ્ઞિત્વ અને સંજ્ઞિત્વ બન્ને ભેદ હોય.

---

* અહિં સમ્યગ્દૃષ્ટિપણું (વિકલેન્દ્રિયાદિ સંબંધિ) સાસ્વાદન અને મિશ્ર સમ્યક્ત્વમાં પણ ગણ્યું છે, માટે ૨૫ કષાયાદિ કેટલાંક દ્વારોની પ્રાપ્તિ વાંચકોને વિચિત્ર માલુમ પડશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(१६) **गुणस्थान** १२—ક્ષાયિક સમ્યક્ત્વવત્.

(१७) **जीवभेद** ६–४३१—ક્ષયોપશમ સમ્યક્ત્વમાં કહેલ. જીવભેદથી અહિં ચૌદ જીવભેદને અંગે ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય અને ૧ પર્યાપ્ત અસંજ્ઞિ એ ચાર જીવભેદ અધિક છે, અને પાંચસો ત્રેસઠ ભેદને અંગે ૩ પર્યાપ્ત વિકલેન્દ્રિય અને ૫ પર્યાપ્ત સમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય એ ૮ ભેદ અધિક છે.

(२१) **उपयोग** ९—ત્રણ અજ્ઞાન વિના સર્વે ઉપયોગ છે.

(२३) **बन्ध** ८–१०४—મિથ્યાત્વ પ્રત્યયિક ૧૬ પ્રકૃતિઓ વિના શેષ ૧૦૪ પ્રકૃતિનો બંધ હોય છે.

(२४) **उदय** ८–११६—સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપ, અને મિથ્યાત્વ, એ ૬ વિના શેષ ૧૧૬ નો ઉદય હોય.

(१८) **उदीरणा** ८–११६—ઉદયવત્.

(२८) **बन्धहेतु** ३–५२—ચાર અનંતાનુબંધિ સહિત ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

(२९) **ध्यान** ४–१६—ક્ષાયિક સમ્યક્ત્વવત્.

(३२) **समुद्घात** ७—ક્ષાયિક સમ્યક્ત્વવત્.

(३३) **भाव** ५–४७—અજ્ઞાન ૪, મિથ્યાત્વ ૧, અને અભવ્યત્વ ૧ એ ૬ વિના શેષ ૪૭ ભાવ હોય.

(३४) **अवगाहना**—સમુદ્ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે. શેષ સ્વરૂપ ક્ષયોપશમ સમ્યક્ત્વવત્.

(३६) **योनि**—વિકલેન્દ્રિયની ૬ લાખ અને પંચેન્દ્રિયની ૨૬ લાખ મળીને ૩૨ લાખ યોનિ છે. તેમજ શંખાવર્ત્ત વિના ૧૧ યોની છે.

इति दृष्टित्रिके ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(२३–२६) बंधादि ४ द्वारमां ३६ द्वारप्राप्ति.

(२३) बन्धद्वारमां (२४) उदयद्वारमां, (२५) उदीरणाद्वारमां, (२६)सत्ताद्वारमां—આ ચાર દ્વારોમાં ૩૬ દ્વારની પ્રાપ્તિ કહેવી અતિ દુઃશક્ય અને અતિ વિસ્તૃત હોવાથી કહેવાશે નહિ.

---

(२७) ५ शरीरमां ३६ द्वारोनी प्राप्ति.

ઔદારિક તૈજસ અને કાર્મણ એ ૩ શરીરમાં સર્વે દ્વારો સર્વે ઉત્તરભેદ સહિત છે, પરન્તુ તૈજસ કાર્મણની જઘન્ય કાય સ્થિતિ અનાદિ સાન્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિ અનન્ત છે. વળી ઔદારિક શરીરમાં ઓજ આહાર* નથી તેમજ ઔદારિક શરીરમાં જે ૬ દ્વાર સંબંધિ તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો.

ઔદારિક શરીરમાં.

(१७) जीवभेद ૧૪–૩૫૧—તિર્યંચ ૪૮, અને મનુષ્ય ૩૦૩.

(२४) उदय ૮–૧૦૯—ઔદારિકયોગવત્.

(२५) उदीरणा ૮–૧૦૯—ઉદયવત્.

(३३) भाव ૫–૫૧—દેવગતિ નરકગતિ વિના.

(३५) स्थिति—ભવસ્થિતિ તૈજસકાર્મણ તુલ્ય છે. અને જઘન્ય કાયસ્થિતિ કિંચિત્‌ન્યૂન ૨૫૬ આવલિકા પ્રમાણ છે. કારણકે જઘન્ય આયુષ્ય ૨૫૬ આવલિકાનું છે તેમાંથી શરીર પર્યાપ્તિ સમાપ્ત ન થાય ત્યાં સુધીનો (શરીરાપર્યાપ્ત અવસ્થાનો) કાળ બાદ કરવાથી ઔદારિક શરીરની જઘન્ય કાયસ્થિતિ આવે છે. અને એ પ્રમાણે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કિંચિત્‌ન્યૂન ૩ પલ્યોપમ છે. કારણકે ઔદારિક શરીરનું આયુષ્ય ૩ પલ્યોપમ છે.

---

* શરીર પર્યાપ્તિ સમાપ્ત થયા બાદ ઔદારિક શરીર ગણાય માટે ઓજ આહાર ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) **योनि**—દેવ અને નારકની મળીને ૮ લાખ યોનિ સિવાય શેષ ૭૬ લાખ યોનિ છે. અને સચિત્તાદિ સર્વ (૧૨) ભેદવાળી યોનિ છે.

વૈક્રિય શરીરમાં.

ગતિ વિગેરે ૩૩ દ્વારો વૈક્રિય કાયયોગવત્ છે. શેષ ૩ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે––

(૪) **योग ११**—આહારકના ૨ યોગ, ૧ ઔદારિકમિશ્ર, અને ૧ કાર્મણયોગ એ ચાર વિના શેષ ૧૧ યોગ છે. અહિં વૈક્રિય શરીરી તિર્યંચ મનુષ્યને ઔદારિક યોગ પણ હોય છે. કારણકે એક યોગ અન્તર્મુહૂર્ત્ત સુધી કાયમ રહે, અને ઉત્તર વૈક્રિય શરીર તો ૪ મુંહૂર્ત્ત સુધી કાયમ રહે છે માટે તેટલા કાળમાં કંઇક વખત ઔદારિક યોગ પણ હોય. અથવા ઉપયોગ શૂન્યપણે અને ઉદય શૂન્યપણે ગણતાં તો અનેક યોગ હોવા સ્પષ્ટ છે.

(૧૭) **जीवभेद ३-२३३**—વૈક્રિયયોગમાં કહેલા ૧૨૭ જીવભેદમાં ૯૯ અપર્યાપ્તદેવ અને ૭ અપર્યાપ્ત નારક અધિક ગણવાથી ૨૩૩ જીવભેદ છે. અને ચૌદ ભેદમાંના ૨ સંજ્ઞિસંબંધિ અને ૧ પર્યાપ્તવાયુ એ ૩ જીવભેદ છે.

(૨૮) **बन्धहेतु ४-५३**—આહારકના ૨ યોગ, ૧ ઔદારિકમિશ્ર, અને ૧ કાર્મણ કાયયોગ એ ૪ યોગ વિના-

આહારક શરીરમાં.

ગતિ વિગેરે ૩૩ દ્વારો આહારક કાયયોગવત્ જાણવાં, શેષ ૩ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે––

(૪) **योग ११**—વૈક્રિયના ૨ યોગ, ૧ ઔદારિકમિશ્ર, અને ૧ કાર્મણયોગ એ ચાર વિના શેષ ૧૧ યોગ છે.

(૨૮) **बन्धहेतु २-२३**—યોગ ૧૧, અને કષાય ૧૨.

(૩૯) **स्थिति**— આહારક યોગની જઘન્ય કાયસ્થિતિ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમય છે, પરન્તુ આહારક શરીરની કાય સ્થિતિ તો બન્ને પ્રકારે અન્તર્મુહૂર્ત્તજ હોય. શેષ સ્વરૂપ આહારક કાયયોગવત્.

इति शरीर पंचके ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

(૨૮) ५७ बन्धहेतुमां ३६ द्वारोनी प्राप्ति.

મિથ્યાત્વમાં સર્વે દ્વારોની પ્રાપ્તિ સમ્યક્ત્વદ્વાર પ્રસંગે કહેલા મિથ્યાત્વવત્ જાણવી. અને મિથ્યાત્વના પાંચ ભેદમાં ૩૬ દ્વારની પ્રાપ્તિ ગ્રંથ વિસ્તૃત થઈ જવાના કારણથી અહિં લખી નથી.

અવ્રતમાં સર્વે દ્વારોની પ્રાપ્તિ ચારિત્રદ્વાર પ્રસંગે કહેલા અવિરતિ ચારિત્રવત્ જાણવી, અને અવ્રતના ૧૨ ઉત્તર ભેદમાં દ્વારોની પ્રાપ્તિ ગ્રંથ વિસ્તારના ભયથી લખી નથી.

કષાયમાં ૩૦ દ્વારો કષાય પ્રસંગે કહેલા લોભવત્ છે, અને શેષ ૬ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે.

(૬) **कषाय** ૪-૨૫—સુગમ છે.

(૨૪) **उदय** ૮-૧૨૧—જીનનામ વિના.

(૨૫) **उदीरणा** ૮-૧૨૧—ઉદયવત્.

(૨૮) **बन्धहेतु** ૪-૫૭—સુગમ છે.

(૩૪) **भाव** ૫-૪૫—લોભમાં કહેલા ૪૨ ભાવમાં ક્રોધ માન અને માયા એ ૩ કષાય અધિક ગણવાથી ૪૫ ભાવ હોય.

(૩૫) **स्थिति**—જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ સાદિ સાન્ત છે. કારણકે ઉપશમ શ્રેણિમાં અકષાયી થઈને પતિત થઇ પ્રમત્તાપ્રમત્ત ભાવ પામી પુનઃ શ્રેણિ અંગીકાર કરી અકષાયી થાય, તે કારણથી જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ભવ્યને અનાદિ સાન્ત તથા અભવ્યને અનાદિ અનન્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગમાં સર્વે દ્વારો કાયયોગ વત્ છે. પરન્તુ ૧ કાયસ્થિતિમાં તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૩૯) **સ્થિતિ**—જઘન્ય કાયસ્થિતિ અનાદિ સાન્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિ અનન્ત તે અનુક્રમે ભવ્ય અને અભવ્ય આશ્રયિ છે. અહિં અયોગીપણું પામી પુનઃ પતિત થવાના અભાવે એથી કમી કાયસ્થિતિ ન હોય. વળી કાયયોગમાં જે આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા પુદ્ગલ પરાવર્ત્ત પ્રમાણ કાયસ્થિતિ શ્રી પ્રજ્ઞાપનાજીમાં કહી છે તે વ્યવહાર રાશીમાં આવી પુનઃ વનસ્પતિમાં ભ્રમણ કરવાથી કેવળ કાયયોગની અપેક્ષાએ કહીછે એમ જાણવું. તે કાયસ્થિતિ અહિં સામાન્ય યોગની જઘન્ય કાયસ્થિતિ તરીકે અંગીકાર ન કરાય.

વળી યોગના ૧૫ પ્રતિભેદમાં સર્વે દ્વારોની પ્રાપ્તિ પૂર્વે દર્શાવેલી છે.

इति बन्धहेतुचतुष्के ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

(૨૧) ૪ ધ્યાનમાં ૩૬ દ્વારોની પ્રાપ્તિ.

આર્ત્તધ્યાનમાં સર્વે દ્વારો વક્ષ્યમાણ ૩ આર્ત્તધ્યાનવત્ જાણવાં.

રૌદ્રધ્યાનમાં વક્ષ્યમાણ ૪ રૌદ્રધ્યાન વત્.

ધર્મધ્યાનમાં વક્ષ્યમાણ ૪ ધર્મધ્યાવત્.

શુકલધ્યાનમાં સર્વે દ્વારો વક્ષ્યમાણ જૂદાં જૂદાં ચાર શુકલધ્યાનને અનુસારે પરસ્પર મેળવીને કહેવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩ આર્ત્તધ્યાનમાં.

અગ્રશોચ સિવાયનાં ૩ આર્ત્તધ્યાનમાં ૫ ગતિ વિગેરે ૧૪ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે, શેષ ૨૨ દ્વારોમાં જે તફાવત છે તે નીચે પ્રમાણે છે—

(૨) **इन्द्रिय** ૫, (૩) **काय** ૧ (ત્રસ), (૪) **योग** ૩-૧૨ (ઔદા૦ મિશ્ર, કાર્મણ વિના) (૭) **ज्ञान** ૩, (૧) **चारित्र** ૫ (સૂક્ષ્મ૦, યથા૦ વિના), (૧૦) **दर्शन** ૩ (કેવળ૦ વિના), (૧૪) **संज्ञित्व** ૧ (સંજ્ઞિ), (૧૫) **आहारक** ૨ (ઓજઆહાર વિના સર્વ પ્રતિભેદ સહિત), (૧૬) **गुणस्थान** ૬, (૧૭) **जीवभेद** ૧-૨૧૨, (૨૦) **संज्ञा** ૪-૨, (૨૧) **उपयोग** ૯, (૨૩) **बंध** ૮-૧૧૮ (આહા૦ ૨ વિના), (૨૪) **उदय** ૮-૧૦૮ (જીનનામ વિના સંજ્ઞિપર્યાપ્તવત્), (૨૩) **उदीरणा** ૮-૧૦૮ (ઉદયવત્), (૨૮) **बंधहेतु** ૪-૫૫ (ઔદા૦ મિશ્ર, કાર્મણ૦ વિના), (૨૯) **ध्यान** ૧ (પોતપોતાનું), (૩૨) **समुद्घात** ૬ (કેવળી૦ વિના)—સુગમ છે. કારણ કે એ ૩ આર્ત્તધ્યાન પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિયને છઠ્ઠા ગુણસ્થાન સુધી છે માટે તે અનુસારે દ્વારાવતાર જાણવો.

(૩૩) **भाव** ૫-૪૪—ક્ષાયિક લબ્ધિ ૫, કેવળ૦ ૨, ક્ષાયિક ચારિત્ર અને ઉપશમ ચારિત્ર એ ૯ ભાવ વિના.

(૩૪) **अवगाहना**—ત્રસવત્.

(૩૫) **स्थिति**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ છે, શેષ ત્રણે સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે. અહિં બન્ને પ્રકારની કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત હોવાનું કારણ એ છે કે ધ્યાનનો કાળ અન્તર્મુહૂર્ત્તથી અધિક ન હોય. અન્તર્મુહૂર્ત્ત વીત્યા બાદ અવશ્ય ધ્યાનાન્તર થાય, અથવાં મનોયોગનું ચળાયમાનપણું થવાથી ચિંતા પરિણુતિ થાય. કારણકે ધ્યાન તે મનની સ્થિરતા રૂપ છે તે અન્તર્મુહૂર્ત સુધીજ એક સ્વરૂપે રહી અવશ્ય પલટાય છે.

(૩૬) **योनि**—સંજ્ઞિ પંચેન્દ્રિય સંબંધિ ૨૬ લાખ યોનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, અને સચિત્તાદિ ભેદમાંની સચિત્ત વિવૃત અને શંખાવર્ત્ત વિના ૯ યોનિ છે.

અગ્રશોચ આર્ત્તધ્યાનમાં.

પ્રથમનાં ૩ આર્ત્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાન સુધી છે અને આ અગ્રશોચધ્યાન મુનિને નહિ હોવાથી પાંચમા ગુણસ્થાન સુધી છે માટે ૨૭ દ્વારો આર્ત્તધ્યાન તુલ્ય છે, પરન્તુ જે ૯ દ્વારોમાં તફાવત છે તે નીચે પ્રમાણે જાણવો—

(૪) योग ३-११—આહારકદ્વિક રહિત ૩ આર્ત્તધ્યાનવત્.

(९) संयम २—અવિરતિ અને દેશવિરતિ ચારિત્ર છે.

(१६) गुणस्थान ५—પ્રથમનાં પાંચ ગુણસ્થાન છે.

(२४) उदय ८-१०६—આહારકદ્વિક અને જીનનામ રહિત સંજ્ઞિપર્યાપ્તવત્. અથવા આહારકદ્વિક વિના ૩ આર્ત્ત૦ વત્.

(२५) उदीरणा ८-१०६—ઉદયવત્.

(२७) शरीर ४—આહારકશરીર વિના.

(२८) बन्धहेतु ४-५३—આહારકના ૨ યોગ વિના ૩ આર્ત્તધ્યાનતત્.

(३२) समुद्घात ५—આહારક અને કેવળી સમુદ્ઘાત વિના.

(३३) भाव ५-४२—સર્વવિરતિ અને મનઃપર્યવ વિના ૩ આર્ત્તધ્યાનવત્.

इति आर्त्तध्यानचतुष्के ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

૪ ધર્મધ્યાનમાં.

સર્વે દ્વારો અપ્રમત્ત ગુણસ્થાનવત્ જાણવાં. કારણકે એ ચારે ધ્યાન મુખ્યત્વે કેવળ અપ્રમત્ત મુનિનેજ માનેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧ લા શુક્લધ્યાનમાં (પૃથક્ત્વવિતર્કસવિચારમાં).

ગતિ વિગેરે ૩૨ દ્વારો આઠમા અપૂર્વકરણ ગુણસ્થાન તુલ્ય છે, શેષ ૪ દ્વારો નીચે પ્રમાણે—

(૧) **संयम** ४—સામાયિક છેદોપસ્થાપનીય સૂક્ષ્મસંપરાય અને ઉપશમયથાખ્યાત એ ૪ ચારિત્ર હોય.

(१६) **गुणस्थान** ४—આઠમા અપૂર્વકરણથી અગીઆરમા ઉપશાન્તમોહ ગુણસ્થાન સુધીનાં ૪ ગુણસ્થાન છે.

(३३) **भाव** २८—આઠમે ગુણસ્થાને કહેલા ૨૭ ભાવમાં ૧ ઉપશમ ચારિત્ર અધિક ગણવાથી ૨૮ ભાવ છે.

(३९) **स्थिति**—બન્ને પ્રકારની કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, છે, અને ભવસ્થિતિ આઠમા ગુણસ્થાન તુલ્ય જાણવી.

---

૨ જા શુક્લધ્યાનમાં (અપૃથક્ત્વવિતર્કઅવિચારમાં).

આ બીજું શુક્લધ્યાન કેવળ ૧૨ મે ગુણસ્થાને હોવાથી સર્વે દ્વારો ૧૨ મા ગુણસ્થાનવત્ જાણવાં.

---

૩ જા શુક્લધ્યાનમાં (સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતીમાં).

૩૧ દ્વારો ૧૩ મા ગુણસ્થાન તુલ્ય જાણવાં, શેષ ૫ દ્વારો નીચે પ્રમાણે—

(४) **योग** १—કેવળ સૂક્ષ્મકાયયોગ હોવાથી.

(२८) **बन्धहेतु** १—સૂક્ષ્મ કાયયોગરૂપ ૧ બંધહેતુ છે.

(३२) **समुद्घात** ०—આ ધ્યાનમાં સમુદ્ઘાત ન હોય, કારણકે કેવળીસમુદ્ઘાત થઇ રહ્યા બાદ યોગ નિરોધ વખતે આ ધ્યાન છે.

(३४) **अवगाहना**—સમુદ્ઘાતકૃત અવગાહના હોય નહિ. શેષ સ્વરૂપ સયોગી કેવળીવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૫) **સ્થિતિ**—કાયસ્થિતિ બન્ને પ્રકારે અન્તર્મુહૂર્ત્ત છે. અને ભવસ્થિતિ સયોગી કેવળી તુલ્ય છે.

---

૪ થા શુકલધ્યાનમાં (વ્યુચ્છિન્નક્રિયાઅનિવૃત્તિમાં).

સર્વે દ્વારો અયોગી કેવળીવત્. જાણવાં.

इति १६ ध्यानेषु ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

(૩૦) ६ संघयणमां ३६ द्वारोनी प्राप्ति.

વજ્રર્ષભનારાચ સંઘયણમાં.

(૧) **गति** ૨—તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિ છે કારણ કે દેવ અને નારકનું શરીર હાડવાળું નહિ હોવાથી દેવગતિ નરકગતિમાં સંઘયણ હોય નહિ.

(૨) **इन्द्रिय** ૫—કેવળ પંચેન્દ્રિય જાતિમાંજ વજ્રર્ષભનારાચ સંઘયણ છે. કારણકે અપંચેન્દ્રિયમાં દ્વીન્દ્રિયાદિકને છેવટ્ઠું સંઘયણજ હોય છે.

(૩) **काय** ૧—વજ્રર્ષભનારાચ સંઘયણ ત્રસકાયમાંજ છે.

(૪) **योग** ૩–૧૫, (૫) **वेद** ૩, (૬) **कषाय** ૪–૨૫, (૭) **ज्ञान** ૫, (૮) **अज्ञान** ૩, (૯) **संयम** ૭, (૧૦) **दर्शन** ૪, (૧૧) **लेश्या** ૬, (૧૨) **भव्यत्व** ૨, (૧૩) **सम्यक्त्व** ૬, (૧૪) **संज्ञित्व*** ૧ (સંજ્ઞિ), (૧૫) **आहार** ૨ (પરન્તુ દિશિમાં ૬ દિશિનો અને

---

* કર્મપ્રકૃતિમાં ઉદીરણા કરણમાં સર્વ તિર્યંચપંચેન્દ્રિયને ૬ સંઘયણ હોય એમ કહ્યું છે. પરન્તુ તે અહિં અવિવક્ષિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓજઆહાર નહિ,[1]) (૧૬) **ગુણસ્થાન** ૧૪—સુગમ છે. કારણકે વજ્રર્ષભનારાચમાં સર્વે ગુણસ્થાન વિગેરે હોય છે.

(૧૭) **જીવભેદ** ૨-૨૧૨—ચૌદમાંના સંજ્ઞિ સંબંધિ ૨ જીવભેદ છે, અને પાંચસો ત્રેસઠમાંથી ૨૦૨ ગર્ભજ મનુષ્ય અને ૧૦ ગર્ભજતિર્યંચ એ ૨૧૨ જીવભેદ છે.

(૧૮) **પર્યાપ્તિ** ૬, (૧૯) **પ્રાણ** ૧૦, (૨૦) **સંજ્ઞા** ૪-૨ (હેતૂ ૫૦ વિના), (૨૧) **ઉપયોગ** ૧૨, (૨૨) **દૃષ્ટિ** ૩—સુગમ છે.

(૨૩) **બંધ** ૮-૧૨૦—વજ્રર્ષભનારાચવાળા સંજ્ઞિ મનુષ્યને યથાયોગ્ય આઠે મૂળકર્મનો અને ૧૨૦ ઉત્તરકર્મનો બંધ છે.

(૨૪) **ઉદય** ૮-૧૦૦—સ્થાવર, એકેન્દ્રિય, સૂક્ષ્મ, આતપ, સાધારણ, વિકલેન્દ્રિય, અન્ય સંઘયણ ૫, અપર્યાપ્ત નામકર્મ, દેવદ્વિક, નરકદ્વિક, આનુપૂર્વી ૪, એ ૨૨ પ્રકૃતિ વિના શેષ ૧૦૦ કર્મનો ઉદય છે. અહિ લબ્ધિ અપર્યાપ્ત જીવોને કેવળ સેવાર્ત્ત સંઘયણ હોવાથી અપર્યાપ્ત નામકર્મનો ઉદય નથી, અને સંઘયણનો ઉદય ઉત્પત્તિ સ્થાને ઉત્પન્ન થયાબાદ પ્રથમ સમયથી હોય છે માટે માર્ગમાં ઉદય આવનારી આનુપૂર્વીનો ઉદય પણ નથી.

(૨૫) **ઉદીરણા** ૮-૧૦૦—ઉદયવત્.

(૨૬) **સત્તા** ૮-૧૪૮—સુગમ છે.

(૨૭) **શરીર** ૫—વજ્રર્ષભનારાચ સંઘયણી જીવને પાંચે શરીર યથાસંભવ હોઈ શકે છે. અહિં સંઘયણ તો કેવળ ઔદારિક શરીરનેજ હોય છે, પરન્તુ તેવી અપેક્ષાનું અહિં પ્રયોજન નહિ હોવાથી સંઘયણવાળા જીવને શરીર પ્રાપ્તિ કહી છે.

(૨૮) **બંધહેતુ** ૪-૫૭, (૨૯) **ધ્યાન** ૧૬, (૩૦) **સંઘયણ** ૧ (પોતાનું), (૩૧) **સંસ્થાન** ૬, (૩૨) **સમુદ્‌ઘાત** ૭, (૩૩) **ભાવ** ૫-૫૧ (દેવગતિ અને નરકગતિ વિના)—સુગમ છે.

---

૧. ઓજઆહાર શરીરઅપર્યાપ્ત અવસ્થામાં છે તે વખતે સંઘયણ નામકર્મનો ઉદય છે, પરન્તુ (સ્થાયરૂં) સંઘયણ તો શરીરપર્યાપ્તિ સમાપ્ત થયેજ હોય. એ પ્રમાણે ત્રણ શરીર અને ૬ સંસ્થાન પણ જાણવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૪) **अवगाहना**—પર્યાપ્તસંજ્ઞિ મનુષ્યવત્.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચની અપેક્ષાએ ૩ પલ્યોપમ છે. જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, કારણકે અન્તર્મુહૂર્ત્ત બાદ મરણ પામે તો સંઘયણનો અભાવ હોઈ શકે છે. અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન ૩ પલ્યોપમ છે. અહિં શરીર અપર્યાપ્ત અવસ્થા જેટલી કિંચિત્ ન્યૂનતા જાણવી.

(૩૬) **योनि**—તિર્યંચ પંચેન્દ્રિયની ૪ લાખ અને મનુષ્યની ૧૪ લાખ મળી ૧૮ લાખ યોનિ છે. અને સચિત્તાદિ બાર ભેદમાંથી સચિત્તાચિત્ત, શીતોષ્ણ, સંવૃતવિવૃત, કૂર્મોન્નતા અને વંશીપત્રા એ ૫ યોનિ છે.

ઋષભનારાચ અને નારાચ સંઘયણમાં.

ઋષભનારાચ અને નારાચ સંઘયણમાં ૨૦ દ્વારો વજ્રર્ષભનારાચ સંઘયણ તુલ્ય છે, શેષ ૧૬ દ્વારો નીચે પ્રમાણે છે—

(૪) **योग १४**—અહિં કાર્મણયોગ ન હોય, કારણકે કાર્મણયોગ માર્ગમાં ઉત્પત્તિના પ્રથમ સમયે અને કેવલિસમુદ્ઘાતમાં હોય છે તે ત્રણે અવસ્થામાં ઋષભનારાચ અને નારાચ સંઘયણ નથી.

(૭) **ज्ञान ४**—આ બે સંઘયણમાં કેવળજ્ઞાન ન હોય માટે શેષ ચાર છે.

(૯) **संयम** ૭ (૬)—પરિહાર વિશુદ્ધિ સર્વે સંઘયણવાળાને હોય, અને પ્રથમ સંઘયણીનેજ હોય એમ બન્ને અભિપ્રાય છે માટે.

(૧૦) **दर्शन ३**—કેવળદર્શન વિના શેષ ૩ દર્શન હોય.

(૧૯) **आहारो १**—અહિં અનાહારીપણું ન હોય. કારણકે અનાહારીપણું માર્ગમાં અને કેવલિસમુદ્ઘાતમાં તથા અયોગી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણામાં છે તે ત્રણે અવસ્થામાં એ બે સંઘયણો નથી. શેષ સ્વરૂપ પ્રથમ સંઘયણવત્.

(૧૬) **गुणस्थान** ૧૧—પ્હેલેથી અગીઆર ગુણસ્થાન છે. કારણકે આ બે સંઘયણવાળો ઉપશમશ્રેણિજ અંગીકાર કરી શકે છે.

(૧૭) **जीवभेद** ૨-૪૦—આ બે સંઘયણ કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય સંબંધિ ૩૦ અને ગર્ભજતિર્યંચ સંબંધિ ૧૦ મળી ૪૦ જીવભેદમાં છે. યુગલિકોને તો પ્હેલું સંઘયણજ હોય.

(૨૧) **उपयोग** ૧૦—કેવળજ્ઞાન અને કેવળદર્શન વિના.

(૨૪) **उदय** ૮-૯૯—જીનનામ વિના વજ્રર્ષભનારાચવત્.

(૨૯) **उदीरणा** ૮-૯૯—ઉદયવત્.

(૨૮) **बंधहेतु** ૪-૫૬—કાર્મણયોગ વિના.

(૨૯) **ध्यान** ૧૩—આ બે સંઘયણવાળા જીવને ક્ષપકશ્રેણિ નહિ હોવાથી બારમા વિગેરે ગુણસ્થાનમાં વર્ત્તનારાં છેલ્લાં ૩ શુક્લધ્યાન ન હોય માટે.

(૩૨) **समुद्घात** ૬—કેવલી સમુદ્ઘાત વિના.

(૩૩) **भाव** ૫-૪૩—ક્ષાયિકલબ્ધિ ૫, કેવળ૦ ૨ અને ક્ષાયિકયથાખ્યાત ચારિત્ર વિના વજ્રર્ષભનારાચ તુલ્ય.

(૩૪) **अवगाहना**—સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ ૬ અને ૫ રજ્જુ પ્રમાણ છે. કારણકે એ બે સંઘયણવાળા મનુષ્ય મરણ પામી અનુક્રમે છઠ્ઠી અને પાંચમી પૃથ્વી સુધી જાય છે. શેષ સ્વરૂપ પ્રથમ સંઘયણવત્.

(૩૫) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ પ્રથમ સંઘયણવત્. અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પૂર્વક્રોડ વર્ષ છે. કારણકે એ બે સંઘયણવાળા મનુષ્ય તિર્યંચ સંખ્યાત આયુષ્યવાળા (અયુગલિક) હોય પણ યુગલિક નહિ. અને ઉત્કૃષ્ટ સંખ્યાતવર્ષાયુષ્ય તે પૂર્વક્રોડવર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણાય, કારણકે પૂર્વક્રોડ વર્ષથી સમયાદિ અધિક આયુષ્ય અસંખ્ય* વર્ષાયુષ્યની ગણત્રીમાં છે. તથા ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન પૂર્વક્રોડવર્ષ છે. કારણકે સંખ્યાત વર્ષાયુષ્યવાળાની અપેક્ષાએ શરીર અપર્યાપ્તાવસ્થા જેટલી કિંચિત્ ન્યૂનતા જાણવી. અને મરણ બાદ માર્ગમાં સંઘયણ ન ગણાય.

અર્ધનારાચ અને કિલિકા સંઘયણમાં.

એ ૨ સંઘયણમાં ૩૧ દ્વારો ઋષભનારાચ અને નારાચ સંઘયણવત્ છે. શેષ ૫ દ્વારો નીચે પ્રમાણે છે—

(૯) સંયમ ૯ (૪)—સર્વ સંઘયણમાં પરિહારવિશુદ્ધિ ચારિત્ર અંગીકાર કરીએ તો સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સિવાયનાં પાંચ ચારિત્ર હોય, અને પ્રથમ સંઘયણીને પરિહારચારિત્ર અંગીકાર કરીએ તો પરિહારવિશુદ્ધિ ચારિત્ર પણ બાદ કરતાં શેષ ૪ ચારિત્ર હોય.

(૧૬) ગુણસ્થાન ૭—પ્હેલેથી સાત ગુણસ્થાન હોય. એ સંઘયણવાળા જીવો શ્રેણિ પ્રારંભે નહિં માટે શેષ ગુણસ્થાનો ન હોય.

(૨૧) ધ્યાન ૧૨—સાત ગુણસ્થાનમાં સંભવતાં ૧૨ ધ્યાન હોય અને શેષ ૪ ધ્યાન શ્રેણિ સંબંધિનાં ન હોય.

(૩૩) ભાવ ૯–૪૨—ઉપશમ ચારિત્ર વિના બીજા અને ત્રીજા સંઘયણવત્.

(૩૪) અવગાહના—સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ ૪–૩

---

* આયુષ્યના વર્ષોમાં સંખ્યાત અસંખ્યાતપણાની ગણત્રી શાસ્ત્રકારે એ રીતેજ દર્શાવી છે. હિસાબ વિગેરે ગણવામાં શીર્ષપ્રહેલિકા (૧૯૪ આંકડા) સુધી સંખ્યાત અને તેથી અધિક અસંખ્યાત કહેલ છે, તથા ધાન્યાદિ દ્રવ્યની ગણત્રીમાં પ્યાલાની ઉપમાવડે સંખ્યાત અસંખ્યાત કહેલ છે. એમ જુદી જુદી પદ્ધતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજ્જુ છે. કારણકે અર્ધનારાચ સંઘયણી મરણ પામી ચોથી નરક સુધી જાય, અને કિલિકા સંઘયણી ત્રીજી નરક સુધી જાય. શેષ સ્વરૂપ બીજા ત્રીજા સંઘયણવત્.

સેવાર્ત્ત સંઘયણમાં.

૨૯ દ્વારો ચોથા પાંચમા સંઘયણ તુલ્ય છે, શેષ ૭ દ્વારો નીચે પ્રમાણે છે.

(૨) **इन्द्रिय** ૨–૩–૪–૫—આ સંઘયણ દ્વીન્દ્રિયાદિકને પણ પણ હોય છે માટે દ્વીન્દ્રિયાદિ ૪ જાતિ છે.

(१७) **जीवभेद** १०–१५७—ચૌદમાંના ચાર એકેન્દ્રિય સિવાય ૧૦ જીવભેદ છે, અને પાંચસોત્રેસઠમાંથી સમ્મૂચ્છિંમ મનુષ્ય ૧૦૧, પંચેન્દ્રિય તિર્યંચ ૨૦, કર્મભૂમિનર ૩૦, અને વિકલેન્દ્રિય ૬ એ ૧૫૭ જીવભેદ છે.

(२०) **संज्ञा** ४–३—અહિં સમ્મૂચ્છિંમ સંબંધિ હેતૂપદેશિકી સંજ્ઞા પણ છે માટે સર્વે સંજ્ઞાઓ હોય.

(२४) **उदय** ८–१०३—૩ વિકલેન્દ્રિય અને ૧ અપર્યાપ્ત એ ૪ પ્રકૃતિ સહિત કિલિકા સંઘયણવત્.

(२५) **उदीरणा** ८–१०३—ઉદયવત્.

(३४) **अवगाहना**—સમુદ્ઘાત અવગાહના દીર્ઘ ૨ રજ્જુ પ્રમાણ છે. કારણકે સેવાર્ત્ત સંઘયણી જીવ મરણ પામી દેવલોકમાં માહેન્દ્ર નામના ચોથા દેવલોક સુધી જાય છે, અને ત્યાંસુધીમાં બે રજ્જુ જેટલી લંબાઇ છે. શેષ સ્વરૂપ કિલિકાવત્.

(३६) **योनि**—વિકલેન્દ્રિયની ૬ લાખ, તિર્યંચપંચેન્દ્રિયની ૪ લાખ અને મનુષ્યની ૧૪ લાખ મળી ૨૪ લાખ યોનિ છે. અને સચિત્તાદિ સર્વે ભેદવાળી યોનિ છે.

॥ इति संघयणषट्के ३६ द्वारप्राप्तिः समाप्ता ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३१) ६ संस्थानमां ३६ द्वारोनी प्राप्ति.

સમચતુરસ્ર સંસ્થાનમાં.

નીચે કહેલાં ૧૪ દ્વારો સિવાયનાં શેષ ૨૨ દ્વારોનું સ્વરૂપ સર્વે ઉત્તરભેદ સહિત સુગમ હોવાથી યથાયોગ્ય સ્વયં વિચારવું.

(१) गति ૩—નરકગતિ વિના.

(२) **इन्द्रिय** ५, (३) **काय** १ (ત્રસ),—સુગમ છે, કારણકે અપંચેન્દ્રિયને સમચતુરસ્ર સંસ્થાન ન હોય.

(१४) **संज्ञि** १—સંજ્ઞિનેજ સમચતુરસ્ર સંસ્થાન હોય માટે.

(१५) **आहारी** २—६ દિશિનો આહાર હોય છે. અને ઓજ-આહાર વજ્રર્ષભનારાચ સંઘયણવત્ ન હોય. અનાહારીપણું કેવલી સમુદ્ઘાતમાં અને અયોગીપણામાં છે. શેષ સ્વરૂપ સુગમ છે.

(१७) **जीवभेद** २-४१०—ચૌદ જીવભેદમાંના સંજ્ઞિ સંબંધિ ૨ જીવભેદ છે, અને પાંચસોત્રેસઠમાંથી ૧૦૧ સમુચ્છિર્મ મનુષ્ય, ૧૦ સમુચ્છિર્મ તિર્યંચ, ૨૮ અપંચેન્દ્રિય અને ૧૪ નારક એ ૧૫૩ સિવાય શેષ ૪૧૦ જીવભેદ છે.

(२०) **संज्ञा** ४-२—હેતૂપદેશિકીસંજ્ઞા નહિ હોવાથી.

(२४) **उदय** ८-१०२—સ્થાવર, એકેન્દ્રિય, સૂક્ષ્મ, સાધારણ, આતપ, ૩ વિકલેન્દ્રિય, નરકદ્વિક, ૧ અપર્યાપ્ત, ૪ આનુપૂર્વી, અને ૫ અન્ય સંસ્થાન એ ૨૦ વિના શેષ ૧૦૨ પ્રકૃતિનો ઉદય હોય.

(२५) **उदीरणा** ८-१०२—ઉદયવત્.

(३१) **संस्थान** १—એક સમચતુરસ્ર સંસ્થાન હોય.

(३३) **भाव** ५-५२—નરકગતિ વિના સર્વે ભાવ હોવાથી.

(३४) **अवगाहना**—જન્મદેહની જઘન્ય અવગાહના પર્યાપ્ત જીવ જેટલી પ્રાયઃ અંગુલનો અસંખ્યાતમોભાગ હોઈ શકે. શેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરૂપ સુગમ છે. અને સમુદ્‌ઘાતકૃત અવગાહના સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

(૩૫) **સ્થિતિ**—જઘન્ય ભવસ્થિતિ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ છે. તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કિંચિત્ ન્યૂન (શરીર અપર્યાપ્તાવસ્થાના કાળ જેટલી ન્યૂન) સ્વઆયુષ્ય પ્રમાણ છે, કારણ પ્રથમ સંઘયણમાં કહ્યા પ્રમાણે જાણવું.

(૩૬) **योनि**—દેવની ૪ લાખ, તિર્યંચપંચેન્દ્રિયની ૪ લાખ, અને મનુષ્યની ૧૪ લાખ મળી ૨૨ લાખ યોનિ છે. સચિત્ત, શીત, ઉષ્ણ, વિવૃત, અને શંખાવર્ત્ત એ પાંચ વિના શેષ ૭ યોનિ છે.

મધ્ય ૪ સંસ્થાનમાં.

ગતિ વિગેરે ૩૦ દ્વારો સમચતુરસ્ર સંસ્થાન તુલ્ય છે, શેષ ૬ દ્વારો નીચે પ્રમાણે છે—

(૧૭) **जीवभेद २-४०**—મધ્યમ ૪ સંઘયણવત્.

(૨૪) **उदय** ૮-૧૭—આહારકદ્વિક, દેવગતિ, દેવાયુ અને જીનનામ એ પાંચ પ્રકૃતિ વિના સમચતુરસ્ર સંસ્થાનવત્.

(૨૫) **उदीरणा** ૮-૧૭—ઉદયવત્.

(૩૩) **भाव** ૫-૫૧—દેવગતિ અને નરકગતિ વિના.

(૩૫) **સ્થિતિ**—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પૂર્વક્રોડ વર્ષ છે. કારણ કે આ ચાર સંસ્થાનો સંખ્યાત વર્ષના આયુષ્યવાળા (અયુગલિક) મનુષ્ય તિર્યંચને છે. પણ દેવ નારકને નથી. શેષ જઘન્ય ભવસ્થિતિ વિગેરે સમચતુરસ્ર સંસ્થાનવત્.

(૩૬) **योनि**—મધ્યમ ૪ સંઘયણવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હુંડક સંસ્થાનમાં.

૨૩ દ્વારો મધ્યમ ૪ સંસ્થાનવત્ છે, શેષ ૧૩ દ્વારો નીચે પ્રમાણે છે—

(१) गति ३—દેવગતિ વિના.

(२) इन्द्रिय १-२-३-४-५—પાંચે જાતિના જીવોને હુંડક સંસ્થાન હોય છે માટે.

(३) काय ६—છએ કાયના જીવોને હુંડકસંસ્થાન હોય છે.

(१४) संज्ञित्व २—સંજ્ઞિ અને અસંજ્ઞિને પણ હુંડક-સંસ્થાન છે.

(१५) आहारीत्व २—આહારી અને અનાહારીપણું બન્ને હોય. તેમાં દિશિઆહાર ૩-૪-૫-૬ દિશિનો છે, અનાહારીપણું અયોગી અવસ્થામાંજ છે. કારણકે કેવળીસમુદ્ઘાતવર્તી અનાહારી-પણામાં સંસ્થાનનો ઉદય નથી. શેષ સ્વરૂપ સમચતુરસ્રાદિવત્.

(१७) जीवभेद १४-१५३—પાંચસોત્રેસઠમાંથી ૧૯૮ દેવ અને ૧૭૨ યુગલિક સિવાય સર્વને હુંડકસંસ્થાન હોય છે. કારણકે દેવ તથા સર્વ યુગલિકોને એક સમચતુરસ્ર સંસ્થાન હોય.

(२०) संज्ञा ४-३—હેતૂપદેશિકી સંજ્ઞાવાળા દ્વીન્દ્રિયાદિને પણ હુંડકસંસ્થાન હોય છે માટે.

(२४) उदय ८-११०—આનુપૂર્વી ૪, અન્ય સંસ્થાન ૫, દેવ૦ ૨, અને જીનનામ એ ૧૨ પ્રકૃતિ વિના.

(२५) उदीरणा ८-११०—ઉદયવત્.

(३३) भाव ५-५२—દેવગતિ વિના સર્વે.

(३४) अवगाहना—ઉત્તર દેહની જઘન્ય અવગાહના વાયુના ઉત્તરવૈક્રિય આશ્રયિ અંગુલનો અસંખ્યાતમોભાગ છે. શેષ સ્વરૂપ સમચતુરસ્રાદિવત્.

(३५) स्थिति—ઉત્કૃષ્ટ ભવસ્થિતિ સાતમી પૃથ્વીના નારકની અપેક્ષાએ ૩૩ સાગરોપમ છે. શેષ સ્વરૂપ સમચતુરસ્રાદિવત્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) **योनि**—ચાર લાખ દેવયોનિ વિના ૮૦ લાખ યોનિ છે. અને સચિત્તાદિ ૧૨ ભેદવાળી યોનિ છે.

इति संस्थानषट्के ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

(३२) ७ समुद्घातमां ३६ द्वारोनी प्राप्ति.

વેદના સમુદ્ઘાતમાં.

गति વિગેરે ૨૩ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે, શેષ ૧૩ દ્વારો નીચે પ્રમાણે છે—

(૭) **ज्ञान ४**—કેવળજ્ઞાન ન હોય, કારણકે અપ્રમત્તાદિ ગુણસ્થાને વેદનીયની ઉદીરણાના અભાવે* વેદના સમુદ્ઘાત ન હોય.

(૯) **संयम ५**—સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર ન હોય. કારણ જ્ઞાનપ્રાપ્તિમાં કહ્યા પ્રમાણે જાણવું.

(૧૦) **दर्शन ३**—કેવળદર્શન વિના. કારણ જ્ઞાનપ્રાપ્તિવત્.

(૧૬) **गुणस्थान ६**—વેદનીય કર્મની ઉદીરણા ૬ ગુણસ્થાન સુધીજ છે માટે.

(૨૧) **उपयोग १०**—કેવળજ્ઞાન અને કેવળદર્શન વિના.

(૨૩) **बंध ८ ११८**—આહારકદ્વિકનો બંધ ન હોય, કારણકે તે અપ્રમત્તાદિ ગુણસ્થાને હોય છે.

(૨૪) **उदय ८-१२१**—જીનનામ વિના.

(૨૫) **उदीरणा ८-१२१**—ઉદયવત્.

(૨૯) **ध्यान ८**—આઠ અશુભધ્યાન છે.

(૩૨) **समुद्घात १**—મુખ્યત્વે પોતાનીજ ૧ સમુદ્ઘાત.[1]

---

* આમળનાં ઘણાં દ્વારોમાં એજ કારણ વિચારવું.

૧. કદાચ એક સમુદ્ઘાતમાં બીજી સમુદ્ઘાત સંભવે છે તો પણ મુખ્યત્વે વિવક્ષિત એક સમુદ્ઘાતજ અહિં ગણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૩) **भाव ९-४४**—ક્ષાયિકસમ્યક્ત્વ વિના ૮ ક્ષાયિકભાવ અને ઉપશમ ચારિત્ર એ ૯ ભાવ સિવાયના શેષ ૪૪ ભાવ છે. એ ૯ ભાવ શ્રેણિગત જીવને હોય, અને શ્રેણિમાં વેદનીયની ઉદીરણાના અભાવે વેદના સમુદ્ઘાત ન હોય.

(૩૪) **अवगाहना**—જન્મદેહાવગાહના એકેન્દ્રિય તુલ્ય, ઉત્તર-દેહાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમોભાગ, ઉત્કૃષ્ટ ૪ અંગુલ અધિક ૧ લાખ યોજન, અને સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ ૧૪ રજ્જુ પ્રમાણ છે.

(૩૯) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ અને કાયસ્થિતિ બન્ને પ્રકારે અન્ત-ર્મુહૂર્ત્ત પ્રમાણ છે. અહિં વેદનીયની ઉદીરણા જોકે અનન્તકાળ હોય છે પરન્તુ વેદના સમુદ્ઘાત અને તે સંબંધિ અતિ તીવ્ર ઉદીરણા અન્તર્મુહૂર્ત્ત માત્રજ છે.

કષાય સમુદ્ઘાતમાં.

गति વિગેરે ૩૪ દ્વારો વેદના સમુદ્ઘાત તુલ્ય છે, શેષ ૨ દ્વારો નીચે પ્રમાણે છે—

(૧૩) **सम्यक्त्व ५**—ઉપશમ સમ્યક્ત્વ ન હોય. કારણકે ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવને વિશુદ્ધ પરિણામ હોવાથી તીવ્રકષાયોદય (કષાયોદીરણા) સંબંધિ કષાય સમુદ્ઘાત નથી.

(૩૩) **भाव ४-४३**—મૂળભાવમાં ઉપશમભાવ વિના ૪ મૂળ-ભાવ અને ઉત્તરભાવમાં ઉપશમ સમ્યક્ત્વ વિના વેદના સમુદ્ઘાત-વત્ ૪૩ ઉત્તરભાવ છે.

મરણ સમુદ્ઘાતમાં.

गति વિગેરે ૨૬ દ્વારો વેદના સમુદ્ઘાતવત્, અને શેષ ૧૦ દ્વારો નીચે પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) योग १३—ઔદારિકમિશ્ર અને કાર્મણુયોગ વિના. કારણુકે ઔ૦ મિશ્રયોગમાં મરણુ ન હોય અને કાર્મણુયોગમાં મરણુ છે પણુ મરણુ સમુદ્ઘાત નથી, કારણુકે કાર્મણુયોગ તો કેંદુકગતિએ મરણુ પામી ગયેલા જીવને પરભવમાં ઉત્પત્તિના પ્રથમ સમય સુધી છે, અને મરણુસમુદ્ઘાત તો મરણુ નહિં પામેલા જીવને મરણુ પામવાનું અન્તર્મુહૂર્ત્ત બાકી રહેતાં અને ઈલિકા ગતિએ મરણુ પામતી વખતે પૂર્વભવની અને પરભવની બન્ને દેહમાં રહેલાને હોય છે.

(૯) संयम ४—પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત ચારિત્ર વિના શેષ ૪ ચારિત્ર હોય. કારણુકે પરિહાર વિશુદ્ધિમાં મરણુનો અભાવ છે, અને શેષ બે ચારિત્રમાં મરણુ છે પરન્તુ મૂળથી આયુષ્યની ઉદીરણાનોજ અભાવ છે, અને ઉદીરણા વિના સમુદ્ઘાત હોય નહિ માટે.

(૧૩) सम्यक्त्व ५—મિશ્રસમ્યક્ત્વ ન હોય. કારણુકે મિશ્ર સમ્યક્ત્વમાં મરણુનો અભાવ છે.

(૧૯) आहारीत्व १—મરણુ સમુદ્ઘાતમાં કેવળ આહારીપણુંજ છે.તેમાં પણુ ઓજઆહાર સિવાયના સર્વ ભેદ હોય છે. ઓજઆહાર નહિં હોવાનું કારણુ એ છે કે મરણુસમુદ્ઘાત વર્તી જીવ પોતાનો એક છેડો પૂર્વભવની દેહમાં રાખી બીજો છેડો પરભવની દેહમાં પ્રક્ષેપે છે, તોપણુ તેને પરભવ આહાર હોતો નથી, આહાર તો પૂર્વભવની દેહમાં રહેલા એક છેડાદ્વારા પૂર્વભવની દેહવડેજ ગ્રહણુ કરે છે. અથવા બીજી રીતે વિચારીએ તો મરણુસમુદ્ઘાત મરણુ પામવાને અન્તર્મુહૂર્ત્ત બાકી રહેતાં હોય છે. તે વખતે પરભવનો ઓજ આહાર ક્યાંથી હોય? અથવા સમુદ્ઘાત અવસ્થામાંજ કદાચ મરણુ પામી જાય તો પણુ પૂર્વભવદેહમાંથી આત્માનો સંબંધ છૂટયાબાદ સમુદ્ઘાતપણું રહેતું નથી, અને જ્યાંસુધી સમુદ્ઘાત અવસ્થામાં છે ત્યાંસુધી પૂર્વભવ દેહના સંબંધવાળો હોવાથી પરભવનો ઓજઆહાર ગ્રહણુ કરે નહિં. એમ ત્રણે રીતે મરણુસમુદ્ઘાતમાં ઓજઆહાર ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ત્રીજા કારણમાં કહ્યા પ્રમાણે અનાહારીપણું પણ ન હોય. કારણકે વક્રગતિનું અનાહારીપણું કંદુક ગતિએ જતા જીવને હોય માટે અનાહારીપણું નથી. અને અયોગી વા કેવળીસમુદ્‌ઘાતના અનાહારીપણા વખતે મરણસમુદ્‌ઘાતજ નથી.

(૧૬) **ગુણસ્થાન** ૫—મિશ્ર સિવાયનાં મિથ્યાત્વથી પ્રમત્ત સુધીનાં ૫ ગુણસ્થાન હોય. કારણકે મિશ્રગુણસ્થાને મરણ નથી, અને અપ્રમત્તાદિ ગુણસ્થાને આયુષ્યની ઉદીરણા નથી.

(૧૭) **જીવભેદ** ૧૪-૩૭૧—પાંચસોત્રેસઠમાંથી ૯૯ અપર્યાપ્ત દેવ, ૭ અપર્યાપ્તનારક, અને ૮૬ અપર્યાપ્ત યુગલિક સિવાયના શેષ ૩૭૧ જીવભેદ હોય. કારણકે દેવાદિકનું અપર્યાપ્ત અવસ્થામાં મરણ[1] ન હોય.

(૨૨) **દૃષ્ટિ** ૨—મિશ્રદૃષ્ટિ વિના.

(૨૪) **ઉદય** ૮-૧૧૪—મિશ્રમોહનીય, જીનનામ, આહારક દ્વિક, અને આનુપૂર્વી ૪ વિના ૧૧૪નો ઉદય હોય. અહિં આહારકદ્વિકની રચના મરણ વખતે ન હોય, (વૈક્રિયની રચનામાં મરણ હોય છે). વળી આનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં છે, અને તે મરણ પામી ગયેલાનેજ પરભવમાં જતાં માર્ગમાં હોય છે માટે તે વખતે મરણસમુદ્‌ઘાત નથી.

(૨૯) **ઉદીરણા** ૮-૧૧૪—ઉદયવત્.

(૨૭ **શરીર** ૪—આહારકશરીર વિના. કારણકે આહારક દેહમાં વર્તતો જીવ મરણ ન પામે (ઉત્તરવૈક્રિયમાં વર્તતો મરણ પામે.)

(૨૮) **બન્ધહેતુ** ૪-૫૩—આહારકદ્વિકયોગ, ઔદારિકમિશ્રયોગ અને કાર્મણયોગ વિના.

---

૧. કર્મપ્રકૃતિ વિગેરેના અભિપ્રાય પ્રમાણે યુગલિકો અપર્યાપ્ત અવસ્થામાં મરણ પામે છે, પરન્તુ તેની અહિં અવિવક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈક્રિય અને આહારક સમુદ્‌ઘાતમાં.

૩૬ દ્વારોની પ્રાપ્તિ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રયોગવત્ અને વૈક્રિયયોગ તથા આહારકયોગવત્ યથાસંભવ જાણવી. જોકે શ્રી વિચારસારગ્રંથમાં તો વૈક્રિયમિશ્રયોગેજ વૈક્રિય સમુદ્‌ઘાત અને આહારકમિશ્રયોગેજ આહારક સમુદ્‌ઘાત કહ્યો છે, પરન્તુ આ ગ્રંથમાં તો એ બન્ને ઉત્તર દેહના પ્રારંભથી અન્ત સુધીમાં સમુદ્‌ઘાતપણાની વિવક્ષા છે, માટે બન્ને શરીરના બન્ને યોગ મેળવીને યથાસંભવ ૩૬ દ્વાર વિચારવાં.

તૈજસ્ સમુદ્‌ઘાતમાં.

આ સમુદ્‌ઘાત તેજોલેશ્યારૂપ લબ્ધિવાળા તીવ્ર કષાયી ગર્ભજ-પર્યાપ્ત અને દેવોનેજ છે માટે તે અનુસારે નીચેનાં દ્વારોની પ્રાપ્તિ વિચારવી.

(१) **गति** ३ (નરક વિના), (२) **इन्द्रिय** ५. (३) **काय** १ (ત્રસ),—સુગમ છે.

(४) **योग** ३-११—આહારકદ્વિક, ઔદારિકમિશ્ર, અને કાર્મણયોગ વિના શેષ ૧૧ યોગ છે. અહિં આહારકની રચના કરેલ મુનિ તેટલો કાળ તેજોલેશ્યા પ્રગટ નકરે માટે આહારક-દ્વિકયોગનો નિષેધ છે.

(२३) **सम्यक्त्व** ३—ક્ષયોપશમ, ક્ષાયિક અને મિથ્યાત્વ એ ૩ સમ્યક્ત્વવાળા જીવો તૈજસ્ સમુદ્‌ઘાત કરી શકે.

(२४) **संज्ञि** १ (સંજ્ઞિ), (२५) **आहारी** २ (દિશિઆહાર ૬ દિશિનો અને શેષ સ્વરૂપ મરણસમુદ્‌ઘાતવત્.)—સુગમ છે.

(२७) **जीवभेद** १-११२—ચૌદ ભેદમાંથી સંજ્ઞિપર્યાપ્તરૂપ ૧ જીવભેદ છે, અને પાંચસોત્રેસઠમાંથી ૧૫ પર્યાપ્ત કર્મભૂમિ ગર્ભજ-મનુષ્ય, ૮૫ અચ્યુતાન્ત પર્યાપ્તદેવો, ૭ પર્યાપ્તનારક, ૫ પર્યાપ્ત-ગર્ભજતિર્યંચ, એ ૧૧૨ જીવભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૨૦) **संज्ञि ૪-૨** (હેતુ૫૦ વિના)—સુગમ છે.

(૨૪) **उदय** ૮-૧૦૩-મિશ્રમોહનીય, આહારક ૨, જીનનામ, આનુપૂર્વિ ૪, એકેન્દ્રિય, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, નરક ૨, વિકલેન્દ્રિય ૩, અને આતપ એ ૧૯ વિના શેષ ૧૦૩ નો ઉદય હોય.

(૨૯) **उदीरणा** ૮-૧૦૩—ઉદયવત્.

(૩૩) **भाव** ૪-૪૨—ઉપશમ વિના ૪ મૂળભાવ છે, અને નરકગતિ તથા ઉપશમ સમ્યક્ત્વ એ બે વિના વેદના સમુદ્દ્ઘાતમાં કહ્યા પ્રમાણે ૪૨ ઉત્તરભાવ છે.

(૩૪) **अवगाहना**—જન્મદેહની જઘન્ય અવગાહના ૨ હાથ, અને ઉત્કૃષ્ટ અવગાહના સંજ્ઞિતુલ્ય, અને સમુદ્દ્ઘાતકૃત અવગાહના ઉત્તરદેહાવગાહના તુલ્ય જાણવી. કારણકે તૈજસ્ સમુદ્દ્ઘાતમાં વર્તતો જીવ મરણસમુદ્દ્ઘાત કરે એમ સંભવતું નથી, પછી સત્ય શ્રી બહુશ્રુતગમ્ય. અને મહાક્રોધમાં વૈક્રિય શરીરની મહા રચના કરી વિશેષ અપકાર કરવા માટે દેવ વિગેરે તૈજસલેશ્યા પણ મૂકે એવો સંભવ છે. માટે વૈક્રિય સમુદ્દ્ઘાત જેટલીજ સમુદ્દ્ઘાતકૃત અવગાહના ગણી શકાય.

(૩૯) **स्थिति**—જઘન્ય ભવસ્થિતિ ૮ વર્ષ ૭ માસ જેટલી, અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અચ્યુત દેવની અપેક્ષાએ ૨૨ સાગરોપમ છે. ગ્રૈવેયક અને અનુત્તર દેવો લબ્ધિ નહિ ફોરવતા હોવાથી તેઓની અપેક્ષાએ તૈજસ્ સમુદ્દ્ઘાતની ભવસ્થિતિ ન ગણાય. તથા કાયસ્થિતિ બન્ને પ્રકારે અન્તર્મુહૂર્ત્ત છે—

શંકા—તેજોલેશ્યા ૧૬ દેશ બાળવા સમર્થ છે તો અન્તર્મુહૂર્ત્ત જેટલી સ્થિતિમાં ૧૬ દેશ કેમ બળી શકે?

ઉત્તર—એમાં કાંઇ વિરોધ નથી કારણ કે અન્તર્મુહૂર્ત્ત કાળમાં આત્મા પોતાના પ્રદેશો સહિત તૈજસ્ પ્રદેશો ૧૬ દેશ જેટલા ક્ષેત્રમાં ફેલાવી દેશને દાહ ઉપજાવી તૈજસ પ્રદેશો સંહરી લે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી તે ક્ષેત્ર ગમે તેટલા કાળસુધી બળતું રહે તો કાંઇ વિરોધ સમજાતો નથી, એ શક્તિવિષય છે કે ઉપયોગમાં આવતો વિષય છે ? તે શ્રી બહુશ્રુતગમ્ય.

(૩૬) योनि—મનુષ્યની ૧૪ લાખ, તિર્યંચ પંચેન્દ્રિયની ૪ લાખ અને દેવની ૪ લાખ મળી ૨૨ લાખ યોનિ છે. અને સમચતુરસ્ર સંસ્થાનવત્ સચિત્તાદિ ભેદમાંની ૭ યોનિ છે.

શેષ ૨૧ દ્વારોની પ્રાપ્તિ મરણસમુદ્ઘાત તુલ્ય વિચારવી.

કેવળીસમુદ્ઘાતમાં.

કેવળીસમુદ્ઘાતમાં ૩૧ દ્વારો સયોગીકેવળીવત્ જાણવાં, અને શેષ ૫ દ્વારો નીચે પ્રમાણે છે—

(૪) योग ३—પ્હેલે અને આઠમે સમયે ઔદારિકયોગ, બીજે છઠ્ઠે અને સાતમે સમયે ઔદારિકમિશ્રયોગ તથા ત્રીજે ચોથે પાંચમે સમયે કાર્મણયોગ છે.

(१९) आहारी २—આહારી અને અનાહારીપણું એ બન્ને છે, પરન્તુ દિશિમાં ૬ દિશિનો, ઓજ વિગેરેમાં ૧ લોમઆહાર, આભોગાદિકમાં ૧ અનાભોગિક આહાર, અને સચિત્તાદિ ૩ પ્રકારનો આહાર છે. વળી અનાહારીપણું ત્રીજે ચોથે અને પાંચમે સમયે છે.

(२८) बन्धहेतु १-३—યોગપ્રાપ્તિવત્.

(२९) ध्यान ०—કેવળીસમુદ્ઘાત વખતે કોઈ ધ્યાન ન હોય.

(३९) स्थिति—ભવસ્થિતિ સયોગીગુણસ્થાન તુલ્ય, અને કાયસ્થિતિ બન્ને પ્રકારે ૮ સમયની છે.

इति समुद्घातसप्तके ३६ द्वारप्राप्तिः समाप्ता.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(३३) ५ भावमां ३६ द्वारोनी प्राप्ति.

ઉપશમ ભાવમાં.

ઉપશમ ભાવમાં **गति** વિગેરે ૩૪ દ્વારોની પ્રાપ્તિ ઉપશમ સમ્યકૃત્વ તુલ્ય છે, અને શેષ ૨ દ્વારો નીચે પ્રમાણે છે—

(१३) **सम्यक्त्व** ૨—ઉપશમભાવમાં ઉપશમ સમ્યકૃત્વ તો હોયજ, પરન્તુ ઉપશમશ્રેણિમાં ક્ષાયિકસમ્યકૃત્વ પણ છે માટે.

(३३) **भाव** ४-३८—ઉપશમ સમ્યકૃત્વમાં કહેલા ૩૭ ભાવમાં ક્ષાયિક સમ્યકૃત્વ અધિક ગણવાથી ૩૮ ભાવ હોય.

ક્ષયોપશમ ભાવમાં.

ક્ષયોપશમ ભાવમાં **गति** વિગેરે ૨૭ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે, શેષ ૯ દ્વારો નીચે પ્રમાણે.

(७) **ज्ञान** ४ (કેવળ૦ વિના), (१०) **दर्शन** ३ (કેવળ૦ વિના), (१६) **गुणस्थान** १२ (१ थी १२)—સુગમ છે. કારણકે કેવળજ્ઞાનીને ક્ષયોપશમભાવ ન હોય, માટે સર્વે ભેદ છદ્મસ્થ યોગ્ય હોય છે.

(२४) **उदय** ८-१२१—જીનનામ કર્મનો ઉદય નહિ હોવાથી.

(२५) **उदीरणा** ८-१२१—ઉદયવત્.

(२९) **ध्यान** १४—શુક્લધ્યાનના છેલ્લા ૨ ભેદ વિના.

(३२) **समुद्घात** ६—કેવળીસમુદ્ઘાત વિના.

(३३) **भाव** ५-४६—પાંચ ક્ષાયિકદાનાદિ લબ્ધિ, અને કેવળજ્ઞાન તથા કેવળદર્શન વિના શેષ ૪૬ ભાવ છે.

(३४) **अवगाहना**—જન્મદેહની બન્ને પ્રકારની અવગાહના અને ઉત્તરદેહની જઘન્ય અવગાહના તથા સમુદ્ઘાતકૃત અવગાહના એકેન્દ્રિય તુલ્ય છે, અને ઉત્તરવૈક્રિયની ઉત્કૃષ્ટ અવગાહના પંચેન્દ્રિય તુલ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૬) **સ્થિતિ**—જઘન્ય ભવસ્થિતિ ૨૫૬ આવલિકા, ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩૩ સાગરોપમ, જઘન્ય કાયસ્થિતિ અનાદિસાન્ત અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનાદિઅનન્ત છે. અહિં ક્ષયોપશમભાવનો અભાવ થઈ પુનઃ ક્ષયોપશમભાવ પ્રાપ્ત નહિ થતો હોવાથી જઘન્ય કાયસ્થિતિ સાદિસાન્ત ન હોય.

ક્ષાયિક ભાવમાં.

ગતિ વિગેરે સર્વ દ્વારો ક્ષાયિક સમ્યક્ત્વ તુલ્ય છે.

ઔદયિક ભાવમાં.

ગતિ વિગેરે સર્વ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે.

પારિણામિક ભાવમાં.

ગતિ વિગેરે સર્વ દ્વારો સર્વ ઉત્તરભેદ સહિત છે.

इति भावपंचके ३६ द्वारप्राप्तिः समाप्ता.

---

(३४) अवगाहना द्वारमां ३६ द्वारोनीप्राप्ति.

(३५) स्थिति द्वारमां ३६ द्वारोनी प्राप्ति.

(३६) योनि द्वारमां ३६ द्वारोनी प्राप्ति.

એ ત્રણે દ્વારોમાં અમુક નિયમિત ઉત્તરભેદ નહિ હોવાથી દ્વારપ્રાપ્તિ કહેવી અશક્ય છે, અને યોનિદ્વારમાં જોકે ૧૨ ભેદ નિયમિત છે તોપણ અતિ આવશ્યક નહિ હોવાથી અને એ ભેદો જે જે જીવોમાં પ્રાપ્ત થાય છે તે તે જીવોને અનુસારે દ્વારપ્રાપ્તિ સ્વતઃ સમજી શકાય તેવી હોવાથી, તેમજ ગ્રંથ વધી જવાના ભયથી અહિં દ્વારપ્રાપ્તિ લખવાનું ઉચિત ધાર્યું નથી.

॥ इति श्री संबोधछत्रीशीनामग्रंथे द्वारावतारनाम द्वितीयो विभागः समाप्तः ॥

For Private And Personal Use Only

संवेधछत्रीशीग्रंथनी अशुद्धिशुद्धि.

पृष्ठ.	लीटी.	अशुद्धि.	शुद्धि.
૧	૫	सद्गुरा	सद्गुरो
[illegible]	૫	પડાળી	પડવાળી
,,	૬	ઉખે તાં	ઉખેડતાં
૧૭	૧૪	અથાવબોધ	અર્થાવબોધ
૧૮	૧૫	નાસ્તિપયાયોનું	નાસ્તિપર્યાયોનું
૧૯	૭	स	सं
૩૬	૧૭		ह्
૩૭	૧	શ્રષ્ઠ	શ્રેષ્ઠ
૬૪	૧૧	द्विद्	द्धि
૫૯	૪	सक्ष्म	सूक्ष्म
૬૧	૨	અવો	એવો
,,	૨૦	અન	અને
૬૪	૪	वाग	योग
૭૯	૨૬	વાલુકાપ્રભા	વાલુકાપ્રભા
૮૭	૬	વદ	વેદ
,,	૧૩	વૃત્તિ ૩૫	વૃત્તિરૂપ
૯૪	૧૯	मळकर्म	मूळकर्म
૧૦૦	૨૦	गंधनामकम	गंधनामकर्म
૧૧૮	૩	धमध्यान	धर्मध्यान
,,	૧૬	છત	છતે
૧૨૦	૨૪	ત	તે
૧૨૩	૧૧	यप्रार्त्त	मप्रार्त्त
૧૨૮	૧	સયોગિ	સયોગી
૧૩૦	૧૩	तनुयोगिनाम	तनुयोगीनाम
૧૩૩	૯	પંકાસને	પર્યંકાસને
,,	૧૭	સમચતુર	સમચતુરસ્ર
૧૪૪	૩	शीतोष्ण	शीतोष्ण
૧૫૧	૫	સદ્ઘાત	સમુદ્ઘાત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૧૫૬	૧૯	तिगि	तिर्यग्
૧૫૮	૧૫	दृष्ठि	दृष्टि
,,	૨૭	डदीरणा	उदीरणा
૧૬૫	૧૬	શ્રતજ્ઞાન	શ્રુતજ્ઞાન
૧૬૬	૬	भव	भव्य
૧૬૭	૧૪	स मुद्घात	समुद्घात
,,	૧૮	भव	भाव
૧૬૮	૯	ઉત્તકુરૂક્ષેત્ર	ઉત્તરકુરૂ
૧૬૯	૧૭	मव्य	भव्य
,,	૧૮	आहारा	आहारी
,,	૧૯	પરિણુમનવાળો	પરિણામવાળો
૧૭૦	૧૩	शगीर	शरीर
૧૮૫	૪	स मासा	समासा
૧૮૯	૨૭	वंघ	बंध
૧૯૫	૯	उपयाग	उपयोग
૧૯૯	૨૪	४	२४
૨૦૬	૧૧	वंघ	बंध
૨૦૭	૨૦	८२	८३
૨૧૦	૨૧	તેમજ	તેમજ
૨૧૧	૨૬	चघहेतु	बंधहेतु
૨૧૨	૭	८८३	८–८३
૨૧૫	૨	शरर	शरीर
,,	૧૮	વચનયેગી	વચનયોગી
૨૧૬	૧૭	वंघ	बंध
૨૧૮	૨	बध	बंध
,,	૨૪	माव	भाव
૨૨૮	૪	वंघ	बंध
૨૨૯	૧૦	वंघहेतु	बंधहेतु
૨૪૦	૮	दिठ्ठ	दिठ्ठी
૨૫૦	૪	सयम	संयम
૨૫૫	૨૬	છટ્ઠું	છટ્ઠું

For Private And Personal Use Only

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૨૯૫	૬	८-११७	बंध ८-११७
૨૯૬	૧૮	गुणस्थाथ	गुणस्थान
૩૨૩	૪	येग	योग
૩૪૦	૩	याग	योग
૩૪૧	૧૬	उद्दरणा	उदीरणा
૩૫૧	૧	उदीरणा	उदीरणा
૩૫૨	૨૦	शरीर	शरीर
,,	૨૨	घन्धहेतु	बन्धहेतु
૩૭૦	૨	वन्धहेतु	बन्धहेतु
૩૭૧	૨૬	,,	,,
૩૭૩	૧૪	उपयीग	उपयोग
,,	૨૬	वन्धहेतु	बंधहेतु
૩૭૪	૨૬	ચક્ષુદશન	ચક્ષુદર્શન
૩૭૯	૧૧	આદારિક	ઔદારિક
૩૮૬	૧૪	गुणस्थानक	गुणस्थान
૩૯૧	૨૨	મિથ્યાત	મિથ્યાત્વ
૩૯૩	૧૭	वन्धहेतु	बन्धहेतु
૪૧૨	૨	ઉત્કૃષ્ક	ઉત્કૃષ્ટ
૪૧૯	૨	શીતયોની	શીતયોનિ
૪૩૫	૧૯	समकत्व	सम्यकत्व
૪૩૭	૧૬	माव	भाव
૪૪૧	૧૦	उपयाग	उपयोग
૪૪૨	૧૬	ધ્યાનતત્	ધ્યાનવત્
૪૪૩	૧૦	બ્રન્તે	બન્તે
૪૪૪	૨૦	અવિતક્ષિત	અવિવક્ષિત
૪૪૫	૨૩	संवयण	संघयण

આ સિવાય જ્યાં જ્યાં આગળ દષ્ટિ શબ્દ આ પ્રમાણે (દ્રષ્ટિ-द्रष्ट्रि) છપાયેલો છે. ત્યાં ત્યાં આગળ આ પ્રમાણે (દષ્ટિ-दृष्टि) સુધારીને વાંચવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પુસ્તક તથા અન્ય તૈયાર પુસ્તકો નીચેના ઠેકાણેથી મળી શકશે.

૧ ગીત રત્નાવળી (સીલીકમાં નથી)
કીમત ... ... રૂ. ૦—૪—૦

૨ પ્રકરણ સુખસિન્ધુ. પ્રથમ વિભાગ ... ... ફક્ત ટપાલ ખર્ચ

૩ પ્રકરણ સુખસિન્ધુ—દ્વિતીય વિભાગ ... ... ફક્ત ટપાલ ખર્ચ

૪ સંવેધ છત્રીશી—પૃષ્ઠ ૪૬૪ ... ફક્ત ટપાલ ખર્ચ

૫ સુપાર્શ્વનાથ ચરીયં ગુજરાતી ભાષાંતર... ... ... તૈયાર થાય છે.

વિઠ્ઠલભાઇ જીવાભાઈ પટેલ.

ઝવેરીવાડ, નાગોરીસરાહ, **અમદાવાદ**

વસંત પ્રિન્ટીંગ પ્રેસ
(છાપખાનું)

અમારે ત્યાં દરેક પ્રકારના ધાર્મીક અને વાર્તાઓનાં અંગ્રેજી, સંસ્કૃત, જૈની, હિંદી, ગુજરાતી વગેરે ટાઇપોમાં સફાઇદાર પુસ્તકો વાયદેસર છાપી આપવામાં આવે છે. એકવાર કામ આપી ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ. બહાર ગામના ઓર્ડર ઉપર :: પુરતું ધ્યાન આપવામાં આવે છે. ::

ઠેકાણું રાયપુર શામળાની પોળ, અમદાવાદ

For Private And Personal Use Only